સચિત્રરત્ન

# બીરબલનો હાસ્યભંડાર

કર્તા.

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૧૪૪૫૬ वर्गांक

पुस्तकानुं नाम રાજ્યરત્ન બીરબલનો હાસ્યભંડાર

विषय [illegible]

# રાજ્યરત્ન બીરબલનો હાસ્યભંડાર

(જેમાં દિલ્લીપતિ શાહ અકબરની દરબારનાં નવરત્નોમાંના એક રત્ન દીવાન બીરબલની હાજરજવાબી, ટાહુકાટુચકા ભરેલી, અક્કલની ધાર સતેજ કરનારી, હાસ્ય વિનોદી વાર્તાઓનો ભંડાર આપવામાં આવ્યો છે. તેમ કરતાં કર્તાના એને મળતાંજ પુસ્તક મધેની 'અકબર–બીરબલનો વિનોદી વાર્તા'ઓથી તદ્દન નવી અને જુદી જ વાર્તાઓનો સંગ્રહ જમાવવામાં આવ્યો છે).


સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા–

**પેસ્તનજી જમશેદજી સટ્ઠા**

તે "ચાંદબીબી," "હાજી બાબાનાં સાહાસ કર્મો," "જનાનખાનાની બીબીઓ," "અરાઢમી સદીનું હિન્દુસ્તાન," "શાહજાદો અને ભીખારી," " મત્કાર મયુખ યાને ત્રિકાલદર્શી આયના," "સ્વપ્નાની તાસીર (તાસીરે ખ્વાબ) અને લોકપ્રિય નજુમ સંગ્રહ," "તમામ બોરદેહ અવસ્તા," "અકબર–બીરબલનો વિનોદી વાર્તા સંગ્રહ" વગેરેના કર્તા.



"ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ,"

મુંબઇ.

સં. ૧૯૮૪] [નવેમ્બર ૧૯૨૮

કિમ્મત રૂ. ૨–૮–૦.

(સર્વ અધિકાર પ્રસિદ્ધકર્તાએ સ્વાધીન રાખ્યા છે).

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

પ્રસિદ્ધકર્તાઃ—
**પેસ્તનજી જમશેદજી સટ્ઠા,**
નંબર ૨૫૯—વોરાનું ઘર, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

"ગુજરાતીનાં ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ"માં
મણિલાલ ઇચ્છારામ દેસાઈએ છાપ્યું
કાળાઘોડા, બેક—હાઉસ લેન, કોટ, મુંબઈ.

મળવાનાં ઠેકાણાં:—
"ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ"
કાળાઘોડા, બેક—હાઉસ લેન, કોટ મુંબઈ.
(કર્તા) **પેસ્તનજી જમશેદજી સટ્ઠા,**
નં. ૨૫૯. વોરાનું ઘર, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

# આમુખ

ભાઇ પેસ્તનજી જમશેદજી સઠ્ઠા પારસી હોઇ ગુજરાતી ભાષા હિંદુઓ લખે તેવી લખે છે. એમનાં પુસ્તકો ગુજરાતી ભાષા વાંચનાર ને સમજનાર દરેક વર્ગમાં પ્રચલિત છે. અકબર–બીરબલનો વિનોદી વાર્તા સંગ્રહ પ્રસિદ્ધ કરી એમણે ગુજરાતી સાહિત્યની યથાશક્તિ સેવા કરી છે, પરંતુ એટલેથી સંતોષ ન પામતાં રાજ્યરત્ન બીરબલનો હાસ્ય ભંડાર એ નામનું આ બીજું પુસ્તક પ્રસિદ્ધ કરવાનું એમણે માથે લીધું છે.

બીરબલે કહેલા તથા એને નામે ચાલતા ટૂચકા તથા અક્કલ મંદીની વાતોનો સમૂહ ઘણો મ્હોટો છે. આને લીધે કઇ વાત બીરબલે કહેલી અને કઈ એને નામે ચાલતી એટલે કે કઇ સાચી અને કઇ ખોટી તે નક્કી કરવું મુશ્કેલ થઇ પડયું છે. કેટલાએકને તો એમ લાગે છે કે બીરબલ નામનો કોઇ માણસ જ થઇ ગયો નથી, પરંતુ એ માત્ર ભ્રમ છે. બીરબલ, અથવા તો અબુલફ્ઝલ, બદાઉની વગેરે મુસલમાન લેખકોની ભાષામાં કહીએ તો બીરબર (વીરવર્ય), નામનો માણસ શહેનશાહ અકબરની દરબારનાં નવરત્નોમાંનો એક હતો. એના લશ્કરી અમલદારોમાં દોહઝારીની પદવી ભોગવતો એ એક લશ્કરી અમલદાર હતો, એની તો ઇતિહાસ સાક્ષી પૂરે છે. શાહનશાહની પોતાની, એનાં નવે રત્નોની તથા બીરબલની પૂરેપૂરી માહીતી મી૦ સઠ્ઠાએ એમના આગલા પુસ્તક અને આ પુસ્તકમાં તેની પૂરવણીરૂપે, એટલે બંને પુસ્તક મળી વિસ્તારથી આપી છે, એટલે બીરબલને પોતાને વિશે તો ભાગ્યે જ કાંઇ નવું લખવાનું રહે છે. એક વખતના ગરીબ બ્રાહ્મણ મહેશદાસને અકબરે તેના ગુણ, તેનું પાંડિત્ય, તેની વિદ્વતા જોઇ, "કવિરાય" બનાવ્યો, "રાજા" બનાવ્યો, "દોહઝારી" બનાવ્યો, અને નગરકોટનો જાગીરદાર બનાવ્યો. અકબરના "દીને ઇલાહી" પંથમાં જે જે હિંદુ, મુસલમાન ઉમરાવો જોડાયા તેમાંનો એ એક મુખ્ય હતો. જૈન કવિ ઋષભદાસે "હિરવિજયસૂરી રાસ," લખ્યો છે, તેમાં અકબરની ઋદ્ધિનું વર્ણન કર્યું છે, તેમાં બીરબલનું નામ શેખ અબુલ ફ્ઝલની જોડે મૂક્યું છે. એ શ્રીહરિ

વિજયસૂરીજીને અકબરની દરબારમાં જવું પડેલું. ત્યાં શહેનશાહ એમની પાસે જૈન મત સંબંધી વખતોવખત ઉપદેશ કરાવતા. એવી એક ધર્મની ચર્ચા ચાલતી હતી તે વખતે બીરબલ પણ હાજર હતો, અને તેને ઇચ્છા થઇ કે હું પણ " સૂરિજી "ને કાંઇ પૂછું, અને તેથી તેણે બાદશાહની મંજૂરી માગી. બાદશાહે મંજૂરી આપ્યા બાદ બીરબલે સૂરિજીને પૂછ્યું:–

'મહારાજ! શું શંકર સગુણ હોઇ શકે કે, એ આપ ફરમાવવા કૃપા કરશો?'

સૂરિજી–'હા, શંકર સગુણ છે.'

બીરબલ–'હું તો માનું છું કે શંકર નિર્ગુણજ છે.'

સૂરિજી–ના, એમ ન હોઇ શકે. હું પૂછું છું કે શંકરને તમે ઈશ્વર માનો છો?

બીરબલ–'જી, હા'

સૂરિજી–'ઈશ્વર જ્ઞાની છે કે અજ્ઞાની?'

બીરબલ–'ઈશ્વર જ્ઞાની છે.'

સૂરિજી–'જ્ઞાની એટલે?'

બીરબલ–" જ્ઞાનવાળો"

સૂરિજી–"ઠીક, ત્યારે એ બતાવો કે, જ્ઞાન ગુણ છે કે નહિ?"

બીરબલ–'મહારાજ! જ્ઞાન ગુણ છે.'

સૂરિજી–'જ્ઞાન ગુણ છે?'

બીરબલ–'જી, હા. જ્ઞાન ગુણ છે.'

સૂરિજી–'જો તમે જ્ઞાનને ગુણ માનતા હો, તો પછી ઈશ્વર–શંકર, 'સગુણ' છે, એમ તમારે માનવું જ જોઇએ અને તે તમારા શબ્દોથી જ સિદ્ધ થાય છે'

બીરબલ–'સૂરિજી! મને ખાતરી થઇ છે કે ખરેખર ઈશ્વર–શંકર 'સગુણ' છે.[૧]

આ ઉપરથી જણાશે કે બીરબલ કાંઇએક સાધારણ બ્રહ્મભાટ આફક બાદશાહને માત્ર ટુચકા સંભળાવી જ સંતોષ પામતો ન હતો, પણ ધર્મ સંબંધી બાબતમાં પણ ઘણો આગળ પડતો ભાગ લેતો હતો.

---

૧ મુનિરાજ વિદ્યાવિજયનું સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ. ૧૩૧–૧૩૭.

બાબુ બંકીમચંદ્ર લાહિડીના બંગાળી પુસ્તકનો "મહાન સમ્રાટ્ અકબર" એ નામે તરજુમો થયો છે તેમાં પણ જણાવ્યું છે કે–બીરબલ "પોતાની મધુરતાપૂર્ણ વાર્તાઓથી તથા મધુર સ્વભાવથી સર્વને અતિશય પ્રિય થઇ પડ્યો હતો. સમ્રાટ્ પોતે કવિરાયના સહવાસમાં રહેવું બહુ પસંદ કરતો હોવાથી કવિજી ને સમ્રાટ્ ઘણો ખરો સમય પરસ્પરના સહવાસમાં જ ગાળતા હતા. ફતેહપુર–સીક્રીમાં સમ્રાટના અંતઃપુર પાસે જ કવિરાયનું મનોહર વાસભુવન હજી પણ જોઇ શકાય છે."[1]

વિનોદી ટૂચકાઓ અને હાસ્યભંડારમાં લખાએલી વાતો, એ આપણા દેશના સાહિત્યનો એક ઉપયોગી અંશ છે. એ સાહિત્ય ઘણું જૂનું છે, અને હિંદુસ્તાનના જુદા જુદા પ્રદેશમાંથી એ સાહિત્યના નમૂનાઓ મળી આવ્યા છે. એ ટૂચકાઓમાં માત્ર વિનોદ ને હાસ્ય જ ભર્યાં હોય છે એમ નથી હોતું, તેમાં વ્યવહાર કુશળતા, દક્ષતા, જાતિ હુશીઆરી, હાજર જવાબી, અક્કલમંદી જેવા ઉમદા ગુણો રહેલા જોવામાં આવે છે, અને તેટલે દરજ્જે મનને આનંદ આપવા ઉપરાંત તે એક રીતનું શિક્ષણ–એક જાતની કેળવણી પણ આપે છે, અને તેથી એટલે દરજ્જે એ અમુક પ્રજાની ઉન્નતીને સહાયક થઇ પડે છે; તેટલા માટે ભાઇ સહાની કૃતિની કીમત આપણે એ ધોરણે આંકવાની છે.

બીરબલ, અકબર, અકબરના સમય વગેરે વિષે ભાઇ પેસ્તનજીએ એટલા વિસ્તારથી માહીતી આપી છે કે મારે તે દિશામાં કાંઇ પ્રયત્ન કરવાનો બાકી રહ્યો નથી. માત્ર એટલી જ ઇચ્છા દર્શાવી આ બે શબ્દ પૂરા કરૂં છું કે, એ ભંડાર વાંચી જેટલો મને આનંદ, નિર્દોષ આનંદ થયો તેવો સહુ વાચકને થાય.

મુંબઇ તા૦ ૧૨ મી
અક્ટોબર ૧૯૨૮.

**કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

---

૧ મહાન સમ્રાટ અકબર. પૃ. ૯૧, પ્રકાશક, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય.

# પ્રસ્તાવનારૂપે નમ્ર ખોલાસો

આ મારાં પુસ્તકનો પ્રથમ ભાગ, 'અકબર–બીરબલનો વિનોદી વાર્તાસંગ્રહ' એ નામે બાહાર પાડ્યો તે વેળા મારી કલ્પનામાં પણ નહતું કે, એનો બીજો ભાગ, અને તે પણ કાંઈ વધારે સારાં રસિકપણા સાથે બાહાર પાડવાને થોડા જ વખતમાં હું શક્તિવાન થઇશ. પણ તે બાહાર પાડ્યા પછી બાદશાહ અને બીરબલની ઘણીક વાર્તાઓનો બહુ મોટો ભાગ જુદેજુદે ઠેકાણેથી અનેક જુદીજુદી ભાષાનાં પુસ્તકોમાંથી અહીંતહીં વિખરાયલો પડેલો મને હાથ લાગી ગયો. તેમાંથી તારવી કાહાડીને તેનાં જુદાંજુદાં સ્વરૂપોમાંથી એક કરીને, સંગિન વાર્તારૂપે બનાવીને, તેને નવી ગુંથણીમાં ગુંથીને, માની શકાય તેવી રીતે વાંચનારને આકર્ષે એવી ગોઠવણ રાખીને, તેને લોકભોગ્ય ભાષામાં સાદી પણ મનોરંજક શૈલીમાં આ નવો ભાગ બનાવવાની મેં મેહનત લીધી; અને તેમાં મને એક અણધાર્યાં ઠેકાણેથી ઉત્તેજન પણ મળ્યું. એ બીજા ભાગની તૈયારીની ખબર જાણી, કાઠીઆવાડમાં આવેલાં કુતિયાણાવાળા રા. રા. નરસિંગદાસ ભાણજીભાઇ બ્રહ્મભટ્ટ નામના એક વિદ્વાન, જેઓ સાહિત્યસેવામાં અત્યાર પેહેલાંના અથાગ શ્રમ ઉઠાવી રહ્યા છે, અને અનેક ઉપયોગી ગ્રન્થોદ્વારા પોતાનાં જ્ઞાનનો લાભ વાંચનારી પ્રજાને આપી ચુકયા છે, તેમના તરફથી શાહ અકબર, રાજા બીરબલ તથા કવિરાજ ગંગનાં ટુકાં જીવનવૃત્તાંતો પુરાં પાડવામાં આવ્યાં, અને તે મેં આ ગ્રન્થમાં કેટલાક વધારા-સુધારા તથા ફેરફાર સાથે દાખલ કીધાં છે. એ માટે હું રા. રા. બ્રહ્મભટનો ખાસ આભાર માનું છું. ઘણીક તરફથી મને સૂચના થઇ કે પુસ્તકમાં અગત્યનો ભાગ બજાવતા રાજ્યરત્નોના ફોટા પણ આપવા. તે સૂચના મને આવશ્યક લાગવાથી ઘણીક શોધખોળ પછી કેટલાક અગત્યના ફોટાઓ હાથ આવ્યા તે મેં આ

પુસ્તકમાં આપ્યા છે. આશા રાખાશ કે મારાં પેહેલાં પુસ્તકને વાંચનારી આલમ તરફથી જે આશ્રય મળ્યો છે તેવો જ આ મારાં પુસ્તકને પણ મલશે.

---

## ખાસ આભાર દર્શન.

શ્રીયુત રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ., એલએલ બી., મુંબઈની સ્મૉલ કૉઝીસ કૉર્ટના વડા ન્યાયાધીશ, જેઓ પોતાના આ મહાન જોખમભરેલા ઓદ્ધાની જવાબદારીઓ અને જંજાલો પ્રશંસાપૂર્વક સંભાલી લેવા ઉપરાંત એક સુનંદા સાક્ષર અને વિદ્વાન લેખક તરીકે પણ પ્રસિદ્ધ છે, તેઓ સાહેબે મારાં આગળ પ્રગટ કરેલાં એકેએક પુસ્તકની સમાલોચના પોતાનાં પ્રસિદ્ધ પુસ્તક Further Milestones in Gujarati Literatureમાં કીધી છે, અને આ વેળા મારૂં આ પુસ્તક જોઈ તે માટે તેની ઘટતી સમાલોચના લખવાની કૃપા કરી છે જે બીજી તરફ આનંદ સહિત પ્રગટ કરી છે. આ વિદ્વાન તરફની મારાં પુસ્તકોની આ કદરશનાશી માટે હું બેશક તેમનો ઉપકૃત છું. તેમના આ લેખથી મને નવાનવા ઉપયોગી ગ્રંથો પ્રગટ કરવાની ખાસ ઉલટ અને હોંશ પેદા થવા પામશે, જે માટે હું ખરેખર તેઓનો ખાસ આભાર માનું છું.

પ્રકટકર્તા.

# ચિત્રોની કેટલીક સમજુતી

---

## શાહ અકબર

આ ગ્રંથમાં મુખ્ય નાયક દિલ્લીપતિ શાહ અકબર છે. તેનું એક ચિત્ર પેહલવેહેલું જ દેખાવ દે છે. તેનો વર્ણ ઉજ્જ્વળ-શ્યામ છે, ચક્ષુઓ પ્રતિભાથી પ્રકાશે છે, તેની ભ્રમરો કાળી છે, તેનું લલાટ પ્રકાશિત છે, તેનું વદનમંડળ હાસ્યવિકસિત જ્યોતિર્યુક્ત જણાય છે; મસ્તકે બ્રાહ્મણત્વ અને રાજત્વ સૂચવનારો મુકુટ દીસે છે, લલાટમાં ચંદનતિલક અને દાઢી વગરનું હિંદુત્વસૂચક વદન, દેખાવ દે છે. તેના અંગમાં આડંબરવિહીન સાદો પોષાક દેખાય છે; અને શ્વેત રેશમનું એક અંગરખું જણાય છે; કંઠમાં મોટી મુક્તા-માળા જણાય છે, જમણા હાથની અનામિકા ઉપર હીરાની વીંટી પ્રકાશ પાડી રહી છે, નકસીની કોતરણીવાળું, સુશોભિત હાથીદાંતનું સુવાસિત ચંદનનું સિંહાસન ગોઠવવામાં આવેલું છે, તેના ઉપર વિવિધ ભરતથી ભરેલી મખમલની સુકોમળ ગાદી તથા તકીયા વગેરે પડેલાં છે; સિંહાસન ઉપર સુવર્ણાલંકૃત રક્તવર્ણ રાજછત્ર દીપી રહ્યું દેખાય છે. સર્વ રીતે શાહનો દેખાવ મોગલ કે મુસલમાન જેવો દેખાવાને બદલે કોઈ મહાજોધ્ધો હિંદુ હોય તેવો લાગે છે. શાહ અકબરનો જન્મ ઇ. સ. ૧૫૪૨ માં થયો હતો, અને તેણે ઇ.સ. ૧૫૫૬ થી ૧૬૦૫ સુધી રાજઅમલ ભોગવ્યો હતો. તેનું ખરૂં નામ 'જલાલ-ઉદ-દીન' હતું, જેનો અર્થ "ધર્મની કીર્તિ" એવો થાય છે. તેર વર્ષની ઉમરે તે પોતાના પિતાની ગાદીએ આવ્યો હતો.

---

## રાજા બીરબલ

શાહ અકબરનો જમણો હાથ બીરબલ ગણાય છે, અને તે પણ આ પુસ્તકનો બીજો નાયક જ ગણાશે. બીરબલનું નામ ઉત્તર હિંદુસ્તાનમાં બહુ પ્રસિદ્ધિને પામેલું છે. બીરબલ જેમ ચતુર, દાનાવ, વાક્ચાતુર્ય ધરાવનાર, અને હાજરજવાબી હતો તેવો જ તે દરબારી કામકાજમાં પણ વિખ્યાત હતો. અકબર દિલ્લીની ગાદી ઉપર આવ્યા પછી થોડા જ વખતે તે ત્યાં આવી લાગ્યો હતો, અને કેવી રીતે તે દરબારમાં દાખલ થવા પામ્યો તેની સવિસ્તર હકીકત આ પુસ્તકમાં આપવામાં આવેલી છે. સાદા પોષાકમાં, સંપૂર્ણ હિંદુ વેષે તે બીરાજમાન છે. ૩૪ વર્ષની ભરજુવાન વયે તેને બાજુર અને સ્વાટની યુસુફઝાઇઓ સામાની લડાઇમાં મોકલવામાં આવ્યો હતો, જ્યાં તે પોતાના હાથ હેઠળનાં ૮૦૦૦ માણસો સાથે કપાઇ મૂવેલો ધારવામાં આવે છે. તેનો ધર્મ વલ્લભી વૈષ્ણવનો હતો. તેનાં આ અકાળ મરણથી શાહ અકબર બહુ જ ખેદ પામ્યો હતો, અને કમનસીબે ઘણી શોધખોળ કરવા છતાં તેની લાશ સુદ્ધાં હાથ નહી લાગવાથી, શાહને બહુ જ ગમ લાગ્યો હતો. આવા દરેક પ્રકારે કાર્યકુશળ વીરલાના અકાળ મરણ માટે કોને ખેદ ન થાય! જેવો તે લડાઇનાં કામમાં કુશળ તેવો જ રાજ ખટપટમાં મહાજ્ઞાની, અને તેવો જ તે વળી કવિ અને અનેક મહાગ્રંથોનો ભાષાંતરકર્તા પણ હતો. ફતેહપુર-સીક્રીમાં અકબરના મેહેલની પાસે રાજા બીરબલનું સુંદર કારીગરીવાળું લાલ રંગના પથ્થરનું મકાન આજે હજી મોજુદ છે.

---

## અકબરની દરબારનાં નવરત્નો

શાહ અકબરની દરબારમાં અનેક મોટા દરબારીઓ અને ઓધ્ધેદારો હતા, જેઓ જુદીજુદી બાબતોમાં કુશળતા ધરાવતા હતા, અને શાહ પોતે તેમની સલાહ અને સમાગમથી ઘડીભર વિખુટો પડતો નહી. તે સર્વમાં તેના નવ દરબારીઓને તો તે ઘડીભર પણ

વિહિલા મુકતો નહી. તેમને દિલ્હી દરબારનાં "નવરત્નો"નાં નામથી જ ઓળખવામાં આવતા, અને તેમનો એક ભેગા દેખાવનો ફોટો આ ગ્રન્થમાં આપવામાં આવ્યો છે, અને તેમની ઓળખ, ફોટામાં નંબર આપવામાં આવ્યા છે તે ઉપરથી ઝટ સમજાઈ જાય છે.

એ ચિત્રમાં શાહ અકબર તદ્દન સાદા પોષાકમાં બીરાજમાન થયલો જણાય છે. તેમની સામા જ શાહના જમણા હાથસરખા રાજા બીરબલ (ના. ૪) બીરાજે છે, તેની જ પાસે (ના. ૩) રાજા માનસીંહ, તેમની પાછળ (ના. ૨) રાજા ટોડરમલ અને તેમની પાછળ છેક નીચે (ના. ૧) હકીમ હામાન બીરાજે છે.

શાહની પાછલી બાજુ ઉપરથી જોતાં (ના. ૫) નવાબ ખાનખાનાન, તેમની પાસે (ના. ૬) મીરઝાં હુસેન, તેની પાછળ (ના. ૭) અબુલફઝલ, તેની પાસે (ના. ૮) ફૈઝી, અને છેક નીચે (ના. ૯) મુલ્લાં દોપ્યાઝા બીરાજે છે. ખાનખાનાન એક મહાકવિ હતો, સંસ્કૃતનો અભ્યાસી હતો અને તેનાં બનાવેલા શ્લોકો અને કાવ્યો ઉત્તર હિન્દની શાળાઓમાં ચાલતાં પાઠયપુસ્તકોમાં મૂકાયેલાં છે.

# સાંકળિયું.

ટુંક મુદતમાં

જરથોસ્તીઓમાં જગજાહેર થયલી

# સુખડની દુકાન

## ફરેદુન અને બરજોર

આતશ બહેરામોની સામે, ધોબીતળાવ-મુંબઇ.

હમારે ત્યાં મલબાર કોથીની પ્રખ્યાત કોથી કુરગનાજ સુખડનાં માચી, પેરીઆં, સલી, ગાંઠ, તાછો, વહેર વગેરે મલશે.

**કુરગનાજ સુખડમાં**

**બાર** ટકા તેલનું પરમાન છે જેની

**સરકારી એનેલાઇઝરની સરટીફીકેટ**

હમારી દુકાનમાં સર્વને વાંચવા માટે ખોલ્લી છે

તે ઉપરાંત

હમારે ત્યાં કોડીનું લોબાન, અગર, અગરના આંગલીઆં, કસ્તી, નારાં, નાની મોહોટી અવસ્તાઓ, જરમન સીલવરના વાસણો, ચોખ્ખું મધ, કેરબા, અકલબે, ગોલાબજળ, ગુલકંદ, ચાહે, અગરબતી, જરથોસ્તી રોજ માહાના કેલેન્ડર, કાનની કડી વીગેરે વીગેરે મલશે.

**સોજ્જો માલ ને એકજ ભાવઃ ખરૂં તોલ લેવા તઇઆર થાવઃ**
**ભલે નહિ બહોળો વેપારઃ એજ અમારો ખરો વિચાર.**

નવા ફેંટા, ફેલ્ટ હેટ, રીયલ રીચ વેલોર હેટ
૨૦ કલરોમાં તથા હોકસની કોરક હેટ
તેમજ
સોના ચાંદીના ઘડીયાળો મારકેટ
ભાવે મળશે.

ઉત્તમ બનાવટની રેશમી લાઇનીંગ
સાથની ફાંકડી ફેલ્ટ હેટ, રીચ
વેલોર હેટ ઇંગલીશ, ઓસ્ટ્રી
યન, ઇટાલીયન
તથા
પોલો હેટ અને જાણીતા
મેકરની રીયલ કોર્ક
હેટ તથા છોકરા-
ઓની હેટ
મળશે.

જુનાં અને જાણીતા

# જે. પી. મુનગોર

[illegible]



ફાંકડા
ઉત્તમ
કવોલીટીના
સ્ટાઈલીસ
તેમજ
હલકા વજનના
ક્રીસ્ટીના ફેંટાઓ મળશે.
ઉંચામાંના સોના ચાંદીનાં
રીસ્ટ વોચીસ તથા ટાઈમ
પીસો, રીસ્ટ વોચની ગોલ્ડ ચેનો
હમારા સ્ટોકમાં હંમેશાં મળશે.
ફેંટા રીપરીંગ એ હમારી
ખાસ સ્પેશીયાલીટી છે.
ઘડીયાલો તથા કોઈપણ જાતની ઇંગ્લીશ
હેટો કીફાયતે રીપેર કરી આપીશું.



શાહ અકબર.

Lakshmi Art Bombay 8

# રાજ્યરત્ન બીરબલનો હાસ્યભંડાર

## બાદશાહ અકબર જલાલુદ્દીન–તેમનો સાહિત્ય શોખ

દોહો:–જાકો યશ હૈ જગત મેં, જગત સરા હૈ જાહિ ।
તાકો જીવન સફલહૈ, કહત અકબ્બર સાહિ ॥

મોગલ સમ્રાટ અકબર બાદશાહના જીવન સંબંધે, ૧ અકબર નામા, ૨ આઇ–ને–અકબરી, ૩ તારીખે અબ્દુલ કાદિર, ૪ બદાઉની તથા અન્ય ઇતિહાસ લેખકોએ બહુ લખ્યું છે, જેથી આ પ્રતાપી બાદશાહનું જીવનચરિત્ર બધાના જાણવામાં છે. એટલે અહીં માત્ર તેમના સાહિત્ય શોખ અને ન્યાયી રાજ્ય અમલ સંબંધે જ બે શબ્દો લખવા આવશ્યક છે.

અકબરની પોતાની કાવ્ય રચનાનો કોઇ સ્વતંત્ર ગ્રંથ જોવામાં આવતો નથી; થોડાં છુટક કવિત–દોહા સાંભળવામાં આવે છે. પરંતુ તે બહુ શૃંગારિક હોવાથી અને વર્તમાન સમયને અનુકૂળ ન હોવાથી અહીં અમો લખી શકતા નથી.

તેમના પુત્ર, જહાંગીર બાદશાહે પોતાનું જીવનચરિત્ર "તુજુક જહાંગીરી" નામે લખ્યું છે, તેમાં લખે છે કે, "અકબર બાદશાહ કુછ પઢે લિખે ન થે." પરંતુ મૌલાના અબ્દુલ કાદિરના પુસ્તકમાં જણાવ્યું છે કે, એક રાત્રે બાદશાહ પોતે સંસ્કૃત્ મહાભારતનો તરજુમો કરાવવા બેઠા ત્યારે સુલતાન મોહમ્મદ થાનેસરી, ખુદ મૌલાના, બદાયુની અને શેખ ફૈજીએ, જ્યાં જ્યાં સ્હેજ–સાજ હકીકતો છોડી દીધો હતી તે તમામનો ફરીથી તરજુમો કરવા હુકમ ફરમાવ્યો.

તેમના સમયમાં, (૧) કવિ નરહર, (૨) કરન કવીશ્વર, (૩) કવિરાજ હોલ, (૪) ખાનખાનાન, (૫) રાજા બીરબલ, (૬) મહાકવિ

ગંગ, ઇત્યાદિ મહાન્ મહાન્ કવિ થઇ ગયા છે. પરંતુ ખાસ બાદશાહ પાસે જે કવિ નોકર હતા તેમનાં નામ નિચેના કવિતથી પ્રસિદ્ધ છેઃ—

**સવૈયા:**—પૂષી પ્રસિદ્ધ પુરંદર બ્રહ્મ* સુધારસ અમૃત અમૃત બાની ।
ગોકુલ ગોપ ગુપાલ ગણેશ ગુણી ગુણ સાગર ગંગસુ ગ્યાની ॥
જોદ્ધ જગન્નજ મેં જગદીશ જગામગ જૈન જગતહૈ જાની ।
કોર અકબ્બર સૈન કથી એતને મિલિકે કવિતા જુ બખાની ॥

... ... ... ... ... ...

——:૦:——

ઓડછાના મહારાજા ઇંદ્રજીતસિંહને ત્યાં, પ્રવિણરાય નામે એક નાયકા હતી. તેનામાં નામ પ્રમાણેના જ તમામ ગુણ હતા. અર્થાત્ સ્વર—ગાન, નૃત્ય, વાદ્ય, કાવ્યકુશળતા ઇત્યાદિ અનેક કળામાં પ્રવીણ હતી. આ વર્તમાન બાદશાહના જાણવામાં આવતાં, ઓડછા ફરમાન મોકલ્યું કે, "પ્રવીણરાયને અમારા દરબારમાં મોકલવી." આ હુકમથી રાજા ફીકરમાં પડ્યો; કારણ કે પ્રવીણ, નાયકા તરીકે રાજા પાસે રહેતી હતી છતાં પણ ઇંદ્રજીતસિંહ સિવાય કોઇ પણ અન્ય પુરૂષને ચાહતી નહીં અને પોતાને પતિવ્રતા સમજતી, જેથી પ્રવીણને, રાજાએ બાદશાહ પાસે મોકલી નહીં. આથી બાદશાહે ગુસ્સે થઇ એક કરોડ (અત્યારના અઢી લાખ) રૂપિઆ દંડ કર્યો; ઉપરાંત પ્રવીણને કબજે લેવા એક લશ્કર પણ મોકલ્યું. જેથી ઇંદ્રજીતસિંહે, પોતાના કવિ કેશવદાસને દીલ્હી મોકલ્યો અને રાજા—બીરબલ મારફત બાદશાહ પાસે વિનતી કરાવી દંડ માફ કરાવ્યો ને પ્રવીણને દીલ્હી મોકલી.

પ્રવીણરાયે દીલ્હી આવી બાદશાહ પાસે વિનતિ કરી કે,

**दोहोः—बिनती राय प्रवीनकी, सुनिये शाह सुजान ।
जूठी पातर भखतहें, बारी बायस श्वान ॥**

આથી બાદશાહ ખુશી થયો અને નિચેનું કવિત સમસ્યાપૂર્તિ માટે કહ્યું:—

---

* 'બ્રહ્મ' એ બીરબલનું કવિતાનું નામ છે.

૧ જુઠી=એંઠી. ૨ બારી—એક જાતિના લોક જે ઉત્તર હિંદુસ્થાનમાં અમીર લોકોને ત્યાં મસાલ—બતી વિગેરે કાર્યો કરે છે. ૩ કાગડા. ૪ કુતરાં.

कवित्तः—अगं अनंग तहीं कुछ संभु सु के हरि लंक गयंदहि घेरे।
भौंह कमान तहीं मृग लोचन, खंजन क्यौं न चुगेतिल नेरे॥
है कच राहु तहीं उदै इंदु सु कीर के बिम्बन चोंचन मेरे।
कोऊ न काहुसों रोस करे सु......................

પ્રવીણે જવાબ આપ્યો......डरै डर साह अकब्बर तेरे॥

પ્રવીણરાયની પ્રવીણતા જોઇ, અકબર બહુ પ્રસન્ન થયો અને કેટલુંક ઇનામ આપી ઇંદ્રજીત પાસે મોકલી દીધી.

અભણ માણસમાં કાવ્ય ચમત્કૃતિ લાવવાની શક્તિ, બારીકમાં બારીક, ગુંચવાડા ભરેલો ન્યાય છણવાની આવડત, નવીન ધર્મ ચલાવવાનું જ્ઞાન એ બધું એક સાથે ન સંભવે જેથી પણ સમજાય છે કે, અકબર બાદશાહ સર્વ વિદ્યામાં થોડે ઘણે અંશે પણ જ્ઞાન ધરાવતો હતો; જે માટે ઇતિહાસ ગ્રંથો તૈયાર છે.

———:○:———

## શાહ અકબરનું ટુંક જન્મવૃત્તાંત–તેમનો ન્યાયી રાજઅમલ.

જેમ એક વાર્તાની શરૂઆત કરતાં વાર્તાના મુખ્ય નાયકોની ઉત્પત્તિ વિષે માહિતગાર થવાની જરૂર છે, તે જ પ્રમાણે આ ગ્રન્થમાં અકબર અને બીરબલ એ મુખ્ય નાયકો છે અને તેથી જ તેમનાં ટુંક જન્મવૃત્તાંતો વાંચનારાઓએ જાણી લેવાની આવશ્યકતા છે, અને તે વૃત્તાંતો ઘણીક તજવીજ પછી મેળવી મુદ્દેસર આ ગ્રન્થમાં વાંચનાર સમક્ષ રજુ કર્યાં છે. આ આપણા વાર્તાસંગ્રહમાં મૂળ નાયક શાહ અકબર છે. એ શાહનો જન્મ ઇ. સ. ૧૫૪૨ના અકટોબર મહિનાની તા૦ ૧૫ મીને દિવસે સિંધમાં આવેલાં અમરકોટમાં થયો હતો. તેના પિતાનું નામ હુમાયું હતું, અને માનું નામ મરિયમ મકાની કે હમીદા હતું. અકબરનું વય ૧૩ વર્ષ ને ચાર માસનું થયું તે વેળા તેનો પિતા હુમાયુ મરણ પામ્યો. તે વેળા તેના રાજ્યમાં બેહરામખાન નામનો એક નિમકહલાલ સરદાર હતો. જેણે બહુ બાહાદુરી બતાવી, સઘળા શત્રુઓને હરાવી નરમ ઘેંસ સરખા બનાવી દીધા. તે પછી તેણે શાહને ઘોડેસ્વારી, ધનુષવિદ્યા, તરવાર ને ભાલો વાપરવાની કેળવણી આપી. ટુંકમાં એક લશ્કરી યોદ્ધાએ જે તાલીમ લેવાની જરૂર

છે તે સઘળી તેને આપી. આ પ્રમાણે શાહના વાલી તરીકે બેહરામે અચ્છું કામ કરી તેને દરેક પ્રકારે હુશિયાર બનાવ્યો. "અકબર"નો અર્થ 'ઘણો મોટો" એવો થાય છે, અને નામ પ્રમાણેની તેને કેળવણી આપી, બહુ બાહોશ બનાવ્યો. બેહરામ વળી અકબરની ફોઈ સાથે પરણ્યો હતો. શાહ અકબરને સર્વ પ્રકારે રાજ્ય કાર્ય કુશળ બનાવી તેની ૧૮ વર્ષની ઉમ્મરે રાજ્યકારોબાર તેને સોંપી દીધો. અકબર જાતે પણ હુશિયાર અને બુદ્ધિશાળી હતો. તેણે વિચાર્યું કે જો શાહનશાહતને લાંબો વખત ટકે એવું બનાવવું હોય તો બેશક હિંદુઓ તરફ મમતા રાખી તેમને નિમકહલાલ મિત્રો ને મદદગાર બનાવવા જોઇએ. તે જાતે મુસલમાન હતો, મુસલમાન તરીકે કેળવાયો હતો, તો પણ તે હિંદુઓ પ્રત્યે નરમાશ અને દયાથી વર્તતો. તેની માન્યતા એવી હતી કે બધા ધર્મો સરખા છે, અને જેમ મુસલમાનોની મસીદમાં, તેમ જ હિંદુઓના દેવસ્થાનોમાં કે ખ્રિસ્તિઓનાં દેવળોમાં, જ્યાં જોશો ત્યાં ઇશ્વરનો વાસો છે. અકબર જાતે વિદ્વાન ન હતો, કેમકે બેહરામે તેને કશું શિખવ્યું ન હતું; છતાં પણ જેમ તે ઉમરે વધતો ગયો અને બીજા હિંદુ રજપુત રાજાઓ, ઠરઠાકારોને તાબે કરી વશ કરતો ગયો, તેમ તેમ તે પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે દરેક ઉપર પ્રેમ રાખવા લાગ્યો. તેણે તેમના જોડે બહુ નિકટ સંબંધ બાંધ્યો અને પોતાના જાતભાઇઓના દ્વેષની દરકાર વિના રજપુત રાજકુંવરીઓ જોડે લગ્ન કીધું, એટલું જ નહીં પણ પોતાનો પુત્ર સલીમ મોટો થયો ત્યારે તેણે તેને જોધબાઇ નામની રજપુત રાજકુંવરી સાથે પરણાવ્યો. વિદ્વાનોને પાસે બેસાડી પુસ્તકો વાંચતાં સાંભળવાનો તેન બહુ શોખ લાગો હતો. તેનું પુસ્તકાલય બહુ મોટું હતું. તેને ચિત્રકળા ઉપર બહુ પ્રેમ હતો અને તેના પાસે ઘણાં ચિત્રો હતાં. રસિક કાવ્યો અને ગાયન સાંભળવા તેને બહુ ગમતાં હતાં. તેના દરબારમાં હિંદુ અને મુસલમાનો બંને કોમના પ્રખ્યાત વિદ્વાનો હતા. તેને રાજ્ય વહિવટ ચલાવવામાં મદદ કરનારા તેઓ જ હતા. તેમાં મુખ્ય અબુલ્ફઝલ હતો. અકબર તેને ઘણો ચાહતો હતો અને તેની સલાહ વગર તે આગળ ચાલતો નહી. તે વળી સારા સ્વભાવનો અને વિદ્વાન હતો. તેણે અકબરના દરબાર, રાજ્ય અને

રાજકારોબાર વિષે એક મોટું પુસ્તક લખ્યું છે, જેને "આઇને અકબરી"નાં નામથી ઓળખવામાં આવે છે. અકબરનાં રાજ્યનાં બધાં માણસોને પોતપોતાના ધર્મ અને રિવાજ પ્રમાણે ચાલવાની તમામ છૂટ હતી. આટલું છતાં હિંદુઓમાં તે વેળા સતિ થવાનો જે રિવાજ હતો તે એને એક કેહેર સરખો લાગ્યો. અને તે તેણે કેટલાક બળાત્કાર અને કેટલીક સમજુતી સાથે બંધ કરવાની કોશીશ કરી હતી. અકબરે ૬૩ વર્ષની ઉમ્મરે, ઓગણપચાસ વર્ષ રાજ્ય કરી ઇ. સ. ૧૬૦૫ માં દેહ છોડ્યો હતો. તે પછી તેનો દીકરો સલીમ ગાદીએ આવ્યો હતો. પ્રતાપી અકબરના દરબારમાં બીરબલ, ફેઝી, અબુફજલ, તાનસેન, કવિગંગ, પં. જગન્નાથ વગેરે ઘણા હુશિયાર કવિઓ અને બુદ્ધિમાન પુરૂષો શોભતા હતા. જાતે મુસલમાન છતાં તે સૂર્યનો ઉપાસક હતો. એટલું જ નહી પણ દરરોજ સૂર્યનાં દર્શન કરી હાથમાં માળા લઇ સૂર્યનો પાઠ કર્યા પછી જ જમતો હતો. તેનું મૂળ નામ જલાલુદ્દિન હતું. તેણે લગભગ આખા હિંદુસ્થાનને પોતાનાં પરાક્રમથી તાબે કર્યું હતું. સીકંદરના હિંદુ પ્રધાન હેમુએ મોગલોને ઘણીક લડાઇઓમાં હચમચાવ્યા પછી, અકબરે બેહરામખાનની સરદારી હેઠળ હેમુને પાણીપતનાં મેદાનમાં હરાવી કેદ પકડ્યો હતો.

બેહરામખાને અકબરને ફરમાવ્યું કે હેમુને એકદમ તરવારથી કાપી નાખવો, જેમ કીધાથી તેને 'ગાઝી'નો ઇલ્કાબ મળશે. અકબરે એક લાચાર દુશ્મનને એવી રીતે ઠાર મારવાની ના પાડી, માત્ર પોતાની તરવાર ખાલી તેના માથા ઉપર ફેરવી. આ ઉપરથી ખીજાઇને બેહરામખાને પોતે તત્કાળ હેમુનું માથું પોતાની તલવારથી ઉડાવી દીધું. બેહરામખાનને "ખાનબાબા' અથવા "રાજાનો બાપ" એવો ખેતાબ આપવામાં આવ્યો હતો, પણ તે જાતે બહુ મગરૂર અને તુમાખી સ્વભાવનો હોવાથી ઘણાક અમીર ઉમરાવો તેને ધિક્કારતા હતા. અકબરે જ્યારે રાજ્ય વહીવટ પોતાના હાથમાં લીધો ત્યારે બેહરામખાને બળવો ઉઠાવ્યો, પણ તેને ઝટ પકડીને અકબર હજુર ઉભો કરવામાં આવ્યો, અને અકબરે તેની પાછલી સેવાઓની કદર જાણી તેને માફ કીધો. તે તકનો લાભ લઇ બેહરામખાન મક્કે હજ કરવા જવા નીકલ્યો, પણ માર્ગમાં એક અફગાને તેને ઠાર કીધો. અકબરે રાજવ્યવસ્થા પોતાના હાથમાં લીધા

પછી લગભગ નવ દશ વર્ષ, તેને પોતાના રાજ સામે ઉઠેલા અનેક બખેડાઓ અને બંડો સમાવી દેવામાં ગાળવા પડ્યાં હતાં. તે પછી તેણે ધીરે ધીરે, રજપૂતાણાનાં રાજ્યો, ગુજરાત, બીહાર, બૅંગાલ, અને ઓરિસા સર કીધાં. ત્યાંથી તે કાશ્મિર તરફ વધ્યો અને ઘણીક મુસીબતો પછી ૧૫૮૭ માં તે પ્રાંત પણ તાબે કીધો. ઇ. સ. ૧૫૯૧ માં તેણે સિંધ સર કીધું અને એ રીતે નર્મદાની ઉત્તરના તમામ હિંદી પ્રદેશનો તે માલેક થયો. તે પછીનાં વર્ષોમાં તેણે અમદનગર તથા ખાનદેશ સર કર્યાં. અકબરનાં છેલ્લાં વર્ષો બહુ કંગાલિયતમાં પસાર થયાં હતાં. તેના બે બેટાઓ દાન્યલ અને મુરાદ તથા તેનો ભલો મિત્ર અબુફઝલ મરણ પામ્યા. તેનો વડો દીકરો સલીમ બહુ નાફરમાન નીકળ્યો હતો. તેણે અનેકવાર પોતાના બાપનું રાજ્ય ઉંધું વાળવાના કે પોતાના હાથમાં લેવાના પ્રયત્નો આદર્યા હતા. પણ તે બધામાં તે નિષ્ફળ ગયો. અકબરે તેને પોતાના ઉદાર સ્વભાવ પ્રમાણે ક્ષમા આપી બૅંગાલ અને ઓરિસાની હાકમી આપી. અકબરે ઘણા સુધારાઓ દાખલ કર્યા હતા. રાજદ્વારી તેમ જ સંસારિ, લશ્કરી તથા ન્યાયખાતાંને લગતા, દેશનાં મેહસુલ તથા ખેતીવાડી ખાતાંમાં અનેક સુધારા વધારા દાખલ કરી, પ્રજાને સુખદાયી અને આબાદ કરે એવા ધારા ધોરણો દાખલ કીધાં હતાં. દરેક ધર્મને સરખી નજરે જોવાના, દરેક ધર્મ પાળનારાઓને તેઓના ધર્મ સંબંધી છુટાપણું આપનારા, પરધર્મિઓ તરફ સમાનતાની નજરે જોવાના અને એકસરખો ન્યાય આપવાનાં ફરમાનો કાહાડ્યાં હતાં. અકબર દેખાવે સોહામણો અને મધ્યમ કદનો અને ઘઉં વર્ણી હતો. તેનું બાહુબળ જોરાવર હતું. તેના નાક ઉપર ડાબી બાજુએ એક મસો હતો, તે તેના સંબંધમાં ભારે શુકનિયો મનાતો હતો. તે જો કે ઘણા કઢંગા સંજોગો હેઠળ ઉછર્યો હતો, છતાં યુવાવસ્થામાં તે પોતાના સ્વભાવને બહુ કાબુમાં રાખનારો હતો. સગાં સંબંધીઓ તેમ જ મિત્રો તરફ તે હંમેશાં ઉદાર દીલ દેખાડતો, તેમ જ શત્રુ તરફ પણ ઉદાર વૃત્તિથી કામ લેતો. શિકાર, સ્વારી તથા રમતગમતનો તે બહુ શોખીન હતો, ગાયન તથા શિલ્પકળામાં તે બહુ શોખ ધરાવતો, વિદ્યાહુન્નર. અને સાહિત્યનો તે બહુ શોખીન

હતો, તેમ તે વિદ્વાનોનો બહુ જ સત્કાર કરતો. સંગ્રામ વિદ્યામાં પણ તે એક મહાકુશળ સરદાર હતો. તેણે દાખલ કરેલા સુધારાઓ ઉપરથી ખુલ્લું જણાય છે કે તે એક કુનેહબાજ રાજનીતિજ્ઞ હતો. પ્રજા કલ્યાણ માટે તે અહોનીશ મચ્યો રહેતો. ધર્મ સંબંધી બાબતમાં પણ તે બહુ છુટા વિચારનો હતો અને 'પોતાનું તે જ ખરૂં' એવું કદી માનતો નહી. પ્રજાનો ચાહ કેમ જીતી લેવો તે, તે સારી પેઠે સમજતો. હિંદુઓ તરફ પોતાના બીજા જાતભાઇઓ કરતાં તે તદ્દન જુદી જ એટલે ઉદાર વૃત્તિ દેખાડતો. તે આ દુનિયામાં પોતાને ઈશ્વરનો મોકલેલો દૂત સમજતો. પોતાના આવા ખવાસથી પોતાનાં પ્રધાન મંડળમાં સારામાં સારા વિદ્વાનોનો જમેલો જમાવ્યો હતો.

——:o:——

## અકબરનાં કેટલાંક રાજ્યરત્નો.

**અબુ ફઝલ**—એણે રણસંગ્રામમાં જેમ નામના મેળવી હતી તેવી જ તેણે રાજાની કાઉન્સીલમાં પણ પોતાનાં ઉંચાં જ્ઞાનબળ અને મનશક્તિથી જગા રાખી હતી. તેણે આઇન–ઇ–અકબરી–એટલે અકબરનું ધારાશાસ્ત્ર એવું પુસ્તક રચ્યું હતું. તેમાં પોતે સ્થાપેલાં જુદાં જુદાં ખાતાંઓનો વિગતે હેવાલ પણ આપ્યો છે. દુનિયાના જુદા જુદા ધર્મોનાં મૂળ તત્વો જાણવાનો તેણે ઘણો શોખ રાખ્યો હતો અને તેમનો અભ્યાસ પણ કીધો હતો. "ધર્મે એલાહી" એવાં નામનો એક નવો ધર્મ સ્થાપવામાં તેણે અકબરને મદદ કીધી હતી. માહાભારતનું ફારસી ભાષામાં ભાષાંતર કરવાનાં કામમાં એણે પોતાના ભાઇ ફૈઝીને મદદ કરી હતી. અકબર જોડે જે મૈત્રિસંબંધ એ ધરાવતો તે જોઇને શાહજાદો સલીમ બહુ બળતો હતો, અને માનવામાં આવે છે તેમ સલીમનાં કાવત્રાંથી જ કેટલાક બદમાસોએ એ બાપડાને ઇ. સ. ૧૬૦૩માં મારી નાખ્યો હતો.

**ફૈઝી**—અબુફઝલનો વડો ભાઇ. તે જેમ એક કવિ તેમજ હકીમ હતો. સંસ્કૃત સાહિત્યમાં તે પ્રવીણ હતો; અને તેથી જ તેણે માહાભારતનું ફારસી બેતોમાં ભાષાંતર કરવાનું કામ માથે ઉઠાવ્યું હતું. હિંદુત્વ અને હિંદુ ફીલસુફીથી તેણે અકબરને માહીતગાર કર્યો હતો.

**રાજા ટોડરમલ**–ચુસ્ત બ્રાહ્મણ છતાં તે રાજ્યમાં મોટા ઓદ્ધા ઉપર ચઢવા પામ્યો હતો. બેંગાલના સુબાનું પદ ભોગવી તે પ્રસિદ્ધિને પામ્યો હતો. યુદ્ધકળામાં તે બહુ પ્રવીણ હતો, છતાં તેણે અકબરના નાણુંખાતાંના પ્રધાન તરીકે બહુ નામના મેળવી હતી. તે વખતની મેહસુલી પદ્ધતિમાં તેણે સુધારા વધારા કીધા હતા.

**રાજા બીરબલ**–રાજા બીરબલ, એક કવિરાજ અને ચુનંદો ગાયણ શાસ્ત્રી હતો. પોતાના ટાહુકા ટુચકા, અક્કલમંદ વાર્તાઓ, કુનેહબાજ કાર્યકુશળતા વગેરેથી અકબરના મન ઉપર અચ્છો છાપ બેસાડ્યો હતો. હિન્દુસ્તાનના દેશીઓમાં તો તેનું નામ એક ઘર-સંસારિ શબ્દ જેવું થઇ પડ્યું હતું, અને હાલ પણ છે.

**રાજા માનસીંગ અને રાજા ભગવાનદાસ**–આ બંને રજ-પુત સરદારો આ મોગલ દરબારના કોહીનુર સરખા હતા.

**તાનસેન**–તે એક ઉસ્તાદ ગવૈયો હતો. એ વિગેરે.

આવી સ્થિતિમાં સત્તા સ્થાપવા પછી ઇ. સ. ૧૬૦૫માં અક-બરનું મરણ થયું, અને શાહજાદો સલીમ "જહાંગીર" નામ ધારણ કરી ગાદીએ આવ્યો. પિતાની હાજરીમાં તો તે એક બદમાશ બળવાખોર તરીકે જાહેરાત પામ્યો હતો. જાતે ભારે દારૂડિયો હતો, છતાં ગાદીએ આવ્યા પછી પોતાની તે વર્તણુંકમાં કાંઇક સુધારો કર્યો હતો.

——:૦:——

## પોતાના યોગબળથી જગદ્‌ગુરૂ (શંકરાચાર્યે)એ સોનાની થાળી આકાશે ચઢાવી એકના બે સૂર્ય દેખાડવાનો કરેલો મોજેજો–તેને નવસારીના દસ્તુર મેહેરજીરાણાએ કેમ તોડયો?

શાહ અકબર જેમ પોતાના ધર્મ ઉપર મુસ્તાક હતો તેવો જ તે બીજા બધાના ધર્મો તરફ પણ માનની નજરથી જોતો હતો, એટલું જ નહી પણ તે નામવર શાહ, બધા ધર્મો એકસરખી રીતે પરમેશ્વરની દરગાહે પોહોંચવાના રસ્તા સુઝાડે છે, માત્ર ફરક તેમાં જુદા જુદા માર્ગોનો જ હોય છે એવી માન્યતા ધરાવતો. હિન્દુ ધર્મ ઉપર તો તે મક્કમ જ થયો હતો કેમકે તે ધર્મ ચીવટાઇ અને ખરી રીતે સમજીને

પાળનારા તેની દરબારમાં અનેક હિન્દુ દરબારીઓ હતા. ઉપરાંત તે, બીજા ધર્મોના મોટા ફીલસુફો કે ધર્માચાર્યોને પોતાની દરબારમાં રાખી તેમની મારફતે તે તેમના ધર્મનું રહસ્ય જાણુવાની કાંઇ ઓછી કાળજી રાખતો ન હતો. એ માટે તેણે એક ખાસ મકાન વટીક ઉભું કીધું હતું, અને તેમાં જુદા જુદા ધર્માચાર્યોના મેળાવડા કરી, તેમાં તરેહવાર સવાલો મુકી તે તેના ઉપર ચર્ચા કરાવતો અને તેમાંથી પોતાને જે ઉમદા અને માન્ય કરવા જોગ દીસે તે, તે ગૃહણુ વટીક કરતો, અને તે વેળા પોતાના ધર્મવાળાઓની મતફેરી કે કચવાટની કશી પરવાહ કરતો નહી. એ પ્રમાણે તે હિંદુઓ તરફની કપાલે ચાંલ્લા કરવાની, સૂર્ય, ચંદ્ર, પાણી વગેરેને પવિત્ર માની તેમને પૂજવાની કે તેમની આરાધના વટીક કરવાની તક ચુકતો નહી. આવી રીતે તે નામદાર હિંદુ ધર્મ તરફ અતિ ઘણો ઢળેલો જાણી એક વેળા હિંદુઓના એક મહાન યોગેશ્વર જગદ્‌ગુરૂએ, તેમને પોતાના યોગના તપોબળથી કાંઇક મોજેજો કરી બતાવી તે નામવરને તદ્દન હિંદુ બનાવી દેવાની હોંશથી, હિંદુસ્તાન તેમાં મુખ્યત્વે કરી દિલ્લીમાં હાહાકાર વર્તાવી મુકયો હતો.

તેની વિગત એવી મળે છે કે ઇસ્વી સનેની સોળમી સદીના પાછલા કાળમાં આ જગદ્‌ગુરૂએ, એક વેળા પોતાનાં યોગ–મંત્રનાં સાધનથી ચળકતી ધાતુની એક થાળીને ગગન ઉપર ચઢાવી ત્યાં અદ્ધર લટકાવી રાખી હતી, જેથી સરેસ્તાના એક સૂર્યને બદલે બે સૂર્ય આકાશમાં પ્રકાશતા હોય એમ લાગતું હતું. આ જોઇને બીજા બધા ધર્મવાળાઓ દંગ થઇ ગયા હતા, અને બાદશાહનું પોતાનું મન પણુ કાંઇ ડગમગવા લાગ્યું હતું. એટલું જ નહી પણુ ત્યાં થયલા ધાર્મિક મેળાવડામાં ભાગ લેવા હાજર થયલા ધર્માધ્યક્ષોમાં પણુ કેટલીક ખળભળાટ પેદા થયો હતો. પણુ નવસારીથી જઇ લાગેલા દસ્તુર મેહેરજીરાણા આ મોજેજાનું પોકળ પામી ગયા, અને તેઓએ ધાર્યું કે આ ચમત્કાર માત્ર યોગ–મંત્રનો એક તકલીદી પ્રયોગ હોવો જોઇયે, એટલે બીજી કોઇ રીતે નહી પણુ પરેહજગારીથી પરવરદેગારની બંદગી કરી તે સેતાનિઅતને તોડવી જોઇએ. એમ માની લઇ તેઓ

સાહેબે એ મોજેજાને તોડી દેખાડવાનું બીડું ઝડપ્યું. તેઓ સાહેબે એક ચોક્કસ જગાને વારીગુરી સાફસુફ કરાવી. ત્યાં ચંદન–લોબાન વગેરે ખુશબોઇનો પમરાટ મચાવી દીધો. ત્યાં તેમને જોઇતાં આસનો ખુદ શાહ તરફથી પુરાં પાડવામાં આવ્યાં, પણ તેને છેટે રખાવી દીધાં, અને પોતાની પાસેના રૂમાલો, પીછોડીઓ વગેરે પાથરી, તેઓ સાહેબ પોતાના ગોઠીઆઓ સાથે, તનપાક કરી બીરાજમાન થયા. અને ખુબ તનોમનથી પરવરદેગારની બંદગી કરવા માંડી અને તેમાં તેઓએ મુખ્ય આધાર, "વનંત યશ્ત" નામની જાદુઇની અસર તોડનારી સીફતની બંદગી ઉપર બાંધ્યો અને પરવરદેગારે તેઓ સાહેબને તેનું ફળ આપ્યું. ખુબ ચંદન–લોબાનના ધુંધવાટો અને ખુશ લલકારના ચિત્તવેધક ભણતરથી મોજેજાની જાદુઇ અસર તુટવા માંડી. આકાશ ઉપર જે કૃત્રિમ થાળી પ્રકાશતી હતી તે ડગમગવા લાગી, અને તેમ થઇ તે ધીમેધીમે ગડગડ કરતી નીચે ઉતરવા માંડી. આ જોઇને હાજર રહેલાઓમાં ભારે હાહાકાર થઇ રહ્યો, અને તે હાહાકાર અને ગરબડ વચ્ચે તે થાળી તખ્તપર દરબાર ભરી બેઠેલા શાહના પગ આગળ આવીને પડી. એટલે જોઇ લેવો ત્યાં દસ્તુરજી ઉપર ફુલફુટામણા અને જગદ્ગુરુની હારના ડંકા વાગી રહ્યા. તે વખતથી, જરથોસ્તી ધર્મ ઉપર શાહને એટલો બધો એતેકાદ અને શીદાગીરી વધી કે, તે નામવરે, જરથોસ્તી ધર્મનાં તત્વોના ખુલાસા જાણી કહે છે કે, એ ધર્મનાં મુખ્ય ચિહ્નો સુદરેહ–કુસ્તી પણ આંગ ઉપર ધારણ કરી લીધાં.

આ કામના બદલામાં દસ્તુર મોસુફને શાહે, ખુદ નવસારી નજદીક મોટી વાડી વજીફાની જગ્યા બક્ષેસ આપી, અને ઘટતું માનપાન આપી દસ્તુરજીને ત્યાંથી વિદાય કર્યા. તે પછી દસ્તુરજીને ખુદ નવસારી તથા આજુબાજુ પારસીઓની વસ્તીવાળાં શેહેરોમાં પુશ્કળ માનપાનથી નવાજવામાં આવ્યા. બાદ કેટલેક વર્ષે, તેઓ ગુર્જર પામ્યા અને તેમની ગેરહાજરીમાં તેમના જાયનશીન દસ્તુર કેકોબાદ માહિયાર તેમની જગાએ દિલ્લી જતા આવતા થયા, ત્યારે ફરીવાર ઉપલી જાગીરમાં કેટલીક વધુ જમીનનો વધારો કરી આપવા

શાહે મેહરબાની કીધી હતી. આ અગત્યના બનાવના સંબંધમાં મરનારનાં મરણ પછી લાંબે વખતે એક ખ્યાલ પણ જોડાયો હતો, જે હજુ સુધી સામાન્ય રીતે ગાઇ બતાવવામાં આવે છે.

———:o:———

આ બાબતમાં કેટલાંક વર્ષોની વાત ઉપર મુંબઇના પારસી છાપાઓમાં તથા પારસી વિદ્વાનો વચ્ચે ભારી તકરાર બરપા થઇ હતી, જેમાં એક નાની પક્ષ, મજકુર હકીકત તદ્દન કલ્પિત જેવી જણાવી તે માનવા મનાવાને ના પાડતી હતી, જ્યારે બીજી પક્ષ જેમાં અનેક સદર પારસી છાપાઓ તથા વિદ્વાનોનો જમેલો હતો, તેઓએ તે તકરારના રદીયા આપી દાખલા દલીલો સાથે તે પક્ષને દબાવી દઇ, સઘળી હકીકતને દસ્તાવેજી પુરાવા સાથે સાબેત કરી દેખાડી હતી. એ નાપસંદ બાબતને આ પુસ્તકમાં છેડવાનું કશું કારણ જણાતું નથી, છતાં દસ્તુર મેહેરજીરાણાની સીફતમાં જે ખ્યાલ જોડાયો હતો તે કાંઇક જ્ઞાન સાથે ગમ્મત આપનારો સમજી એક નોંધ તરીકે અત્રે આપીશું તો તે ખોટું કહેવાશે નહી:—

## દસ્તુર મેહેરજીરાણાનો ખેયાલ.

મેહેરજીરાણા બરા નેક થા પુરા બંદા સાહેબકા,
બાદશાહ અકબર સુદરેહ પેહેના દેખ તમાશા મજહબકા—ટેક.
અકબર પાદશાહ બરે પાદશાહ ઘોસા બાજે કાંઈ મુલકોમેં,
જગતગુરૂને થાળી ઉડાઇ બીર જોરશે ગગનમેં.
ઉસ થાલીકા સુરજ હુવા દો સુરજ દીખે બાદલમેં,
દો સુરજ દેખે રઇઅત સારી અચરજ હુવે અપને દીલમેં.
પાદશાહ આગે ઉશી દીનશે બડા મરાતબા જગતગુરૂકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૧)
અકબર પાદશાહ જગતગુરૂકુ મુજરા કરતે ઉશ દીનશે,
દીલભર વજીર થાજી શયાના અકલ તોલી દીલોશે.
કમર બાંધકર બીડા ઉથાયા આયા નવસારી દેશે,
મેહરજીરાણાકુ લેકર ગયા જા પોહોંચા પાદશાહ પાસે.
પાદશાહજી તુમ સુનો સબોમેં બરા મહજબ હયે પારસીકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૨)

મેહેરજીરાણા તેરા દેખું મજહબ કહેતે પાદશાહ અકબરે,
દો સુરજ કયું હુવા ગગનમેં જવાબ દેવો જલદી કરે.
મેહેરજીરાણાકુ દીઆ બીછાના ના બેઠા ખરા દુરે,
અપને પાસકા રોમાલ બીછાકર બેઠ ગયા ઉનકે પરે.
પાહેલા કુસ્તી કરકર કામ શરૂકીઆથા પઢનેકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૩)
પાકી શાકીસે પઢને લગા ધ્યાન કરતા સાહેબસે,
થાલી આનકર ગીરી જમીનપર જગતગુરૂકે ગયે હોશે.
અકબર પાદશાહ દીલભર વજીર દેખ રહે મહેરજીરાણા સે,
ઉઠાઈ જમીનસે થાલી આલમ દેખ રહી સબ તમાસે.
ખરા જી કાબીલ વજીર ઉનપર ચલા નહી જાદુ કીસકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૪)
પારસીકા મજહબ દેખકર પાદશાહ હુવા મગને,
સુદરેહ પેહનકર બેઠા તખતપર જેસા ખીલ રહ્યા ચાને.
કીબલે તુરાની કબુલ કરકે આતશ કીઆ રોશને,
કઇ તરાંહકે દેખ મોજેજા લાયા રાસત એકીને.
જરાતોશતી ઉપર ઇમાન લાયા, બખશાનુર સાહેબકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૫)
જામાસપી ઓર જરતોશતકી નજુમ ઉનકુ માલમે,
અમર નામને કીશે રહે ગયા સાચી શીખા આલમે.
જાગીર દીઆ શાહ અકબરને મેહેરજીરાણાકુ ઇનામે,
નવસારીમે અબ તક હયે ઉનકા વસીલાશે નામે.
ઇલમ ઉપર અમલ કીઆ પોહોંચા બેહેશત મુકામે,
આગે પીછે સબકુ મરના નેકીકા કર લેવો કામે.
પાક દીનકા ખરા મુરાતબ જરાતોશતી સાચા સીકા,
પાદશાહ અકબર સુદરેહ પેહેના દેખ તમાશા મજહબકા. (૬)
હીન્દુ મુસલમીન ખ્રીસ્તી મજહબ નહી શાહાને ખાતર લાયા,
પારસીકુ સાચા ઠેરા કર ખુલી કબરસે ગયા.

રાજગીર ઉશ્તાદ હમારે ભલી દીનકે ગુન ગાયા,
સુઘનવ ખેઆલી બોલે બેચારે કુલ આલમ કે મન ભાયા.
લાખોકી ફોજોમે મોહોરા નહી છુપેગા પારસીકા,
પાદશાહ અકબર સુદરેહ પેહના દેખ તમાશા મજહબકા. (૭)

---

## એક બીજી સાહદત.

આ ખ્યાલ ઉપરાંત બીજી એક વધુ શાહાદત એવાં જ એક બીજાં ગાયનની પણ મેળવવામાં આવી હતી, જે પણ લાવણીના રાગમાં જ કહેવાય છે અને જે દીલ્હી દરબારના જાણીતા ગવૈયા મીઆં તાનસેનની બનાવેલી પુરવાર થઇ છે. તે પણ જેવી હાલતમાં તે મળી આવેલી જણાઈ છે તેવી જ હાલતમાં અત્રે રજુ કરવામાં આવે છે. આ ગાયણ કાંઇક ગુચવાયલું કહેવાય છે, તો પણ ૧૧૬૧ યઝદેઝર્દીમાં લખાયલી એક ગુજરાતી કેતાબમાંથી તે ઉતારવામાં આવેલું છે અને નીચે પ્રમાણે છેઃ—

'ઇયાહુ પારસી પઢેસો કબૂલ.
ઇઆહુ ધણી પારસી પઢેસો કબૂલ.
અગરકી પીડ ચંદન લપેટેઉ.
જેશોઈ શખડ પેડ.
ઇઆહુ પારશી પઢેશો કબૂલ.
લંબી લંબી દહાડી શાહ મેહેરીઆર,
તેરી મૂખપર બરશત નૂર,
ઇઆહુ પારશી પઢેશો કબૂલ.
કહેતો મીઆં તાનસેન,
શનો શાહ અકબર,
ઇઆહુ બેહેશતકો ફૂલ,
ઇઆહુ પારસી પઢેશો કબૂલ."

---

## મોગલ સામ્રાટ અકબર બાદશાહના રાજ્યત્વકળાના કેટલાક ઐતિહાસિક પ્રસંગો.

એક સમય બાદશાહ શિકારે ગયા. તેની સાથે નરહરિજી આદિ કવિઓ પણ હતા. શિકારેથી પાછા વળતાં રસ્તામાં ઘાસ ચરતી ગાયોનાં ટોળાંની વચમાં બાદશાહ આવી પહોંચ્યા. ઘોડાઓના ખળભળાટથી ગાયો ભડકીને આસપાસ નાસવા લાગી. કેટલીક સ્તબ્ધ થઇ આમ-તેમ જોવા લાગી, અને કેટલીકના મોઢામાં ચાવેલા ઘાસનાં તરણાં ભરાઇ રહેતાં ઘોડાની આસપાસ ફરી વળી. તેઓ બાદશાહ સન્મુખ ઉંચા મોઢાં કરી સ્વાભાવિક સ્વમાનથી જોઇ રહી. આ બધું રમણિક દૃશ્ય જોઇ બાદશાહે ઘોડા ઉભા રખાવી નજીકમાં જ ઉભેલા નરહર કવિને પૂછ્યું કે,

**कबिराज काहियें ये गइयां क्या कहती हैं,**

તુર્તજ કવિરાજે ઉત્તર આપ્યો કે,

**सुनिये हुजुर, यह आपनी पास अर्जकर, कहती है कि।**

**छप्पय**

**अरिहु दन्त तृण धरैं, ताहि मारत न सबल कोई**
**हम सन्तत तृण चरहिं, बचन उच्चर–हिन्दो न होई ॥**
**अमृतपय नितश्रवहिं, बच्छमहि थंभन जावहिं ॥**
**हिन्दुहिं मधुर न देहिं, कटुक तुरुक न पियावहिं ॥**
**कह कवि नरहर अकबर सुनौं, बिनवत गउ जोरे करन ।**
**अपराध कौन मोहि मारियत, मुएहु चाम सवइ चरन ॥ १ ॥**

આ કવિતાનો પ્રભાવ બાદશાહ ઉપર એવો પડ્યો કે, તે જ વખતે અમાત્યોને કહેવામાં આવ્યું કે, તાત્કાલિક હુકમ જારી કરો કે, આજથી અમારા સંપૂર્ણ રાજ્ય ભરમાં ક્યાંય પણ ગૌવધ થવા ન પામે. (આ હુકમની સચ્ચાઇમાં નીચેનું કવિત કહેવામાં આવે છે.)

**कवित:–नरहर कविसों गउकी बिनतीको सुनि,**
**सांचि गुनि खलनपें, लहै महा अकसी.**
**अकबर जारी परवाने कीये मारिबेके,**
**चारिहु दिशनमें लखानी बात अकसी.**

**व्यापिगो हुकम दिलिपतिको हिन्दभर;**
**बाजवी बिचारमन आनके करकसी.**
**जीवन कसाइनको गायनको देत भयो;**
**गायनकी मोत कै कसाइनको बकसी ॥ २ ॥**

---

૨—**એક સમય** મકરસંક્રાન્તિના પર્વ ઉપર બાદશાહે શ્રી પ્રયાગરાજમાં ત્રિવેણી તટ ઉપરના કિલ્લામાં સારા સારા આબરૂદાર ગ્રહસ્થોની વહુ—દીકરીઓને લશ્કર મોકલી ઘેરી લઈ કિલ્લામાં કેદ કરી લીધી, અને જણાવ્યું કે, જેવી રીતે શ્રીકૃષ્ણચંદ્રે સોળ હજાર ગોપિકાઓ સાથે રાસ રમણ કર્યું હતું, તે મુજબ હું પણ સદરહુ રમણિઓથી રાસ-વિલાસ કરીશ. એમ કહી દરવાજા ઉપર સખ્ત પહેરા બેસાડી દીધા અને સખ્ત આજ્ઞા પણ આપી દીધી કે, આ સંબંધમાં જે કોઈ મારી પાસે આવશે તેને ગરદન મારવામાં આવશે એ પ્રમાણેનું ફરમાન જારી કરી પોતે મહેલમાં જઈ સુઈ રહ્યો.

યાત્રાળુઓમાં હાહાકાર મચી ગયો, કેટલાક મરવા અને કેટલાક ત્રિવેણીમાં ઝંપલાવી, પ્રાણ ત્યાગ કરવાને તત્પર થઇ ગયા, બાળકો અને વૃદ્ધા સ્ત્રીઓમાં રોકકળ થઇ પડી અને રંગમાં ભંગ પડી ગયો. આવી કઢંગી સ્થિતી જોઇ દરબારીઓમાંથી ઉચ્ચ શ્રેણીના ઉમરાવો, નરહર કવિ પાસે ગયા અને સઘળી બીના નિવેદન કરી, વિનંતી કરી કે આવા કટોકટીના સમયમાં, આપસરખા જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને નિડર સત્યવક્તા શિવાય બીજો કોઈ આ દુઃખદ વાદળ વિખેરવા શક્તિવાન નથી.

નરહર કવિથી આ અત્યાચાર સહન થઇ શક્યો નહીં, તુર્ત જ કટિબદ્ધ થઇ કિલ્લામાં પ્રવેશ કર્યો. પ્રથમના ચોકીદારોએ જ અટકાવ્યા. ત્યારે કવિશ્રીએ નિચેનો છપ્પય સંભળાવ્યો:—

**त दिन सत्य जिन जाय, ज दिन कोउ याचक जच्चें,**
**त दिन सत्य जिन जाय, ज दिन परधन मन न रच्चें,**
**त दिन सत्य जिन जाय, ज दिन कोई सरन न पावैं,**
**त दिन सत्य जिन जाय, ज दिन अरि सन्मुख आवै,**

जिन जाय सत्य नरहर निरख, सुख बिध नां प्रान न हरैं,
गौरक्ष अकब्बर शाहकी, सत्य सुमंगल ना टरैं ॥ ३ ॥

આ પ્રમાણે દરેક પહેરગીરોને ઉપદેશ કરી પોતાના ધર્મ–મતમાં મેળવી લઈ, વગર અટકાયતે ઠેઠ બાદશાહના પલંગ સુધી પહોંચ્યા. બાદશાહ ચાદર ઓઢી સુઈ રહ્યા હતા, તે ચાદર ખેંચી ઉઠાડ્યા અને વિનતી કરી કહ્યું કેઃ—

"जहांपनाह जानकी परवा न कर, आपकों विनय सुनाने आयाहुं"

પ્રથમ તો બાદશાહ બહુ ગુસ્સે થયો પરંતુ એક વયોવૃદ્ધ અને પ્રભાવશાળી ધર્માત્મા પુરૂષના પ્રભાવની છાંયા, મહાન્ મોગલ સમ્રાટ ઉપર પણ પડી, જેથી શાન્ત બની ગયા અને સાંભળવા ઇચ્છા બતાવી એટલે કવિરાજે નીચેનો કુંડળીઓ સંભળાવ્યોઃ—

कुंडळीओः—नरहर धरहर को करैं, जननिसुतहिंविषदेय,
बार जो खेतहिं हठ चरैं, साहु परधन लेय.
साहु परधन लेय, नाव करिया गहि बोरैं,
जेहि पाहरु तेहि चोर, प्रीत प्रीतम हठ तोरैं,
नृपति प्रजहिं दुखदेय, कौंन समरथ कर धरहर;
छत्रपति अकब्बरशाह सुनौंबिनती कर नरहर ॥ ४ ॥

આ સાંભળી બાદશાહ બહુ પ્રસન્ન થયો અને નરહરિજીની પ્રશંસા કરી કહ્યું કે, મને સારી સલાહ આપનાર અને આડે રસ્તેથી અટકાવનાર આપના જેવો સત્યભાષી હિતકર બીજો કોઈ મારા જોવામાં આવતો નથી. એમ કહી બાદશાહે તમામ સ્ત્રીઓને છોડી દીધી.



ભીરખલ.

Lakshmi Art, Bombay, 8.

# કવિકુલમાર્તંડ વીર શિરોમણી
# રાજા–બીરબલ
(મળેલું)

મહાન્ ચતુર, બુદ્ધિવિશારદ રણશૂર, દાનશૂર અને વાકસૂર, બ્રહ્મભટ્ટ કુલકમલ દિવાકર રાજા બીરબલને, આધુનિક લેખકોએ, બુદ્ધિનો સાગર, ખુબીનો ખજાનો, હાસ્યરસનો ભંડાર, હાજર જવાબી ઇત્યાદિ વિશેષણોથી લખ્યો તેમ જ વર્ણવ્યો છે. સહેજ પણ ચતુરાઇનું ઉદાહરણ કે, કહેવત સાંભળવામાં આવે કે લોકો તુર્ત જ બોલી ઉઠશે કે, એતો બીરબલે બાદશાહને આપેલો જવાબ છે.

સંસ્કૃતમાં જેમ ભોજ અને કાલીદાસ, તેમ સાંપ્રતમાં બાદશાહ અને બીરબલ, દરેકની જીહ્વાગ્રે છે. પરંતુ બીરબલનું ખરેખરૂં જીવનચરિત્ર સાધારણ જનસમાજથી અજ્ઞાત છે, એમ જો કહેવામાં આવે તો તેમાં અતિશયોક્તિ જેવું કાંઈ પણ નથી, અને તેનું કારણ માત્ર એક જ છે કે, જેમ હાલમાં મહાન પુરુષોનાં જીવન વૃત્તાંતો લખવાનો રીવાજ છે, તેમ તે સમયમાં પુરતા પ્રમાણમાં ન્હોતો.

ઇતિહાસોમાં પણ ફક્ત મુખ્ય પુરુષો (રાજા–બાદશાહ)નાં ચરિત્રો ચીતરવામાં આવતાં; તેમાં પણ એક જ ઉજળી બાજુ, અને તે પણ અતિસંક્ષેપમાં, અને તેમાં પણ વિશેષ ભાગ યુદ્ધપ્રસંગનો. આવી સ્થિતિમાં મહાન્ પુરુષોનાં જીવનઅંધકારમાં રહે તેમાં અસંભવિત શું છે?

ઉપર્યુક્ત કારણોને લઇને જ અત્યારે પ્રતિષ્ઠિત ગણાતા ઇતિહાસ પ્રસિદ્ધ પુરુષોની જાતિ, જન્મસ્થળ, જન્મસંવત્ અને ખરેખરૂં મૂળનું અસલ નામ, વગેરે નક્કી કરવામાં પણ લેખકોને ઘણી મુશ્કેલીઓ નડે છે, અને વિદ્વાનોમાં વિવાદ થતો પણ જોવામાં આવે છે. વિશેષ ભાગે તો પંડિતો અને કવિઓએ પોતાના આશ્રયદાતાનાં ગુણગાન જ ગાયાં છે. પરંતુ પોતાવિશે સ્હેજ ઇસારો કરવાનું પણ ઉચિત ધાર્યું નથી. કેટલાક પ્રમાણભૂત ગણાતા ગ્રંથોમાં પણ કર્તાનું સ્થાન, નામ કે સાલ સંવત્ જણાતાં નથી. સમ્રાટ્ અકબર બાદશાહનો સમય કે જે હજુ સાડાત્રણસો વર્ષનો ગણાય તે વખતમાં થઈ

ગયેલી પ્રસિદ્ધ વ્યક્તિઓ જેવી કે, સૂરદાસ, કવિગંગ, નરહર, તાનસેન, બીરબલ, મીરાંબાઇ, તુલસીદાસ વગેરે મહાન પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ માટે પણ આજે કાંઈ ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી; મીરાંબાઇને કોઇ કુંભારાણાની પત્નિ કહે છે, ત્યારે કોઈ રાણા સંગના કુંવર ભોજરાજની બાલવિધવા હોવાનું જણાવે છે. એક પ્રસિદ્ધ રાજકુટુંબની રાજરાણી વિશે પણ જ્યારે કાંઇ પણ નિશ્ચયાત્મક કહી શકાતું નથી; ત્યારે અન્યનું તો કહેવું જ શું? સૂરદાસ વિશે પણ લેખકો આવા જ ભ્રમમાં પડેલા છે. ગંગને પણ કેટલાક લેખકો ઇટાવા જીલ્લાના એકનૌર ગામના રહીશ બ્રાહ્મણ લખે છે, કે જે બ્રહ્મભાટ હોવાનું પ્રસિદ્ધ છે. તાનસેન કે જે ગ્વાલીયરનો બ્રાહ્મણ હતો તેને કેટલાક મુસલમાન ઇતિહાસ લેખકોએ મુસલમાન બતાવ્યો છે.

ઇતિહાસકારોએ કવિઓને જેમ અન્યાય કર્યો છે, તેમ અકબરના ચરિત્રમાં ગંગ, નરહર વગેરેને સ્થાન અપાયું નથી, તેમ વીર શિવાજીના ચરિત્રમાં ભૂષણભટ્ટને સ્થાન આપ્યું નથી એ બેશક ખેદનો વિષય છે.

બીરબલ જેવો વીર, મહાકવિ, દાનવીર અને બાદશાહનો મહાન શૂરવીર સેનાપતિ કે જેનું મૃત્યુ પણ રણાંગણમાં શત્રુ સંહારતાં થયેલું છે, તેને એક સાધારણ મસ્કરા તરીકે સમજી લેવો તેથી વિશેષ દુઃખદાયક બીજું શું હોઇ શકે?

અત્રે બીરબલ વિષે પ્રમાણભૂત પુરાવાને આધારે આ લેખ લખી જનસમાજને પરિચિત થવા પ્રયત્ન આદર્યો છે.

———:o:———

## બીરબલ વિષે ભિન્નભિન્ન લેખકોના ભિન્નભિન્ન મત.

(૧) બીરબલ વિષે એક લેખકનો મત છે કે તે હમીરપુર જિલ્લામાં, દ્વિવેડી શાખાના, કાન્યકુબ્જ બ્રાહ્મણને ત્યાં જન્મ્યો હતો. અને વિદ્યોપાર્જન કર્યા બાદ આમેરનરેશ રાજા ભગવાનદાસને ત્યાં તેની કવિશ્રેણીમાં નોકર રહ્યો હતો, ત્યાં તેની કવિત્વશક્તિથી પ્રસન્ન થઇ અકબર બાદશાહને નજરાણા તરીકે સોંપ્યો. ત્યારથી તે બાદશાહના દરબારમાં રહેવા લાગ્યો. ત્યાં એની ચતુરાઇ અને વીરતાથી પ્રસન્ન

થઈ બાદશાહે સેનાપતિની પદવી આપી, તથા "બીર-બર" અને 'રાજા'નો ઇલ્કાબ આપ્યો.

(૨) કૌમુદીનો લેખક જણાવે છે કે બીરબલનો જન્મ, કાનપુર જીલ્લામાં આવેલા ત્રિવિક્રમપુર નામક ગામમાં થયો હતો અને તેના પુરાવામાં શિવરાજ-ભૂષણના બે દોહા આપે છેઃ-

द्विज कनौजकुलकास्यपी, रत्नाकर सुतधीर।
बसत त्रिविक्रमपुर सदा, तरनि तनुजा धीर ॥
बीर बीरबलसे जहाँ, उपजे कवि अरू भूप।
देवबिहारीसेजहाँ, विश्वेश्वर तद्रूप ॥

(૩) એક નાની ચોપડી લખનારે તો, તેનો જન્મ સુરત (ગુજરાત)માં, અને જાતિનો કાયસ્થ લખ્યો છે.

(૪) વિન્સેન્ટ સ્મિથ અકબરના ઇતિહાસમાં લખે છે કે બીરબલનું મૂળ નામ મહેશદાસ હતું. તે ૧૫૮૫માં કાલ્પીમાં પેદા થયો હતો. અકબરથી પંદર વર્ષે મોટો હતો. તે પ્રથમ રાજા ભગવાનદાસની સેનામાં રહેતો.

(૫) ડૉકટર ગ્રીઅરસન "મોડર્ન વર્નાકયુલર લીટરેચર ઑફ હિંદુસ્તાન"માં બીરબલને મહેશદાસ નામક ભાટ હોવાનું લખે છે.

(૬) પ્રસિદ્ધ ઇતિહાસલેખક 'બદૌની' બીરબલનું નામ 'બ્રહ્મદાસ' તથા જાતિના બ્રહ્મભાટ હતા એવું જણાવે છે.

(૭) 'ભારતના વીરપુરૂષો' નામક ચરિત્રસંગ્રહ ગ્રંથમાં લખ્યું છે કે "ઇ. સ. ૧૫૫૬ માં જ્યારે અકબરશાહ દિલ્હીના તખ્તપર બેઠો તે વખતે એક ભાટ મધુર કવિતા ગાતો ગાતો યમુના નદીના તટપર આવેલા કાલ્પી નગરથી ચાલીને દિલ્હીશ્વરની નજીક આવી ઉભો રહ્યો. સુકંઠ ધરાવનાર ભાટનું મનોહર સંગીત સાંભળીને દિલ્હીનો પાદશાહ અતિ પ્રસન્ન થયો. ધીમે ધીમે દિલ્હીમાં આ ભાટની કવિતાની પ્રશંસા થવા લાગી અને તેની કીર્તિ ચોતરફ પ્રસરવા લાગી. ભાટે મનમોહક કવિતા રચવાથી તે દિલ્હી નિવાસીઓનો પ્રીતિપાત્ર બની ગયો. બાદશાહે પણ તેની કાવ્યશક્તિની કદર કરીને તેને 'કવિરાય'ની ઉપાધિ આપી પોતાની પાસે રાખ્યો.

આ પ્રમાણે કવિરાય બાદશાહનો પ્રેમપાત્ર બનીને દિલ્હીમાં રહેવા લાગ્યો. ઇ. સ. ૧૫૭૩ ની સાલમાં પુનઃ કવિરાયનો ભાગ્યોદય થયો, અને તેને 'રાજા'ની ઉપાધિ મળી. આ સમયથી ભાટનું પ્રથમ નામ બદલાઈ ગયું. નવા 'રાજા' આ વખતથી 'બીરબલ' અથવા 'વીરવર'ના નામથી ઓળખાવા લાગ્યા.

આ પ્રમાણે બીરબલના જન્મસ્થાન અને જાતિના સંબંધમાં મહાન્ મતભેદ ચાલ્યો આવે છે. પરંતુ કેટલાક પુરાવાને આધારે જણાય છે કે બીરબલ બ્રહ્મભટ્ટ હતા, તેમના પિતાનું નામ ગંગાદાસ અને તેમનું નામ મહેશદાસ હતું. પ્રયાગના કિલ્લામાં જે અશોક સ્થંભ છે તેના ઉપર એક લેખ નીચે મુજબ કોતરેલો છેઃ–

"સંવત્ ૧૬૩૨ શાકે ૧૪૯૩ માર્ગ વદી ૫ સોમવાર ગંગાદાસ સુતમહારાજ બીરબલ શ્રી તીરથરાજ પ્રયાગકી યાત્રા સુફલ લિખિત."

બીરબલ એ ત્રણ ભાઇઓ હતા. બાલ્યાવસ્થામાં જ પિતાનો સ્વર્ગવાસ થવાથી પ્રાથમિક જ્ઞાન પોતાને ઘેર મેળવ્યા બાદ તેમની માતુશ્રીએ તેમને મોસાળમાં મોકલી દીધા. ત્યાં તેમણે સંસ્કૃત, ફારસી, ઉર્દુ, પ્રાકૃત અને વ્રજ ભાષાનો અભ્યાસ કર્યો. બાલ્યાવસ્થાથી જ તે તીક્ષ્ણ બુદ્ધિના ને ચતુર હતા. પ્રકૃતિએ તેની વાણીમાં મધુરતા ભરી હતી, તેમાં ન્યાય, નીતિ, કાવ્ય અને ઇતિહાસનું જ્ઞાન સોનામાં સુહાગા સમાન થઇ પડ્યું. સમજ શક્તિ ઘણી તીવ્ર હતી; સ્હેજ ઇસારો થતાં કે એક જ શબ્દ શ્રવણે પડતાં વાતનું પૂરેપૂરૂં રહસ્ય તેઓ સમજી જતા.

જે જે મહાન્ પુરૂષો થઇ ગયા છે તે મોટે ભાગે બાલ્યાવસ્થામાં ગરીબ સ્થિતિ ભોગવનારા હતા એ સર્વ વિદિત છે. બીરબલ પણ તેમાં અપવાદ રૂપે ન હોતા, જેથી પ્રારબ્ધ અજમાવવા તેઓ ઘેરથી નીકળી પડ્યા અને આસ્તે આસ્તે દિલ્હી આવી પહોંચ્યા. આ વખતે મોગલ સમ્રાટ અકબરની જાહોજલાલીનો સૂર્ય મધ્યાન્હે તપતો હતો. કેટલાક દિવસ દિલ્હીમાં જેમ તેમ વિતાડી પોતાના બુદ્ધિબળે ઠેઠ સમ્રાટ સુધી પહોંચી ગયા.

કહ્યું છે કે,

मणि माणक मुक्ता छबि जैसी।
अहि गिरि गज शिर सोहन तैसी॥

ગુણીજનોની કદર ગુણ ગ્રાહકો પાસે જ થાય છે; જેમ બીરબલ ગુણધામ હતો તેમ અકબર પણ ગુણગ્રાહક હતો. અકબરના દરબારમાં દૂર દૂરથી જુદી જુદી કળાઓના જાણકાર આવતા અને તે તમામનો આદર થતો. તે વખતે સમગ્ર ભારતમાં જેવા ગુણી પુરૂષો શાહી દરબારમાં હતા તેવા અન્યસ્થળે ભાગ્યે જ હશે!

ધીરે ધીરે બીરબલની ચાહ વધતી ગઈ. પ્રથમ કવિની પદવી મળી બારબાદ બીર–બર (વીરવર, શ્રેષ્ટ પરાક્રમી)ની ઉપાધિ પ્રાપ્ત થઈ. બાદ રાજાનો ઇલ્કાબ મેળવવા પણ તેઓ ભાગ્યશાળી થયા. બીરબલની દક્ષતા ઉપર બાદશાહ ખૂબ પ્રસન્ન હતા. ઠેઠ દરબારથી રંગ મહેલ સુધી સર્વ સ્થળે વિના સંકોચે જવાની એમને છૂટ હતી. બાદશાહે કોઈ વાતનો પડદો રાખ્યો ન હોતો, કોઇ કોઇ વખતે પોતાના ખાનગી જનાનામાં બેગમો સાથેના નિવાસ વખતે પણ બોલાવતા. કોઈ રાજા મહારાજા પાસે રાજકારણી કાર્યમાટે કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિને મોકલવા જરૂર જણાતી, ત્યારે પોતાના પ્રતિનિધિ તરીકે બનતા સુધી બીરબલને જ મોકલતા. આવા પ્રસંગમાં બીરબલ પોતાની ચતુરાઇ, રાજસત્તા અને વાણીની મીઠાશથી ઇચ્છીત કાર્ય સિદ્ધ કરી આવતા. આજ્ઞા પત્રમાં પણ જ્યારે ઇલકાબ સહિત તેમનું પુરૂં નામ લખવાની જરૂર પડતી ત્યારે આઠ આઠ દશ–દશ પંક્તિઓ તેમની ફક્ત ઉપાધીઓથી જ ભરાઈ જતી.

મુલતાનના યુદ્ધમાં, બીરબલ અને હુસેન કુલીખાનને બાદશાહે મોકલ્યા હતા. ત્યાં બીરબલે પોતાનું પૂર્ણ શૌર્ય પ્રકાશ્યું. આમાં મીરજા ઇબ્રાહીમ નાસી ગયો અને તેના ભાઈ મસૌદને પકડી કેદ કરી બાદશાહ પાસે હાજર કર્યો. આથી બાદશાહે પ્રસન્ન થઈ, હુસેન કુલીખાનને 'ખાને જહાં', અને બીરબલને 'મુસાહિ બે દાનિશઅર' અર્થાત્ બુદ્ધિમાન અમાત્યની પદવી આપી,

સં. ૧૬૨૯ માં, મીરજા ઇબ્રાહીમના ભાઈ મહમદ હુસેન મીરજાએ ગુજરાતમાં બંડ કર્યું અને સુબેદાર અજમલખાનને અમદાવાદમાં ઘેરી લીધો, ત્યારે ખુદ બાદશાહ શત્રુસેનાથી લડતા લડતા નવ દિવસમાં અમદાવાદ આવી પહોંચ્યા. તે વખતે બીરબલ બાદશાહની સરદારી તળે સેનાપતિ તરીકે હતા. પોતાના પરાક્રમથી પ્રસ્તુત યુદ્ધમાં બાદશાહને ખૂબ પ્રસન્ન કર્યા.

સં. ૧૬૩૦ માં, ચોરાગઢના યુદ્ધમાં બાદશાહના ભાઇ જેનખાં સાથે બીરબલને સેનાપતિ બનાવી મોકલ્યા. ત્યાં પોતાની વાક્પટુતાથી ચોરા નરેષને સમજાવી યુદ્ધનો પ્રસંગ જ ટાળી દીધો અને સન્ધી કરી તેમાં ૨૦ લાલ અને માણેક તથા બીજા કેટલાક રત્નો ભેટ દાખલ લઇ સંપૂર્ણ યશ મેળવી આવ્યા.

સં. ૧૬૩૨ માં, નગરકોટના રાજા જયચંદ ઉપર બાદશાહનો કોપ ઉતર્યો, જેથી તેને કેદ કરાવી નગરકોટને કબજામાં લઇ બીરબલની જાગીર સાથે ભેળવી દેવા લાહોરના સુબા મીરજા કુલીખાનપર ફરમાન મોકલ્યું. હુકમનો અમલ થઇ ગયો પરંતુ ટુંક મુદતમાં જ બીરબલે કલીંજર આદિ પરગણા અવજીમાં લઇ નગરકોટને મુકત કર્યું. તે વર્ષમાં જ ડુંગરપુરના રાજાને ત્યાં જઇ કાર્ય સિદ્ધિ કરી આવ્યા અને મહાન્ યશભાગી બન્યા.

સં. ૧૬૪૨ માં અફઘાનિસ્તાનના કોઇ એક વિદ્રોહીએ ગુરૂ–ચેલાના રૂપમાં, પહાડોમાં ભ્રમણ કરી પહાડી અફઘાન લુંટારાઓને બાદશાહ વિરૂદ્ધ ઉશ્કેરવાનું કાર્ય આરંભ્યું. ગુરૂનું નામ 'પીરરોશનાઇ' રાખી ઇસ્લામી દીનનો ઝુંડો ઉભો કર્યો, જેની નીચે ઝનુની લોકોનું એક ગંજાવર ટોળું તૈયાર કર્યું અને શાહી મુલકમાં લૂંટ શરૂ કરી દીધી. આ ખબર બાદશાહને મળતાં તેને દબાવવા માટે, બાદશાહે જેનખાંને મોકલ્યો. પરંતુ પીરરોશનાઇના પહાડી ઝનુની ચેલાઓનું અસંખ્ય દળ જોઇ તેમની સાથે મુકાબલો કરવાની તેની હિંમત ચાલી નહિ; જેથી વધારાની મદદ માટે વિનતી કરાવી. રાજ્યભક્તિ દર્શાવવાનો આ અમૂલ્ય અવસર આવેલો જોઇ એક તરફ અબુલ

ફ્જલ ઉમેદવારી કરવા બહાર પડ્યા, ત્યારે બીજી બાજુ બીરબલે પણ ખાહેશ બતાવી. બાદશાહને બન્નેપર સંપૂર્ણ પ્રેમ અને વિશ્વાસ હતો, જેથી એકયને નારાજ કરવા ઇચ્છા ન હોતી. આથી પાસા ઉપર વાત નક્કી થઇ. ભાગ્યવશાત્ પાસા બીરબલના નામપર પડ્યા. બીજે દિવસે બીરબલના નામનું ફરમાન નિકળ્યું. ખાસાનું તોપખાનું તથા અબુલફતહ નામના બાદશાહના હકીમ અને સરદારને મદદમાં સાથે રવાના કરવામાં આવ્યા. જેનખાંને બાદશાહના દુધભાઇ હોવાનું અભિમાન હતું. ત્યારે અબુલફતહને પોતે બાદશાહના હકીમ હોવાથી પોતાના ધન્વન્તરીપણાનું અભિમાન હતું, તેમ જ બીરબલ તો બાદશાહની મુંછનો વાળ એટલે પછી કહેવાનું રહ્યુ જ શું? પરંતુ આ લાગવગનું પરિણામ ભયંકર આવ્યું; વિવાદથી ઇર્ષા વધી ગઇ અને વાર્તાએ કાંઇ જુદું જ રૂપ ધારણ કર્યું.

જેનખાં અને હકીમજીએ આગળ વધવાની ચોખ્ખી ના પાડી દીધી. પરંતુ રાજાજીએ તે વાતપર બીલકુલ લક્ષ ન આપ્યું. પ્રારંભમાં અફ્ઘાની વિદ્રોહીઓથી મુકાબલો થયો. દરેક ઝપાઝપીમાં વિજય મેળવતા મેળવતા બીરબલ આગળ વધવા લાગ્યા, પરંતુ પહાડોની બરાબર મધ્ય ખીણોમાં પહોંચ્યા ત્યારે છુપાઇ રહેલા પહાડી લશ્કરે ચારે બાજુથી ઘેરી લીધા. સવારથી સાંજ સુધી મહા ઘોર યુદ્ધ થયું. રક્તનો પ્રવાહ નદી રૂપે વહેવા લાગ્યો અને રાત્રિ સુધી પણ લડાઇનો અંત ન આવ્યો. રાત્રિ અંધારી હતી. સ્હેજસાજ નક્ષત્રોનો પ્રકાશ પણ પહાડોની ઉન્નત શિખરોએ રાકી રાખ્યો હતો, જેથી શત્રુ કે બીજા કોઇ ને કોઇ ઓળખી શકતું નહિ. તેમાં 'કાળમાં અધિક માસ'ની માફક બરફ પણ પૂર જોસમાં પડવા લાગ્યો. બાદશાહી સેના આખો દિવસ લડી લડીને થાકી ગઇ તથા અસહ્ય શરદીને લીધે હાલવા ચાલવા પણ અશક્ત થઇ ગઇ હતી. તે તકનો લાભ લઇને બરફના કીડા એવા અફ્ઘાનોએ પહાડો ઉપરથી ઉતરી એકદમ કતલ ચાલુ કરી દીધી. બહાદુર રાજા બીરબલે પણ કેસરીયાં કર્યાં; રણમત્ત બની એઓ ખુબ ઘુમ્યા, અનેક શત્રુઓનો સંહાર કર્યો; અડગ બહાદુરી બતાવી, લડતાં લડતાં આફ્ઘાની

દુનિયાનો ત્યાગ કરી, યશદેહને આ સંસારમાં રાખી જઈ વીરગતિને પામ્યા–સદાને માટે ચંદ્રલોકમાં સિધાવ્યા. (ઇલાહી અકબરશાહી સન ૩૦)

અંદર અંદરના કુસંપમાં બાદશાહના આઠ હજાર યોદ્ધાઓ રણ-મેદાનમાં સદાને માટે પોઢી ગયા. શાહની ગંજાવર સેના હારી ગઇ, કેટલાક લશ્કરીઓ અફઘાનોને હાથે કેદ પકડાયા. જેનખાં અને હકીમજી, પ્રાણ બચાવી ભાગ્યા તે સીધા અટકમાં આવી થોભ્યા.

જ્યારે સમ્રાટ અકબરના જાણવામાં, પ્રસ્તુત યુદ્ધના સમાચાર આવ્યા અને બીરબલ મરાયાનું જાણ્યું ત્યારે તેને બેહદ રંજ થયો. કહેવાય છે કે જીંદગીભરમાં બાદશાહને કયારે પણ આવો રંજ થયો નથી. બે દિવસને રાત્રિ ખાન-પાન છોડી દઇ એકાંતમાં બેસી રહ્યા. ત્રીજે દિવસે ખુદ મરીયમ બેગમે આવી સમજાવ્યા ત્યારે ખાણું લીધું. જેનખાં અને હકીમજીને દરબારમાં આવવાનો મનાઇ હુકમ નિકળ્યો. (જે પાછળથી ક્ષમા બક્ષી રદ કર્યો હતો) બીરબલની લાસ માટે બહુ તપાસ ચલાવી પણ મળી નહીં જેથી બાદશાહને બહુ દુઃખ લાગ્યું. વેરનો બદલો લેવા માટે રાજા ટોડરમલ અને માનસિંહજીને બીજી વખત મોકલ્યા. બીરબલના લોહીની કીંમત ઘણી મોંઘી અંકાઇ. બીંદુને બદલે નીકો વહેવડાવી. હાથ આવેલા અફઘાનોને તુર્કસ્તાનમાં લાવી ગુલામ તરીકે વહેંચી નાખ્યા.

બીરબલની પાછળ ઘણા કવિઓએ મરસીયા બનાવીને ગાયા છે. ખુદ બાદશાહે પણ મરસીયા બનાવ્યા છે, જેમાંથી બે દોહા નીચે આપ્યા છેઃ–

**दीन जानी सबदीन, एक दुरायो दुःसह दुःख;**
**सो अब मोको दीन, कछु न राख्यो बीरबर.** १
**पीथकसो मीजलस गइ, तानसेन सो राग;**
**हसवो रमवो खेलवो, लिख्यो बीरबर भाग.** २

તે અરસામાં બાદશાહે ગુજરાતના સુબેદાર ખાનખાનાનને એક ફરમાન લખ્યું હતું, જેમાં બીરબલના મૃત્યુપર હૃદયવિદારક શોક દર્શાવ્યો છે.

બાદશાહને પ્રસન્ન કરવા માટે પાછળથી અનેક જણુ બીરબલ બનવાની કોશીષ કરવા લાગ્યા; પરંતુ એક પણુ બાદશાહને સંતોષી શકયો નહિ.

અકબર બાદશાહના દરબારમાં તે સમયે બીજા અનેક કવિઓ હતા; જેવા કે–દામોદરદાસ, શ્રીકંથ, મહાકવિગંગ, તાનસેન, રામદાસ, નરહર, જગન્નાથ ઇત્યાદિ, અને તે દરેકનો આદર સત્કાર થતો; કેટલાકને જાગીરો પણ મળી હતી; પરંતુ રાજા બીરબલનો પ્રતાપ તો બીરબલ માટે જ હતો.

બીરબલને બે પુત્રો હતા જેમાં મોટાનું નામ લાલમણી હતું. તે દરબારમાં હાજર રહેતો, પરંતુ સ્વતંત્ર પ્રકૃતિનો અને નિવૃત્તિને ચાહનાર હોવાથી પિતાના મૃત્યુ બાદ પોતાની પદવીનું રાજીનામું દઇ સંસારી ઝગડાઓમાંથી નિવૃત્ત થઇ પ્રભુભજનમાં લાગી ગયો. નાનાનું નામ હરિરાય હતું. તે દિલ્હી દરબારમાં બહુ વખત રહ્યો. તેનું કાર્ય રાજા–મહારાજાઓને બાદશાહની મુલાકાત કરાવવાનું હતું. સંસારમાં મહાભાગ્યવાન મનુષ્યો બહુ થોડાં હોય છે. બીરબલ તે પૈકીનો એક હતો. બાદશાહે તેને પાંચ હજારી મનસદનું પદ આપી મોટા મોટા મહારાજાઓથી પણ અધિક ગૌરવશાળી બનાવ્યો હતો. તેનું વચન કયારે પણુ બાદશાહ પાસે વૃથા ગયું નથી.

એક વખત ઓડછાના રાજા ઇંદ્રજીતસિંહ ઉપર ગુસ્સે થઇ અકબરે એક કરોડ રૂપિઆ દંડ કર્યો હતો, જેથી ઇંદ્રજીતસિંહે પોતાના મહાન સમર્થ કવિ કેશવદાસજીને બીરબલની ખાનગી મુલાકાતે મોકલ્યો કે કોઇ પણ તજવીજથી દંડ માફ થઇ શકે તેવી પેરવી કરવામાં આવે. કેશવદાસ ભાષાકાવ્યના આચાર્ય ગણાય છે, કે જેણે કવિ–પ્રિયા, રસિક–પ્રિયા શ્રી રામચંદ્રચંદ્રિકા, વિજ્ઞાનગીતા આદિ મહાન ગ્રંથોની રચના કરી છે. તે સમર્થ કવિ કેશવદાસજીએ બીરબલની મુલાકાત લીધી. તે સમયે નીચે મુજબ બીરબલની પ્રશંસાસૂચક કવિત સંભળાવ્યું:–

## सवैया

पावक पक्षी पशु नग नाग नदी नद लोक रच्यो दशचारी;
केशव देव अदेव रच्यो नरदेव रच्यो रचना न निवारी;

**रची के नरनाह बली बरबीर भयो कृतकृत्य महाव्रतधारी;**
**दै करतापन आपन ताहि दियो करतार दोऊ करतारी;**

આથી પ્રસન્ન થઈ બીરબલે બાદશાહ પાસે વિનય કરી દંડ માફ કરાવ્યો.

સંવત્ ૧૬૩૯ માં, બાદશાહે, તેમને પોતાના મહેલની નજીકમાં જ ફત્તેપુર સીક્રીમાં એક ગંજાવર મહેલ બંધાવી આપ્યો. અને વાસ્તુ મુહૂર્તમાં પોતે ત્યાં પધારી સ્વહસ્તે ક્રિયા કરી બીરબલના માનમાં વૃદ્ધિ કરી હતી. બીરબલની ઉદારતાનાં વર્ણનો ઘણા કવિઓ કથી ગયા છે. મુસલમાન કવિઓએ પણ તેમનાં મુક્ત કંઠે ગુણગાન ગાયાં છે. ગંગે તેમની ખ્યાતિમાં ઘણાક છંદો બનાવ્યા છે. આ બધાનો વિસ્તાર વિસ્તારવાથી લેખ લંબાઈ જાય. કહેવાય છે કે બીરબલે એક છપ્પય–'ભ્રમરભ્રમત' સાંભળી એક જ સમયે એક લક્ષ રૂપિયા ગંગને આપેલા. પોતે અતિ ઠાઠમાઠથી રહેતા. તેમની ખાનગી કચેરી દિવસને રાત કવિ, ગવૈયા અને કળાબાજોથી ભરપુર રહેતી. ગંગકવિએ બીરબલની સભાનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે:–

## कवित

**मालती शकुंतलासी कोहे कामकंदलासी;**
**हाजिर हजार चारु नटी नौल नागरै.**
**ऐलफैल फिरत खवास खास आसपास;**
**चौवजकी चहक गुलाबनकी गागरै.**
**ऐसी मिजलस तेरी, देखी राजा बीरबर;**
**गंग कहै गुंगी ह्वैकै, रही है गिरागरै.**
**महि रह्यो मागधनि, गीत रह्यो ग्वालिलर**
**गोरा रह्यो गोर ना रह्यो अगर रह्यो आगे.**

બીરબલ પોતે કવિ હતા. સમસ્યા અને ઉપમાલંકારમાં તેમની કાવ્યની ખૂબ પ્રતિષ્ઠા છે.

જેમ કે–

**॥ उत्तम पद कवि गंगके, उपमामें बरबीर ॥**

હાજર જવાબી અને ચતુરાઇની વાર્તામાં, આખા ભારતમાં, બાળકથી વૃદ્ધ પર્યંતના સહુના હૃદયમાં આજે બીરબલ રમી રહ્યો છે. **બાદશાહ અને બીરબલ**ના નામથી અનેક વાર્તાનાં અનેક પુસ્તકો ભારતવર્ષની જુદી જુદી ભાષાઓમાં છપાય છે અને ગામોગામ અને ગલીએ ગલીએ વેચાય છે અને ઘેરઘેર વંચાય છે. જેથી તે વિશે કાંઈ પણ વિશેષ લખવાની જરૂર નથી. ફકત તેમના કાવ્યના થોડા નમુના આપી લેખ સમાપ્ત કરીશું.

બીરબલે નિજ રચિત કાવ્યમાં "બ્રહ્મ" અને પાછળથી "બીર" નામનો ઉપયોગ કર્યો છે.

## कवित

उछरि उछरि भेकी, झपटैं उरगपर;
उरगपे केकिन कै, लपटैं लहकिकै;
केकिनकी सुरति, हियेकी ना कछू है;
भये एकी करी के हरि न बोकतबेंहकि कै;
कहे कवि 'ब्रह्म' बारि, हैरत हरिनफिरैं;
बैहरि बहत बडे जोरसों जँहकिके;
तरनिके तावन तवासीभई भूमी रही;
दशहू दिशानीमें दँवरुसीदहकिकै. १

## सवैया

एक सने हरि घेनु चरावत बेनु बजावत ऐन रसालहि ।
दीठि परी मनमोहनकी व्रषुभान सुता उर मोतिन मालहि ।
सो छबी 'ब्रह्म' लपेटि हिये करसों कर लैकर कंजसनालहि ।
शंभु के शिश कुसुमकि मालमनो पहिरावत व्यालिनी व्यालहि । २
पूत कपूत, कुलछनि नार, लराक परोस, लजावन सारो, ।
बन्धु कुबुद्धि, पुरोहित लंपट, चाकर चोर, अतित धुतारो, ।
साहव सुम, अराकतुरंग, किसान कठोर, दिवान नकारो ।
'ब्रह्म' मने सुन शाह अकब्बर बारहौबांध समुद्रमें डारो । ३

सखी भोर उठी बिनुकचुकी कामिनि कान्हर तें करी केलि घनी।
कवि 'बीर' भने छवि देखतही कहि जात नहीं मुखते बरनी।
कुच अग्र नखच्छत कंत दयो, शिरनाम निहार लियो सजनी।
ससी सेखर के सिरसे सुमनोंनिहुरे ससिलेत कला अपनी। ४
एक समय ब्रषुभान सुता उठी प्रात गई सरितानके खोरन।
अंजन धोय अँगोछिकै देह लगि बाहर बैठिकै बार निचोरन।
'ब्रह्म' भने त्यहिकी उपमा जलके कणिका बहे केशके छोरन।
मानहुँ चंद्रको चूसत नाग अमीरस अेचल्यो पूंछकी ओरन। ६
एक समै ब्रषुभान सुता कर बीन बजावत ऐन रसालहिं।
मोहनको चलिचित्त गयौ तहाँ राधिकाजु गरे मोतिन मालहि।
सो छबि, ब्रह्म, लपेटतुहं कर सों कर लै करकंज सनालहि।
ईशके शीश कुसुमके पुंज मनो एहिरावत ब्यालिनी ब्यालहि।
केलि करै बिपरीतसमै हरि मंद भये घूँघरु सुर भूपर।
बेंदि जरायकी छूटी ललाट ते टूटि परी हर ते हरिजु पर।
'ब्रह्म' भने कबरी कर छोर बिराजत चंद्र ज्यु चंचलदूपर।
पूंछ पसारिमनो फणिराज ग्रुयो मणिकाज मयंकके ऊपर।

પહેલીકા (સમસ્યા)

## दोहा

कर बोलै करही सुनै, श्रवन सुनै नहिं ताहि।
कहें पहेली बीरबर, सुनिये अकबर साहि॥
मारो तो वरजी उठे, बीन मारे मर जाय।
कहे पहेली बीरबर, मुरदां आटा खाय॥

## उपदेश सवैया

पेटमें पोढके पोढे महीपर, पालनां पोढके बाल कहाये।
आईजबे तरुनाई त्रियासंग, सेजपें पोढके रंग मचाये॥
छीर समुद्र के पोढन हारकों, 'ब्रह्म' कबौ चितनें नहि ध्याये।
पोढत पोढत पोढनही सो चितापर पोढनके दिन आये॥

બીરબલનો રચેલો કોઇ સ્વતંત્ર ગ્રંથ જોવામાં આવતો નથી. પરંતુ છુટકળ કાવ્ય ઘણાં છે. એક વખત બાદશાહે બીરબલના પુત્રને પૂછ્યું કે, તમારા પિતા સાથે કેટલી રાણીઓ સતી થઈ ગઈ. તેના જવાબમાં તેણે કહ્યું કે, પૃથ્વિનાથ ! મારા પિતાને ચાર પટરાણીઓ હતી. તેમાંથી (૧) વીરતા, (૨) બુદ્ધિ, અને (૩) ઉદારતા એ ત્રણ તો સહગમન કરી ગઇ; અને ચોથી કીર્તિ રાણી જીવતી છે. આ જવાબ સાંભળી બાદશાહ બહુ પ્રસન્ન થયા અને બોલ્યા કે, એના જીવિત રહેવામાં જ આનંદ છે.

બીરબલનો સવિસ્તર ઇતિહાસ લખવાથી એક મોટો ગ્રન્થ બને તેમ છે. પરંતુ અહીં રૂપરેખા માત્ર દોરવામાં આવી છે.

——:o:——

## મહાકવિ–ગંગ.

(મળેલું)

હિન્દી સાહિત્યશ્રેણીમાં ચંદબરદાઇ, મહાત્મા સૂરદાસજી, મહાત્મા તુલસીદાસજી, ભૂષણભટ્ટ ઇત્યાદિને બાદ કરતાં બાકીનાઓમાં કવિવર–ગંગનું સ્થાન ઉચ્ચસ્થાને છે. આ મહાકવિનો જન્મ સંવત્ ૧૬૧૫ ના અરસામાં સીરોઇમાં થયો હતો અને તેનું પૂરૂં નામ ગંગાધર હતું. પરંતુ કવિતામાં ગંગ લખતા.

તેમણે ભક્તિરસ કાવ્ય બહુ ઓછાં લખ્યા છે, પરંતુ શૃંગાર અને વીરરસ કાવ્યને પૂર્ણ સૌંદર્યયુક્ત લખ્યા છે અને તેમાં અદ્વિતીય નામના મેળવી છે. બ્રહ્મભટ્ટ વંશભૂષણ શ્રીમાન્ ભૂષણ કવિએ, ગંગ કવિની કવિતાના આધારપર કવિતા બનાવી છે, છતાં પણ, ગંગ કરતાં, ભૂષણની વીરરસકાવ્ય ઘણી ઉત્કૃષ્ટ બની છે, તેમ જ ભૂષણની નામના પણ વિશેષ વધી છે એ તો નિઃસન્દેહ વાર્તા છે.

ગંગ કવિની કવિતાનો જેટલો સંગ્રહ છે, તે તમામ કોઈ પણ ગ્રંથમાં મળતો નથી; પરંતુ લોકોની જીહ્વા ઉપર વિશેષ છે. મોગલ સમ્રાટ શહેનશાહ અકબરે ઘણી જ ઉદારતાથી કવિનું સન્માન કરી, દરબારમાં મહાકવિની પદવી આપી લાખોનું ઇનામ તથા જાગીર આપવા ઉપરાંત દરબારના નવરત્નોમાં ગણના કરી હતી. ગંગની સત્યતા તથા નિર્ભયતા, કાવ્યના પ્રતિ વાક્યમાં તથા પદમાં ટપકે છે. કહેવાય છે કે, ભારતવર્ષમાં તેના સમયમાં તે સર્વોત્તમ કવિ હતા. એક ગ્રંથમાં લખ્યું છે કે, અકબરશાહના, ઉમરાવ મદારૂલ મુહામ અબ્દુર રહિમ ખાનાખાનાએ, ગંગનો એક જ છપ્પય સાંભળી ન્યાલાન્યાલ કરી દીધો હતો; તે છપ્પય આ નીચે આપવામાં આવે છે:

छप्पय:—

चकित भँवर रहिगयो, गमन नहिं करत कमल बन;
अहि फनि मनि नहिं लेत, तेज नहिं बहत पवनघन;
हंस मानसर तज्यौ, चक्र चक्री न मिले अति;
बहु सुन्दरि पदमिनी पुरुष, न चहै न करै रति;

खलमलितसेस कविगंगभनि, अमित तेज रवि रथ खस्यो;
खानानखान बैरम सुवन, जदिन क्रोध करि तंग कस्यो ॥ १ ॥

... ... ... ...

આ કવિની રચના ઘણી ગૌરવવાળી છે. પદ અતિ સુંદર અને મનોહર છે. સાધારણ પણ કહેવાય છે કે:—

उत्तम पद कवि गंगके, उपमा में बरबीर;
केशव अर्थ गंभीरता, सूर तीन गुणधीर ॥ २ ॥

નમુના દાખલ આ નીચે થોડીક કાવ્ય લખવામાં આવે છેઃ—

## धनाक्षरी—कवित्त

प्रबल प्रचंड बली बैरमके खानखाना,
तेरी धाक दीपन दिसान दह दहकी;
कहे कवि गंग तहां भारी सूरबीरन के,
उमंड अखंड दल प्रलै पौन लहकी;
मच्यौ घमसान तहां तोप तीर बान चलैं;
मंडि बलवान किरपान कोपि गहकी;
तुंड काटि मुंड काटि जो सन जिरह काटि,
नीमाजामाजीनकाटि जिमि भनिठहकी. ॥ ३ ॥

... ... ... ...

झुकन कृपान मैदानज्यों उदोत भान;
एक न तें एक मानो सुखमा जरदकी;
कहे कवि गंग तेरे बलकी बयारी लगे;
फूटी गज घराघनघरा ज्यौं सरदकी;
एतेमान सोनितकी नदीयां उमडि चली;
रही ना निसानी कहं महिमें गरदकी;
गौरी गह्यो गिरिपति, गनपति गह्यो गौरी;
गौरीपति गह्यो पूंछ लपकि बरदकी ॥ ४ ॥

... ... ... ...

फूट गये हीराकी बिकानी कनी हाट हाट;
  काहु घाट मौल काहु बाढ मोकको लयो;
टूट गई लंका फूट मिल्यो जो विभीषण है;
  रावण समेत बंश आसमानको गयो;
कहे कविगंग दुर्योधनसें छत्रधारी;
  तनक में फूटे ते गुमान वाको नै रयो;
फूटे तें नरद उठि जात बाजी चौसरकी,
  आपस के फूटे कहो कौनं कौनको भलो भयो ॥ ५ ॥

... ... ... ...

नवल नवाब खानखाना जू तिहारी त्रास;
  भागे देसपति धुनि सुनत निसानकी;
गंगकहे तिनहूँ की रानी राजधानी छाँडि;
  फिरैं बिललानी सुधि भूली खान पानकी;
तेऊ मिली करिन हरिन मृग बानरन;
  तिनँहु की भलीभई रच्छा तहाँ प्रानकी;
सचीजानी करिन भवानी जाति केहरिन;
  मृग न कलानिधि कपिन जानी जानकी. ॥ ६ ॥

... ... ... ...

राजे भाजे राज छोडि रन छोडि रजपूत,
  रौतौ छोडि राउत रनाइ छोडि रानाजू;
कहे कवि गंग हुक समुद्र के चहूँ कूल
  कियो न करें कबूल तिय खसमाना जू;
पश्चिम पुरतगाल, कासमीर अवताक;
  खकर को दस बाध्यो, भक्खर भगानाजू;
रूम साम कोम सोम, बळक बदाखसान,
  खेल फैल खुरासान खीझे खानखानाजू ॥ ७ ॥

# બીરબલનો હાસ્યભંડાર

—:o:—

આગલાં પાનાઓમાં, આ વાર્તાઓના મુખ્ય નાયકો શાહ અકબર, રાજ્યરત્ન કવિ બીરબલ, કવિરાજ ગંગ વગેરેનાં ટુકટુક જન્મવૃત્તાંતો, તેમના સાહિત્ય શોખ, તેમને લગતા કેટલાક ઐતિહાસિક બનાવો, વગેરે જાણી લીધા પછી હવે આપણે અકબર બીરબલ વચ્ચેની હાસ્યરસિક વાર્તાઓ આગળ ચલાવીશું:—

## તકદીર બડી કે તદબિર ?[1]

એકવાર બાદશાહની દરબારમાં ચાલેલી રસાકસી ભરેલી ઝુંબેશમાં બાદશાહે ભરદરબારમાં બીરબલને મોહોડે મારીમચડીને કબુલ કરાવવા માંગ્યું કે, 'નસીબ કરતાં ઉદ્યોગ સરસ' ખરો કે નહી? પણ બીરબલ એકનો બે થયો નહી, અને તે તો પોતાનો જ બોલ પકડી રહ્યો કે, જહાંપનાહ, ઉદ્યોગ કરતાં નસીબ જ સરસ છે. શાહે તેને ફરમાવ્યું કે આ તારૂં બોલવું સાબેત કરી આપ, અને જો નહી સાબેત થાય તો ફાંસીએ ચઢાવીશ. આટલી ધમકી છતાં બીરબલ લેશ પણ ડગમગ્યો નહી અને પોતાનાં કથનને જ વળગી રહ્યો, અને અંતે પણ તેણે છેક છેવટની ઘડીએ, એટલે ફાંસીને લાકડે લટકવાની તૈયારી વેળા પોતાનું એ કથન કેમ સાબેત કરી આપ્યું તેની દીલ પીગળાવનારી એક વાર્તા પેહેલા ભાગમાં આપવામાં આવેલી છે; અને તેની ટુક યાદ તે અહીં પણ આપવા ચુકયો નહી. ઘણોક વખત પસાર થયા પછી એક વાર પાછી એને એ જ ઝુંબેશ દરબારમાં જાગી, અને તે વેળા બીરબલે પોતાનું મૂળ વચન ફરી સાબેત કરી બનાવ્યું હતું.

એક પ્રસંગે શાહી દરબાર ખુબ ભરાઇ રહી છે, અમીર ઉમરાવો, નાના મોટા દરબારીઓ, અમલદારો વગેરે દબદબામાં પોતપોતાની જગાએ બીરાજી ગયા હતા, અને તે દિવસનો ઠાઠ એવો જણાતો હતો કે આજ કાંઈ નવા જુની ઝામશે ખરી. શાહને પધારવાને લગાર વાર હતી, તેટલાં તેની ગેરહાજરીનો લાભ લઇ દરબારમાં તરેહવાર ઘુસઘુસ

૧ આને જ મળતી એક વાત પહેલા ભાગમાં આપવામાં આવી છે.

ચાલી રહી. કોઈ કાંઇ, તો કોઇ કાંઇ ગપાટા સપાટા ચલાવતા. એમ ચાલે છે તેટલાં, શાહની સ્વારીની આમદ પોકરાઇ, એટલે દરબાર તમામ ચુપચાપ થઇ ગઇ, અને દરેક જણુ નામવર શાહને સલામી ભરવા તૈયાર થઈ ગયા. શાહ અકબર પણુ દરબારનો ઠાઠ જોઇ ખુશ થતો દરબારમાં આવી આસને બીરાજ્યો. ચુપચાપ થયે, ચોમેર નજર ફેંકાફેંકી ચાલી તો એકે એક દરબારી ત્યાં બીરાજમાન થયલા જણુાયા, પણુ દરબારનું નાક જોવામાં આવ્યું નહી. ચુપકીદી તોડી, શાહે સવાલ કર્યો, મારા સઘળા દરબારીઓ અહીં બીરાજી ગયા છે, પણુ રાજા બીરબલ દેખાતા નથી તેનું શું કારણુ? કારણુ, કોઇ જણાવી શકે તેમ ન હતું; એટલે અંતે શાહે, દરબારના ચોપદારને તાકીદ કરી કે, તુરત દોડી જઇ બીરબલને આ દરબાર ભરાવાની ખબર આપવી અને તેને બોલાવી લાવવો. તુરત જ બીરબલને તેડવા માણુસોની ગરબડ ચાલી રહી. માણુસો બીરબલને ત્યાં જઇ પોહોંચ્યા અને શાહનું ફરમાન કહી સંભળાવ્યું. બીરબલ કાંઇ પણુ બન્યું ન હોય તેમ, કપડાં સરખાં કરતો કરતો બોલ્યો, "ભાઇઓ તમે જઇને ખબર આપી દો કે હું આ પળે આવ્યો." એટલું બોલતાં બધા આવેલા માણુસોને વિદાય કરી દઈ આસ્તે રહીને બીરબલજી ઉઠ્યા; અને ધીમે પગલે દરબારમાં ચાલુ મુકયું. મકાન આવતાં સુધી તો ખાસ્સા ફસડ ફસડ ચાલ્યા, પણુ જ્યારે છેક નજદીક આવ્યા, ત્યારે જાણે શું જ ઉતાવળે દોડી આવ્યા હોય તેવી ધાંધલ કરી દરબારમાં પેઠા. દરેક મુસ્લીમોના પેટમાં આડાઅવળાં થાય કે આ મૂર્તિપૂજક હિંદુ આપણા મુસ્લીમોને કેમ સતાવે છે? પણુ કરે શું? બાદશાહ આગળ તેઓ નાચાર. બીરબલજી તો આવીને દરબારમાં સર્વને કુરનસ બજાવી, પોતાના આસને બેઠા. તુરત જ બાદશાહે પહેલો સવાલ એ કર્યો કે કેમ, "રાજા સાહેબ, આજ આટલું મોડું થવા પામ્યું?" બીરબલ કયાં કાચો હતો. તે ખોંખારી બોલ્યો, "જહાંપનાહ, આજ સૂર્ય એટલો ઝંખવાણો પ્રકાશે છે કે, દરબારમાં આવવાનો સમય જ સમજમાં નહી આવે; જ્યારે સીપાઇઓ આવ્યા ત્યારે જ મારી ખાત્રી થઈ કે દરબારમાં જવાનો સમય

થઇ ગયો છે, માટે દોડતો આવ્યો છું." બાદશાહે તેને આશ્વાસન આપી બેસવા કહ્યું. હવે શાહની જુબાન ઉપડી. તે દરબારીઓ તરફ ફરી બોલ્યો, આજ એવો સવાલ ઉઠાવો કે આપણને જ્ઞાન અને ગમ્મત બંને મળે. આ તે સવાલ શું? તે માટે બધા ઉંચા નીચા થઇ એક બીજાના મ્હોં જોવા લાગ્યા. તેટલામાં બાદશાહે જ સવાલ ઉઠાવ્યો, કે "તકદીર સરસ કે તદબિર" તે ઉપર વિવાદ ચલાવવો: અને તેમ કરી તેણે સઘળાઓને પોતપોતાના અભિપ્રાયો રજુ કરવા ફરમાશ કરી. તેમ કરતાં શાહે પોતે પેહેલો ગોળો ગબડાવ્યો કે મારા મત અને મારી માન્યતા પ્રમાણે તો તકદીર કરતાં તદબિરજ ઉત્તમ છે. દરબારીઓને તો આથી ઠીક ટેકો મળી ગયો, અને એકાએક સર્વજણુ તેને મળતા થઇ પોકારી ઉઠ્યા કે તકદીર કરતાં તદબિર જ ઉત્તમ છે. બીરબલજી; હેં હેં હેં કરી ખોંખાર મારી બધાથી જુદા પડતાં બોલ્યા, "ના સાહેબ, મારા વિચાર પ્રમાણે તદબિર કરતાં તકદીર જ સરસ છે, કેમકે તકદીર હોય તો જ તદબિર ફાવે છે. બધા એક તરફ અને એકલો બીરબલ એક તરફ; એટલે ખુબ ચકચાર ચાલી. આ જોઇ બાદશાહે બીરબલને ફરમાવ્યું કે, તારે આ તારૂં કથન સાબેત કરી આપવું પડશે. બીરબલ ગાંજ્યો જાય તેવો ન હતો, તે જાણતો જ હતો કે એ જ પરિણામ આવશે, એટલે તે તો તૈયાર જ હતો; એટલે પોકારી ઉઠ્યો, "બંદેનવાજ, ચંદ્રરોજમાં હું એ પુરવાર કરી આપીશ." એ પછી બાજી ત્રીજી વાર્તાઓ ચાલી, કેટલાક ન્યાય ચુકવાયા, અને દરબાર બરખાસ્ત થઇ.

---

## તકદીર સરસની પુરવારી.

દરબાર બરખાસ્ત થતાંની સાથે શાહ, બીરબલને જોડે લઇ શિકારે ગયા. ફરતાં ફરતાં જંગલમાં લાંબે નિકળી ગયા. બંને જણા ઘણો લાંબો વખત થયો નિકળેલા હોવાથી ભૂખ્યા ડાંસ થઇ ગયા હતા. બીરબલ તો ગુપચુપ જ રહ્યો, પણ બાદશાહને તો કડાકડીથી લેશ પણ જંપ વળે નહીં. બીરબલ તો એક ગુફામાં પલાંઠી વાળીને બેસી ગયો, પણ બાદશાહે તો આણીગમ પેલી-

ગમ કંઇક પણ ખાવાનું મળે તો તે શોધવા માંડ્યું. આમ તેમ ફરતાં ફરતાં સંયોગવશાત્ પક્વાન ભરેલું એક હાંડલું તેના દીઠામાં આવ્યું, તે ઉપાડી લઇ તે જાણે પોતે પોતાની બાજીમાં કેવોક જીત્યો હોય તેમ બોલવા લાગ્યો, "આહાહા, જો હું પણ પેલા મૂર્ખા બીરબલની પેઠે એક ઠેકાણે પલાંઠી વાળીને બેસી રહ્યો હોત તો આવું મિષ્ટાન્ન ક્યાંથી મળવાનું હતું?" આમ મલકાતો તે, બીરબલ જ્યાં બેઠો હતો ત્યાં આવ્યો, અને પ્રથમ તો બંને પોતાની ભૂખ ભાંગી, સ્વસ્થ થઇ બેઠા; એટલે જાણે કેવોક વાઘ માર્યો હોય તેમ બીરબલને બાદશાહ કહેવા લાગ્યો, "કેમ કવિરાજ, જો તમારા કહેવા ઉપર ઇતબાર રાખી બેસી રહ્યા હોત તો આ જંગલમાં આપણી ભૂખ કેમ ભાગતે, માટે હવે કબુલ થઇ જાવ કે "તદબિર" એજ બડી ચીજ છે." બીરબલ તો બાદશાહનું આ બોલવું સાંભળીને જાણે સમજી જ ગયો હોય કે તે મારે મોહોડે બોલાવવા આવશે ખરો, તેથી સામો હસીને બોલ્યો: "નામવર આપે તો ઉદ્યમ કર્યો; પણ મેં શો ઉદ્યમ કર્યો? જો તકદીર બળવાન છે તો આપે શોધ કરી આણી મને ઘેર બેઠાં મિષ્ટાન જમાડી આનંદ આપ્યો છે. માટેજ કહું છું કે મારી માન્યતા, અને મારૂં આપેલું પ્રમાણ જ ખરૂં છે કે, તદબિર કરતાં તકદીર જ ઉત્તમ છે." બાદશાહ આ સાંભળી ખુશ થઈ ગયો.

બાદશાહને ખુશ થયલો જોઇ બીરબલે એક વધુ લપડાક પોતાની કળાથી લગાવી. તેણે નમનતાઇ ભરેલા શબ્દોમાં કહ્યું, "જહાંપનાહ, આવો જ બનાવ આગળ એક વાર બની ગયલો આપને યાદ હશે, જે વેળાએ આપે મારા બોલેલા શબ્દોની કસોટી કરવાને આંગળીમાંથી વિંટી કહાડી સમુદ્રમાં ફેંકી તે મેળવી આપવાને મને તાકીદ કરી હતી. તે માટે મેં મુદત માંગી અને તમો નામદારે મને આપી ખરી. પણ એવી શરતે કે મુદતમાં વિંટી ન મળે તો મને ફાંસીએ લટકાવવો. કમનસીબે મુદત દરમ્યાન વિંટી મારે હાથ નહી લાગી, એટલે મને શૂળિએ ચઢાવવા સઘળી તૈયારી કરવામાં આવી. સેવક તો શૂળિએ ચઢવા તૈયાર જ થઈ રહ્યો હતો. બધી તૈયારીઓ કરવામાં આવી અને મને ફાંસીને લાકડે લટકાવી દેવા લઇ જવામાં આવ્યો, તેટલાં જ

એક ફકીર આવી ચઢયો; અને મને ફરમાશ કરી કે 'મરતી વેળાએ મારી એક ખાહેશ પુરી કર. મને મોટી તાજી મચ્છી ખાવાનો શોખ છે તે તારે હાથે મંગાવી કાપી, મને રાંધી ખવાડ. મેં તેની ક્ષમા માંગી કે હું જાતે બ્રાહ્મણ તે તારી માંગણી કેમ કરી અમલમાં મુકું ! તેણે ઘણી આજીજી કરી કે હવે છેલ્લી ઘડીએ મારી આટલી માંગણી સ્વીકાર, તારૂં ભલું થશે. આ ઉપરથી મેં માછીઓને બોલાવી એક મચ્છી મંગાવી. છરી મંગાવી ને મચ્છી મેં જેમ તેમ કાપવા માંડી તો, મચ્છીના પેટમાંથી તમારી વિંટી મારે હાથ લાગી. તે ધોઇ ધાઇ બધું પડતું નાખી તમો નામવર, જે મેહેલના ઝરૂખામાંથી બધો મામલો જોતા હતા, ત્યાં દોડી પોહોંચ્યો અને આપની વિંટી રજુ કરી. આપને સ્મરણ તો હશે જ કે આપે તે તપાસી ઓળખી અને બધી હકીકત પૂછી જે, સવિસ્તર મેં તમો નામદારને કહી સંભળાવી, અને કબુલ કરાવ્યું કે, ઉદ્યોગ કરતાં તકદીર બળવાન છે. આપે તે વગર આંચકીએ સ્વીકાર્યું, અને મને શૂળિએથી જીવતદાન બક્ષ્યું. માંચડા તરફ જઇને જોતાં તો પેલો ફકીર કોઇ ત્યાં હતો જ નહી. અને જે સર્વ લોકો ત્યાં મને શૂળિએ ચઢતો જોવાને શોકાતુર ચેહેરે ઉભા હતા તે બધા, મારા છુટકારાનો હોકમ સાંભળી ખુશ થઇ ઘેરે ચાલ્યા ગયા. આટલું બોલી બીરબલ બોલ્યો: કેમ, ખુદાવિંદ આપને એ બધું સાંભરે છે કે કેમ ? શાહને પણ તે બનાવ યાદ આવ્યો, અને એક વાર ફરીથી બીરબલની ફતેહ પોકારી તેને શિરપાવ આપી વિદાય કર્યો.

---

## દરબારીઓની અક્કલની કસોટી !

બાદશાહ અકબરને કોઈ કોઈ વેળા ગમ્મતને ખાતર, દરબારીઓની અક્કલની કસોટી કરવાનો બહુ માહાવરો પડી ગયો હતો. તે મુજબ એક દિવસે ભરદરબારમાં તેણે પ્રશ્ન પૂછ્યો કે:

(૧) "સત્તાવીશમાંથી નવ જાય તો કેટલા રહે ?"

બધાઓએ જેમ ફાવે તેમ જવાબ આપ્યા. કોઇએ હિસાબ આંગળાં ઉપર ગણીને 'અરાઢ' એવો જવાબ આપ્યો, કોઇએ કાંઇ વળી

પોતાની અકલ ચલાવી ગમે તેમ ગાબડાંઓ માર્યાં. બીરબલ ગુપચુપ ખુણામાં પોતાની જગાએ બેઠો હતો. તેને સંબોધીને બાદશાહે પૂછ્યું, કેમ બીરબલ, તું મારા સવાલનો જવાબ આપતો નથી? બીરબલ બોલ્યો; "હા, ખુદાવિંદ, હું કહું છું કે સત્તાવીશમાંથી નવ જતાં ધુળ રહે છે." આ જવાબ સાંભળી દરેક દરબારીઓ વિસ્મય પામ્યા અને એકબીજાનાં મોઢાં જોવા લાગ્યા. શાહે પાછું પૂછ્યું કે, મારા બુદ્ધિશાળી દીવાન, તારા જવાબનો ખુલાસો સમજાવ. બીરબલે કહ્યું કે, "જહાંપનાહ, સત્તાવીશ નક્ષત્રોમાંથી નવ નક્ષત્ર વર્ષાદ સાથે સંબંધ ધરાવે છે; પણ જો તે નવે નક્ષત્રો વર્ષાદ વગર ખાલી જાય તો પછી ધાન્યના પાકની શી આશા રાખવી? માટે જહાંપનાહ, જો તે નવ ખાલી જાય તો બાકી પછી ધુળ નહી રહે તો બીજું શું રહે?" આ ગર્ભિત પ્રશ્ન અને તેનો ઉત્તર સાંભળી દરેક જણ બહુ વિસ્મય પામ્યા.

---

## (૨) જલદી જાકે બુલા લાવ

એક વખતે શાહે સઘળા ખીદમતગારોને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, "જલદી જાકે બોલાવી લાવ." પણ કોને બોલાવવો તે તો તે બોલ્યો જ નહી. એટલે દરેક જણ વિચારમાં પડ્યા કે કોણને બોલાવી લાવવો. કોઈ કાંઈ વિચાર આપે, તો કોઈ બીજું જ અનુમાન બાંધે, અને બધાએ આમતેમ દોડાદોડી કરી મુકી. બીરબલે તેઓની ધમચકરી જોઈ તેઓને પૂછ્યું કે, બાપુડિઆઓ આ શું ગરબડ તમોએ મચાવી મુકી છે? તે સાંભળી એકે કહ્યું કે નામવર શાહે હોકમ કીધો છે કે "જલદી જાકે બુલા લાવ," પણ કોણને બોલાવી લાવવો? માટે આપ જો કાંઈ તોડ-ઇલાજ બતાવો તો મોટો ઉપકાર. આવી વાણી સાંભળી, દયાળુ બીરબલે પૂછ્યું કે, જ્યારે તમને આ હુકમ આપ્યો, ત્યારે બાદશાહ શું કરતા હતા? તેના ઉત્તરમાં ખીદમતગારોએ કહ્યું કે, તે વેળા તે નામવર મોંહ ધોઈ ઉભા હતા. બીરબલે કહ્યું કે, જાઓ ત્યારે હજામને બોલાવી લાવો. એટલું બોલી બીરબલ તો ચાલી ગયો. બીરબલના કહેવા મુજબ ખીદમતગારોએ હજામને બોલાવી બાદશાહની હજુરમાં ખડો કીધો. હજામને જોતાં જ બાદશાહ વિસ્મય પામી બોલ્યો કે, આ

કામ તમારૂં નથી, કોઈ બુદ્ધિમાનકા કામ હયે? માટે બધા જણા સાચું બોલો કે એ રસ્તા તુમ લોકકુ કીને બતાયા? બધાઓએ હાથબક્ષ કરી જવાબ આપ્યો, "નામવર, એ રસ્તા હમકુ બીરબલજીને બતાયા." તે જાણી બાદશાહ બીરબલની તર્કબુદ્ધિની આફ્રિન કરવા લાગ્યો.

---

## (૩) પાપનો પ્રકાશ

શેહેરમાં રહેતા એક ધનવાનના ઘરમાં ચોરી થઈ, પણ ગમે તે શોધ કરતાં તેનો પત્તો મલે નહી. ધનવાને બીરબલ આગળ ફરિયાદ કરી. બીરબલજીએ પણ ઘણું ભેજું કર્યું પણ કશો પતો લાગે નહી. તે ઘરના ચાર નોકરો હતા તેઓ ઉપર શક હતો, પણ તેમના પાસેથી કશો મુદ્દો હાથ લાગે નહી. અંતે બીરબલે એક યુક્તિ કીધી. એક લાંબી લાકડી મંગાવી તેના ચાર સરખા ટુકડા કીધા અને તેમાંની એકેક પેલા ચારેને સોંપી ફરમાવ્યું કે, બીજે દિવસે તે લઇને તેઓએ મારી હજુર આવવું; એટલે તે લાકડી જોઇ માત્ર મારા ઇલ્મથી હું ચોરને પકડીશ. આ ઇલમ એવો છે કે જે ચોર હશે તેના પાસેની લાકડી આપમેળે ચાર આંગળ લાંબી થઇ જશે. આમ કહી ચારે જણને રવાના કરી દીધા. હવે જેણે ચોરી કરી હતી તેના મનમાં ડર લાગ્યો, તેથી તેણે ઘરે જઇને પોતાની લાકડી ચાર આંગળ અગાઉથી ટુંકી કરી નાખી કે જેથી તે વધે તોપણ પેલી બીજા બધાઓની બરાબર જ થાય. બીજે દિવસે ચારે જણ પોતપોતાની લાકડી લઇ બીરબલ પાસે હાજર થયા. પોતાનાં પાપને છુપાવવાને તેણે આ કામ કીધું પણ તેથી તે કેવો સપાટામાં આવી ગયો તે સમજી શકયો નહી. ચારે જણ પાસેથી લાકડી લઇ બીરબલે એક પછી એક માપી જોઇ તો ચાર આંગળ ઓછી લાકડી હાથમાં આવતાં જ તે લાકડીવાળાને એકાંતમાં લઇ જવામાં આવ્યો. ત્યાં તેને ખુબ ધમકી આપી, માર મારવાની તૈયારી કીધી; તો તુરત તેણે ચોરી કીધેલી માની અને ચોરેલો માલ લાવી હાજર કીધો. તે માલ તેના માલેકને સોંપી, પેલા ચોરને ઘટતી સજા કીધી.

---

## (૪) દિલ્લીમાં કાગડા કેટલા હશે ?

એક સમયે બાદશાહના માથામાં ચટપટી થઈ ને દરબારમાં સવાલ કહાડ્યો કે, "આપણા શેહેરમાં કુલ કાગડા કેટલા હશે ?" દરેક જણ ડુમ દબાવીને ગુંગળાઇને ગંગેટાઇને મુંગા થઇ ગયા. છેવટે બીરબલની જવાબ આપવાની વારી આવી. પણ જેનું નામ બીરબલ તે ગાંજ્યો જાય. તેણે કહ્યું કે, "નામવર આપણા નગરમાં સાહાઠ હજાર પાંચસો ને બાવન કાગડા છે." આ જવાબ સાંભળી તમામ દરબાર છક્ક થઇ ગઇ. બાદશાહે પુછ્યું કે, કદાચ એથી ઓછા વધુ હોય તો ? બીરબલે કહ્યું કે, "સરકાર, મારી ગણતરીથી ઓછા થાય તો સમજવું કે તેટલા કાગડા પોતાના ઓળખીતા પાળખીતાઓને મળવા ભેટવા ગયા હશે, અને વધારે થાય તો જાણવું કે તેટલા બાહારથી આપણા નગરવાસીઓની મુલાકાતે આવેલા હશે. બીરબલની આ હાજરજવાબી જાણી બાદશાહ ખુશી થયો.

---

## (૫) જેટલા તમારી દાઢીના વાળ તેટલા મારી કોમલાંગીના હાથમાં કંકણ !

એક દિવસે બાદશાહે બીરબલનું પારખું જોવા બીરબલને પ્રશ્ન કર્યો કે, "બોલ બીરબલ, તારી કોમલાંગીના હાથમાં કેટલાં કંકણ છે ?" બીરબલે ધૈર્ય ધારી ઉત્તર આપ્યો કે, "જનાબ મારી મનોરમાના હાથ ઉપર મારી કોઇ જ દિવસ નજર પડે છે અને તે પણ ઘડી ચપકો જ. તો પણ ખાતરીથી કહું છું કે, જે જગાએ આપ નામવરની વારંવાર નજર પડે છે, તેમ જ આખો દિવસ આપ નામવરનો હાથ સેંકડો વખત ફર્યા કરે છે તે દાઢીના જેટલા કેશ છે તેટલા મારી સ્ત્રીના હાથ ઉપર કંકણ છે. માટે દાઢીના બાલ ગણી લ્યો એટલે કંકણની પણ ગણત્રી થઇ ગઇ સમજવી." બીરબલનો આવો ઉત્તર સાંભળી બાદશાહ ચુપ થઇ ગયો.

---

## (૬) બીરબલનો દુધભાઇ

એક સમયે દરબારમાં બાદશાહે બીરબલને કહ્યું કે, "બીરબલ, મારે મારા દુધભાઇને એક નાનું રાજ્ય આપવાનો વિચાર છે તો તેનો કારભાર ચલાવવાને એક નાનો અમલદાર જોઇએ છે, તો તારો દુધભાઇ હોય તેને લઇ આવ." બીરબલે જવાબ આપ્યો; બોત અચ્છા સાહેબ. બેચાર દિવસમાં તેને લાવીશ. બે ચાર દિવસ ગયા પછી બીરબલ એક નાના વાછરડાને શણુગારી ગળામાં રેશમી દોરી બાંધી તેને દરબારમાં ખેંચી લાવ્યો. તે જોઇ બાદશાહ વિસ્મય પામી પૂછવા લાગ્યો કે, "બીરબલ આ શું ઢોંગ મચાવ્યો છે?" બીરબલે, જવાબ દીધો, "ખુદાવિંદ, આપે મારા દુધભાઇને બોલાવ્યો હતો તેને હું લઇ આવ્યો છું." શાહે પૂછ્યું; એ તારો દુધભાઇ શી રીતે થાય? બીરબલે કહ્યું કે "જનાબ, એમની માનું હું દુધ પીતો હતો એટલે એ મારો દુધભાઇ થાય. આ ગુહ્યાર્થવાળો ઉત્તર સાંભળી બાદશાહ મનમાં આનંદ પામી ચુપ થઇ ગયો.

---

## (૭) માતુશ્રીનું મરણુ અને પુત્રનો જન્મ એક જ દિવસે

શાહની માતુશ્રી એક દિવસે મરણ પામી, અને તે જ દિવસે કર્મસંજોગે શાહની હુરમે કુંવરને જન્મ આપ્યો. બન્ને ખબર શેહેરમાં ફેલાઇ; પણ લોકો ગુંચવણમાં પડ્યા કે રડવું કે હસવું. રાજમાતાનો શોક કરવો કે કુંવરના જન્મનો હર્ષ પ્રદર્શિત કરવો? એ બંને જોડે કેમ બને? ત્યારે કરવું શું? બધા ભેગા થઇ એનો તોડ મેળવવા બીરબલ પાસે ગયા. પ્રજાજનોની ગુંચાયલી સ્થિતિ જોઈ બીરબલ પણ મુંઝાયો, છતાં એ વાતનો તોડ કાહાડી આપવામાં તે પાછળ પડ્યો નહી. તેણે બધાને સમજાવ્યું કે તમે બધા જણા ભેગા થઇ દરબારમાં જાઓ, અને જે વખતે શાહની નજર તમારા ઉપર પડે તેવા જ તમે બધા માથાં ઉઘાડાં કરી ઉભા રહેજો. જો તમોને જોઇને શાહ હસે તો તમો પણ હસજો અને રડવા માંડે તો તમે પણ રડવા માંડજો. આ યુક્તિ તેમને ઠીક લાગી અને બધા વિદાય થયા. ત્યાંથી બધા ભેગા થઇ બીરબલના સંકેત પ્રમાણે બોડે માથે દરબારમાં ગયા.

જેવી શાહની નજર તેમના ઉપર પડી કે પ્રજાજનોનો વિચિત્ર દેખાવ જોઇ શાહને ખુબ હસવુ આવ્યું. શાહને હસતો જોઇ બધા નગરજનો પણ ખુબ હસવા પડ્યા. પાછળથી શાહને ખબર પડી કે આ યુકિત બીરબલની છે, ત્યારે તેણે તેની બુદ્ધિને ધન્યવાદ આપ્યો.

---

## (૮) જંપ વગર કોણ જીવે છે?

એક વેળાએ શાહે આખી દરબારને સવાલ કીધો કે, એવી કોઇ ચીજ કે મનુષ્ય પ્રાણી છે કે જેને કોઇ કાળે પણ વીસામો લેવાનો વખત આવતો જ નથી? કોઇ સચોટ જવાબ આપી શકયું નહી. ફરતે ફરતે બીરબલ તરફ શાહની દૃષ્ટિ દોડી કેમકે તેણે જાણ્યું કે એ જ મારો ચતુર હાજરજવાબી મને ખરો ઉત્તર દેશે. એમ માની તેણે પૂછ્યું, કેમ બીરબલ તું પણ ચુપ થઇ બેઠો છે? મારા પ્રશ્નનો ઉત્તર આપતો નથી. બીરબલ શાહનું આ બોલવું સાંભળી ખોંખાર મારી બોલ્યો, 'ખુદાવિંદ શાહુકારનું વ્યાજ! કે જેને ઘડીની પણ ફુરસદ નહી મળતાં રાતને દિવસ વધ્યા જ કરે છે.' આ સાંભળી શાહ બહુ ખુશ થયો.

---

## (૯) સ્વર્ગનો સાથી કોણ? અને નર્કનો નાથ કોણ?

એક સમયે શાહે બીરબલને સવાલ કીધો કે, "પ્રિય બીરબલ, મારા મનમાં ઘોળાયા કરે છે કે, આ બધા મરી જાય છે તેમાંથી સ્વર્ગે કોણ જતા હશે અને નર્કે કોણ જતા હશે? માટે તું તારી ચતુરાઇ વાપરી મને ખુલાસો કરી સંતોષ આપ." બીરબલ બોલ્યો, નામવર, જે માણસના મુઆ પાછળ, લોકો વાહવાહ કહે તે સ્વર્ગમાં ગયો એમ સમજવું, અને જેના મુઆ પાછળ લોકો નિંદા કરી વગોવે તો તે નર્કે ગયો એમ સમજવું. આ જવાબ સાંભળી શાહ ખુશ ખુશ થયો.

---

## (૧૦) કયો કાળ ઉત્તમ?

એક દિવસે દરબાર ખલાસ થવાને સમયે, શાહે બધાને બોલાવી સવાલ કહાડ્યો કે, વર્ષના ત્રણ મોટા કાળ છે, શિયાળો, ઉનાળો અને ચોમાસું. એમાં કયો કાળ ઉત્તમ ગણાય? કોઇએ, શિયાળાને, કોઇએ ઉનાળાને, અને કોઇએ ચોમાસાને ઉત્તમ કહ્યો; પણ શાહને

તે ખુલાસા રૂચ્યા નહી. તેણે જાણ્યું કે બીરબલ સિવાય આનો જવાબ કોઇ સચોટ આપવાનું નહી. તેથી તેણે બીરબલને એ સવાલ કીધો. બીરબલે જવાબ દીધો કે, સર્વથી ઉત્તમ વર્ષાકાળ છે, હું તેને જ પસંદ કરૂં છું, કેમકે તેનાથી ધાન્ય પાકી, રાજા તથા રંકને બધાને સુખદાયક થઇ પડે છે. માત્ર વર્ષાકાળ સિવાય બીજો સરસ કાળ છે જ નહી. આ જવાબ સાંભળી શાહે બીરબલને ઇનામ આપ્યું.

## (૧૧) ગુરૂ સરસ કે ચેલા સરસ?

એક વેળાએ શાહે બીરબલને પૂછ્યું કે બીરબલ, આવી હાજરજવાબી તને કોણે શીખાડી? કોઇ તમારો ગુરૂ છે ખરો કે? બીરબલે કહ્યું, હા નામવર, મથુરાના એક મશહુર ચોબાજીએ મને શીખાવ્યું છે. શાહે કહ્યું, કોઇ દિવસે તમે તેને મારા જોડે મેલાપ કરાવશો? બીરબલે તેમ કરવા ખુશી સાથે માથે લીધું. દરમ્યાન, એક ચોબાજીને બીરબલ પોતાને ઘેર લઇ ગયો, અને તેમની ઘણી આગતા સ્વાગતા કરી મેવા મિષ્ટાન્નથી તૃપ્ત કરી તેમને દરબારમાં લઇ જવા સમજાવ્યા. ચોબાજી પણ તૈયાર થયા. બીજે દિવસે બીરબલે શાહને ખબર કીધી કે પેલા ચોબાજી, આપ નામદારની મુલાકાત લેવા તૈયાર છે. શાહે હા પાડવાથી બીરબલ બીજી વખતે તેમને લઇને દરબારમાં ગયો, અને ચોબાજીને શાહની હજુરમાં ખડા કીધા. શાહે તેમને આશ્વાસન આપી બેસાડ્યા, અને પછી આડી અવળી કેટલીક વાતોના તડાકાફડાકા લગાવી, ઘડીકની રમુજને ખાતર શાહે પૂછ્યું, "ચોબાજી, આપ દરરોજ કયા ખાતે હો?" ચોબાજીએ કહ્યું, "હજુર, હમ તો લડ્ડુ ખાતા હયે." ચોબાજી પામી ગયા કે શાહે મારૂં પાણી જોવા આ સવાલ કીધો છે. બન્યું પણ તેમ જ. શાહે તુરત બીજો પ્રશ્ન કીધો, "જી, લડ્ડુ તો ભડવા લોક ખાતે હૈં." આ મશ્કરીવાળું વાક્ય સાંભળી, ચોબાજીએ પણ શાહને તેવા જ તોરમાં ઉત્તર આપ્યો કે, "હજુર, આપ સચ કહેતે હો, ભડવે હોતે હૈ સોહી હમારી પાસ બેઠકે બાતોં કરતે હએ!" આ તાણા ભરેલો જવાબ સાંભળી શાહ તો ચુપચાપ જ થઇ ગયો.

## (૧૨) ગયો રે ગયો, ગધેડીનો છેક હાથથી ગયો!

એક વેળાએ શાહે બીરબલને કહ્યું કે, જો તું મને આ રાજમેહેલની નીસરણીમાં છેલ્લે પગથીએ ચઢતાં સુધીમાં હસાવે તો હું તને એક ફાંકડો ઘોડો બક્ષીસ આપું. એટલું બોલી શાહ સીડી ચઢવા મંડ્યો. બીરબલે તેને હસાવવાને ઘણીક યુક્તિઓ કરી પણ શાહ તો હસ્યો નહી. જ્યારે છેક ઉપર ચઢવાની તૈયારીમાં હતો ત્યારે બીરબલ બોલ્યો કે, "ગયો રે ગયો ગધેડીનો છેક હાથથી ગયો." આ સાંભળી શાહ તો લાલ પીળો થઈ ગયો અને ઉપર નહી ચઢતાં પાછો નીચે ઉતરી ડોળા કકડાવી બીરબલને કહ્યું કે, "મૂર્ખા, મને શા માટે ખ્યાલમાં લપેટીને ગાળ ભાંડી?" બીરબલે હાવકેપણે ઉત્તર આપ્યો, નારે સાહેબ, મારી શું વિસાત કે હું તમો નામવરને ગાળ દઈ શકું? આપ જ્યારે છેક છેલ્લે પગથીએ ચઢ્યા ત્યારે મને ખેદ થયો કે હું મારી સરત પુરી કરી શક્યો નથી, તેમજ આપ મને ઘોડાનું ઇનામ આપવાના નથી, અને તેથી નીરાશ થઇ હું બોલ્યો કે "ગયો રે ગયો ગધેડીનો છેક હાથથી ગયો" એમ કહ્યું, પણ તે આપને માટે કહ્યું નથી, માટે આપ નામવર કાંઇ માથે વહોરી લેશો નહી. શાહે જોયું કે, મને આટલે નીચે ઉતારવાની અને સાથે હસાવવાની યુક્તિ તો કમબખ્તે ઠીક રચી છે, અને તે જોઈ શાહની રીસ ઉતરી ગઈ અને સામો હસવા લાગ્યો. એટલે તે જોઈ બીરબલે માંગણી કીધી કે આપ નામદાર હસ્યા ખરા, માટે મને આપવા કબુલેલો ઘોડો ઝટ આપી દેવો. આ સાંભળી શાહે તરત ઘોડાનું ઇનામ આપી દીધું, અને બીરબલની તદબિરની તારીફ કરી.

---

## (૧૩) જેનામાં ઉત્તમ ગુણ હોય તે ગમે એવો નાનો છતાં મોટો ગણાય!

એક સમયે દરબારીઓને શાહે સવાલ કીધો કે સૌથી મોટું પાન કઈ વનસ્પતિનું કહેવાય? સૌએ પોતપોતાની બુદ્ધિમાં આવે તેવું અડાવ્યું. કોઇયે કહ્યું કે, કેળનું પાન સર્વથી મોટું. કોઈ બોલ્યો કે કમળનું પાન મોટું છે, એમ દરેકે પોતપોતાની નજરમાં આવે

તેવા ગોળા ગબડાવ્યા. બીરબલભાઇ એક ખુણામાં બેઠા બેઠા, મૂછ્યાં મરોડતા હતા, તેઓની વારી આવી. એટલે તેઓ ખોંખાર મારી બોલ્યા, નામવર, સૌથી મોટામાં મોટું પાન નાગર વેલનું ગણાય, કેમકે તે છેક રાજાના મુખ સુધી પહોંચે છે; બીજાં પાન કદાચ આકાર અને કદમાં મોટાં છે, પણ ગુણમાં મોટાં નથી. આ જવાબ સાંભળી દરેક દરબારીઓ બીરબલીઆની તર્કબુદ્ધિનાં વખાણ કરવા લાગ્યા અને શાહે પણ તેનો જવાબ બાહાલ રાખ્યો.

---

## (૧૪) નિમકહલાલ કોણ? કુતરૂં;-નિમકહરામ કોણ?-જમાઇ

એક વેળા દરબારમાં શાહને એવો જ કીડો સળવળી આવ્યો કે નિમકહલાલ અને નિમકહરામ કોણ તે જાણવું. પેહેલાં તો તેણે બધા દરબારીઓને તે સવાલ પૂછ્યો, અને તે દરેકે પોતપોતાનાં બુદ્ધિબળ પ્રમાણે જવાબ આપ્યો. પણ શાહને તો ખુદ બીરબલની પરીક્ષા કરવી હતી, એટલે તેણે તેને મોહોડે બોલાવ્યું કે, બોલ બીર-બલ, એ બાબતમાં તું શું કહેવા માંગે છે? બીરબલે બોલવા માંડ્યું, નામવર ખુદાવિંદ, નિમકહલાલ તો કુતરૂં કહેવાય, કેમકે જે ઘરનું તે અન્ન ખાતું હોય તેના ધણીને પોતાનો જાન જતાં સુધી પણ ચલવલ આવવા નહી દેતાં તેનું સંરક્ષણ કરે છે. કદાચ એક વખત તેને ખાવાનું ન પણ મળે તોએ તે નિમકહરામ થતું નથી. એથી વિપરીત રીતે ઘરનો જમાઇ તે ખરોજ નિમકહરામ કહેવાય છે, કેમકે તેને મનાવવા ગમે તેટલું આપો તો પણ તેને સંતોષ થતો નથી, પણ સેહજ ઓછું પડતાં તે જાણે કશી ઓળખાણ કે સગપણ નહી ધરાવતો હોય તેમ રીસાઇ બેસે છે. જમાઇ છે તે ગ્રહદશા સમાન છે. જેમ નવગ્રહોને નિત્ય બળીદાન આપતા હોઇયે છતાં સામી રાશી ઉપર આવ્યા કે પીડા કર્યા વગર રહેતા નથી. તેમ જ જમાઇને પણ જાણવો. આ જવાબ સાંભળી તમામ દરબારમાં ખુશાલીનો હોંકારો કુંકારો થઇ રહ્યો અને ખુદ બાદશાહ ખુશ થઇ હસવા મંડ્યો.

---

## (૧૫) પૂર્વના સંસ્કાર વગર આખું કુટુંબ બુદ્ધિવાન નીપજતું નથી.

સોબત તેવી અસર–અથવા પૂર્વ જન્મના સંસ્કાર વગર એક આખું કુટુંબ બુદ્ધિવાન નીપજતું નથી, આ જગતમાં કીર્તિ–પ્રાપ્ત કરી શકતું નથી તેનો એક પ્રત્યક્ષ પુરાવો વિચિત્ર રીતે શાહને મલી જવા પામ્યો હતો. એવો બનાવ બન્યો કે એક દિવસે બીરબલ પોતાના આઠ વર્ષના એક છોકરાને સાથે લઇ દરબારમાં આવ્યો, અને તેને શાહ આગળ કુર્નિસ બજાવી ખડો કીધો. શાહે તેને ઉંચેથી નીચે સુધી જોઇ સવાલ કીધો; "કેમ વજીરજાદા, તમને હિંદી બોલી આવડે છે કે ?" છોકરાએ ઉત્તર આપ્યો, "જનાબ થોડી–ઘણી આવડે છે." થોડી–ઘણીનો અર્થ શું ? એવો સવાલ શાહે તે વજીરપુત્રને પૂછ્યો, અને તે ઉપરથી તે હાથબક્ષ કરી બોલ્યો; "ખુદાવિંદ થોડી–ઘણીનો મર્મ એ છે કે, જેઓને એ બોલી ઘણી સરસ આવડે છે, તેમના કરતાં મને થોડી આવડે છે, અને જેઓને તે બોલી સેહજ જ આવડે છે તેનાથી મને સારી આવડે છે." પ્રધાન-પુત્રનું આવું માર્મિક–ખુબીદાર બોલવું સાંભળી દરબારીઓ ખુશ થયા, અને શાહ પોતે પણ બોલી ઉઠ્યો કે પૂર્વજન્મના સંસ્કાર વગર એક આખું કુટુંબ બુદ્ધિવાન નીપજતું નથી કે જગતમાં કીર્તિ સંપાદન કરી શકતું નથી, એ તદ્દન સત્ય વાત છે.

---

## (૧૬) 'દોલત' દરબારમાં ફરી હાજર છે માટે ફરમાવો, રહે કે જાય !

શાહને ક્રોધિત થઇને ગમે તેવા અધિકારીને હાંકી કહાડતાં પણ વાર લાગતી નહી, કે ખુશ થઇને તેને સાતમા આસ્માને ચઢાવી બક્ષેસથી તર કરવાને પણ વિલંબ લાગતો નહી. તેમ જ એકવાર "દોલત" નામનો એક દરબારી તે નામવરની ખફગીમાં આવી પડ્યો, એટલે તેને ઘડીના છઠ્ઠા ભાગમાં બેબદામનો કરી દઇ દરબારમાંથી દુર રહેવા હુકમ કર્યો. દોલતસાહેબ પણ શાહની પુરેપુરી મેહેરબાનીના લાભે તાજા બની રહેલા હતા, એટલે તેમને શાહનો

આ હોકમ તો ખુબ કડવો લાગ્યો, અને ગમે તે ભોગે પણ તેમને તો ત્યાંથી ખસવા ગમતું ન હતું. છતાં એક વાર ખફા થયલા શાહને પુનઃ મનાવવા શું તદબિર કરવી તે તેમને સુઝયું નહી; એટલે તેઓએ ભલા બીરબલીઆની મેહરબાની માંગી. બીરબલે બધી હકીકત જાણી લીધી અને તે જાતે જેવો હિકમતી હતો તેવો જ પ્રકૃતિએ દયાળુ પણ હતો; એટલે તેણે તેને એક તદબિર દેખાડી અને તે પ્રમાણે વર્તવા જણાવ્યું, અને કહ્યું કે એ તદબિરથી શાહની ખતરાજી દુર થાય તો તારૂં નસીબ. એમ કહી તેને ભણાવ્યો કે તારે શાહ હજુર દીનતાથી હાજર થઈ, હું કહું તેટલા જ શબ્દો તેમના હજુર બોલવા. દોલતે તે પ્રમાણે કરવા કબુલ કીધું. એટલે બીરબલે તેને કહ્યું કે, તારે હાથ બક્ષ કરી એટલા જ શબ્દો બોલવા કે, "ખાવિંદે આલમ, મુલ્કે મુઆ-ઝીમ! 'દોલત' દરબારમાં ફરીને એક વાર હાજર થવા આજ્ઞા માંગે છે, માટે ફરમાવો કે રહે કે જાય." દોલત આ પાઠ ભણી દર-બારમાં ગયો, અને શાહને કાંઇક ખુશ લ્હેરમાં બીરાજેલો જોઈ, હાથબક્ષ કરી કમ્મરમાંથી અરધો વાંકો વળી બોલ્યો, "ખાવિંદે આલમ, મુલ્કે મુઆઝીમ! દોલત દરબારમાં ફરીને એક વાર હાજર થવા આજ્ઞા માગે છે, તો ફરમાવો કે રહે કે જાય?" આ શબ્દો સાંભળી શાહનો ગુસ્સો ઉતરી ગયો. એટલું જ નહી પણ સામો ખુશ થયો, કેમકે તેના આ વચનમાં એવી ચમત્કૃતિક યુક્તિ હતી કે દોલતને (ધન) આપે દરબારમાંથી જવાનું કહ્યું હતું, છતાં ફરી એક વાર દરબારમાં દોલત રહે કે જાય? આવું સાંભળતાં જ બાદશાહે હુકમ કર્યો, "મારા દરબારમાં દોલત સદા કાયમ રહ્યા કરે." આવો હુકમ સાંભળતાં દોલત મહા હર્ષવંત થઇ આગળની પેઠે જ પોતાના ઓદ્ધા ઉપર સ્થાપિત થઇ આનંદની લ્હેર ઉરાડવા લાગ્યો, અને સાથે સાથે બીરબલની યુક્તિની વાહવાહ બોલવા લાગ્યો,

જીભનો કડવાસ કે મિઠાશ માણસને અળખામણા કે વ્હાલા બનાવે છે અને તેના સંબંધમાં એક ચતુર કવિએ નિચલું કવિત રચ્યું છે:—

બાત સબ એક હયે, બતલાવનમેં ફેર;
એક પવન બાદલ મીલે એકહી દેત બિખેર.
જીભ્યામેં અમૃત બસે, વિષભી ઉનકે પાસ;
એક બોલસે લાખ લ્યે, એક લાખ વિનાશ.

---

## (૧૭) અક્કલ વડેજ મનુષ્ય રત્ન બને છે!

એક વેળાએ દરબારમાં બીરબલની ગેરહાજરી જોઇ, કેટલાક વિઘ્નસંતોષી દરબારીઓએ શાહને વિનયપૂર્વક વિનંતી કરી કે, "ખુદાવિંદ, આપ હરેક બાબતમાં બીરબલનીજ સલાહ લેવો છો, તો બીરબલ વિના, શું આ દિલ્હી નિર્માલ્ય થઇ ગઇ છે કે કોઇ અક્કલવાનજ આપને સુઝતો નથી? જરા અમારી આ અરજ ઉપર નીઘાહ પોહાંચાડી બીજા બુદ્ધિમાનોની બુદ્ધિની કોઇ વેળા કસોટી કરી જુઓ કે દુન્યાના શા રંગ છે તે પ્રત્યક્ષ જણાઇ આવે, અને આપના ભેજામાં બીરબલને બીરબલજ એકલો રમી રહ્યો છે તો તેનું શિર નમાવનારા બીજાઓ ઘણા છે એમ આપની ખાતરી થાય. આવું બોલવું સાંભળી શાહ મનમાં હસ્યો છતાં, તે બાહાર ખુલ્લું ન બતાવતાં, બોલ્યો, "મારા દરબારી ભાઇઓ, હવે હું તમારી વિચારણાને માન આપીશ. વારૂ, પણ આજે મને એક બાબત જાણવાની જિજ્ઞાસા થઇ છે કે, વનસ્પતિનું બીજ શું હશે? માટે તે જરા કહી બતાવો. જોઇ લ્યો, પછી દરબારીઓની ઘુસઘુસ. દિવસો સુધી તેઓએ અક્કલ દોડાવી. પણ કાંઇ નિર્ણય ઉપર આવ્યા નહી. વનસ્પતિનું આ ચોક્કસજ ખરૂં બીજ હોવું જોઇએ એવો કોઇ અનુમાન તેઓ ગ્રહણ કરી શકયા નહી, એટલે પેહેલાંજ સપાટામાં નાઉમેદ થઇ ગયા. છેવટે બાદશાહે બીરબલને પકડી તેને એ પ્રશ્ન કીધો. જેનું નામ બીરબલ; સવાલ સાંભળતાંજ તેણે નોકરને હોકમ કરી થોડું પાણી મંગાવ્યું, અને તે પાણીનો છટકાવ જમીન ઉપર કરી કહ્યુ કે, જહાંપનાહ પાણી એજ વનસ્પતિનું ખાસ બીજ છે; કેમકે વનસ્પતિનાં બીજ પૃથ્વીમાં દટાયલા છે; પરંતુ જ્યારે વરસાદનું પાણી પડે છે ત્યારે તે સર્વ બીજ ઉગી નીકળે છે; પણ જો પાણી ન મળે તો એક પણ

બીજ ઉગવા પામે જ નહી; માટે પાણી જ વનસ્પતિ માત્રનું બીજ છે. બીરબલનો આ ઉત્તર સાંભળી બાદશાહ બહુ ખુશ થયો, અને પેલા મતલબખોરા તમામ દરબારીઓ પણ ખેજાલત પામી નીચું નમાવી બેઠા. તે તકનો લાભ લઇ શાહે, તુરત જબાન ખોલી કે મારા ભલા દરબારીઓ, બીરબલને જ શા માટે હું વિશેષ ચાહું છું તે તમો સમજી શકયા હશો, અને હવે મને આશા છે કે તમો સઘળાઓ પણ કબુલ કરશો કે બીરબલ આપ સર્વ કરતાં વિશેષ બુદ્ધિમાન છે. શાહનો આ ટોણો સાંભળી એકેએક જણ ચુપ થઇ બેઠા.

---

## (૧૮) લોકોના મનમાં શું છે?

એક દિવસે કચેરી ઠઠમાર ભરાઇ હતી. શાહ પણ દબદબા-સહીત આવી બીરાજમાન થયો હતો. મોટા મોટા સરદારો તેમ જ સાહુકારો પણ અક્કડફુસ થઇ આવી બેઠા હતા. સઘળાઓને જોઇ બાદશાહે ગરબડસરબડનું ગાડું ગબડાવ્યું. તેણે સવાલ કીધો કે, આ કચેરીમાં બીરાજેલા સઘળા દરબારીઓના મનમાં હાલ શું છે? બાદશાહ એકેક જણને આ પ્રશ્ન કરતો અને તે દરેક જણ બાદશાહનો સવાલ સાંભળી દિગ્મૂઢ થઇ રહેતો. તેઓ કદાચ પોતાના મનમાં શું છે તે ગમેતેમ અથડાવે, પણ બીજાના બધાના મનમાં શું છે તે કેમ જાણી શકે? અને કેમ કહી શકે? દરેક જણ મનમાં જ વિચારે કે બાદશાહને આ વિચિત્ર સવાલ કેમ ઉદ્ભવ્યો હશે? શું તે દીવાનો થયો હશે? એક માણસ બીજાનાં મનની વાત તે કેમ જાણી શકે? એમ કરતાં સઘળાઓની દ્રષ્ટિ બીરબલ ઉપર દોડી. તેઓ એકી ટસે જોઇ રહ્યા કે જોઇએ, બીરબલીઓ આ ગાંડાઘેલા સવાલનો શું જવાબ વાળે છે? તેઓ સર્વ એમ જ ધારી બેઠા કે, આજે બીર-બલીઆની ખરી કસોટી થઇ જશે. પણ જેનું નામ બીરબલ; જેવો બાદશાહ બીરબલ તરફ ફરીને તેને પોતાનો સવાલ કરતો ઉભો કે, બીરબલીઓ તરત ઉઠી ઉભો થયો. હાથબસ્ત કરી તે બોલ્યો, નામવર તમારા આ સવાલના જવાબમાં બધાનાં મનનો ભેદ જુદો જુદો કહું કે, બધાનો સામટો કહી દઉં? બાદશાહે કહ્યું, બીરબલ, બધાના

મનનો સામટો જવાબ દે. બીરબલે કહ્યું, તો ઠીક, ખુદાવિંદ, સાંભળો; બધાના મનમાં એમ છે કે, "ખુદાવિંદની ગાદી અમર રહો, ખુદાવિંદની કીર્તિ ચોમેર પસરી રહો, અને લક્ષ્મી વધો. આ ખરૂં છે કે ખોટું તે હવે બધાને પુછી જુઓ ? ખુદાવિંદ." બીરબલના આ ભેદી જવાબમાં એવું મહત્વ સમાયલું હતું કે, કોઇથીએ ના પાડી શકાય જ નહી; કદાચ કોઇના મનમાં એથી ઉલટા પણ વિચાર હોય છતાં તેની શું તાકાત, કે તે તેમ કહી શકે ? સર્વેએ એક અવાજે બીરબલનું બોલવું બાહાલ રાખ્યું, અને બાદશાહજી પણ તે જાણી, સાંભળીને ખુશ ખુશ થઇ ગયા.

---

## (૧૯) મારી અક્કલ મારાં માથામાં છે!

એક દિવસે દરબારમાં સરેસ્તાનું કામ થઇ રહ્યા પછી, વિનોદની વાર્તાના ટહુકા ટુચકા ચાલ્યા, પણ તેમાં બાદશાહને કશો રસ દેખાયો નહી. તે વેળાએ બાદશાહના મનમાં એવું જ ભુતડું પેસી ગયું કે, બીરબલ તો વેદીઆ ઢોર જેવો છે, તે ભણેલો ગણેલો હોવાથી કાંઇક ડાહ્યો દેખાય છે, પણ તેના અંગમાં કુદરતી ડાહાપણ તો બીલકુલ નથી. જો તેનામાં ડાહાપણનો છાંટો પણ હતે તો આટલી વારમાં તો તેણે ઘણું જ હસવું ઉત્પન્ન કર્યું હતે; આ તો થોડું ઘણું શીખ્યો તેટલાનો જ તે ઉપયોગ કરી જાણે છે, બાકી તો ઠંડે ગયું ગાડું જેવો મામલો છે; માટે એવા માણસને પાસે રાખવામાં સાર કશો નથી. બાદશાહે પોતાના મનમાં આ નિશ્ચય કરીને બીરબલને તતડાવ્યો કે, "અરે બીરબલીઆ, તારા અંગમાં કેટલી અક્કલ છે તે મેં પુરેપુરી જોઇ લીધી છે." બાદશાહજીનાં આટલાં બોલવા ઉપરથી જ બીરબલ તો તેના મનની સ્થિતિ કળિ ગયો કે, આજે જ્યાં છે ત્યાં બાદશાહજીનું મન બરાબર રંજન થયું નથી, અને તેથી જ તેના મોંહોમાંથી આવા ઉદ્દગારો નિકળે છે. એમ વિચારીને બીરબલ બોલ્યો કે, "ખુદાવિંદ, મારા અંગમાં અક્કલનો એક દાણો પણ નથી, તો પછી તે આપને ક્યાંથી જ દેખાય ? મારામાં જે કાંઇ અક્કલ છે તે તમામ મારા માથામાં છે, એટલે તે જો તમારે જોવી હોય તો

હમ્મેશ પ્રમાણે ઘેલા ગાંડા થાવ એટલે તરત જ દેખાઇ આવશે.” બીરબલનું આ બોલવું સાંભળી બાદશાહનું મન ઠીક ગોઠવાયું અને તેણે વિચાર્યું કે બીરબલની સોબતથી મારામાં સુધારો થતો જાય છે એમાં તો કશો શક નથી, તો જેની સંગતથી આટલો બધો લાભ થયો હોય અને હજી પછી પણ થશે તેના વિષે કદી પણ કુતર્કો કરવા જોઇતા નથી. કહ્યું છે કે સારાની સંગતથી સારી બુદ્ધિ આવે છે અને નઠારાની સંગતથી નઠારી બુદ્ધિ જ આવે છે. આ પ્રમાણે બાદશાહજીના મનમાં પ્રગટેલો કોપાગ્નિ ઘડીના છઠા ભાગમાં બીરબલનાં ડહાપણ ભરેલાં બોલવાથી શાંત થઇ ગયો.

---

## (૨૦) માથાના એક વાળે મચાવેલો ગરબડ ઘોંટાળો !

દિલ્લી શેહેરમાં એક ધનાઢ્ય બ્રાહ્મણ સાહુકાર હતો. તેની આબરૂ આખાં શેહેરમાં બલકે ખુદ દરબારમાં પણ ઘણી હતી. તે જે કાંઇ કામ કરતો તે પૂર્ણ વિચાર કરીને જ કરતો હતો. આમ છતાં એક દિવસે તેની સ્ત્રીના એક માથાના વાળ ઉપરથી તેણે જે તોફાન જગાડ્યું તેની હકીકત જાણવા જેવી છે. એક દિવસે સાહુકાર ભોજન લેતો હતો, તેવામાં તેના મોહોમાં એક લાંબો વાળ આવી ગયો. આ ઉપરથી તેણે તો ભારી રમખાણ જગાડ્યું; અને આ પ્રમાણે ભોજનમાં વાળ કોનો આવ્યો તેની તપાસ કરવા માંડી; તો જણાયું કે રસોઇ થતી હતી તે વેળા તેની સ્ત્રી રસોડામાં માથાના વાળ હોરતી હતી, જેમ કરતાં તે વાળ ખરીને રસોઇમાં પડેલો હોવો જોઇએ. તે વેળા તો સાહુકારે અખાડા કીધા, પણ સખ્ત તાકીદ કરી કે, હવે પછી જો એવો બનાવ બનશે અને તેમાં જે કોઇ દોષિત જણાશે તેને સખ્ત સજા કરવામાં આવશે. ઇશ્વરની ગતિને કોઇ કળી શકતું નથી. કેટલેક દિવસે પાછો ફરીથી સાહુકારના ભોજનમાં વાળ આવ્યો, એટલે સાહુકારે તો ભારી તોફાન મચાવી મુકયું. તપાસ કરવા માંડી તો, તે વેળા પણ સાહુકારની સ્ત્રી જ દોષિત જણાઇ. તેણે તો તરત જ હજામને બોલાવ્યો, અને સ્ત્રીનું માથું જ સાફ છોલી નાખવાનો હોકમ કીધો. આ સાંભળીને સ્ત્રી તો ગભરાટમાં પડી, એટલે બનેલી

હકીકત, પોતાને પીયરે પોતાના ભાઇઓને કહેવડાવી, અને પોતે એક ઓરડામાં બારણાં બંધ કરી ભરાઇ બેઠી. દરવાજો ઉઘાડવાની ઘણી ધાક ધમકી આપી છતાં સ્ત્રી તો બાપડી ધ્રુજતી અંદર છુપાઈ રહી; અને દરવાજો ઉઘાડ્યો જ નહી. સાહુકાર પણ કાંઇ કાચો ન હતો, તેણે બારણાં ભાંગી ફોડી નાખવાનો નોકરોને હુકમ કર્યો. સાહુકારના ઘરમાં આ રોખરૂં ચાલતું હતું, તેટલાં સ્ત્રીના પીયરે તેના ચાર ભાઇઓને ખબર પહોંચી ગઇ. એટલે તેઓ ચારે જણ વિમાસણમાં પડ્યા. તેઓ સાહુકારના બહુ જ કઠોર સ્વભાવની વાત જાણતા હતા, એટલે ધ્રુજવા પડ્યા કે કમબખ્ત કાંઇ નવાજુની કરશે ખરો! હવે એક ભાઇને બીરબલ જોડે મિત્રાચારી હતી તે, લાગલો જ તેની સલાહ લેવા દોડ્યો. બીરબલે બધી વાત કાંઇક હાસ્ય સાથે સાંભળી અને ચારે ભાઇઓને સલાહ આપી કે, તમે ચારે ભાઇઓ ઉઘાડે માથે જાણે કોઇ મરી ગયું હોય તેમ તમારી બેહેનના ઘર આગળ જાવો, તેટલાં હું આવી પોહોંચું છું. તેમને તે પ્રમાણે વિદાય કરી, બીરબલ પોતે પાછળથી શબને સ્મશાને લઇ જવાનો બધો સામાન ખભે ઉપાડી સાહુકારના ઘર આગળ આવ્યો. સાહુકારના ઘર આગળ બેસી તે સીડી (કરકટી) બાંધવા લાગ્યો, તેટલાં પેલા ચારે ભાઇઓએ પેલા સાહુકારને પકડીને કપડાંથી સજ્જડ બાંધી લીધો. સાહુકાર આ સ્થિતિ જોઇ બરાડેબરાડ પાડવા લાગ્યો. પેલા ભાઇઓએ તેને કહ્યું કે તને સીડી ઉપર મુકયા અગાઉ અમારી બેહેનને હાથ લગાડવાની હીંમત કોણની છે તે જોઇએ છીએ. એમ બોલી સાહુકારને, બીરબલ જે સીડી તૈયાર કરતો હતો ત્યાં ઘસડી લાવ્યા. આ બધી ગરબડ જોઇ મોહલ્લામાં ઘણા લોક ભેગા થઇ ગયા હતા, અને તે સઘળા હસતા ઉભા હતા. તે જોઇને સાહુકારને બહુ જ ખોટું લાગ્યું. તે હવે સામો પોતાના સાળાઓના કાલાવાલા કરવા અને પોતાને આ નામોશીમાંથી બચાવવાને કરગરવા લાગ્યો. પેલી તરફ સાહુકારની સ્ત્રી જે આટલો વખત ગુપચુપ ઉભી હતી તે પણ પોતાના સ્વામિજીનો આ હાલ જોઇ પોતાના ભાઇઓને કાલાવાલા કરવા લાગી; પણ તેઓએ તેના બોલવા ઉપર લેશ ધ્યાન આપ્યું

નહી. આખરે તે સાહુકારે જ પોતાની સ્ત્રી પાસે હાથ જોડી ક્ષમા માંગી, ત્યારે જ બીરબલે હસીને તેને છોડવાનો હુકમ કર્યો. તેમ થતાંજ સાહુકાર છુટો થયો. તેને બેચાર શીખામણના શબ્દો કહી બીરબલ ત્યાંથી ચાલ્યો ગયો, અને સાહુકારના ઘરનું સઘળું સમાધાન થઇ ગયું.

---

## વિચિત્ર સવાલના વિલક્ષણ જવાબો–તેમાં સમાયલી ખુબી

એક દિવસે દરબારમાં વાતોના તડાકા ચાલી રહ્યા છે, એક તરફ હુક્કાની ગુરગુરીઓ ગગડાટ કરી રહી છે, સર્વે કોઈ બાદશાહની પધારવાની રાહ જુએ છે, તેવામાં ઓચિંતી સરકારની સ્વારી દરબારમાં પધારી ગઈ કે તદ્દન ચુપચાપ ફેલાઇ રહી. બીરબલીઓ પણ એક ખુણામાં ભરાઈ પોતાની કાંઇ ગણત્રીમાં મસ્ગુલ હતો. દરબારને તદ્દન ચુપચાપ જોઈ બાદશાહે ચોતરફ નજર ફેરવી કે કોણ કોણ પધાર્યા છે, અને હજુ કોણ કોણ ગેરહાજર છે; પણ બધાને ઠઠમા બીરાજમાન થયલા જોઈ બાદશાહ સલામત પણ અલ્લાહાને યાદ કરી તખ્તે બીરાજમાન થયા. તેઓએ દરબારને ગુપચુપ બેઠેલી જોઈ, ચુપકીદી તોડવાને પેહેલાં તો ખોંખારો કર્યો, અને પછી સવાલ કીધો કે, "અહીં છે ને ત્યાં નથી, અહીં નથી પણ ત્યાં છે; અહીં પણ નથી ને ત્યાં પણ નથી; અહીં પણ છે ને ત્યાં પણ છે." એ બીનાનો ભેદ ઉકેલો. દરબારીઓ તો એક-બીજાનાં મોંહો જોઈ રહ્યા. તેઓમાં કોઈ એવો નીકલ્યો નહી કે એ ભેદનો પદડો ખોલો કરી આપે. છેવટ કોઇજ બોલ્યું નહી ત્યારે અન્તે બીરબલીઆની વારી આવી, અને બાદશાહે તેને પૂછ્યું કે બીરબલ, આ મારા ભેદી સવાલનો ખોલાસો તારાથી થશે. બીરબલ બોલ્યો, જહાંપનાહ, ખરી વાત છે, મને ઘડીએકની રજા આપો તો હું જરા બાહેર જઈ આવી તમારા સવાલનું ગુંચળું ઝટ ઉકેલી આપું. બાદશાહે ખુશીથી રજા આપી, એટલે બીરબલ તો ચડપ દેતો ક પગમાં ખાસડી ઘાલી માથે પાઘોટી સરખી કરી દરબારમાંથી બાહાર પડ્યો. પેહેલાં તો શેહેરના વેશ્યાવાડામાં જઈ એક ગુણીકાને

ઉભી કરી; ત્યાંથી એક મઠમાં જઈ એક સન્યાસીને તૈયાર કીધો; ત્યાંથી, જતાં જતાં રસ્તે જતા એક ભીક્ષુકને સાથે લીધો, અને છેવટે એક દ્રવ્યવાન ધર્માત્મા ગૃહસ્થને લઇને દરબારમાં આવ્યો. તે દરેકને એક બાજુ ઉભા રાખી, બીરબલ બાદશાહ હજુર રજુ થયો, અને કુરનિસ બજાવી બોલ્યો, "જહાંપનાહ, તમે મુકેલા સવાલોનો જવાબ દેવા આ દાસ તૈયાર છે. ગુણીકાને આગળ કરી તેણે જણાવ્યું કે, આ આપણા શેહેરની એક ગુણીકા છે; તેને અહીં તો સુખ અને અમનચમન છે, પણ અત્રે કરેલાં પાપકર્મોથી તેને સ્વર્ગનું સુખ બીલકુલ મળનાર નથી, એટલે તમારા પેહેલા સવાલનો આ ખુલાસો સમજી લેવો; અહીં છે તે ત્યાં નથી. સન્યાસીને આગળ પાડી બીરબલ બોલ્યો, આ જાતે સન્યાસી છે, એને બાપડાને કોઈ વખતે અન્ન મળે છે અને કોઈ વખત નથી મળતું; આ લોકમાં તો એને દુઃખ છે, પણ મરણ પછી એને સ્વર્ગમાં અતિપય સુખ મળશે; તેથી અહીં નથી ને ત્યાં છે, તે સવાલનો ખુલાસો જાણી લેવો. પેલા ભિક્ષુકને આગળ કરી બીરબલે સમજાવ્યું; એ રોજ લોકના ઘરમાં વગર બોલાવે ઘુસી જાય છે અને દરરોજ કાંઇને કાંઈ ઢોંગ કરી પેટ પુરતું મેળવે છે; એના હાથથી પુણ્યકર્મ મુદ્દલ થતું નથી, તેથી એને જેમ અહીં તેમ સ્વર્ગમાં પણ કશું જ સુખ મળવાનું નથી એટલે અહીં પણ નથી ને ત્યાં પણ નથી, એ તમારા ત્રીજા સવાલનો ખુલાસો છેઃ ચોથો—પેલા દ્રવ્યવાન ધર્માવતારને આગળ ધરી કહ્યું કે, આની પાસે અસંખ્ય ધન છે, અને તેમાંથી તે સત્કર્મો અને ધર્મ પણ કરી સન્માર્ગે વાપરે છે, તેથી તેને અહીં પણ સુખ છે ને મરણ પછી એને સુખ મળશે જ. તેથી અહીં પણ છે ને ત્યાં પણ છે, એવા તમારા ચોથા ભેદી સવાલનો ખુલાસો મળે છે. બીરબલની આ ચતુરાઈ જોઇને જેમ બાદશાહ તેમ જ આખી દરબારે વાહવાહ પોકારી; તેમ જ તેનું ચાતુર્ય જોઇને બધા બીરબલને જોઇને બળી-જળી જતા દરબારીઓ ઝંખવાણા પણ પડી ગયા. બીરબલે આણેલાં ચારે જણને ઘટતાં ઇનામો આપી તેઓને બાદશાહે વિદાય કર્યા અને બીરબલને ધન્યવાદ આપ્યો.

## (૨૨) સદ્દગુણી અને દુર્ગુણી વચ્ચે તફાવત–તેની ટુંક પરીક્ષા.

સદ્દગુણી અને નીતિમાન અને દુર્ગુણી અને અનીતિમાન સ્ત્રીની ટુંક પરીક્ષા, બીરબલે કેમ કરી તેની એક ચમત્કારિક વાર્તા નોંધાયલી છે. દિલ્લી શહેરમાં બે પડોશણો રહેતી હતી, તેમાં એક બહુ સદ્દગુણી અને નીતિમાન હતી, બીજી તેથી ઉલટી જ હતી. તેણીને નીતિનો તો કશો ખ્યાલ જ ન હતો, અને સાથે દુર્ગુણી પણ એટલી કે કશી હદ જ નહી. આ એકેકથી ઉલટા ખવાસને લીધે બન્ને પડોસણો વચ્ચે વારંવાર ટંટો ફેસાદ પણ થતો, પણ પેલી સદ્દગુણીબાઇ તો કર્કશા પડોશણની લેશભાર દરકાર કરતી નહી. આથી પેલી દુર્ગુણીને ખુબ લાગતું હતું અને કોઇક દિવસે તે પેલી સદગુણીને ફસાવવાની તદબીરો રચી જતી હતી. એક દિવસે તે કર્કશાએ પોતાના પેટના દીકરાને મારી નાખી છુપાછુપથી સદ્દગુણીના ઘરમાં નાંખ્યો, અને ગળે પડવા લાગી કે તેણીએ મારા દીકરાને મારી નાખ્યો છે. લડતાં લડતાં ઝઘડો દરબારમાં આવ્યો. દરબાર આ સાંભળી દંગ થઇ ગઇ. અને શું ખરૂં હશે તે જાણુવાને ઇંતેજાર બની રહી. બીરબલ ન્યાય ચુકવવા તૈયાર જ હતો. તેણે ધ્યાનથી દુર્ગુણીની ફરિયાદ અને સદ્દગુણીનો એ કર્મનો ઇનકાર કરવાની હકીકત સાંભળી લીધી. તેણે બન્નેને ત્યાં જ બેસાડી એક ખાતરી ભરેલા માણસને તેણીઓના ઘર તરફ મોકલી ત્યાં બંને બાઇઓની ચાલચલણુની ખબર કાહાડી લાવવા ફરમાવ્યું. થોડેકવારે તે માણુસ પાછો ફર્યો, અને બીરબલને રીપોર્ટ કર્યો કે, ફરિયાદ કરનાર બાઇ બહુ કુલક્ષણી અને કર્કશા છે, ને પેલી સ્ત્રી સાક્ષાત્ ધર્માવતાર છે. આ હકીકત સાંભળી લઇ બીરબલે પહેલાં પેલી સદ્દગુણી આરોપી બાઇને બોલાવી હોકમ કીધો કે "જો તું ખરેખર નિરપરાધી છે તો તારાં કપડાં કાહાડી નાંખીને આ દરબારમાં ઉભી રહે." આ સાંભળીને તે સદ્દગુણી બાઇ બોલી, "કાલે મરણુ આવતું હોય તો ભલે આજે જ કાં નથી આવતું! મને મરણુનો ભય નથી, પણ આ નિર્લજ કામ મારા હાથથી કદી થવાનું નથી." આ સાંભળીને તે બાઇને બીરબલે એક બાજુ ઉભી રાખી. પેલી ફરિયાદી બાઇને બોલાવી હોકમ કીધો કે, "તારા છોક-

રાને આ પાડોશણે મારી નાખ્યો એ વાત જો ખરી હોય તો તું કપડાં કહાડીને અહીં ઉભી રહે." દુર્ગુણીને મનથી તો બધું સરખું હતું; નિર્લજ્જપણું તે શું અને સ્વમાન તે શું? તેણીને તો ગમેતેમ પેલી બાપડીને ફસાવવાનીજ હતી એટલે તો તે કપડાં કહાડવાની તૈયારી કરવા લાગી. આ જોઇને બીરબલ ચોંકયો, તેની પુરી ખાતરી થઈ ગઈ કે આ કર્કશા ખરેખર જુઠું જ બોલે છે, એટલે તેણે માણુસોને બોલાવી તેને ખુબ ફટકાવી એટલે તેણીએ ખરેખરૂં કબુલ કીધું, અને બોલી કે, મારૂં વેર લેવા મારા છોકરાને મારી નાખી તેનું આળ આ બાઇના ઉપર મુકયું હતું. બાદશાહે તે કર્કશાને યોગ્ય શિક્ષા કરી પેલી સદ્દગુણી બાઇને તેનાં સત્યવાદીપણાના સદ્દગુણને માટે શીરપાવ વગેરે આપી માન સાથે વિદાય કરી.

---

## (૨૩) પુનમના ચંદ્ર અને બીજના ચંદ્ર વચ્ચે સરખામણી.

એક વખતે બીરબલને કાંઇક કામ પ્રસંગે ફરતાં ફરતાં કાબુલ જવું પડ્યું. જ્યાં તે પોતાના હિંદુ પોશાકમાં અને હિંદુ રીતરીવાજને અનુસરીને આમતેમ ફરતો હોવાથી લોકો તેને કોઈ જાસુસ માનવા લાગ્યા. એક મોહોલ્લેથી બીજે મોહલ્લે તે વાત અંતે તે દેશના બાદશાહને કાને ગઈ. બાદશાહે તેને પકડી મંગાવ્યો. બીરબલ ત્યાં વગર બ્હીકે હાજર થયો. "તમે કોણ છો" એવો સવાલ બાદશાહે પૂછતાં, બીરબલે એવો જવાબ આપ્યો કે, "જનાબ, હું એક મુસાફર છું અને ફરતો ફરતો આ દેશ જોવા આવ્યો છું." તે કાબુલી બાદશાહે તેને પૂછ્યું કે, "ભલા તું દેશોદેશ મુસાફરી કરી આવ્યો છે તો કહે, મારા જેવો બાદશાહ તારા જોવામાં આવ્યો છે?" બીરબલે તરત જ હાથબક્ષ કરી કહ્યું "નામવર શાહે કાબુલ, આપ તો પુનમના ચંદ્ર સમાન છો, આપના સમાન બીજો કોણ છે?"

કાબુલી બાદશાહે આ સાંભળીને પૂછ્યું; "હું જ્યારે પુનમને ચંદ્ર છું, ત્યારે તારા દેશને રાજા કેવો છે?" બીરબલે કહ્યું "આપ તો પુનમના ચંદ્ર જેવા મોટા છો પણ અમારો બાદશાહ તો બીજના ચંદ્રના જેવો નાનો છે."

કાબુલી બાદશાહ તો આ સાંભળીને બહુ ખુશ ખુશ થઇ ગયો, અને બીરબલને છોડી મુકવાનો હુકમ કરી તેને આદરમાનથી દરબારમાં બેસાડ્યો. પછી તેને સારા પોષાક તથા નાણાંનું ઇનામ આપી ત્યાંથી રવાના કીધો.

બીરબલ પાછો દિલ્લી આવ્યો ત્યારે આ વાત તેણે જાણી જોઇને દબાવી રાખી. પણ તેના નોકર ચાકરોએ તે ખોલ્લી કરી દીધી. ત્યાંથી તે ચાલતી ચાલતી દરબારમાં પહોંચી. દરબારીઓ એ બીનાનો કશો ખરો મર્મ સમજ્યા નહી, એટલે બાદશાહના કાન ભંભેર્યા કે બીરબલ પારકી દરબારમાં બાદશાહની બદગોઈ કરી આવ્યો, બાદશાહ જાતે સ્યાણો હતો, એટલે તેણે જાણ્યું કે, આમાં કાંઈ પણ ઉમદા રહસ્ય સમાયલું હોવું જોઇએ. છતાં તેણે બધા દરબારીઓના કોલાહલને શાંત પાડવાના હેતુથી એક દિવસે દરબારમાં બીરબલને સવાલ કીધો કે, "બીરબલ તું કાબુલ જઇ આવ્યો ત્યાં શું શું બન્યું તે તેં કોઇને જણાવ્યું નથી, તો તું ત્યાં શું કરી આવ્યો તે તો કહે." બીરબલને પણ આ તક જોઇતી જ હતી, એટલે કાબુલમાં બનેલી તમામ વાત દરબાર તથા બાદશાહ હજુર રજુ કરી. તે જયારે કાબુલી બાદશાહને પુનમના ચંદ્રની અને દિલ્લીના બાદશાહને બીજના ચંદ્રની ઉપમા આપી આવ્યો, એ વાત જાહેર થઇ ત્યારે બાદશાહે આશ્ચર્ય પામ્યા જેવું મોઢું કરી પૂછ્યું, "બીરબલ, તે બાદશાહને તેં પુનમના ચંદ્ર સરખો મોટો અને મને બીજના ચંદ્ર જેવો નાનો બનાવ્યો તેનું કારણ શું?"

બીરબલે તુરત જ જવાબ આપ્યો, "જહાંપનાહ, પુનમનો ચંદ્ર ગમે તેવો મોટો હોય છે છતાં તેને કોઈ માનતું નથી, પણ બીજનો ચંદ્ર જે નાનો હોય છે તેને બધા જણા, શું હિંદુ કે શું મુસલમાન સર્વે કોઇ માને અને નમે છે. બીજના ઉગતા ચંદ્રને જોવાને લોકો કેટલા આતુર હોય છે તે તો તમે જાણો છો. મુસલમાની મહિના બીજથી ગણાય છે, નોકર ચાકરોના પગાર મહિનો થતાં ચુકે છે માટે તેઓ પણ બીજની રાહ જુએ છે, એટલે બધાનો આધાર બીજના ચંદ્ર ઉપર છે, હમે હિંદુઓ પણ કાંઇ સારું કામ આરંભતું હોય તો બીજનો

દહાડો શુભ ગણ્યે છીએ, માટે હવે ખુદાવિંદે વિચારી લેવું કે બીજના ચંદ્ર જોડે આપની સરખામણી કરી તેમાં સ્તુતિ કોની કરી છે?"

બીરબલ આ ખુલાસો કરી ચુપ બેઠો, તે વેળા બધા દરબારીઓના મોઢાં પણ જોવાલાયક થઇ પડ્યાં. બાદશાહે તેને તેનાં આ ચાતુર્ય માટે ઇનામોથી નવાજી નાખ્યો; અને દરબાર બરખાસ્ત કરી દીધી.

---

## (૨૪) 'કડવી' અને 'મીઠી'નો ઝઘડો.

એક સમયે શાહ દરબાર ભરી સરકારી ખટપટમાં રોકાયલો હતો. તેવામાં ઝવેરચંદ નામનો એક વાણીયો માથું કુટતો અને ફરિયાદ, ફરિયાદ, દાદ, ઇન્સાફ કરતો દરબારમાં ધસી આવ્યો. સીપાઈઓએ તેને પોકાર કરતો અટકાવ્યો, અને ગુપચુપ દરબારમાં હાજર થવા તાકીદ કરી. વાણીયાભાઈ ચુપ થઇ દરબારમાં પેઠા, અને ત્યાં જઇ ફરિયાદ ગુજારી. તે મહા રડમસ જેવો ચેહેરો કરી બોલ્યો, "ખુદાવિંદ, મારી 'કડવી' અને 'મીઠી' નામની બે બાયડીઓ છે. હું થોડા વખત ઉપર પેટીમાં રૂ. ૨૦૦)ની થેલી સંતાડી બહારગામ ધંધા સર ગયો હતો. ત્યાંથી પાછો ફરતાં જોઉં છું તો પેલી થેલી પેટીમાંથી ગુમ. કડવીને પૂછતાં તે કહે છે કે હું એ વાત કશી જાણુતી નથી, અને મીઠીને પૂછતાં તે પણ ઇનકાર કરે છે. અને સામી બન્ને જણીઓ આપસ આપસમાં ઝઘડો કરે છે. મારી થેલીને થેલી ગઇ ને મને સામો પોતાના ઝઘડાથી જંપવા દેતી નથી, એથી હું ખુદાવિંદ પાસે ન્યાય માંગવા આવ્યો છું, કે એમાં ખરેખરી ચોર કોણ છે તે પકડી આપી મારા ઘરનો ઝઘડો ટાળો." બાદશાહે તો આ ફરિયાદ સાંભળી સીપાઇઓને બોલાવી તે બન્ને સ્ત્રીઓને ખુબ ફટકાવી કહાડી, કોણે ચોરી કરી છે તે તેમના પાસે મનાવવાનો હોકમ કીધો. આ હોકમ સાંભળી બીરબલ તરત વચ્ચે પડયો, અને બોલ્યો જનાબ આ તો અન્યાય કહેવાય. જે દોષિત હશે અને તે માર ખાય તે તો ઠીક જ છે, પણ જોડે નિર્દોષ પણ સંડોવાય અને તે પણ માર ખાય તે ઠીક કહેવાય નહી, માટે એનો ન્યાય મને સોંપો. બાદશાહે બીરબલની માંગણી સ્વીકારી, 'કડવી' અને 'મીઠી'નો ન્યાય

કરવાનું બીરબલને સોંપ્યું. બીરબલે ઝવેરચંદને બોલાવી ફરીવાર તેને મોઢેથી સઘળી હકીકત સાંભળી લીધી, અને પછી તેને ધીરજ આપી કે, તારો ન્યાય આજને આજ થાય એમ નથી, માટે એક માસ પછી અહીં હાજર થજે. કડવી અને મીઠીને બોલાવી બન્નેને ત્રીસ ત્રીસ દાડમ આપી કહ્યું કે, દરરોજ તમારે એકેક દાડમ ખાઇ તમારો ગુજારો ચલાવવો, અને પછી મારા પાસે હાજર થવું. હું ત્યારે ન્યાય કરી આપીશ, એમ કહી બધાંને વિદાય કર્યાં. એમ કરતાં એક માસ વીતી ગયો, એટલે ત્રણેનો રસાલો પાછો દરબારે ચઢયો. તેઓને બીરબલે પીછાણી લઇ પાછાં બોલાવ્યાં. ઝવેરચંદભાઇને બાજુએ ઉભા રાખી કડવીબાઇને પૂછ્યું, બોલો કડવીબાઇ, તમે મારાં આપેલાં દાડમનું શું કર્યું અને તેના ઉપર કેમ ગુજારો ચલાવ્યો? તે બોલી, સાહેબ, મેં દરરોજ એકેક દાડમ ખાઇ તેના ઉપર ગુજરાના કીધા. હવે મીઠીબાઇને તેડી તેણીને પણ બીરબલે તે જ સવાલ કીધો, એટલે તે હાથબક્ષ કરી બોલી, જનાબ એકેક દાડમ ખાઇને બેસી રહીએ તો પેટનો ખાડો પુરાય નહી, તેથી એક રૂપીઆનાં પાંચ લેખે તે વેચી નાંખ્યા તો ત્રીસ દાડમના છ રૂપીઆ ઉપજ્યા, તેમાંથી ત્રણ રૂપીઆના દાણા લીધા, તેના ઉપર આખો મહીનો પેટનો ખાડો પૂર્યો, અને રૂપીઆ ત્રણ હજુ બાકી છે. તે આ રહ્યા, એમ કહી ત્રણ રૂપીઆ બીરબલની ટેબલ ઉપર મુકયા. બીરબલ આ સાંભળી તુરત પોકારી ઉઠયો કે, આ મીઠી ઓરત સાચી છે અને કડવી તદ્દન જુઠી છે, અને તેથી જ રૂપીયાની ચોરી કરનાર કડવી જ છે. આખો દહાડો અન્ન ખાધાવગર માત્ર એક દાડમ ઉપર જીવી શકાય નહી. આમ કહીને કડવીબાઇને ખૂબ ધમકાવી, એટલે તેણીએ માની દીધું કે, મેં એ રૂપીઆ ચોરી ઉડાવી દીધા છે. ઝવેરચંદનો ઝઘડો ભાગી ગયો, એટલે તેણે કગરીને કડવીને માત્ર શીખામણ આપી જતી મુકવા, બીરબલને ભલામણ કીધી એટલે તેણીને શીખામણ દઇ જતી મુકી, અને મીઠીને તેનાં ડહાપણ માટે ઇનામ આપી વિદાય કીધી. બીરબલનો આ ચમત્કારિક ન્યાય જોઇ દરબાર દંગ થઇ ગઇ.

## (૨૫) સમજે તેનું મોત–ન સમજે તેની કમબખ્તી!
## "માલાદ" અને "બહાણ દેવ."

ઘણીક વખતે બાદશાહ બીરબલને ભેદી દ્વિઅર્થી સવાલો કરતો, જેમાંથી એક અર્થ સાદો અને બીજો અર્થ તાણી તોડીને કરે તો કાંઇક વ્યંગમાં ગાલીપ્રદાન સરખો ઉભો થાય. બીરબલ કાંઇ કાચો તો હતો જ નહી એટલે તે મતલબ સમજી જતો, અને તેનો જવાબ પણ પાછો તેવો જ દ્વિઅર્થી આપી ઉભો રહેતો. એમ જ્યારે સામ-સામા બનતું ત્યારે બાદશાહ ઝંખવાણો પડતો, અને બીરબલ પાસે ખોલાસો માગવા તૈયાર થતો. બીરબલીઓ જ્યારે તે ખોલાસો કરતો ત્યારે બાદશાહ પણ ખુશ થતો, અને ઘેરાયલું વાદળ વિખરાઇ જવા પામતું. એવો જ બનાવ એક દિવસે બનવા પામ્યો હતો. તે દિવસે બીરબલ સવારના પોહોરમાં વહેલો યમુનામાં નહાવા ગયો. નાહી ધોઇ, ક્રિયા કર્મ કરી તે માલા જપવા બેઠો. તે બેઠો બેઠો જપ કરતો હતો એટલામાં ભોગ ચોઘડિયે બાદશાહ ત્યાં ફરતો ફરતો આવી ચઢયો. બાદશાહ જુએ છે તો બીરબલ બેઠો બેઠો માલા ફેરવી જપ કરે છે, એટલે તેને કાંઇક મશ્કરી કરવાની ચૂર થઇ આવી. બાદશાહ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો. અને બીરબલ તરફ ફરીને બોલ્યો કે, "બીરબલ માલા દે." બીરબલ સમજી ગયો કે બાદશાહજીને ચૂર થઇ આવ્યાથી આ બેઅર્થી મશ્કરી કરી છે, માટે બાદશાહની પણ વળતી તેવી જ ઠઠોલી બનાવવી. એમ ધારી ક્ષણેક વિચાર કરી પોતે ઓઢેલો દુપટો નદીમાં ફેંકી દીધો. દુપટો જેવો તેવો ન હતો, તે તમામ જરીનો ભરેલો હતો, તેથી બાદશાહે કહ્યું, "અરે બીરબલ, એ દુપટા તો નદી મેં બહા જાતા હે." હવે જ બીરબલની વારી આવી, અને તેણે પણ દ્વીઅર્થી જવાબ દીધો. "હજરત, બહાણ દેવ."

આ સાંભળતાં જ બાદશાહ લાલ પીળો થઇ ગયો. તે બોલ્યો, "અરે બીરબલ તું હમારી ભેણ (બેહેન) મંગતા હે તો કુચ્છ તેરેકુ શર્મ નહી આતી?"

બીરબલ પાસે ઉત્તર તો તૈયાર જ હતો. તે બોલ્યો, "જબ આપ ખાવિંદ, મેરી માકુ મંગો તબ તો કુચ્છ નહી કયું ?"

બાદશાહ આ ઉત્તર સાંભળી ખશ્યાણો પડ્યો, અને સમજ્યો કે હું જે વાકય બોલ્યો તેનો ભેદ કમબખત સમજી ગયો છે ખરો. તેથી તે બોલ્યો. "બીરબલ મૈંને તેરી માકા નામ કબ લીયા ? મૈં તો તેરે પાસ જો માલાથી વો માલા મંગી."

બીરબલે જોયું કે બાદશાહે પોતાનાં બોલેલાંનો અર્થ ફેરવી તોલ્યો ખરો, માટે હું પણ ખોલાસો કરૂં તો ઠીક, એમ ધારીને બોલ્યો "ખાવિંદ મૈં આપકી ભેણુ (બેહેન)કા નામ કબ લીયા ? મૈં તો ઐસા બોલા કે, દુપટા બદ્દા જ જાતા હે સો બેહેન દેવ, આપકી ભેણુ તો મેરીબી ભેણુ, મૈં ઉસ્કા નાઉં કયસા લઉંગા ?"

બાદશાહ આ સાંભળીને બીરબલીઆની હાજરજવાબીથી છક્ક થઇ, શાંત થઇ ગયો અને ખડખડ હસ્વા પડ્યો; અને સમજી ગયો કે "જેસકું તેસા મીલા, સમજે તેનું મોત નહી સમજે તેની કમબખ્તી."

---

## હામદાર, ઠામદાર, કામદાર કે નામદાર શૂર શિરોમણી પણ બાળક આગળ વિસાતમાં નથી !

એક વેળા ભરદરબારમાં અકબરશાહે, બીરબલનું પારખું જોઇ તેની કસોટી કરવાને તેને સવાલ કર્યો કે, રાજાસાહેબ, આ સંસારમાં સર્વ કરતાં બળવાન અને મોટું કોણ ? બીરબલ ચતુર સમજી ગયો કે, બાદશાહ કાંઇક ગાંડો થયો છે, અને તે મારે મ્હોડેથી પોતાની વાહવાહ બોલાવા માંગે છે. પણ જેનું નામ બીરબલ તે કાંઈ ખાંડ્યો જાય ! તેણે વિચાર્યું કે મિત્રનો ધર્મ છે કે સામામિત્રનું અનિષ્ટ થાય. એવો બ્રમ તેને ભરાયો હોય તો તેને રૂચીકર રીતે સમજાવી તેને તે બ્રમણાથી વાળવો.એમ વિચારી તેણે આ જવાબ આપ્યો:—"બાદશાહ સલામત, સંસારમાં રાજાથી મોટું, નાનું બાળક છે." બાદશાહે, આ જવાબ સાંભળ્યો તો ખરો, પણ તેને તે રૂચ્યો નહી. એટલે બોલ્યો, "રાજાજી, કેવીરીતે બાળકને મોટું માનેલું છે તેનો સંપૂર્ણ ખુલાસો થવો જોઇએ" બીરબલે કહ્યું. પૃથ્વિરાજ, ગમે તેવો હામદાર, ઠામદાર, કે કામદાર

કે નામદાર શૂર શિરોમણી નર પણ દિગંબર બાળરાજાની આગળ કુચ હિસાબમાં નથી. દુનિયામાં ચાહે તેવા શૂરવીર કહેવાતા હોય, કે ગમે તેવા મુછપર લિંબુ ઠેરતાં ન હોય એવા આગળ જ્યાં બાળક આડો થઈ બેસે કે તેઓને પણ ગુપચુપ જ મનાવવા પડે છે. માટે જ તે સર્વથી મોટું છે. બાદશાહે કહ્યું કવિરાજ, આ તમારૂં કહેવું ક્યારે માની શકાય કે તે માટે પ્રત્યક્ષ પ્રમાણો આપો. બીરબલે કહ્યું જેવો નામવરનો હોકમ; એકાદ અઠવાડિયામાં પ્રત્યક્ષ પ્રમાણો આણી આપીશ. એ બાદ રાજખટપટની બીજી અનેક વાર્તાઓ દરબારમાં ચાલી. તે પછી એકાદ અઠવાડિયું ખલાસ થયું. એક દિવસે બીરબલ બે વર્ષના એક સુંદર બાળકને નોકર પાસે ઉંચકાવી દરબારમાં આવી બેઠો. આ ચમત્કાર જોતાં બધા દરબારીઓ સમજી ગયા કે આજે બીરબલજી કાંઇક ગમ્મત ઉડાવવાને મનસુબે આ નાનકડાં રમકડાંને જોડે લઇ આવેલા લાગે છે. બીરબલ્યો તે બાળક ઉપર બાદશાહજીની નજર પડે એવી રીતે બેસાડી પોતાને આસને વીરાજી ગયો. બાદશાહની નજર પણ બરાબર તે નાનાં રમકડાં ઉપર ઠેરી ગઇ. તેને પોતે લઈ રમાડવાનો ઉમળકો આવ્યો. તેથી તેણે તે બાળકને પોતાના ખોળામાં લેવાનો યત્ન કર્યો. પરંતુ અજાણ્યાના હાથમાં જવાની તે બાળકે તદ્દન નામરજી દેખાડી, અને કેમે કરતાં પણ તે બાળક બાદશાહના હાથમાં ગયું નહી. વળી તે બાળકે આજ સુધી કોઇ લાંબી દાઢીવાળાને દીઠેલો નહી કે તેના હાથમાં સુદ્ધાં ગયલો નહી. એટલે બાદશાહનો મોટી દાઢી સાથેનો ચેહેરો તેને મનથી તો તદ્દન બાહુ સરખો દેખાય. અને ઘણીક અફાડઝીકપછી તે બાળકને બાદશાહે હાથમાં લીધો, પણ તે નખોદ ગયાએ તો હાથમાં જતાં જ કુદાકુદી કરવા માંડી અને દાહાડીને પણ કાંઈ અજાયબી માની હાથમાં લઈ પીસ્ટાં પીખવા માંડ્યાં, એટલે બાદશાહે અંતે કંટાળીને તેને હાથમાંથી મુકી દીધો, અને મુકી દેતાં બોલી દેવાયું કે આ બાળક બહુ બેદરકાર. મસ્તીખોર અને અનાડી સરખું છે કે, મારા હાથમાં પણ આવતું નથી. બીરબલે સમય આવ્યો જાણી ફટકો લગાવી દીધો, "જહાંપનાહ, એથી જ બાળક સંસારમાં સર્વ કરતાં મોટું ગણાય છે,

કે એને આપના સરખા છત્રધારી છત્રપતિની પણ દરકાર નથી; આપ ભલભલાનું માનમર્યાદા તોડવાને સમર્થ છો, પણ આ બાળ-રાજાનું માનમર્યાદા તોડવાને અસમર્થ છો; કુલ હિંદુસ્તાનમાં આપના તરફ અપમાનભરી રીતે જોવાનીકોઇની તાકાત નથી; પણ આ બાળક તો તે બાબતની લેશ પણ પરવા રાખે તેવું નથી, અને તેથીજ આપના હાથ તરછોડી મિજાજ બતાવી, તોફાન મચાવી દરકાર-રહીત બની બેઠું; આપ ગમે તેવા દોષિતને ગમે તે સજા કરવાને સમર્થ છો; પણ આ બાળકને તેની આ કુચેષ્ટા બદલ સજા કરવા સામર્થ-વાન નથી; તો આપજ ધારી લો કે આપ મોટા કે આ બાળક આપથી મોટું?" શાહ, આ યુક્તિપ્રયુક્તિ ભરેલો જવાબ સાંભળી બહુ ખુશ થઇ ગયો, અને બીરબલને ધન્યવાદ આપવા લાગ્યો, અને આવાં ઉત્તમ જ્ઞાન માટે તેણે તેનો ઘણો ઉપકાર માન્યો. બાદશાહને વળી પૂછવું જ શું? પોતે બીરબલના આ ખુલાસાથી પ્રસન્ન થઇ ગયા તે માટે તેને ઘટતો શિરપાવ આપી વિદાય કીધો.

---

## બીરબલ યોગેશ્વરના વેષમાં!

એક વાર બીરબલ શાહની કાંઇક ઇનરાજીમાં આવી ગયો એટલે શાહે તો તેને એકદમ હોકમ ફરમાવી દીધો કે, તારે મારી હદમાંથી અબી કે અબી ચાલ્યા જવું. બીરબલ "બોત ખુબ જનાબ" બોલી દરબારમાંથી નીકળી ચાલ્યો. ઘરે ગયો, અને ત્યાંથી વેષ બદલી ગામે ગામ ફરવા માંડ્યું. ફરતાં ફરતાં એક ગામ તેને હાથ લાગ્યું કે જ્યાં થોડો વખત છુપા વેશમાં પડી રહેવાની ગોઠવણ કીધી. દિવસ પછી દિવસ ચાલ્યા જાય છે, તેવામાં બાદશાહજીને પણ બીરબલની ગેર-હાજરી સાલવા માંડી, એટલે તેણે ગામેગામ તેની શોધ કરવા માંડી. પણ બીરબલ બચ્ચો એવો તે શું કાચો હોય કે કોઇના હાથમાં સપ-ડાય, તો જો કે ઘણીક વેળા તે પોતાને કોઇ કોઇ નવા માણસોના સમાગમમાં આવેલો જોતો એટલે પામી જતો કે આ માણસ મને શોધવા જ આવ્યા છે, અને તેમ જયારે તે જાણતો ત્યારે તે વધારે અજાણ્યો થઇ જઈ તરેહવાર રીતે તેઓને ઉડાવતો. અંતે એ પ્રમાણે

છ માસ ઉપર ગુજરી ગયા, અને બીરબલે જ્યારે જોયું કે રાજાજી, આપણા વગર ખુબ અધીરા બની ગયા છે, એટલે હવે છતા થવાની કાંઇક તદબીર રચવા માંડી. એક દિવસે, તેણે મહા યોગેશ્વરનો વેષ ધારણ કરી દીધો. દાઢીની જટા પણ બહુ મોટી વધારી દીધી, માથે પણ વાળનો ઢગલો બનાવ્યો, ખુબ મોટું તિલક કપાળે ખેંચ્યું, શરીરે ભગવાં વસ્ત્ર પેહરી લીધાં, હાથમાં મોટી માળા લીધી અને જાણે જપ જપતો હોય તેમ ગામથી ચાલી નીકળ્યો. તેવા જ વેષે તે ગામેગામ થઇ ખુદ દિલ્લી શેહેર બાહેર આવેલાં એક મંદિરની બાજુમાં આવી બેઠો. ત્યાં આવતા જતા લોકો આવા એક યોગેશ્વરને જોઇને તેને નમન કરતા. અને તે સઘળાઓને બીરબલ તેમને ઓળખી તેમનાં નામ દઇ બોલાવતો. એટલે દરેક જણ આશ્ચર્યમાં ગરકાવ થઇ જતા કે આ યોગેશ્વર તો પોતાનાં તપોબળથી બધાંને ઓળખી કહાડે છે. આ વાત રાજમેહેલ સુધી ગઇ અને રાજા સાહેબે-તે સાંભળી વિચાર્યું કે આમાં કાંઇ ભેદ તો હોવો જ જોઇએ; કાં નહી બીરબલ્યો પોતે જ આવો વેષ ધારણ કરી આવી પોહોંચ્યો હોય! એવો વિચાર કરી એક દિવસે બાદશાહ પણ છડી સ્વારી સાથે ત્યાં જવા નીકળ્યો, એમ કરતાં તે યોગેશ્વર હજુર આવી ખડો થયો. યોગીરાજે ઓળખી લીધો કે આ બીજા કોઇ નહી પણ બાદશાહ જાતે જ છે. એટલે તેણે મૌન ધારણ કર્યું અને જેમ બધાને ઓળખી તેઓને તેમનાં નામ દઇ બોલાવતો હતો તેમ બાદશાહને બીલકુલ બોલાવ્યો નહી. બાદશાહ આથી વિસ્મય પામ્યો, અને બોલ્યો, મહારાજ રાજેશ્વર, જેમ આપે બધાને નામ દઇ બોલાવ્યા તેમ આ સરકારને તેવું માન આપવામાં પછાત કેમ પડ્યા? બીરબલ યોગીરાજ તો હસ્યા, અને બાદશાહને કહ્યું કે તમારી શંકા ખરી છે, પણ તમે કૃપા કરી તમારી સાથવાળા બધાઓને વિદાય કરી મેલો તો આપ કોણ છો તે હું ઝટ તમોને કહી આપીશ. બાદશાહે તુરત જ દરેકને ત્યાંથી ખસવા દુર કીધા, એટલે તે તકનો લાભ લઇ યોગીરાજ બોલ્યા, નામવર શાહોના શાહ, હું તમોને ન પીછાણું એમ તો બને જ નહી, પણ આપ ખુદાવિંદ આ મહાન નગરીના રાજકર્તા છો. આટલું બોલી તેણે પોતાની ઓળખ

આપ્યા વગર જ ગુપચુપ માળા ફેરવવા માંડી. બાદશાહ તો મનમાં સમજી ગયો કે આ તો જયાં છે ત્યાં બીરબલ જ છે, એટલે ખુશાલીનો ઉભરો બતાવી તે બોલી ઉઠયો, "તું બીજો કોઇ નહી પણ બીરબલ પોતે જ છે." બીરબલ પણ આ સાંભળી ચોંકયો, અને તે ચોંકથી તેના હાથમાંથી માળા પણ પડી ગઇ, અને બોલી ઉઠયો; હા, મહારાજ, હું જ આપનો દાસ, બીરબલ છું. આ પછી બંને વચ્ચે કાંઈ ઘુસપુસ ચાલી પણ કોઇ સાંભળી શકયું નહી. આ પ્રમાણે રાત પડી ગઇ એટલે બધા વિદાય થઈ ગયા. બીજી સવારે બધા પાછા યોગેશ્વરની મુલાકાત લેવાને મંદિર આગળ ગયા, તો નહી મળે બીરબલ કે નહી મળે કોઈ બીજું. તેટલાં તો બીરબલજી, પાલખીમાં બેસી મેહેલમાં પધારતા જણાયા. આ બનાવથી આખા શહેરમાં ખુશાલી પથરાઈ રહી.

## કંજુસનાં કર્મની કહાણી—આખું કોહોરૂં શાકમાં નાખવા નિકળેલો લુહાર.

દિલ્લી શહેરમાં એક બખીલ વસ્તો હતો. તેના પાસે અઢળક ધન જમા થયલું હતું, છતાં તેનો ઘરનો વહિવટ કે તેનો પોતાનો કે બીછોકરાંનો હાલ જુઓ તો નકરો ભિક્ષુક. પોતે તો એક દોકડો વાપરે તેવો ન હતો, પણ કોઇને તે ખરચ કરતાં જોતો કે તેનું સવાશેર લોહી ઉકલી આવતું. કવિ ગંગનું પણ કંજુસ વિષે નિચલું કથન છે અને તે આબાદ આ સુમને લાગુ પડે છેઃ—

છપ્પા.

સુભ કવિત સાંભળી, શીશી પટકાયા ને રોયા;
આવત દીઠા ભાટ, ભગંદર ઘરમેં સોયા;
કામિની પૂછે કંથ કહા હૈ પીર તુમ્હારે,
હળવે બોલ ગંવાર, ભાટ ઉભા છે બારે,
બાપે દીધ દાદે ન દીધ, હમ ન દીધ સુપને,
કવિ ગંગ કહે સુણ ઠકરો; સુમ કવિત કૈસે સુને?

ખરૂં કહીએ તો આ આપણા કંજુસે અખૂટ ખજાનો ભેગો કર્યો હતો, અને ખરચમાં તો એક દોકડો પણ છૂટતો નહી. તે જ્યારે ત્યારે બોલતો કે કરકસર એ લક્ષ્મીવાન થવામાં માતાતુલ્ય મદદ આપે છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે, લક્ષ્મીની ત્રણ અવસ્થા છે; પેહેલી તો એ કે તે ખાનપાન, એશઆરામમમાં વપરાય, બીજી તો એ કે દાન દેવામાં વપરાય છે; પણ જો એ બંને અવસ્થા ન થાય તો ત્રીજી એ જ થાય છે કે તે એક ઠેકાણે ઉભી રહેવા માંગતી નથી; એટલે કે ચોર, ઠગ, કે રાજા લૂટી ઠગી જાય, કે આપ મેળે નાશ પામી જાય; કોઈ ધાલી જાય, કે જળ અગ્નિના કોપથી નાશ પામી જાય. ત્યારે આ કંજુસના ધનભંડારની પણ ત્રીજી અવસ્થા થવા પામી. એક દિવસે અધંરાત્રિએ ઓચિંતી અગ્નિમાતાએ તેના ઘરમાં પ્રવેશ કરી હોળી સળગાવી, જેથી જોતજોતાંમાં તેનું બધું સફા-ચટ થઈ ગયું. તે જોઈ આ કંજુસનો દાદો તો હાયવરાળ કરતો જાય, ને કાંઈ નજ સુઝે એટલે બાળબચ્ચાંને જેમ તેમ બચાવી પેહેરેલે કપડે ઘરમાંથી બહાર પડ્યો. મેલેલું, સંતાડેલું કે દાટેલું જ્યાં ને ત્યાં પડતું રહ્યું. ન તો પોતે ખાધું, ન તો કોઇને ખવડાવ્યું, અને છેવટે એ જ આવ્યું કે મધમાખીએ સંગ્રહ કરેલાં મધનો જેમ નાશ થાય તેમ નાશ થઈ ગયો. એક દમડીનો નાશ થતાં તેનો જીવ જળી જતો તો, આ અત્યારે સર્વસ્વ બળતું જોઈ તેની બહુ ભુંડી દશા થઈ ગઈ. બેબાકળો બની જેને તેને કહેતો કે, ભાઈ પેલા ઓરડામાં એક પેટી છે તે કોઈ બચાવી લાવે તો જે માગે તે આપું. જો કે આ પ્રમાણે તે બોલતો તો પણ તેના ચાલુ દેખાવ અને રહેણીકરણી ઉપરથી કોઇના માનવામાં પણ નહી આવતું કે આ કંજુસ્યા પાસે કાંઈ ધન હશે. છતાં ઘડી ઘડી તે એકનો એક બોલ બોલતો જતો અને છાતી-ફાડ હાયવરાળ કરતો. તે જોઈ એક લુહાર સામો આવ્યો અને ધીરો પાડી તેને પૂછ્યું કે તમારા પાસે કેટલું ધન છે? કંજુસ બોલ્યો કે મારા પાસે લાખોની સોના—ઝવેરાત વગેરેની મતા છે, અને તે તમામ હું જે પેટી કહું છું તેમાં જ છે. માટે જો તે કોઈ બચાવી આપે તો તે જે માંગે તે આપું. લુહારે હિમ્મત કરી કહ્યું. જીવના જોખમે

હું એ પેટી બચાવું તો તેમાંથી જે નીકળશે તે પૈકી મને પસંદ પડશે તે તમને સોંપીશ. કંજુસે ધાર્યું કે, આ માણસ કદાચ લઇલઇને અડધું લેશે તો અડધું તો મારે હાથ આવશે; બધું જાય છે તેમાં તેટલું પણ મળે તો તે શું ખોટું છે? એ પ્રમાણે વિચાર કરી તેણે લુહારની સરત કબુલ રાખી. લુહાર પણ પૈસાની લાલચે પોતાના જાનની પણ દરકાર ન કરતાં બળતાં ઘરમાં પેઠો, અને કંજુસે બતાવેલા ઓરડામાંથી પેલી ચોક્કસ પેટી બાહાર ખેંચી લાવ્યો, ને તે પેટી પેલા કંજુસ આગળ રજુ કરી. તે ઉઘાડી તો અંદર અઢળક ધન ભરેલું જણાયું, જે જોઇને લુહારજી પણ ચકિત થઈ ગયા, અને તેવણનું મન પણ ચળિત થવા લાગ્યું, અને બાપડા કંજુસને માથે હાથ મુકાવવાની જ બાજી રચી. તે મનમાં બોલવા લાગ્યો કે આ જીવસાટે ઉગારેલી પેટીમાંથી નીકળેલું ધન શું એને આપી દેવું? "મને જે પસંદ પડશે તે દઇશ" એવો મારો કરાર છે, માટે આ પેટી મને પસંદ પડે છે તો પેટી એને આપી બીજું હું પચાવી લઉં, તો મને કોણ રોકનાર છે? હું કદાચ વળી મુવો હોત તો એનું શું જવાનું હતું? માથું કોરાણે મુકી જીવ સટોસટ મેં આ કામ કીધું છે તો તે બધો માલ પણ હું ખાઇશ. એણે આ બધું ધન કૃપણપણે એકઠું કર્યું તો એ માત્ર તે કામ માટે જ સરજાયલો, અને વાપરવાની સરજત મારી હશે એટલે મારા હાથમાં આવ્યું છે, તો હું જ તેનો લ્હાવો લઈ લઉં; મેં થોડી ચોરી કે ઠગાઇ કરી છે કે તેની વાત; જો કદાચ એમાં કાંઈ પાપ જેવું ગણાતું હશે તો હું દાનપુન કરી તે પાપ ધોઇ નાખીશ. આમ મનમાં મક્કમ વિચાર બાંધી, પેટી બધી ઠાલવી કહાડી અને માલ બધો પોતાને પોટલે બાંધી ખાલી પેટી પેલા કંજુસને હવાલે કરી.

આ જોઇ કંજુસ તો બાપડો આભો જ બની ગયો, અને બોલવા લાગ્યો, ભાઇ આમ આખું કોહોરૂં તે શાકમાં જાય ખરૂં? જો તમે મારો આ માલ બચાવ્યો છે તો તેમાંથી અડધો તમે લેવ ને અડધો મને આપો તોએ વાંધો નથી, પણ માત્ર છેક અવધી જ કરો છો તે ઠીક કહેવાય નહી. જો માલ બધો તમો ગડપ કરો અને ખાલી પેટી મારે કપાળે ચોંટાડો છો તો પછી તમે માલ બચાવ્યો તે શું,

ને નહી બચાવ્યો તો શું? જરા વિચાર તો કરો કે મારા જેવો બખીલ તે પણ તમને અડધો ભાગ આપવા તૈયાર છું અને તમે બોલેલું વચન પાળતા નથી એ થોડા ખેદની વાત છે? માટે સ્યાણુ-પણુ વાપરી જે ધ્યાનમાં આવે તે લઇ બાકીનું મને ઝાંસી દો તો ઇશ્વર પણુ રાજી.

આ પ્રમાણે બંને વચ્ચે જબરી તકરાર ચાલી, પણુ લુહારભાઇ તો "સો તારી રામદુહાઇ પણુ એક મારૂં ઉંહું" એ જ હઠ પકડી બેઠા. એમ જ્યારે બંને વચ્ચે કાંઈ સમજુતીનું છેવટ નહી જ આવ્યું ત્યારે અંતે કંજુસકાકા તો ન્યાયમંદિરે દોડયા. તેણે સઘળી હકીકત બાદ-શાહને કહી સંભળાવી, અને બાદશાહે એનો ન્યાય કરવાનું કામ બીરબલને સોંપ્યું.

ડાવકા બીરલબલને મનથી આ ન્યાયનું કામ તો વિસાતમાં ન હતું. તેણે બંનેને પોતાની પાસે તેડાવ્યા. બંનેની જુબાની નોંધી લીધી અને વધારામાં જે કાધુ તે એજ કે બંને વચ્ચે કેવા શબ્દોમાં કબુલાત થઈ હતી તે બંને જણુ પાસે તેમના જ અક્ષરથી લખાવી લીધું. લુહારે ખુલ્લું લખી દીધું કે "મને પસંદ પડે તે માલ, ધણીને આપું." આટલું કરી બીરબલજીએ બંનેને થોડોકવાર રહીને હાજર થવા હોકમ કીધો. તે બંને પણુ શું થાય છે તે જાણુવા ટાંપી રહેલા, બીરબલ હજુર રજુ થયા. તેમને બેસાડી બીરબલે પૂછ્યું, તમોએ જે કરાર લખેલો છે તે તમોને કબુલ છે? બંને બોલ્યા, જી, હા, અમારે અમારૂં લખેલું કબુલ વ મંજુર છે. બીરબલે તે પછી લુહારને પૂછ્યું, ભાઇ, તમને આ પેટી અને માલ છે, તેમાંથી શું પસંદ છે? લુહારે કહ્યું, જી, મને માલ પસંદ છે. "જો માલ પસંદ પડતો હોય તો તે આ માલ આ તેના ધણીને આપી, તમે આ પેટી ઉપાડી રસ્તે પડો, કેમકે તમારો પોતાનો જ કરાર છે કે **તમને જે પસંદ પડશે તે સામા ધણીને આપશો**, તો તમારી પસંદગી માલ ઉપર ઉતરી છે તો તે કંજુસકાકાને સોંપી દેવો; અને પેટીનું ખોખું ઉપાડી તમે ચાલતા થાવો; ચું કે ચાં કરવાની કશી જરૂર નથી. કરાર પ્રમાણે જ તમારો ન્યાય થયો છે, અને તે પ્રમાણે જો તમારે ચાલવું ન હોય તો

તેમ તુરત બોલી દ્યો કે ન્યાયનું અપમાન કરવા અને દરબારને નાહક કંટાળો આપવાના વાંક માટે તમોને ઘટતી સજા કરવામાં આવે. બોલો હવે કયો માર્ગ તમને પસંદ છે ? આ પ્રમાણે ન્યાય થયલો સમજી લેને ગઈ પૂત તો ખોહી આઈ ખસમ જેવી વાત થતી જોઈ, લુહાર બાપડો ખાલી પેટી ઉપાડી ગુપચુપ ચાલી ગયો. તે ગયા પછી બીરબલે પેલો તમામ માલ પેલા કંજુસકાકાને સોંપી દઈ તેને તે ધનનો સદ્ઉપયોગ કરવાની બે શિખામણ દઈ વિદાય કર્યો.

———:o:———

## બીરબલના દાનાઈ ભરેલા હાજર જવાબો.

એક દિવસે દરબાર ભરાઇ હતી. સર્વે દરબારીઓ પોતપોતાની જગાએ બીરાજ્યા હતા, બાદશાહ પણ ઠકેરાબંધ આવી બીરાજ્યો હતો. બીરબલ પણ મૂછ્યાં મરોડતો પોતાની જગાએ બેઠો હતો. દરેક જણ એક બીજાનું મોહોં જોઇ રહ્યા હતા, પણ કોઇ મોહડેથી ચવરતું નથી, કે નથી ગડબડીઓ બીરબલીઓ પણ કાંઈ ચીલઝડપ બતાવતો. એમ જોઇબાદશાહે જ ચુપકીદી તોડી અને બીરબલની કસોટી કરવા માંડી. તેના તરફ જોઇ તે બોલ્યો, કેમ બીરબલજી, આજ કાંઇ ચુપકીદી પકડી બેઠા છો ? કોઈ વિષય ઉપાડો કે દરબારનો વખત જાય અને જ્ઞાન ગમતનો ગોળો ગબડતો થાય. બીરબલે જવાબ આપ્યો, જહાંપનાહ, દરબારમાં એકેક કરતાં એકેક સરસ જોધાઓ વિરાજમાન છે, અને તેઓ તરફથી કાંઈ શરૂઆત થવી જોઇએ છે. બાદશાહે તે સાંભળી પોતે જ જુબાન ઉપાડી અને કાંઇક સવાલ જવાબ કરવા માંડ્યા. તે બોલ્યો, મારા દરબાર શોભાવક દીવાનજી, આજ કાંઇક ગૂઢ પ્રશ્નોના ખુલાસા હું તારા પાસે મેળવવા ચાહું છું તે તું મને આપશે ? હા, ખુદાવિંદ, બીરબલ બોલ્યો, મારી યથાશક્તિ ખુલાસા આપીશ.

શાહ—દરેક પ્રાણીમાત્રની નજરે સૂર્ય અને ચંદ્ર જણાય છે, તે સૂર્ય—ચંદ્રના પ્રકાશથી સઘળી વસ્તુઓ નિહાળી શકાય છે, છતાં એવી કોઇ વસ્તુ હશે કે સૂર્ય—ચંદ્રના પ્રકાશમાં પણ ન જણાય ?

બીરબલ—તેમના પુર પ્રકાશ છતાં બાપડા આંધળા કાંઈ જોઇ શકતા નથી.

સ૦—જગતમાં કોનો વિશ્વાસ નહી કરવો ? જ૦—આંખે કાણો, હાથે ઠુંઠો, પગે લુલો, અને ટુકી ગર્દનીઆ—એ ચારે ખોડિયલોથી અલગ રહેવું સારૂં છે.

સ૦—નીમકહરામ કોણ ? જ૦—આપણું ખાઇ આપણુંજ બુરાંમાં ભલું માને તે કટ્ટો નીમકહરામ કહેવાય છે.

સ૦—નીચમાં નીચ કોણ ? જ૦—દેશનો દુશ્મન તે નીચમાં નીચ જાણવો.

સ૦—ઇશ્વર શું ખાતો હશે ? જ૦— જહાંપનાહ, ઇશ્વર અહંકારને ખાય છે.

સ૦—ઇશ્વર શું કરે છે ? તે કયારે હસે છે ? તે કયાં રહે છે ? જ૦—ઇશ્વર, રંકને રાય અને રાજાને રંક બનાવે છે; જીવાત્માની વારંવાર બેવચનીપણાની કુટેવથી હસે છે, અને તે સર્વત્ર રહે છે.

સ૦—બુરામાં બુરી કઇ વસ્તુ છે ? જ૦—એકાન્ત, બુરામાં બુરી ચીજ છે.

સ૦—કયી સ્ત્રી કોઇની થઇ નથી અને થશે પણ નહી ? કયી સ્ત્રી પાણીના રેલા પેઠે વહી જાય છે ? જ૦—પૃથ્વી; લક્ષ્મી પાણીના રેલાની માફક વહી જાય છે.

સ૦—ક્ષમા રાખવામાં કોણ સરસ ? જ૦—ધરણી.

સ૦—કયી ત્રણ ચીજોનું ભવિષ્ય કોઇ જાણી ન શકે ? જ૦—વરસાદ, મોત અને મોધારત, એ કયારે થશે તે કોઈ જાણી શકતું નથી.

સ૦—આખર અવસ્થાએ સાચું કુટુંબ કયું ? જ૦—ક્ષમારૂપી માતા, સત્યરૂપી પિતા, જ્ઞાન અને ધર્મરૂપી ભાઇઓ, દયારૂપી દાસી, શાંતિરૂપી નારી, અને સત્કર્મરૂપી પુત્રો, એ આખી અવસ્થાએ સાચું કુંટુંબ છે.

સ૦—કયો દુશ્મન કોઇથી ન જીતાય ? જ૦—મોત.

સ૦—કોનું ઓષડ નથી ? જ૦—સ્વભાવનું.

સ૦—કયો માણુસ સાલસ સમજવો ? જ૦—જેની આંખોમાં શરમ હોય તેને.

સ૦—કોણ બળવાન છે ? જ૦—વખત બળવાન કહેવાય છે.

સ૦—કેમ માણુસ બળવાન નહી ? જ૦—સાંભળો ત્યારેઃ—
કહત વખત બળવાન હૈ, નહી પુરૂષ બળવાન;
અર્જુનકો કાબે લૂંટ્યો, ઓઇ ધનુષ્ય ઓઇ બાણુ.

અર્જુન એક વખત સારા ભરતખંડનો રાજા થયો હતો. એક સમયે દ્વારકાથી ભગવાનની રાણીઓને લઇને તે હસ્તીનાપુર જતો હતો, ત્યારે કાબાએ રાણીઓને માર્ગમાં લુટી લીધી, એ વખતે પણુ એનાં એ ધનુષ્ય અને એ જ બાણુ તેના પાસે હતાં, છતાં તે કાંઇ કામ આવ્યાં જ નહી, માટે સમય બળવાન કહેવાયો છે.

સ૦—કલિયુગ કયાં સમજવો ? જ૦—જ્યાં કુસંપ હોય ત્યાં.

સ૦—કોણુ આંધળો છે ? લંપટ થવામાં શું દુઃખ ? જ૦—ઇશક આંધળો છે; શરીરમાં વ્યાધિ વધે અને ઇશ્વરનો ચોર થઈ નરકમાં જવું પડે એ લંપટ થવાનાં દુઃખ છે.

સ૦—વગર પાદશાહીએ પાદશાહ કોણુ ? સ૦—બેપરવા માણુસ વગર પાદશાહીએ પાદશાહ ગણુાય છે.

આ સઘળા હાજર જવાબો સાંભળી તમામ દરબાર આનંદાશ્ચર્યમા ગરકાવ થઇ ગઇ, અને સર્વ કોઈ બીરબલનાં ચાતુર્ય માટે વાહવાહ બોલવા લાગ્યા.

## બીરબલ રંગ છે તારી બુદ્ધિને! મોંહોમાં નાખેલો કોળીઓ પાછો કાઢયો !

એક દિવસે રાત્રે અકબરશાહ વેષ બદલી નગર ચર્ચા જોવા માટે, પ્રજા સુખી છે કે દુઃખી છે તે જાણુવા માટે બાહાર પડ્યો. રસ્તે ચાલતાં તેની નજર, એક ગોરી ચતુર છેલા રતિ રમવા માટે આવતા જતા છબીલાઓ તરફ એકી ટસે જોઈ રહેલી તેના ઉપર પડી. રાજાને જોઇને તે છબીલીએ તેને કટાક્ષ માર્યું, એટલે શું ચમત્કાર બને છે તે જોઈ લેવાને તે તેણી જોડે ચાલતો થયો. બંને જણુા એક રંગમેહેલમાં દાખલ થયાં. દાખલ થતાંની સાથે તે ચતુરાએ રાજાને પોતાના મન મનોરથને સફળ કરવાના હેતુથી સેજપર બીરાજમાન કીધો. તેને ત્યાં બેસાડી તે ચતુરા તે આવનારની ચતુરાઇની

પરીક્ષા લેવાના ઠરાવે દિવાનખાનામાં ગઈ, અને દુધનો કટોરો આપી દાસીને ફરમાવ્યું કે, તે આવનારને આપી સવાલ કરવો કે દુધ શાનું છે? દાસી હોકમ પ્રમાણે કટોરો લઈ રાજા સમક્ષ આવી. નથી દાસી તેને ઓળખતી કે નથી પેલી ચતુરા તેને પીછાણતી. કટોરો રાજાના હાથમાં આપી પૂછ્યું કે, છબીલા આ દુધ શાનું છે? રાજા તો કટોરો હાથમાં લઈ ચેતી ગયો અને દાસીને કહ્યું કે દુધ ગાયનું કિંવા ભેંસના જેવું છે. દાસીએ અંદર જઈ તે ખબર પેલી રંગીલીને આપી કે તુરત તે સમજી ગઇ કે આવેલો માણુસ તો ઓલિયાના પીર જેવો છે, અને તે મારા જોડે શું રંગ રમવાનો છે. છતાં બીજી પરીક્ષા કરવાના હેતુથી ગુલાબનાં પુલની એક છાબ ભરી દાસી સાથે મોકલી. રાજાજીએ તો તે છાબ દાસીના હાથમાંથી લઈ પલંગ ઉપર ઉંધી વાળી. દાસીએ જઇ એ વાત પણ શેઠાણીને કહી એટલે તે તો કટાણું મોહોં કરી બોલી કે આ બાપડો ઓલિયો મારા જોડે શું રંગ રમી ગમત આપશે? છતાં એક છેલ્લી પરીક્ષા કરી જોવાના હેતુએ તેણીએ દાસીને અતલસનો એક તાકો તેની ઘડી ઉકેલી નાંખી તે રાજા પાસે મોકલ્યો અને દાસીને કહ્યું કે તે અણઘડને કહેજે કે આ તાકાને પાછો ઘડી કરી આપો. દાસી તે તાકાને ડુચો લઈ રાજા પાસે આવી કહેવા લાગી કે આ તાકાને ઘડી કરી આપો. રાજાએ તે ઘડી કરવાને ઘણાં ફાંફાં માર્યાં પણ કાંઈ વળ્યું નહી, એટલે કંટાળીને તાકો ભોંય ઉપર ફેંકી દીધો. દાસી આ મામલો જોઈ ઉદાસ મોહોં કરી શેઠાણી આગળ ગઈ, અને બનેલી હકીકત કહી દીધી અને બોલી કે બાઇ, શીદને એ અણઘડ જોડે માથાકુટ કરો છો, તેના જોડે રંગ રમવો ન હોય તો તેને રૂપીઆ આપી દો એટલે પત્યું. શેઠાણીએ તે કબુલ કીધું અને દાસીને હોકમ કીધો કે તેને પાંખડું ઝાલી બાહાર હાંકી કાઢ. અને તું બાહાર જઇ કોઇ બીજા રસિક ફાંકડાને શોધી લાવ. દાસીએ તેમ કર્યું. રાજાજીને રૂપીઆ આપી દીધા અને તેને હાંકી કાહાડ્યો, અને તેની પુઠે પાછી રસ્તે પડી. હવે અહિં બનાવ શું બને છે? તેઓ એક તરફ ધસમસતાં હતાં તેટલાં બીજી તરફથી આપણા બીરબલજી વેષ બદલી નગરચર્યા કરવા નીકળેલાં

દાસીના જોવામાં આવ્યા. રાજાને એક તરફ છોડીને દાસી તેના તરફ દોડી. રાજાએ બીરબલને તુરત પીછાણ્યો; પણ શું બનાવ બને છે તે જોવા એક તરફ છુપાઈ રહ્યો. દાસીએ તેના આગળ જઈ પોતાની રસીલી છબીલી શેઠાણીની વિરહપીડા શાંત કરવા પધારવાનું આમંત્રણ કીધું. બીરબલે તુરત તે આમંત્રણ સ્વીકારી લઇ દાસી જોડે ચાલવા માંડ્યું. એમ કરતાં રંગમેહેલ આવી લાગ્યો અને બીરબલ તેમાં દાખલ થયો. દાસીએ જઈ શેઠાણીને ખબર આપી, તેટલાં બીરબલ સેજ ઉપર નહી બેસતાં અલગ ઉભો રહ્યો. તપાસ કરતાં તે પલંગ તેને દાસીનો લાગ્યો તેથી તેને અડકયો શુદ્ધાં નહી. આ સમાચાર શેઠાણીએ જાણ્યા એટલે તે મનમાં મગ્ન થઈ કે આ કોઈ ખરેખરો રસિયો લાગે છે. તેણીએ દાસીને હુકમ કરી દુધનો પ્યાલો મંગાવ્યો. દાસીએ તે લાવી બીરબલ આગળ ધરી તેને આગળ પેઠે સવાલ કીધો. બીરબલે જવાબ દીધો કે "મારૂં દુધ બ્રાહ્મણનું છે." આ સાંભળી પેલી છબીલી મનમાં ખુશી થઈ કે આ તે કોઈ નર ખરો રંગીલો છે. તે પછી તેણે દાસી પાસે ફુલની છાબ મોકલી. દાસી તે લઈ આવતાં, બીરબલે છાબમાંથી બે સુંદર ગુલાબનાં ફુલ ચિંચકી લઇ દાસીને કહ્યું કે તારી બાઇને કહેજે કે તારા ને મારા સિવાય આ છાની વાત કોઇ પણ જાણી શકનાર નથી. આટલેથી સંતોષ નહી પામતાં ચોળી નાંખેલા અતલસના તાકાને ઘડીબંધ બનાવવા માટે મોકલ્યો. તે તાકાને લઈ બીરબલે બરાબર ઘડી બેસાડી, દાસીને કહ્યું કે તારી બાઇને જઇને કહે કે, નિર્ભયતાથી તારી મનોકામના પૂર્ણ કરવાને તત્પર થા, શીદને અકળાય છે, ઉન્મદ બની મર્યાદા લોપવા જતાં ડર રાખવાથી કદી પણ કાર્ય સિદ્ધ થતું નથી. ન કરે નારાયણ, કદાચ આ છાની વાતને વા લઈ જશે તો તે વાતને ઢાંકી દેવાની મારામાં શક્તિ છે. દાસીને મોહડેથી આ વાત સાંભળીને તે છેલછબીલી સણગાર સજીને ઝાંઝરનો રણકારો કરતી આવી, બીરબલનાં પાસામાં ભરાઈ અને બંનેએ વીરહઅગ્નિને તૃપ્ત કરી શાંતિ કરી. સંપૂર્ણ સંતોષ થતાં જ બીરબલજી ત્યાંથી જવા નીકળ્યા. આ તરફ બીરબલના આ તમામ રંગ, પેલા ઝંખવાણા પડેલા રાજાજીએ છુપા-

ઇને જોયા હતા. તે મનમાં તો ખેદ પામ્યો, પણ ખરા ઉદ્ગાર કાઢ્યા વગર રહેવાયું નહી કેઃ ધન્ય છે તારી બુદ્ધિને બીરબલ! તારા જેવી બુદ્ધિ જો મારામાં હોત તો હું આ છબીલીના હાથ ઉપર તદ્દન મૂર્ખ બની નીકળ્યો તેમ કદી નીકળત નહી; પણ હવે ખરો અક્કલબાજ આ બ્રાહ્મણ છે માટે આ વાત પૂછી જાણી લઇ તેનાથી ડહાપણ શીખું. બાદશાહ મનમાં તો વિચારવા લાગ્યો કે, બીરબલ કદી પણ આ છાની વાત મારા આગળ ખુલ્લી કરવાનો તો નથી જ, પણ જોઉં તો ખરો કે તે માટે તે શું કસોટી લડાવે છે? બીજે દિવસે સકાળેથી તૈયાર થઇ તેણે નોકરોને મોકલી બીરબલને બોલાવી મંગાવ્યો. બીરબલ લગાર ગભરાયો તો ખરો, કે કોણ જાણે રાતે જે પેહલો પુરુષ પેલી છબીલી આગળ ગયો હતો તેને મૂર્ખ ઠરાવી હડસેલી કહાડ્યો હતો તે રાજા પોતેજ તો ન હોય! ગમે તેમ હોય પણ રાજાનું તેડું આવ્યું એટલે જવા વગર છુટકો તો હતો જ નહી. અંતે બીરબલજી ઠાવકા થઇ પોષાક સજી અકબરના મેહેલમાં ગયા. બીરબલને જોઇને બાદશાહે મોં મલકાવી બીજી ત્રીજી વાત કરી, સવાલ કીધો કે, "કયું બીરબલજી, કલકી રાત કીધર ઓર કયસી ગુજારી? ડરના નહી, ખુશ હો કે સબ સચ્ચા કહેના, એહ ન્યાયકી બાત હય." બીરબલ સમજી ગયો કે બાદશાહે બધી વાત જાણી છે, અને છબીલીને ત્યાં પ્રથમ આવનાર પુરુષ પણ પોતે જ છે. માટે હવે તો યુક્તિ લડાવવા વગર છૂટકો નથી. થોડાક વાર વિચાર કરી બીરબલે જવાબ દીધો કે, "ખુદાવિંદ, આપકા નોકરને કલકી રાત બીછાનેમેં ગુજારી, ઓર મેં કુછભી જાણતા નહી." આ જવાબ સાંભલી શાહ તો તપી ગયો અને સીપાઇઓને હુકમ કીધો કે "એ બીરબલકુ મેહેલકી પીછલી બારીએ ઉંધે શીર લટકા દો; જબ મેરેકુ બાત કહેનેકુ ચાહે તબ ઉસકુ ઉપર ખીંચ લે કે મેરે પાસ લાના." આ હુકમ સાંભળતાં જ સીપાઇઓએ તો ઘડામાં દોરી નાખી તેને કુવામાં ઉતારે તેવી બીરબલની દશા કરી. આ બનાવ પેલી રસીલીએ પોતાના મેહેલના ઝરુખામાં બારીએ બેઠાંબેઠાં જોયો. એટલે તે સમજી કે અહાહા, રાતે મારા જોડે રતિક્રિડા કરનાર માણસ જ છે અને તે બીરબલ જ

છે, અને પેહલો આવેલો શખ્સ તે શાહ પોતે જ હોય એમ લાગે છે. તેમ જોઇ તેણીએ દાસી પાસે એક ટોપલો ભરી રૂપિયા મોકલી દીધા, અને ત્યાં હાલવી આવવા હોકમ કીધો. આ જાણી બીરબલ સમજ્યો કે આ બધું પેલી પ્રિયાએ જ મારે ખાતર કીધું હોવું જોઇએ. એમ ધારી બીરબલે પેલા સીપાઇઓને હુકમ કીધાથી તેને પાછો ઉપર ખેંચી લીધો. બીરબલ રાજા હજુર ખડો થયો અને બોલ્યો, “હજુર મેં યેહી કહેનેકુ મંગતા કે કુછ નજરાણા લે કે આ ગરીબ બમ્મનકુ છોડ દેના ચાહિયે.” રાજાજી તો સમજે જ શાના? તેમણે તો હુકમ કીધો કે એને લટકાવી દો. સીપાઇઓએ પાછો તેને બાપડાને બારીએથી ઉંધે મસ્તકે લટકાવ્યો. આ બધો મામલો પેલી છબીલી બારીએ બેસી જોઇ રહી હતી તે બહુ ખેદ પામી કે મારી વાત છુપી રાખવાને આ માણસ આટલું કષ્ટ વેઠે છે, એટલે તેણે બધા દરદાગીના, ઝરઝવેરાતની એક દોહણી ભરીને દાસીને આપી અને કહ્યું કે તે બીરબલ આગળ લઇ જઇ હાલવી આવ. આ દોહણીની સમસ્યા એ હતી કે ‘રાજા હજુર ભેદ ખુલ્લો કર.’ આ પ્રમાણે પેલી છબીલીએ બીરબલને રજા આપી હતી. બીરબલ આ સમજ્યો એટલે સીપાઇઓને અરજ કરી પાછો ઉપર ચઢ્યો, અને રાજા હજુર ખડો થયો. શાહ આગળ હાયબક્ષ કરી બીરબલે રાતની વાત કહેવા માંડી, અને તેમાં તે છબીલીએ ખુદ શાહ જોડે કેવું વર્તન ચલાવ્યું હતું તે પોતાને લાગુ પાડી દીધું. તે બોલ્યો કે હું છબીલીના મેહેલમાં જઈ પલંગ ઉપર બેઠો, બાદ તેણીએ દુધનો કટોરો મોકલ્યો, જે ગટગટાવી જઈ હું બોલ્યો કે દુધ ગાયનું કે ભેંસનું હશે; પછીથી ફુલની છાબ મોકલી તે ફુલ સેજ ઉપર પાથરી હું તે ઉપર સુઇ ગયો. તે પછી અતલસનો તાકો મોકલ્યો અને તે ઘડી કરવા ફરમાવ્યું પણ મારાથી તે ન બન્યાથી ચીરડાઇ જઈ મેં તે ફેંકી દીધો. તે જોઇ તે છબીલી મારા ઉપર રીસે ભરાઇ અને મને ધક્કા મારી ઘરમાંથા બહાર કાહાડી મુકયો, અને હડસેલા તો એટલા માર્યા કે કોઇ કોઇ ઠેકાણે ઘસાડા લાગી લોહી પણ નીકળ્યું. આ હાલત મારી રાત્રે બની, અને અધુરાંમાં પુરૂં તે બદલ આ હમણાં ઉંધે મસ્તકે બારીએ લટકતો થયો

છું. રાજાજી તુરત ચેતી ગયા કે આ બીરબલીઓ તો મારા ઉપર વિતેલી તમામ વાત બોલે છે. એટલે બાદશાહે હસીને કહ્યું; "વાહ બીરબલજી તુમને મેરી આગળ તદબીર તો અચ્છી લગાઈ હૉં; એ બુરા હાલ તેરા તો નહી મગર મેરા હી હુવા; અને કયા બોલું, બીરબલ, બોત હુઈ, કુચ કહેનેકી બાત નહી; માટે હવે જાસ્તી જીભ ચલાના નહીં. અબતો તેરીબી ચુપ ઓર મેરીબી ચુપ, બોત બાત ફેલાનેસે ઇજ્જતમેં ધૂળ પડેગી, લેકીન તેરી બાહોશી દેખકે મેં નેહાયત ખુશ હુવા હું." બીરબલે પણ નાખતી કરી, બાદશાહને નમન કીધું અને બંને વચ્ચે પાછો સ્નેહગાંઠ બંધાયો. કહ્યું છે કે, બુદ્ધિશાળીને સૌ કોઇ ચાહે છે, પૂજે છે, માટે આ જગતમાં જેમાં બુદ્ધિ અને ચતુરાઇ છે તે જ અમૂલ્ય રત્ન છે.

## બીરબલે બાદશાહનો શિકારનો શોખ કેમ છોડાવ્યો?

બાદશાહને નાનપણમાં ઉંચ્ચાં શિક્ષણની ગેરહાજરીના સબબે શિકારનો પુસ્કળ શોખ લાગુ પડ્યો હતો, તે એટલે સુધી કે શિકાર કરી કરીને બધાં જંગલો ને જંગલો ઉજ્જડ કરી નાખ્યાં હતાં. તે જતો ત્યારે એકલો તો જતો જ નહી, પણ સાથે હથિયારબંધ જંગી રસાલો લઇને જતો. તેના સિવાય બીજા કોઇને ત્યાં શિકાર કરવાનો હુકમ ન હતો. એ જ પ્રમાણે એક દિવસે બાદશાહ પોતાના રસાલા સાથે શિકાર માટે નીકળ્યો. આ તરફ બીરબલ ટાંપી રહ્યો હતો કે કોઇ દિવસે કંઇ તક હાથ લાગી જાય તો, બાદશાહની આ મોટી ખોડ સુધારૂં. બનાવ પણ તેવો જ બન્યો. પંખેરાંઓનો ધાણ કાઢતાં કાઢતાં તેઓ એક ગાઢા જંગલમાં આવી પોહોંચ્યા. ત્યાં બાદશાહના જોવામાં એક ...વાઈ જેવો બનાવ આવ્યો. ઘૂવડ પક્ષિનાં બે ટોળાં બે બાજુ સામ... ...મા એકઠાં થયાં હતાં. તેમાંથી અંકક ઘૂવડ અકેકની સામસામા ...વી એક બીજા જોડે કજીઓ કરતું હોય તેમ દીસવા લાગ્યું. એ ...ળા બીરબલ પણ સાથે જ હતો. તે તકનો લાભ લઇ, બાદશાહે ...રત તેને સવાલ કર્યો. "બોલ બીરબલ, તું એક પંડિત છે એવી ...રી ખાત્રી છે, અને તારી વિદ્વત્તાની પણ મને ખાત્રી છે, તો

મારા મનનું સાંતવન કર. એ બેઉ તરફ ઘૂવડો શા માટે એકઠા થયા છે? અને તેમની આ શી ભાંજઘડ ચાલી રહી છે, અને શા કારણે તેઓ આ કોલાહલ કરી રહ્યાં છે તે મને જણાવ; હું જાણું છું કે તું પશુપંખીઓની ચાલચલણથી જાણીતો છે, તેમની બોલી પણ સમજી શકે છે, તો આ બનાવનો સંતોષકારક ખુલાસો કરી મારા મનનું સાંત્વન કર."

થોડી વાર વિચાર કર્યા પછી બીરબલ બોલ્યો, "આપને ખોટું નહી ચઢે તો હું ખુલાસો કરૂં." બીરબલે વિચાર્યું કે આજે આપણો લાંબા વખતનો ધારેલો હેતુ કાંઈક સફળ થવાની વકી છે. બાદશાહે જવાબ આપ્યો, "બીરબલ એમાં મને ગુસ્સો શેનો લાગશે? તું જે હોય તે મને કહી દે." બીરબલે કહ્યું; "ખુદાવિંદ, એ વાત જ એવી છે." બાદશાહે બીરબલને ધીરજ આપી અને કહ્યું કે, "ના ના બીરબલ, મને કશો ગુસ્સો નહી લાગે, જે હોય તે બોલ."

બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, ત્યારે તો સાંભળો હું કહું છું તે; આ બેઉ જણા જે લડે છે તે એક બીજાના વેહવાઇઓ છે. વરનો બાપ, કન્યાના બાપને કહે છે કે, મારા છોકરાને તારી છોકરી સાથે ક્યારે પરણાવું કે, લગનની પેહેરામણીમાં ચાલીશ જંગલો આપે. આ સાંભળી કન્યાનો બાપ જવાબ આપે છે કે, ભલા વેહવાઇ, હાલ તો એટલાં બધાં જંગલો આપવાની મારી ગુંજાશ નથી, પણ ઇશ્વર કરશે તો થોડા વખત પછી તમને ચાલીશને બદલે એંશી જંગલો આપી શકીશ. આ સાંભળી છોકરાના બાપે કહ્યું, હાલ તમારી આપવાની શક્તિ નથી તો પાછળથી તમે કેવી રીતે આપી શકશો? ત્યારે છોકરીના બાપે કહ્યું, આપણો બાદશાહ શિકારનો બહુ શોખીન છે. આજ સુધી તેણે પોતાની શિકારની એ ગમત માટે આટલા જંગલો અનામત રખાવેલાં છે; થોડા વખતમાં વધારે ગામડાં ઉજ્જડ કરાવશે તેથી એટલાં જંગલો વધશે અને મારે પણ આપવું સેહેલ પડશે. બંન્ને ઘૂવડો વચ્ચે ચાલતી રકઝકનો આ ખુલાસો કરી, બીરબલ બોલ્યો, ખુદાવિંદ, આમ આ લોકો વાત કરે છે.

બીરબલે આ વાત પોતાની તર્ક શક્તિથી ઉભી કરી હતી, પણ તેનાથી બાદશાહનાં મન ઉપર ઘણી અસર થઇ. તરત જ તેણે પોતાનો વિચાર ફેરવી નાખ્યો. શિકાર કરવાનો વિચાર માંડી વાળી, તે શેહેર તરફ પાછો ફર્યો. તે દિવસથી અતિશય શિકારનો શોખ છોડી દીધો, અને જે ગામો શિકારને લીધે ઉજ્જડ થઇ ગયાં હતાં તે પણ પાછાં વસાવ્યાં. એ પરિણામ ખરેખર તો બીરબલની તર્કબુદ્ધિથી આવ્યું. બીરબલને પક્ષિઓની ભાષા પણ આવડતી ન હતી અને તે કશું જાણતો નહતો, છતાં તર્કથી ગોઠવીને બાદશાહને એવો ફટકો લગાવ્યો કે તે ખરેખર સચોટ થઇ પડ્યો.

## ગરીબની હાય અને ગરીબની દુવા.

એક સમયે તુર્કસ્તાનના સુલતાને પોતાના એક વિદ્વાન એલચીને સો માણસોના રસાલા સાથે દિલ્લીની દરબારમાં બાદશાહ પાસે મોકલ્યો. તે એલચીને એક પત્ર લખી તે બાદશાહને પોહોંચાડી તેનો ઉત્તર લાવવા હુકમ કીધો હતો. તે પત્ર લઇ તે એલચી ઘણેક દિવસે દિલ્લી આવ્યો. દરબારમાં દાખલ થઇ ઘટતાં આદરમાન સાથે તે કાગળ એલચીએ બાદશાહના હાથમાં આપી તેનો ઉત્તર માગ્યો. બાદશાહે તે પત્ર વાંચી સંભળાવવા માટે બીરબલના હાથમાં આપ્યો. બીરબલે તે પત્ર લઇ વાંચવા માંડયો. મથાળે સલામઆલેકુંમ લખ્યા પછી સુલતાને લખ્યું હતું કે, “મારા સાંભળવામાં આવ્યું છે કે હિંદુસ્થાનમાં એક જાતનો રોપો થાય છે કે જે ખાધાથી માણસની જીંદગી લાંબી થાય છે. જો આ વાત ખરી હોય અને તેનું કોઇ ઝાડ તમારા દેશમાં મળતું હોય તો તેમાંથી થોડું મારે માટે મોકલી આપશો. તે માટે તમારો ઉપકાર થશે અને આપણી મિત્રાચારી છે તેવી જ હમેશ રહેશે.”

આ પત્ર વાંચીને બાદશાહ વિચારમાં પડ્યો કે તુર્કસ્તાનના સુલતાનને વળી એ તે શું તૂસમ સુઝ પડ્યું હશે? વળી એવો તે કોઇ રોપો ક્યાંય મળતો હશે? ચિંતામાં પડી તેણે બીરબલની સલાહ લીધી, અને તેનાં પરિણામમાં તે એલચીને તેનાં માણસો સાથે એક મજ-

અરધી સદી ઉપરની પુરાણી મલબારીજ સુખડની દુકાન.

## જરથોસ્તીઓની ફરજ.

સુખડ ખરીદવામાં બેદરકાર રહો તો

ધર્મના નામ હેઠળ ખર્ચેલા પૈસા કામના જ શું?–

માટે

એવા ખાત્રી ભર્યાં ઠેકાણેથી ખરીદો કે તમારા
ખર્ચેલા પઇસા કારગત લાગે.

# કાવસજી જામાસજી અરજાણી,

ની ધોબીતળાવ નવા આતશબેહરામની પાસે સીરીરામ
બીલડીંગમાં આવેલી દુકાન જ્યાં આવવાની
તકલીફ લેશો તો–

## ખાત્રીપૂર્વક મલબારીજ સુખડ

માચી, પેરીઆ, શલ્લી, ગાંઠ, તાછો, લોબાન, અગર ને
મહાવરથી અગરના આંગલીયાં, નવસારીની કસ્તીઓ,
નારાં, નાની મોટી અવસ્તા વીગેરે વિગેરે મળશે.

# બલસારા ટયુશન કલાસ

**સ્થાપના ૧૯૦૫.**

(૧) શેઠ વાડીઆજીના આતશબેહેરામ સામે શેઠ માણેકશાહ હો. સુખડવાળાના ઘેરમાં પહેલે માળે, ૬૦૭, ધોબીતલાવ.

(૨) અને ૭૮, ગનબાવા સ્ટ્રીટ, કોટ, માપલાની પોલમાં અંદરના જુના વ્હોરા ડોકટરની ઉપર, પહેલે માળે.

ઉપલાં ૨૩ વર્ષના જુનાં જાણીતાં કેળવણી ખાતાંમાં કોઇબી ઉચ્ચ કોમના છોકરા છોકરીઓ, બાનુઓ અને ગૃહસ્થોને **સવારે, સાંજે,** રાતે અથવા **આખો દિવસ** વહેવારૂ ઇંગ્રેજી બુક-કીપીંગ, શોર્ટ-હેંડ, ટાઇપ-રાઇટીંગ, ગાયન, હારમોનીઅમ, વાયોલીન, દીલરૂબા, કટીંગ અને ક ખ થી મેટ્રીક સુધીની કોઇબી બાબદો વરસોના અનુભવી શિક્ષકો દરેક છોકરાંપર જુદું જુદું ધ્યાન આપી કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે **મહલાજાભરી** ખાસ સગવડો છે. ઉત્તેજન માટે ચાલાક વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવે છે.

કેળવણી ખાતાંના ઇન્સ્પેકટરો મેસર્સ ભીમભાઇ દેસાઈ B.A., અને અરદેશર સુઈ B.A., તેમ જ જાણીતા વક્તાઓ મેસર્સ જે. જે. વીમાદલાલ સોલીસીટર, ખોદાબક્ષ એદલજી પુનેગર B.A. અરદેશર ખ. વેસાવેવાળા M.A. માનવંત વડા જડજ સાહેબ મી૦ કૃષ્ણલાલ મો. ઝવેરી B.A.LL.B., જાણીતા ધારાશાસ્ત્રી શેઠ ખુરશેદજી કાવસજી સંતોક, કરાંચીના દસ્તુરજી મા. ન. ધાલા, મરહુમ દસ્તુરજી મીનોચેહેર જામાસ્પ આસાના, સખીવજુદ શેઠ માણેકજી પેસ્તનજી ભરૂચા, સર હોરમસજી કા. દી. એદનવાળા નાઇટ, તથા પુનાની સાયન્સ કોલેજના માજી પ્રોફેસર મી૦ એફ. ઈ. ભરૂચા, શેઠ જેહાંગીર ર. દુબાશ, પ્રો. માણેક હો. દાદાચાનજી અને ફુરસદ, નવરંગ, ઢોંગસોંગ, હીંદી ચારીક, દીલેઆરામ વગેરેના અધિપતીઓ તથા બીજા ઘણાંક જાણીતા આસામીઓએ આ ખાતાં માટે વખાણના ઉદ્દગારો બહાર પાડેલા છે.

**☛ વધુ માટે ઉપલે ઠેકાણે મળો યા લખો.**

બૂત કિલ્લામાં કેદ કરવા હુકમ કીધો. તે પ્રમાણે તે બાપડાઓને કેદ કરવામાં આવ્યા. કેદખાનામાં ઠેકાણે પડ્યા પછી બાદશાહ બીરબલને લઇને તેમના આગળ ગયો. તેમને બીરબલે કહ્યું, "તમારા સુલતાને જે ચીજ મંગાવી છે તે હાલ તો તમને આપી શકતા નથી, અને તેથી તમને અહીં લાવી રાખ્યા છે, જ્યારે આ ડુંગર તથા તે ઉપરનો મજબૂત કિલ્લો પડી જશે ત્યારે જ તમને અહીંથી જવાની રજા આપીશું, માટે ત્યાં સુધી તો અહીં જ રહી અમનચમન કરો. તમને ખોરાક તથા કપડાં લુગડાં બધું પુરૂં પાડવામાં આવશે."

આમ કહી બાદશાહ તથા બીરબલ ત્યાંથી ચાલ્યા ગયા. આ તરફ આ બાપડા એલચીખાતાંના માણુસો હાય અફસોસમાં પડ્યા અને બોલવા લાગ્યા કે, અરે ઈશ્વર, કોણુ જાણે ક્યારે આપણો અહીંથી છુટકો થશે? આ ડુંગર અને તેના ઉપરનો કિલ્લો ક્યારે પડશે? કદાચ આપણો આખો જન્મારો પણુ અહીં ખલાસ થશે, જેવી ઇશ્વરેચ્છા."

બધા બાપડા નિરાશ થઇ ગયા અને ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા કે, ભલા ભગવાન, આ કિલ્લો જલ્દી જમીનદોસ્ત થઇ જાય એમ કરો. સવારમાં જ બધા એવી પ્રાર્થના કરવા લાગ્યા. પરમેશ્વરનું કરવું એવું થયું કે, ત્યાં આગળ ઓચિંતો ધરતીકંપ થયો, જેનાં આંચકાથી કિલ્લાનો કેટલોક ભાગ ધબાયનમઃ થઇ ગયો એટલું જ નહિ પણુ ડુંગરનો કેટલોક ભાગ પણુ કડુડુધ્વસ થઇ ગયો.

આ બનાવ બનતાં જ એલચીએ બાદશાહને સંદેશો મોકલી તે ખબરથી વાકેફ કીધો. બાદશાહે તરત તે એલચીને બધાં માણુસો સુદ્ધાં પોતાની હજુર બોલાવ્યો અને કહ્યું કે, "તમારા સુલતાને જીંદગી લાંબી થાય એવો રોપો મારી પાસે મંગાવ્યો છે તેનો જવાબ હવે તમે પામી ગયા હશો. જો નહી પામ્યા હો તો તેનો ખુલાસો હું તમને સમજાવું તે ધ્યાનથી લક્ષમાં લેજો. તમે બધા થઇ એકસો માણુસો છો, અને તમારી પ્રાર્થનાથી આવો મજબૂત કિલ્લો તથા પર્વત પડી ગયાં, તો હજારો અને લાખો માણુસોની દુવાથી જીંદગી લાંબી થવા વિના રહે જ નહી. પણુ તેમના ઉપર જુલમ ગુજારવાથી તેઓ બદદુઆ માગે અને તેમના નિશ્વાસથી જીંદગી કાંઇ પણુ લાંબી

થાય નહી. અમારા રાજ્યમાં જુલમનું નામ નથી; ગરીબ રૈયતની દાઝ જાણી તેના ઉપર જુલમ નહી ગુજારવો. એ જ જીંદગી લાંબી કરવાના ઝાડનો રોપો છે; આ સિવાય બાકીનાં બીજાં બધાં ફાંફાં છે.

કહ્યું છે કે, ગરીબની હાય, કદી ન ખાલી જાય.

આમ કહી, તેઓને ઇનામો વગેરે આપી તેમને સ્વદેશ જવાની બાદશાહે રજા આપી. એલચીએ તુર્કસ્તાનમાં જઇ બધો હેવાલ પોતાના સુલ્તાનને કહ્યો. દિલ્લીના બાદશાહની આ અક્કલની વાત સાંભળી સુલતાને આફ્રીન પોકારી; તેમ જ બધા નાના મોટા દરબારીઓ પણ તાજુબ થયા.

## બીરબલની બુદ્ધિ અને પરાક્રમની પરીક્ષા કરવા આવેલો મણીપુરનો રાજા ચંદ્રકાન્ત–ઘરનો ધણી હું અને બાહાર નિકળ તું!

ધીમે ધીમે બીરબલની બુદ્ધિ અને તર્કશક્તિનાં વખાણ દેશેદેશ પ્રસરવા લાગ્યાં; અને કેટલાકો તો તેનાં આ પરાક્રમોની જાતે પરીક્ષા કરવાને પણ તત્પર થયા. તેઓમાં મણીપુરનો રાજા ચંદ્રકાન્ત પણ એક હતો. તે મન ઉપર લઇ એકવાર બીરબલનાં થતાં વખાણોની જાતી તપાસ કરવાને ખાસ દિલ્લી આવવા નિકળ્યો. કોઇને પણ જોડે નહી લેતાં તે એકલો જ ચાલી નિકળ્યો હતો, અને ચાલતાં ચાલતાં છેક દિલ્હી શેહેરની નજદીક આવી પોહોચ્યો. રસ્તામાં મધ્ય ભાગમાં એક લંગડો બેસીને પ્રાર્થના કરતો હતો કે કોઇ દયાનો દાતાર મને ઉપાડીને શેહેરમાં લઇ જાય એવો છે? રાજાને તેની એ દીન વાણી સાંભળી તેના ઉપર દયા આવી અને તેની આગળ જઇ તેની હકીકત સાંભળવા માગી. તે બોલ્યો કે દયાળુ પુરૂષ, મારે કાંઇ કામસર પાસેનાં દિલ્હી શેહેરમાં જવું છે; પણ મારા પગ બહુ અશક્ત થઇ પડવાથી ચાલી શકાતું નથી, માટે મને આપના ઘોડા ઉપર બેસાડી શેહેર સુધી લઇ જશો તો મોટી મેહેરબાની થશે. ઈશ્વર આપનું કલ્યાણ કરશે. આ દયાજનક વાણી સાંભળતાં જ રાજાએ તેની દયા ખાઇ તે લંગડાને પોતાના ઘોડા ઉપર બેસાડી ઘોડાની

ગામ પકડી પોતે આગળ ચાલવા લાગ્યો. જ્યારે તેઓ નગરના મધ્ય ભાગમાં આવ્યા ત્યારે રાજાએ તે લંગડાને કહ્યું કે, ભાઇ હવે તમે ઘોડેથી ઉતરી તમારૂં કામ ફતેહ કરો. આ સાંભળીને તે લંગડો તો તે બાપડાને ગળે પડવા લાગ્યો, અને મને ઘોડા ઉપરથી ઉતરવા કહેનાર કોણ? ચુપ ચુપ દોરી પકડી આગળ ચાલ્યો જા. ગળે પડવાની વાત નહી કર, રાજા તો આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયો, અને "ઘરનો ધણી હું અને બાહાર નિકળ તું" એવી વાત સાંભળી મનમાં વિચારવા લાગ્યો કે અરે પ્રભુ! ધરમ કરતાં ધાડ આવી! પારકા શેહેરમાં આ પેહેલું વિઘ્ન નડે છે! ઉપકારને બદલે અપકાર! શું દુનિયા આવી દગારી હશે? આ નીચ માણસને લગાર શરમ પણ આવતી નથી કે આવી રીતે ગળે પડી મારો ઘોડો પચાવી પાડવાની યુક્તિ કરે છે? ખોડવાળો માણસ હંમેશ દગલબાજ અને પાપી હોય છે અને એવા અપ્રમાણિક નિષ્ટાવાળા માણસનો કોઇએ વિશ્વાસ કરવો નહી એમ જે કહેવાય છે તેમાં કશું ખોટું નથી. આવો વિચાર કરી રાજાએ ઘણા કડોર વચન સંભળાવી તેને ઠપકો આપ્યો અને ઘણી ધમકીઓ આપી, પણ જેનું નામ ખોડિયેલ તે રાજાની એવી ધમકીથી ડરી જાય! તે તો સામો રાતોપીળો થઇ ગયો અને નેણ ચઢાવીને જ સામો રાજાને દમ કસવા લાગ્યો કે, કમબખત આ તું શું લવારી કરી રહ્યો છે? તને રંક જાણી દયા આણી થોડો વાર ઘોડે બેસાડી લાવ્યો તો આખો ઘોડો જ પચાવી જવા માગે છે? શું તને શરમ નથી આવતી? આવી રીતે ગળે પડશે તો તારાં હાડકાંપાંસળાં રંગાઇ જશે અને ત્યાંથી ઘરે જવું ભારે પડશે! મારા જેવા ગરીબને ગળે પડવાથી તારી ભૂખ ભાગવાની નથી, ગળે પડવું હોય તો શેહેરમાં શ્રીમંતો ઘણા છે તેમને પકડ. આ બંને જણ અરસપરસ તકરાર કરતાં અંતે કચેરીમાં બીરબલ પાસે ન્યાય કરાવવા જઇ ચઢયા; અને બંનેએ પોતપોતાની હકીકત જાહેર કરી. બીરબલના હાથમાં તે વેળા એક બીજા જ વાંધાની તપાસણી ચાલતી હતી એટલે, તેણે તે બંનેને એક બાજુ બેસવાનો હોકમ કીધો. પેલો રાજા પણ બીરબલની ન્યાયબુદ્ધિની પરીક્ષા કરતો બાજુએ ગુપચુપ બેઠો.

## એક થેલીના બે માલેક–એક ખરો એક ખોટો.

આ રકઝીક એક ખાટકી અને એક તેલી વચ્ચે ચાલી હતી. ઘાંચીએ બીરબલને ફરિયાદ કરી કે, સાહેબ હું મારી રોકડની થેલી, પેટીની બાજુએ મુકી મારૂં નામુંઠામું લખતો હતો,તેટલાં આ ખાટકીએ આવી એક રૂપિયાનું તેલ લીધું. હું તેને તેલ આપી નીચી મુડીએ પાછું નામું લખવા પડ્યો, તે તકનો લાભ લઈ ખાટકી તો મારી થેલી ઉપાડી ચાલતો થયો. મારી નજર તેના ઉપર પડતાં હું નામું મુકી દઈ તેની પાછળ દોડ્યો, અને તેને રસ્તામાં થેલી સાથે પકડીને તેના હાથમાંથી તે ખુચવી લીધી. તે જોઇને ખાટકી મને સામો દમ ભીડાવા લાગ્યો અને બોલવા લાગ્યો કે, કમબખત, એ થેલી કાંઈ તારા બાપની નથી, મને પાછી આપી દે, નહી તો જમીન ભેગો કરી નાખીશ. એવી રીકઝીક કરતાં હું તેને આપની પાસે ખેંચી લાવ્યો. બીરબલના પૂછવાથી ખાટકીએ પોતાની સ્પષ્ટ બુદ્ધિથી બીરબલને કહ્યું કે સાહેબ, એ થેલી મારી છે એની નથી જ. તેલ આપી તેના બદલામાં આ આખી થેલી જ પચાવી જવા માંગે છે. એવો લુટફાટનો ધંધો કરીને એ ધનવાન થવા માંગે છે, એ એવો જ ધંધો લઇ બેઠો છે, માટે તેને તેના પાપની શિક્ષા કરી, મારી થેલી મને અપાવશો. આ બંન્નેની હકીકત સાંભળી લઇ બીરબલે થેલી પોતાની પાસે મુકાવી બંન્નેને વિદાય કીધા અને તાકીદ કરી કે આવતી કાલે આવજો, એટલે તમારો ન્યાય કરીશ.

## આડતા દલ્લા ઉપર તાગડધિન્ના કરવા નિકળેલા કાજીજી!

ઉપલા કેસનો ચુકાદો બીજા દિવસ ઉપર મુલતવી રાખી, બીરબલે એક બીજો કેસ હાથમાં લીધો. એક સ્ત્રી બાપડી ફરિયાદ કરતી આવી કે, મારા ગામનો કાજી ઇન્સાફી, પ્રમાણિક અને નિષ્પક્ષપાતી છે એમ ધારી, હું પાંચસો મોહોરો અને કેટલાક દાગીનાઓની એક પેટી ભરી તે કાજીને ત્યાં લઇ ગઇ અને કાજીજીને કહ્યું કે, મારે કાંઈ કારણુસર બાહારગામ જવું છે, અને મારૂં કામ કરી એકાદ માસમાં પાછી ફરીશ. ત્યાં સુધી આ પેટી સાચવશો તો આપની

તે સેવાની અલ્લાહ પાસે દુવા ગુજારીશ. તેના ઉત્તરમાં કાજીજીએ મને કહ્યું કે બાઇ, તું મારો ભરૂસો રાખી તારા કીમતી માલની પેટી મારે ઘેર મુકવા આવી છે તો તે ખુશીની સાથે મારે તે પેટી સાચવવી જ જોઇયે છે. માટે ખુશીથી મુકીજા. એમાંથી એક કોડીનો માલ આડો અવળો થાય તેની જરા પણ બીક રાખીશ નહી. આ બોલવા ઉપર ઇતબાર રાખી મેં મારી પેટી કાજીને સોંપી અને હું બાહેરગામ ગઇ. થોડા દિવસમાં મારૂં કામ પુરૂં કરી હું પાછી આવી અને મેં મારી પેટીની માંગણી કરી ત્યારે કાજીએ કાન ઉપર હાથ મુકી મને સામી હડ્ધુત કરી કહાડી મુકી કે પેટી શું ને વાત શી? તું કોની હજુરમાં કયે દિવસે તારી પેટી મને સોંપી ગઇ હતી કે મારા પાસે પેટી માંગવા આવી છે! તારી અક્કલ ગુમ થઇ ગઇ છે કે ચાલતી ચાલતી મને જ ગળે પડવા આવી છે? તને કોઇએ ઉશ્કેરીને ખાલી શીખવીને ગળે પડવા મોકલી છે, માટે તે તારો તાગડો કાંઇ આં ચાલવાનો નથી; તું જાણુતી નથી કે જુઠું બોલનારનું ઘરબાર સરકાર દરબાર વેચી લુટી લેછે માટે હરામજાદી, જેમ આવી છે તેમ પાધરી ચાલી જા; નહી તો બેઇજ્જત કરી બાહાર કહાવીશ. આ પ્રમાણે કાજીએ મારી અનામત પેટી પાછી સોંપવાને બદલે મારૂં અપમાન કરી બાહાર કહાડી છે, તેથી નામવર, હું આપની હજુરમાં આવી છું કે મારો વાજબી ન્યાય કરી મને મારી પેટી પાછી અપાવો. કેટલોક વખત સુધી આ હકીકત ઉપર વિચાર કરી બીરબલે તે બાઇને કહ્યું કે, બાઇ, તું હાલ તારે ઘરે જા, અને એકવાર ફરીને ઉઘરાણી કરી જોજે, અને કાજી શું જવાબ આપે છે તે આવતી કાલે મને કહેજે એટલે હું તુરત તારો ન્યાય કરીશ. ખાટકી-ઘાંચી અને આ સ્ત્રીના કેસનો ચુકાદો બીજા દિવસ ઉપર રાખી પેલા રાજા અને લંગડા ભીખારીનો કેસ બીરબલે હાથમાં લીધો. બંનેએ તરત દરબાર હજુર સોગન ખાઇને પોતાની હકીકત કહી સંભળાવી. તે બેઉની હકીકત ધ્યાનમાં લઇ તેઓને પણ બીરબલે ફરમાવ્યું કે તમો પણ કાલે આવજો અને દરમ્યાન ઘોડો અહીં જ રાખી જાઓ; એટલે ન્યાય કરી જેનો ઘોડો હશે તેને સોંપવામાં આવશે.

## ત્રણે કેસના ફેસલા–અને તેથી સર્વને થયલો સંતોષ– બીરબલનો તે બાબે ખોલાસો.

બીજે દિવસે, આ ત્રણે કેસના ફેસલા આપવાને સમયે દરબાર ઠઠમાર ભરાઇ હતી. લોકોમાં તે માટે એટલી ઇંતેજારી ફેલાઇ હતી કે આ ગુચવણ ભરેલા કેસોનો શો ફેસલો થાય છે તે જાણવાની દરેકને જીજ્ઞાસા ઉશ્કેરાઇ રહી હતી. પેહેલાં બીરબલે, ખાટકી અને ઘાંચીનો કેસ હાથ ધર્યો. બીરબલે એકના હાથમાં ગીતાજી અને બીજાના હાથમાં કુરાન આપી તેમના પાસે તેમના ધર્મના સોગન ખાઇ બોલાવ્યું કે, બોલો આ થેલીનો ખરો માલેક કોણ છે? બેઉએ સોગન ખાધા અને બેઉએ તે થેલીને પોતપોતાની જણાવી. આ જોઇ બીરબલે તે થેલી ખાટકીને આપી અને ઘાંચીને પચાસ ફટકા બાંધીને મારમારવાનો હુકમ આપ્યો.

પછી પેલી બાઈ અને કાજીને બોલાવ્યા. બાઇને જોઇને બીરબલે સવાલ કીધો કે કેમ બાઈ, કાજીએ તને તારી પેટી સોંપી કે? તે સાંભલી બાઇએ કહ્યું કે, હા, હજુર મને મારો અવેજ પાછો મલી ગયો છે. તે બાઇનો આ ખોલાસો સાંભળીને બીરબલે કાજીને બોલાવી ખુબ તતડાવીને જણાવ્યું કે, કાજી સાહેબ, તમો શું ન્યાયાધીશનું કામ કરવાને લાયક છો ખરા? તમને આબરૂદાર અને ઇમાનદાર સમજીને આ બાપડી બાઇએ, તમને દાગીનાની પેટી અનામત રાખવા સોંપી, અને તે તેણીએ પાછી માંગી ત્યારે તે પચાવી જવાને તમે તત્પર થયા, અને સામી તે બાઇને તમે તરછોડી કહાડી! એ તમારો ઇતબાર અને એ તમારી કાજીપણાની આબરૂ કે? આ જ પ્રમાણે લોકોને લૂંટવાનો ધંધો ચલાવો છો કે? તમે રાજનો મોટો અપરાધ કીધો છે અને તે માટે તમને તમારા કાજીના ઓદ્ધા ઉપરથી કમી કરવામાં આવે છે. આ વખતે તમને આટલી જ સજા કરવામાં આવે છે; પણ બીજી વખત એવું કામ કરશો નહી. આ સાંભળતાં જ કાજી સાહેબ તો માથા નીચી મુડીએ ચાલતા થયા.

આ બે ચુકાદા ખલાસ થયા પછી બીરબલે પેલા રાજા ચંદ્રકાન્ત અને લંગડા ભીખારીને પોતા સમક્ષ ખડા કીધા. તેઓ

હાજર થતાંજ તેમના હજુર ઘોડાઓનું એક મોટું ટોળું રજુ કરી પેહેલાં ભીખારીને કહ્યું કે આ સઘળામાંથી તારો ઘોડો હોય તે ઓળખીને કાહાડી લે. લંગડાજીએ બહુ ફાંફાં માર્યાં પણ તે ઘોડાને પીછાણીજ શકયો નહિ; અને શરમિંદો થઈ ગયો.પછી રાજાને હોકમ કીધો, એટલે રાજાએ તો તરત પોતાનો ઘોડો ઓળખી કહાડ્યો, એટલું જ નહી પણ ઘોડો પણ પોતાના ચાલુ માલેકને મલી ગયાથી રાજી થતો હોય તેમ લાગ્યો. હવે જોઇ લ્યો, પેલા લંગડાજીના હાલ! બીરબલે તેને અપરાધી જાહેર કરી પચ્ચીસ ફટકા બાંધી મારવાની સજા કીધી અને ઘોડો પેલા મુસાફરને સોંપી દેવાનો હુકમ કીધો.

## બીરબલના ચુકાદાનો ખોલાસો

હવે પેલો મુસાફર બીરબલ હજુર ખરા આકારમાં રજુ થયો. તે બોલ્યો કે, રાજા બીરબલજી, હું મણીપુરનો રાજા ચંદ્રકાન્ત છું. તમારી ચતુરાઈ અને બુદ્ધની વાતો લોકો મારફતે જાણમાં આવતાં જ મને આપનાં દર્શન કરવાની ઇચ્છા થઇ, અને તે તૃપ્ત કરવાને અર્થે જ હું અહીં આવ્યો છું. તમારી તર્કબુદ્ધિનાં જે વખાણ હું લોકોને મોહોડે સાંભળતો હતો તે નજરે જોઇ છક્ક થયો છું. તમે આજે જે ત્રણ કેસોનો ચુકાદો આપ્યો છે તેમાં તમે કેવી બુદ્ધિ વાપરી છે તે મને કહેશો?

બીરબલે વિવેકથી કહ્યું રાજેન્દ્ર, ઘાંચી અને ખાટકીની થેલી ઘેર લાવી ખાલી કરીને ગરમ પાણીમાં નાખી ખૂબ ચોલાવી અને પાણી બારીકીથી તપાસતાં લાલ રંગનું અને વાસ મારતું જણાયું. આ ઉપરથી વિચાર કીધો કે, આ થેલી ઘાંચીની નહી પણ ખાટકી-ની જ હોવી જોઇએ. જો ઘાંચીની હોત તો પાણીમાં તેલનો વાસ મારતે અને ઉપર તેલની છારી તરી નિકળતે. પણ એથી ઉલટું જ પાણી લોહી માંસની દુર્ગંધ આપતું હતું. એટલે તે થેલી ખચ્ચીત જ ખાટકીની હોવી જોઇએ એવો તર્ક બાંધી મેં આ ફેંસલો આપ્યો.

કાજી અને સ્ત્રીના કેસની બાબતમાં બીરબલે ખોલાસો કીધો કે, મેં કાજીને ઘેર જઇ કાજીને કહ્યું કે, મારે કામ પ્રસંગે પ્રદેશ જવાનું છે, માટે તમે સહવારે દરબારમાં પધારજો. એટલે દરબારની રૂબરૂમાં

આપને મારી જગાએ મુકરર કરીશ; એટલું જ નહી પણ મારી તમામ પુંજી પણ તમને સોંપીશ. એટલું કહી હું મારે મકાને આવ્યો. આ પછી પેલી બાઇને પોતાનો માલ લેવાને કાજીને ત્યાં મોકલી. કાજીએ મનમાં સંકલ્પ કીધો કે, જો આ પેટી બાઇને આપીશ નહિ તો બાઇ ફરિયાદ કરશે અને મારાં બુરાં કામનો પડદો ઉઘડી જશે તો જે લાભ મને બીરબલે આપવા કબુલ્યો છે તે મળશે નહી, એટલે ગુપચુપ કોઇના જાણુમાં નહી આવે એવી રીતે પેલી પેટી બાઇને સપુરદ કરી દીધી. એટલે કાજી સાહેબ આપમેળે જ લુટારા સાબેત થયા.

હવે તમારા પોતાના વાંધાનો જે ફડચો કીધો તેનો તોડ એ છે કે, તમને બન્નેને ઘોડશાળામાં લઇ જઇ ઘોડાઓ પાસે ઉભા રાખ્યા ત્યારે લંગડો જો કે ઘોડાને ઓળખી તેની પાસે ગયો. પણ ઘોડો તરત ચમકીને દુર જઇ ઉભો. એટલે લંગડાજી તો વેહમમાં પડી ગયા. પણ આપ જ્યારે ઘોડા પાસે ગયા ત્યારે ઘોડો આનંદથી તમારા પાસે આવ્યો તેથી મારી માન્યતા સચોટ થઇ કે ઘોડાના ખરા માલેક આપ જ છો.

આ પ્રમાણે બીરબલનો ન્યાય તોલવાની ખુબીનો જોસ્સ જોઇ, રાજા ચંદ્રકાન્ત બહુ ખુશ થયો અને તેની બુદ્ધિચાતુર્યનાં વખાણ કર્યાં. આ પ્રમાણે બીરબલની બુદ્ધિની પ્રત્યક્ષ પરીક્ષા કરી રાજા ચંદ્રકાન્ત રજા લઇ પોતાને વતન વિદાય થઇ ગયો.

## સ્રીનાં ખાસડાં ખાનાર વિષ્ણુશાસ્રી—તે બલામાંથી તેમને બીરબલે કેમ છોડાવ્યા?

દિલ્હી શહેરમાં વિષ્ણુશાસ્રી નામે એક વિદ્વાન રહેતા હતા. તેઓ જાતે ભણેલા ગણેલા છતાં તેમનાં પટરાણીજી એટલાં કલાંટ હતાં કે, દરરોજ તે પોતાના આ વિદ્વાન પતિને તેઓ સ્હાંજે ઘરે પાછા ફરતાં જ દશ ખાસડાં મારતાં તો જ શાંત પડતાં, અને શાસ્રીજી બાપડા મુંગે મોહડે તે માર ગુપચુપ ખમી જતા તો જ તેઓને પેટ ભરીને જમવાનું મળતું હતું. શાસ્રીજીની એકની એક દીકરી હતી

અને તે ઉમરે પુગ્યા છતાં કુંવારી હતી; કેમકે શાસ્ત્રીજીની વિપત્તિ સર્વત્ર જાણીતી થયલી હોવાથી કોઇ તેણી જોડે પરણવા માંગતું નહી. હવે આ તરફ બીરબલની કીર્તિ પણ બહુ વધતી જતી હતી, અને તેમ જોઇને તેના વેરીઓ પણ તેને સંતાપતા હતા, અને કોઇ પણ રીતે તેને હલકો પાડવા માંગતા, પણ બીરબલનાં શાણપણ આગળ કોઇ ફાવી શકતું નહી. હવે આ શાસ્ત્રીજીની વાત ગામમાં ઘણી ચર્ચાતી હતી, તેથી બીરબલના શત્રુઓએ આ લાગ સાધવાનો વિચાર કર્યો, એટલું જ નહી પણ જાતેજાતનો ખોહ, એ કહેવત અનુસાર ખુદ બીરબલની જ્ઞાતિના લોકો પણ તેના તરફ દ્વેષ ધરાવતા હતા.

એક દિવસે કચેરીમાંથી પરવારી બીરબલ પોતાના ઘરે આવી બેઠો હતો, ત્યાં તેની ન્યાતનો ગોર તેને મળવા આવ્યો. થોડીક વાર અરસપરસ વાતચીત ચાલ્યા પછી ગોર મહારાજે વાત છેડી. સુજ્ઞ બીરબલજી, પેલી રામબાઇ જે પોતાના ધણી વિષ્ણુશર્માને દરરોજ દશ જોડા મારે છે, તેની દીકરી જોડે કોઇ પરણતું નથી; જો તમો પરણો તો તમારી ન્યાતમાં વાહવાહ થશે અને તમારી હુશિયારી જે આટલી પ્રખ્યાત છે તેનો પણ લોકોને કાંઇક ખ્યાલ આવશે.

ડાહ્યો બીરબલ, ગોરજીની મતલબ સમજી ગયો, એટલે એ વાતમાં પોતાની કાંઇક ચતુરાઇ બતાવવાનો તેણે વિચાર કર્યો. તે બોલ્યો, ગોર મહારાજ, તમે કહો છો તે વાત તો સાચી છે, પણ મારૂં લગ્ન તો એક વાર થઇ ચુકેલું છે તે તમો જાણો છો; એટલે બીજી વખત લગ્ન કરવાની મારી ઇચ્છા નથી, પણ મારો એક નાનો ભાઇ છે તેના લગ્ન હજી થવાનાં છે, તેની સાથે જો શાસ્ત્રીજીની દીકરીનું લગ્ન થાય તો હું ગોઠવણ કરૂં. હાલ તે મારો ભાઇ કાશીએ ભણવા ગયેલો છે. જો તમે તેની સાથે લગ્ન કરવાનું રામબાઇ પાસે કબૂલ કરાવો તો મારે ના નથી. ગોરમહારાજ તો ખુશી થતા બીરબલને સાષ્ટાંગ દંડવત્ કરી બહાર પડ્યા. હવે બીરબલે યુક્તિ શોધવા માંડી. પેહેલાં તો, તેને કોઇ ભાઇ જ ન હતો, એટલે માબાપ વગરના પોતાની જ્ઞાતિના એક છોકરાને શોધ્યો. જેમ કરતાં તેને બે ત્રણ દિવસ થયા. કોઇ બાહારગામથી નિકળી આવેલા સુમારે વીસેક વર્ષની

ઉમરના એક છોકરાને મેળવી કહાડ્યો. તે વળી માતપિતા વગરનો હતો, પણ ઠીક ભણેલો હતો. બીરબલે તેને આશ્રય આપી પોતાના ઘરમાં રાખ્યો. તેને સમજાવ્યો કે પેલી રામબાઇની દીકરી જોડે તારાં લગ્ન કરી આપીશ, અને તારો સંસાર સારી રીતે ચાલે તેનો પણ બંદોબસ્ત કરી આપીશ, પણ તારે મારા ભાઇ તરીકે ઓળખાવું પડશે, અને ગમે તે કોઇ પૂછે તો તેને એમ જ કહેવું કે, બીરબલ મારા જ્યેષ્ઠ બંધુ છે. આ બાપડા છોકરાનો તો જાણે બેડો જ પાર થઇ ગયો હોય તેમ તે મનમાં ખુશી થવા લાગ્યો. આણીગમ બીરબલજી પોતાની બાજી માંડતા ચાલ્યા. લગ્નની વાત ચર્ચાઇ, અને થોડા જ દિવસમાં મુહૂર્ત જોવાડી લગ્ન પણ કરવામાં આવ્યાં. ગોરજીએ રામબાઇને હસીને કહી રાખ્યું કે, "તમારી દીકરી તમારાં કરતાં ચઢિયાતી નિવડે ત્યારે જ ખરી." રામબાઇ એક તો હતી જાતે ચુડેળ અને ગોરજીએ ચઢાવી એટલે તે તો તાડે ચઢી અને વિમાસણમાં પડી કે ગોરમહારાજ કહે છે તે ખરૂં જ છે, મારી દીકરી મારાથી ચઢે ત્યારે જ મારી ખરેખરી નામના થાય. જે દિવસે છોકરી સાસરે જવાની હતી તે દિવસે રામબાઇએ એક નવો જોડો આપી કહ્યું કે, "દીકરી, તું જો મારી ખરી જ દીકરી હોય તો, મારા કરતાં પણ તારા ધણી ઉપર વિશેષ ધાક બેસાડજે, હું તો તારા બાપ (મારા ધણી)ને રોજ દશ ખાસડાં મારૂં છું, પણ જો તું તારા ધણીને રોજ પંદર ખાસડાં મારે તો જ આ રામબાઇની ખરી દીકરી, પણ જો મારા કહ્યા પ્રમાણે ન કીધું તો હું તારૂં મોહું કદી જોઇશ નહી." છોકરીએ પણ એ વાતને કબુલ રાખી. બંને ધણિધણિયાણીને વળાવ્યાં. જમાઇજી તો પોતાની નવી પરણેતર પ્રિયાને લઇ પોતાને ઘેર ગયા. ઘરમાં આવતાં જ બીરબલે તો એવો દેખાવ રાખ્યા અને એવા તોરથી કામ લેવા માંડ્યું કે છોકરી તો તેનો ચહેરો જોઇને જ થર થર કાંપવા લાગી. પેલા પોતાના ભાઇજીને પણ કહી રાખેલું કે તારે પણ કડક મીજાસમાં જ કામ લેવું. પોતાના ધણીનો તેમ જ તેના વડીલભાઇ થયલા બીરબલનો આવો કડક મીજાસ જોઇને છોકરી બાપડીએ માની શિખામણને ઝાંપે મુકી, તેણીને માએ આપેલો

જોડો બાજુએ ફેંકી દીધો, અને મારવાનું તો તદ્દન ભુલી જ ગઈ. બીરબલે પોતાના વેવાઇને પણ થોડાક દિવસ પોતાને ત્યાં જ મહેમાન તરીકે રાખેલો હતો. પોતાનું એક કામ પાર પડેલું જોઇ હવે બીરબલે બીજો વિચાર કર્યો. એક દિવસે બીરબલ અને તે મારખાઉ વિષ્ણુ શાસ્ત્રીજી બેઠા બેઠા વાતોના તડાકા ઉડાવતા હતા, તે વેળા બીરબલે અજાણ્યા થઈ, શાસ્ત્રીજીના વાંસા ઉપર હાથ ફેરવી પૂછ્યું, "શાસ્ત્રીજી! આપનો વાંસો આવો ખાડાખાબોચિયાંવાળો કેમ થઈ ગયો છે." શાસ્ત્રીજી બાપડા ઝંખવાણા તો પડ્યા, પણ બધી વાત બીરબલને ખુલ્લેખુલ્લી કહી દીધી. બીરબલે ડાવકેપણે બધી વાત સાંભળી લઈ શાસ્ત્રીને જણાવ્યું, કે મારી પાસે એનો એક ઉપાય છે તે જો તમે કરો તો હું કહું, તેથી તમોને સદાનો લાભ થશે. શાસ્ત્રીજી તેમ કરવા કબુલ થયા. એટલે શાસ્ત્રીજીને ચાર મહિના પોતાને ત્યાં રાખી સારૂં સારૂં ખાવાનું આપવા માંડયું અને દરરોજ સવારમાં, અંગમાંથી પરસેવો છુટે ત્યાં સુધી દંડવત્ કરવા ફરમાવ્યું. ચાર મહિના તેમ ચાલુ કરવાથી શાસ્ત્રીજીનું શરીર સુધરી અસલ માફક સફાઇદાર થઈ ગયું. બીજી તરફથી બીરબલે એક લુહારને બોલાવી તેના પાસે લોખંડની નકશીદાર લાકડી બનાવી મંગાવી, તેને રંગરોગાન લગાડી ફાંકડી બનાવી દીધી. તે શાસ્ત્રીજીના હાથમાં આપી તેમને જણાવ્યું કે, "જુઓ શાસ્ત્રીજી, આનું નામ લોખંડી ગુરૂભાઈ. યોગ્ય વખતે વિચારપૂર્વક એનો ઉપયોગ કરશો તો તમારી સ્ત્રીના રોજંદા સંતાપમાંથી છૂટશો." આમ કહી શાસ્ત્રીજીને તેમને ઘેર વિદાય કીધા.

શાસ્ત્રીજી બીરબલે આપેલો સોહામણો લોહદંડ હાથમાં હલાવતા હલાવતા પોતાને મકાને આવ્યા. લાંબે વખતે તેમને આવેલા જોઈ રામબાઈ તો ખુશ થઈ ગયાં. જેટલા દિવસનો ખાંચો પડયો હતો તેટલા દિવસનો તેઓએ હિસાબ કરી રાખ્યો હતો કે, આટઆટલાં ખાસડાં શાસ્ત્રીજીના વાંસા ઉપર લગાવવાના મલશે. બાપડા શાસ્ત્રીજી લાંબેથી ચાલી આવ્યા હતા એટલે લગાર થાકી ગયા હતા. તેની કશી પરવા કીધા વગર જ તેઓ તો મનમાં મલકાવા લાગ્યાં કે

હવે જોડા મારવાની ખુબ મજાહ પડશે. એમ માનીને રામબાઇએ શાસ્ત્રીજીને ફરમાવ્યું કે જોડા ખાવાની જગાએ જઈ બીરાજો કે, ઘણે દિવસે તમારી પધરામણી થઈ છે તો, આજ બધી પહેરામણી કરી લઊં. શાસ્ત્રીજી પણ પેલી લાકડી ગુપચુપ હાથમાં રાખી જગાએ જઈ બેઠા. રામબાઈ જોડો હાથમાં લઈ હસતાં હસતાં આવ્યાં અને જેવો હાથ ઉચકવા જાય છે કે શાસ્ત્રીજીએ તેણીના હાથ ઉપર હાથમાંની લાકડીનો મજબુત સપાટો લગાવી દીધો. ફટકો પડતાંની સાથે જ રામબાઈ તો ભોંય ઉપર પડ્યાં અને બરાડ મારી કે, "અરેરે, જમાઇએ ઘાટ ઘડ્યો." આટલા બોલ બાહાર પડતાંની સાથે શાસ્ત્રીજીએ બીજો ફટકો લગાવ્યો. તે જોઈ રામબાઇનાં મોતિયાં મરી ગયાં અને તેઓ ખાસડાં મારવાનું ભુલી જ ગયાં અને સામા શાસ્ત્રીજીને કાલાવાલા કરવા લાગ્યાં. શાસ્ત્રીજીએ તો તેના ઉપર ધ્યાન આપવા વગર જ કરડાકી કરી બીજો ઝપાટો લેવા હાથ ઉચક્યો. તેટલામાં શોરબકોર સાંભળી આડોશીપાડોશી દોડી આવ્યા અને તેઓએ શાસ્ત્રીનો હાથ પકડી લીધો. રામબાઇ તો સમજી ગયાં કે, શાસ્ત્રીજી હવે બરાબર પાવરધા થઈ શાસ્ત્રનો પાઠ ભણી આવ્યા છે, એટલે ખાસડું કર્યાં ને કર્યાં ફેંકી દીધું, અને સામી શાસ્ત્રીજીની ક્ષમા માંગવા લાગ્યાં. તે દહાડાથી રામબાઈ સિદ્ધાંદાર થઈ ગયાં, ને શાસ્ત્રીજીનો સડેલો સંસાર પણ સુધરી ગયો. બીરબલની આ તદબીરની વાત જ્યારે પેલા તેમના અદેખા ભાઇબંધોએ જાણી ત્યારે તેઓ પણ કોઇ વખતે આપણા પણ આવા જ હાલ થશે એમ માની શાંત પડ્યા.

---

## કાળો છું, કઢિયારો છું, પણ દાનાઇનો પૂર છું!

ઉપરની કહેવત બીરબલે એકવાર ભરદરબારમાં, ખુદ બાદશાહને તથા બધા દરબારીઓને નીચું જોવાડીને પોતાની દાનાઇ અને હુશિયારીની સાબેતી કરી આપી હતી. બન્યું એમ કે, એક દિવસે દરબાર ભરાઇ હતી અને બીરબલ હજી આવ્યો ન હતો. બીરબલની ગેરહાજરીનો લાભ લઇ બાદશાહે, દરબારીઓમાં કાળા—ગોરા

કોણ છે તે માટે કાંઇક હાસ્ય કર્યું. હવે આખી દરબારમાં બીરબલીઓ લગાર શ્યામ વર્ણનો હતો એટલે બધાઓએ ટકોર કરવા માંડી કે, બધા ગોરા ગોરા પણ બીરબલીઓ કાળો, આ વાત ઉપર ખુબ હસી મશ્કરી ચાલતી હતી, તેટલાં બીરબલ આવી પોહોંચ્યો. તેને આવેલો જોઇ બધાઓ હસવા પડ્યા. પોતાને જોઇ બધા શા માટે હસે છે તેનું કારણ જાણુવાની તેને કુદરતી જીજ્ઞાસા થઇ આવી, છતાં તે બાહાર નહી દર્શાવતાં તે ગુપચુપ પોતાની જગાએ જઇ બેઠો. થોડીવાર બેઠા પછી તેણે બાદશાહને ધીમે સાદે પૂછ્યું, "ખાવિંદ આજ તો કાંઇ ઘણા જ લ્હેરમાં દેખાવ છો?"

બાદશાહે હસીને કહ્યું, "બીરબલ, એ તો તારૂં સ્વરૂપ જોઇને હમે બધા હસતા હતા; તે એમ કે અમે બધા ગોરા છીએ અને તું કાળો કેમ છે?"

બીરબલે કહ્યું, "ત્યારે આપ નામદારને એ વિષે મુદ્દલ જ ખબર નથી?"

બાદશાહે પાછું હસીને કહ્યું, "નહી મને એ વિષે મુદ્દલ ખબર નથી, પણ તું જાણતો હોય તો કહે."

બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, ઇશ્વરે જ્યારે જગત રચવા માંડ્યું ત્યારે પ્રથમ ઝાડપાન વગેરે બનાવ્યાં; પણ તે ઝાડ ઝાંખરાંથી તેને બીલકુલ સંતોષ થયો નહી. એટલે તેણે પશુ પંખીઓની સૃષ્ટિ પેદા કીધી. તે જોઇ તેને આનંદ થયો ખરો; છતાં તેથી પણ કાંઇક ઉત્તમ સૃષ્ટિ રચવાનો તેને વિચાર થયો. તે વિચાર અનુસાર તેણે મનુષ્ય માટે ચાર ચીજો બનાવી. તેમાં પેહેલું તો રૂપ, બીજું દ્રવ્ય, ત્રીજી અક્કલ અને ચોથું બળ. તે ચારે ચીજોને થોડે થોડે છેટે મુકી છોડી માણસ જાતને હુકમ કર્યો કે અમુક વખતની અંદર આમાંથી પોતાને મનગમતી ચીજ ઉપાડી લેવી. જેને જે ભાવ્યું તે ઉપાડ્યું. તેમાં સર્વેથી મોટે ભાગે બધા જ રૂપ ઉપાડવા લાગ્યા, પણ મારા તે વખતના વિચાર પ્રમાણે મને અક્કલ ઉપાડવાનો વિચાર થયો. પણ તે લેતાં મને ઘણો જ વખત લાગ્યો. પછી બીજી ચીજ લેવા ગયો તો મને માલમ પડ્યું કે આપેલી મુદત પુરી થઇ ગઇ

હતી, તેથી મને બીજી ચીજ મળી શકી નહી, તેથી હું માત્ર અક્કલ લઈને પાછો ફર્યો. આપ પોતે તો પ્રથમ રૂપ અને પછી દ્રવ્ય લેવા ગયા તે આપે, આપેલી મુદતની અંદર તલબ કીધી તેથી તે તમને મળી શક્યું, પણ મને રૂપ લેવા અવકાશ ન મલ્યો એટલે હું કાળો રહી ગયો."

બીરબલનું આવું યુક્તિબંધ બોલતું સાંભળી બાદશાહ આનંદ પામ્યો. બાદશાહ સમજ્યો કે, મને રૂપનું પૂતળું બનાવી બીરબલે પોતાને અક્કલવાન બનાવ્યો છે. દરબારીઓ પણ બીરબલનું બોલતું સાંભળી હેરત થયા, પણ પોતે બીરબલને જોઈને કાળો હોવાથી હસ્યા હતા તેથી શર્મિંદા થઈ ગયા. બીરબલે પોતાની ચતુરાઈથી તેમને નીચું જોવાડ્યું. એમ કરી સાબેત કરી આપ્યું કે "કાળો છું, કહિયારો છું, પણ અક્કલ અને દાનાઈનો દરિયાવ છું."

## નજરે જોયલું પણ કોઈ વખત ખોટું પડે છે!

બાદશાહના મેહેલમાં જે ખાજેસરાના હાથમાં બાદશાહનું બીછાનું સાફસુફ કરવાનું કામ સોંપેલું હતું, તેને તેની ગફલતી માટે બાદશાહ વારંવાર ઠપકો આપ્યા કરતો હતો. તેથી એક દિવસે તેના ધ્યાનમાં એમ જ આવ્યું કે લાવને, બાદશાહ રોજ હરકે ને તરકે ઠપકો આપ્યા કરે છે તો આજે બીછાનું બેવાર ઝાટકઝુંટક કરી સાફ કરી નાખું. તેમ વિચારી તેણે બીછાનું વધારે ચોકસાઈથી સાફ કીધું અને પછી વિચાર કરે છે કે શું આ બીછાના ઉપર પણ બાદશાહને ઊંઘ આવશે કે નહી? લાવને હું જ જરા એના ઉપર પોઢી તો જોઉં. એમ વિચારી તે, તે બીછાનાં ઉપર લેટી ગયો. બાપડો કોઈ દિવસે આવાં સુકોમલ બીછાના ઉપર સુતેલો નહી તે આજ સુવાનું મલ્યું તે સુતાની સાથે જ ઊંઘમાં પડ્યો. ઓઢવાની ચાદર પણ તેણે ઠેઠ માથાં સુધી ઓઢી લીધી. તે દાહાડે બાદશાહ જરા કામમાં રોકાયલો હતો તેથી તે વખતસર સુવા આવી શક્યો નહી. પણ રાણી સાહેબ તો વખતસર આવી લાગ્યાં. પેલા માથા સુધી ઓઢીને પોઢી ગયલાને પાદશાહ સુતા છે એમ સમજીને રાણીજી

તેનાજ પડખામાં પોઢી ગયાં. થોડી વાર થઇ કે બાદશાહ પોતાનાં કામથી ફારેગ થઇ સુવા આવ્યો. ત્યાં રાણીજીની બાજુમાં તો કોઇ ભલતાને જ પોઢેલું જોઇ તે ક્રોધાયમાન થઇ ગયો. તરવાર કાઢીને જાણ્યું કે હમણાં જ માથું કાપી નાખું એમ વિચારી ધસવા જાય છે તેવા જ તેને બીરબલના શબ્દો યાદ આવી ગયા કે, નજરે જોયલું પણ કોઇવાર ખોટું પડે છે, માટે આ પ્રત્યક્ષ દાખલો તેને દેખાડું કે આ નજરે જોયલું ખોટું કરી દેખાડ. એમ ધારી બીરબલ જે હજી મેહેલમાં જ હતો તેને બીજા ઓરડામાં બોલાવી મંગાવ્યો. બીરબલ હાંફ્લોફાંફ્લો આવી લાગ્યો, એટલે બાદશાહે બધી વાત તેને કહી. બીરબલ ઠંડે કલેજે બાદશાહને તપાસ કરવા લઈ ચાલ્યો. બન્ને જણા પેલા સુવાના ઓરડામાં આવ્યા. ત્યાં બાદશાહને એક પરદા પાછળ ઉભો રાખ્યો અને તે પછી રાણીને જગાડી. રાણી જે હજુ તરતની જ ઊંઘેલી હતી તે કાચી ઊંઘે ઉઠી. બીરબલે તેણીને પૂછ્યું કે, "આ કોણ સુતું છે?" તેના જવાબમાં રાણી બોલી કે "એ ખાવિંદ છે, બીજું કોણ હોય?" બીરબલ બોલ્યો, "મારે ખાવિંદ સાથે કાંઇક અગત્યની ખાનગી વાત કરવી છે માટે તમો મેહરબાની કરી બીજા ઓરડામાં જાઓ."

રાણી બીજા ઓરડામાં ગઇ, એટલે બીરબલે પેલા ખાજેસરાએ ઓઢેલી ચાદર ખેંચી લીધી. બાપડો ખાજેસરા તો ગભરાઇ ગયો. બીરબલે પૂછ્યું "કે તું શું કરતો હતો?"

ખાજેસરાએ જવાબ દીધો, "મહારાજ હું જે બોલીશ તે સાચું જ બોલીશ. ખુદાવિંદ હંમેશ મને ઠપકો આપતા કે બીછાનું બરાબર થતું નથી, તેથી આજે મેં ખાસ સાવચેતીથી બીછાનું કર્યું; પણ મને વિચાર થયો કે આવાં બીછાના ઉપર ખુદાવિંદને ઊંઘ આવશે કે નહી? એમ ધારીને હું બીછાના ઉપર સુતો; પણ સુતાં વાર જ મને ઊંઘ આવી ગઇ. માટે આપ નામદાર આટલો ગુન્હો માફ કરશો." એમ બોલી તે બાપડો તો થરથર ધ્રુજવા પડ્યો. બીરબલે તેને ત્યાંથી જતા રહેવાનો હુકમ કીધો એટલે તે તો ધ્રુજતે પગલે પલાયણ કરી ગયો. બાદશાહની ખાત્રી થઇ કે કોઇ વાર નજરે જોયલું પણ ખોટું પડે છે એમ બીરબલ કહે છે તે સત્ય જ છે.

## બીરબલના ઘરનાં માણસોની પરીક્ષા કરવા જતાં બાદશાહ મૂર્ખ બન્યો !

એક દિવસે કચેરીમાં બાદશાહને ઝાઝું કામ ન હતું, એટલે તેનો કીડો નવીન રીતે સળવળી આવ્યો. તેના મનમાં એવો જ ધખારો બેઠો કે બીરબલ આવો ચતુર છે તો તેના ઘરના બીજા માણસો પણ ચતુર હશે કે કેમ? તેની પરીક્ષા કરવી. આ વિચાર મનમાં રાખીને તેણે બીરબલને ઘરે જઇ બધાની પરીક્ષા કરી જોવાનો ઠરાવ કીધો. એમ વિચારી બાદશાહ કાંઇ કામનું બાહાનુ કહાડી મેહેલમાં જતો રહ્યો. અંદર જઇ બાદશાહી પોશાક બદલી સાધારણ કપડાં પહેરી બે ચાર માણસોને સાથે લઈ બીરબલને ઘરે ગયો. ત્યાં કોઇ પુરૂષ ન હતો. ફકત સ્ત્રીઓ જ ઘરમાં હતી. બીરબલનો એક નાનો છોકરો તથા છોકરી ત્યાં રમતાં હતાં. બાદશાહ ત્યાં ઓટલા આગળ આવી ઉભો રહી ગયો. બાદશાહને જોઇને છોકરાએ પોતાની બેહેનને કહ્યું, "તે આવ્યો." બહેને કહ્યું, "પણ તે નથી."

આ બે ભાઇ બેહનને આ પ્રમાણે વાત કરતાં જોઇ, બીરબલની સ્ત્રી જે ઘરના અંદરના ભાગમાં હતી તે બોલી, "તેમ પણ હોય છે અને એમ પણ હોય છે!"

આ પ્રમાણે આ ત્રણે જણાનું બોલવું સાંભળીને કોઇને કાંઈ નહી પૂછતાં બાદશાહ ગુપચુપ પાછો કચેરીમાં આવ્યો. ત્યાં ઠરી ઠામ થઇ, તે દરબારીઓને પૂછવા લાગ્યો. "તે આવ્યો પણ તે નથી, તેમ પણ હોય છે અને એમ પણ હોય છે." એનો ભાવાર્થ સમજાવો. સર્વ દરબારીઓ મનમાં મુઝાવા લાગ્યા કે બાદશાહ કાંઈ ગાંડો થયો છે કે તેને કાંઇ ધખારો બેઠો છે. કોઇ તેના બોલવાનો ભાવાર્થ તો સમજાવી શકયો નહી અને સમજાવે પણ શું તેઓનું તોરકું? પછી બાદશાહે બીરબલને પૂછ્યું. બીરબલે જવાબ દીધો. "જનાબ આમાં તો મૂર્ખ માણસનાં લક્ષણ દેખાય છે."

"સાંભળો જનાબ," બીરબલ બોલ્યો, "તમારા સવાલની મતલબ એવી છે કે કોઇ માણસ ઘરમાં ન હોય તે વખતે સભ્ય માણસ મૂર્ખપણાથી તેના ઘરમાં જાય ત્યારે ઘરનાં માણસો આ પ્રમાણે બોલે

'તે આવ્યો. એમ જ બળદ આવ્યો,' પણ તે નથી એટલે તેને શીંગડાં નથી, તેમ પણ હોય છે અને એમ પણ હોય છે, એટલે શીંગડાં હોય છે અને નથી પણ હોતાં; આવો એનો અર્થ થાય છે." ટુંકમાં એની મતલબ એવી છે કે કોઇપણ સભ્ય માણુસે કોઈ અમુક આસામીને મળવું હોય તો તે ઘરમાં છે કે કેમ, ક્યારે મળશે? તેની ખબર મેળવીને પછી જવું, અને તેમ ન કરતાં તે માણુસ જો વગર પૂછપરછ કરવે ધૂસી જાય તો તે મૂર્ખનું લક્ષણુ ગણાય છે.

બીરબલનો આવો ખોલાસો જવાબ સાંભળીને બાદશાહ મનમાં સમજી ગયો કે કમબખ્તે મને મૂર્ખ બનાવ્યો, પણ કરે શું? તેરી બી ચુપ ને મેરી બી ચુપ કરી મુંગો જ બેઠો.

## *મોગલ દરબારમાં રજપૂતોનો ટેક—તેને હેઠો પાડવાનો મિથ્યા પ્રયાસ–તે માટે ચાલેલા છળભેદ છતાં આખર નિરાશ.

અકબરશાહના દરબારમાં એવો એક ધારો હતો કે, જેટલા રજપૂતોને તેણે જીત્યા હોય તેટલાની પાસેથી વારાફરતી છ માસની નોકરી લેવી. તે રાજા છ માસ પોતાના ગામમાં રહે, અને છ માસ બાદશાહની પાસે દરબારમાં રહે. આવી રીતે ઘણાખરા રજપૂત રાજાઓ શાહની દરબારમાં રહેતા હતા. આટલું છતાં મેવાડનો પ્રતાપસિંહ બાદશાહને વશ થયો ન હતો. તે વારંવાર બોલતો કે જ્યાં સુધી મારી રગોમાં સીસોદીઆનું રક્ત છે ત્યાં સુધી હું કદી પણ પરધર્મી રાજાને વશ થવાનો નથી. તે એટલો ટેકાલો હતો કે પોતાનું બોલેલું પાળતો હતો. દરબારમાં રાઠોડ વંશનો રજપૂત રાજા નામે અમરસિંહ હતો. તે છ માસ દરબારમાં રહેતો અને છ માસ પોતાને વતન રહેતો. સઘળા પરધર્મી રાજકારભારીઓની વચ્ચે રહેવા છતાં, અમરસિંહ ગમે તે કરીને પણ પોતાનો રજપૂત ટેક છોડતો નહી. અને વખત આવ્યે

* ચાંપરાજ હાડા અને સોનરાણીના સંબંધમાં આ બનાવ બનેલો કહેવાયલો છે. પણ ઘણેક ઠેકાણે તે અમરસિંહ રાઠોડ અને તેની રાણીને એ બનાવ લાગુ પાડવામાં આવેલો કહેવામાં આવે છે.

તે ટેકને છેક છેવટ સુધી વળગી રહેતો. તેનો તે ટેક અને રજપૂત ગર્વ છોડાવવાને મોગલ-મુસલમાન રાજ્યકારભારીઓ ગમે તેવા કાવાદાવા કરતા, છતાં પણ તે પોતાની બાહોશીથી તેઓના તે કાવાદાવાથી કદિ પણ ડગમગતો નહી; ઓર, તેવી વેળાએ વધારે સાવધાન રહીને તે પોતાનું કામ સફાઇથી કહાડી લઇ રજપૂત બચ્ચાનું ખરું પરાક્રમ ખુલ્લું કરી આપતો. દરેક પરધર્મી દરબારી તેને ફસાવવાને મંડ્યા રહેતા; પણ કોઇના ફાંદામાં તે આવતો નહી. એક વખત એવો બનાવ બન્યો કે, બાદશાહને પોતાને પોતાની એક સ્ત્રીનાં પતિવ્રતપણા માટે શક પડ્યો. બાદશાહે તે બાબતની ઘણી બારીકાઇથી તપાસ કરવા માંડી તો તેની ખાતરી થઇ કે તે સ્ત્રીએ ખરેખર જ પોતાનાં પતિવ્રતપણાને કલંક લગાડવા જેવું કર્મ કર્યું હતું. આ ઉપરથી બાદશાહને ચટાપટી લાગી કે, મારી દરબારમાં આટલા બધા મોટા મોટા દરબારીઓ ધર્મી તથા પરધર્મી પણ છે તો તેમાં કોણની સ્ત્રી મહાસાધ્વી અને પ્રતિવ્રતા છે તેની તપાસ કરવી. આ વિચાર કરી, બાદશાહે, સભામાં બીડું મૂક્યું કે, "કોની સ્ત્રી પતિવ્રતા છે, તે કહેવાની જેને હિમ્મત હોય તે આ બીડું ઉઠાવે. તપાસ કરતાં જો તે સ્ત્રી ખરે જ પતિવ્રતા નીકળશે તો તેને હું બહુ માનપાન આપીશ, અને જો નીતિભંગ પુરવાર થશે તો હું બન્નેને ગર્દન મારીશ." આ સાંભળી દરેક જણ દંગ થઇ ગયા, અને બધાને પોતપોતાની ગૃહલક્ષ્મીઓને માટે તરેહવાર કલ્પનાઓ થવા લાગી. એટલે કોઇએ બીડું તો ઉપાડ્યું જ નહી. આ જોઇ બાદશાહને આશ્ચર્ય લાગ્યું, અને તે બોલી ઉઠ્યો કે, "અરે શું? મારી દરબારમાં આટલા બધા મોગલ સરદારો, હિંદુ રાજપતિઓ, સરદારો અને અમીર ઉમરાવો, મૂછ્યો મરોડતા બેઠા છે તો શું તેમાં કોઇની પણ સ્ત્રી પતિવ્રતા નથી? આહા, આહા, ધિક્કાર છે, ધિક્કાર છે, આ મામલો જોઇને હું તો તદ્દન સ્તબ્ધ જ થઇ ગયો છું." આવું બોલવું સાંભળી અમરસિંહ રાઠોડ, તરાડ મારી ઉભો થયો, અને ભવાં ચઢાવી બોલ્યો, "ખુદાવિંદ આપ આ શું બોલો છો? શું રજપૂતોનું શૌર્ય એકદમ નાશ પામ્યું છે? શું પોતાના ઘરની કોઇને ખાત્રી નથી? ખુદાવિંદ, આપ બધાને સર્વત્ર એક લાક-

ટીએ ન હાંકો; મારા ઘરમાં મારી સ્ત્રી સતી, મહાસાધ્વી અને પતિવ્રતા છે." આ ટંકારાબંધ બોલવું સાંભળીને તમામ દરબાર દંગ મારી ગઇ; દરબારીઓમાં ચુપચાપ ફેલાઈ ગઈ અને અમરસિંહે તો પોતાનું બોલવું ખતમ કરીને એકદમ બીડું ઉઠાવી લીધું. આ જોઇ મોગલ તેમ જ મુસલમાન દરબારીઓનાં મોહોડાં ઉતરી ગયાં; ક્રોધથી ઉંચું તો જોવાયું નહી પણ સઉ કોઈ વિચારમાં પડ્યા કે આ રજપૂતડાએ તો આજે આપણી આબરુની ધૂળધાણી કરી દીધી. બધા ઘુસઘુસ કરવા લાગ્યા કે આ રજપૂતડાને ગમે તેમ કરી હંફાવવો જોઇયે, પણ તે માટે તદબીરની જરૂર છે, અને તે તદબીર કોણ શોધે? અને કોણ તેની અજમાયશ લે એ માટે સઘળા વિચારમાં પડ્યા. બનાવ એવો બન્યો કે દરબારમાં એક કાણીઓ અમીર હતો. તે જાતે ફુલણજી અને ફુકરાજીખોર હતો. તે જેમતેમ હિમ્મત લાવીને ઉઠી ઉભો થયો અને બોલ્યો, "ખુદાવિંદ, અમરસિંહ રાઠોડ જે આટલી બધી શેખી કરે છે તેમની સ્ત્રીને તો હું સારી પેઠે ઓળખું છું, એમનાં ઘરનાં બધાં છિદ્રો હુ જાણું છું, માટે જો મને રજા આપો તો એમના ઘરની તમામ ખબર લાવી આપું, કે એમનાં કહેવાતાં સાધ્વી પતિવ્રતા સ્ત્રી કેવાં છે?" બાદશાહે આ સાંભળી તેને રજા આપી. કાણીઆએ માંગણી કરી કે "ખુદાવિંદ, મારૂં હાથ ધરેલું કામ કયારે સફળ થાય કે જ્યારે હું, રાઠોડજીનાં ગામમાં ગયલો હોઉં તેટલો વખત અમરસિંહને પુરતા ચોકી પેહરામાં રાખવો, નહી તો એ પોતાની સ્ત્રી ઉપર છુપા સંદેશા મોકલી તેને બધી બીનાથી વાકેફ કરી મુકે અને મારૂં કામ બગડે." બાદશાહે તે બાબતનો પણ ચાંપતો બંદોબસ્ત કરવાની હા પાડી, પણ કહ્યું કાણીયા, તું જો એ રાઠોડની રજપુતાણી કલંકિત છે તેનો પુરાવો રજુ ન કરી શકશે તો તારૂં માથું ઝટ ઉડી જશે, માટે હજી પણ તું વિચાર કરી હામ ભીડજે; ગમે તે પણ રજપૂતાણી છે અને તેઓને પોતાનાં સ્વમાનનો જુસ્સો હોય છે તેની મને પુરી ખબર છે. આણીગમ કાણીઆભાઇ, બડાસ મારી તો પાછા હટે એવા નહતા, એટલે ઉત્તર આપ્યો, "હજુર, તે બધા વિચાર કરીને જ મેં આ કામ ઉઠાવ્યું છે."

કાણીઆભાઇની આ લબાસથી બધા કમકમી ઉઠેલા મોગલ–મુસલમાની દરબારીઓ તો ખુશીખુશી થઇ ગયા. કાણીયાભાઇ તો કમ્મર કશીને ઉઠ્યા, અને અમરસિંહનાં ગામ તરફ ચાલુ મુક્યું. ગામમાં આવીને તજવીજ કરી તો માલમ પડ્યું કે ગામના કોઇ માણસે તો શું પણ પંખેરાંએ પણ અમરસિંહની સ્ત્રીનો ચહેરો તો જોયો નથી, એટલું જ નહી પણ તેના મહેલમાં શું છે અને શું નહી તેની પણ કોઇને લેશ માત્ર ખબર નથી. કાણીઆભાઇને આ જાણીને બહુ પસ્તાવો થવા માંડ્યો કે, આ આપણે શું વિટંબણા માથે ઉઠાવી છે અને જીવ જવાનો સોદો માથે ઉપાડી લીધો છે? આડકતરી રીતે કંઇ પણ પત્તો મેળવવાને તેણે અનેક ફાંફાં માર્યાં પણ કશું વળ્યું જ નહિ. અંતે ઘણી શોધખોળ કરતાં તેમને એક માલણ હાથ લાગી. આ માલણ આગળ અમરસિંહની નોકરીમાં હતી, પણ કાંઇક કસુરના કારણે તેને કહાડી મુકી હતી. કાણીઆભાઇએ પોતે માથે ઉઠાવેલા કામની તેણીને ખબર આપી અને તે કામ કોઇ પણ પ્રકારે બનાવી આપવાની તેને માંગણી કરી, પુષ્કળ દ્રવ્ય આપી નીહાલ કીધી. માલણ પોતે મેહેલની બધી નીશાનીઓ જાણતી હતી તે બધી તેણીએ તેને લખાવી. પણ અમરસિંહની સ્ત્રીને ખરાબ ચાલની પુરવાર કરવાને આટલું જ કંઇ પુરતું નહતું, એટલે તેમણે તે બાઇનાં અંગ ઉપરની કોઇ છુપી નીશાનીઓ લાવવા કહ્યું. માલણે પહેલાં તો એ બાબતમાં બહુ આનાકાની કરી, પણ જર દેખીને મુનિવર ચળે તેમ જરની લાલચથી તેણી તે લાવી આપવા ભાંગી તુટી કબુલ થઈ. માલણ તરીકે તે તો રદ થયલી હોવાથી મેહેલના દરવાજામાં સુદ્ધાં પેસવાનો તેને હુકમ ન હતો. એટલે તેણે બીજી તદ્બીર લગાવી. કાણીઆ અમીર સાહેબનો રથ અને સીપાઇઓ વગેરેને લઇને તેણી જાણે બાહારગામથી આવતી હોય એવો દેખાવ તેણીએ કીધો. કપડાં પણ ઠાઠમાર પેહેર્યાં, શણગાર પણ સજ્યા એટલે તેનું રૂપરંગ ફેરવાઇ ગયું હતું. રથ હાંકી લાવીને તેણીએ અમરસિંહના વાડામાં છોડાવ્યો, અને અમરસિંહની રાણીને ખબર મોકલાવી કે, તેના પતિની ફોઇબા તેને મળવા આવી છે. રાણીએ વિચાર્યું કે, મારા પતિની કોઇ

ફોઈ છે એવી વાત કોઇ દિવસે મને મારા પતિએ તો કહેલી નથી, છતાં પણ તેનો લાંબો વિચાર ન કરતાં તેણીએ તે ફોઇબાને અંદર બોલાવ્યાં. અંદર આવતાં રાણીએ તેણીને માથાથી પગ સુધી તપાસી તો તેણી કોઈ રીતે રજપૂતાણી તો લાગી નહી. તે વિચારમાં પડી કે, મારા પતિ ઘરમાં નથી ને કોણ જાણે કદાચ ખરી ફોઈ હોય તો રખે અપમાન થાય એમ સમજીને તેણીને ઘરમાં રાખી. બે ત્રણ દિવસ, એમ ઘરમાં રહીને પેલી ઠગારી માલણે ઘરનો બધો રાહધાટ જોઇ લીધો. અમરસિંહ, પોતાની સ્ત્રીને છુટા પડતી વખતે પોતાનો એક રૂમાલ અને કટાર આપી ગયો હતો અને ગમે તે થતાં તેનાથી છુટા ન પડવું એવું ફરમાવી ગયો હતો. આ બંને વસ્તુઓ, રાણી પોતાની પાસે જ રાખતી અને કદી તેથી વ્હીલી પડતી નહી. માલણની તેના ઉપર નજર પડી, એટલે તેણે યુક્તિથી તેની માંગણી કીધી. રાણીએ તે આપવા ના પાડી, એટલે ફોઇબા તો રીસાઇ જવા માંડ્યાં. રાણી મનમાં બહુ મુઝવાણી, કયે રસ્તે કામ લેવું તે સુઝયું નહી. અંતે ઠરાવ ઉપર આવી બોલી કે, ફોઇબા, તમે જ્યારે રૂમાલ અને કટાર માંગો છો તો એમાં કાંઇ વધારે કીમતનો માલ નથી, પણ તમારા ભત્રીજા મને એ યાદ તરીકે આપી ગયા છે, તેથી જ મને આટલી ખેંચ કરવાની જરૂર પડે છે. ફોઇબા ઘણી આનાકાની અને વાંધાટામા કરવા લાગ્યાં, અને તરેહવાર લાંબા ટુંકાં ભાષણો કીધાં. રાણીએ તેને ઘણી સમજાવીને અંતે તે બન્ને જણસ તે ઠગારીને આપી; અને આ બની બેઠેલી ફોઇબાને ખુબ સમજાવી મનાવી લીધાં. ફોઇબા પણ જેમ તેમ રીઝયાં, અને રૂસણું ઉતારી ઘરમાં પાછો ધામો નાખ્યો. બીજે દિવસે ફોઇબા તો એટલાં નમાલાં થઇ ગયાં કે, રાણી નાહાવા બેઠી તો તેને પોતે દીલચોળી નહવાડવા લાગ્યાં. તેમ કરવામાં તે કમજાતનો હેતુ તો જુદો જ હતો. રાણીજીનાં આંગ ઉપરના ખુણા ખોચરામાં છુપી નીશાનીઓ હોય તે જોઈ લેવાની તેની મતલબ હતી. તે કામ તેણે પુરી રીતે પાર પાડ્યું. ત્રણ દિવસમાં તો તેણે પોતાનું ધાર્યું કામ કરી લીધું, અને ચોથે દિવસે ગામ બાહાર માહાદેવનાં દર્શને જવાને બાહાને પોતાનો રથ તૈયાર કરાવી, ચાલી ગયાં.

તેમ કરતાં તેઓએ પેલી કટારી અને રૂમાલ લઈ જવાને ભૂલ કરી નહી. ફોઇબા દર્શને જવાને બાહાને ગયાં અને ઘણો વખત થયો છતાં પાછાં ફર્યાં નહી, ત્યારે રાણીને વળી ચિંતા થવા માંડી કે ફોઇબાને વળી શું રૂસણું ચઢયું કે હજી તેઓ પાછાં ફર્યાં નહી. ફોઇબા બની બેઠેલી આ ઠગારી માલણ તો પાછી પોતાને ઘેરે આવી અને રથ તથા સરસામાન પેલા કાણીઆ મીયાને સોંપી દીધાં. પછી પોતે ઉતારેલી યાદી તેના હાથમાં મુકી. કાણીઆભાઇ બોલ્યા, કે બાઇ આટલાથી તો કાંઇ આ માહાભારત જોખમનું કામ પાર ઉતરે નહી. માલણે ધીરજ આપી કે, જો એટલાથી તમારૂં કાર્ય ન સરે તો આ કટારી અને રૂમાલ બાદશાહને આપવાં અને કહેવું કે, અમરસિંહ જ્યારે પોતાને ગામથી નિકળ્યો ત્યારે આ બે ચીજ તેણે રાણીને જીવ માફક સાચવવા આપી હતી, અને એટલાથી પણ તમારૂં કામ સિદ્ધ નહી થાય તો કહેજો કે એની ડાબી જાંગ ઉપર ત્રણ કાળા તલ છે; જાઓ મિયાં, હવે ફત્તેહ કરો.

કાણીઆભાઇ તો આ સાંભળી છક્ક થઇ ગયા, અને જેટલું દામ અપાય તેટલું માલણને આપીને તેઓ ત્યાંથી નીકળી ચાલ્યા. કુચ ઉપર કુચ કરતા થોડેક દિવસે મીયાંભાઇ દિલ્લી આવી પહોંચ્યા. જાણે શું વાઘ માર્યો ન હોય! તેમ મૂછ્યાં મરોડતા રોફબંધ રસ્તે ચાલે. તેમ કરતાં તેઓ બીજે દિવસે દરબારમાં પધાર્યા. બાદશાહ પણ દરબારમાં પધાર્યા અને તેમને જોતાં જ કાણીઆમીઆંની તો છાતી ઉફણાઇ જ આવી. બાદશાહને સલામ કરી, તેઓએ ખુલાસો કરવા માંડ્યો—"ખુદાવિંદ, સેવક ફત્તેહ કરી આવ્યો છે; રાણીએ મને મોટી ખુશીથી અને લેશપણ આનાકાની વગર મેહેલમાં દાખલ કીધો. બે મહીના સુધી હું ત્યાં એશઆરામમાં રહ્યો, મેહેલમાં દાખલ થવાને સાત દરવાજા છે; દરેક દરવાજે સો સો રજપૂતોની ચોકી છે; તે પછી દાસીઓની ચોકી આવે છે; રંગ મેહેલના દરવાજા આગળ એક આરિસો જડેલો છે, જેમાં માણસ પગથી તે માથા સુધી દેખાય છે; રંગ મેહેલમાં ચાર ઝરૂખા છે, અને સાત બારીઓ છે; વચમાં રૂપેરી ખુરસીઓ મૂકેલી છે, તેના ઉપર કીનખાબના તો અસ્તર

ચઢાવેલાં છે, રાણીની ખુબસુરતી તો એવી છે કે તેનું વર્ણન થઈ શકતું નથી, તેના વસ્ત્રમાંથી સર્વથા ગુલાબની સુગંધ આવ્યા કરે છે; બાગમાં તરેહવાર ઝાડો છે; વચમાં એક ફુવારો છે, જેમાંથી પાણી ચકરી ખાઇને દશ હાથ ઉછળે છે, તેની જ પડોશમાં જાત જાતનાં પંખેરાંઓનાં પાંજરાંઓ ગોઠવી દેવામાં આવ્યાં છે."

આ હકીકત સાંભળી બાદશાહે, રાઠોડને પૂછ્યું, કેમ રાઠોડજી હવે શું કહો છો ? અમરસિંહ બોલ્યો, ખુદાવિંદ, એમાં તે શું મોટું છે, એવું તો મારી રૈયતના આદમીઓ જેઓ અહીં રહે છે તેઓ પણ કહી શકશે. વધારે બારીક બાબતનો ભેદ આપે ત્યારે માનવામાં આવે. બાદશાહના પણ ધ્યાનમાં તે વાત ઉતરી, અને તે ઉપરથી તેમણે કાણીઆમીઆના તરફ નજર ફેંકી. તેવી જ કાણીઆભાઇએ પેલી કટાર અને રૂમાલ ખીસ્સામાં રાખેલાં તે કહાડી ખુલ્લાં કરી દઈ, કહ્યું કે, "આ વસ્તુઓ કોની છે તેની ખુદાવિંદ ખાત્રી કરો." અમરસિંહના હાથમાં તે આપી તેને તે માટે પુછ્યું. અમરસિંહે તે તપાસી, પોતાની તરીકે કબુલ રાખી, પણ તેટલાથી એ પતિજ ન થાય એમ કહ્યું. આ ઉપરથી બાદશાહે વધુ પુરાવો માંગ્યો. કાણીઆભાઇ ઉછળી પડ્યા, અને બોલ્યા કે, "જો આટલી વાતથી પણ નહી જ ધરાતા હોવો તો લ્યો કહી દઉં છું કે, રાણીની ડાબી જાંગ ઉપર ત્રણ કાળા તલ છે."

આ સાંભળીને અમરસિંહ નીચું જોઇ રહ્યો, અને વિચાર્યું કે જ્યાં સુધી કાંઇ કાળું ચરિત્ર બની ગયું ન હોય ત્યાં સુધી આ ખબર કેમ મળે ?

બાદશાહે કબુલાત પ્રમાણે અમરસિંહને ફાંસીની સજાનો હોકમ ફરમાવ્યો.

અમરસિંહે, નીચું નમાવી પોતાની શરત હારેલી કબુલ કરી, અને તેમ કરી બોલ્યો કે, "ખુદાવિંદ, મારે સજા તો ખમવી જ જોઇએ; પણ મારા દીલમાં એક ઉમેદ રહે છે તે આપ આજ્ઞા કરો તો કહું."

બાદશાહે તે કહેવાની આજ્ઞા આપવાથી, અમરસિંહ બોલ્યો; ખુદાવિંદ, મને મારી સ્ત્રીની નીતિ ઉપર અતિ ઘણો વિશ્વાસ હતો, હવે આપના દરબારમાં તે બદકાર તરીકે જાણીતી થઇ છે, માટે મારે શીક્ષા આપવો છે માટે જો આપ રજા ફરમાવો તો હું ત્યાં જઈ આવું.

બાદશાહે તે વાતની આનાકાની કરી, એટલે અમરસિંહે પોતાના રજપૂત ટેકની વાત આગળ કરી બાદશાહની ખાત્રી કરવા માંડી. તે જોઈ બાદશાહે તેને એક માસની રજા આપી; પણ ક્યારે કે કોઈ જામીન મુકી જાય તો. અમરસિંહે કાકલુદી કરી. ખુદાવિંદ આ પરદેશમાં મારો જામીન કોણ થાય ? તેમ વળી મારી શિક્ષા પણ મુકરર થઈ ચુકી છે.

આ વાત ચાલે છે તેટલાં દરબારમાં ભેગા થયલાઓમાંથી મોતીચંદ નામનો શાહુકાર ઉભો થઈ બોલ્યો, ખુદાવિંદ રાઠોડને જવાની રજા આપો, એનો હું જામીન છું, જો અમરસિંહ એક મહીનાની મુદતમાં પાછા ન ફરે તો તેમની જગાએ મારું માથું હું મોટી ખુશીથી આપીશ.

બાદશાહે મોતીચંદ શાહુકારની હીમતની આફરીન પુકારી, અને તુરત અમરસિંહને જવાની રજા આપી.

રજા મળતાં જ અમરસિંહ મારતે ઘોડે પોતાને ગામ ગયો; તેવો જ પોતાના મેહેલ આગળ દોડ્યો, અને બારી આગળ આવી ઘોડે બેસી જ બારીમાં નજર કરી. તુરતમાં તો કોઈ નજરે પડ્યું નહી, પણ તે પછી ઘોડાનો ખોંખાર કરાવ્યો. મેહેલમાં બેઠેલી રાણીએ તુરત તે ખોંખાર પોતાના પતિના ઘોડાના ખોંખાર તરીકે ઓળખ્યો, અને દોડતી જ બારીએ જોવા આવી. અમરસિંહ અને રાણીની નજર સામસામી મળતાં જ અમરસિંહે ઘોડે બેઠાં બેઠાં જ પોકાર કીધો—"વાહ વાહ! શાબાસ છે, ધન્ય છે, તમને અને તમારી પ્રતિષ્ઠાને." આટલું જ બોલી તે પાછો ઘોડો ફેરવી ચાલતો થયો. અમરસિંહનાં આ વર્તનથી રાણીની અજાયબીનો પાર ન રહ્યો. તેણીએ તુરત પોતાની દાસીને ગામમાં ખબર કઢાવવા મોકલી. પણ તે રખડી રઝળીને કશી પણ બાતમી મેળવ્યા વગર જ પાછી ફરી. પેલી ફોઈબા કટાર અને રૂમાલ લઈને પલાયણ કરી ગઈ હતી તે બીના તુરત રાણીને સાંભરી આવી: અને તે ઉપરથી જ કાંઈ અવનવું બનેલું તેણીએ ધારી લીધું. કશી પણ ઢીલ કર્યા વગર તેણીએ પોતાની પાલખી તૈયાર કરાવી; અને પોતે દાસીઓ સહિત આડે અવળે રસ્તે

દિલ્લી જવા નીકળી પડી. પેલી તરફ અમરસિંહ ઘોડેસ્વાર થઈ દોડતો હતો તેને માર્ગમાં કાંઈ અડચણ નડી, તેથી સિધ્ધો માર્ગ છોડી લાંબે રસ્તે દોડવું પડ્યું. આમ બનવાથી તેના કરતાં રાણી એક દિવસ વહેલી દિલ્લી જઈ પોહોંચી, અને બાદશાહની ગુણીકાને ઘેર ઉતરી, તેણીએ પોતાની ઉપર બનેલી વાત કહી. ગુણીકા પણ તે સાંભળી આશ્ચર્ય પામી; પણ પોતે દિલ્લીમાં બનેલી બધી વાતથી જાણીતી હતી તેથી કાંઈ તદબીર ઢુંડવા લાગી. ગુણીકાએ દરબારમાં કાણીઆભાઈ અને અમરસિંહ વચ્ચેનાં વાક્યુદ્ધની સર્વ વાત રાણીને કહી સંભળાવી. રાણીને સમજાવી દીલાસો આપીને ધીરજ ધરવા ફરમાવ્યું. હવે પેલી તરફ અમરસિંહને આવતાં ઢીલ થઈ એટલે બાદશાહે તો પેલા મોતીચંદ સાહુકારને ફાંસી ચઢાવવા તૈયાર કર્યો. મોતીચંદ મોતીનો દાણો જ હતો. તે તો છાતી ઠોકી ફાંસી ચઢવા તૈયાર થઈ ગયો. મોતીચંદની આ સાચવટ જોઈ બાદશાહ બહુ જ તાજુબ થયો, અને ફાંસીનો દિવસ મુલતવી રાખ્યો. હવે પેલી તરફ પેલી ગુણીકાએ શું તદબીર કરી તે જોઈએ. તેણી ખુબ ઠાઠ માઠ સાથે દરબારમાં દાખલ થઈ. સાથે અમરસિંહની રાણીને પણ લેતી ગઈ, પણ તેણીને એવો પોષાક આપ્યો હતો કે તેણી કોઈથી ઓળખી શકાય નહીં. દરબાર તો ઠઠમાર ભરાયલી હતી. કાણીઆભાઈ પણ મૂછયાં મરોડતા લ્હેરમાં બેઠેલા હતા. ગુણીકાએ દરબારમાં દાખલ થતાં જ બાદશાહને મુજરો કરી, "ન્યાય–ન્યાય"નો પોકાર ગજાવ્યો. બાદશાહે તેણીને શાંત પાડી સર્વ હકીકત રજુ કરવા ફરમાવ્યું. ગુણીકા કુરનીસ બજાવી બોલી "નામવર, શાહે આલમ, આ મારા જોડે આવેલી સ્ત્રી એક પરદેશી છે, તે મારે ત્યાં આવી ઉતરી છે. ગઈ રાત્રે હું તેણી જોડે ગમત ખાતર ચોપટ રમવા બેઠી હતી, તેટલાં કાણીઓ અમીર અમારે ત્યાં આવ્યો અને બારણું ઠોકયું. બાઈ બાપડી ગભરાઈ અને બોલવા લાગી કે, એ કોઈ પરાયો પુરુષ આવી મને અજાણી જોઈ લાજ લુટવાની છેડ રખે કરે. મેં તેણીને તેમ ન થવા દેવા હીંમત આપી શાંત કરી બારણું ઉઘાડ્યું. ઉઘાડતાં વાર જ કાણીઓ અમીર અંદર ચાલી આવ્યો. તે બાઈને જોતાં જ તેના ઉપર મોહી પડ્યો અને ગમે

તેટલો વારવા છતાં તે તો તેણી જોડે અયોગ્ય છેડ કરવા લાગ્યો. આ રીતે બાઈ પોતાની લાજને કલંક લાગેલો માની મરવા માંગે છે તો, આપ હજુરે આલમ, એનો ન્યાય આપો. આ સાંભળતાં જ કાણીઆભાઇના હાંજા ગગડી ગયાં. તે તદ્દન ગળગળો થઈ બોલ્યો—"હજરતે આલમ, કયા કમબખ્તે આ બાઇને જોઇ પણ છે, પેહેલાં તો હું આ ગુણીકાને ઘરે કોઈ દિવસ જતો નથી અને ગયો પણ નથી." આ સાંભળી અમરસિંહ ચોંકી ઉઠ્યો. તેણે પેલી પગથી માથા સુધી ઢંકાયલી સ્ત્રીને ખુબ નીહાળીને જોઈ અને તુરત જ ઓળખી કહાડી કે તે તો મારી જ સ્ત્રી છે. આ જુઠાં સાચાનો ફારસ ચાલતો હતો તે, તે મુંગે મોહોડે જોઈ રહ્યો. તુરતવેળા કાંઈ બોલ્યો નહી, અને અંત શું આવે છે, તે જોવા ખોટી થયો, જો કે તે જ વેળા પોતાનું રજપૂત લોહી ઉકલી આવ્યું હતું તેથી તેણે દાંતો તો કચકચાવા માંડ્યા. કાણીઆ અમીરે ઘણી ખાતરી આપવા માંડી, ત્યારે બાદશાહે કહ્યું કે મારી ગુણીકા કોઈ દિવસે પણ જુઠું બોલતી નથી; માટે તું ગયો હોવો જોઇએ એ વાત મારા ધ્યાનમાં ઉતરે છે. કાણીઆભાઇએ જોયું કે હઈ બડાઈ મારતાં તો જાન જવાનો સોદો થયો છે, એટલે બોલ્યો, ખુદાવિંદ, હું કદી એને ત્યાં ગયો નથી, કહો તો હું સોગંન ખાઉં. બાદશાહે તેને સોગંન ખાવા ફરમાવ્યાથી, તેણે હાથમાં કુરાને શરીફ લઈ સોગંન ખાવા માંડ્યા. તે બોલ્યો, "હું આપણા પેગમ્બર સાહેબને હાજરનાજર જાણી તથા આ પવિત્ર કુરાને શરીફ હાથમાં લઇ તેનું ચુંબન કરી સોગંન ખાઉં છું કે મેં આ સ્ત્રીને કોઇ પણ દિવસે જોઇ નથી." આ સાંભળતાંને વાર પેલી ગુણીકા પોકારી ઉઠી, "ખુદાવિંદ આ સ્ત્રી અમરસિંહજીની રાણી છે; જે વખતે અમરસિંહે તમારી સાથે હોડ કરી અને કાણીઓ તેને દેશ ગયો, પણ ત્યાં તેનું કાંઇ વલ્યું નહીં, ત્યારે એક દદા ડોશીને ફોસલાવી લાલચ આપી. તે દદા અમરસિંહની ફોઇ બનીને અમરસિંહના મેહેલમાં દાખલ થઇ. તે ડોશી ત્યાં રહી અમરસિંહની સ્ત્રીના શરીર ઉપરનાં અમુક અમુક ચિન્હો જોઈ ગઇ, અને તે હકીકત તેણે કાણીઆને જણાવી. કાણીઆજી જાણે તેણીને જાતે જોઇ આવ્યા

હોય તેવા ઢોંગ કરી જીત મેલવવામાં ફાવી ગયા. આપે જ્યારે અમરસિંહને શિક્ષા કરી અને અમરસિંહ પોતાની સ્ત્રીને મલી આવ્યો, ત્યારે આ બાપડીએ ખબર કાહાડી તો જણાયું કે, આ માત્ર છળ-કપટ છે અને તેમાં અમરસિંહના પ્રાણ જવાની તૈયારી છે, ત્યારે તે દોડતી દિલ્લી આવી મારે ત્યાં ઉતરી અને બધી હકીકત મને કહી. હમે આ યુક્તિ શોધી કહાડી અને હું તેણીને લઇને અહીં આવી. હવે આ કાણીઓ અમીર કહે છે તે સાચી જ વાત છે, તેણે અમરસિંહની સ્ત્રીને તો કયાંથી જ જોઇ હોય? આપણે કોઇ માણુસના સહવાસમાં થોડો વખત રહીયે તો તેની ચાલચલગત જાણી શકીએ. તો આ ભાઇ તો છાતી ઠોકી કહે છે કે હું આ સ્ત્રી જોડે ત્રણથી ચાર મહિના રહી આવ્યો છતાં કશું જાણતો નથી એ ઘણી આશ્ચર્યની વાત છે." બાદશાહ તો આ સાંભળી લાલપીળો થઇ ગયો. કાણીઆભાઈ તો જુઠ્ઠા પડ્યા એટલે કયારના નીચું જોઈ રહ્યા હતા. અંતે બાદશાહે પોતાની જબાન ખોલી અને કહ્યું, કાણીઆ, તેં તારાં કરતુક લડાવવામાં જો કે કશી કચાશ રાખી નથી, પણ અલ્લાહથી તે સહન થઈ શકયું નથી, અને તારા પાપનો ઘડો ભરાઈ ગયેલો તે ફુટી ગયો છે. આપણી શરત પ્રમાણે તારે ફાંસી જવું જોઇશે. કાણીઆથી કશું બોલાયું નહી, પણ રજપૂત બચ્ચો ગમે તેવો દલેર છતાં દયાળુ ખરો. તે ખવાસને અનુસરી અમરસિંહ બોલ્યો, ખુદા-વિંદ, એણે જે કાંઈ કર્યું છે તે ઉપરથી તો તે ખસુસ ફાંસીએ ચઢવો જોઇએ છે, પણ આપ નામદાર એના ઉપર દયાદષ્ટિ કરી, એને જીવતો રાખો. આ સાંભળી બાદશાહે કાણીઆની ફાંસી રદ કરી પણ તેને દેશપારની સજા કરી. તેની તમામ દોલત જપ્ત કરવા હુકમ કીધો; અને અમરસિંહ તરફ ફરીને બોલ્યો, અમરસિંહ, તમારા કહ્યાથી હું આ સજા રદ કરૂં છું. નહી તો એવા બદકર્તૂકિઆને ફાંસી દીધા વગર રહેત નહી. તમારાં રાણી હિમ્મત પકડી અહીં આવ્યાં ન હતે તો કોણ જાણે શું ને શું આડું અવળું વેતરાઇ જાત! ધન્ય છે, રાણી તમને. એમ કહી અમરસિંહને પચાસ ગામ ઇનામમાં આપ્યાં અને બંનેને જવાની રજા આપી. આ પ્રમાણે આ રજપૂત વીરના ટેકની વાત નોંધાયલી છે.

## માતુશ્રી હક થયાં અને પટરાણીએ કુંવરને જન્મ આપ્યો ! હવે દરબારીઓએ રડવું કે હસવું ?

એક દિવસે એક નવાઈ સરખો બનાવ બન્યો, અને તે પ્રસંગ એવો ગુંચવણ ભરેલો થઇ પડ્યો કે દરબારીઓએ રડવું કે હસવું ? તેની મુઝવણ પડી. દરબાર ભરાઇ હતી. દરબારીઓ પોતપોતાના ઠઠેરામાં આવી પોતપોતાની જગાએ બીરાજમાન થયા હતા. તેમના વચ્ચે પરસ્પર ગપ્પાં સપ્પાં ચાલતાં હતાં, કેમકે બાદશાહજી હજુ પધાર્યા ન હતા. તેમને આવવાને આજે વિલંબ કેમ થયો તે વિષે તરેહવાર અટકળો ચાલી રહી હતી. તેટલામાં બે માણસો હાંફળા ફાંફળા દરબારમાં દાખલ થયા. એકે આવતાંને વાર ખબર આપી કે, "બાદશાહનાં માતુશ્રી હમણાં જ હક થયાં." તે પછી બીજાએ ખબર આપી કે, "પ્રધાનજી, વધામણી, પટરાણીએ કુંવરનો જન્મ આપ્યો." એક રડવાની અને બીજો ખુશાલીની ખબર આપી ચાલતો થયો. બાદશાહનાં માતુશ્રી મરી ગયાં અને પુત્રનો જન્મ થયો; બેઉ ખબરો સાથે આવી. હવે શું કરવું ? માતુશ્રીનાં મરણની ખબર જાણીને ગમગીની પકડવી કે પુત્રની પ્રાપ્તિ માટે હસવું ? બધા વિચારમાં પડ્યા કે રડવું કે હસવું ? કોઇને કાંઈ તોડ સુઝ્યો નહિ. આખરે તેઓએ બીરબલ તરફ નજર ફેરવી કે એ કળાનિપૂણ કાંઈ તોડ શોધી આપે. બીરબલે કહ્યું એનો ઉપાય એક જ છે; આપણે બધાયે મોઢું ઉઘાડું રાખી બેસવું અને બાદશાહ દરબારમાં આવે તે વેળા જો તેઓ રડતા હોય તો બધાએ રડવું અને હસતા આવે તો આપણે બધાએ ખડખડ હસવું. આ સલાહ બધાને પસંદ પડી.

## પંડિતમાં ખપવું હોય તો આ માર્ગ અજમાવજો !

દિલ્હી શહેરમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. ભાઈ ભણેલા તો એવા કે પાટી ઉપર ધૂળ પણ નાખેલી નહી. ભીક્ષા માંગી તેઓ કથાવટીએ પોતાનું ગુજરાન ચલાવતા, છતાં તેઓને લોકો પંડિતનાં નામે બોલાવે એવી તેમને બહુ હોંશ હતી, અને તે હોંશ દિવસે દિવસે વધતી જ ચાલી. એક વખત તેને સ્મરણ થઈ આવ્યું કે એ મુશ્કેલીનો

તોડ બીરબલ કહાડી આપશે. એમ માનીને બીરબલને ઘેર ગયો. પણુ બીરબલ હજુ દરબારેથી આવ્યો ન હતો, એટલે તે બાપડો દરબારે ચાલ્યો. પણુ અડધેજ રસ્તે તેને બીરબલ મળી ગયો. તરત તે તેની સામો આવી ઉભો અને હાથ જોડી કહેવા લાગ્યો કે; "મહારાજ, હું કાંઇ વિદ્યા ભણ્યો નથી કે ગણ્યો નથી, શાસ્ત્રને ને મારે પેલા જન્મનું જ વેર છે, પણુ મને પંડિત કહેવડાવવાની ઘણી હોંસ છે; લોકો મને પંડિત કહે તો બસ છે, આ માટે કાંઇ રસ્તો બતાવો તો મોટો ઉપકાર થશે." બીરબલને આ સાંભળી મનમાં હસવું તો આવ્યું, પણુ તેણે તેને ઉપાય બતાવ્યો. તારે પંડિત કહેવરાવવાની ઉમેદ છે તો થોડે દૂર જઇ ઉભો રહે, અને તને જે કોઇ પંડિત કહીને બોલાવે તેને મારવા વાસ્તે દોડજે. મૂર્ખ બ્રાહ્મણુ તો થોડેક દૂર જઇ એક ટેકરા ઉપર ઉભો. આ તરફ બીરબલે ત્યાં રમતા કેટલાક લફંગ દુકતાઓને ઉશ્કેરી મુકયા કે, પેલો માણુસ ઉભો છે તેને "પંડિત" કહેતાં ચીરડાય છે માટે એને "પંડિત" "પંડિત" કહીને બોલાવશો તો બહુ ગમ્મત પડશે.

છોકરાઓને તો એવું જ કાંઇ જોઇતું હતું. તેઓ તરત જ પેલા બ્રાહ્મણુ પાસે ગયા અને દૂરથી જ "પંડિત–પંડિત" કહી બોલાવવો શરૂ કર્યો. પેલો બ્રાહ્મણુ તો જાણે પોતાને પંડિત કહેતાં ચીરડાતો હોય તેમ તેમની પાછળ દોડ્યો. હવે જોઇ લ્યો, આ ઠાલા પંડિતજીની ગમ્મત. તે છોકરાઓને જોઇને બીજા કેટલાકોએ પણુ તેને "પંડિત" કહેવા માંડ્યો, અને આ પંડિતજી પણુ ગાંડા થઇને તેમની પુંઠે દોડતા. આમ થતાં થોડા જ વખતમાં તે આખા ગામમાં પંડિત થઇ ગયો. પણુ બીરબલના કહેવાથી તેણે ચીરડાવાનું અને દોડવાનું છોડી દીધું છતાં, પણુ લોકોએ તો તેને "પંડિતજી" કહેવાનું ચાલુ રાખ્યું, એટલે તે પંડિતજી થઇ ગયો. ભાવે છે કે, આવી પદ્ગી લેવાનું ?

## પેમલા અને કેશવાની લડાઈ.

ગુંચવાડા ભરેલા કે કોકડું ગુચવાયલા કેટલાક બનાવોનો નીકાલ બીરબલ એવી સીફતથી કરતો કે આખી દરબાર તેની અક્કલ ઉપર

આફ્રિન પઢતી. એક વાર કેશવા નામના એક ખેડુતે આવી ફરિયાદ કરી કે, ગામથી એક ગાઉનાં છેટાં ઉપર એક મોટો આંબો છે, તેને સાત વર્ષ સુધી મેં પાણી પાઈ ઉછેર્યો છે અને હાલ તેને કેરીઓ આવી છે, ત્યારે પેમલો નામનો મારો એક પાડોશી ગળે પડે છે કે આંબો તો મારો છે; માટે તેનો ન્યાય કરી આપો. બીરબલે જોયું કે આ બેમાં એક તો ખસુસ ખોટો હોવો જ જોઇયે, પણ તે કોણ તે શોધી કાઢવું જોઇયે. પેમલાભાઇને બોલાવી પૂછતાં તેણે પણ પોતાની માલેકી જણાવી. તેણે કહ્યું કે સાહેબ સાત વર્ષ ખાતર પાણી પાઈ મેં આંબાને ઉછેર્યો છે અને હાલ તેના ઉપર કેરીનો પાક ભરચક આવ્યો છે ત્યારે કેશવો તદ્દન ગળે પડે છે.

બીરબલે પૂછ્યું—ત્યારે હાલ ત્યાં ચોકી કોણ કરે છે? પેમલાએ કહ્યું, "એક ચોકીદાર રાખ્યો છે તે ચોકી કરે છે અને હું ત્યાં દરરોજ ખબર કાઢવા જાઉં છું તેમજ કેશવો પણ આવે છે."

બીરબલે પેલા ચોકીદારને બોલાવી પૂછ્યું, કે "જે આંબાની તું ચોકી કરે છે તેનો માલેક કોણ છે?" ચોકી કરનારે કહ્યું, સાહેબ, હાલ મને તો બેજ માસ થયા રાખવામાં આવેલો છે, કેશવા અને પેમલા બંનેએ મને રોકયો છે; બીજું કાંઈ હું જાણતો નથી. થોડીવાર વિચાર કર્યા પછી બીરબલે પેમલા પટેલને રજા આપી અને પેલા ચોકીદારને ત્યાં બેસાડી રાખ્યો. સાંજ પડી એટલે તે ચોકીઆતને ફરમાવ્યું કે રાતના કેશવા તથા પેમલા એ બંને પટેલોને ત્યાં જવું અને કહેવું જે આપણો આંબો કોઇ હરામખોરો આવ્યા છે. તેઓ હથિયારબંધ છે તેથી જોરજુલમથી કેરીઓ પાડી જાય છે, માટે રક્ષણ કરવા આવો. આમ બંન્નેને કહીને તારે ચાલ્યા જવું, વધારે કાંઇ બોલવું નહી, મારા બે સીપાઇ તારી સાથે આવશે.

આમ કહી તેને સીપાઇઓના સ્વાધીનમાં સોંપ્યો. સીપાઇઓને શીખવી રાખ્યું હતું કે તમે બેઉ જણા ચોકીદારના ઘેર આગળ બેસી રહી ત્યાં થતી વાત તથા બનતો બનાવ સાંભળજો. રાત પડતાં જ પેલો ચોકીયાત તથા બે સીપાઇ પેહેલાં કેશવાને ત્યાં ગયા. કેશવ પટેલ ઘેર નહી હતા તેથી તેની બાયડીને કહ્યું. "પટેલ આવે ત્યારે

આંબે મોકલજો, હથિયારબંધ હરામખોરો આવી કેરીઓ પડાવી જાય છે. પટેલાણે કહ્યું, "ઠીક છે, પટેલ ઘેર આવશે ત્યારે કહીશ."

એક સીપાઈ ત્યાં જ સંતાઇને બેસી રહ્યો. બીજો સીપાઇ પેમલાના ઘર તરફ ગયો. ત્યાં પણ પેલો ચોકીઆત ઉપર મુજબ કહીને ચાલતો થયો. સીપાઇ એક બાજુ બેસી રહ્યો. થોડી વારમાં જ કેશવ પટેલ ઘેર આવ્યા. તેને તેની બાયડીએ આંબાના સમાચાર કહ્યા. તે સાંભળી તે બોલ્યો, "એ આંબો કાંઇ આપણો નથી, ભલેને હરામખોરો માલ લઇ જાય, એ તો હું પેમલાને ગળે પડ્યો છું. જો ફાવશું તો કેરીઓ ખાઇશું, નહી તો આપણા બાપનું કાંઇ જવાનું નથી. આ અંધારી ઘોર રાતે તે ત્યાં કોણ જાય." આમ બોલી તેઓ તો નીરાંતે પલાંઠો વાળી જમવા બેઠા. પેલો સીપાઇ બધી વાત સાંભળતો હતો. હવે તે સાંભળી લઇને ત્યાંથી ચાલી નીકળ્યો.

હવે જ્યારે પેમલો ઘેર આવ્યો ત્યારે તેની પટેલણે તેને આંબાની વાત કહી. આ વાત સાંભળી પેમલાએ તો તરત જ હથિયાર બાંધી લીધાં અને ત્યાં જવાને તૈયાર થયો. તે જોઇ પટેલણે કહ્યું, "રસોઇ તૈયાર છે, માટે જમીને તો જાવ." પટેલે કહ્યું, "જમવાનું પછીથી થશે, પણ આ હરામખોરો મારી સાત વર્ષની મેહેનતનું ફળ ખાઇ જાય છે તે નહી પરવડે, માટે બંદોબસ્ત કરીને હું તરત પાછો ફરીશ."

આમ કહેતો જ કે અંધારી રાતે તે બાહાર પડ્યો. દરમ્યાન પેલો બાહાર બેઠેલો સીપાઇ પણ ત્યાંથી છુપા છુપ ચાલતો થયો. બેઉ સીપાઇઓએ બંને પટેલને ત્યાં બનેલી વાત બીરબલને કહી સંભળાવી. બીજે દિવસે બેઉ પટેલો ન્યાય મેળવવા બીરબલ હજુર ખડા થયા. બીરબલે પોતાની વધુ ખાતરી કરવાને પોતે કહ્યું, "આ આંબાના માલેક તમો બેઉ જણા હો એમ જણાય છે, માટે મારો એમ વિચાર થાય છે કે હાલ જેટલી કેરીઓ આવેલી છે તેટલી બધી ઉતરાવી લઇ તમો બેઉને વેહેંચી આપવી, તથા ઝાડને કપાવી નાંખી બેઉને અડધો અડધ લાકડું આપવું, માટે બેઉ જણે મળી કેરીઓ ઉતરાવવી અને લાકડું પણ કપાવવું."

આ વાત સાંભળીને કેશવ પટેલ તો આનંદ પામ્યા, પણ પેમલા પટેલનું મોઢું ઉતરી ગયું. તેણે હાથ જોડીને કહ્યું; "માબાપ, કેરીઓ હજી કાચી છે માટે કાંઈ કામમાં આવવાની નથી, તેમ આંબો કપાવી નાંખેથી કાંઈ હાથમાં આવવાનું નથી; પણ જો આપની એવી જ મરજી હોય તો ભલે તે આંબો એમ ને એમ કેશવાને આપો, મને કાંઇ જોઇતું નથી, પણ કાચી કેરીઓ ઉતરાવી આંબો કપાવશો નહી." આમ બોલી પેમલો ચુપ રહ્યો. આ જોઈ બીરબલની ખાતરી થઈ કે આંબો પેમલાનો જ છે, અને કેશવો ખોટો ગળે પડે છે; જેનો માલ બગડતો હોય તેને પેટમાં દાઝે, બીજાને તેમાં કશું લાગે નહી એ વાત ખરી જ છે.

સીપાઇઓને હુકમ કીધો કે, કેશવાને માર મારો. એટલે કેશવ પટેલ નમી જઈ બોલ્યો કે, મને મારશો નહી, આંબો પેમલાનો છે અને હું તો ગળે પડતો હતો. બીરબલે પેમલાને આંબાનો માલેક ઠરાવીને તેને સોંપી દીધો અને ઠગારા કેશવાને યોગ્ય શિક્ષા કીધી. આ ન્યાય જોઈ દરબારીઓ પણ ચકિત થયા.

### "બીરબલકો અચ્છા પૈજાર દેના"–રાજહઠ વિ. સ્ત્રી હઠ.

એક સમયે બાદશાહ પોતાની રાણી જોડે મેહેલમાં મોજ્યાં ઉડાવતો હતો. દરમ્યાન બંને હિંચકા ઉપર બેસીને હિંચકા ખાતાં હતાં. રાણી પણ બહુ ખૂબસુરત હતી તેથી બન્ને એકેકની પડોશમાં બેઠાં હતાં. બાદશાહનું રૂપ તો રાણીનાં શરીરની સુંદરતા આગળ જાણે ઝાંખ મારતું હોય તેવું લાગતું. બાદશાહને આ રાણી ઉપર પ્રીતિ વિશેષ હતી તેથી તેણી જોડે વારંવાર હાસ્યવિનોદમાં ગપ્પાં ચલાવી મોજ ઉડાવતો હતો. આ પ્રમાણે બન્ને જ્યારે હિંચકા ઉપર બેઠાં હતાં ત્યારે રાણીના પોતાના પગમાંની હીરજડીત મોજડીઓ નીકળી પડી હતી એટલે તેણીના પગ તદ્દન ઉઘાડા હતા. બન્ને વિનોદની વાતો ચલાવતાં હતાં તે દરમ્યાન રાણીજી બોલી ઉઠ્યાં, "ખાવિંદ, દેખો તુમારે પાંવસે હમારે પાંવ બોત અચ્છા દીખતે હૈ." આ સાંભળી બાદશાહ હસીને બોલ્યો "નહી નહી, પ્યારી ગુલબદન, તેરે પાંવસે

મેરે પાંવ અચ્છે હૈ." બન્ને વચ્ચે પગની સુંદરતા માટે હદબાર રકઝીક ચાલી, કોઇ કોઇની હઠ છોડે નહી. એક તરફ રાજહઠ અને બીજી તરફ સ્ત્રી હઠ. મેહેલમાં, કારભારી, દાસદાસીઓ વગેરે ફરતાં હતાં તેમને રાણીજીએ પાસે બોલાવીને પૂછ્યું, "ખાવિંદ કે પાંવ અચ્છે કે હમારે અચ્છે સો કહે દેવ." તે બાપડાઓ તો તદ્દન ચુપચાપ ઉભાં રહ્યાં, કેમ કહે કે બાદશાહના પગ અચ્છા કે રાણીના અચ્છા, જેના પગ અચ્છા નહી એમ કહે તેને ખસુસ ગુસ્સો લાગ્યા વગર રહે નહી, એટલે બધાં ડરી જઇને ગુપચુપ એકબીજાનાં મોહો જોતાં ઉભાં થઇ રહ્યાં. ભોગજોગે ત્યાં બીરબલજી પધારી ગયા, તેને જોઇને રાણીજી તો ખુશી થયાં કે નોકર વર્ગ તો બાપડો બ્હીકનો મારેલો કાંઈ બોલતો નથી પણ આ બીરબલીઓ તો જે હશે તે ખરેખરું તડનેફડ કહી દેશે. બીરબલ તો પોતાનાં કાંઈ કામસર આવેલો હતો, પણ તે પોતાની જીભલી ઉપાડે તે આગમજ તો રાણીજીએ તેને બોલાવીને સવાલ કીધો કે, "બીરબલ, ખરું કહી દે કે, કોના પગ સુંદર? ખાવિંદના કે મારા?" જેનું નામ બીરબલ, તે સમજ્યો તો ખરો કે અહીં કાંઈ નવની સાડીસોલ થવાનો સમય આવ્યો છે, એટલે હાવકેપણે બીરબલે જવાબ દીધો, "રાણી સાહેબ, તુમારે પાંવ તો અચ્છે, લેકીન ખુદાવિંદકા પાંવ પણ અચ્છે." (બાદશાહના પગ તરફ હાથ કરીને) "ઉસ વાસ્તે યે પાંવસે (રાણીના પગ તરફ હાથ કરીને) યે પાંવ અચ્છે; જો ખુદાવિંદ કે પાંવ અચ્છે ન હોવે તો આપકે અચ્છે કહાંસે હોવે?" બીરબલનું આવું સયુક્તિનું બોલવું સાંભળીને રાણીને તો માથાથી પગનાં તળિયાં સુધી ઝાટકો લાગ્યો, પણ કરે શું? પોતાને ચઢેલો ક્રોધ પ્રત્યક્ષ નહી દેખાડતાં કપટથી બીરબલને શાબાશી આપીને પછી પોતાના ખજાનચીને બોલાવીને કહ્યું કે, "બીરબલકો અચ્છા પૈજાર દેના."

રાણીનો આ હોકમ સાંભળીને ખજાનચી અદબ કરી બોલ્યો. "અચ્છા સરકાર, હમ સમેરકુ દે દેઉંગા."

રાણીએ તો આ હોકમ બહુ કપટભાવથી કીધો હતો, અને તે તે બીરબલ ઝટ સમજી ગયો કે, રાણી સાહેબ મને ખાસડું મારવા ફરમાવે છે, એટલે તે કાંઈ કાચો પોચો તો નજ હતો; એટલે તે

હસતું મોહો રાખી બોલ્યો, "નામવર રાણી સાહેબ, ખજાનચી આપને મુંપર તો પૈજાર દેનેકા કબુલ કરતા હે, પણ એ દેગા ઐસા ભરોસા તો હમકું દેખનેમેં નહી આતા." રાણી સાહેબ સમજી ગયાં કે, કમબખ્ત બીરબલીઓ મારાં મોહોડાં ઉપર ખાસડું મારવાનું ભરમમાં દ્વિઅર્થિ બોલે છે, એમ સમજી તે બોલી, "અરે બીરબલ, યે તું કયા બકવા કર રહા હૈ, ખજાનચી કયા હમારા મુંપર પૈજાર દેનેકા કબુલ કરતા હૈ કયા?" બીરબલ ઠાવકું મોહો કરી બોલ્યો, "તો જનાબ, તુમને હમારે મોંહપે પૈજાર–દેનેકા કૈસા હોકમ કીયા?" રાણી સાહેબે જોયું કે કમબખ્ત બીરબલે બધી તરફથી આપણને સપડાવ્યાં, એટલે પોતાનું બોલવું ફેરવી તોલ્યું, "નહી નહી બીરબલ, હમને તુમેરે પાંવમેં પેહેરનેકે વાસ્તે પૈજાર દેનેકા ખજાનચીને હુકમ કીયા." બીરબલ ક્યાં ખાંડ્યો જાય તેવો હતો; તે પણ પોતાનું બોલવું ફેરવી તોલી બોલ્યો, "કૃપાવંત રાણી સાહેબ, હમને તો આપકે સમક્ષ ખજાનચી કબુલ કરતા હૈ ઐસા કહા હૈ, કુચ આપકે મુંપર પૈજાર મારનેકા નહી કહા." જેવી રીતે રાણીએ પોતાનું દ્વિઅર્થિ બોલવાનું ફેરવી તોલ્યું, તેવી જ રીતે બીરબલે પણ પોતાના બોલવાનો અર્થ ફેરવી તોલ્યો; પણ રાણીજી સમજી તો ગયાં કે જેવો મેં હુકમ કીધો, તેવો જ બીરબલે જવાબ આપ્યો. એટલે તે શેરને માથે સવાશેર નીકળ્યો, અને તેમાં ખોટું શું? રાણીજીએ તો જાણે કાંઇ જ બન્યું નહી હોય તેવું મ્હોડું કીધું, એટલે બીરબલ સમજી ગયો કે હવે વધારે વખત ખોટી થવામાં સાર નથી. એટલે તે બાદશાહની રજા લઇને જેવો આવ્યો હતો તેવો જ ચાલતો થયો; અને બાદશાહજી આ ઝઘડાનું આવું પરિણામ આવેલું જોઇ મનમાં ખુશ ખુશ થઇ ગયા, પણ રાણીજીને રખે રીસાણું ભરાય એટલે તેમણે વાત ફેરવી તોલી, બીજાં ગપ્પાં ચલાવ્યાં.

## રાણીઓની મોહનીમાં સપડાયલો બાદશાહ–તેને તેમાંથી કવિ ગંગે કેમ છોડાવ્યો? અને ગંગ બાદશાહના સપાટામાંથી કેમ છટક્યો?

એક વખતે બાદશાહ રાણીઓના રંગરાગમાં અમનચમન ગુજારતો બેઠો હતો. દિવાનખાનામાં બધી રાણીઓ અને શાહજાદીઓનો જ જમેલો ઝામ્યો હતો. પુરૂષમાં તો માત્ર બાદશાહજી જ એકલા હતા. રાણીઓએ ખાસ પોતપોતાનામાં સંતલસ કરીને જ આ મેલાવડો જમાવ્યો હતો. તેઓનો વિચાર એવો હતો કે, બાદશાહને મોહનીમાં લપેટી, કટાક્ષથી ફસાવી હંમેશ મેહેલમાં પોતાની આગળ ને આગળ રાખવો. આ તેમનો ઇરાદો આ વેળા ફાવી નીકળ્યો. આગળ પણ તેઓએ એવાં કર્તુકો કરેલાં પણ જેનું નામ બાદશાહ–સ્યાણો અકબર, તે તેમાં સપડાવા પામેલો નહી; પણ આ વેળા તેઓની મોહજાળમાં ફસાઈ ગયો. એક રાણીએ શરૂઆત કરી. તે પેહેલાં વિયોગનું એક પદ બોલી અને બાદશાહે તે ધ્યાનથી સાંભળી લઈ પૂછ્યું કે આ પદ શા ઉપર છે? તેનો અર્થ અને મર્મ શું છે? આ લાગ બરાબર હાથમાં આવેલો જોઈ એક નવોઢા રાણી બોલી, 'ખાવિંદ, આપ સદા લડાઇમાં રોકાઇ રહી અમને ભૂલી જાઓ, એ શું અમારા તરફ આપનો ગેરઇનસાફ નથી? આપ જ્યારે આમ લડાઇમાં રોકાઓછો ત્યારે ત્યારે અમને આપના વિયોગનું કેટલું અને કેવું દુઃખ થાય છે તે કોણ જાણે છે? એ જાણનાર એક તો અમારૂં મન અને બીજો અમારો ઇશ્વર છે! આજે આપે કેટલે મહિને લડાઈ તથા દરબારી કાર્યમાંથી મોકળા થયા પછી અમને દર્શન દીધાં? હવે તો અમને થોડા મહિના અમારી સાથે રહી અમને આનંદ આપો; આપ એમ જ સમજી લેજો કે આપ લડાઇમાં જ રોકાયલા છો." આ વાક્યો આ રાણી એટલાં તો નખરાંથી બોલી કે બાદશાહ તે બે ઘડી સાંભળી જ રહ્યો. છતાં આ સાંભળી બાદશાહ હસ્તે મૂખડે બોલ્યો, પ્રિયા, આ શાં વેણ? લડાઇ શું હંમેશ થાય છે? માત્ર કોઈક વખત જવું પણ પડે, રાજાનો ધર્મ શું છે? જો હું સુખવિલાસ

ભોગવતો મેહેલમાં પડી રહું તો મારી રૈયતની શી હાલત થાય? આપણું રાજ્ય કેમ ચાલે? આપણો વહીવટ કેમ ગબડે? મેળવલી કીર્તિ બધી ધૂળધાણી થઇ જાય. આઠ પંદર દિવસની વાત હોય તો જાણે સમજ્યા પણ આ તમે તો લાંબી મુદતની વાત કરો છો તો તે કેમ જ બને? ખુદ મારા સરદારો તો શું પણ રાજકુમારો સુદ્ધાં ના ફરમાન લઇ મારા સામે બંડ ઉઠાવે તો તે સમાવતાં મને કેટલી મહેનત અને જેહમત પડે તેનો કાંઇ ખ્યાલ છે? તેમ જ રૈયતની હાલહવાલી થઇ જાય તે તો જુદી, તેનો પણ કાંઇ વિચાર આવે છે કે નહી? રાજ ખટપટમાંથી પરવાર્યા પછી જે વખત હું શિકારમાં ગુજારૂં છું તે તમારી પાસે રહી ગુજારીશ, પછી કાંઇ છે?

પટરાણી બોલી, "ખાવિંદ, આપ કહો છો તે ખરૂં હશે, પણ ત્યારે અમારે તો આ ખજાના ખાતે પડી રહી અમારો અવતાર ઢોર કરતાં પણ નબેતર પસાર કરવો કે? ખેર! જેવાં અમારાં નસીબ!"

રાણીઓએ તો બાદશાહને લપેટવાનો સંકેત જ કરી રાખેલો હતો, એટલે તરત બીજી બોલી ઉઠી, "ખાવિંદ, એક દરબારી જેવો પણ આપના પાસે કાંઇ નિર્જીવ કે મોટી માંગણી કરે છે તો તે પણ આપ તરત કબૂલ રાખો છો તો શું અમારી આ એક માંગણી આપ નહી જ કબૂલ રાખો? આજ તો ગમે તે થાય પણ આપ અમારા હાથમાંથી છટકી શકવાના નથી. અમે આપને અહીંથી જવા દઇશું તો આપ જશોની?"

ત્રીજી રાણીએ તરત આગલીઓને ટેકો આપ્યો. તે બોલી "ખાવિંદ તો માયાળુ છે, મારી ખાત્રી છે કે તેઓ આપણી પાસે જ રહેશે; કહો તો હું શરત મારીશ."

ચોથી વળી કટાક્ષ મારી બોલી, "પણ હવે ખાવિંદ ના ક્યાં પાડે છે કે વધારે આગ્રહ કરો છો? તેમનું આ મંદ મંદ હાસ્ય જ તેમની 'હા'ની નિશાની છે, એટલે આપણે સર્વેએ ખુશી જ થવાનું છે."

આ ચતુરાઓની ચપળાઇથી બાદશાહ અંજાઇ ગયો, અને અંતે તે તેમના મોહપાશમાં લપટાયો. તેને ઉત્તર દેવાનું ભાન સુદ્ધાં

ન રહ્યું. તે બોલ્યો, "રમણિઓ, તમારા આ લાવણ્યમય આગ્રહથી હું તમારી પાસે રહેવા ખુશી છું; હવે કાંઈ વધુ જોઇએ છે?"

બાદશાહના મોઢામાંથી આ શબ્દો પડ્યા કે રાણીઓના આનંદનો તો પાર ન રહ્યો. તેઓ પોતાના અનેક જાતનાં નાઝો નખરાંથી તેને વધુ ને વધુ અંજાવવા લાગી. દરેક પ્રકારનો સુખાનંદ આપી બાદશાહનો વખત એવો તો આનંદમાં કહાડી નાંખતી કે, બાદશાહજી પણ ભાનભૂલા થઇ ગયા. એટલે સુધી કે પોતાનાં રાજ્યને તદ્દન ભૂલી ગયો, તે સાથે વળી દરબાર ભરવી પણ તદ્દન છોડી દીધી. આમ લગભગ આઠ દશ માસ પસાર થઇ ગયા. દરબારીઓ અકળાવા લાગ્યા. બાદશાહ કયી રાણીના મેહેલમાં પડ્યો છે તેની પણ તેમને ખબર પડે નહી. દરબારીઓને બંડ થવાની ધાસ્તી લાગવા માંડી; કે બાદશાહની ગેરહાજરીનો લાભ લઈ રૈયત પણ સામે થાય તો શો ઇલાજ! પણ રાણીઓને તેની ભલે દરકાર હતી. તેઓને તો બાદશાહના વિલાસ ભોગવવાની ખાહેશ હતી, અને તે તેમને મલી ચુકી, એટલે બાદશાહને એવો છુપો રાખેલો કે તેનો કશો પત્તો જ મળે નહી. બાદશાહ પણ તેમના મોહપાશમાં એટલી હદ સુધી લપટાયો હતો કે તેનો કશો પતો જ મળે નહી. બાદશાહ તેમના મોહપાશમાં એટલી હદ સુધી લપટાયો હતો કે તેને દિવસ કે રાત્રી ક્યાં જાય છે તેની પણ ખબર પડે નહી, છતાં રાણીઓને મોટી બ્હીક બે જણની હતી. એક તો દિવાન બીરબલ અને બીજો તો કવિરાજ ગંગ. તેણીઓ સારી પેઠે સમજતી હતી કે આ બેમાંના કોઇને પણ બાદશાહ ક્યાં છે તેની ખબર મલવા પામી તો તેઓ ગમે તેમ કરીને તેનો પીછો છોડનાર નથી, તેથી તેઓ ગમે તે ભોગે પણ બાદશાહની હીલચાલની તો શું પણ તે ક્યાં છે તેટલી પણ ખબર બાહાર જવા નહી પામે તેની બહુ સંભાળ રાખતી. આટલી બધી ચોકસી તેઓએ બાદશાહને છુપાવી રાખવા માટે રાખી હતી.

દરબારમાં બાદશાહની ગેરહાજરી સબબે કામના ચોડા ચહડી ગયા. કેટલાક હુકમો પણ બાદશાહની સહી થવા વગર એમને એમ પડી રહ્યા; કેટલાંક કામો જે બાદશાહની સલાહ-મસલહત વગર થઇ જ

ન શકે તે એમને એમ પડી રહ્યાં. દેશદેશાવરના એલચીઓ પણ દિવસોના દિવસો સુધી તખત ખાલી જોઇ આશ્ચર્ય પામી ગયા. આ પ્રમાણે નવ નવ મહીના સુધી દિલ્લીમાં અંધેર કારભાર જોઈ, કોઈ કોઈ ચપર ખંધાઓ તો રાજખટપટ ઉઠાવવાનો મનસુબો કરતા જણાયા. દરબારીઓને તે વિષે દેહેસ્ત લાગવા માંડી. માટે હવે તો ગમે તે ભોગે પણ બાદશાહને શોધી કહાડવો એવો બીરબલ વગેરેએ નિશ્ચય કર્યો. તેણે ફક્ત પોતાના વિશ્વાસુ દરબારીઓની ખાનગી દરબાર ભરી. તેમના હજુર બીરબલ બોલ્યો, "રાજ્યનો નાશ થવામાં હવે વાર લાગવાની નથી; બાદશાહ ગુમ થઇ ગયા છે એવી વાત થોડી થોડી ફેલાઈ ગઈ છે; પરદેશી એલચીઓ પણ તેની ગેરહાજરી જોઇ ખટપટ કરવા લાગ્યા છે. જો એક વખત દુશ્મનની ફોજ ઉતરી આવી તો તેને જીતવી મુશ્કેલ થઇ પડશે; એક જ શત્રુ હોય તો અડચણ નહી પણ આ તો ચારે તરફથી શત્રુઓ પેદા થશે, માટે હવે તો હજરત સલામત ક્યાં છે તેની પાક્કી તપાસ કરવી જોઇએ છે; ગમે તે જોખમે પણ એ કામ તો કરવું જ જોઇશે."

ટોડરમલે ટાહ્લો લગાવ્યો, "બીરબલજી, મેહેલના જેટલા ભાગ સુધી તમને જવાની સત્તા છે ત્યાં સુધી ફરીને તો તમો તપાસ–શોધખોળ કરો."

બીરબલે કહ્યું, "તમારા કહ્યાની રાહ જોવા વગર હું તેમ કરી ચુક્યો, પણ મને કોઈ જ પત્તો મલ્યો નહી. ચાકર નોકરો તથા દાસ દાસીઓ કાંઇ જ ખબર આપી શકતાં નથી."

ગંગ બોલ્યો, "દિવાનજી, તમો જાણો તો છો જ કે બાદશાહનાં દર્શન કરવા મારું મન કેવું તલપાપડ થાય છે? રાતદિવસ તેમની શોધખોળ મેં ચાલુ રાખી છે. ગઇ કાલેજ મને કાંઇક ફત્તેહ મળવા પામી છે; ગઇ કાલે જ દશ મહિને મેં બાદશાહને દીઠા છે."

બધાએ સામટો સવાલ કીધો, "ઓહો, કવિરાજ ખાવિંદને ક્યાં દીઠા?"

ગંગે વડાઇ લઇને કહ્યું, 'દિલારામ રાણીના મેહેલમાં મેં તેમને દીઠા!'

બીરબલ બોલ્યો, "આહાહા, રાણીઓની મોહજાળમાં ફસેલા બાદશાહ દરબારમાં કેમ આવે ?"

ગંગે કહ્યું, મેં મારા જીવના જોખમે બાદશાહનું ઠેકાણું તો શોધી કાઢ્યું પણ એ ઠેકાણેથી બાહાર કેમ આવે તેનો જ મોટો વાંધો છે.

ગંગને શૂરાતન ચહડાવવા બીરબલ બોલ્યો, "ઓહોહો કવિરાજ, બાદશાહને મેહેલમાંથી બાહાર લાવવાનું તમારાથી ન બને એમ તે કાંઈ હોય ?"

ટોડરમલે પણ તેને મળતો જ ટચકો કીધો, ને સાંભળી ગંગ બોલ્યો, શું તમે બધાએ મારો જીવ ખોવરાવવાનો વિચાર કીધો છે કે શું ?

ખાનખાનાન બોલ્યો, અરે કવિરાજ, એમાં જીવ ખોહવા જેવું શું છે, બાદશાહ ઘડીભર ગુસ્સે થશે તો પણ તમને જોઈ માફી આપશે; આ કામ કાંઈ જેવું તેવું નથી.

ગંગ તો બાહાના જ બતાવે, પણ બીરબલ ને બીજાઓ તો તેને ખૂબ ઉશ્કેર્યા જ કરે. વચ્ચે વળી રાજા માનસિંહ બોલ્યો, કવિશ્રી તમે એવા નાહિંમત કેમ થાઓ છો ? કવિઓનું કામ તો શૂરાતન ચડાવવાનું હોય અને તમે તો આ નાહિંમત થાઓ છો એ શું છે ?

બીરબલ પણ માનસિંહને ટેકો આપી બોલ્યો, ભલાં ભલાં કામો કવિરાજે બજાવ્યાં છે, પણ આ કામમાં જ હારી ખાય છે, રાજ્યના નશીબ જ કદાચ નબળાં હશે કે શું ?

ટોડરમલે જરા ગરમ થઈ કહ્યું, એમ વામાતામા શું કરો છો ? હોય હિંમત તો હા કહો નહી તો ચોખ્ખી ના કહી દો.

ગંગ લગાર ગભરાઈને બોલ્યો, તમો બધા મારી પાછળ પડ્યા છો, પણ મારું માથું જવાની વેળા આવે તે વેળા કોઈ વચ્ચે પડશો ખરા, બોલો જોઉં ?

બીરબલ બોલ્યો, અમે બધા તમારા જામીન છીએ બીજું કાંઈ ?

બધાએ પાછા સામટા થઈ તરેહવાર રીતે કવિરાજને ઉશ્કેરવા માંડ્યા. તે જોઈ ગંગ લેવાઈ ગયો. તે ભોળવાયો. તેનાથી હવે ના નહી

પડાઈ, અને તેણે ઠરાવ કર્યો, એટલે બધા ખુશ થઈ ગયા અને આ ખાનગી દરબાર બરખાસ્ત થઇ.

કવિ ગંગે મધ્ય રાત્રે તૈયારી કરવા માંડી. માથાથી પગ સુધી પોહોંચે તેવો કાળા રંગનો એક મોટો ઝભ્ભો તેણે પેહરી લીધો, માથા ઉપર બે હાથ જેટલી ઉંચી એક ટોપી મુકી, એક હાથમાં માળા ને બીજા હાથમાં મોટી જાડી ડાંગ લઈ, તમામ રાક્ષસ અવતારે તે બાહાર પડ્યો. રસ્તે કોઇ માણુસ તેને જોતું તો તે પણ ભય પામી ખસી જતું. ગંગ આ વેષમાં મેહેલના બાગ સુધી આવી પોહોંચ્યો. ચોકીદારની નજર ચુકાવવાને આડે રસ્તે દાખલ થયો. પોહો ફાટવા આવ્યો હતો. ભરાતો છુપાતો તે મેહેલમાંથી સહેજ પ્રકાશ આવતો હતો ત્યાં આવી પોહોંચ્યો. આ વખતે બાદશાહ દાતણ કરતો હતો, પાસે ચંદ્રસમાન પદમણીઓ તેહનાતમાં ઉભી હતી. આ જોઈ ગંગ મન સાથ બોલ્યો, હાયરે હાય! આવું સ્વર્ગના જેવું સુખ મુકી હાયવોયમાં પડવાને કોને ગમે? એવા સુખમાંથી બાદશાહને કાઢવો એ પણ પાપ કહેવાય. પણ ના, મારે તો મારી ફરજ બજાવવી જ જોઇએ, બન-નાર હશે તે બનશે. આમ વિચારી તે બરાબર બારી નીચે આવ્યો અને લાગ જોઈ મોટે સાદે પોકાર કીધો કે "અરે બાદશાહ, તું દેખાય છે તો નરોનો નર, પણ કોઇ તને ઘોડો કહે છે ને કોઇ ગધેડો કહે છે તેનો કાંઈ વિચાર કીધો?" આટલું બોલતો જ કે ગંગ પડુકડી મારી નાઠો. બાદશાહે તે જ વખતે હોકમ કીધો "કે કોઇ છે? આ નાહાસનારને પકડી એકદમ ગર્દન મારો." બાદશાહે બોલેલું સાંભળ્યું ખરું પણ સાદ કોનો છે તે ઓળખ્યો નહી. પણ તે જે બોલાયું તેનો અર્થ બરાબર સમજી ગયો હતો. ગંગ જો કે જીવ લઇ નાઠો હતો, પણ તે ચોકીદારોના હાથમાં સપડાઈ ગયો. તેઓએ તેને પીછાણ્યો એટલે બાદશાહના હોકમ પ્રમાણે એકદમ મારી નાખવાનું તેઓએ વાજબી ધાર્યું નહી. તેઓએ તેને કેદ કીધો. ગંગનું તો ગમે તે થયું, પણ દરબારીઓની મતલબ તો પાર પડી. બાદશાહ ક્રોધાયમાન થઈ મેહેલમાંથી બાહાર આવ્યો. રાણીઓ બધી ખળભળાટમાં પડી કે આખરે બાદશાહ આપણા

હાથમાંથી છટકયો. તેઓએ તેને અટકાવવાની ઘણી ઘણી મહેનત કીધી, અનેક ફુસલવણીઓ કીધી, તરેહવાર નેણુચાળા કીધા, પણ સર્વે ફોકટ. બાદશાહ એકનો બે થયો નહી. તે તો ગયો તે ગયો જ. ઘોડા અને ગધેડાની જે ઉપમા તેને ગંગે આપી હતી તે તેને બહુ લાગતી હતી. રાણીઓએ દરબારીઓને ગાળો ભાંડવાનુ કશું બાકી રાખ્યું નહી. ગાળો આપ્યાથી છટકેલો બાદશાહ કાંઈ પાછો સપડાવાનો હતો ? તે તો છટકયો તે છટકયો જ. રાણીઓએ એટલી ધીરજ ધરી કે, બાદશાહને મેહેલમાંથી બહાર કાઢનાર જે હશે તે તો બાદશાહના હોકમથી ગર્દન મરાવાનો જ, એટલે બીજો કોઇ ફરિવાર આવું કામ કરતાં અટકશે. સવાર પડતાં જ શેહેરમાં બાદશાહને નામનો ઢંઢેરો ફર્યો, તે સાંભળી અકળાયલી પ્રજાને કાંઇક શાંતિ મળી. હરામખોર અમલદારો જેઓ બાદશાહની ગેરહાજરીનો લાભ લઈ પ્રજાને ગમે તેમ રંજાડતા હતા તેમના પેટમાં ફાળ પડી. વખત થતાં જ દરબાર ભરાવા માંડી. બાદશાહજી પણ ક્રોધાયમાન ધૂખારાયલો ચેહેરો લઈ તખ્તે આવી બીરાજ્યા. દરબારીઓ સઘળા કુરનસ બજાવી નીચે મોઢે બેસી રહ્યા. તેના ડોળા તરફ જોવાની પણ કોઇની હિમ્મત ચાલી નહીં. થોડીવારમાં જ કવિ ગંગને મુશ્કેતાટ બાંધી દરબારમાં ખડો કીધો. ગંગના આવા હાલ જોઈ તથા બાદશાહનો ક્રોધાયમાન ચેહેરો જોઇ સર્વેકોઇએ ચૂપ બેસવામાં જ લાભ જાણ્યો. ગંગ પણ પેલા રાતના વિચિત્ર પોશાકમાં જ હતો. બાદશાહે તેને પીછાણ્યો નહી; અને તેને વિચિત્ર પોષાકમાં જોઈ બોલ્યો, “આતે કોઈ ભુતપ્રેત છે, કોઇ પીશાચ છે કે કોઇ માનવી છે?”

આ સાંભળતાં જ ગંગે બાદશાહને નમન કર્યું જેમ કરતાં તેના માથા ઉપરની પેલી લાંબી ટોપી પડી ગઇ, અને તેથી તેનો ચેહેરો ખુલ્લો થયો. હવે બાદશાહે તેને ગંગ તરીકે ઓળખ્યો; અને સવાલ કીધો, “ગંગ, મારા જનાનાના ખાનગી મેહેલ આગળ આવવાની તેં હીમત કેમ કીધી ? તે જ કારણથી તું મોતની સજાને લાયક થયો છે.”

ગંગ તો ચુપચુપ ઉભો જ રહ્યો; પણ જલાદે તેનું ડોકું ઉડાડવાને જેવી તરવાર મ્યાનમાંથી ખેંચી કે તે ચોંકયો. તેણે દરબારીઓ તરફ

જોવા માંડ્યું, અને દરબારીઓ તરફ ડોકું ઉંચું નીચું કરી તેમની મદદ માંગવા લાગ્યો. પણ દરબારીઓ તેના તરફ નજરજ શાના કરે ? બાદશાહના હોકમથી અને તેના ગુસ્સાથી સૌ સૌને પોતપોતાના જીવની પડી હતી. બાદશાહ પણ આ મામલો જોઇ વિચારમાં પડ્યો, અને ક્રોધમાં ને ક્રોધમાં ગંગ તરફ નજર કરી બોલ્યો, "ગંગ, આ વળી શા ઢોંગ તેં મચાવવા માંડ્યા છે ? આ દરબાર છે કે ફારસ છે ?

ગંગે જોયું કે, ગઇ કાલેજ બધા દરબારીઓ મોટી મોટી વાતો કરી મને સાતમા આસ્માને ચઢાવતા હતા, અને આજે તો જાણે કશું જાણતા જ ન હોય તેમ બેઠા છે. મરવું તો હવે છે જ, પણ બધાને બતાવી આપવું જોઇએ કે મિત્રને ફસાવવામાં આવો ફાયદો છે, તેમ વળી બાદશાહે સવાલ પણ પૂછ્યો છે. એમ વિચારીને બોલ્યો; "ખુદાવિંદ ગંગ કોઇ દિવસે નહી સપડાય તે આજ છટકામાં સપડાયો છે. (દરબારીઓ તરફ હાથ કરીને) આ બધાઓને લીધે જ હું આ હાલતે પોહોંચ્યો છું, અને મને ફસાવવાનાં એઓનાં જ કારસ્તાન છે." આમ કહી, બધી બનેલી હકીકત બાદશાહને કહી સંભળાવી. તેમાં બધાઓએ તેને કેમ ચઢાવ્યો હતો તે રસભરેલી રીતે બોલતો ગયો; અને તે બાદશાહ જેમ જેમ સાંભળતો ગયો તેમ તેમ બાદશાહને પણ હસવું આવતું ગયું. ગંગને તેના જીવની જામીનગીરી આપવા છતાં હાલ બધા જાણે સસ્સેકા તીન પાંઉ કરી ચૂપચાપ બેઠા અને કશું જાણતા જ ન હોય એવો ડોલ કરવા લાગ્યા; તે જોઇને તો બાદશાહને વધારે હસવું આવ્યું. ગંગની વાત બધી સાંભળતાં તો ગંગને તદ્દન છૂટો કરવામાં આવ્યો, અને બાદશાહજી જ્યારે મનમાં આ પ્રપંચનો બધો સાર ખુલ્લો સમજ્યા ત્યારે ગંગને ફાંસીને બદલે સામું ઇનામ આપી નવાજ્યો: છતાં ગંગને કહ્યું કે, "ભોળા ગંગરાજ; હવે પછી ધ્યાનમાં રાખજે કે કોઇના પણ મીઠા બોલવા ઉપર વિશ્વાસ મુકવો નહી; તેના મનનો ખરો ભાવ જાણી લેવાની તજવીજ કરી કામ લેવું." આ પછી દરબારીઓ તરફ ફરી બાદશાહ બોલ્યો, આ બાપડા વૃદ્ધ કવિને દુનિયાથી ઉખેડી નાંખવાની ગોઠવણ તો સારી કરી, પણ તેને બચાવી લેવાનો કોઇ

ઉપાય તમને નહી સુજ્યો? કોઇએ કશો જવાબ આપ્યો નહી. આ પછી બાદશાહે દરબારમા નિયમિત હાજરી આપવા માંડી અને દરબારનું કામ ધમધોકાર ચાલવા માંડ્યું.

## ડાહી માના દીકરા કોણ? વાણીઆઓ.

વાણીઆઓને સાધારણ રીતે ડાહી માના દીકરા તરીકે ઓળખવામાં આવે છે, અને તે વિષે એક દિવસે બાદશાહ અને બીરબલ વચ્ચે રસાકસી ચાલી; અને તે વેળા બીરબલે તે કહેણી પ્રત્યક્ષ પુરવાર કરી આપી. આ રકઝીક પછી બીરબલે થોડાક મગ મંગાવી દરબારમાં રાખ્યા, અને પછી શેહેરમાંના ચાર સાહુકાર વણીકોને બોલાવી મંગાવ્યા. તેમના આવ્યા પછી બીરબલે તે મગના દાણા તેમના હાથમાં આપી તેમને પૂછ્યું કે, "શેઠજી, આ અનાજનું નામ શું?" વાણીયા ડાહી માના દીકરા વિચારમાં પડ્યા કે, આજ આ જાણીતા અનાજનું નામ બાદશાહ જાણવા માંગે છે તો તેમાં કાંઈ પણ ભેદ હોવો જોઇએ. માટે કાંઇ વિચાર કરીને પછીજ જવાબ આપવો. જો બાદશાહને આપણે ખરો જવાબ આપશું તો બાદશાહ આપણને કાંઇ વાંકમાં લાવી આપણને હેરાન કર્યા વગર રહેશે નહી. આ વિચારમાં પડેલા જોઇને બાદશાહે પૂછ્યું, "કેમ શેઠ, વિચારમા શું પડ્યા? આનું નામ શું તે કહોની?"

એક વાણીઓ થોડાક મગ હાથમાં લઇ બોલ્યો. "ખાવિંદ આ તો અડદ જણાય છે."

બીજો જાણે ઓલિયો પીર હોય તેમ બોલ્યો, "જનાબ, આ તો મરી જેવાં જણાય છે."

ત્રીજાએ વળી ગત લગાવી, "ખુદાવિંદ, વટાણાથી કાંઈ નાનું અનાજ છે, એનું નામ કાંઇ યાદ આવતું નથી."

આ પ્રમાણે તેમની વાત સાંભળી બાદશાહ બોલ્યો. "અરે વાણીઆઓ, તમે તે કાંઇ દિવાના થયા છો? આ તો મગ છે મગ?"

વાણીઆ બોલ્યા, "હા, જનાબ, હા, એ જ એ જ."

બાદશાહે ઠોકી ઠોકીને પૂછ્યું, "ભલા એ જ એટલે શું? એનું નામ દયો ને?"

વાણીઆ બોલ્યા, "હા, હા, નામવર આપ ખુદાવિંદ જે બોલ્યા તેજ."

બાદશાહ—"પણ અરે ભલા, તેનું કાંઇ નામ પડેલું હશે કે નહી?"

વાણીઆ—"હા, હા, આપે હમણાં જે નામ દીધું તે જ, હમો તો ભુલી ગયા."

બાદશાહ બોલ્યો—"શું મગ કે?"

વાણીઆ બોલ્યા, "હા નામવર એજ."

આટલું થયા છતાં વાણીયાઓએ "મગ"નું નામ નહી દીધું તે નહી જ દીધું. બાદશાહ તેમની આ ચતુરાઇ જોઇ આશ્ચર્ય પામ્યો, અને તેમને જવાની રજા આપી. પછી બીરબલ તરફ ફરીને બાદશાહ બોલ્યો, બીરબલ તેં જે કહ્યું તે ખરૂં જ છે, કે વાણીઆ ડાહીમાના દીકરાઓ તે ખરાજ છે.

## આંધળા વધારે કે દેખતા?—બીરબલ ખાટલો ભરે છે! બીરબલની ચતુરાઇ.

એક દિવસે બાદશાહને એવોજ સવાલ કહાડવાની ચેળ થઇ આવી કે, "બોલો, દરબારીઓ, આ જગતમાં દેખતા વધારે કે આંધળા?" બધાઓએ ઉત્તર આપ્યો કે "ખુદાવિંદ, જગતમાં આંધળા વધારે હોય તો જગતનો વ્યવહાર જ કેમ ચાલે? માટે દેખતા વધારે અને આંધળા ઓછા હોવા જોઇએ." બીરબલ તો ચુપ ઉભો હતો તે બોલ્યો કે, "જનાબ, મારો જવાબ એથી ઉલટો જ છે. આપ વિચાર કરી જોશો તો દેખતા કરતાં આંધળા વધારે માલમ પડશે." બાદશાહ આ જવાબથી વિસ્મય પામ્યો, પણ તેણે બીરબલને તેનો આ જવાબ પુરવાર કરી આપવાને ગળચીમાંથી પકડયો. બીરબલે પણ કાંઇ કાચે પાયે તો જવાબ આપેલો જ નહી, એટલે તે બોલ્યો, "ખુદાવિંદ, એનો પ્રત્યક્ષ પુરાવો દાસ આવતી કાલે આપશે."

બીજે દિવસે બીરબલ એક વગર ભરેલો ખાટલો, તથા તેને ભરવાની દોરી લઇ બાદશાહ પાસે હાજર થયો, અને બોલ્યો, "બાદશાહ સલામત, આંધળા–દેખતાનો પુરાવો જોવો હોય તો મારી સાથે ચાલો." બાદશાહ વિચાર કરવા લાગ્યો કે આ બીરબલીઓ વળી શું ખેલ કરી બતાવવા માંગતો હશે? તે તેના સાથે જવા તૈયાર થયો. બીરબલે લખવા માટે એક કારકુનને પોતાની સાથે લીધો. આ બધો ખટલો લઈ બીરબલ નદી કીનારે આવ્યો. ત્યાં કીનારા ઉપર બેસી પેલી દોરીનું બંડલ છોડી પેલો ખાટલો ભરવા લાગ્યો. તે જોઇ બાદશાહને આશ્ચર્ય લાગ્યું અને તેણે સવાલ કીધો, "અરે બીરબલ, તું કાંઈ ગાંડો થઇ ગયો છે કે શું? આ તેં શું કરવા માંડ્યું છે?" બાદશાહનો આ સવાલ સાંભળી, બીરબલે પેલા કારકુનને કહ્યું, "ભાઇ, એક ટીપ બનાવો, અને તેમાં આંધળાની યાદીમાં પેહેલું નામ ખુદ બાદશાહજીનું નોંધ ઉપર ચઢાવો." પેલા કારકુને એક કાગજ લઇ તેમાં પેહેલું નામ બાદશાહજીનું લખ્યું. થોડીવારમાં જ ત્યાં મોટા અમીર, ઉમરાવો, સરદારો, વેપારીઓ વગેરે નદી કીનારે શું ચમત્કાર બીરબલીઓ બનાવે છે તે જોવા હાજર થઇ ગયા. તેઓ બીરબલને ખાટલો ભરતા જોઇ આશ્ચર્ય પામી તેને પૂછવા મંડ્યા કે, "બીરબલ, આ તું શું કરે છે?" તેઓએ આવો પ્રશ્ન કર્યો, તેં સર્વેના નામો ફરમાવ્યા પ્રમાણે પેલા કારકુને ટીપમાં નોંધી લીધાં. આમ એક કલાક કામ ચાલતાં તો ટીપમાં પાંચસો સાતસો લોકોનાં નામ લખાયાં. જ્યારે જવાની વેળા થઇ ત્યારે બીરબલે પેલા કારકુન પાસેથી ટીપ લઇને બાદશાહને આપી. આંધળાની ટીપમાં ખુદ બાદશાહ પોતાનું પ્રથમ જ નામ જોઇ આશ્ચર્ય પામી બોલ્યો, "અરે બીરબલ, આ આંધળાની યાદીમાં તેં મારું નામ દાખલ કીધું, અને તે પણ વલી પેહેલું ? તેં કેમ દાખલ કીધું ?"

બીરબલે હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું, "જનાબેઅલી, જે વખતે આપણે અત્રે આવ્યા, અને હું ખાટલો ભરવા બેઠો, તે વખતે આપે પ્રત્યક્ષ નજરે જોવા છતાં મને પ્રશ્ન પૂછ્યો કે, 'બીરબલ, આ તેં શું કરવા માંડ્યું ? મને ખાટલો ભરતો જોવા છતાં એવો સવાલ કીધો.

બીજાઓએ પણ જોયું કે, હું ખાટલો ભરું છું, છતાં મને પૂછવા માંડ્યું કે, 'તું શું કરે છે?' તેઓ શું આંધળા હતા કે હું ખાટલો ભરતો હતો તે નજરે જોવા છતાં મને તેવો સવાલ કીધો? એટલે તેઓને મેં આંધળા માની લઇ આંધળાની ટીપમાં દાખલ કીધા છે. આ મારી વાતનો પ્રત્યક્ષ પુરાવો સમજી લેવો.

બીરબલની આ ચતુરાઇથી બાદશાહ આનંદ પામ્યો, અને ખુશ થઇ તેને ખાટલો છોડાવી દઇ મેહેલમાં આણ્યો.

## મોતીનું વાવેતર !

### "પાદે પાદે પદમજી, પાદે આખું શહેર, રાજાજીને પુછી આવો પાદયા વગર કોઈ રહેય ?"

એક દિવસને સમયે ખાણું ખાધા પછી બાદશાહ અને રાણીજી હિંચકા ઉપર બેસી હાસ્ય વિનોદની વાર્તા કરતાં હતાં. રાણીજીની પ્રકૃતિ જરા બગડેલી હતી અને વળી ખોરાકમાં વાતુલ ખોરાક લગાર વધુ આવેલો હોવાથી, તેણીને વાયુ છૂટ્યો. તેની દુર્ગંધ નીકળવાથી બાદશાહને રીસ ચહડી; અને રીસમાં ને રીસમાં રાણીને મેહેલમાંથી બહાર જવાનો હુકમ કર્યો. શેહેર બહારની એક એકાંત વાડીમાં તે બાપડીને નજર કેદ કીધી. રાણીશ્રી, બાદશાહને ક્રોધાયમાન જોઇને તુરત વેળા ચુપકીદી પકડી ગયાં, અને બાદશાહનો આ કઢંગો હુકમ માથે ચઢાવ્યો. બાદશાહને ઉપરથી કાંઇક ગમ્મત ઉડાવવાનો વિચાર સુઝયો, અને બીજે દિવસે દરબારમાં આવતાં જ બધા દરબારીઓને સવાલ કીધો કે "તમને પવન છૂટે છે?" દરબારીઓએ જોયું કે રાણી સરખીને લગાર પવન છૂટવાથી બાદશાહે તેને દૂર કરી છે તો આપણે પણ હા કહીશું તો આપણો પણ આવો જ હાલ થશે, એટલે બધાઓએ જવાબ આપ્યો કે "ના ખુદાવિંદ, અમોને બીલકુલ પવન છૂટતો નથી." બાદશાહજી આ જવાબ સાંભળીને રાજી રાજી થઇ ગયા. તે દિવસે બીરબલ કાંઇ કામને પ્રસંગે દરબારમાં હાજર થયો ન હતો. એટલે તેને એ પ્રશ્ન પૂછવાનો બાકી રહ્યો હતો. તેથી વળતે

દિવસે તે દરબારમાં પધાર્યો કે તરત બાદશાહે તેને પેહેલો સવાલ કર્યો તે એ જ કે, "બોલ બીરબલ. તને પવન છૂટે છે ખરો કે?" બીરબલ કાંઇ બીજા દરબારીઓના જેવો ડરકુ નહી હતો, એટલે તે તો છાતી કહાડી બોલ્યો. "ખુદાવિંદ, જેમ બધા દુનીઆને વાયુ છૂટે છે તેમ મુજ સેવકને પણ વાયુ છૂટે છે, તેમાં આશ્ચર્ય જેવું કશું નથી."

બીરબલને આ પ્રમાણે બોલતો સાંભળી બાદશાહજી ખુબ ગુસ્સે થયા અને બોલ્યા; "બીરબલ મારી દરબારમાં કોઇને પણ પવન છૂટતો નથી અને તું શું દેવનું ડોકું છે કે તને પવન છૂટે છે?" તને જો વાયુ છૂટતો હોય તો એવો દુર્ગંધવાળો આસામી મારી દરબારમાં નહી જોઇએ, માટે અહીંથી ચાલ્યો જા, અને ફરી વાર વગર હુકમે દરબારમાં પગ મુકીશ નહી."

બાદશાહજીને આ પ્રમાણે સત્ય બોલવાનો ગુસ્સો ચઢ્યો, અને તેમ જોઇને બીરબલ પણ ચુપચુપ દરબારમાંથી ચાલી નીકળ્યો. આ વાતને કેટલાક દિવસ થઇ ગયા પછી પેલી નજરકેદ રહેલી રાણીએ બીરબલને પોતાની પાસે બોલાવી પોતાની ઉપર ગુજરેલી તમામ વાત કહી. અને આજીજી કરવા લાગી કે. "બીરબલ, આ વખતે હું તારે શરણે આવી છું. તારા સિવાય બીજું કોઇ મને મદદ કરે તેમ નથી, માટે મેહેરબાની કરી બાદશાહ મને પાછી બોલાવી અંગીકાર કરે એવો કાંઇક તોડ કહાડ તો હું તારો ઉપકાર માનીશ."

રાણીને આ પ્રમાણે બોલતી સાંભળી બીરબલે કહ્યું, "જે કારણસર ખુદાવિંદ તમારા ઉપર ખફા થયા છે તે જ કારણસર મારી ઉપર પણ થયલા છે."

રાણીજી કાકલુદી કરતાં બોલ્યાં, બીરબલ તારા ઉપર ખાવિંદ કદી નારાજી હશે તો પણ તું તારી ચતુરાઇથી કાંઇ યુક્તિ કરીને ફાવી શકીશ."

બીરબલે થોડીકવાર વિચાર કીધો કે આ બિલ્લુ ઠીક સપાટામાં આવ્યો છે, એટલે તેના પાસેથી બને તેટલું નાણું કઢાવી લેવું ઠીક પડશે, એમ ધારીને તેણે કહ્યું, "રાણી સાહેબા, આ કામમાં દશ હજાર સોના મોહોર જોઇશે. રાણીએ તરત જ પોતાની પાસેથી દશ હજાર મોહોરો આપી. તે ઉપાડી બીરબલ ઘરે આવ્યો. તેણે

એક હુશિયાર પંચીગરને બોલાવ્યો અને તેને હુકમ કીધો કે, ઉત્તમમાં ઉત્તમ મોતી લઇ તેને સો ટચના સોનામાં બેસાડી આપ; તેનો આકાર અનાજના કણુસલાં જેવો બનાવજે, અલબત તારી મજુરી જે જોઇએ તે લેજે.

પંચીગર આ હુકમ માથે ચઢાવી ઘેરે આવ્યો અને થોડા જ દહાડામાં બીરબલે માગ્યું હતું તેના કરતાં પણ સરસ કારીગરીથી કણુસલું બનાવી તૈયાર કીધું, અને તે લઇ તે બીરબલ પાસે ગયો. બીરબલજી પણ તે જોઇ ખુશ થયા. હવે તેણે પોતાના દાવપેચ ખેલવા માંડ્યા. તે કણુસલું લઇ તે દરબારમાં ગયો, દરવાજા બાહાર ઉભો રહીને કહેવરાવી મોકલ્યું કે કાંઇક ઘણા-મોટા અગત્યના કામ માટે ખુદાવિંદને મલવું છે, હુકમ હોય તો અંદર આવું.

બાદશાહે તેને અંદર દાખલ થવાની પરવાનગી આપી, એટલે બીરબલે સરેસ્તા મુજબ સલામ આલેકુમ કરી. પછી બગલમાંથી પેલું મોતીનું કણુસલું બાદશાહને દેખાડીને કહ્યું "આ અતિ સુંદર અને અમૂલ્ય મોતીનું બીજ છે, તે ઘણે લાંબે દેશાવરથી આણેલું છે. એની અંદર એવો ગુણ છે કે, સારી જગામાં, સારા માણસના હાથે એનું વાવેતર કર્યું હોય તો આના જેવાં મોતી ઉગી નીકળે, તેથી આપના જેવા શ્રીમાન સિવાય બીજાથી આ કામ થવાનું નથી, એમ ધારીને હું આપની પાસે આવ્યો છું. આપ આ કામ કરવા યોગ્ય છો તેથી ખુદાવિંદે તે કરવું જોઇયે એવી મારી અરજ છે."

આ સાંભળી બાદશાહને મનમાં ઘણો આનંદ થયો અને મોતીનું ખેતર કરવાનો તેણે પક્કો નિશ્ચય કર્યો. એટલે તેણે બીરબલને હુકમ કીધો કે, મોતીનું ખેતર કરવાને જમીન કેવી જોઇએ તે શોધી કહાડી તેને ખેડીને તૈયાર કરવાને જે ખરચ થાય તે લેજે.

બીરબલનું આ પેહલું પ્યાદું રચાયું, અને તેથી તે ખુશ થયો. તેણે બાદશાહ પાસેથી પરવાનો લખાવી લીધો. પછી આખાં શેહેરમાં ફરીને જ્યાં પોતાની સાથે શત્રુતા રાખનારના મોટ મોટા મેહેલો આવેલા હતા તે જગા પસંદ કીધી. બીરબલે પોતે તે જગાના માલેક પાસે જઇને તેને બાદશાહનો પરવાનો બતાવ્યો. પરવાનામાં ખુલ્લું

લખેલું હતું કે બીરબલ જે જગ્યા પસંદ કરે તે જગ્યામાં ઇમારતો વગેરે જે કાંઇ પણ ચીજ અડચણ કરતી હોય તેને ભાંગી નાખી સાફ કરવાની, બીરબલને રજા છે.

બાદશાહનો આવો હુકમ જોઇને તે જગા ઉપરની ઇમારતોના માલેકો વગેરે ગભરાટમાં પડ્યા. તેમણે બીરબલને કાલાવાલા કરવા માંડ્યા, અને શેલાં, પાઘડી તરીકે નાણાંની મોટી કેલીઓ તેને આપવા માંડી. પ્રથમ તો બીરબલે તેને હાથ લગાડવાની પણ આનાકાની કરી, પણ પાછળથી કોઇની પાસે પાંચ, કોઇની પાસે પચીશ, કોઇની પાસે પચાશ હજારની રકમ લઇને તેમના ઘરો ભાંગવાનું છોડી દીધું. આ પ્રમાણે આ પૈસાદારો પાસેથી તેણે ચારપાંચ લાખ રૂપીઆની રકમ એકઠી કરી લીધી. ત્યાંથી તેણે હવે પોતાની નજર ગરીબોનાં મકાન તરફ ફેરવી. તેણે તે ગરીબ લોકોને તેમની જગ્યાની કિમ્મત કરતાં બેવડી કિમ્મત આપી તેમને રાજી કરીને તેમની જગ્યા લીધી. તે જગ્યાને સાફસુફ કરી સરખી કરી ખેડીને તૈયાર કીધી. પછી બીરબલે બાદશાહને કહેવરાવી મોકલ્યું કે જમીન તૈયાર થઇ છે, માટે સરકાર સાહેબે કચેરીમાંના બધા બડેખાંઓને લઇને ત્યાં આવવું જોઇયે.

બીરબલની આ આજ્ઞા પ્રમાણે બાદશાહજી તો છડી સ્વારી સાથે લઇને ત્યાં ગયા. પછી બીરબલે બાદશાહને કહ્યું, "ખુદાવિંદ, આ કામ સર્વોત્તમ છે; આ મોતી વાવનાર માણસ નિર્મળ હોવો જોઇયે, દુર્ગંધવાળા માણસના હાથે જો મોતીની વાવણી થઇ તો તે કદી પણ ઉગનાર નથી, માટે જે માણસને વાયુ મુદ્દલ છૂટતો ન હોય તે માણસને આપ હુકમ કરો તો તે મોતી વાવે. આપની તહેનાતમાં એવા ઘણા માણસો છે, માટે કોઇને પણ હુકમ કરી દો કે તરત આ વાવેતર કરશે."

બીરબલનું આવું બોલવું સાંભળીને બાદશાહે પોતાના રસાલામાંના એકેએક માણસને મોતી વાવવા કહ્યું; પણ દરેક જણે "મને વાયુ છુટે છે, મને વાયુ છુટે છે," એમ કહીને વાવેતર કરવા ના પાડી.

આ વાક્ય બીરબલ જેમ જેમ સાંભળતો જાય તેમ તેમ તેના મનમાં તો ગીલગીલીયાં છુટે, કેમકે તેની માંડેલી બાજી હવે ખલાસ થવા આવી હતી. આ પ્રમાણે ત્યાં હજારો લોકો ભેગા થયા હતા, તેમણે બધાએ ના પાડી. બાદશાહની મરજી પ્રમાણે "વાયુ છુટતો નથી" કહીને મોતી વાવે અને જો તે ન ઉગે તો બધો ખરચ તેના પાસેથી ભરી લઈ તેને ગરદન મારવામાં આવે, એવી બધાને બીક લાગી અને તેથી મોતી વાવવાને કોઈ પણ તૈયાર થયું નહી. દુનિયામાં એવો કોઈ પણ માણસ તો ન જ હોય કે જેને પવન છૂટતો ન હોય. જ્યારે બાદશાહે આ મામલો જોયો ત્યારે તેણે બીરબલને પૂછ્યું, "અરે બીરબલ તને વાયુ છૂટે છે?"

બીરબલે જવાબ દીધો, "ખુદાવિંદ, મેં તો પહેલેથી જ કહી દીધું છે કે, મને તો પવન છૂટે છે, પણ આ બધા લોકોએ આપ નામદાર પાસે કબૂલ કર્યું છે કે, તેમને પવન છૂટતો નથી, તે છતાં હાલ અહીં એક પણ એવો જણાતો નથી કે જેને વાયુ છૂટતો ન હોય! એ મોટી આશ્ચર્યની વાત છે. એ તો સમજ્યા કે બધા લોકોને વાયુ છૂટે છે; પણ આપ નામદારને તો મુદ્દલ પવન છૂટતો નથી તેથી આપ નામદાર પોતે આ મોતી વાવવાનું કામ કરો તો કેમ?"

બાદશાહે જોયું કે, બીરબલે મને પણ સંડોવ્યો ખરો, પણ તે બોલ્યો, "બીરબલ મને પણ પવન છૂટે છે; દુનિયામાં મારા ધારવા પ્રમાણે એવો કોઈ નહી જ હોય કે જેને વાયુ છૂટતો ન હોય!"

બીરબલ મોઢું ઠાવકું કરી બોલ્યો, "ખુદાવિંદ, મને વાયુ છૂટે છે; આપને વાયુ છૂટે છે, તો પછી મેં અને રાણી સાહેબે શી ગુન્હેગારી કરી છે કે, તેમને અને મને દરબારમાંથી હાંકી કહાડ્યાં?"

બાદશાહે જોયું કે બીરબલીઆએ આ જુગિત ઠીક શોધી કહાડી બધાને ફંદામાં ફસાવ્યા ખરા. તેમનો તમામ ક્રોધ સમી ગયો, રાણીને પણ તરત મેહેલમાં પાછી બોલાવી, તેમ જ બીરબલને પણ પાછી દિવાનગીરી સોંપી. આ જોઈ બીરબલ પોકારી ઉઠયો; "જનાબ આ એક સાધારણ કહેતી ચાલી આવે છે કે, 'પાદે પાદે પદમજી, પાદે

આખું શેહેર, રાજાજીને પૂછી આવો કે પાઘા વગર કોઈ રહે છે?' તે ખરી જ છે." આ સાંભળી સર્વ કોઈ બીરબલની તદબીર ઉપર આફ્રિન પોકારી હસવા મંડ્યા, અને મોતીના વાવેતરનો જે ફારસ તેણે ઉભો કીધો હતો તે પણ અંતે આ પ્રમાણે ખલાસ થયો.

## મોટામાં મોટું કોણ?—બાળક.

એક દિવસે બાદશાહે બીરબલને કાંઇક અભિમાન સાથે પ્રશ્ન પૂછયો કે "બીરબલ, આ જગતમાં મોટામાં મોટું કોણ છે?" બીરબલ કાચો ન હતો. તે સમજી ગયો કે બાદશાહ પોતે પોતાને મોટો ગણાવાનું અભિમાન ધરાવે છે, અને તેથી જ તે મારા મોંઢે બોલાવવા માંગે છે. પરંતુ તેણે વિચાર્યું કે એનાં અભિમાનનો ઉભરો તોડી નાંખવાની આવશ્યકતા છે, અને તેમાં જ લાભ છે; નહી તો, કોઈ દિવસ ખરાબી કરશે. એવો વિચાર કરી બીરબલે શાહને કહ્યું; "ખુદાવિંદ, રાજા, શ્રીમંતો, શૂરવીરો કે પ્રચંડ યોદ્ધાઓ કરતાં પણ બાળક મોટું છે, કેમ કે તે કોઇથી ડરવાનું નથી, અને તે માટે કોઇ પણ તેને શિક્ષા આપનાર નથી. આ સાંભળી શાહે હસીને કહ્યું કે, "બીરબલીઆ, આમ મોંઢેથી તડાકા મારવામાં કાંઇ વળ્યું નહી, પણ તું બોલે છે તેનો અનુભવ કરાવે ત્યારે જ ખાત્રી થાય." શાહના આ બોલવાથી બીરબલના જો કે હોંશકોશ ઉડી ગયા અને તરતને માટે આડી અવળી વાતો કરી પોતાનાં કામમાં રોકાયો; છતાં શાહનું અભિમાન ઉતારવા માટે બીરબલ ટાંપી રહ્યો હતો. તરત તેણે નોકર પાસે એક વરસની ઉમરના એક ચાલાક અને ચંચળ બાળકને તેડાવી સાથે લીધો અને તેને પાંખડીએ વળગાડી શાહની પાસે આવી બેઠો. પોતાની પાસે બેસાડેલા આ સ્વરૂપવાન અને ચંચળ બાળકને જોઇને શાહ પણ બહુ ખુશી થયો, અને તે છોકરાને પોતાના હાથમાં લઇ રમાડવા અને ચુંબન કરવા લાગ્યો. બાળકે કોઇ દિવસે નહી જોયલી એવી લાંબી દાઢી જોઇ, તે બાળક તો ખુશીમાં આવી જઇ શાહની દાઢીના બાલ પકડી ગમે તેમ ખેંચવા—પીંખવા લાગ્યું. થોડા

વખત તો શાહે તે સર્વ ચલાવ્યું, પણ પછી તેને બહુ કંટાળો લાગવા માંડ્યો, અને થાકીને તેણે તે બાળકને ગુસ્સાથી બીરબલના હાથમાં આપી દીધું અને બોલ્યો કે, "બીરબલ, આ તોફાની બારકસ–બાળકને ક્યાંથી લાવ્યો? કેટલું તોફાન કરે છે અને ગમે તેમ કરતાં પણ શાંત પડતું નથી." બીરબલે ધીરજથી ઉત્તર દીધો, "જનાબ, આ બાળક, સર્વથી મોટું છે. જુઓ તો ખરા, એને આપની પણ જરા દરકાર નથી, એને કોઇની પણ બ્હીક છે? મરજીમાં આવે તેવી તે ચેષ્ટા કરે છે; આપ ખલકના ખાવિંદ છો, સત્તાધારી છો, ગમે તેવા બળવાનને પણ સજા કરવાને તમો સમર્થ છો; જો આ બાળકની જગ્યાએ કોઇ મોટા માણસે આપની દાઢીને જરા હાથ પણ લગાડ્યો હોત તો તમે તેને શિક્ષા કીધા વગર રહેત નહિ, પણ આ તો બાળ-રાજાએ ખેંચ્યા છે ને તેથી તે બાળરાજાને કાંઇ પણ શિક્ષા કરવાને આપ લેશ પણ સમર્થ નથી, તેથી તે બધાથી મોટું છે." આ પ્રત્યક્ષ દાખલો જોઇ શાહને ખાત્રી થઇ કે, ખરેખર મોટું તો બાળક જ છે. કહ્યું છે કે, "બાળક છે સુખમાં સદા, નિર્ભય નિડર નિઃશંક." શાહે તે બાળકને તથા બીરબલને પણ ઘટતાં આભૂષણો આપી માન સાથે દરબારમાંથી વિદાય કર્યા.

## યુક્તિબાજ ચોરોને પકડવાની કળા–દેવો અને ભીમો.

એક દિવસે શાહ અકબર કચેરીનું કામ ખલાસ કરી પરવારતો પડ્યો હતો, તેટલાં દેવા નામના એક રબારીએ આવી બૂમ મારી પોકાર પાડ્યો કે, "સરકાર, આપના આ અદલ રાજ્યમાં ધોળે દિવસે લૂટ ચાલે એ શું કહેવાય? મારે ગામથી મારી ગંગા નામની ગાય લઇ હું તમારા નગરમાં વેચવા આવતો હતો, એટલામાં આ મારી જાત-વાળો ભીમો રબારી, મારી સાથે આવ્યો. ગામને સીમાડે આવતાં જ મારી ગાય ભીમાએ પડાવી લીધી અને ઉપરથી મને ધમકી આપીને કહ્યું કે, 'હરામખોર, એ ગાય તો મારી છે, માટે છોડ એને,' એમ બોલી, ગાય લઇ ચાલતો થયો; માટે ગરીબ પરવર, એનો ન્યાય

કરી આપો." આનો ન્યાય કરવાનો હુકમ બીરબલને થતાં જ, બીરબલે દેવાને એક બાજુ ઉભો રાખી ભીમાને પોતાની પાસે બોલાવી પૂછ્યું કે, આ ગાય કોની છે? ભીમાએ કહ્યું કે, જનાબ, એ ગાય મારી છે, પણ બદદયાનતથી દેવો મને ગળે પડે છે. બન્નેએ ગાય ઉપર પોતાની માલેકી ઠસાવા માંગી. બીરબલે તેથી બન્નેને એક ચોકમાં ઉભા રાખી, દેવાને કહ્યું કે, આ પૂર્વ દિશાની શેરીમાં પચાસ હાથ લાંબો જઇ, "ગંગા, ગંગા" બોલીને પોકાર માર. ભીમાને કહ્યું કે તું પેલી પશ્ચિમ દિશાની શેરીમાં પચાસ હાથ છેટે જઇ "ગંગા, ગંગા" બોલીને પોકાર માર. બીરબલના કહેવા મુજબ બન્નેજણ પચાસ હાથ છેટા ગયા અને બન્નેએ "ગંગા, ગંગા" એવા પોકાર ગજાવ્યા. પૂર્વ દિશાએ દેવો ઉભો હતો ત્યાં ગાય તો દોડી ગઇ, ને તેના જોડે લાડ કરવા લાગી. આમ જોઇ બીરબલે બંન્નેને નજદીક બોલાવી કહ્યું કે તમે બંન્ને જણ ગાયને માથે હાથ ફેરવો, અને દક્ષિણ દીશા તરફ ચાલતા થાવો. બંન્નેએ તેમ કર્યું તો, ગાય તો હાથ ફેરવતાંની સાથે જ દેવાની સાથે ગેલ કરતી ચાલવા લાગી. આ જોઇ તરત જ બીરબલે ભીમાને કાન પકડીને તમાચો ખેંચી કહાડ્યો અને પૂછ્યું કે બોલ, લુચ્ચા, ખરું બોલ, આ ગાય કોની છે? જો જુઠું બોલશે તો સખતમાં સખત શિક્ષા થશે. ભીમાએ તરત પોતાનો અપરાધ કબુલ કરી દીધો. આ પ્રમાણે ગાયનો ખરો માલેક દેવા ઠર્યો એટલે તેને ગાય સોંપી દઇ ભીમાને ફરીવાર એવું કામ નહી કરવાની તાકીદ કરી જતો મુકયો. બીરબલનો આ યુક્તિબાજ ન્યાય જોઇ, શાહ તેમ જ આખી દરબાર હેરત પામી.

## બેમાંથી ખાનદાની કોણ?

એક દિવસે શાહ, કચેરીનું કામ ખલાસ કરી બેસે છે, તેટલાં, ખીમાજી અને સુંદરજી નામના બે જુવાન ભાઇઓએ દરબારમાં આવી વિનંતી કરી કે અમે બંન્ને ભાઇઓ છીએ, લાહોરમાં રહીએ છીએ, અમારી મા એક અને બાપ જુદા છે. પેહેલા બાપના વીર્યથી ખીમાજી ઉત્પન્ન થયો છે, તેનો તે બાપ મરણ પામ્યો, એટલે મારી માએ

કોમના રિવાજ પ્રમાણે બીજો ધણી કીધો, અને તેનાં વીર્યથી આ સુંદરજી પેદા થયો. પછી અમારો તે પિતા પણ મરી ગયો. એટલે ઘરનો બધો કારભાર મારી મા કરવા લાગી. તે પણ થોડેક વખતે મરણ પામી. મરણ પેહેલાં તે એક વસિયત કરી ગઇ હતી કે, કોઇએ સ્થાવર, જંગમ મિલ્કતની વહેચણી કરવી નહી. પણ બેમાંથી જે ખરો ખાનદાની હોય તેણે જ બધો વહિવટ ચલાવવો. હવે ખાનદાની ફરજંદ કોણ તેનો અમારા બંન્ને વચ્ચે વાંધો પડ્યો છે, તો સરકાર અમારો ન્યાય કરી આપો. બાદશાહે જોયું કે આ ન્યાય તો ખરેખરો અઘરો છે, ખાનદાની કોણને ઠરાવવો તે કેમ બને? શાહે પોતાને માથેથી પીડા કહાડી બીરબલને તે કામ સોંપ્યું. બીરબલે તેમની હકીકત સાંભળી લઇ, તેમને કહ્યું કે, હું જ્યાં તમને રહેવાની જગા આપું ત્યાં તમો બે માસ સુધી રહેશો તો હું તમારો ફેસલો કરી આપીશ. બંન્ને ભાઇઓએ તેમ કરવાની હા પાડી. બીરબલે તેમને એક મકાનમાં રહેવાની ગોઠવણ કરી આપી અને ત્યાં બંન્ને ભાઇઓ રહેવા લાગ્યા. બીરબલે તેમની રીતભાત, રહેણી–કરણી ઉપર ખૂબ તપાસ રાખવા માંડી. સુંદરજી સારા ગુણ ધરાવનારો જણાયો. તે સારા આબરૂદાર અમીર ઉમરાવો સાથે મિત્રાચારી બાંધી તેમના જ સાથે ફરવા લાગ્યો. પણ પેલા ખીમજીભાઇ તો તેથી ઉલટા જ નીકલ્યા. તેઓ આખો વખત, ભાંગ, ગાંજો, દારૂ અને રંડીબાજીમાં લપેટાઇ ગયા. બીરબલે એ જોઇ વિચાર કીધો કે આ બેમાં સુંદરજી ખાનદાની ફરજંદ છે, કારણ કે જેના બાપદાદેથી જેવા ચાલી આવતા હોય તેવા જ ગુણ તેના છોકરામાં પણ ઉતરવા જોઇયે. એવા નિર્ણય ઉપર આવીને, તેના તે અનુમાનના ટેકામાં પુરાવો પણ મળવાથી સુંદરજીને ખાનદાની ઠરાવ્યો; અને બંન્નેનો ઘટતો ફેસલો કરી આપ્યો. બીરબલની શક્તિનો અદ્ભુત ચમત્કાર જોઈ તમામ દરબાર વિસ્મય પામી.

## "અમે જરા પણ સોનું ચોર્યું નથી હોં ! પણ આખેઆને આખો હાથી ઉઠાવ્યો છે !"

એક દિવસે, બાદશાહે બીરબલને સવાલ કીધો કે, "અરે બીરબલ, કારીગર લોકોને માટે કહેવાય છે કે, ગમે એટલી ચોકસી રાખો તો પણ તેઓને હાથે થાપડ ખવાઈ જાય છે એ વાત ખરી છે કે ખોટી? એ વાતનો તને કાંઈ અનુભવ છે ખરો કે?" આ સાંભળી બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, પોતપોતાના કસબમાં તો સૌ કોઈ હુશિયાર હોય છે, એમાં કાંઇ જ આશ્ચર્ય જેવું નથી. બાદશાહે પૂછ્યું, "શું દરજી, સોની વગેરે દરેક જાતના કારીગરો કસબચોર હોય છે?" બીરબલે ઉત્તર દીધો, "જનાબ, મારૂં કહેવું એવું નથી કે દરેક જણ ચોર હોય છે. સોનીના સોનું ચોરવાના કસબ વિષે તો એવી વાત કહેવાય છે કે, બરોબર સાવચેતી રાખીને જોડે બેઠેલા ઘરાકના સોનામાંથી પણ તેની આંખ ચોરાવીને સોનું તફડાવે છે, અરે એટલું જ નહી પણ પોતાની સગી બેહેન કે દીકરીનાં ઘરેણાં પણ સહેજસાજ સોનું ચોર્યા વગર બનાવતા નથી, અને તેવી એક વાત મારા સાંભળવામાં પણ આવેલી છે. કોઇએક ગામમાં એક સોની રહેતો હતો. તેને એક છોકરો હતો. સોની પોતે ઘરડો થયો અને તેનાથી જ્યારે ઘરેણાં ઘડવાનું કામ નહીં ચાલ્યું, ત્યારે તેનો છોકરો એકલો જ કામ કરવા બેસતો, પણ ડોસાજીનું મન માનતું નહી. દુકાનમાં એક ખુણામાં માળા લઇ તે બેસતો અને પોતાના દીકરાને ઘરેણાના ઘાટ કેમ ઘડવા તે બતાવતો. જોગ ચોઘડીએ એવો બનાવ બન્યો કે, આ વૃદ્ધ સોનીની દીકરી અને પેલા જુવાન સોનીની બેહેન પોતાનું કાંઈ ઘરેણું ઘડાવવા પોતાને સાસરેથી પોતાના બાપને ત્યાં આવી. બાપ તથા ભાઈ સોની છતાં તેમને છોડીને બીજે ક્યાં ઘરેણાં ઘડાવવા જાય? સોનું લાવીને પોતાના ભાઇના હાથમાં સોંપી પોતે ભાઇની સામે બેઠી. પેલો ડોસો અંદર સૂતો સૂતો વિચાર કરવા લાગ્યો કે મારો દીકરો પોતાની બેહનના સોનામાંથી સોનું નહિ ચોરે, માટે તેને કહેવું જોઇએ કે તારે એમાંથી પણ સોનું તો

ચોરવું જ જોઇએ. પોતાની દીકરી સામી બેઠી હતી એટલે તેનાથી ખુલ્લી રીતે તો કહેવાય નહી, તેથી સાનમાં સંભળાવવા ડોસો મોટેથી બૂમ પાડવા લાગ્યો, "અરે રામ, તારે મનથી તો બધાયે સરખા છે." જુવાન સોની પોતાના બાપની આ બુમનો ભાવાર્થ તો સમજી ગયો, પણ તેનો જવાબ આપ્યા વગર ગુપચુપ બેઠો બેઠો પોતાનું કામ કરવા લાગ્યો. બેહેન પણ ડોસાના આ લવારા ઉપર ઝાઝુ ધ્યાન નહી આપતાં, પોતાના ભાઈ સાથે વાતોના તડાકા મારતી હતી. ડોસાએ જોયું કે, છોકરો તો કાંઈ સમજતો નથી તેથી વધારે બુમો પાડીને ઉપર પ્રમાણે બોલવાનું ચાલુ જ રાખ્યું. આખરે છોકરો તેની મતલબ સમજી ગયો અને તેને લાગ્યું કે બાપાને કાંઈ જવાબ આપ્યા વગર બાપાજી સમજવાના નથી. તેથી અંતે વિચાર કરી બોલ્યો, "બાપા વારેઘડી એ રામ રામ શું કરો છો? રામે તો લંકા કેદાહાડની લૂટી લીધી. હવે રહ્યું છે શું?" દીકરાના આ શબ્દો સાંભળી ડોસાજી ચુપ થયા. જુવાન સોનીએ તો પહેલાંથી જ પોતાનો પ્રપંચ ચલાવી દીધો હતો. તેણે થોડુંક સોનું તફડંચી કરીને રાખમાં સંતાડી દીધું હતું, પણ તે વાતની ડોસાજીને ખબર પડી ન હતી. આ વાત કહી બીરબલ બોલ્યો; માટે જનાબે આલા, આવા કારીગર લોકો એવા હુશિયાર હોય છે કે સામાને ખબર ન પડવા દેતાં પોતાનો કસબ તરત ચલાવે છે.

બાદશાહને બહુ વિસ્મય લાગ્યું, અને તેણે કહ્યું, "બીરબલે, મારે પોતે સોનીઓની ચતુરાઇની પરીક્ષા કરવી છે."

બીરબલે કહ્યું, "બહુ સારૂં, ખુદાવિંદ, આપને થોડા જ દિવસમાં નજરો નજર બતાવીશ."

પછી બીરબલે ગામમાંથી હુશિયાર સોનીઓમાંથી દશને તેડાવી મંગાવી તેઓને બાદશાહ સમક્ષ હુકમ કર્યો; "બાદશાહ સલામતને વાસ્તે પચીશ મણ વજનનાં સોનાનો એક હાથી બનાવવો છે; એક જ જાતનું સોનું તમને આપવામાં આવશે. હાથી પંદર દિવસમાં તૈયાર કરી આપવો પડશે. આ હાથીના સોનામાંથી થોડું સોનું તો ચોરજો, પણ તે ચોરતાં પકડાયા તો મોતની શિક્ષા થશે. કદી હાથી

બનાવી રહેતાં થોડું સોનું ન ચોરશો તોપણ તમને શિક્ષા થશે. આ કામની મજુરી તમને પુરેપુરી આપવામાં આવશે. તેમ જ તમારી ઉપર કામ પૂરું કરતાં સુધી પૂરતો ચોકીપેહેરો પણ રાખવામાં આવશે."

બીરબલનું આ કહેણ સાંભળતાં જ સોનીઓના હાંઝા ગગડી ગયા. તેઓમાંના બે સોનીઓ હાથ જોડી બોલ્યા, "ખાવિંદ, હાથી બનાવવાનો હુકમ કરો છો તે માથે ચઢાવ્યે છીએ, પણ ચોરી તો અમારાથી બનવાની નથી, માટે જોઈએ તો બાપજી, બીજા કોઈને બોલાવી એ કામ સોંપો."

બીરબલે કહ્યું. "નહી, નહી, સોની મહાજન, તમારે આમ ના ફરમાની કરવી નહી. આ કામ તો તમારે જ કરવું પડશે, તમારે તે કર્યા વગર છૂટકો જ નથી. તેમ વળી સોનું ન ચોર્યું તોપણ શિક્ષા થશે તે ધ્યાનમાં રાખશો."

સોનીઓએ ઘણા ઘણા કાલાવાલા કીધા પણ તેમનો છૂટકો નહી થયો. અંતે બીજે દિવસે હથિયાર વગેરે લઈ કામે આવવા વાયદો કરી તેઓ ત્યાંથી ગયા. ગયા તો ખરા, પણ તેમના મનમાં ચટપટ થવા માંડી કે હવે કરવું કેમ? તે જ દહાડે, હવે કેમ કામ લેવું તે વિષે મસલહત કરવા તેઓ બધા ભેગા થયા. બાદશાહે બરાબર કસ કઢાવી આપેલું સોનું, તેમાં વળી ઉપર બાદશાહના વિશ્વાસુ સીપાઈઓની ચોકી, આવી રીતનો મામલો છતાં સોનું તો ચોરવું જ જોઈએ, પણ તે કેમ ચોરવું તેનો તેમને વિચાર થઈ પડયો. ઘણી ઘણી તદબીરો ગોઠવતાં ગોઠવતાં તેમને એક વિચાર સુઝ પડયો; અને તે પ્રમાણે કરવાને બધા તૈયાર થયા.

બીજે દિવસે બધા સોનીઓ પોતપોતાનાં હથિયારો લઈ દરબારી મેહેલમાં હાજર થયા. સોનું જોખી અને તેનો કસ કહાડીને તેમને સોંપવામાં આવ્યું. બાદશાહના ખાસ વિશ્વાસુ અમલદારોની તેમના ઉપર ચોકી રાખવામાં આવી. તેમને ખાસ તાકીદ આપી હતી કે જો કોઈ સોની ચોરી કરતાં પકડાય તો તરત પકડી તેને કેદ કરવો. પણ સોની બંદા કાંઈ કાચા ન હતા. તેઓ એવી રીતે સોનું ચોરે જ શું કરવા કે કોઈના હાથમાં સપડાય! આખો દિવસ તેઓએ ધીમે ધીમે

હથોડા ચલાવ્યા, અને સાંજ પડતાં જ તેમને જવાની રજા મલી. તેઓ ફરાગત થઇ જમ્યા અને રાતના પોતાને કામે વળગ્યા. દિવસના જેટલો ભાગ તેમણે સોનાના હાથીનો બનાવ્યો હતો તેટલો જ ભાગ પિત્તળના હાથીનો તેમણે થોડાક કલાકમાં બનાવ્યો. આ પ્રમાણે બાદશાહના મેહેલમાં દિવસે જેટલું સોનાનું કામ કરતા તેટલું જ કામ, રાતના એક મોટા સોનીના ઘરમાં પિત્તળનું કરતા. એ મુજબ ચૌદમાં દિવસે દરબારમાં સોનાનો ને ઘરમાં પિત્તળનો એવા બે હાથી તૈયાર કીધા. બંને એક સરખા ઘાટ અને આકૃતિના હતા. પિત્તળના હાથીને પાલીસ કરીને ઝગઝગાટ મારતો કરવાને કશી કચાશ રાખી ન હતી. હવે પિત્તળના હાથીને રાતોરાત ગૂપચૂપ ઉપાડીને જમના નદીમાં એક ઠેકાણે દાટી આવ્યા. બીજે દિવસે દરબારમાં ભેગા થઇ બાદશાહ તથા બીરબલને પેલો દરબારમાં તૈયાર કીધેલો સોનાનો હાથી દેખાડ્યો. બાદશાહજીએ પોતાના સોનીને બોલાવી તેનો કસ કઢાવ્યો તો બરાબર થયો, તેમ જ વજન કરતાં હાથી તેમ જ વધેલું સોનું પણ બરાબર ઉતર્યું. વજન તથા કસની ખાતરી કરી આપ્યા બાદ એક વૃદ્ધ સોનીએ કહ્યું, "ખાવિંદ, હવે એને ગાડાંમાં નાંખીને જમના નદીને કાંઠે લઇ જવા હુકમ કરો; ત્યાં પાણી તથા રેતીથી પાલીસ સારી થશે."

બાદશાહે તે વાત કબુલ કરી એક મોટું ગાડું મંગાવી તેમાં હાથીને ચઢાવ્યો, અને તેની ફરતી ચોકી કરવા માટે પેલા જ અમલદારોને સાથે મોકલ્યા. સોનીઓ પણ ગાડાં સાથે જ ચાલ્યા. નદી કિનારે જ્યાં પેલો પિત્તળનો હાથી સંતાડ્યો હતો ત્યાં આવી ગાડાંમાંથી સોનાના હાથીને ઉતારી તેને તે જગાએ ધકેલી દઇ, પેલો પિત્તળનો હાથી બહાર કહાડી તેને પાલીસ કરવા લાગ્યા. તેઓએ સાંજ સુધી તેને પોલીસ કીધો. એક તો પોતે ઘરથી પાલીસ કરીને જ લાવેલા જ હતા, અને બીજી વધારે પાલીસ થવાથી, તે એવો બની ગયો કે કસ કાઢયા વગર કોઇ એમ નહી જાણે કે આ સોનાનો નથી. આવી રીતે પાલીસ કરીને પિત્તળના હાથીને ગાડાંમાં ચઢાવી દરબારમાં લાવ્યા અને સોનાના હાથીને પાણીમાં દબાવી રાખ્યો. દરબારમાં લાવી બાદશાહને ત્યાં જોવા બોલાવ્યો.

બાદશાહ, બીરબલ તથા બીજા બધા દરબારીઓ ચકિત થઈ તે સોનાનો હાથી જોવા ઉતરી પડ્યા. દરેકે ફરીફરીને તે જોઇ રહ્યા પછી બાદશાહે વડા સોનીને પૂછ્યું, "સોની મહાજન, હવે સાચ્ચું બોલો, કેટલું સોનું ચોર્યું ?"

સોનીએ હાથ જોડીને કહ્યું, "ખાવિંદ, અમે કાંઈ ચોરાંટિયા છીએ કે ચોરી કરીએ, આપે જેટલું સોનું આપ્યું હતું તેટલું હમે કામમાં લીધું અને વળી કસ પણ મળી રહ્યો. હવે અમે ચોરી તે શી રીતે કરી શકીએ! અમને અમારી મહેનતનું દામ મળે એટલે બસ થયું."

બાદશાહે કહ્યું, "તે બધી વાત છોડી દો, આપણી શરત શી છે તે તો તમને યાદ હશે જ ?"

સોનીએ કહ્યું, "આપના આવા ચંચલ અમલદારોની ચોકી હોય ત્યાં કોની મગદુર છે કે ચોરી કરી શકે ? તે વાત સ્વપ્ને પણ નહી બનવા જેવી છે તે જાણતા છતાં હમો કેમ જ કરી શકીએ ?"

બાદશાહે કાન ઉપર હાથ મુકયા અને બોલ્યો, "તે હું કાંઇ જાણતો નથી, હું તો આપણા વચ્ચે થયલી શરત પ્રમાણે ચાલવા માંગું છું. જો સોનું ચોર્યું નહી હોય તો તમને મોતની શિક્ષા થશે, માટે બોલો, તમે કેટલું સોનું ચોર્યું છે ? તમારો અપરાધ માફ છે."

સોનીએ વધારે કાલાવાલા કરતાં કહ્યું, "ખાવિંદ, અમારી ઉપર દયા કરો, અમે જરા સોનું ચોર્યું નથી."

બીરબલ ચુપચુપ આ તકરાર સાંભળતો ઉભો હતો. તે હવે બોલ્યો, "મહાજન, તમે સમજતા નથી. ખાવિંદ કયાં કહે છે કે તમે થોડું સોનું ચોર્યું છે ? તમે તો વધારે ચોર્યું હોય એમ છે, માટે જે હોય તે અહીં બોલી દયો."

સોનીઓ કહે, "માબાપ, અમને ક્ષમા કરો, અમે વધારે પણ ચોર્યું નથી."

બાદશાહે જોયું કે આ કમબખ્તો નથી એમ સસરતા કે નહી એમ વસરતા, એટલે જરા કરડાકીમાં જ કહ્યું, "જુઓ મહાજન, તમે કોઇ રીતે સમજતા નથી, હું તમને ક્ષમા આપું છું, તે છતાં જો કબુલ નહી કરો તો પછી વધારે શિક્ષા ખમવી પડશે, કારણ કે મેં

પ્રથમ જ કહી દીધું છે કે સોનું ચોરતાં પકડાયા તો શિક્ષા થશે, અને નહી ચોરો તો પણ શિક્ષા થશે. માટે તમારા બોલવા ઉપરથી અને હાથીનું વજન અને કસ બરાબર છે તેથી એમ જણાય છે કે તમે શિક્ષાને પાત્ર થયા છો માટે શિક્ષા ખમવા તૈયાર થાઓ."

હવે સોની મહાજને કાન ફફડાવ્યા. તેઓએ જોયું કે હવે બાદશાહ સાથે વધુ રકઝીક કરવામાં સાર નથી, તેથી પેલો વૃદ્ધ સોની બોલ્યો, "ખાવિંદ, અપરાધ ક્ષમા કરો, આપ તથા આપના અમલદારો જ્યારે અમારી ચોરી પકડી શકયા નથી ત્યારે હવે અમે જ જાહેર કરવા માંગ્યે છીએ. આ હાથી બારિકીથી તપાસી જુવો, એ સોનાનો છે કે પિત્તળનો? અમે જરા સોનું ચોર્યું નથી, પણ આખો ને આખો હાથી ઉડાવી દીધો છે."

સોનીના આ શબ્દો સાંભળી બાદશાહ તો શું પણ તમામ દરબારીઓ ચોંકીને વિસ્મય પામ્યા. તેણે પોતાના સોનીને બોલાવી પેલા હાથીના કસ કઢાવ્યા તો હાથી ખરેખર જ પિત્તળનો માલમ પડ્યો. સોનીઓની આ ચતુરાઇ જોઇ આખી દરબાર દંગ થઇ ગઇ. બાદશાહે સોનીઓને ખુલાસો પૂછ્યો, અને તેઓએ બધી વાત પેહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી. નદીમાંથી હાથી મંગાવી બાદશાહને સ્વાધીન કીધો. બાદશાહે સોનીઓને તેમની ચતુરાઇ માટે શાબાશી તથા ઇનામ આપી વીદાય કર્યા.

## બે જુદા સવાલનો એકજ ઉત્તર—'આ બન્ને ઉદાસ કેમ?'

બાદશાહને કોઈ કોઈ વેળાએ નવરા પડતાં હાસ્યવિનોદને ખાતર પણ તરેહવાર યુક્તિબાજ સવાલો બીરબલને પૂછી તેના જવાબ મેળવવાની હોંશ થઈ આવતી. તેમ એક દિવસે શાહ નવરો બેઠો હતો તે વેળા તેણે બીરબલને પૂછ્યું કે, "બ્રાહ્મણ તરસ્યો કેમ રહ્યો? અને ગધેડો ઉદાસ કેમ થયો?" બન્ને મારા સવાલનો એવો એક જ જવાબ આપ કે તે બન્નેને લાગુ પડે. શાહનું આવું ચમત્કારિક બોલવું સાંભળી બીરબલે લગાર બોચી તો ખજવાળી, પણ ખૂબ ધ્યાન પુગાડી બોલ્યો કે, "સરકાર, બ્રાહ્મણ પાસે લોટો ન હતો અને

ગધેડાને આળોટવાનું ન મલ્યું તેથી.” તેનો ભાવાર્થ બીરબલે સમજાવ્યો કે, બ્રાહ્મણને લોટો ન મલ્યો તે પાણી પીધા વગર રહ્યો તેથી ઉદાસ થયો, અને ગધેડાજીને મનભાવતું આળોટવાનું નહી મળવાથી તેઓ ઉદાસ થયા. બીરબલનો આ હાજરજવાબ સાંભળી શાહ બહુ ખુશ થયો.

## બેશરમી–બિહિકણ–શરમાળ–નિડર એવા ચાર ગુણવાળી સ્ત્રી લાવ !

એક વખતે શાહે બીરબલને ફરમાવ્યું કે, “બીરબલ, મારી સન્મુખ એવી ચાર જાતની સ્ત્રીઓ લાવ કે, જેમાં એક બેશરમી, બીજી બિહિકણ, ત્રીજી શરમાળ અને ચોથી તદ્દન નિડર હોય.” બીરબલ બેચાર દિવસ આમ તેમ ભટક્યો, અને થોડેક દિવસે એક સ્ત્રીને લાવી શાહ હજુર ખડી કરી કહ્યું કે, “ખુદાવિંદ, આપે માંગેલી ચાર સ્ત્રીઓ તપાસી લ્યો. “શાહ એક જ સ્ત્રીને પોતાની હજુર ઉભેલી જોઈ આશ્ચર્ય પામી બોલ્યો કે, “બીરબલ, તારી બુદ્ધી ગઈ છે, મેં ચાર જાતની ચાર સ્ત્રી માંગી તો તં માત્ર એક જ લાવીને ઉભી કીધી ?” બીરબલે ઠાવકેપણે જવાબ દીધો, “ખુદાવિંદ, એ સ્ત્રીના અંગમાં જ ચારે સ્ત્રીઓ છે, માટે આપ તપાસી ખાત્રી કરી લ્યો. જુઓ, જ્યારે સ્ત્રીઓ વિવાહમાં ફટાણા ગાય છે ત્યારે પાસે બેઠેલા ભાઇ બાપની પણ શરમ કરતી નથી. માટે તે બેશરમ છે, અને તેવી જ આ બાઈ છે. અંધારી રાત્રે અંધારી ઓરડીમાં જવાને સ્ત્રીને ધણીએ આજ્ઞા કરી હોય ત્યારે તે કહેશે કે બાપરે, મને તો બિહિક લાગે છે તો મારેથી નહી જવાય, માટે તે બિહિકણ છે; જ્યારે સાસરે જાય છે ત્યારે મંદ સ્વરે બોલે છે તેથી તે શરમાળ ગણાય છે, અને તે જ જો પરપુરૂષ સાથે હળેલી હોય છે ત્યારે કાળી રાત્રે ભૂત, પ્રેત કે વાઘચોરથી પણ ડરતી નથી અને પોતાની ધારેલી ઇચ્છા પાર પાડે છે. માટે તે નિડર છે. એ ચારે ગુણવાળી આ સ્ત્રીને આપના હજુર આણી ખડી કરી છે.” શાહ, આ સાંભળી બહુ રાજી થયો.

## ખરા અને ખોટા વચ્ચેનો અંતર બતાવ!

એક વખતે શાહે બીરબલને પૂછ્યું કે, "સાચા અને ખોટા વચ્ચે કેટલો અંતર છે તે બતાવ?" આ સવાલનો જવાબ આપતાં બીરબલને શી વાર? તે બોલ્યો, "જનાબ, ચાર આંગળનો." શાહે તેનો ખોલાસો સમજવા માંગ્યો, ત્યારે બીરબલ બોલ્યો, સાચાની તપાસ કરનાર આંખ છે, માટે આંખોથી જોયું તે ખરૂં અને તેનાથી ચાર આંગળને છેટે કાન છે તેણે સાંભળ્યું. તે માટે ખરા ખોટા વચ્ચે ચાર આંગળનો તફાવત છે. આ ખુલાસો ધ્યાનમાં ઉતરવાથી શાહ ખુશ ખુશ થઈ ગયા.

## ગાદી વારસ તરીકેની પંડિતોની પરીક્ષાની કસોટીમાંથી પસાર થયલો ઉઘાડા માથાનો ગરીબ છોકરો!

શાહજાદા સલીમને દારૂનું વ્યસન અતિશય લાગુ પડ્યું હતું. તે છોડાવી તેને સુધારવાને બાદશાહે ઘણાક ઉપાયો અને યુક્તિઓ કરી જોઇ, પણ તે તદ્દન વ્યર્થ જ ગઇ. આખરે એક છેલ્લી તદબિર રચવામાં આવી. બીરબલ જોડે મસલત કરી ઢંઢેરો ફેરવ્યો કે, "શાહજાદા સલીમનો ગાદી ઉપરનો હક રદ કરી, બીજા કોઇ ચાલાક છોકરાને ગાદીવારસ કરવાનો શાહનો વિચાર છે; માટે ગરીબ તેમ જ તવંગર અમીર તથા ઉમરાવ જેને રાજગાદીના વારસ થવાની ઉમેદ હોય તેણે દરબારમાં હાજર થવું. દરબારમાં પૂછાયલા, કોઈ પણ સવાલનો જે છોકરો સચોટ જવાબ આપશે તેને બાદશાહ સલીમની જગાએ પોતાની ગાદીનો વારસ બનાવશે."

શહેરના તમામ લોકો આ નિર્ણય જાણી શોકાતુર થયા; અને સલીમને છોડીને કોઈ ભલતા સલતાને બાદશાહ પોતાનો વારસ બનાવે તે કોઇને રૂચ્યું નહીં. સલીમ પણ આ જાણીને બહુ ગભરાયો, પણ ઢંઢેરો ફર્યા પછી હવે તેના હાથમાં કોઈ ઉપાય રહેલો ન હતો. જોઇએ દરબારમાં શું છેવટ આવે છે તે જોવા ખોટી થયો. આમ વિચારીને મુગો બેઠો હતો. તે કોઈ તરફથી કોઇની દરકાર કરે તેવો નહતો, તેમ બીજી તરફથી આ ઢંઢેરો સાંભળી લગાર ગાભરો તો

થયો ખરો. ગાદીના વારસ થનાર ઉમેદવારની પરીક્ષા લેવા માટે જે દિવસ ઠરાવવામાં આવ્યો હતો તે દિવસ નજીક આવવા લાગ્યો. તેને માટે તૈયારીઓ કરવામાં આવી. બાદશાહી બાગમાં એક મોટો ગંજાવર મંડપ બાંધવામાં આવ્યો, અને સંભવિત મોટા મોટા લોકોને તથા વિદ્વાનો વગેરેને માટે જુદી જુદી બેઠકો કરવામાં આવી હતી. પ્રેક્ષક લોકોને માટે ઉભા રહેવાની જગા કરવામાં આવી. જનાનખાનાને માટે પણ પડદા નાખી બેઠક કરવામાં આવી હતી. બધાની વચ્ચોવચ્ચ ઉમેદવારોને ઉભા રહેવાની જગા કરવામાં આવી હતી. દરબાર ભરવાના દિવસે ઠરાવેલા વખતે લોકોની ભારે મેદની આ મેલાવડામાં હાજર થઇ ગઈ હતી. બધા ગોઠવાયા પછી બાદશાહ પણ કાંઇક રડમસ ચહેરે આવી બીરાજ્યો. એટલે છડીદારે બૂમ પાડી, ગાદીના ઉમેદવારોને બહાર આવવાની તાકીદ કરી. આ પોકાર થતાં જ ગરીબ–ગુરબાં–અમીર–ઉમરાવો–વિદ્વાનો–ફિલસુફો વગેરેના બેટાઓ તેમને માટે કરેલી જગામાં આવી ઉભા. તેઓમાં ઉઘાડે માથેનો અને રેંજીપેંજી દેખાવનો એક છોકરો પણ તેમનામાં આવી ઉભો હતો.

આ ઉમેદવારોની કસોટી કરવા માટે, એક બાજુએ જગન્નાથ પંડિત, બીરબલ, ટોડરમલ, અબુફઝલ, કવિ ગંગ, ખાનખાનાન, ફૈજી, ખાજાજંગ, તાનસેન, તાનતરંગ, બીજુબાવરો, અને રાજા માનસિંહ, એ બાર જણાઓને નીમવામાં આવેલા, તેઓ બીરાજ્યા હતા.

સવાલ–જવાબ થવા માંડ્યા. પ્રથમ જગન્નાથ પંડિતે ઉભા થઈ સવાલ પૂછ્યો–"જગતમાં સૌથી મોટી ખાણુ કયી ?"

કોઇ નવાબજાદાએ ગોવલકોંડાની, કોઇ સોદાગરજાદાએ વાઇની, કોઇએ કયી તો કોઇએ કયી ખાણુ બતાવી. કોઇનો પણ જવાબ ખરો ન હતો એમ ઠર્યું. એટલામાં ઉમેદવારોના પાછલા ભાગમાંથી સ્પષ્ટ ઉચ્ચારે જવાબ મલ્યો, **"ઓળખાણુ એ સૌથી મોટી ખાણુ છે."**

શોધ કરતાં આ જવાબ આપનાર પેલો બોડાં માથાંનો છોકરો માલમ પડ્યો.

બીરબલે જોયું કે, આ તો નોકરી જવાની અને સલીમનાં હાથમાંથી ગાદી છટકી જવાનો પ્રસંગ આવ્યો છે, એટલે તેણે ઉભા

થઇ તે છોકરાને બીજો સવાલ પૂછ્યો,–"છોકરા, આ નાશવંત જગતમાં સૌથી મોટો ભરમ શું છે તે તું જાણે છે?"જરા પણ ઢીલ કીધા વગર તે છોકરાએ જવાબ આપ્યો, હા જનાબ–ધર્મ–સૌથી મોટો ભરમ છે.

બીરબલ તો આ જવાબ સાંભળી દંગ થઇ જઇ બેસી ગયો. તેમ જોઈ કવિ ગંગે કમ્મર કશી અને ખોંખારો કરી સવાલ કીધો કે, "છોકરા, સૌથી મીઠી ચીજ કયી?" છોકરાએ જવાબ દીધો, મીઠામાં મીઠી ચીજ "ગરજ".

ખાજાજંગે પૂછ્યું, "પવન કરતાં પણ વધારે ગતિવાન કોણ? પેલા ગરીબ છોકરાએ જવાબ દીધો, "મન."

ફૈઝીયે ઉભા થઇ પૂછ્યું, "રાજ્યની અમૂલ્ય વસ્તુ કયી?" છોકરાએ બેફીકર જવાબ દીધો,–જનાબ "રાજનીતિ." આ જવાબ આપીને વળી તે છોકરો ઉપરથી બોલ્યો, "આવા સેહેલા સવાલની મેં કદી પણ આશા રાખી ન હતી."

આવા ગૂઢ સવાલો પણ છોકરાને મનથી સેહેલા લાગતા જોઇ બધા આશ્ચર્ય પામ્યા. આખરે પંડિત જગન્નાથે ફરીવાર ઉભા થઇ પૂછ્યું "ખરો સાક્ષી કોણ?" છોકરાએ જવાબ દીધો, "પોતાનું મન."

વળી બીરબલે ઉભા થઇ પૂછ્યું, "આ દુનિયાની હૈયાતી કયાં સુધી?"–છોકરાએ જવાબ આપ્યો, "મોત સુધી."

બાદશાહને પણ આ છોકરાની અક્કલ જોઇ આનંદાશ્ચર્ય લાગ્યું અને તેણે પૂછ્યું, "મોત સાથે આ દુનિયાને શો સંબંધ? છોકરાએ કહ્યું, "ખાવિંદ, જ્યાં સુધી જીંદગી છે ત્યાં સુધી બધું છે; મોત પછી કાંઈ નથી, આપ મુએ પીછે ડુબ ગઈ દુનિયા."

બાદશાહ પોકારી ઉઠયો, "બીરબલ, આ છોકરો કોઇ ખરો જ અક્કલવાન છે."

ગંગને વળી વધારે પૂછવાનું મન થઇ આવ્યું. તેણે પૂછ્યું, મૂર્ખ કેમ જણાય? છોકરાએ જવાબ આપ્યો, "બોલવા ઉપરથી"

મીઆં તાનસેને વળી સવાલ કહાડ્યો. તેણે પૂછ્યું, "રાગ અને ફાગમાં શું ફરક?" છોકરાએ ઉત્તર આપ્યો, "નાગ અને કાગ જેટલો."

બધી દરબાર, છોકરાની ચતુરાઈ જોઈ ખુશાલીના પોકાર કરવા લાગી, અને તે જ વખતે બધાને લાગ્યું કે, સલીમની પડતી થઈ. પણ હજુ ફૈજીએ એક વધુ સવાલ પૂછ્યો,–"બાદશાહના ગુસ્સાનું રૂપ શું છે?–"છોકરાએ જવાબ આપ્યો,–"**લાગેલી આગ.**"

અબુલફજલે પૂછ્યું, "કયા ઝાડનાં ફળ મીઠાં?"–છોકરાએ જવાબ આપ્યો–"**ધીરજનાં.**"

બીજુ બાવરાએ પૂછ્યું –"છોકરા, દરિયાની રેતીના દાણા કેટલા છે?" હજુ તો સવાલ પૂરો થાય તેટલામાં જ છોકરાએ જવાબ આપ્યો, "દુનિયામાં જેટલા માણસ હૈયાત છે તેમના શરીરના રૂવાં જેટલા."

ખાનખાનાને પૂછ્યું, "બળને મદદ કરનાર કોણ?" છોકરાએ જવાબ દીધો, "**હીંમત.**"

ટોડરમલ ઉભા થયા. તેઓએ એક સવાલ પૂછ્યો, "સૌથી નીચ હાલત કયી?" છોકરાએ ઉત્તર દીધો, "**ગુલામગીરી.**"

ટોડરમલ તો તરત બેસી ગયો. એ જોઈ રાજા માનસિંહજી ઉભા થયા. તેમણે પૂછ્યું, "નીચમાં નીચ ધંધો કયો?" છોકરાએ કહ્યું–"**ભિક્ષાનો.**"

ટોડરમલને વળી એક સવાલ યાદ આવતાં તેણે પૂછ્યું, "એવી કયી વસ્તુ છે કે એક વખત ગઈ તે પાછી ન આવે?" છોકરાએ હસ્તાં હસ્તાં જવાબ આપ્યો, "**વખત.**"

આ કંગાળ છોકરો આટલો ચંચળ નીકળશે એવી કોઈએ આશા રાખી ન હતી.

આખરે બાદશાહે તેના ઉપર પ્રસન્ન થઈને કહ્યું, "છોકરા તારે મન ચાહે તે માંગી લે."

છોકરાએ જવાબ દીધો, "જનાબ, હું સ્વતંત્ર નથી કે મારો વખત બીજાની માફક ગમે તેમ ગુજારી શકું, પણ જો મારા એક સવાલનો જવાબ મળે તો હું આનંદ પામી અહીંથી ચાલ્યો જાઉં.

બાદશાહે કહ્યું, "ભાગ્યવાન શાહજાદા." તારે ગમે તે પૂછ.

પેલો છોકરો બોલ્યો, "ખુદાવિંદ, હું શાહજાદો કે સોદાગરજાદો થાઉં તો મારી અક્કલ ઓછી થશે, પણ મારો સવાલ ઘણો સેહેલો

છે. આ ભરતખંડના બાદશાહની દરબારમાં કોઇ એવો ઇશ્વરનો લાલ છે કે આ શેરડીના કટકાની સુંદર રાગ નીકળે એવી વાંસલી બનાવે? જો આ શેરડીની વાંસલી બને તો, હું એક ગરીબ અને અજાણ્યો છોકરો મોટો શેહેનશાહ બનું. મારી તો ખાત્રી છે કે, અહીં કોઇ પણ ઇશ્વરનો લાલ કે અલ્લાનો ઓલીઓ એટલી શક્તિ ધરાવતો હસ્તીમાં નથી, તો ફોકટમાં મારે અત્રે શા માટે રહેવું જોઇયે?" આટલું બોલી, શેરડીનો કકડો ત્યાં જ પડતો મૂકી દરબારમાંથી તે ગુમ થઇ ગયો. તે ગયો તે એવો ગયો કે કશો પત્તો જ મળે નહી. બાદશાહે તેને ઘણો શોધાવ્યો, પણ તે બાપડો ગયો તે એવો ગયો કે, જાણે જમીનમાં ગરક જ થઇ ગયો હોય!

આથી શાહજાદા સલીમની ચઢતી થઈ, અને તેને રદ કરવાની યુક્તિ ફોકટ ગઇ.

—※—

## કુદરતકૃત અને મનુષ્યકૃત ઉત્પત્તિ વચ્ચે સરસાઈ.

એક દિવસે દરબારી કામ ખલાસ થયા પછી દરબારીઓ ગામગપાટા લગાવવા મશગુલ થઈ ગયા હતા. તરેહવાર ટોલટપ્પાઓ અને ગપ્પાંસપ્પાં ચાલતાં હતાં, તેટલામાં એક દરબારીએ પૃથ્વી ઉપરની કુદરતની પેદાયશ વિષે વાત છેડી. તે ઉપરથી કોઇએ ફૂલની સુંદરતા, કોઇએ ફળની મીઠાશ, કોઇએ કાંઈ અને કોઇએ કાંઈ, એમ જુદા જુદા મતો આપ્યા. આ બધી ખટરાગ ચાલતી હતી, તે પેલી તરફ બીરબલ ચુપચુપ બેસી સાંભળ્યા કરતો હતો. તે તો જાણે કશામાં હોય જ નહીં, અને કશું જાણતો જ ન હોય તેમ વાતોના તડાકા સાંભળ્યા કરતો હતો. બધાઓના વિચારો જાણી લઇ, બધા ચુપ થયા એટલે તેવણ ઉઠ્યા, અને બાદશાહને સંબોધીને બોલ્યા, "ખુદાવિંદ, આ બધી ઝુંબેશ આપે સાંભળી છે, પણ આપ તો કાંઈ બોલતા જ નથી, માટે આપનો શો વિચાર છે? તે તો દર્શાવો." બાદશાહે તો જાણે પોતાનો અભિપ્રાય નક્કી જ કરી રાખેલો હોય તેમ જવાબ આપ્યો, "બીરબલ એમાં નવાઇની વાત શી છે? કુદરત આગળ માણસ શી વિશાતમાં છે! કુદરતી ચીજો સૌથી ઉત્તમ અને કીમતી જ છે, અને તેથી હું

પણુ એ સર્વ જોડે એકમત છું; પણુ તારો શો વિચાર? તે તું બોલતો જ નથી તો તે અમને જણાવ."

બીરબલે જવાબ આપ્યો, "જનાબ, કુદરતી ફળફૂલ કરતાં કૃત્રિમ ફળફલાદિ વધારે ઉત્તમ છે, અને સાથે કીમતી પણુ છે." બાદશાહ બોલ્યો, "કેમ બીરબલ, આજે તારી શુદ્ધિ–ભાન કાંઈ ઠેકાણુાસર છે કે નહી? કુદરતની રચનાની આગળ માનવીની શી તાકાત છે કે તે કુદરત સાથે સરસાઈ કરી શકે? એટલું પણુ સમજવાની તારી શક્તિ ગુમ થઈ છે કે શું?" બીરબલે હઠ લીધી, "ખુદાવિંદ, માનવીની કારીગરી જ ઉત્તમ અને કીમતી છે." બાદશાહે ગુસ્સે થઈને કહ્યું, "બેઅકલી બીરબલીઆ, જો તારો એવો જ મત હોય તો તે પુરવાર કરી બતાવ." બીરબલે જોયું કે બાદશાહજીને મારા બોલવાની ઝાંઝ ચઢી ખરી, છતાં તે બોલ્યો, "ખુદાવિંદ, થોડા દિવસ પછી હું મારો આ મત પુરવાર કરી આપીશ." એ બાબતમાં જો સંતોષકારક ખુલાસો ન મળે તો હંમેશના નિયમ પ્રમાણે બીરબલને શિક્ષા કરવાની તાકીદ આપી, તે દિવસે શાહે દરબાર બરખાસ્ત કીધી.

શાહ કે દરબાર કોઈ પણુ બાબતમાં એકમત આપે ત્યાં હંમેશાં બીરબલ જુદો જ મત આપે, પણુ તે એવી રીતે કે તે મત તે પુરાવા સાથે પુરવાર કરી આપે. તેમ આ બાબતમાં તે પોતાનો મત પુરવાર કરવાની તૈયારી કરવા લાગ્યો. બીરબલે ઘેર આવી એક બાહોશ કારીગરને બોલાવી મંગાવી, સૌથી સરસમાં સરસ ફળફલાદિ બનાવવાનો તેને હુકમ કીધો. કારીગર પણુ મંઝો તે ઇનામની લાલચે પોતાની બધી હુશિયારી વાપરી, બીરબલના ફરમાવ્યા પ્રમાણે ફળફલાદિ તૈયાર કર્યાં, અને તેમાં એવી તો કારીગરી તેણે વાપરી કે જોતાંનિવાર મોહોંમાંથી વાહ વાહ બોલી દેવાય. પોતાની ચીજો તૈયાર કરી લઈ તે કારીગર બીરબલ આગળ હાજર થયો. બીરબલ પણુ તે કારીગરી જોઈ ખુશ થયો, અને તે કારીગરને તે ચીજો લઈ દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો. તે બનાવટી ચીજોના એક હજાર રૂપીઆ બાદશાહ પાસે માંગવા તેને કહી મૂક્યું. તેના ગયા પછી બીરબલે એક બાગબાનને બોલાવી મંગાવી હુકમ કર્યો કે, તારે આજે સૌથી

સરસમાં સરસ ફળફૂલાદિ લઈ દરબારમાં આવવું, અને બાદશાહને તે ભેટ કરવાં. પેલો માલી તેમ કરવા કબુલ થઈ ત્યાંથી ગયો.

દરબારનો વખત થતાં જ બીરબલ દરબારમાં પધાર્યો. પ્રથમ પેલા કારીગરને દરબારમાં દાખલ કરવા અને કારીગર પાછો બાહાર જાય એટલામાં પેલા માલીને દરબારમાં દાખલ કરવાની સૂચના ચોકીદારોને આપી. થોડી વારમાં જ પેલો કારીગર પોતાની બનાવેલી ચીજો લઈ દરબારમાં હાજર થયો, અને તેની બનાવેલી સર્વ ચીજો બાદશાહે જોઈ. બાદશાહે તે જોઇ ખુશ થઇ તેની કીમત પૂછી. પેલો કારીગર, બીરબલના શીખવ્યા પ્રમાણે બોલ્યો, "ખુદાવિંદ, આ ચીજો બનાવવામાં જેમ આ સેવકે બહુજ કારીગરી તેમ મહેનત પણ કરી છે, અને તેથી એના હું કમમાં કમ એક હજાર રૂપીઆ લઇશ."

કારીગરની આ માંગણી સાંભળી દરબારીઓ જોડે મસલત કરી, હજાર રૂપીઆ કીમત વાજબી ધારી, અને તેટલા રૂપીઆ આપવા ખજાનચીને બાદશાહે હુકમ આપ્યો. ખજાનચીએ હજાર રૂપીઆ ખણખણાટ કરતા ગણી આપ્યા કે, પેલો કારીગર તે લઈ બહાર પડ્યો. થોડી વાર થઈ એટલે પેલો માલી અંદર દાખલ થયો. તે પોતાની સાથે ઉત્તમ ફળફુલો લાવ્યો હતો. તે બાદશાહ આગળ મૂકી, હાથ જોડી ઉભો રહ્યો. બાદશાહે તે જોઈ તેની કીમત પૂછી. બીરબલના ભણાવી રાખ્યા પ્રમાણે, માલીએ હાથ જોડી કહ્યું, "જનાબ, આ ફળફુલાદિ આપના પાસે હું વેચવા લાવ્યો નથી, હું તો એ આપને ભેટ કરવા લાવ્યો છું, માટે આપ એ રાખી લ્યો, અને જોઇયે તો કાંઈ ઈનામ આપો." બાદશાહે પોતાના દરબારીઓ જોડે મસલત કરી કે, "આ ફળફૂલાદિની કીમત દશ રૂપીઆથી વધારે થવાની નથી, માટે એને પંદર રૂપીઆ ઈનામ મળી પચીશ રૂપીઆ આપીએ તો કેમ?" દરબારીઓએ તે કબુલ કીધું, એટલે બાદશાહજીએ તે માલીને પચીશ રૂપીઆ આપવા ખજાનચીને હુકમ આપ્યો. તે લઇને માલી બાદશાહ તથા દરબારને નમીને ચાલતો થયો.

બીરબલ આટલો વખત ગુપચુપ બેઠો હતો. તે માલીના ગયા પછી ખોંખાર મારતો ઉભો થયો. બધા અજાયબીથી તેના તરફ જોવા

લાગ્યા કે, આ બીરબલીઓ વળી કાંઈ કોફરાણુ મચાવવા તૈયાર થયો ખરો. ઉભો થઇ હાથ જોડી બીરબલ બોલ્યો, "કેમ ખુદાવિંદ, તે દિવસે આપ કહેતા હતા કે કુદરતી ચીજો વધારે ઉત્તમ અને કીમતી છે, અને મેં તેથી ઉલટું જ કહ્યું કે, કારીગરીથી બનાવેલી ચીજો વધારે કીમતી છે, અને તે તમે મને પુરવાર કરી આપવા ફરમાવ્યું હતું. તો તેની પુરવારી આજે આપને મળી ચુકી છે. આ કુદરતી ચીજો આટલી બધી છે, તેની આપે માત્ર પચીશ રુપીઆ કીમત આંકી, અને આ હાથે બનાવેલી કારીગરીની ચીજો આટલી થોડી છે તેના તમે એક હજાર રૂપીઆ કીમત આંકી! હવે કહો કે કઈ ચીજો વધારે કીમતી છે? કુદરતી કે મનુષ્યકૃત કારીગરીની?

બાદશાહે જોયું કે બીરબલે તે વેળા હઠ લીધેલી તે સાબીત તો કરી બતાવી, એટલે તેણે તેમ જ, આખી દરબારે સુદ્ધાં કબુલ કીધું કે કુદરતી કરતાં કારીગરીની ચીજો વધારે કીમતી છે. બીરબલની આ પ્રમાણે ફત્તેહ થવાથી તેને ઇનામ આપી તેની આ યુક્તિ બાબે શાબાસી આપી.

## વિનોદી વાર્તાઓ.

### "ગર્જહી બીબી ગુલામકુ જાવે."

એક વખતે દરબારનું કામ ખલાસ થયા પછી બધા ફરાગત થઈ બગાંસા ખાતા બેઠા હતા. એટલાં શાહની ફરમાસને અનુસરીને વાણી વિનોદની શરૂઆત કરવામાં આવી. પેહેલ કવિ ગંગે કરી. તેણે કેટલાંક અચ્છાં કવિતો લલકારી સભાનું મનરંજન કીધા બાદ એક દરબારીએ કહ્યું કે, "હજુર, ગરજ બડી બાતહે, ગરજ બીન કોઇ કીસીકે સામને નહી દેખતા; ગરજહી બીબી ગુલામકુ જાવે, યહભી ઉસ્સે કહ્યા જાતા હે." આ સાંભળતાં જ શાહે કહ્યું કે, 'ગરજ હી બીબી ગુલામકુ જાવે' એ પાદપૂર્તિ ઉપર કોઇ કવિ પોતાનો પાયો રચીને બોલે તેમ છે?"

આ સાંભળતાં જ કાંઈ પણ વિચાર કર્યાં વગર જ કવિરાજ ગંગ ખોંખારો કરી ઉભા થયા, અને બોલ્યા, "હજુર, તેમાં તે શું

બડી બાત છે?" બારોટને મન તો એવી કવિતા એક બચ્ચાંની રમત જેવી છે. જુઓ, સાંભળો:-

ગર્જહી અર્જુન હીજ ભયો,
અલી ગર્જ હી ભીમ રસોઇ બનાવે;
ગર્જહી દ્રોપદી દાસી ભઇ,
અલી ગર્જહી ગોવિંદ ધેન ચરાવે,
ગર્જ બડી ત્રૈઇ લોકનમેં,
અલી ગર્જ બિના કોઇ આવે ન જાવે;
કવિ ગંગ કહે સુનો શાહ અકબર,
ગર્જહી બીબી ગુલામકુ જાવે.

હજુર! સારી દુનિયા ગરજકી હે.

શાહે તેની આવી શક્તિ જોઇ આફ્રિન પોકારી અને બોલ્યો, "ધન્ય છે કવિ ગંગ, ભલી બજાવી તેં તો? તારા જેવો ભાટ આ જગતમાં હાલ તો મળવો મુશ્કેલ જ છે. પૃથુરાજનો જેવો ચંદ બારોટ હતો તેવો જ મારી દરબારમાં તું એક રત્ન છે."

ગંગે કહ્યું, "સરકાર! એમાં કાંઇ વધારે કર્યું નથી. બારોટ કાંઇ શીખીને થવાતું નથી. એ તો માના પેટમાંથી જન્મ લેતાં જ બારોટ જન્મે છે."

ગંગનાં આ વચનથી શાહ વિસ્મય પામ્યો. એક દરબારીએ જરા વધારે શૂર ચઢાવવા કહ્યું કે, નામવર મારા ધ્યાનમાં તો આ વાત ઉતરતી નથી, આ તો બારોટોએ પોતાની દંતકથા ચલાવી હોય તેવું કથન લાગે છે.

ગંગે લગાર આંખો ચઢાવીને કહ્યું કે, "શું આ દંતકથા જેવી વાત છે? નહી, નહી, એ વાત ખરી જ છે? વખત આવ્યે હું વાત પ્રત્યક્ષ પુરવાર કરી આપીશ."

## બધાંનું ઓસડ છે, પણ એક સ્વભાવનું ઓસડ નથી!

એક દિવસે શાહ અને બીરબલ ઘોડેસ્વાર થઇ જમુના કીનારે ફરતા હતા. તે વેળા ત્યાં કેટલાંક ગધેડાં ચરતાં જોવામાં આવ્યાં. તેમનો ધણી જે જાતે કુંભાર હતો તે ત્યાંથી થોડેક છેટે ઝાડ નીચે

પડીને ઘસઘસાટ ઉંઘતો હતો. કુતરાની પુંછડી ઝાડે બાંધવા છતાં સીધી ન રહેતાં વાંકી ને વાંકી રહે છે, તેમ જ આ ગધેડાં પણ છે. તેમને ગમે એટલાં પાણીમાં નવરાવી સાફ કરે તો પણ તે ધૂળમાં લોટ્યા વગર રહેતાં નથી. કુંભારે પોતાનાં આ તમામ ગધેડાંઓને થોડી વાર પહેલાં જ નવરાવ્યાં હતાં, છતાં તેમના શરીરે ધૂળના લેપડા બાઝી ગયા હતા. તે જોઇ શાહે કહ્યું, બીરબલ આ ગધેડાંઓના જેવું ખરાબ પ્રાણી એકે ન હોય, એના માલીકે થોડી વાર પહેલાં જ એમને નવરાવી સાફ કર્યાં હશે, પણ આટલી વારમાં તો પાછાં શરીરે ધૂળ ચોપડી ઉભાં છે.

બીરબલે કહ્યું, સરકાર, એવો એમનો મૂળ સ્વભાવ છે. બધાનું ઓસડ છે, પણ એક સ્વભાવનું ઓસડ નથી. એક કવિએ કહ્યું છે તે સાંભળોઃ–

પાવકકું જળબિંદુ નિવારન, સૂર્ય તાપકું છત્ર કિયો હે,
વ્યાધિકું બૈદ, તુરગકું ચાબુક, ચોપગકું વૃક્ષદંડ દિયો હે.
હસ્તી મહાવદકે શીર અંકુશ, ભૂત પિશાચકુ મંત્ર કીયો હે.
ઓસડ હે સબકુ સુખદાયક, સ્વભાવકુ ઓસડ નાહી કીયો હે.

તેથી ખુદાવિંદ, બધાનું ઓસડ છે, માત્ર સ્વભાવનું ઓસડ નથી. શાહ, બીરબલની આ સમયસૂચક વાણી સાંભળી આનંદ પામ્યો.

## કેટલાક ભેદી સવાલો અને તેના સચોટ ઉત્તરો.

એક વખતે દરબાર ભરાઈ હતી. ખુબ ગાનતાન ચાલી રહ્યું હતું. દરબારીઓ ખુશીમાં આવી જઈ વાહ, વાહના પોકારો પાડી રહ્યા હતા; તેટલામાં એક પરદેશી પંડિત જે કેટલાક દિવસ થયાં દિલ્હીમાં આવી રહ્યો હતો તે રજા મેળવીને દરબારમાં દાખલ થયો. કેટલીક વાર સુધી દરબારની ગમ્મતો જોયા પછી તેણે મોઢું ઉઘાડ્યું; અને શાહ તરફ ફરી બોલ્યો, "સરકાર, કેટલાક સવાલો મારે આપના દરબારીઓને પૂછવા છે, જો રજા આપો તો પૂછું."

બાદશાહે તેને કહ્યું, "ખુશીથી પૂછો."

પંડિતે સવાલ પૂછયો–જુવાનીમાં માણસે શું કરવું?

કેટલાક દરબારીઓએ વિચાર કીધો કે, આપણે જવાબ આપવા જઇશું અને ખોટા પડશું તો આબરૂ જશે, માટે ચુપ બેસી રહેવામાં જ શોભા છે, એના બધા જવાબ કાંતો જગન્નાથ પંડિત કે કાંતો બીરબલ આપી શકશે. તેમના વગર બધા સવાલોના જવાબો મળનાર નથી. જ્યારે કોઈ બોલતું નથી અને જગન્નાથ પંડિત ત્યાં હાજર નથી જાણી બીરબલે જવાબ આપવાની પોતાની ફરજ વિચારી. તેણે તુરત જવાબ આપ્યો કેઃ–

બીરબલ–વૃદ્ધાવસ્થામાં સુખી રહેવાનો ઉપાય.

પંડિત–એવું શું છે જે પાછળથી આવે છે અને પહેલાંથી જાય છે?

બીરબલ–દાંત; માણસનો જન્મ થયા પછી આવે છે, અને મરણ પામ્યા પહેલાં જતા રહે છે.

પંડિત–એવી કઈ બે વસ્તુઓ છે કે જે એકબીજાની પાસે છે, છતાં તે મળી શકતી નથી?

બીરબલ–આંખો, બન્ને એકબીજાની પાસે છે, છતાં વચ્ચોવચ્ચ નાકનો દાંડો આડો હોવાથી તેમનો મેળાપ થવા પામતો નથી.

પંડિત–નાશ ન થાય તેવી કઇ વસ્તુ છે?

બીરબલ–અચળ કીર્તિ.

પંડિત–સુખી રહેવાનો રસ્તો કયો?

બીરબલ–સંતોષી રહેવું તે સદા સુખી, અને અસંતોષી સદા દુઃખી.

પંડિત–કઈ ચીજ કીમતી અને વખાણવા લાયક છે?

બીરબલ–કારીગરી.

પંડિત–મૂર્ખ કોણને કહેવો?

બીરબલ–જે પોતાનો સ્વાર્થ સમજતો નથી તેને.

પંડિત–એવું શું છે કે જે પાડોશીઓને પોતાના કરી મુકે છે?

બીરબલ–સુઘડતા.

પંડિત–કામ સંતોષકારક કયારે થાય?

બીરબલ–જ્યારે પોતાને હાથે કર્યું હોય ત્યારે.

આવી રીતે પોતાના એકેએક સવાલના જવાબ સંતોષકારક મળવાથી પરદેશી પંડિત બહુ પ્રસન્ન થયો. શાહ પણ તેમ જાણી ખુશી થયો કે મારી દરબારમાં આવું એક અમૂલ્ય રત્ન પડેલું છે, અને તેણે તેને તેમજ પંડિતને પણ સારો શિરપાવ આપ્યો. પંડિતે પણ બીરબલની હાજરજવાબી અને હુશિયારી માટે વખાણ કર્યાં.

## સહુ પોતાના દુ:ખને રડે, પરદુ:ખને રડે ન કોય !

એક સમયે રાતને વખતે શાહ નગરચર્ચા જોવા નીકળ્યો હતો. ફરતો ફરતો તે જમુના કીનારે આવી લાગ્યો. ત્યાં એક જગા ઉપર બેસી ત્રણ સ્ત્રીઓ જારબેજાર રડતી હતી. આ ત્રણે સ્ત્રીઓને રૂદન કરતી જોઈ શાહને લાગી આવ્યું કે, એવી તે શી આફત આ બાપડીઓ ઉપર હશે કે ત્રણે જણીઓ છાતીફાટ રડે છે ! તે તેમની આગળ ગયો અને તેમને નમ્રતાથી પૂછ્યું કે, તમે શા માટે રડો છો ? આ રાજ્યમાં તમારા ઉપર એવી તે શી આફત છે કે તમો આ પ્રમાણે વિલાપ કરો છો ? આવી વખતે અહીં આવી, આમ કોણ બોલે, તેથી તે બોલવું સાંભળીને તે સ્ત્રીઓએ તરત જ પોતાની આંખ ઉઘાડી જોયું તો કોઈ દેવાંશી નરને પોતાની સામે ઉભેલો દીઠો. આવા એક નરને પોતાની હજુર આવી ઉભેલો જોઈ બે હાથ જોડી શીશ નમાવી, પેહેલી સ્ત્રી બોલી કે, મારો સ્વામી આ જમુના નદીની પેલીપાર ખેતીનું કામ કરે છે, તેથી તે દરરોજ પેલીપાર તરીને જાય છે અને આવે છે, પણ તરનારો પાણીમાં ડુબી મરે તેમ કોઇક દિવસે પાણીમાં જ ડુબી મરશે તેથી હું રડું છું. બીજી સ્ત્રીને પૂછતાં તે બોલી, મારો પતિ રોજ ચોરી કરવા જાય છે, જેથી તે કોઇક વખતે કરોળીઆની પેઠે પોતાની જાળમાં ફસાઇ મરશે તેથી હું રડું છું. ત્રીજીને પૂછતાં તેણીએ કહ્યું કે, ન્હાના પતિને લીધે વ્યર્થ જતાં યૌવનને માટે રડું છું. આ પ્રમાણે ત્રણેનું રડવાનું કારણ સાંભળી શાહ પોતાના મેહેલમાં ગયો. એટલામાં ગંગ કવિ આવ્યો તેને જોઇને બાદશાહે તેને પૂછ્યું કે, સ્ત્રીઓ શા માટે રોતી હતી ? આ સવાલ સાંભળી ગંગે કહ્યું કે—

નદીપાર ખેતી કરે, અરૂ પરઘર ચોરી જાય,
બાલે કંથકી કામીની (યહ) તીનુ બુરી બલાય.

માટે તે ત્રણે રોતી હતી. આ ઉત્તર સાંભળી શાહે ખુશ થઈ ગંગને ઇનામ આપી રાજી કર્યો.

## ઓરમાન ભાઇઓનો ઝગડો–તે કેમ પતાવ્યો ?

ઓરમાનભાઇઓ વચ્ચેનો એક મોટો ઝગડો એકવાર દિલ્હી શેહેરમાં જાગ્યો અને અંતે તે દરબાર હજુરમાં શાહ આવ્યો, અને શાહે તે કેવી તદબીરથી ચુકવ્યો તે જાણવા જોગ છે. દિલ્હી શેહેરમાં લક્ષ્મીચંદ નામનો એક સદ્‌ગૃહસ્થ રહેતો હતો. તેની સ્ત્રી પણ સદ્‌ગુણસંપન્ન હતી. તે સ્ત્રી બાપડી કાંઇક વ્યાધિગ્રસ્ત થઇ મરણ પામી. તે ઉપરથી લક્ષ્મીચંદે પુનર્લગ્ન કીધું, અને તે નવી સ્ત્રીને પેટે તેને એક સુંદર પુત્ર પ્રાપ્ત થયો. લક્ષ્મીચંદની મરણ પામેલી સ્ત્રીના પેટના પણ બે પુત્રો હતા, જેઓ ઉમરે પુગેલા હોવાથી ધંધારોજગારમાં પડી આનંદમાં વિહાર કરતા હતા. લક્ષ્મીચંદનો નવો પુત્ર પાંચ વર્ષનો થયો, ત્યારે ક્રમભાગ્યે તેનો પિતા લક્ષ્મીચંદ મરણ પામ્યો. આ સમય ઘણો કટોકટીનો થઈ પડ્યો. લક્ષ્મીચંદની નવી સ્ત્રી તથા તેના પુત્રને ગુજરાન માટે પેલા મોટા છોકરાઓ હજુર ઓશિયાળા થવું પડ્યું. ઓરમાન છોકરાઓના મનમાં તો રાતદિવસ નવીન સ્ત્રીના પુત્ર માટેની ખટક રહ્યા કરતી હતી. તેઓ વિચારતા કે “આ કયાં નકામું સોકયનું સાલ થઈ પડ્યું ? પિતા મરતાં મરતાં ખાડામાં નાંખી ગયા છે, પણ હજુ કાંઇ બાજી હાથથી ગઇ નથી; એ વચ્ચે નડતાં કાસલને કાઢી નાખીશું. આ પ્રમાણેનો વિચાર તેઓ ચલાવતા જતા, અને બીજી તરફથી પોતાની ઓરમાન મા તથા ભાઇને ખાધાપીધા વગેરે સંબંધી દુઃખ પાડવા લાગ્યા. આ દુઃખ સહન ન થઇ શકવાથી તે બાઇએ પોતાની આગલી સોકયના છોકરાઓને કહ્યું કે, “વારંવાર તમને ખર્ચ માટે તકલીફ આપવી એ મને ઠીક લાગતું નથી, માટે મારો ત્રીજો ભાગ મને આપો, એટલે આપણા વચ્ચેની વારંવારની તકરારનો અંત આવી જાય.” આ સાંભળી તે

બંને છોકરાઓએ ખૂબ તકાજો કરી તે બાઇને કહી દીધું કે, અમારા હાથમાંની મિલકતમાંથી તમને એક દમડીનો પણ ભાગ મળશે નહી, અમારા પિતાનાં વીર્યથી પેદા થયલો તમારો છોકરો નથી, તો પછી ભાગ શા માટે આપીયે? બાપની બાયડી માનીને તમને જે ખાધ-ખોરાકી આપીએ તે લઇને ચૂપચાપ ચલાવ્યા કરો; છતાં પણ એમ ન માનતાં પારકાંઓની ઉશ્કેરણીથી કાંઇ પણ ગરબડ સરબડ કરશો તો નાહક આબરુથી ફજેત થશો, અને કશો લાભ થનાર નથી તે સત્ય જાણજો. આ ચોખ્ખે ચોખ્ખો જવાબ સાંભળી, બાઇને તો ભારે રીસ ચઢી, અને ન્યાય વગર છૂટકો થનાર નથી, એમ ધારી તેણીએ શાહની દરબારમાં ફરીઆદ નોંધાવી. આગળના સમયથી ચાલતું આવેલું અંધેર અકબરના રાજ્યમાંથી સદાવકું ગયું ન હતું; સામી પક્ષવાળાઓએ ધનની લાલચથી ન્યાય કરનાર અમલદારને સમજાવી દાવો રદ કરાવ્યો. કહ્યું છે કે "પૈસો શું કરી નથી શકતો? જરકી મોહબત જરકે તાબે, જરજગતમેં ખાર હૈ; જીસ જગોપે દેખો યારો, જરસે બેડા પાર હૈ." "જર જોઈ મુનીવર ચળે, તરુણી પસારે હાથ, કુંથા વોહ ધન લાવજો, કો જીણુરો નામ ગર્થ." નાણાંની તાણથી બાઇનો આખો દાવો રદ થયો; અને ધનવાળાઓનો ખોટો દાવો ખરો થયો. જ્યારે આ પ્રમાણે બાઇ નિરાશ થઇ, કાંઇ પણ દાદ ન લાગી ત્યારે, ખુદ અકબર હજુરને સઘળી બાબત રજુ કરી. બાઇની હકીકત સાંભળી અકબરને કંઇક ભ્રમ લાગ્યો, અને તેણે તરત ન્યાયાધીશને બોલાવી પૂછ્યું કે આ બાઇનો ફેંસલો કેવી રીતે આપ્યો છે? ન્યાયાધીશે બંને બાજુના પુરાવા રજુ કરી કેસનું સ્વરૂપ અને તેનું નિરાકરણ કરી બતાવ્યું. શાહ પણ વિચારમાં પડ્યો કે આ બાબતમાં અંદરખાનેથી શી હકીકત હશે? એટલે બાઇને એકાંતમાં લઇ જઇ પૂછ્યું કે, "જ્યારે તમારો સ્વામી તમને પરણી લાવ્યો ત્યારે તેને વૃદ્ધાવસ્થા હતી તો પુત્ર પ્રાપ્ત કરવા જેટલી શક્તિ શી રીતે આવી? શું કાંઇ શક્તિનું ઓષડ ખાધું હતું? તે તમે જાણતાં હો તો કહો." શાહનાં આ વચન સાંભળી, બાઇ બોલી; "ખુદાવિંદ, આપ તો પિતા તુલ્ય છો, એટલે તમારા હજુર સાચી બીના જણાવવામાં કશી

અડચણ જોતી નથી; વળી આવા કટોકટીના વખતમાં શરમ રાખે કામ થાય એમ નથી, માટે સાચેસાચું કહું છું કે, મારા સ્વામીનાથ મારા જોડે પરણ્યા ત્યારે તેમને જરા પણ ઘડપણ ન હતું. ઘડપણની વ્યાધીઓને મટાડનાર રસાયણરૂપ આમ્રપાક એક પ્રવીણ વૈદના હાથથી બનાવી તેનું વિધિયુક્ત સેવન કરવાથી મને ગર્ભ રહ્યો હતો.

બાઇના બોલવા ઉપર તર્કશક્તિ દોડાવી શાહ મન સાથે વિચાર કરવા લાગ્યો કે, જો આમ્રપાકના પ્રતાપથી આ બાઇને ગર્ભ રહ્યો હશે, તો ખચીત તેના ધણીના વીર્યમાં તેની કાંઇપણ અસર રહેવી જ જોઇએ; અને તેના વીર્યથી જ આ છોકરો પાકેલો હશે તો તેના પરસેવામાં પણ તેની વાસ હોવી જ જોઇયે. આવો વિચાર કરી, એક ચાકરને બોલાવી હુકમ કીધો કે, એ છોકરાને સ્વચ્છ જળવડે નવરાવી, સરસમાં સરસ ગરમ કપડાં પેહરાવી પરસેવો વળે તેવી રીતે ખૂબ દોડાવી, એકદમ મારી આગળ લાવો. શાહનો આ હુકમ થતાં જ તરત દરબારી નોકરે તે જ પ્રમાણે કામ બજાવી પરસેવાથી તરબોળ થયલા પેલા છોકરાને લાવી શાહ હજુર ખડો કીધો. તે જોઇ શાહે ખુદ પોતાના હાથે નવા રુમાલ વડે તેનો પરસેવો લુછી નાખીને, તે રુમાલ કચેરીમાં બીરાજમાન થયલા અમલદારોના હાથમાં આપી પૂછ્યું કે, આ રુમાલમાં શાની ગંધ—સુગંધ આવે છે તે બરાબર તપાસીને કહો. દરેક દરબારીએ તે રુમાલ તપાસીને કહ્યું કે, "ખુદાવિંદ, આ રુમાલમાં તમામ કેરીની સુગંધ આવે છે." દરબારીઓની આ વાત સાંભળતાં શાહની ખાત્રી થઇ કે, ખરેખર કેરીના પાકના પ્રતાપથી તેના પતિસંગથી જ આ છોકરો જન્મેલો છે એમાં જરા પણ અસત્ય નથી; માટે બાઈ સાચી છે અને પ્રતિવાદીઓએ નાહક બિચારી બાઇને દોશીત ઠરાવી તેનો હિસ્સો હોઇયાં કરી જવા માટે આટલી બધી ખટપટ ઉઠાવી છે એમાં જરા પણ શક નથી. આમ નક્કી કરી બાઇની માંગણી પ્રમાણે ત્રીજો હિસ્સો તેજ વખતે આપવાનો પેલા ઓરમાન ભાઇઓને હુકમ કરી, આ ગુચવણ ભરેલા સવાલનું કોકડું ઉકેલી દીધું.

## વખત વિચારીવાત કરવી–ડાહપણથી વેરી પણ વશ થાય છે!

એક વેળા એક ઉમરાવે પોતાના બગીચામાં આંબા ઉપરથી પાડેલી ઉત્તમમાં ઉત્તમ સ્વાદની કેટલીક કેરીઓ એકઠી કરી, તે બાદશાહને માટે ભેટ મોકલી. તે કેરીઓ અમૃત સમાન મીઠી અને લેહજતદાર હતી. શાહે પોતાની હુરમ સાથે બેસી તેનો ધાણ કહાડવા માંડ્યો. બાદશાહ તો ખુશાલ જીવે એક પછી એક કેરી ચુસી તેની છાલ તથા ગોટલાં હુરમની આગળ ફેંકતો જતો હતો. એટલામાં બીરબલ ત્યાં આવી પોહોંચ્યો. તેને જોઇ રમુજની ખાતર શાહ બોલ્યો કે, "અહો વિનોદી બીરબલ, મારી આ ઓરત કેવી ખાધરી છે કે જાણે પોતાનું પેટાખાનું ભરવા જ સરજાયેલી હોય તેમ લાગે છે. જો કે અત્યાર સુધીમાં હું એક જ કેરી ખાઇ રહ્યો તેટલામાં તો તેણે કેટલી બધીનાં ગાબડાં ઉડાવી દીધાં છે, તે જોઇ લે, તેના આગળ પડેલાં છાલ ગોટલાં દેખાડી આપે છે. હુરમ સાહેબ જે આ રમુજ સાંભળતી બેઠી હતી તે એ સાંભળી ખસ્યાણી પડી ગઇ. હુરમને એક વેળા કાંઇ કફોડો પ્રશ્ન બીરબલે કીધેલો તેનો ખોફ તેણીના દીલમાં હજુ ખટકયા કરતો હતો; અને બીરબલ પણ તે જાણતો હતો. તે ઉપરથી તેણીના મનમાં લાગ્યું કે બીરબલ આ વખતે પણ કાંઇ વધુ નીચું લગાડવા જેવું બોલશે ખરો! પણ બીરબલે આ તકે તેણીના મનમાંનો ખોફ નિકળી જાય એવું બોલવાનો ઠરાવ કીધો. એમ વિચારી તે બોલ્યો કે, "ખુદાવિંદ, હુરમે આટલી બધી કેરીઓ ખાધી છે એ વાત તો સાચી હશે; પણ તેમના ખાવિંદની વાત તો કાંઇ ઓર જ પ્રકારની છે, કેમકે હુરમ સાહેબે તો માત્ર કેરીઓનો રસ જ ચૂસી લીધો છે, પણ આપે તો કેરીની છાલ, ગોટલાં કે અંદરની ગોટલી સુદ્ધાં બાકી છોડી નથી, અર્થાત્ કેરીમાંથી કોઇ પણ ભાગ જવા દીધો નથી, એ ખરેખરી ખૂબી છે. એમ બોલી બીરબલે એવો ભાવાર્થ સૂચવ્યો કે, હુરમ સાહેબે જે કેરીઓ ખાધી છે તેની છાલ-ગોટલાં તો બાકી રાખ્યાં છે, પણ તમો સાહેબે તો રસ ચુસીને છાલ-ગોટલાંને પણ જતાં મુકયાં નથી, એટલે તમે હુરમ કરતાં પણ વધારે કેરીઓ ખાધી છે! આ સાંભળી હુરમ સાહેબ પણ ખુશી થયાં અને

બીરબલ પ્રત્યે જે ખટક ધરાવતાં હતાં તે, આ યુક્તિનાં કારણથી દીલમાંથી કાઢી નાખી, સામી તેને યાચવા લાગી. કહ્યું છે કે:–

વખત વિચારી વાત કરીશ તો સહુ સુખ અનુકૂળ,
વણ સમજ્યે વદીશ તો તો સહુ સુખ પ્રતિકૂળ.

## અવગુણ ઉપર ગુણ

એક દિવસ સાંજે શાહ, હજરત નીજામુદ્દિન ઓલીઆની દરગાહમાં બંદગી કરવા માટે ગયો હતો. દરગાહના દરવાજા ઉપર જ એક વેષધારી ફકીર મલ્યો. તેણે શાહને કાંઈ દવા આપી. હાથ મેળવવા હાથ લાંબો કીધો. સાંઇનું અપમાન ન થાય એટલા માટે શાહે પણ હાથ લાંબો કરી ફકીરના હાથ સાથે હાથ મેલવ્યો. બન્ને જણ એકમેકનો હાથ પકડી વાતો કરતા દરગાહમાં આમતેમ ફર્યા. શાહને વાતમાં તલ્લીન થયલો જોઈ ફકીરે ધીમેથી હાથચાલાકી કરી. શાહની આંગળીમાંની અમુલ્ય હીરાની વીંટી પસાર કરવાને પ્રયત્ન ચલાવ્યો. પણ તે પ્રયત્નમાં નિષ્ફળ થવાથી નિરાશ થઈ તે વેષધારી ફકીર ત્યાંથી શાહનો હાથ છોડી છ પાંચ ગણી ગયો. શાહ પણ દર્શન કરી પોતાને મેહેલે ગયો. નોકરોને બોલાવી એક હજાર રૂપીઆની રકમ આપી, તે વેષધારી ફકીરના ચેહરા વગેરેની નીશાની આપી દરગાહમાં જઇ તે ફકીરને શોધી કહાડવાનો હુકમ કીધો. તે મુજબ નોકરોએ દરગાહમાં જઈ ઘણી શોધ કરી પણ તે ફકીરનો કશો પત્તો મળ્યો નહી. તેઓએ મેહેલમાં પાછા ફરી તમામ હકીકત શાહને રજુ કીધી. શાહ તે સાંભળી અફસોસ કરવા પડ્યો કે, બિચારા ગરીબ સાંઇએ મારા હાથમાંની વીંટી કહાડવા પ્રયત્ન આદર્યો; પણ તેમાં તે નિરાશ થઇ ગયો. તેની દુઃખાવસ્થા વિચારી તેનું ગુજરાન થવા યોગ્ય રકમ મોકલાવી તો તેનો પતો પણ લાગ્યો નહી; જો બીજે ઠેકાણે એનો હાથ ભરાયો હોત તો મારી વીંટી કાહાડવા પ્રયત્ન કરતે જ નહી, કેમકે ચોર–બદમાશને શિક્ષા કરનાર હું અત્યારે અહીં હાજર છું; છતાં તે શિક્ષાનો પણ ભય ન રાખતાં, મરવું જ આદરી ખુદ મારી વીંટી કહાડી લેવા હીમ્મત બીડી! શાબાશ છે તેની હીમ્મતને?

પરંતુ મને બહુ લાગી આવે છે કે એની દયામણી દશા મારા જાણુ-વામાં આવ્યા છતાં તે દુઃખી જ રહ્યો; ત્યારે હવે એ શી રીતે સુખી થશે? અર્થાત્ એ હવે કોની યાચના કરશે, કિંવા કોણ તેનું દુઃખ હૈયે ધરશે? ફકીરના અપરાધ ઉપર ક્રોધ નહી બતાવતાં તેની હીમ્મત પર ફીદા થઈ તેની ગરીબાઈ પર નજર કરી કેવી ઉદારવૃત્તિ શાહે બતાવી? ખરે જ ધન્ય છે એવા રાજ્યકર્તાઓને !

◆◆◆◆◆◆◆

## બીરબલ, મારા માટે અદ્ધર લટકતો મેહેલ બંધાવ ! રાજાજી બોલ્યા ને દાહાડી હાલી !

અકબરશાહ બાદશાહ પોતે આટલો બધો ડાહપણનો ભંડાર અને સ્યાણુપતનો કોઠાર હોવા છતાં, કોઇકોઇ વાર મોઢેથી માત્ર જેમ ધ્યાનમાં આવે તેમ વગર વિચારે બીરબલને એવા એવા હુકમો ઠોકી દેતો કે, તે પણ આવો ચતુર અને ડાહ્યો છતાં મોટી ગુંચ-વણમાં પડી જતો. એક વેળા દરબારમાં વાતોના તડાકા ચાલી રહ્યા છે. એક તરફ રંગરાગ ઝામી રહ્યો છે, તેટલામાં જ શાહના મગજમાં એવી જ ધુંન ભરાઈ આવી અને બીરબલને તાકીદ કીધી કે, બીરબલ મારા માટે એક એવો મેહેલ બંધાવ કે, જેના થાંભલાઓ નહી તો જમીન ઉપર રહે, કે નહી તો આકાશમાં અડે, જાણે તે મેહેલ હવામાં અદ્ધર જ લટકતો હોય ! શાહનું આ ચમત્કારિક અને વગર વિચાર્યું બોલવું સાંભળી બીરબલને અજબાશ્ચર્ય ઉપજ્યું, છતાં કરે પણ શું? તેણે વિચાર્યું કે હાલ તો હાજી હા ભણો, પછી એનું સૌ થઈ રહેશે. તેમ સમજી બીરબલ હાવકું મોહોડું કરી બોલ્યો, "ખુદાવિંદ, જેવું હજુરનું ફરમાન" એમ બોલી તુરત વેળા વિવેક બતાવી ચુપકીદી ધારણ કીધી. રંગ ઉપર ચઢેલી તમામ દરબાર પણ શાહનું આ ફરમાન અને તે બજાવવાને બીરબલીઆએ પાડેલી હા, સમજીને વિસ્મય પામી ગઇ. દરબાર તો અંતે બરખાસ્ત થઇ. સૌ દરબારીઓ વિચારમાં તલ્લીન થઈ ઘરેબારે સીધાવ્યા, પણ બીરબલીઓ તો બાપડો તદ્દન બે-બાખલો થઇને ઘરે ગયો. તેના મનમાં તો બાદશાહનો આ અશકય હુકમ ખટક ખટક થયા કરતો હતો. ઘરે આવ્યો તો ખરો, પણ

ઘરમાંએ કશું સુઝસાઝ પડે નહી, અને હવેરો બાહાવરો જેવો હર કરે. ઘરનાં કોઇ માણુસ જોડે પાધરી વાતચીત પણ કરે કે નહી કોઇ નોકરચાકરને સીધો પાધરો ઉત્તર આપે. તેનો પણ આ કઢંગા હુકમથી સફેદ પુણી જેવો થઇ ગયો. આ બધું તેની પુત્રી સમજી ગઇ કે આજ દરબારમાં કાંઇપણ અવનવું હોવું જોઇએ. તેથી તે બાપડી પિતા હજુર આવી વિનયથી તેન લાગી; સુજ્ઞ પિતાજી,આપ આમ કેમ શોકસાગરમાં ડૂબી ગયલા દે છો ? શી આફત આવી છે ? હા, ઘણી વેળા અણચિંતવિ : આવી પડે છે, પણ તે માટે ઝાઝો શોચ કરવો જરૂરનો નથી. શોચ તજી, જો અડચણ ન હોય તો તે શું આફત છે તે દિકરીને વાકેફ કરશો; જેવા દરેક કુવાનાં પાણીમાં જુદો જુદો રહેલો હોય છે તેમ જ દરેક માણુસની બુદ્ધિ પણ જુદી જુદી છે; જેમ જુદા જુદા દેશના આચારવિચાર પણ ભિન્ન ભિન્ન છે, તથા જુદા જુદા માણુસોમાં જુદા જુદા પ્રકારની જે ખામીઓ રહેલી હોય છે, તેમ જ મનમાં ઉત્પન્ન થતી વ્યાધિને આપણાથી ચઢતી બુદ્ધિવાળા અથવા ટુંકી બુદ્ધિવાળા માણુસની જો આપણા મનની વ્યાધિ જ્યાં સુધી કહીએ નહી, ત્યાં સુધી અંત આવતો નથી; પોતાનું દુઃખ બીજાને કહેવાથી દુઃખનો ઓછો થાય છે, મનને શાંતિ મળે છે, અને મનનો ઉદ્વેગ પણ છે. પોતાની વાહાલી પુત્રીનાં આ ધીરજવાળાં અને નીતિયુક્ત સાંભળી બીરબલે કહ્યું કે, "વાહાલી પુત્રી, તું જે કહે છે તે સત્ય છે; પૂછતાં પંડિત થવાય છે, એમાં લેશ પણ શક ન એમ કહી દરબારમાં બનેલી વાતથી, અને બાદશાહના હુ તેણીને વાકેફ કીધી. આ સાંભળી છોકરી ધીરજ આપતાં "ઓહો! પિતાજી, એમાં તે શી મોટી વાત છે? આટલી માટે આટલો બધો શોક તે શું કરવો? હવે જરા ઉદાસ નહી, આજથી પંદર દિવસની અંદર હું પોતે એ વાતનું સમ કરી આપીશ; માટે તમે નિશ્ચિત થઇ જજો. પોતાની દી વિશાળ બુદ્ધિની બીરબલને પહેલાથી ખાત્રી હતી, એટલે તેન

ધીરજ ભરેલાં કહેણુ સાંભળી, બીરબલ ચિંતારહિત બની, સરેસ
દરબારી કામમાં રોકાયો.

આણી તરફ બીરબલની છોકરીએ અદ્ધર મેહેલ ઉભો
આપવાની પોતાની તદબીર ચલાવવા માંડી. તેણીએ જુદી
જાતના કેટલાક પોપટો ખરીદયા. તેમને મેહનત લઇ બોલતાં શીખ
પોપટો બરાબર બોલતાં શીખી હુશિયાર થયા, એટલે પોતાનાં કા
આવે એવા શબ્દો તેમને મોહોડે કરાવવા માંડ્યા. તેઓને જે શીખ
એ જ કે, એક બોલતો કે "ઇંટો લાવ," ત્યારે બીજો બોલતો કે "
લાવ," ત્રીજો બોલતો કે "પાણી લાવ," ત્યારે વલી ચોથો બોલ
"લાકડાં લાવ." જ્યારે આ પ્રમાણે પોપટાઓનું ઘમસાણુ ચ
ત્યારે ત્યાં આગળ બે ઘડી ભારી ગમ્મત પડી રહેતી. આ પ્ર
પોપટોને બોલતાં શીખેલા જાણી પેલી છોકરીએ બીરબલને ક
પિતાજી, કોઇ જાણી ન શકે તેમ હવાવાળા એક મેહેલના ઉંચા મ
વાળા ઓરડામાં આ પોપટાઓને છુટા છુટા રાખી, બારી બ
બંધ રાખજો. શાહના અદ્ધર મેહેલ માટેનો એ પોપટો જ ખુલાસો
દેશે; પરંતુ એ વાત કોઇના જાણવામાં ન આવે તેની તકેદારી રા
આ યુક્તિની ખૂબી તો આપે સમજી હશે, એટલે વધુ બોલ
જરૂર નથી, એમ કહી બધા પોપટો બીરબલને સોંપી દીધા.

બીરબલ આ પોપટોને લઇને એકાંતવાસવાળા શાહી મેહેલમાં
અને છેક પાંચમે માળે તેમને છુટા મુકી દીધા. મેહેલમાં છુટા થ
મેહેલના ઉંચા ભાગપર બેસી, શીખવ્યા પ્રમાણે બોલવા લ
બીરબલ તે સાંભળી ખુશ થયો, અને શાહ આગળ જઇ કહ્
"હજુર, અદ્ધર લટકતો મેહેલ બાંધવા માટે કારીગરો તૈયાર
છે, તેઓ અદ્ધર જઇ ઉતાવળા થઈ કહે છે કે, ઇંટો લાવો,
લાવો, લાકડાં લાવો, એમ ઉપરાસાપરી બુમો માર્યા કરે છે, માં
આપ પણ ઢીલ ન કરતાં જલદીથી કડીઆ, સુથારો તથા મજુરો
ઇંટો–ચુના–પાણી સાથે અદ્ધર મોકલી આપો. શાહે કહ્યું કે
સુધી મીસ્રીનું બોલવું હું જાતે સાંભળું નહી, ત્યાં સુધી હું કશું કર
તેમ નથી. આ સાંભળતાંજ બીરબલે શાહને પેલાં એકાંત છુ

લઇ જઇ પેલા પોપટાઓને બોલતા સંભળાવી શાહની ખાત્રી કરી આપી. ઉપરાઉપરી આવાજ થતા સાંભલી શાહે આશ્ચર્ય પામી મન સાથે વિચાર કરી બીરબલને કહ્યું કે, બીરબલ, કડીયા, મજુર, સુથાર, અને ઇંટ, ચુનો, લાકડાં વગેરે અદ્ધર શી રીતે પોહોંચાડવાં?

હવે બીરબલને ઠોક મારવાની ખાસ્સી તક મળી. તે બોલ્યો. "હજુર, જો તેમ પોહોંચતા કરી ન શકાય તો અદ્ધર લટકતો મેહેલ કેમ તૈયાર કરી શકાશે? આ મેહેલ બાંધવાને જોઇતાં સાધનો આપ અદ્ધર મોકલી શકતા નથી તો પછી મારે કયાં સુધી કારીગરોને બેસાડી રાખી તેમને પગાર આપવો? તમામ ખરચ રાજ્યની ત્રીજોરીના માથે છે, માટે તેમાં લાભ શો? માટે જેમ ફરમાવો તેમ બંદોબસ્ત કરવામાં આવે. આ પ્રમાણેનું બોલવું સાંભળી શાહ ઘણો જ ખુશી થયો, અને તેની આ વિશાળ બુદ્ધિની તારીફ કરી દરબાર રુબરુ તેને મોટી બક્ષેસ આપી. કહ્યું છે કે "રત્નોની ખાણુમાં રત્નો જ પાકે છે;" તો પછી બીરબલ સરખાં રત્નને ત્યાં રત્ન ન હોય તો બીજા કોને ત્યાં હોય?

## હથેલીમાં હાથી ડુબ્યો !

એક દિવસે એક બેગમ સવારના પોહોરમાં ઉઠી મુખ ધોતી હતી, તે વેળા તેણીના કપાલ ઉપર ચોટાડેલો રત્નજડીત ચાંદલો તેણીના હાથમાં આવી પડ્યો. ચાંદલો પોતાનાં કપાળે ચોટાડેલો હોવાની વાત બેગમ તદ્દન ભૂલી ગઇ હતી. મોઢું ધોતાં તે હાથમાંથી સરકીને પાણીમાં પડ્યો. આ ચાંદલામાં હાથીનું ચિત્ર હતું, તેથી જાણે હથેલીમાં હાથી ડુબ્યો ન હોય એવો આભાસ થતો હતો. એ વાત બેગમે શાહને કહી. થોડીવારે ગંગ વગેરે ત્યાં આવ્યા તેમને શાહે પૂછ્યું કે, "હથેલીમાં હાથી કેમ ડુબ્યો?" ગંગજીએ તરત ખોંખારો મારી કહ્યું કે, સરકાર, એમાં તો કાંઇક રસાલંકાર જણાય છે, માટે સાંભળો:

**સવૈયા**

સોળ સિંગાર સજી અતિસુંદર, રૈન રમી સો પિયા સંગ રાની,
ઉઠ પ્રભાત કમલ મુખ ધોવત, ટીકી ખસી હથેલી લીપટાની.

તામે ચિત્ર હતો ગજરાજ, અજીવક ખુઅક કાહુ પીછાની,
કવિ ગંગ કહે સુન શાહ અકબ્બર—ડુબત હાથી હથેલી કે પાની.

શાહ આ સાંભલી બહુ ખુશ થયો, અને બીજું કાંઇક વધુ બોલવા બારોટજીને ફરમાવ્યું.

ગંગે જો હુકમ કરી, બીજો એક સવૈયો સંભળાવ્યો:—

## સવૈયા.

જ્ઞાન ઘટે કોઇ મૂઢકી સંગત, ધ્યાન ઘટે બીન ધીરજ લાએ,
પ્રીત ઘટે કોઇ મુંગકે આગે, ભાવ ઘટે નિતહીનિત જાએ.
શોભા ઘટે કોઇ સાધુકી સંગત, રોગ ઘટે કુછ ઓસડ ખાએ,
કવિ ગંગ કહે સુન શાહ અકબર, દારિદ્રય ઘટે હરિગુણ ગાએ.

જેમ શાહ અકબર આ કવિતો સાંભળી ખુશ થયો, તેમ બીરબલે ગંગને ચઢાવ્યો, અને બોલ્યો કે, હજુર, ગંગ બારોટ તે કાંઈ જેવા તેવા છે? બારોટમાં તેઓ શિરોમણી છે.

ગંગે કહ્યું કે, એ બધા પ્રતાપ નામવર શાહના છે. બીરબલે કહ્યું, તે વાત તો સાચી, પણ એમાં પોતાની રતિ જોઇએ. રતિવગરનું કાંઈ નથી.

ગંગ બોલ્યો પુરુષમાં જ્યાં સુધી રતિ ન હોય ત્યાં સુધી તે નકામો છે. સાંભળો:—

રતિબિન રાજ, રતિબિન પાટ, રતિબિન છત્ર નહી એક ટીકાઃ
રતિબિન સાધુ, રતિબિન સંત, રતિબિન જોગ ન હોય જતીકા,
રતિબિન માન, રતિબિન તાન, રતિબિન માણુસ લાગત ફીકા.
કવિ ગંગ કહે સુનો શાહ અકબર, એક રતિબિન એક રતિકા.

શાહે ખુશી થઈ ગંગને શાબાશી આપી, અને પાછું પુછ્યું કે—

## દુહો.

સબ નદીઅનકો નીર હે, ઉજલરૂપ નિધાન,
શાહ પૂછે કવિ ગંગકુ, જમુના કયું ભઈ શ્યામ ?

શાહે પુછ્યું, બધી નદીઓનાં પાણી ઉજળાં છે, છતાં આ જમુના નદીનાં પાણી કેમ કાળાં છે ?

ગંગે પાછી ખોંખારી મારી અને બોલ્યો, શાહ, અબ સુનીએ—

### સવૈયા.

જા દિનતેં જદુનાથ ચલે, બ્રજ ગોકુલસેં મથુરાં ગિરધારી;
તા દિનતેં બ્રજનારિકા સુંદર, દંપતિ ઝંપી કંપતી પ્યારી.
ઉનકે નેનનકી સરિતા ભઈ, (જેસે) શંકર શીશ ચલે જલભારી.
કવિ ગંગ કહે સુન શાહ અકબર, તાં દિનતેં જમુના ભયી કારી.

શાહ તેમ જ આખી દરબાર આ સાંભળી દંગ થઈ અને શાહે ગંગને સરપાવ આપ્યો.

---

## જાત વિના ભાત નહિ!

શાહ અકબરને એક ટેવ એવી હતી કે, પોતાનો ગમે તેવો લાંબા વખતથી હળી ગયલો નોકર હોય, અને ગમે તે કારણે પણ તેને તે છોડી શકતો ન હોય, છતાં જો માથાંમાં ધૂંધ ભરાઇ તો ઘડીના છઠ્ઠા ભાગમાં તેને ખૂબ નેહાલ કરીને પણ જતો મુકે, પણ તે ઝાઝો વખત તે જુદાઇ નિભાવી શકે નહી. એક વેળા એવો જ એક રમુજી બનાવ તેના એક ગુલામના સંબંધમાં બન્યો. આ ગુલામ લાંબો સમય થયાં રાજકુટુંબમાં પલોટાઇ ગયલો હતો; અને બધાંનો એટલો બધો માનીતો થઇ પડેલો હતો કે, નાનાંથી મોટાં કે ખુદ શાહ સુદ્ધાં તેને ઘડીભર ન્હીલો છોડતાં નહી. તે છતાં શાહના મનમાં એવું જ ન્હારૂં આવ્યું કે આ બાપડો લાંબો કાળ થયાં સબડે છે તો તેને ન્યાલ કરીને છુટો કરૂં. એમ વિચારી એક દિવસે તે ગુલામને પુછ્યું કે, ભાઇ આઇયાજ, તું ખરેખરૂં કહે કે આ જગતમાં કોઇ પણ વસ્તુની તને ઇચ્છા બાકી રહી છે? ગુલામભાઇ, આખર કરે પણ થોડી બુદ્ધિના તો ખરા જ, એટલે જોયું કે, અહીંથી પલાયણ કરવાની આ મોહોડે માંગી તક મલી છે, તો લાવને તેનો લ્હાવો લઇ લેઉં. એટલે તે બોલ્યો, "પરવર, મારા મનની તમામ ઉમેદો તો આપ નામવરે પુરી પાડી છે, પણ કાંઇક બાકી રહી ગઇ છે તે માટે આપ ફરમાવો તો વિદિત કરૂં." શાહે કહ્યું, મારા જાન, બાકી રહેલું હોય તે ખુશીથી માંગી લે, હું આપવાને કબુલ છું. ગુલામે જોયું કે શાહ વચન આપીને બંધાયા છે. એટલે હુ જે માંગીશ તે આપ મેળે કબુલ

કરી દેશે; એમ વિચારી તેણે કહ્યું કે, "ગરીબ પરવર, માત્ર અહીંથી ભાગી જવાની ઉમેદ મારા મનમાં રહી ગયલી છે, માટે જો આપ મંજુર ફરમાવો તો અહીંથી ભાગી છુટું." શાહ, વિચારમાં તો પડ્યો, પણ કબુલાત આપેલી તે કેમ કરી છુટાય! એટલે ઢીલે મોહોડે બોલી દીધું, "જા ભાઇ, તારી તે ઉમેદ છે તો પૂરી કર." શાહના મોઢામાંથી હજુ તો આ શબ્દો નિકળે તેટલાં જ પેલો કમબખ્ત તો કશો વખત ગુમાવ્યા વગર નાહાસી ગયો, અને પોતાના સરખાજ એક મિત્રના ઘરમાં જઈ ભરાઈ બેઠો. થોડાક દિવસ પછી પોતાના પ્રાણ સરખા ગુલામનો વિયોગ સહન નહી થઇ શકવાથી, શાહને તો બહુ અકળામણ થવા માંડી; અને હજુરીઆઓને હુકમ કીધો કે આઇઆજને ગમે ત્યાંથી શોધી લાવી મારી આગળ હાજર કરો. હજુરીયાઓએ તેને શોધી તો કહાડયો; પણ તે તો પાછો ફરવાને એકનો બે નહી થયો. તે તો ઉંહુંનું આંહાં જ નહી કરે, એટલે તે બાપડાઓ થાકીને ખાલી હાથે પાછા ફર્યા. શાહ તો તેના વિયોગથી દિનપ્રતિદિન વધારે ને વધારે આકુળવ્યાકુળ થઇ ગયા; એટલે તેણે પોતાનાં ખાસ મંડળને કહ્યું કે, જે કોઇ મારા આઇઆજને મનાવી પાછો લાવશે તેને અમૂલ્ય હીરાનો એક હાર ભેટ આપીશ. શાહનું આ વચન સાંભળ્યું તો ખરૂં, પણ નીચને ઉંચ કરવા જવાનું અને તેમાં ફાવવાનું કોઇને ઠીક લાગ્યું નહી. એટલે કોઇ તૈયાર થયું નહી; પણ બાહાદુર, બીરબલે છાતી ઠોકી ધીર–આપી કે "જનાબ, હમણાં જ હું તેને મનાવી લાવું છું, માટે તમે અકળાશો નહી." એટલું બોલતાની સાથે બીરબલ દોડ્યો ગુલામ પાસે, અને કંઇ પણ બોલ્યા વગર તેણે તો તેને લાત મુક્કીઓની ગરમાગરમ ને મુંગી મુંગી મીઠાઇ ચખાડવા માંડી. આ મીઠાઇ તે ગુલામને એટલી તો ગરમ પડી કે, તરતજ તે હાથ બક્ષ કરીને ઉભો અને પગે પડી બોલવા લાગ્યો કે, "સાહેબ, શા માટે મને ગરીબને મારો છો? હું ક્યાં આવવા ના પાડું છું." બીરબલે જોયું કે, કામ તો સરળ થયું, એટલે ડોળા કકડાવી હુકમ કીધો કે, "કમબખ્ત, તો ચાલ, મારી જોડે ચાલવા માંડ." બીરબલ ગુલામને લઇને શાહ આગળ ગયો. તેને જોઇને શાહ તરત પોતાના

માનીતા ગુલામને ભેટી પડ્યો અને ખુશી થઇ તેને પૂછ્યું કે, "વ્હાલા આઇઆજ! તુંને બીરબલ કયા ફરેબથી મનાવી લાવ્યો તે તું મને જણાવ." ગુલામે બનેલી હકીકત કહી સંભળાવી જે સાંભળી શાહ બીરબલ ઉપર ખુશ ખુશ થઇ ગયો, અને મનમાં સમજી ગયો કે જાત વિના ભાત પડે નહી જ. એમ વિચાર કરી શાહે બીરબલને એકને બદલે બે હાર આપી દીધા; અને બધા દરબારીઓ પણ બીરબલની હુશિયારીથી ચકિત થઇ ગયા.

## અક્કલ અંધારે વેહેંચાયલી છે! અદલ ઇન્સાફને હડતાળનાં પાણીમાં ધોઈ નાખો!

એક શાહુચોર લોકોને તરેહવાર યુક્તિઓ અને પ્રપંચોથી લૂટી જબરો ત્રાસ પમાડી રહ્યો હતો. શાહ, તેને એકવાર છટકાંમાં સપડાયલો જોવાને ઘણો ઇંતેજાર હતો, એવા વિચારથી કે જો હવે પછી તે હાથમાં સપડાય તો તેને જીવતો જવા દેવો નહી. એમ કરતાં ખરેખર જ એકવાર તે ચોરીના વાંકમાં સપડાયો. તેને હુકમ પ્રમાણે શાહ હજુર ખડો કરવામાં આવ્યો. શાહે જોયું કે, આ વેળાએ કમબખ્ત ઠીક સપડાયો છે, એટલે તેનો ન્યાય કરી તેની આગલી સજાઓ ધ્યાનમાં લઈ તેનું નિકંદન કહાડવાને તેને ફાંસીએ લટકાવી દેવાનો શાહે હુકમ કર્યો. ચોર પણ જાતે બહુ શાણો હતો. તે સમજ્યો કે આ વખતે આપણે સર્જ્જડ સપડાયા છીએ, અને હવે અહીંથી મુશ્કેલીથી છુટી શકાશે. તેણે શાણુપત વાપરી એક ગત લગાવી. શાહને ઠગવાની અને તેમ કરીને છટકવાની બાજી રચી; અને વિચારતો ઉભો કે, જોઉં છું. હું સરસ કે શાહ સરસ ઉતરે છે? તેણે શાહના હુકમથી હીમત ન હારતાં હાથ જોડી શાહને કહ્યું કે, "હજુર નામવર, આ એક વખતનો મારો અપરાધ માફ કરો. જો આ વખતે મને માફી બક્ષસો તો હું એક અજાયબીભરેલો હુનર આપના આગળ રજુ કરીશ. તે હુનર મારા સિવાય બીજું કોઈ જાણતું નથી; પણ જો મારો નાશ કરવામાં આવશે તો તેની સાથે મારો એ હુનર પણ નાશ પામશે; પછી તો સરકારની જેવી ઇચ્છા."

ચતુર ચોરનું આ વાક્ય સાંભળતાં જ આતુરતાથી શાહે પૂછ્યું કે "જે કોઈ જાણે નહી એવો, તે તું કેવોક હુન્નર જાણે છે તે તો જરા જણાવ?" "સરકાર નામવર," તે ચોર બોલ્યો; "હું સાચાં મોતી ઉગાડી જાણું છું." ચોરની આવી અજાયબી ભરેલી વાત સાંભળી શાહ આશ્ચર્ય પામી મનમાં વિચાર કરવા લાગ્યો કે, મોતી તે વળી કેવે પ્રકારે ઉગતાં હશે? શું તે મંત્રજંત્રથી, સાધુ સન્યાસીઓના તપોબળથી કે વનની જડીબુટ્ટીઓથી અનાજની પેઠે ઉગતાં હશે? જગતના પિતાએ આ જગતમાં એકેકથી વધારે કળાવાન અને અધિક બુદ્ધિશાળી અને ઇલ્મી માણસોને પેદા કરેલાં છે; વળી કપાળે કપાળે પણ ભિન્ન ભિન્ન મતિ હોય છે, જેમ કુવાનાં પાણી પણ જુદા જુદા ગુણવાળાં હોય છે; દેશોદેશના આચાર વિચાર પણ જુદા જુદા હોય છે, અને જણ જણના મુખની વાણી પણ જુદા જુદા પ્રકારની હોય છે; તેમ આ ચોરમાં પણ કાંઈ ઇલ્મ કાં નહી હોય! અક્કલ ખરે જ અંધારે વેહેંચાયલી છે; સોનું વિષ્ટામાં પડ્યું હોય તો પણ તેને ઉપાડી લેવા કહ્યું છે. આવો તરંગ દોડાવીને શાહે ચોરને કહ્યું કે; "તે મોતી કેવા પ્રકારે ઉગે છે? તે તું જો બરાબર બતાવશે તો તારા હકમાં મોટો લાભ થશે."

આ સાંભળી તે ચોરે કહ્યું કે, "ગરીબપરવર, મને જે જે મસાલા તે બાબતમાં જોઇયે તે પુરા પાડવાનો બંદોબસ્ત કરી આપશો, એટલે તરત આપને મોતી ઉગાડવાની કળા બતાવી દઇશ." શાહના હુકમથી, ચોરે લખીને ટીપ કરી આપી. તે પ્રમાણે મશાલા મંગાવીને શાહે ચોરની આગળ મૂકયા; જે લઈને તે ચોર બહાર ગયો અને એક સ્વચ્છ ભૂમિ શોધી જેમ ખેડુત અનાજનું વાવેતર કરવાને પ્રથમ ખેતર ખેડે છે તેમ તે સ્વચ્છ ભૂમિ ખેડીને તેમાં તે મશાલો વેરી દીધો અને પછી શાહ આગળ આવીને કહ્યુ કે, "ગરીબપરવર, બધું બરાબર કર્યું છે; અને હવે માત્ર મોતી વાવી દેવાં એટલું જ કામ બાકી રહ્યું છે. પરંતુ હું ચોર છું તેથી મારે હાથે વાવીશ તો ઉગશે નહી, કેમકે જેણે કોઇ દિવસ ચોરી કરી ન હોય તે માણસના હાથથી વાવેતર થાય તો જ તે ઉગે એવો સંકલ્પ છે, તો જેણે ચોરી

કરી જ ન હોય તેવો માણુસ આપવાની કૃપા કરશો, કે તેના હાથે વાવેતર કરાવી દેવાય."

આ પ્રમાણે ચોરનું બોલવું સાંભળીને પોતાની હજુરમાં ઉભેલા અમીર ઉમરાવોને શાહે પૂછ્યું કે, "આ ચોર કહે છે કે, જેણે કોઈ વખત કોઇપણ પ્રકારની ચોરી કરી ન હોય તેવા જ માણુસના હાથે વાવેતર થાય તો જ મોતી ઉગે છે, માટે તમો સર્વ એ કામથી પવિત્ર છો, માટે તમારાંમાંના ગમે તે એક જણુ એની સાથે જાઓ, અને મોતીનું વાવેતર, તે કહે તેમ કરો." શાહના આ વચન સાંભળીને બધાના હોંશકોશ ઉડી ગયા, અને એકેએક અમીર ઉમરાવો વિચાર કરવા લાગ્યા કે આપણે કદાપિ બચપણુમાં કાંઇક લાલચને મારે ચોરી કીધેલી પણુ હોય તેની શી ખાત્રી ? અને કદાચ હીમત કરી, આપણે પોતે નીખાલસ છીએ એમ સમજીને કામ કીધું અને મોતી નહી ઉગ્યાં તો આ ચોર શું કહેશે ? તે કહેશે કે બધા અમીર ઉમરાવો પણુ ચોરના ભાઇ ઘંટીચોર જેવા જ છે, ત્યારે આપણી શી દશા થશે ? હાથે કરીને શા માટે હજારો માણુસની વચમાં ડહાપણુ ડોળીને વિના કારણે પોતાની ફજેતી કરાવવી જોઇએ ? માટે નહી બોલવામાં નવ ગુણુ છે; આમ વિચારી તેઓ કાંઈપણુ જવાબ દીધા વગર છાનામાના બેસી રહ્યા. શાહ, આ જોઈ વિસ્મય પામ્યો, અને પેલો ચોર પોતાની ચતુરાઇમાં ફાવવાની અણી ઉપર આવ્યો તે સમજી મનમાં મલકાવા લાગ્યો. કેટલોકવાર મુગો ઉભો રહી અંતે તે બોલ્યો, "સરકાર, તમારી દરબારમાં મારા જેવા ચોરો જ ભરેલા લાગે છે; એક પણુ સાહુકાર હોય એમ જણાતું નથી. તો જ્યારે આટલા બધા ચોરોને આપે પોતાના માનીતા ગણી મોટી મોટી જાગીરો બક્ષી છે અને મોટા મોટા હોદ્દાઓથી સરફરાજ કીધા છે, ત્યારે મારા જેવા આ અલ્પ અને પ્રત્યક્ષ ચોરને ચોરી કરવા માટે શું એકદમ શૂળીની શિક્ષા ? આપ જેવા અદલ શાહના અમલમાં દરેકને અપક્ષપાતપણે અદલ ન્યાય મળે છે તો પછી મને શા માટે અદલ ન્યાય મળવો નહી જોઇએ ? અને જો હું શિક્ષાને પાત્ર હોઉં તો સઘળા ચોરોને તેજ પ્રમાણે સજા

થવીજ જોઇયે; નહી તો અદલ ઇન્સાફ મળે છે એ શબ્દ ઉપર હડતાલ લગાડી તેને ધોઈ નાખવો જોઇએ છે." ચોરનું આ યુક્તિ-ભરેલું બોલવું સાંભળી, શાહ બહુ પ્રસન્ન થયા અને તેનો અપરાધ માફ કરી તેને ઘટતી શિખામણ અને ઇનામ આપી વિદાય કીધો.

## એ મોજડી કોણની? ઓલીઆપીરની કે માણસની?

એક સમયે મોહરમની કતલની રાત્રે ઓલીઆપીરની દરગાહમાં બીરબલ પોતાના છોકરાને જોડે લઈ, ખાસ શાહના પ્યાર અને સખુન ખાતર પોતે હિન્દુ છતાં, મુસલમાની દરગાહમાં પગે પડવા ગયો હતો. તે વખતે છોકરાના પગમાં ઘણી કીમતી ઝીક ટીપકી ભરેલી સુંદર મોજડી હતી. તે દરવાજા આગળ ઉતારી અંદર પગે લાગવા ગયો. પગે લાગી પાછા ફરતાં એક મોજડી ગુમ થઇ ગયલી જણાઇ. ઘણી શોધ કરવા છતાં તે હાથ નહી જ લાગી, ત્યારે એક જ મોજડી પહેરાવી બીરબલ છોકરાને ઘેર લઈ ગયો. પેલી મોજડી લોકોના પગે ઠોકરાતી ઠોકરાતી છેક ઓલીઆની કબર નજીક જઇ લાગી. ઉપાડીને જોઇ તો મહામૂલ્ય-વાન લાગી. આ મોજડીને હાથમાં ઉપાડી પગે પડવા આવેલા લોકોએ જોઇ તો તેઓને લાગ્યું કે આ મોજડી કાંઈ માણસની ન હોય; પણ નક્કી ઓલીઆપીરની હોવી જોઇએ. નહી તો તે કબર નજીક કયાંથી હોય? એમ માની સર્વેએ તેને ઓલીઆની પ્રસાદી માની પોતાના મોંહ સાથે દાબી ચુંબન કીધું. બાળબચ્ચાં, સ્ત્રીઓ વગેરે દરેકે તે મોજડીને ઘટતું નમન કીધું, અને તેમ થવાથી તે દરેક જણ પોતાને ભાગ્યશાલી માનવા લાગ્યા. સવાર પડતાં જ તે ઓલીઆનો મુજાવર તે મોજડીને કપડાંમા વિંટાલીને શાહ પાસે લઇ ગયો અને તે કેમ અને કેવી રીતે મલી તેની તમામ હકીકત શાહને સંભળાવી. શાહે પણ તે મોજડી ઓલીઆજીની સમજી તેને ચુંબન કીધું; અને એટલું જ નહી પણ મેહેલમાં હુરમ-રાણી વગેરે પાસે તેને ચુંબન કરાવ્યું. તેને તેઓ હાથમાં લઈ આંખોએ, માથે, ગાલે લગાડી નમન કરવા લાગ્યાં, અને આવી પવિત્ર મોજડી હાથ લાગી તે માટે પરવરદેગારના

શુકરાના કરવા લાગ્યાં. આ ધધુખર ચાલી રહી હતી, તેટલાં બીરબલ કચેરીમાં દાખલ થયો, અને તેને જોઇને તરત શાહે પેલી ઓલીઆની મોજડીની હકીકત કહી તે મોજડી તેને બતાવી. તે જોઇ બીરબલે હસીને કહ્યું, "જનાબ, એ મોજડી તો મારા છોકરાના પગની છે, જો આપની ખાત્રી નહી થતી હોય તો, એમાંની બીજી મોજડી મારે ઘરેથી મંગાવી દેખાડું. એમ કહીને મોજડી ઘરેથી મંગાવી મુકાબલો કરી જોઇ તો તે એક જ જાતની અને છોકરાના પગની જણાઇ. બીરબલે તે ગુમાઇ ગયાની ખબર આપી બધાની ખાત્રી કરી આપી. જેઓએ આ મોજડીને ઓલીઆજીનો પ્રસાદ સમજી આંખે, મોહોડે લગાડી હતી તેઓ તમામ આ ભેદ ખુલ્લો થતાં ખસ્યાણા પડી ગયા, અને બધાની જ ભુલ થઈ છે એમ જાણી બધાંએ "સબસે બડી ચુપ" એમ સમજી ચુપકીદી પકડી અને તેમાં જ તેઓએ શોભા માની.

## ઠગ હરગોવન અને ભોળા ધમાસા કાકા.

હરગોવન નામનો એક મહા ઠગ દિલ્લીમાં પોતાની ઠગ વિદ્યાથી લોકોને લૂંટી ગુજરાણ ચલાવતો હતો. તે પોતાની બાજી એવી તો સફાઇથી ચલાવતો કે સરકારની ઘણી જેહમત છતાં તે સપડાવા પામતો નહી. બાપડા ભોળા દોબાઓને પકડી લાવી તે પોતાના ઘરમાં જુગાર રમાડતો, તેમ કરી તેઓને ખિસ્સે ખાલી કરતો અને પછી તેઓને તરેહવાર વ્યસન કરાવી ઘરમાંથી હડસેલી કહાડતો હતો. તેના છટકાંમાં તે એવા જ માણસોને સપડાવતો કે જેઓ ગમે તેવા ખાલી થઇ જવા છતાં, શરમના મારેલા કદી એક હરફ બાહાર કહાડતા નહી. એક વખત એવો કોઈ ભોળો ભાળો ઘણા દિવસ સુધી હાથ નહી લાગવાથી તેને ખાધા પીધાના બહુ વાખા પડવા લાગ્યા. એટલે તે કોઇ સધર બિલ્લુને શોધી કહાડવાનાં ફાંફાં મારતો હતો. તેવામાં પોતાના જ ગામનો મોહન નામનો એક ધનવાન તેને હાથ લાગ્યો, એટલે જોઇ લ્યો, હરગોવન ભાઇના સપાટા. તે મોહનભાઇને ફોસલાવી પોતાને ઘેર લાવ્યો. ત્યાં બેસાડી તેને ભરચક નિશામાં નાખી,

સારું સારું ખવાડી, પછી જુગારે ચઢાવ્યો અને તેમ કરી તે બાપડાને ખાલી કરી નાખ્યો. ખાલી કીધો તો કીધો પણ તે બાપડાને એટલો ચડસ લગાડ્યો કે કેમે કરી તે હરગોવનભાઇનો પીછો છોડે નહી. ઘણો વખત એ બનાવ ચાલુ રહેવા પછી મોહન એકાએક મરણ પામ્યો. એટલે હરગોવનભાઇની તો ખુશાલીનો પાર જ નહી રહ્યો. તેઓ નિર્ભય બન્યા કે, હવે મારા માટે ફરિયાદ પણ કોણ કરાવનાર છે? પણ પાપનો ઘડો ભરાય તે ફુટ્યા વગર રહેતો નથી તેવો જ બનાવ હરગોવનના બાબતમાં બન્યો. તે જ ગામમાં બીજા એક ધમાશા કાકા કરીને ભોળાભટાક રહેતા હતા. તે હરગોવન અને મોહનની બધી વાત જાણતા હતા. એ વાતની જાણ હરગોવનને થઇ એટલે તેને ચટપટી લાગી કે રખેને ધમાશા કાકા કોઇ દિવસે મને ફસાવી નાખે. એટલે તેણે પ્રથમથી જ ધમાશા કાકાનો ઘડોલાડવો કરવાનો વિચાર કીધો. તેણે નક્કી વિચાર બાંધ્યો કે ધમાશા કાકાને કોઇ તરફ લાંબે રસ્તે મોકલી દેવા જોઇએ. આવો વિચાર કરી તે દરબારમાં ગયો અને શાહ હજુર ફરિયાદ કરી કે "હજુર, ધમાશા કાકા નામનો બીનરોજગારી રખડતો હમારા ગામમાં આવ્યો છે, અને તે એક દિવસે મારે ઘેર આવી મારી સાથે વાતે વળગ્યો. આ તેની વાતો ધન કેવી રીતે મેળવવું તે સંબંધી હોવાથી હું તેનો હાથ પકડી મારા ઓરડામાં લઇ ગયો, અને ગાદીપર બેસાડ્યો. મેં ચાહા મંગાવી તેને પાઇ, પાન ખવરાવ્યું, અને તેની વાતમાં રસ લાવવા મેં તેને એક સફેદ દવા ખવરાવી. તે ખાઇ પી, તે વાત બંધ કરી ચાલતો થયો. આ વખતે રાત્રે દશ વાગ્યા હતા. તેઓ ગયા પછી મેં તપાસ કરી તો પેટી ઉપર મારું એક રત્ન મુકેલું હતું તે ગેપ થઇ ગયલું જણાયું. શોધખોળ કરતાં મને ધમાશા કાકા ઉપર શક ગયો કે રખે તે ચોરી ગયો હોય. એમ ધારી હું પુછપરછ કરવા તેને ઘેર ગયો તો જોઉં છું કે ઓરડામાં બેસીને તે મારું જ રત્ન તપાસતો હતો. મેં તે મારું છે એમ જણાવી મને આપી દેવા તેને કહ્યું. તે તો એકનો બે નહી થયો, અને મને સાફ તકાદો કરી કહી દીધું કે, જાઓ, ફરિયાદી કરો. તે વખતે ચાર જણા

તેના ઓટલા ઉપર બેસી મીઠાઇ જમતા હતા, તેમને મારું રત્ન બતાવીને સાક્ષી રાખ્યા છે, માટે મારું તે રત્ન પાંચ હજારનું છે તો તે રકમ અગર રત્ન અપાવો.

જેવો પોતે હતો તેવા જ આ સાક્ષીઓ પણ હતા. તે માટે સાક્ષીઓને, હરગોવન જીતે તો દરેકને પાંચસો પાંચસો રૂપીઆ આપવા કબુલ્યા હતા, એટલે તેઓ તો મનમાં ખાંડજ ખાવા લાગ્યા કે હવે આ રકમ મળશે એટલે ધંધો નોકરી કરવી પડશે નહી. આ ચારે સાક્ષીઓએ શું જુબાની આપવી તે તેમને સમજાવી હરગોવનભાઇ પોતાને ઉતારે ગયા. હરગોવનની ફરિયાદ સાંભળી લઇ બીરબલે એ કેસની તપાસણી પોતાના હાથમાં લીધી. તેણે પેલા ધમાશા કાકાને બોલાવી મંગાવ્યા, અને ફરિયાદની બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે, ફરિયાદીએ પોતાની ફરિયાદના ટેકામાં ચાર સાક્ષીઓ રજુ કરેલા છે. તેમની જુબાની ઉપરથી સાબિત થાય છે કે તમે ખરેખર રત્ન ચોર્યું છે, માટે જો તમે તે ચોર્યું ન હોય તો એનો પુરાવો રજુ કરો. ધમાશા કાકા ગભરાયા નહી. તેમણે જવાબ દીધો કે, "બીરબલજી, આ માણસ કેવો છે, તેના સાક્ષીઓ કેવા છે તેનો વિચાર અને પરીક્ષા કરીને જ ન્યાય આપજો, મારો પ્રત્યક્ષ પુરાવો કાંઈ નથી, પણ જે છે તે જ સત્યરૂપે પ્રકાશી નિકળ્યા વગર રહેશે નહી." શાહે કહ્યું, "કાકાજી, ન્યાયાધીશ પોતાની રૂબરૂ પડેલા પુરાવા ઉપરથી પોતાનો ન્યાય આપે છે; પણ તમે તેના સાક્ષીઓને તોડનારી સાક્ષી રજુ કરી નથી, એટલે તેના જ સાક્ષીઓથી તમને અપરાધી ઠરાવવામાં આવે છે." બીરબલથી શાહનું આ અનુમાન શાંખી શકાયું નહી, તેથી તે બોલ્યો, "ખુદાવિંદ, ન્યાયાધીશોએ માત્ર જુબાની ઉપર જ આધાર રાખવાનો નથી, પણ સાક્ષીઓનાં લક્ષણ, તેઓની જાતભાત, તેમનો ધંધોરોજગાર, તેમની ખાનગી ચાલચલણ વગેરે તપાસીને ન્યાય કરવાની જરૂર છે. હું આ વખતે એવાં અનુમાન ઉપર આવ્યો છું કે, જે માણસ જણસ ચોરી જાય છે તેનો માલેક તે, ઘરમાં એકદમ હાથમાં આવે એવી રીતે મુકે નહી. માટે આમાં હરગોવનની કાંઇક દગાબાજી છે, તો તે પકડી પાડવા માટે ફરી વાર સાક્ષીઓ તપાસવાની આવશ્યકતા છે,

તેમને બરાબર તપાસ્યા વગર સત્ય શું છે તે તરત જણાયા વગર રહે નહી, માટે ફરીથી તપાસ ચલાવાની જરૂર છે." શાહે પણ તે અનુમાન કબુલ રાખ્યું. શાહનો હુકમ થતાંજ બીરબલે હરગોવન અને ધમાશા કાકાને એક બાજુએ બેસાડીને પેહેલાં સાક્ષી મોચીને બોલાવીને પૂછ્યું કે, "તું પ્રથમ કહી ગયો છે કે રત્ન તેં જોયું હતું તો તે કેટલું મોટું હતું ? તે કહે." આ સાંભળતાંજ મોચીભાઈ વિચારમાં પડ્યા કે શું જવાબ આપવો ? બાપ જન્મમાં રત્ન જોયું પણ હોય તો જવાબ આપે કે ? તેણે મનમાં વિચાર્યું કે મારો બાપ મને વારે ઘડીએ કહેતો હતો કે આ વીંધણું સાચવીને વાપરજે તે રત્ન જેવું કામ આવશે, એટલે તે રત્ન પણ એવું જ હશે, તેથી તેણે ઉત્તર દીધો કે "સાહેબ, તે રત્ન આ મારાં વીંધણા જેવું હતું અને રંગે કાળું હતું." આ સાંભળી તમામ દરબાર ખડખડ હસી પડી. હવે તેને એક બાજુએ બેસાડી બીજા સાક્ષી દરજીભાઇને બોલાવ્યા. તેઓ ફડફડ કરતા આવ્યા કે બીરબલે સવાલ કીધો, "ભાઈ, તેં આ ધમાશા કાકાએ ચોરેલું રત્ન જોયું છે તો મને કહીશ કે તે રંગે કેવું હતું અને કદે કેવડું હતું ?" દરજીએ જોયું કે ધોવાયું, કોઈ દિવસે રત્ન જોયું હોય તો કાંઈ ઉત્તર આપે કે ? એટલે તેણે તો ઠોકયું કે, "સાહેબ–તે રંગે કાળું અને મારી કાતર જેવું હતું." જુઓ, દરબારમાં હસવાના ભાવ ! તેને બાજુએ બેસાડી ત્રીજા સાક્ષી હજામડાને બોલાવ્યો. તે વળી મોચી અને દરજીનોજ જોડીદાર ખરો કે નહી ? તે હજામડા સહી તચાકડી ફોડી બોલ્યો, "સાહેબ, તે રત્ન આ મારા અસ્ત્રા જેવું અને તેવડું જ હતું." દરબારમાં વધુ ગમ્મત પડી. તેમને બાજુએ બેસાડી ચોથા રહેલા સાક્ષી સુતારડાને બોલાવ્યો અને તેને પૂછ્યું કે "બોલ ભાઇ, ધમાશા કાકા જે રત્ન તફડાવી ગયા તે તેં જોયું હતું એમ કહે છે તો તે રંગે કેવું હતું અને કદે કેટલું હતું ?" બાપેદાદે કોઇ દિવસે રત્ન જોયલું પણ હોય તો સુતારડો કાંઈ જવાબ આપે કે ? તે બોલ્યો, "સાહેબ, તે મારા વાંસલા જેવું હતું." દરબારીઓની હસાહસનો પાર ન રહ્યો, અને તેઓની હસાહસ તે આ સાક્ષીઓને ધ્રુજાવનાર ચમત્કાર થઇ પડ્યો કે, હરગોવનનો આ તાગડો છે અને તે આ ચારે

જણને ભણાવીને કાંઈ આપવાની લાલચે અહીં લાવ્યો છે. તેણે તે ચારેને પોતાની સામે ખડા કરી, ડોળા કકડાવી પૂછ્યું કે; "કમબખ્તો, સાચું કહી દો કે, આ હરગોવન તમને કાંઇ લાલચ આપી અહીં સાક્ષી પુરવા લાવ્યો છે અને તે ઇનામની લાલચે તમે આ બાપડા ધમાશા કાકાનો ધમપછાડો કરવા ભેગા થયા છો કે નહી?" "ચારે જણે ઠગારા હરગોવનની તુંબડી ફોડી નાખી અને બધી સાચેસાચી વાત કહી દીધી. તેમ જોઈ બીરબલે હરગોવનને પણ ખુબ દમ ભીડાવ્યો, અને કહ્યું કે તું બડો બદમાશ છે, તારા માટે બહુ અરજીઓ આવી છે, અને તારી તપાસ કરવા મેં એક ખાસ વિશ્વાસુ અમલદારને મુકરર કરેલો છે. તેના તરફના સમાચાર મળતાં જ તને સખત સજા કરવામાં આવશે; તેટલાં તને આ ખોટી ફરિઆદ કરવા માટે તારાં ઘરબાર લૂંટી લેવાનો દંડ કરું છું, અને તારા આ નામચીન સાક્ષીઓને પણ કેદની સજા કરું છું. પછી ધમાશા કાકાને ફરમાવ્યું કે હરગોવનના સંબંધમાં આવતી બદમાશ સ્ત્રીઓનો વધુ પુરાવો રજુ કરશો તો તેમને પણ ઘટતી સજા કરવામાં આવશે. બીરબલના આ ફેંસલાથી આખી દરબાર વિસ્મય પામી.

## હજામની અક્કલ તેના તોબડામાં!

હજામની અક્કલ તેના તોબડામાં એ એક સાધારણ કહેતી છે, અને તેને મળતી જ એક વાત, બીરબલના સંબંધમાં બનેલી નોંધાયલી છે. આ હજામે દાહાડી બોરવામાં લગાર અચ્છી નામના મેળવી હતી, અને તે ઉપરથી બીરબલે એક દિવસે પોતાની ખાત્રી કરી તે વાત જો સાચી ઠરે તો તેને કાંઈ ઇનામથી નવાજવાનો નિશ્ચય કીધો. એક દિવસે સવારમાં તેણે તે હજામને બોલાવી કહ્યું કે, "તમે બહુ સારા કારીગર છો એમ મારા સાંભળવામાં આવેલું છે માટે જો તમે મારી હજામત સારી બનાવશો તો હું 'કાંઇક' તમને આપીશ." જાતે હજામ તે હલકો તે ભારે કેમ થાય? બીરબલનાં વચન સાંભળી તે બહુ ખુશ થઈ ગયો અને બીરબલની હજામત બહુ અચ્છી બનાવી. આખો વખત તેના મનમાં ઘોલાયા કરે કે

બીરબલે મને 'કાંઇક' આપવા કહ્યું છે તે શું હશે. હજામત ખલાસ થઇ, એટલે બીરબલે પણ ખુશી થઈ તેને એક સિક્કો આપ્યો. હજામે હજામની અક્કલ તોબડામાં તે કહેતી ખરી પાડવા જેવું પગલું ભર્યું. તે બોલ્યો, "બાપજી, આપનો કરાર શું હતો? એક શિકાનો હતો કે, 'કાંઇક' આપીશનો હતો? આ એક સિક્કો તે શું 'કાંઈ' કહેવાય કે?" બીરબલે હસીને તેની પરીક્ષા કરવા બીજો પણ સિક્કો કહાડી આપ્યો. પણ અર્ધપાંસલીઆ હજામે તે પણ નહી લેતાં તે ફેંકી દઈ બોલ્યો કે, "બસ મારે–તમારે એ સરત જ ન હોતી, સરત માત્ર 'કાંઇક'ની હતી માટે મને તે જ આપો."

હજામની આવી હઠ જોઈ બીરબલે વિચાર્યું કે આ બાપડાની બુદ્ધિ જેટલું એને દોરવે તેટલું જ દોડે છે, માટે એને શરત પ્રમાણે કાંઇક આપીને રાજી કરવો જોઇએ. એ પ્રમાણે ધ્યાનમાં લઈ હજામ ના જાણે તેમ એક પાણીના ઘડામાં બે સિકા નાખી દીધા, અને થોડી વાર પછી તે હજામને કહ્યું કે, "પેલા ઘડામાથી પાણીનું ગ્લાસ ભરી લાવ." હજામ ગ્લાસ ભરવા જાય છે તેવો તેમાં ખણણણ કરતો અવાજ થયો; એટલે ઘડામાં દૃષ્ટિ કરી જોતાં તેમાં કાંઇક ચળકાટ નજરે પડ્યો. એટલે હજામ તો ખુશ ખુશ થતો બીરબલને કહેવા લાગ્યો કે, "બીરબલજી, આમાં તો 'કાંઇક' પડેલું છે! હજામનો આ સવાલ સાંભળી બીરબલે પૂછ્યું; "એ કાંઇક છે કે બે?" હજામે જવાબ દીધો, દિવાન સાહેબ બે છે." બીરબલે કહ્યું, "ત્યારે તું તે લઇલે." આ હુકમ થતાં જ હજામે તે ઘડામાં હાથ નાંખી બહાર કહાડી જોયું તો અંદર બે રૂપીઆના બે સિક્કા જણાયા. બીરબલે લગાર મીજાજ ખોઈ દઈ કહ્યું કે, "અલ્યા બેવકુફ, મેં તને કાંઇક આપવાની સરત કરી હતી કે, બે? છતાં તે 'બે' ઘડામાંથી કેમ કહાડી લીધો? આ પ્રશ્ન સાંભળતાં જ હજામ ગભરાઈ ગયો, અને પોતાની જ જબાનથી બંધાઇ ગયો એટલે મુંગે મોઢે તે બે રૂપિયા લઇ રસ્તો લીધો. કહ્યું છે કે 'હજામની અક્કલ તેના તોબડામાં' તે આથી ખરૂં જ પડે છે.

—※※—

## બુદ્ધિશાળી કોને કહેવો ?

બાદશાહને કાંઇ પણ સવાલ સુઝે તે કદી પણ ખાલી જવા દે નહી, તેનો કાંઇ પણ ખોલાસો મેળવ્યા વગર તે ઠર પડતો નહી, અને તે ખોલાસા પણ બીજા કોઇ પાસે નહી, પણ જ્યાં સુધી બીરબલ હાજર હોય ત્યાં સુધી તેના પાસે મેળવતો તોજ તે સંતોષ પામતો. એક દિવસ શાહે બીરબલને સવાલ કીધો, અહો બુદ્ધિના ભંડાર બીરબલજી, બુદ્ધિવાન અને મૂર્ખ શીરોમણી કોને કહેવો ? બીરબલ પાસે જવાબની કાંઇ કમી ન હતી. તે બોલ્યો, "નામવર, શાહ, જે માણસ હીમ્મતથી એક કામ પાછળ મંડી રહ્યો હોય અને તે પોતાનાં ધારેલાં કામને પાર પાડે તેને જ ખરો બુદ્ધિવાન જાણવો; પણ જે કાયર બની પોતાનાં આરંભેલાં કામને અડધે રસ્તે પડતું મુકે છે તે માણસને અક્કલનો અધુરો અને મૂર્ખ શીરોમણી જાણવો. આ ખોલાસો સાંભળી શાહ ખુશ થઇ ગયો.

## ખરો હુશિયાર હજામ કોણ કહેવાય ?

હજામની અક્કલની કસોટીની વાર્તા આપણે આગળ વાંચી ગયા છીએ. બીજી એક વાત નોંધ ઉપર ચઢેલી છે તે પણ આ ઠેકાણે આપેલી અસ્થાને નહી ગણાશે. દિલ્હીથી થોડેક છેટે આવેલાં ભીમપુર નામે ગામમાં માણેકચંદ નામનો એક વણીક વેપારી રહેતો હતો, તેને શાહ જોડે ધાડી મિત્રાચારી હતી. માણેકચંદ શેઠના છોકરાનાં લગન થવાનાં હતાં. તે પ્રસંગનો લાભ લઇ ઘણાક પહરોણાઓ તેમને ત્યાં આવી ચઢ્યા હતા. આવા અવસરમાં પહરોણાઓ વગેરેની હજામત બનાવવાને એકાદ હુશિયાર હજામની ઘણી જરૂર હતી, પણ શેઠના ગામમાં તે જરૂર પુરી પાડે એવો કોઈ હજામ ન હતો, એટલે તેણે મિત્રભાવથી શાહને લખી જણાવ્યું કે, આપના નગરમાંથી એક ચંચળ હજામને અહીં મોકલવાની કૃપા કરશો, હું તેને સારો પગાર આપી તેની મદારત કરીશ. આ પત્ર વાંચી શાહે તરત હજામની બધી ન્યાતને ભેગી કરી પૂછ્યું કે, તમારી ન્યાતમાં સૌથી તરસ હજામત બનાવે એવો હજામ કોણ છે ? તેઓ તેનો સિદ્ધો જવાબ ન આપતાં આપસઆપસમાં સરસાનરસી કરવા

લાગ્યા. શાહને હજામોની ગોલાલડાઇ જોઇ લાગ્યું કે, આ કળા બીરબલ બરાબર બતાવશે, એટલે તેણે બીરબલને બોલાવીને કહ્યું કે, આ હજામોમાંથી એકાદ હુશિયાર હજામને શોધી આપો. બીરબલે બધામાંથી એક સારા દેખાતા હજામને પોતાની પાસે બોલાવીને પુછ્યું કે, "તમારામાં હુશિયારી કેવી છે તે કહો?" હજામે કહ્યુ, કે માણસ સુતો હોય તે જાણી શકે નહી એવી રીતે તેની હજામત કરી આપું એવી મારામાં હુશિયારી છે." આ જોઇ બીજાએ કહ્યુ કે, "હું હજામત કરૂં ત્યારે એવી સફાઇથી કરૂં કે તે જાગતો હોય તોપણ મારી હજામતથી તેને ઉંઘનો ઝોકો આવ્યા વગર રહે નહી." ત્રીજાએ વળી અડાવ્યું કે, "સાહેબ, માથાને રાજીઓ અડવા દીધા વગર જ મોવાલા ઉતારી લઉં એવી હુશિયારી હું ધરાઉ છું." દરેક જણ આવી રીતે પોતપોતાની બડાઈ હાંકવા લાગ્યા. આથી સંતોષ ન પામતાં બીરબલે કહ્યુ. કે, "એક પાંજરામાં પડ્યો પડ્યો વાઘ ઉંઘતો હોય તેની મૂછના બાલ જે ઉતારી લાવે તે હજામ ખરે ખરો હુશિયાર કહેવાય." બીરબલની આ વાત લગભગ સર્વેને નાપસંદ પડી, પણ એક જણ છાતો કાહાડી સામો આવી ઉભો કે, સાહેબ, એમાં તે શી મોટી વાત છે? હું તમો કહો છો તેમ પાંજરાંમાં સુતેલા વાઘના મૂછના મોવાળા ઉતારી લાવું. બીરબલે કહ્યુ કે, ચાલો, ભાઇ સાહેબ, ચાલો તમારો હુનર પ્રત્યક્ષ બતાવો. એમ કહી બંને જણ વાઘનાં પાંજરાં આગળ ગયા. વાઘમામા તો ઉંઘતા હતા અને ફૂંફાડા મારતા હતા. તે જોઇ હજામે હાથમાં કાતર લઇ વાઘનાં મોહોડાં તરફ હાથ લાંબો કરવા માંડ્યો. બીરબલ હજામની તે હિમ્મત જોઇ બીધો, અને તરત તેણે તેનો હાથ પાછો ખેંચી લીધો, અને કહ્યું કે, ભાઇ સાહાબ, તમારી હુશિયારી મેં જોઇ લીધી, તમારી આખી જ્ઞાતમાં તમારા જેવો બીજો કોઇ હુશિયાર હોય એમ જણાતું નથી. વાઘ જાગે અને તને મારી નાખે એ ભયથી મેં તારો હાથ પાછો ખેંચી લીધો છે. પછી બાદશાહને બીરબલે કહ્યું કે, હજામની આખી ન્યાતમાં આજ માત્ર હુશિયાર છે. બીરબલની આ સર્ટીફીકેટ મળવાથી બાદશાહે તે હજામને ભીમપોર ખાતે માણેકચંદને ત્યાં મોકલી આપ્યો.

## બે ભેદી મુસાફરો–તેમની પંડિતાઇની પરીક્ષા.

એક સમયે બાદશાહ પોતાના મનોહર બાગમાં દરબાર ભરીને બેઠો હતો, તેવામાં તેમાં બે મુસાફરો આવી ચઢ્યા; અને તેઓ બંને કોણ હતા તે પારખી કહાડવાને શાહને અરજ કીધી. તેમનો આ વિચિત્ર સવાલ સમજીને, શાહ તેમ જ બધા દરબારીઓ તેમની તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા. તેઓ બંને એકમેકને એવા મળતા આવતા હતા કે તેઓ કોણ છે તે સમજવું બહુ જ મુશ્કેલ કામ થઇ પડ્યું. શાહે જરાવાર વિચાર કરી તમામ દરબારીઓને કહ્યું કે, આ મુસાફરો કોણ છે તે પારખી કાહાડો. હવે કેમ કરવું તેના વિચારમાં બધા પડ્યા. કોઇની તે પારખવાની હામ ચાલી નહી, પણ આ તરફ બીરબલીઓ બેસીને આંખ્યો ચુંચી કરી વિચાર જ કરતો હતો. તેણે તે પારખવાની હામ બીડી. તેણે તે બન્નેને સાથે બેસાડી એક મુસાફરને કહ્યું કે, એક સવાલ પુછું તેના ખરેખરા જવાબ આપશો ? તેણે હા પાડી.

બીરબલ–તમે ક્યાં રહો છો ?

પેહેલો મુસાફર–હું દરેક ઠેકાણે રહું છું, મારૂં એક ચોક્કસ ઠેકાણું નથી.

બીરબલ–તમે શું કરો છો ?

પહેલો મુસાફર–હું દોડનાર છું; આખી દુનિયાના દરેક ભાગમાં હું દોડું છું. જ્યાં કોઇનો પ્રવેશ નહી થાય એવા ગમે તેવા ખાનગી ભાગમાં પણ વગર અટકાવે હું દાખલ થઇ શકું છું.

બીરબલ–તમારી સત્તા કેટલી છે ? તેમ જ બીજું પણ તમારા વિષે જેટલું જણાવી શકતા હો તેટલું મને કહી દેવો.

મુસાફર–મારી સત્તા અણહદ છે; માત્ર આ દુનિયા ઉપર જ હું ફરતો નથી; પણ આકાશમાં સુદ્ધાં ફરી શકું છું; મને જોતાં જ સાગર અને ભુમી કંપવા મંડી જાય છે; જંગલનાં મોટાં ઝાડો જડમૂળથી ઉખડી જાય છે. જ્યારે હું ફરવા નિકળું છું ત્યારે દરેક જણને કડકડ મારતો જાઉં છું, છતાં મને પકડવાની કોઇ સત્તા ધરાવતું

નથી. દરેક જણ મારૂં નામ જાણે છે; છતાં કોઇએ મને દીઠો નથી. મારા વડે જ બધું છે; હું ન હોઉં તો આ પૃથ્વીમાં ઘણી ગડમથલ થઇ જાય.

બીરબલે વિચાર કરી કહ્યું કે, "ઠીક, જરા ઉભા રહો, આ તમારા સોબતીને સવાલ કરવા છે તે કરી તેના જવાબ લઇને સામટો જવાબ આપું.પછી બીરબલે તે બીજા મુસાફરને નીચે મુજબ સવાલો પૂછ્યાઃ—

બીરબલ—તમે કયાં રહો છો?

મુસાફર—હું દરેક સ્થળે રહું છું, મારા વગર કોઈ પણ સ્થળ ખાલી નથી.

બીરબલ—તમારી સત્તા કેટલી છે?

મુસાફર—પહેલા મુસાફરના જેટલી જ મારી પણ સત્તા છે.

બીરબલ—તેના જેટલા તમે નુકસાનકર્તા છો કે નહી?

મુસાફર—હું નુકશાન કરૂં છું, છતાં લોકો મને પાપી ગણતા નથી, તેમ મને સજા પણ કરતા નથી.

બીરબલ—તમારે કાંઈ બીજું વધારે કહેવું હોય તે કહી દયો?

મુસાફર—મારા માટે કહેવાનું થોડું જ છે. આ મારા ગોઠિયા મુસાફર વગર હું જીવી જ નહી શકું; જેટલી એની ગતિ છે તેટલી જ મારી પણ છે; મારા વગર કોઈ પણ મનુષ્ય પ્રાણી ખાલી નથી. તેમ જ તે જીવી પણ ન શકે; મને પાંજરા જેવી વસ્તુમાં પોપટની પેઠે બંધ રાખવામાં આવે છે; આ મારો સોબતી મને દરેક પ્રકારની મદદ કરે છે, એથી એનો હું આભારી છું. હવે બીજું વધુ કાંઈ કહેવાનું નથી, માટે હું કોણ છું તે કહો?

બીરબલે શાહને કહ્યું કે, "જનાબ, આ બંને કોણ છે તે આપ કહો તો હું કહી આપું?"

શાહે તેમ કરવાની બીરબલને રજા આપી.

બીરબલ—સાંભળો ત્યારે, આ પહેલો મુસાફર પવન છે અને આ બીજો મુસાફર મન છે.

બંને મુસાફરોને ખરા જવાબ મળ્યાથી તેઓ બીરબલની વાહ વાહ પોકારતા ત્યાંથી ઉઠીને ચાલતા થયા. શાહે તેમને અટકાવી,

ત્યાં જ રહેવા ફરમાવ્યું, પણ તેમ કરવાને સાફ ના પાડી, તેઓ બોલ્યા કે હમે ઘણેક ઠેકાણે ફર્યા પણ હમોને ખોલાસા મળ્યા નહી, પણ આ દરબારમાં બીરબલ જેવાં રત્નો પડ્યાં છે એવી અમારી ખાત્રી થઈ છે તેથી અમે અમારે સ્થાને જઇએ છીએ.

શાહના પૂછવાથી તેઓએ વધુ ખોલાસામાં જણાવ્યું કે, અમે દક્ષિણના રહીશ છીયે, પણ બાળપણાથી અમારે કાશીમાં રહેવું થયું હતું; અને ત્યાં જ રહી ભણ્યા છીયે. અમારા પિતા અમારા માટે થોડીક પુંજી મુકી ગયા હતા. અમે બંને ભાઇ છીએ. પિતાનાં મરણ બાદ અમે સ્વદેશ ગયા તો ત્યાં અમોને અમારૂં કોઈ સગું સંબંધી મળી શકયું નહી, એટલે અમને **પવન** અને **મન**નાં નામ ધારણ કરી નગરે નગર ફરતાં બે વર્ષ થયાં; પણ અમારા સવાલનો જવાબ કોઇએ આપ્યો નહી. પણ અંતે અમે અહીં તે ખોલાસા મેળવ્યા; હવે અમે કાશી પાછા જઈ રહીશું. શાહે તેમને કેટલાક સવાલો પુછી ખાત્રી કરી લીધી કે તેઓ ખરા પંડિત છે, એટલે બહોંસ કરી તેમને પોતાને ત્યાં જ રાખી લીધા.

## ન્યાયનો ઘંટ.

પોતાના રાજઅમલમાં રૈયતના ગમે તેવા રાય અને રંક દરેકને એકસરખો વાજબી ન્યાય મળે તે વાતની શાહને બહુ કાળજી હતી. પોતાની પાસે કોઇ પણ ઇનસાફ માંગવા આવે તેને કદાચ દરવાન અટકાવે અને તે જો ગરીબ હોય તો નિરાશ થઈ જાય. અને કદાચ પૈસાદાર હોય તો દરવાનને લાંચ રૂસ્વત આપીને પણ મેહેલમાં દાખલ થઈ શકે. તેવું ન બને તે માટે શાહે એક તદબીર રચી હતી. શહેરની વચ્ચોવચ્ચમાં એક થાંભલો ઉભો કરી એક સાંકળ બંધાવી હતી. સાંકળનો બીજો છેડો પોતાના મહેલમાં રાખ્યો હતો, અને તેને છેડે એક ઘંટ લટકાવી રાખ્યો હતો. બજાર વચ્ચે રાખેલી સાંકળનો છેડો કોઈ ખેંચતું કે તરત મેહેલમાં સાંકળ સાથે જોડેલો ઘંટ વાગવા માંડતો. તે સાંભળતાં જ તૈયાર રાખેલા માણસો ત્યાં દોડી જતા, અને ઘંટ કોણે વગાડ્યો છે તેને શોધી કહાડી તેને બાદશાહ હજુર લઈ

આવતા. બાદશાહ તેની અરજ સાંભળતો અને તેને ઘટતો ન્યાય આપતો. તે ઘંટ સવાર અને સાંજ એમ બેવાર વગાડવા દેવામાં આવતો હતો.

એક દિવસે ભર મધ્યાન સમયે સખત તાપ પડતો હતો, અને બાદશાહ રંગમેહેલમાં સૂતો હતો. માથા આગળ બે દાસીઓ ઉભી રહી વાળના પંખાથી પવન નાખતી હતી. બે નોકરો પગચંપી કરતા હતા. તેઓને માહોમાહે કાંઈ વાતચીત કરવી હોય તો હાથની ઇસારતથી કરતા હતા. રખેને બાદશાહની ઊંઘમાં ખલલ પડે તે કારણથી મોઢેથી એક શબ્દ સુદ્ધાં બોલતા ન હતા. એટલામાં એકદમ પેલો ઘંટ વાગ્યો. તે સાંભળી શાહ એકદમ જાગી ઉઠ્યો. આ કઢંગે વખતે આટલા જોરથી ઘંટ કોણ વગાડે છે તે જાણવાની ઇંતેજારીથી શાહે તરત માણસ દોડાવ્યા. થોડીવારમાં માણસો ખાલી હાથે પાછા આવ્યા, અને ખબર આપી કે એક બળદ તે ઘંટની સાંકળ હલાવતો હતો, તેથી ઘંટ વાગતો હતો, માટે તેઓ તે બળદને ત્યાંથી આઘો પાછો હાંકી આવ્યા હતા. પણ તેઓ મેહેલમાં આવ્યા પછી ફરીવાર ઘંટો ઠોકાતો સંભળાયો. એટલે બાદશાહે તેમને તાકીદ કરી કે, જુઓ ફરીવાર ઘંટ વાગે છે, માટે ફરીવાર જઇને બરાબર તેહકીક કરી આવો. ફરીવાર માણસો દોડ્યા તો પેલો જ બળદ ઘંટ વગાડતો જોવામાં આવ્યો. તેઓએ તેને પાછો હાંકી કહાડ્યો, અને ખાલી હાથે પાછા ફર્યા. હજુ તો તેઓ આવીને બાદશાહને ખબર આપે છે તેટલાં ફરીવાર ઘંટાનાદ થવા લાગ્યો. એટલે બાદશાહે તાકીદ કરી કે જે કોઈ ઘંટ વગાડતું હોય તેને આ તરફ લઈ આવો. પછી ગમે તો તે બળદ હોય કે કાંતો માણસ હોય. માણસો તરત ત્યાં દોડ્યા, ને જઇને જુએ છે કે પેલો જ બળદ ઘંટ વગાડતો હતો. તેને પકડી બાંધીને તેઓ શાહ હજુર લાવ્યા. બળદ આવી ગુપચૂપ બાદશાહના મેહેલ આગળ ઉભો. તેને બાપડાને કાંઈ વાચા ન હતી કે તે કાંઈ બોલી શકે. એટલી વારમાં બીરબલજી ત્યાં આવ્યા તેને જોઈ બાદશાહે તેને સવાલ કીધો કે, "બીરબલ, આ બળદે ત્રણ ત્રણવાર ઘંટો ઠોક્યો છે તે એની શી ફરિયાદ હશે?

બીરબલ તરત તે બળદ આગળ ગયો, અને તેના ઉપર હાથ પસ્વાર્યો, અને પછી બાદશાહને કહ્યું કે, "ખાવિંદ, આ બળદ એવી ફર્યાદ કરે છે કે જ્યારે એ જુવાન હતો અને મહેનતમજુરી કરી શકતો હતો, ત્યારે એનો શેઠ એને પેટપુરતું ખાવાપીવાનું આપતો હતો; પણ હાલ તે ધરડો થયો છે અને તેનાથી મહેનતમજુરી થઈ શકતી નથી, તેથી એને ખાવાપીવાનું આપવાને બદલે એના શેઠે એને ઘરમાંથી હાંકી કાઢ્યો છે, માટે આપ નામવરની ફરજ છે કે એની અરજ ઉપર આપે ધ્યાન આપવું જોઇએ છે."

બાદશાહે કહ્યું, બીરબલ, તારૂં કહેવું સત્ય લાગે છે, આપણે એની અરજ સાંભળી છે, તેથી એને વાજબી ન્યાય આપવો જોઇએ. એમ કહી માણસોને તાકીદ કરી કે, બળદને લઇને જાઓ, અને એનો માલેક કોણ છે તેને શોધી કહાડી અહીં દરબારમાં હાજર કરો.

આ હુકમ થતાં જ બે ચાર જણા બળદને લઇને તેના માલેકની શોધમાં ચાલ્યા. પુછતાં પુછતાં તેઓએ તે બળદના માલેકને મેળવી કાહાડ્યો. તેને બાદશાહનો હુકમ સંભળાવી, પોતાની સાથે મેહેલમાં લઈ આવ્યા. તે હાજર થતાંજ, બીરબલે તેને પુછ્યું, "શેઠ, આ બળદ તમારો છે?" પેલા વાણીઆએ જવાબ દીધો, "હા, સરકાર, એ બળદ મારો છે." બીરબલે પુછ્યું, "એ તમારો બળદ છે ત્યારે તમે એને રખડતો કેમ મુકી દીધો?" વાણીઆએ કહ્યું, "એનાથી હવે કાંઈ મહેનત મજુરી બનતી નથી તેથી મેં એને છોડી દીધો છે, હવે એ બળદ મને જોઇતો નથી."

બીરબલે લગાર ગુસ્સામાં આવી તેને પુછ્યું કે, "ભાઇ સાહેબ, એ જ મુજબ તમારા ઘરનું કોઈ માણસ અશક્ત થાય અને તેનાથી કામકાજ કરવાને નહી બને તો તેને કાઢી મુકો ખરા કે?" વાણીઓ બોલ્યો, "મેહેરબાન સાહેબ, ઘરનાં માણસને તે કાંઈ કાઢી મુકાય ખરો કે?"

બીરબલે લગાર કરડાકીમાં કહ્યું, "ભાઇ, ત્યારે આ મુંગો જનાવર જેણે પોતાની જવાનીમાં તમારૂં સખત ગદ્ધાવહીતરૂં કીધું, તેણે તમારા માટે ભારનાં ગાડાં ખેંચેલાં, એ તમને ભર ઉનાળામાં કે

ભર વરસાદમાં કે કકડતી થંડીમાં એક ગામથી બીજે ગામ લઈ ગયલો, એવા નિમકહલાલ પ્રાણીને ઘરમાંથી હાંકી કાઢયો તેથી એમ જણાય છે કે એ બાપડો ઘરડો થયો એટલે તમોને હવે મુદ્દલ કદર નથી; માટે આ બળદને સરકારી પાંજરાપોળમાં મોકલવાનો હોકમ કરવામાં આવે છે, અને તમારે તેના ગુજરાનના ખરચના પાંચસો રૂપીઆ આપવા."

વાણીઓ કરગરીને બોલ્યો, "સરકાર હવે એ બળદ તે કેટલાં વરસ જીવનાર છે? એના ખરચ માટે પાંચસો રૂપીઆ બહુ થઇ ગયા, એને હું મારે ઘેર લઇ જઇને પાળીશ."

બીરબલે કહ્યું કે, "શેઠજી, હવે તેમ થવું મુશ્કેલ છે. અત્રેથી જે હુકમ થયો છે તે તમારે બજાવવો પડશે. જો પ્રથમથી જ સમજીને તમે એને રાખ્યો હોત, અને તેની સંભાળ લીધી હોત તો તમારા બીજાં ઢોર સાથે એનું પણ પોષણ થાત; પણ હવે તો તમારે દંડ આપવે જ છુટકો છે."

આટલું બોલી બીરબલે માણુસને હુકમ કીધો કે, "જાઓ, આ બળદને સરકારી પાંજરાપોળમાં મુકી આવો, અને આ શેઠ જોડે જઇ એમના પાસેથી પાંચસો રૂપીઆ લઇ આવો." છેવટે વાણીઆભાઇને તતડાવ્યો કે "જો તમે દંડ આપવાની આનાકાની કરશો તો તમને છ મહીના કેદમાં મોકલવામાં આવશે." વાણીયા શેઠ તુરંગમાં સબડવાની બીકથી ગભરાયા અને પાંચસો રૂપીઆ દંડ ભરી છૂટયા.

## મારી મશ્કરી કરનાર તું કોણ? ચાલ્યો જા અહીંથી! તારા વગર ચાલશે! નવો દીવાન–ઢમઢોલ ને માંહે પોલમ પોલ! અંતે બીરબલ જીત્યો.

એક વેળાએ બાદશાહ અને બીરબલ એકબીજા જોડે ટોલટપ્પા ચલાવતા બેઠા હતા. તે વેળા બાદશાહની ડાગલી લગાર ચસકેલી હતી, અને તેમ જાણ્યા છતાં બીરબલે તો અસેમસે બાદશાહની ધૂમ ઠઠોલી બનાવી. બાદશાહ તે સમજ્યો, અને સમજી ગયો ત્યારે તેનું પરિણામ માઠું આવ્યું. બાદશાહે તેને ઘણો વાર્યો, પણ તે દિવસે

બીરબલને પણ કાંઇ જુદા જ પ્રકારનું શૂર છુટેલું તે, હસી હસીને બાદશાહને સતાવે. બાદશાહે મુંગે મોઢે જેટલું સહન થઇ શકયું તેટલું કીધું, અને પછી અંતે તરિયોપાવ ફેંકવા માંડ્યો. તે બખાલ્યો,–"બીરબલ, હાલ તું એકદમ મારા સામો થાય છે, અને સામી મને ઝાંઝ ચઢાવે છે; તો હું તને ફરમાવું છું કે આજથી તારે મારા દરબારમાં આવવું નહી; તારા વગર મને ચાલશે, તું એકદમ અહીંથી ચાલ્યો જા, હું તને એકદમ મારી હજુરમાંથી જવાની આજ્ઞા કરૂં છું."

બીરબલ આ તરિયાપાવ સાંભળી ભડકયો, અને જોયું કે હવે જો કાંઇ વધુ બોલીશ તો બાદશાહજી છે, નાહક હેરાન કરશે અને બદનામ થવું પડશે, માટે સબસે બડી ચૂપ, તેમ ચૂપકીદી પકડી, બાદશાહને નમીને બીરબલજી દરબારમાંથી વંજો માપી ગયા. છતાં તેના મનમાં તો ખરૂં કે, બાદશાહને મારી હાજરીની જરૂર પડતાં જ આપમેળે મને ગમે તે રીતે પાછો બોલાવશે. એમ કરતાં મહિનો દિવસ થઇ ગયો, પણ બાદશાહની તો રીસ જ નહી ઉતરી એટલે તેણે તો તેનું નામ જ નહી લીધું. બાદશાહે તેની ખોડ ભૂલાવવાને નવો દિવાન નેમ્યો. તેને કામચલાઉ રાખ્યો હતો, એવી ઇચ્છાથી કે જો કોઇ બીજો બીરબલ જેવો હાથ લાગશે તો એવણુને પાનદાન પકડાવીશું. પણ બીરબલને પોહોંચે તેવો દિવાન મલ્યો નહીં. છતાં તે બીરબલનું તો નામ જ નહી લેતો. દિવાનગીરી ઉપરથી નીકળ્યા પછી બીરબલ મહિનાએક સુધી તો ઘરે જ પડી રહ્યો, અને છૂપછાપ શહેરમાં ફરવા લાગ્યો. પણ અંતે થાકયો, અને પાછળથી તે ગેબ થઇ ગયો. ગેબ થયો તે એવો કે ઘરનાં માણસો વટિક નહી જાણે કે તે કયાં ગયો છે. ઘરનાં માણસોને પુછતાં તેઓ પણ તદ્દન અજાણપણું બતાવતાં. આ પ્રમાણે બે ત્રણ મહિના નીકળી ગયા.

હવે આ તરફ જે નવો દિવાન બાદશાહે નેમ્યો હતો, તેનાથી બાદશાહનું મન માનતું ન હતું. તેથી બાદશાહે વિચાર કીધો કે કોઇ નવો દિવાન શોધી કાઢવો, અને તેને પૂરેપૂરી પરીક્ષા કરી પછી જ દિવાનપદ ઉપર મુકરર કરવો. તેણે શેહેરેશહેર જાહેરનામા ફેરવ્યાં કે જો કોઇ ચતુર માણસ દિલ્લી દરબારમાં પુછાયલા સવાલોના

સચોટ જવાબ આપશે, તેને દિલ્હીની દિવાનગીરી આપવામાં આવશે; એક પણ સવાલનો જો મનમાનતો ઉત્તર તેના તરફથી નહી મળશે તો તેને રદ કરવામાં આવશે.

ઉપલું જાહેરનામું બહાર પડ્યા પછી એક મહિને શાહે દરબાર ભરવા ઠરાવ્યું હતું. પોતાની દરબારમાંથી પણ તેમાં ઉમેદવાર રહેવા માંગતા હોય તેમને હાજર રહેવા બાદશાહે હુકમ કીધો હતો. પણ કોઇ સવાલ ન આવડે અને આબરૂ જવાની વેળા આવે જાણી દરબારમાંથી ઉમેદવારી કરવા કોઇ બાહાર પડયું નહતું.

આખરે દિવાનપદના ઉમેદવારોની પરિક્ષા લેવાનો દિવસ આવી પોહોંચ્યો. આ દરબારમાં માત્ર નવો દિવાન ચુંટવો હતો, એટલે બાહેરનાને કોઇને આવવાની રજા ન હતી, માત્ર તમામ દરબારીઓ જ હાજર હતા. દિવાન તરીકેની પરીક્ષા માટે માત્ર પાંચ જ ઉમેદવારો હતા, તેમાં એક ઉમેદવારનો પોશાક બહુ વિચિત્ર હતો. મોટો પોહોળો પાયજામો પેહેર્યો હતો; શરીરે તેવો જ મોટો ખોલાં જેવો ઝભ્ભો પેહેર્યો હતો; માથે બધું માથું ઢંકાઇ જાય તેવો ફેંટો બાંધ્યો હતો; તે એવી રીતે વિંટાળ્યો હતો કે એક આંખ પણ ઢંકાઈ જાય; મોઢાં ઉપર દાઢી પણ લાંબી વધારી હતી. તેના વાળ અરધા સફેદ અને અરધા કાળા હતા. આ વિલક્ષણ મૂર્તિને જોઇ બધા દરબારીઓ મનમાં હસતા હતા. તેની આંખો લાલચોળ થઇને ચારે બાજુ ચમકતી હતી. બધા હાજર થયા પછી પરીક્ષક નેમાયલા ચાર વિદ્વાનોએ ઉમેદવારોને સવાલો પુછવા શરૂ કર્યા.

પ્રથમ જગન્નાથ પંડિતે સવાલ પુછવા માંડ્યા. તેમ કરતાં તેમણે ખુલાસો કીધો કે, આજની દરબારમાં પુછાયલા દરેક સવાલનો ખરો જવાબ જે કોઇ આપશે તેને જ દિવાન તરીકે આ દરબાર કબુલ કરશે, પણ જેનો એક પણ સવાલ ખોટો પડશે તેને બીજા વધારે સવાલો પુછવામાં નહી આવે. માટે પેહેલો સવાલ સાંભળો:-આ જગતના સમુદ્રમાં મોતીની છીપ કેટલી છે ?

પેલા પાંચમાંના ચાર જણા તો વિચારમાં જ પડી ગયા કે પંડિતરાજે આ શું ધતિંગ મચાવી દીધું ! તેઓ તો ચુપચાપ ઉભા રહ્યા,

છતાં તેમાંના કોઇએ ચાર લાખ, કોઇએ પાંચ લાખ, કોઇએ કરોડ એ પ્રમાણે જવાબો આપ્યા.

પણ પેલા ફેંટાવાળા ઉમેદવારે જવાબ દીધો, "સાહેબ, આખી દુનિયાના માણસોની આંખ જેટલી તે સંખ્યા ગણી લેવી."

વાહ, વાહ, અને શાબાસ શાબાસના પોકારો દરબારમાં ગાજી રહ્યા. પેલા ચારે ઉમેદવારોને બીજા સવાલો પુછવાના બંધ કરી બીજા સવાલો પેલા ફેંટાવાળા ઉમેદવારને જ પુછવા ઠરાવ્યું. તે ચારે જણા તો દલગીર થઇ ચાલ્યા ગયા, એટલે પંડિતરાજે બીજો સવાલ કાઢયો–" શરીરનું પેહેલું સુખ કયું ?"

ફેંટાવાળા ઉમેદવારે તરત જવાબ દીધો–"આરોગ્યતા."

ખાનખાનાને ત્રીજો સવાલ પુછયો–"સૌથી ઉત્તમ હથિયાર કયું ?"

ઉમેદવારે જવાબ દીધો–"અક્કલ છે એ, સૌથી ઉત્તમમાં ઉત્તમ હથિયાર છે."

ટોડરમલે ચોથો સવાલ પુછયો–"જો ખાંડ અને રેતી ભેલમ-ભેલા થઇ ગઇ હોય તો પાણીમાં ભીજવ્યા વગર રેતી શી રીતે જુદી પાડવી ?"

ઉમેદવાર–" તે ભેલમભેલા થયલી ખાંડ અને રેતીને જમીન ઉપર પાથરી મુકવી, જેથી કીડીઓ આવી ખાંડ ઘસડી જશે અને રેતી રહી જશે."

ખાનાખાનાને પાંચમો સવાલ પુછયો.–"તમારાથી દરિયાનું પાણી પી જવાશે ?"

ઉમેદવાર–"હા હું પી જઇશ."

ખાનખાનાને પુછયું–"તે કેવી રીતે પી જશો તે જણાવો ?"

ઉમેદવાર–"જો તમે દરિયાને મલતી બધી નદીઓ બંધ કરી શકશો તો હું દરિયાનું પાણી પી જઇશ."

ટોડરમલે સાતમો સવાલ પુછયો–"સૌથી નીચ ધંધો કયો ?"

ઉમેદવાર–"ભીક્ષાનો; ઉત્તમ ખેતી, કનિષ્ટ ચાકરી, નકટ ભીખ."

આ પ્રમાણે આ ઉમેદવારે બધા સવાલના સચોટ જવાબો આપ્યા. તેની ચતુરાઇ જોઇ તમામ દરબાર અજાયબીમાં ગરકાવ થઇ

ગઇ. આખરે તેણે પોતાની જબાન ખોલી એક પ્રશ્ન પુછવા માંગ્યો. દરબારીઓ બોલી ઉઠ્યા "ભલે, ભલે પુછો."

ઉમેદવારે પૂછ્યું–"આ દરવાજા ઉઘાડતાં અને બંધ કરતાં "ચું ચું" એવો આવાજ થાય છે તેનો અર્થ શો ?"

દરબારમાંથી કોઇ પણ તેનો જવાબ આપી શક્યું નહી. શાહ તે ઉમેદવાર ઉપર બહુ પ્રસન્ન થયો અને તેને દિવાનની પદવી આપવા તૈયાર થયો. તેને લાગ્યું કે બીરબલ જેવો દિવાન તેને આખરે મલ્યો ખરો. તેને આપવા માટે પોશાક તૈયાર કરવા બાદશાહે હુકમ આપી દીધો. હુકમ પ્રમાણે ખજાનચી પોશાક તૈયાર કરવા ગયો. પેલો ઉમેદવાર થોડોકવાર વિચાર કરી બોલ્યો, "ખાવિંદ, હું એક ગરીબ માણસ છું, આપના દિવાનની પદવીને હું લાયક નથી; જે ઓદ્ધો બીરબલ સરખા રત્ન સંભાળતા હતા તે મારાથી કેમ સંભાળી શકાય ?"

બાદશાહે કહ્યું, "મેં બીરબલને રુખસદ આપી છે. તે કોઈ ઠેકાણે જતો રહ્યો છે. મેં તેની ઘણી શોધ કીધી પણ તે મળતો નથી, અને તેથી જ મારે બીજો લાયક દિવાન શોધવા જરૂર પડી છે. જો બીરબલ આવ્યો હોત તો હું તેને જરૂર રાખત; તે ક્યાં છે તેની ખબર પણ મળતે તો તેને બોલાવી મંગાવીને પણ રાખતે. પણ તે ક્યાં છે તેની પણ ખબર નથી."

નવો દિવાન બોલ્યો, "ખુદાવિંદ, આપે જો તેની શોધખોળ માટે ખરાં મનથી મેહનત કીધી હતે તો આપ તેને જરૂર મેળવી શકતે. આપે તેને શોધવા માટે પૂરી મેહનત લીધી હોય એમ ભાસતું નથી."

બાદશાહે કહ્યું–"નહી, મેં તેને શોધી કાઢવા માટે મેહનત કરવામાં કાંઈ બાકી રાખી નથી, માત્ર કાંઈ તદબીર લગાવવી રહી ગઈ છે, તે જો અજમાવી હોત તો કદાચ તેમાં હું ફાવ્યો હોત."

નવા દિવાનજી બોલ્યા–"પણ, શાહે નામવર, જો હાલ તે પાછો આવે તો તમે તેને રાખો ખરા કે ?"

બાદશાહે કહ્યું, "અહોહો, હું તેને પાછો મેળવવાને બહુ આતુર છું."

નવો દિવાન બોલ્યો—"તો નામવર, તેનું મને ઠેકાણું ખબર છે. તે ક્યાં છે તે બધું હું જાણું છું."

બાદશાહે કહ્યું—"તો જો તમો મને તેનું ઠેકાણું કહેશો તો હું તમારો મોટો ઉપકાર માનીશ."

નવા દિવાને જોયું કે, આખરે પણ બાદશાહજી તો બીરબલને માટે તલબગારી કરે છે તો હવે તેમની ઇચ્છા તૃપ્ત કરવી ઠીક પડશે. તેણે પોતાનો ફેંટો જે આંખ સુધી હતો તે જરા ઉંચો કર્યો, પેલો ઝબો તથા પાયજામો ઉતારી લાંજ ફેંકી દીધો; મોઢાં ઉપર કૃત્રિમ દાઢી બાંધી હતી તે ખેંચી કહાડી અને બીરબલના ખરા સ્વરૂપમાં શાહની રુબરુ ખડો થયો. બાદશાહ તો ત્યાં આગળ ઓચિંતો બીરબલને જોઇ આનંદ પામ્યો, અને તમામ દરબારીઓએ પણ વાહ, વાહ પોકારી, બીરબલને જાણે વધાવી લીધો.

બાદશાહના પુછવાથી બીરબલે ખુલાસો કર્યો કે, "આપ ખાવિંદે મને દરબારમાં આવવા ના પાડી, પછી થોડા દિવસ તો હું શેહેરમાં જ ફર્યા કરતો હતો, પણ તે પછી ઘરમાં સંતાઇ રહી, કોઇ કોઇ વખતે રાત્રે વેષ બદલી ફરવા નીકળતો. રાતની વખતે ઘણીક વેળા હું ચોરોને પકડતો, પણ મને કોઇ ઓળખી શકતું ન હતું. જ્યારે મેં જોયું કે મારો આ છૂપો પોશાક બરાબર પાર ઉતર્યો છે ત્યારે હું દરબારમાં આવજા કરતો, અને તે વેળા આપણા છૂપા શબ્દોનો પણ ઉપયોગ કરતો. એ પ્રમાણે દરબારના રાહધાટ જોતો રહેતો અને જ્યાં કાંઇ ઉધું ચતું થતું જોતો તો ત્યાં તે જરાતરા સમું કરાવતો. આ પ્રમાણે કામ લેતાં આખરે આજનો દિવસ આવી પહોંચ્યો. પછી શું બન્યું તે તો આપ જાણો છો."

બાદશાહ બીરબલ ઉપર વધારે ખુશ થયો. નવા દિવાન માટે તૈયાર કરાવેલો પોશાક, સરપાવ સાથે તેણે બીરબલને બક્ષેસ કીધો; અને તેની અસલ જગાએ તેને મુકરર કીધો. તેને પાછો દિવાનગીરી ઉપર ચઢેલો જોઇ તમામ રૈયત પણ આનંદ પામી.

## ચાર સવાલ તેનો એક જવાબ.

એક સમયે બાદશાહે બીરબલને પુછ્યું, અરે બીરબલ, એક ગુરૂજીએ પોતાના ચેલાને ચાર જુદા જુદા સવાલો પુછ્યા અને તે ચારેનો એક જ જવાબ માંગ્યો હતો, તે સવાલ નીચે મુજબ હતો:—

પાન સડે, ઘોડા અડે, વિદયા વિસર જાય,
અંગારે રોટી જળે, કહો ચેલા કયું થાય ?

આ ચાર સવાલોનો એક જ જવાબ તું આપી શકશે ખરો કે ? બીરબલ.

બીરબલે કહ્યું, હા, નામવર, સાંભળો એનો એક જવાબ:—

"ફીરાવે નહી તો."

એ તેનો જવાબ છે. એનો ખુલાસો સાંભળો—જો પાનને ફેરવીએ નહી તો તે સડી જાય, ઘોડો જો બાંધ્યો રહે અને તેને પણ જરા ફેરવીને ઢીલો કરીએ નહી તો તે મસ્ત બની તોફાન કરે, વિદયાને કોઈ કોઈ વખતે ગોખીએ નહી તો તે ભુલી જવાય, અને તવા ઉપર ચરવા નાંખેલી રોટીને જો ફેરવીએ નહી તો તે બળી જાય.

## જવાબ એકનો એક—પણ એકની વાણીમાં કડવાસ અને બીજામાં મીઠાશ !

એક દિવસે રાતને સમયે બાદશાહજી પોઢેલા હતા તે વેળા તેમને એક સ્વપ્નું આવ્યું. તેઓએ એવો દેખાવ જોયો કે તેના બધા દાંત એકદમ પડી ગયા છે, અને માત્ર એક જ દાંત રહી ગયો છે. સવારના ઉઠતાં, બાદશાહના જીવને ચટપટ લાગી કે આ સ્વપ્નાનો ભેદ શો છે ? શોધી કહાડવો જોઇએ છે. તેણે તરત એક રમલ જોનારને બોલાવ્યો, અને તેને તે સ્વપ્નાની હકીકત કહી તેના પાસેથી તેનો ભેદ જાણવા માંગ્યો. તેણે બાપડાએ રમલ જોઇ કહ્યું કે, "ખુદાવિંદ, એ સ્વપ્નાનો ભેદ એ છે કે, તમારા બધાં સગાવાહલાઓ તમારી હૈયાતીમાં જ મરણ પામશે." તેણે કહ્યું તો સાચું, પણ તે જાણીને બાદશાહને ભારે ખોફ ચઢયો, અને આવી ભૂંડી વાણી કાઢવા માટે તે રમલ જોનારને બાપડાને હાંકી કઢાવ્યો. તે પછી તરત બીરબલ

આવ્યો. તેને ચિંતાતુર થઇ બેઠેલા શાહે સ્વપ્નાની વાત કહી તેનો ખુલાસો પુછ્યો. બીરબલે ધીમે સ્વરે જવાબ આપ્યો, ખુદાવિંદ એ સ્વપ્નાનો ખુલાસો ખુલ્લો જ છે; તે એમ કે આપ આપના સગાસંબંધીઓથી લાંબું આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી થશો. માત્ર એક જ દાંત રહી ગયો છે તેનો ખુલાસો એજ કે, એક જ સંબંધી આપનાથી વધારે આયુષ્ય ભોગવશે. રમલ જોનારનો અને બીરબલનો જવાબ જો કે બન્ને મતલબમાં એકસરખા છે, છતાં રમલ જોનારની ભાષા લગાર કડવાસ ભરેલી, ત્યારે બીરબલની મીઠાશ ભરેલી છે. બીરબલનો આ જવાબ સાંભળી શાહ પણ ખુશ થયો.

## કંજુસનાં કર્મની કહાણી–ભેંસની આગળ ભાગવત્

એક દિવસે એક કંજુસ પણ શ્રીમંત ગૃહસ્થની સ્તુતિની કવિતા બનાવી એક કવિરાજ તેને ઘેર ગયા. કવિએ તે કવિતા તે કંજુસકાકા હજુર ગાઇ સંભળાવી. કાકાજી સમજી તો ગયા કે કવિરાજ કાંઇ મતલબથી આવ્યા છે ખરા, પણ આપણા આગળ તેઓનું કાંઇ વળે તેવું નથી. કવિએ તેની સ્તુતિની કવિતા ગાઇ તેને ખુશી કીધો હતો તેમ કંજુસ કાકાએ કવિને પણ ખુશી કરવાનો વિચાર કીધો. તે બોલ્યો, "વાહ, વાહ, કવિરાજ, તમે તો ખુબ કરી છે હોં! તમારી શી વાત કહું! પણ તમે મારે ત્યાં આવતી કાલે પધારજો, એટલે હું તમને ખુશી કરીશ." આમ કહી કવિરાજને રૂખસદ આપી. કવિ મનમાં આનંદ પામ્યો કે, ચાલો, શેઠજી રીઝયા છે તો કાલે આપણને ખુશી કરશે. તે દિવસે કવિરાજનો આનંદ તો સમાયો જાય નહી. બીજે દિવસે બોલાવ્યા પ્રમાણે કવિરાજ લેહરમાં ને લેહરમાં કંજુસ કાકાને ઘેર ઉતરી પડ્યા. કંજુસકાકાએ જોયું કે આ પીડા તો પગે વળગી છે, એટલે તેને ખેરવી કહાડવાની તાળતલાવટ કરવા માંડી. કાકાએ પેહેલાંથી જ ગત લગાવા માંડી. જાણે તેને ઓળખતા જ નહી હોય તેમ તેને જોઇને પુછ્યું, "કેમ ભાઇ, તમે અહીં કેમ પધાર્યા છો? તમે કોણ છો? તમારૂં નામ શું છે?" આવો અજાણપણાનો દેખાવ કરવાથી કવિરાજ મનમાં ખેદ પામ્યા કે આ કાકા

એમ શું કરે છે? પણ જરા હીંમત રાખી બોલ્યો, "શેઠજી, તમે મને આટલામાં જ ભૂલી ગયા? હું ગઇ કાલે તમારી પાસે પેલી કવિતા લઇ આવ્યો હતો અને તેથી પ્રસન્ન થઇ તમે મને આજ બોલાવ્યો હતો તે ભૂલી ગયા કે? કંજુસે ઉત્તર આપ્યો, "ભલા માણુસ તે કાલની વાત તો કાલે ગઇ, તે કાલની વાત આજે હોય? તેં મને કવિતા કહી ખુશ કર્યો તો મેં તને કાલે આવવાનો વાયદો કરી ખુશી કર્યો; એ તો તારી કવિતાથી જેમ મને કાંઇ લાભ નહી થયો, તેમ મારા શબ્દોથી પણ તને કાંઇ લાભ ન મલ્યો; માટે એ તો સાટેપાટું થઇ રહ્યું, હવે બાકી શું રહે કે તેનો હજુ હિસાબ કરવાનો હોય! માટે જેવા આવ્યા છો તેવા જ રૂખસદે પાનદાન લઇ લેવો." કવિરાજ બાપડા નિરાશ થયા અને સમજી ગયા કે આ પાણીએ કાંઇ વાલ ચરે એમ લાગતું નથી, એટલે બોચકાં બગલમાં મારી તેઓ ત્યાંથી ચાલતા થયા.

તે વાતને કેટલાક દિવસ થઇ ગયા પછી કવિરાજ કાંઈ કામ પ્રસંગે બાહાર જતા હતા, તેટલામાં તેમને તેમનો એક મિત્ર મલ્યો. કવિએ તેના આગળ પેલા કંજુસકાકાની બધી વાત કહી સંભળાવી, એટલે તે બાપડો તો કલેજાં ધરીને હસવા પડ્યો. પ્રસંગ એવો બન્યો કે તેઓ વાત કરતા હતા તે તેમની પાછળ ચાલતાં ચાલતાં બીરબલ સાંભળતો હતો; કેમકે તે પણ તે વેળા ફરવા નીકળ્યો હતો. તે સાંભળી તેને કાંઇક ગમત કરવાનો વિચાર આવ્યો. તેણે તરત પેલા કવિરાજ તથા તેના મિત્રને ઉભા રાખ્યા. તેઓએ તો બીરબલને તરત જ પીછાણી લીધો. બીરબલે પેલા કંજુસ કાકાની બધી વાત સાંભળી લીધી. કવિરાજ પણ મનમાં ખુશી થયા કે કંજુસકાકાએ મને જે અપમાન કીધું છે તેનો કાંઇક ઉથલો વાળવાનો વખત આવ્યો. બધી વાત સાંભળી લઇ બીરબલે જણાવ્યું "તમે બંને જણ આજ સાંજે મારે ઘેર આવજો, આપણે એ બાબતમાં વાત કરીશું." કવિ તથા તેનો મિત્ર આથી ખુશી થયા. સાંજ પડતાં તેઓ બંને બીરબલને ત્યાં પોહોંચી ગયા. બીરબલે તેમને બેસાડ્યા અને પછી કહ્યું, "કવિરાજ, ચાર પાંચ દિવસ પછી તમારા

આ મિત્રને પેલા કંજુસને ત્યાં મોકલજો, તે મિત્ર કામકાજને બાહાણે તેના સાથે ઓળખાણ પાડે, અને પછી એક દિવસે તેને પોતાને ત્યાં જમવાનું નોતરું દઇ આવે. જે દિવસે તેને જમવા બોલાવ્યો હોય તે દિવસે મને પણ બોલાવી મંગાવજો. તે કંજુસ કાકાને જમવાનું નોત્રું તો દેવું છે; પણ તેને જમાડવો નથી તે યાદ રાખજો, પછી તે વખતે જે કાંઇ આગળ કરવાનું હશે તે હું કરી લઇશ."

આ પ્રમાણે તાગડો કરી, બીરબલે તેમને રજા આપી. કવિ તથા તેનો મિત્ર ચતુર હતા, એટલે બીરબલનો તાગડો પામી ગયા. થોડા વખતમાં પેલા કવિના મિત્રે કંજુસકાકા જોડે સારી ઓળખાણ પાડી. થોડા દિવસ જવા દઇ એક દિવસે તેણે પેલા કંજુસ કાકાને પોતાને ત્યાં જમવા આવવાનું નોતરું દીધું. કંજુસ આવવા કબુલ થયો. બીરબલને પણ ગોઠવણ પ્રમાણે આમંત્રણ કીધું. બીરબલ પણ પોતાનો વેષ બદલી ઠરાવેલા વખતે આવી બેઠો. થોડીવારમાં કંજુસકાકા પણ હરામની ધાઇ મારવા આવી ચઢ્યા, તેમને માનથી બેસાડ્યા. કવિ તથા બીરબલ તદ્દન નવીન વેષે આવેલા એટલે તેણે તેમને ઓળખ્યા નહી. થોડીકવાર સુધી તો તેઓ ગામગપાટા મારવા લાગ્યા. પણ જમવાની ધણુખરતો કાંઈ માલમ જ નહી પડે. કવિ તથા બીરબલ બંને તો જમી ખાઈ પરવારીને જ આવ્યા હતા, પણ કંજુસ કાકો તો ભૂખ્યો ડાંસ થઇ રહેલો હતો. થોડીવાર ગયા પછી જ્યારે ભૂખ નહિ ખમાઇ ત્યારે તે બોલ્યો, "ભાઇ, હવે જમવાને કેટલી વાર છે? જમવાની તૈયારી કરાવો તો ઠીક."

"પેલા કવિનો મિત્ર બોલ્યો, "જમવાની શાની તૈયારી? જમવાનું શું ને વાત શી?" કંજુસ કાકા ગભરાયા અને બોલ્યા, "તમે મને જમવા બોલાવ્યો હતો નહી?" બીરબલે હસતું મોઢું કરી કહ્યું, "કાકાજી, એ તો એમ કહીને તમને ખુશી કર્યા હતા, બાકી અમે તો કયારના જમી પરવાર્યા છીએ." આ સાંભળી કાકાજી તો રાતા પીળા થઈ ગયા કે આ મૂર્ખાઓએ મને સર્જીડ બનાવ્યો છે, એમ સમજી તેઓ કજીયો કરવા તૈયાર થયા. બીરબલે વિચાર્યું કે, હવે વાત વધી જશે માટે ખુલ્લા થઇ જવું. આમ ધારી બોલ્યો, "તો

ભલા માણુસ, આ બાપડા કવિને તેં એમ કહીને રખડાવી માર્યો હતો તે તેં મશ્કરી કરેલી નહી કહેવાય કે?"

કાકા હજુ કોઇને ઓળખતા ન હોય તેમ બખાળ્યા, "કવિ શી ને વાત શી! તું પોતે આટલો લવારો કરે છે, તો તું કોણ છે તે તો કહે?"

બીરબલે કહ્યું, "કાકાજી, હું બીરબલ છું, આ બિચારા કવિને બીજે દિવસે ખુશ કરવાની કબુલાત આપીને તેં રખડાવી માર્યો એ શું કાંઇ નહી કે? જા હમણા જ એને ખુશી કર, નહી તો પછી તને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવશે."

કંજુસ કાકાએ જોયું કે, આ તો સજ્જડ તાગડો રચાયો જણાય છે. બીરબલની ધમકીથી તેણે પેલા કવિને થોડાક પૈસા આપી ખુશી કર્યો, પણ એટલાયે પૈસા તેને કાઢવા પડ્યા તેથી તેનું શેર લોહી ઉડી ગયું.

❖❖❖❖❖❖❖

## ચીતારાને મળેલો ઠગ–તેની ઠગબાજી કેમ પકડાઇ?

દિલ્લી શેહેરમાં એક માણુસ રહેતો હતો. તે પોતાનાં શરીરને તરેહવાર આકૃતિઓમાં ફેરવી નાખવાની શક્તિ ધરાવતો હતો, અને તે ઉપરથી તેણે એક વખતે બાપડા એક ચીતારાને ઠગવાની યુક્તિ રચી. તેના જોડે પોતાની છબી ચીતરવાની બોલી કરી તેનું ચોક્કસ દામ ઠરાવ્યું. ચીતારો તેની છબી ઉતારી લઇ જઇ થોડા દિવસમાં તે ચીતરી તૈયાર કરી લાવ્યો. તે જોઇ, પેલા માણુસે પોતાનો ચેહેરો એવી રીતે ફેરવી નાખ્યો કે, છબીમાં અને તેમાં તો આસ્માન જમીનનો ફરક જણાયો. આ બાહાનું કહાડી તેણે તે ચીતારાને, છબી બરાબર નથી, એમ જણાવી પાછી આપી, અને સુધારીને બીજી લાવવા કહ્યું. તે દિવસે તે બાપડાએ ફરી વાર તેની છબી ઉતારી અને તે ઘરે જઈ તૈયાર કરી લાવ્યો. આ વેળાએ પણ પેલા ઠગારાએ પોતાના ચેહેરાની આકૃતિ વળી નવી જ રીતે ફેરવી નાખી, અને છબી બરાબર નથી, એમ કહી તે ચીતારાને માથે મારી. આ પ્રમાણે ચીતારો બાપડો કાંઇ ચારપાંચેક વખત છબી બનાવી લાવ્યો, પણ પેલા ઠગારાએ તો તે પોતાના ચેહેરાને બિલકુલ મળતી નથી એમ બાહાના કહાડી

તેને માથે નાખી. ચીતારો બાપડો વિચારમાં પડ્યો કે આમ કેમ થાય છે? એટલે તેને પણ કાંઇક વહેમ પડ્યો કે, આ માણસમાં સ્વરૂપ ફેરવી નાખવાનું કાંઇક સામર્થ્ય હોવું જોઇયે. એટલે હવે તે જે છબી બનાવી લાવેલો તેમાં કાંઇ પણ ફેરફાર કરવાની સાફ ના પાડી, અને પૈસા માંગવા લાગ્યો. પેલા ઠગે તો એક પૈસો પણ આપવાની ના પાડી કહ્યું કે, મારી છબી બરાબર નથી એટલે પૈસા શી ને વાત શી? ચીતારો તો બોહોંસ કરવા લાગ્યો, અને પૈસાનો તકાજો કરવા લાગ્યો. ઠગભાઈ પણ કાંઈ કાચા ન હતા. તેમણે તો વિકાળ મોઢું કરી પેલા બાપડાને મારવાની ધમકી આપી. ચીતારાએ જોયું કે હવે તો ઇનસાફની દેવડીએ ચઢ્યા સિવાય છુટકો થનાર નથી. એમ સમજી તે તરત ત્યાંથી બીરબલ પાસે ગયો, અને પેલી બધી છબીઓ બતાવી તેને સઘળી વાત કહી. બીરબલે બધી વાત સાંભળી લઇ વિચાર્યું કે આ બાપડા ગરિબ કારીગરને પેલાએ કાંઇ પણ યુક્તિથી ઠગી કહાડ્યો છે ખરો, માટે એનો ઘાટ બરાબર ઘડવો જોઇયે. તે તરત સમજી ગયો કે આ માણસ પોતાનું સ્વરૂપ બદલી નાખવાની કળા સારી પેઠે જાણતો હોવો જોઇએ, માટે બાપડા ચીતારાના પૈસા કેમે કરી અપાવવા જોઇએ.

આમ વિચારી બીરબલે પેલા ચીતારાને કહ્યું, "બે દિવસ રહીને એક ખાલી આરસી લઈ પેલાને ત્યાં તું જજે. તે વેળાએ મારા બે અમલદારો તારી સાથે છુપા વેષમાં આવશે. તે માણસને કહેજે કે, હું તમારી આબેહુબ છબી પાડી લાવ્યો છું; આમ કહી તેને આરસી બતાવજે, એટલે તેમાં તેનું મોઢું દેખાશે. તે ગમે તેવો ચેહેરો ફેરવશે તો તે જ પ્રમાણે તેનો ચહેરો આરસીમાં તેને જણાશે."

ચીતારો તો બીરબલના શીખવ્યા પ્રમાણે બે ત્રણ દિવસ પછી એક મોટી મોઢું જોવાની આરસી લઇ, તથા બે અમલદારોને છુપા પોશાકમાં સાથે રાખી પેલા માણસને ત્યાં ગયો. ત્યાં જઇ તેણે પેલાને કહ્યું, "શેઠજી, તમારી આબેહુબ છબી ચીતરી લાવ્યો છું, માટે જુઓ."

આમ બોલી, તે ચીતારાએ તેના મોઢાં સામે આરસી ધરી. એટલે પોતાના ચેહેરામાં ગમે તેવો ફેરફાર કરે તો આરસીમાં તો

તે જેમ કરે તેમ જ દેખાય. પેલાએ જોયું કે, ચીતારાએ આપણને આ તદબિરથી ફસાવ્યા છે ખરા, પણ હવે તો ગમે તેમ કરી ફેરવી તોલવું પડશે. એમ જોઈ તે બોલ્યો, "ભાઇ, તું આ આરસી બતાવી શું કરે છે?" ચીતારો બોલ્યો, "શેઠ તમારી ખરેખરી છબી બતાવું છું." પેલો ઠગ બોલ્યો, પણ મેં તને મારી છબી પાડવાનું કહ્યું છે જ ક્યારે? ચીતારો બોલ્યો, "શેઠ તમે આમ ફરી શા માટે જાઓ છો? તમે પોતે જ મને તમારી છબી પાડવાનું કહ્યું છે; હવે મેં તમને તમારી ખરેખરી છબી બતાવી, ત્યારે આમ ગલ્લાંતલ્લાં શા માટે કરો છો? માટે આપણા ઠરાવ પ્રમાણે મારી મહેનતના પૈસા ચુકવી આપો."

પેલાએ તો પૈસા આપવાની સાફ ના પાડી. તે જોઇ પેલા બે અમલદારો જે આટલી વાર ચુપચુપ ઉભા હતા તેઓ બોલ્યા, "શેઠજી, હવે વધુ ખટરાગ છોડી દેવો, અને કાંતો આના પૈસા આપી દેવો, ને કાંતો અમારી સાથે દરબારમાં ચાલો."

પેલાએ લગાર ગરમ થવાની બાજી તો લડાવી અને બોલ્યો, "જાઓ જાઓ તમારે રસ્તે ચાલ્યા જાઓ, તમે મને દરબારમાં લઇ જનાર કોણ?"

તરતજ પેલા અમલદારોએ પોતાનો ઉપરનો છુપો પોશાક ઉતારી નાખ્યો, અને ખરા દરબારી પોશાકમાં તેની સામે ખડા થઈ ગયા. તેમને જોઈ પેલા ઠગભાઇ ગભરાયા કે, ચીતારાએ તો મક્કમ તાગડો રચ્યો છે, એટલે ગભરાઇને ચીતારાને પૈસા આપવા માંડ્યા, પણ અમલદારોએ તે લેવાની ના પાડી, અને તેને પકડીને દરબારમાં બીરબલ હજુર લાવી ઉભો કીધો. બીરબલે તેને ઘણા ઉલટપાલટ સવાલો પૂછવા માંડયા, પણ પેલાએ તો તેના ઉડાવનારા જવાબ આપ્યા કીધા, એટલે બીરબલે ઇસારત કરી સીપાઇઓને ચાબુક લાવી તેને ફટકાવવાનો હુકમ કીધો. તે જોઇ ઠગભાઈ ઠેકાણે આવી ગયા. બીરબલે તેને ઠગાઇના વાંક માટે અપરાધી ઠરાવી, ચીતારાની મહેનતનું પુરૂં દામ અપાવ્યું અને ઉપરથી તેને ઠગાઈ માટે સજા કીધી.

## ખુશ યા નાખુશ!

રમજાન મહિનામાં એક દિવસે બાદશાહ અકબર દરબારમાં બીરાજમાન થયા પછી બધું ચુપચાપ જોઇ તેમણે કાંઇક ગમ્મત ચલાવવાને ખાતર એક સવાલ ઉભો કીધો, અને તેનો ખોલાસો બીરબલ પાસે માંગ્યો. તેણે પૂછ્યું, બોલો, બીરબલજી, આ રમજાન ખુશ જાય છે કે નાખુશ? બીરબલને જવાબ શોધવા જવું પડે તેમ હતું નહી. તેણે તરત બોલી દીધું, "હજરત, ખુશ." બાદશાહે તરત પૂછ્યું, "ભલા કેમ કરીને ખુશ, તેનો ખોલાસો કર." બીરબલ બોલ્યો: "જનાબ જો ખુશ નહી હોય તો વગર કહેવે ને વગર બોલાવવે, તે પોતાની મેળે દર વર્ષે કેમ આવ્યા કરે છે?" બાદશાહ, આ સાંભળી ખુશી થયો.

## એક આંધળાની બદસુરત ઓરત.

દિલ્લીમાં એક આંધળો વસ્તો હતો. તે આંધળો હતો ત્યારે તેની સ્ત્રી તદન કદરૂપિ હતી. બંને વચ્ચે તે બાબત ઝઘડો ચાલ્યા કરતો હતો. સ્ત્રી બદસુરત છતાં પોતાને ઘણી જ સૌન્દર્યવાન માનતી અને બાપડા આંધળાને તરેહવાર બોલી પજવતી. એક દિવસે તેણી પરમેશ્વરની પ્રાર્થના કરી રહી બોલી કે, "હે ઇશ્વર, મને જો તેં આટલું સ્વરૂપ આપ્યું છે તો મારા ખાવિંદને આંધળો કાં બનાવ્યો?" આ સાંભળી પેલા આંધળાનું પાકી આવ્યું, અને તે બોલ્યો, "હે પ્યારી, મારી તો આંખો નથી કે હું તારી સુરત દેખું, અગર એટલું તો જાણી શકું છું કે, જો તારી સુરત અચ્છી હતે તો તું મારા સરખા આંધળાને ઘેર કેમ આવતે? આ પછી બંનેનો કિસ્સો પતી ગયો.

## મૂર્ખની મિત્રતા–કવિ ગંગનાં કવિતબાણની બલીહારી.

એક દિવસે બાદશાહ પાસે ખાનગી મિત્રમંડળ ભેગુ થયું હતું. તેમાં તરેહવાર રમુજી ટુચકા ટહુકાઓ ચાલતાં કવિ ગંગને બાદશાહે પાણી ચઢાવ્યું કે, કવિરાજ મૂર્ખની મિત્રતા વિષે કાંઈ અક્કલ–પસંદ કવિત સંભળાવો. કવિરાજ તો બાણ છોડવાને તૈયાર હતા, એટલે તેઓએ ખોંખાર મારી લલકારવા માંડ્યું:—

**સવૈયા.**

ગંગ તરંગ પ્રવાહ ચલે ઓર,
કૂપકો નીર પીઓ ન પીઓ,
અબ્બ હ્રદે રઘુનાથ બસે તો,
ઓરકો નામ લીઓ ન લીઓ.
કર્મસંજોગ સુપાત્ર મીલે તો,
કુપાત્રકો દાન દીઓ ન દીઓ,
કવિગંગ કહે સુન શાહ અકબર,
મૂર્ખ મિત્ર કીયો ન કીયો.

બાદશાહે આ સાંભળી કવિને વધારે રસ ચઢાવવા, વાહ, વાહ પોકારી, કહ્યું કે, "તારા વગર આવાં સમયસૂચક વાકયો ગર્ભિત અર્થવાળાં કોણ કહી સંભળાવે ?" તેમ જોઈ કવિરાજ બોલ્યા, "ખુદાવિંદ, હજુ પણ કાંઇક બાકી છે તે સાંભળોઃ—

**કવિત.**

ધન દેવે ધામ બાતકો વિશ્રામ દેવે,
રાજકી લગામ દેવે એસો મિત્ર પેખ્યો હે;
સમયાનુકૂળ રેવે ભૂલથાપ નહી દેવે,
નિષ્કપટ ન્યાયી કુડકપટ જીને છેકયો હે;
બાત ગુપ્ત રાખે દાખે બોલ ના કદી ઉથાપે,
પ્રકૃતિ પિછાની જાની લાયક મન લેખ્યો હે;
કહત હે કવિ ગંગ સુનો મેરે દિલ્હીપતિ,
સમયપેં સીસ દેવે એસો કોઈ દેખ્યો હે ?

બાદશાહે વધુ ખુશ થઈ કવિરાજને તરત કીમતી સરપાવ આપ્યો.

## દુરિજનની દુષ્ટતા–ગંગનાં વધુ વાગબાણ.

મિત્રતા ઉપરથી વાત આગળ વધી. શાહને તે દિવસે ગંગનાં વાગબાણો સાંભળવાની કાંઇક વધુ ઓછી ચુડ થઈ આવેલી, એટલે તેણે દુરિજનની દુષ્ટતા ઉપર કાંઇક સંભળાવવા ગંગજીને વિનવ્યા. તેઓની

લપલપી તો તૈયાર જ હતી, એટલે હેં હેં હેં કરી ખોંખારો કરી તેઓએ મંડળ ગજાવવા માંડ્યું:–

કવિત.

અકારણ કલેશ કરે ઇર્ષામેં અંગ જલે,
રંગ દેખી રીઝે નહી દષ્ટિ દોષ ખડો હે;
આપકો ન કરે કાજ પરકો કરે અકાજ,
લોગનકી છાંડી લાજ અસૂયામેં અડ્યો હે;
મન બાની કાયા ક્રૂર ઓરકું સતાવે શૂર,
કામ ક્રોધ હો હજુર વિધિને કયું ઘડ્યો હે;
કહત હે કવિ ગંગ શાહનકે શાહ શૂરા;
દુનિયામેં દુઃખ એક દુરિજનકો બડો હે.

આ કવિત બોલી ગંગે સાર કહ્યો કે, "ખુદાવિંદ, દુરિજન પુરૂષ પોતાની દુષ્ટતા કદી છોડતો જ નથી."

શાહે ફરી વાહવાહ પોકારી બીરબલને કહ્યું, "બીરબલ, ગંગ જેવા કવિરત્નો વગરની દરબાર પણ નકામી જ ગણાય હોં?"

બીરબલ કયાં ઓછો હતો. તે વધુ રંગ જમાવવા અર્થે બોલ્યો, "ખુદાવિંદ, ગંગ જેવા બારોટોની મદદથી જ કેટલીક વાર તો લડાઇમાં જય થાય છે, એટલું જ નહી પણ ઘણીક વાર લથડેલી બાજી પણ પલટાઈ જાય છે, વળી લશ્કર થાકી ગયું હોય તો જેટલી બીજાં કશાએ નહી તેટલી આવા કવિઓનાં કવિતોજ તે થાક ઉતારી નાખી તેને સતેજ કરી આપે છે, અને નામર્દને પણ ઘડીભરમાં મર્દાને મર્દ બનાવી દે છે."

બાદશાહને તે દિવસે કાંઈ અજબ શોખ થઈ આવેલો, એટલે બીરબલને ધીમેથી કહ્યું કે, "ગંગરાજને કાંઈવધારે રંગજોશ ચઢે તેમ કરો."

બીરબલની કયાં ના હતી. તે પણ એવી જ ગમત કરતો હતો એટલે બોલી ઉઠ્યો: "અરે ખુદાવિંદ, આપ જો આજ્ઞા કરશો તો ગંગરાજ તો આવી બાબતમાં તૈયાર જ છે; તેઓ પાસે તો બધા ભંડારને ભંડાર જ તૈયાર છે, તેમને કયાં શોધવા કે વિચારવા જવું પડે તેમ છે?"

બાદશાહે હસીને કહ્યું, તો લ્યો. મને એક ચરણ યાદ આવી ગયું છે. તેની પાદપૂર્તિ કરવી છે; તે ચરણ આ રહ્યું:–

કર્મ છુપે નહી ભભુત લગાયે

આમ છે, માટે એની પાદપૂર્તિ ભલે કોઈ પણ કરી આપે.

ગંગરાજ તરત હોંકારો કરી ઉઠ્યા, અને બોલ્યા, એ પાદપૂર્તિ તો થઈ છે, માટે સુન લીજીએ:–

**સવૈયા.**

તારાકી જોતમેં ચંદ્ર છુપે નહી,
સુર છુપે નહી બાદલ છાયો;
રણ ચઢયો રજપૂત છુપે નહી,
દાતા છુપે નહી ઘર મંગન આયો;
ચંચલ નારકો નેન છુપે નહી,
પ્રીત છુપે નહી પુંઠ દીખાયો;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
કર્મ છુપે નહી ભભુત લગાયો.

આનો ભાવાર્થ સમજાવતાં કવિરાજ બોલ્યા કે, તારાના પ્રકાશમાં ચંદ્રનું તેજ કમી થતું નથી; તેમ વાદળથી કંઈ સૂર્ય છુપાઇ જતો નથી; રણસંગ્રામમાં ઝઝુમેલો રજપૂત પણ છુપો રહેતો નથી, તેમજ દાતા પુરૂષ પણ પોતાને આંગણે કોઇ માંગવા આવે તો પોતાની દાતારી દેખાડ્યા વગર રહેતો નથી; ચંચલ નારીનાં નેન છુપાં રહેતાં નથી, તેમજ પુંઠ બતાવ્યાથી પ્રીતિ, સ્નેહ પણ છુપાવી નહી શકાય; તેમજ કવિ ગંગ કહે છે કે, હે અકબરશાહ, સાંભળો કે ભભુત લગાડ્યાથી કર્મ છુપાઇ જ શકે નહી.

શાહે, ફરીવાર આફ્રીન પોકારી, પણ હજુ ધરાયો ન હોય તેમ ગંગને ઉશ્કેરવા બોલ્યો કે, "પણ ગંગરાજ આ બધું છુપાવવું હોય તો છુપાવી શકાય કે નહી? તે તો સમજાવો."

ગંગે જવાબ આપ્યો, "ખુદાવિંદ, એવો પણ સમય આવે છે કે, એક કર્મ વગર બીજું બધું છુપાવી શકાય છે, જુઓ સાંભળો:—

### સવૈયા.

દીન છુપે તથવાર ઘટે,
ઔર સૂર છુપત હે ગ્રેનકો[1] છાયો.
ગજરાજ છુપત હે સિંહકો દેખત,
ચંદ્ર છુપે અમાવાસ આયો.
પાપ છુપે હરી નામકો જાપત,
કુળ છુપે હે કપુત કો જાયો;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
કર્મ ન છુપેગો છુપે છુપાયો.

કવિરાજે એનો ભાવાર્થ સમજાવતાં જણાવ્યું કે, "ખુદાવિંદ તિથિની વધઘટથી એક દિવસ વધઘટ થાય છે તે છુપાયા સમાનજ છે, તેમજ ગ્રહણના યોગથી સૂર્ય પણ છુપાઇ જાય છે, અને અમાસને દિવસે ચંદ્ર પણ છુપાઇ જાય છે, અને ખાનદાની કુળમાં કોઇ કપૂત ઉત્પન્ન થાય છે તો તેનું ખાનદાની નામ બદનામ થાય છે." આ દાખલા આપી કવિરાજ કહે છે કે, હે અકબરશાહ, સાંભળો, આટલા બધાં છુપાવી શકાય છે, પણ માત્ર એક કર્મ છુપાવી શકાય તેમ નથી.

બાદશાહ તથા મંડળમાં ભેગા થયલા તમામ દરબારીઓ વગેરે કવિરાજના આ કવિતબાણો સાંભળી બહુ પ્રસન્ન થયા અને એકે એક જણ તેમનું ચાતુર્ય જોઇ વિસ્મય પામ્યા.

## બીરબલ તે બીરબલ જ-તે સાધારણ ગુણિકાથી પણ ઉતરે કે?

**બાદશાહની ગાદી ઉપર ફરાગત કરવાની નિર્લજ્જ માંગણી.**

દિલ્લીના બાદશાહની દરબારની ચતુરાઇનાં વખાણ દેશેદેશ સંભળાયાથી, ઘણાક દેશના રાજ્યકર્તાઓને ઘણીક વાર ઇચ્છા થઇ આવતી, અને તેનું પારખું કરવાને ઘણીક વાર તેઓ તાગડો પણ રચતા; પણ તેમાં અન્તે તેઓ જ ઠોકરાઇને મુંગા બેસતા. એક વાર

[1] ગ્રહણ.

સિંહલદ્વીપ સરખા દુરના દેશના રાજાને આ ચતુરાઇની પરીક્ષા કરવાની ચૂર થઈ આવી, અને તેથી તેણે એક તદબિર શોધવા માંડી. શોધતાં શોધતાં આ નહી, પેલી નહી, આ, એમ કરતાં વડા પ્રધાને એક યુક્તિ શોધી કહાડી. તેણે એવી યુક્તિ દેખાડી કે, આપણી દરબારી ગુણિકાને શીખવીને દિલ્લી રવાને કરવી; અને ત્યાં બાદશાહનું માન જાય એવી યુક્તિ કરવી. તે યુક્તિ પણ તેણે સુઝાડી; અને તે રાજાને પણ પસંદ પડી. તે પ્રમાણે ગુણિકાને તૈયાર કરી દિલ્લી મોકલી. કેટલેક દિવસે તે ગુણિકા દિલ્લી આવી પોહોંચી. દિલ્લી આવ્યા પછી તેણીએ ત્યાં એક મેહેલ ભાડે રાખ્યો; બે ચાર સીપાઇઓ રાખી લીધા. બીજા પણ નોકરચાકરોનો જમેલો રાખી લઇ, બડા ઠાઠથી તે રહેવા લાગી. પ્રખ્યાત ગવૈયા, તબલચી વગેરેનો સંઘ તો તે ઠેઠ સિંહલદ્વીપથી લાવી હતી. મેહેલને પણ બહુ અચ્છી રીતે શણગારી તેણે પોતાનાં ચરિત્રો ચલાવવા માંડ્યાં. તેણીને ત્યાં દરરોજ તરેહવાર ગાનતાન ચાલતું. તે સાંભળી મોટા મોટા માણુસો તેણીને ત્યાં નૃત્ય–ગાયન વગેરે જોવાસાંભળવા આવવા લાગ્યા. તેઓ તેણીનાં નાચ–ગાયનથી ખુશ થતા. પોતાને ત્યાં આવતા દરેક માણુસનું તે ભારે સન્માન કરતી, તેમને પાનગુલાબ આપતી; છતાં તેમના તરફની કાંઈ પણ નાની મોટી ભેટ સોગાદો લેવાની ધસીને ના પાડતી. આ નવી આવેલી ગુણિકાની વાત ધીમે ધીમે ખુદ દરબારમાં પણ ચાલવા લાગી; અને ત્યાંથી તે બાદશાહના કાન ઉપર પણ આવી. કેટલાકો જેઓ તેણીનું નૃત્ય–ગાયન વગેરે સાંભળી આવ્યા તેઓએ તો તેણીને સાતમે આસ્માને ચઢાવવા માંડી, એટલે સુધી કે, દિલ્લી દરબારની નૃત્ય–ગાયનવાળી ગુણિકા તો તેણીનાં આગળ કુચ બીસાદમાં નથી એવો પણ અભિપ્રાય જાહેર કરી દીધો. આ બધું સાંભળી બાદશાહનો વિચાર થયો કે, આ ગુણિકાનું નૃત્ય–ગાયન એક વેળા સાંભળવું ખરૂં; પણ બાદશાહ પોતે ચાલી ચલાવીને તેણીને ઘેર ગાયન સાંભળવા જાય તો ઠીક નહી. એમ ધારી, તેણીને દરબારમાં બોલાવવાનો વિચાર કર્યો. અને તે ગોઠવણ મુજબ, એક સીપાઈ પાસે તેણીને તેડું કરાવ્યું. પેલી ગુણિકાને તો તેવું જ જોઇતું હતું. તેડાંને માન આપી તેણે બીજે

દિવસે દરબારમાં જવા ઠરાવ કીધો. બાદશાહે પણ આ નવી આવેલી ગુણિકાનો નાચ જોવા તથા ગાયન સાંભળવાને આખી દરબારને નોતરૂં દીધું. બીજે દિવસે ઠરાવેલો વખત થતાં જ દરબારીઓ, દરબારમાં હાજર થવા લાગ્યા. બાદશાહે પણ તે દિવસે દરબારનો ખુબ ભપકો કરાવ્યો હતો. દરબારનું સરેસ્તાનું કામ ખલાસ થતાં જ બાદશાહે પેલી ગુણિકા જે બધું જરઝવેરાત પેહરીને પુર ઠાઠમાં આવી હતી તેણીને ત્યાં બોલાવી. સાધારણ લોકોને તેણે પોતાનાં નાચ-ગાયનથી મોહ લગાડ્યો હતો તે આ ખાસ તક બાદશાહ જેવાને મોહ પમાડવાને બાકી શા માટે રાખે? નાચ–ગાયન શરૂ થયાં; લગભગ બે ત્રણ કલાક સુધી તેણે તો પોતાની કળાથી બાદશાહ તથા આખી દરબારને ઠસ કરી નાંખ્યા. આ જોઈ બીરબલને બાદશાહે પૂછ્યું, "આને શું ઇનામ આપવું?" બીરબલે જવાબ આપ્યો; "ખુદાવિંદ, આનું નાચ–ગાયન સર્વોત્તમ છે, માટે આપની મરજી મુજબ ઈનામ આપો." બાદશાહે ખજાનચીને હુકમ કર્યો, એટલે ખજાનચી તરત જઈ અશરફીઓ અને ઉત્તમ પોશાક લઈ આવ્યો, અને બાદશાહે તે પેલી ગુણિકાને આપવા માંડ્યું. તે આ ઈનામ જોઈ બોલીઃ–"જહાંપનાહ, મૈં આપને નાચ-ગાયનથી રીઝવ્યા છે તે કાંઈ આપની પાસેથી આવું ઇનામ લેવાની લાલચે નહી, પણ આપ ગાયનના કદરદાન છો તે જાણીને જ." આ ઉપરથી બાદશાહ સમજ્યો કે, આ ગુણિકાને બીજું કાંઈ માંગવું હશે. આમ ધારી બાદશાહે પૂછ્યું, "તો, તારે કાંઇ બીજું માંગવું હોય તો માંગી લે." ગુણિકાએ કહ્યું, "હા જનાબ, આપની પાસે એક વાત માંગવી મારા મનમાં છે, પણ તે તો આપ વચન આપો તો માંગું." બાદશાહે જરા વાર વિચાર કરી ઉતર આપ્યો, "મારા ઘરસંસાર સિવાય-ની બીજી કોઇ પણ ચીજ માંગવી હોય તે માંગી લે, હું ખુશીથી આપીશ." ગુણિકાએ કહ્યું, "મારે જે ચીજ માંગવી છે તે તમારા ઘરસંસારની બાહેરની છે, પણ જો તમે વચન આપો તોજ તે માંગી લેઉં." બાદશાહે કહ્યું, "હું મારૂં બોલેલું કદી ફેરવતો નથી; જા મારૂં વચન છે, માંગ જે માંગશે તે આપીશ." આ સાંભળીને ગુણિકા થોડો વાર મુંગી ઉભી રહી, પછી વિચાર કરી બોલી, "ખુદાવિંદ, આપકી ગાદીપે એક

દફે ફરાગત (ઝાડે ફરવા) હોનેકા હુકમ મીલના ચઇએ." ગુણિકાનું આ બેઅકલી બોલવું સાંભળી બાદશાહ તથા તમામ દરબાર આશ્ચર્ય-ચકિત થઈ ગઈ. બાદશાહનું ખુલ્લું અપમાન પણ થયું. તેને ક્રોધ તો બહુ ચઢયો, પણ પોતે મોઢેથી વચન આપ્યું હતું, તેથી કાંઈ બોલી શકયો નહી. હવે શું થશે? તેના વિચારમાં બધા તલ્લિન થઈ ગયા. આખરે થોડીવાર વિચાર કીધા પછી બાદશાહે બીરબલની સલાહ પૂછી. બીરબલે ધીરજ આપી, "ખુદાવિંદ ફીકર નહી, આપણે એનો કાંઈ તોડ કાઢીશું." દરબારીઓમાં ગુસપુસ થતી હતી તે જોઈ, ગુણિકા તો મનમાં ખુબ મલકાતી બેઠી હતી. થોડી વાર પછી બીરબલ બોલ્યો, "ખુદાવિંદ આપણે આ ગુણિકાને વચન આપ્યું છે તો તે મિથ્યા થવું જોઇએ નહી." ગુણિકા બોલી, "હજુર, આપે મને માંગવાનું કહ્યું ત્યારે જ મેં માંગ્યું, હવે મને જે તે એક જવાબ આપો. માંગેલું ન મળશે તો હું ચાલી જઇશ." બીરબલે કહ્યું, "અરે પરદેશી ગુણિકા: આ દિલ્લીની દરબાર છે, આ નામવર બાદશાહ સાર્વભૌમ શહેનશાહ છે; એમની પાસે તું એવું કાંઈ માંગી લે કે જેથી તારૂં નામ ચંદ્રોકાળ યાદગાર રહી જાય. માટે બીજું કાંઈ માંગી લે." બીરબલનું આવું બોલવું સાંભળી ગુણિકા બોલી, "બીરબલ સાહેબ, જે ચીજની મેં માંગણી કરી છે તે ચીજ તમે આપી શકો તો આપો, નહી તો મને ચોખ્ખો જવાબ આપો કે, હું મારે અહીંથી ચાલતી પકડું." બીરબલે કહ્યું, "ખુદાવિંદ, આ ગુણિકાને આટલું બધું સમજાવ્યા છતાં સમજતી નથી, માટે એણે જે માંગણી કરી છે તે કરવા રજા આપવી જોઇએ. બાદશાહ બોલ્યો, "ખચીતજ, આપણે આપેલું વચન તો તોડવું જ નહી જોઇએ, વચન તોડવામાં નહી પણ વચન પાળવામાં જ આપણી કીર્તિ છે." બાદશાહનું આ બોલવું સાંભળી, ગુણિકા ખુશી થઈ. ત્યારે બીરબલ બોલ્યો:—"ગુણિકા, ખુદાવિંદ હુકમ કરે છે કે આપેલું વચન પાળવાને અમે રાજી છીએ, તારે તારી માંગણી મુજબ ગાદી ઉપર બેલાશક ફરાગત કરવી, પણ સંભાળજે, **ફરાગત સાથે ઇરાવત (પિશાબ) થવી નહી જોઈએ.** જો ઇરાવત થશે તો ફાંસીની શિક્ષા કરવામાં આવશે. બાકી તારી ઇચ્છા અને માંગણી

પુરતી ફરાગત કરવાની તને રજા છે.” બીરબલનું આવું બોલ
સાંભળી, ગુણિકા વિચારમાં પડી ગઈ, કેમકે આ બાબત નહી બ
તેવી હતી. ફરાગત જોડે ઈરાવત તો કુદરતી જ હોય છે, એટલે કઃ
કેમ ? તેના મોટા વિચારમાં ગુણિકા પડી, પણ ડાહાપણ વિચા
બાદશાહ વગેરે તમામ દરબારને સલામ આલેકુમ કરી તેણી
ત્યાંથી ભ્હીલે મુખડે ચાલતી પકડી. ઘણેક દિવસે પોતાને દેશ આ
અને પોતાના રાજાની દરબારમાં હાજર થઇ, દિલ્લીમાં બનેલી તમ
હકીકત તેના આગળ રજુ કરી, જે સાંભળી, ત્યાંનો રાજા ત
બીજા દરબારીઓ પણ બીરબલની બુદ્ધિનાં વખાણ કરવા લાગ
અને ગુણિકા ત્યાંથી વગર ઇનામે ચાલી આવી તે બદલ તે રાજા
તેને ઘટતું ઇનામ આપ્યું.

## કાલીમાતાનું કૌતુક—બીરબલને ડરાવવા જતાં સામા ખુશ થય

એક વખતે કાલીકાદેવીએ બીરબલને બીવરાવવાનો વિચાર કી
પોતાનાં હજાર માથાવાળું ભયંકર સ્વરૂપ ધારણ કરી એક દિવસે તેઃ
બીરબલની સામે દોડી આવ્યાં. જેનું નામ બીરબલ તે કદી બીહે પ
ખરો કે ? તે તો માતાને પોતાની પાસે આવેલાં જોઈ ઉભો થઈ ગ
અને હસીને નમન કર્યું. અને પછી દિલગીર થવાનો દેખાવ કીધ
પોતાનાં વિકાળ સ્વરૂપથી બીરબલ નહી ડર્યો અને સામો હસ્યો
જોઈ દેવી વિચારમાં પડ્યાં, એટલે બીરબલ પાસે તેનો ખુલા
માંગ્યો. બીરબલે હાથ જોડી કહ્યું, “માતાજી, આપનાં દર્શનથી ગ
આનંદ થયો અને તેથી હું હસ્યો. પણ દિલગીર થવાનું કારણ
એજ કે, મારા બે હાથ અને એક નાક છે, છતાં જ્યારે મને સળેખ
થાય છે ત્યારે નાક સાફ કરતાં કરતાં મારા હાથ દુઃખી આવે
ત્યારે આપના હાથ તો બેજ પણ નાક તો ખાસ્સાં એક હજ
છે, તો તમોને જ્યારે સળેખમ થતું હશે ત્યારે તે હજાર નાકને તમ
બે હાથ કેમ પોહોંચી શકતા હશે ? એટલે આપને ઘણી વેદના ભોગવ
પડતી હશે, એમ સમજીને હું દિલગીર થયો. બીરબલનો આવો હા
જવાબ સાંભળી, દેવી તેને આશીર્વાદ આપી અલોપ થઈ ગયાં

## ડાહ્યા શેઠનો બેવકુફ–શેખચલ્લી નોકર.

એક દિવસ એક માણસ પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ થોડોક સામાન લઇ દિલ્લી તરફ જતો હતો. તેણે પોતાની જોડે એક નોકરને રાખી લીધો હતો, તે જેમ બેવકુફ તેમ જ જાતે શેખ-ચલ્લી પણ હતો. તે એકલો બેઠો હોય તે વખતે તરેહવાર જાતના બેવકુફી ભરેલા તરંગો દોડાવે, એટલે સુધીકે તે જાણીને સામા માણસનું પાકી આવે. તેના શેઠને તેની આ આદતની થોડી ઘણી ખબર તો હતી, પણ તેમ છતાં તે નોકર જાતે કામદાર હતો એટલે તેમ જાણી-ને જ શેઠે તેને જોડે લઈ લીધો હતો. દિલ્લી હજુ જરા છેટે હતું, તેટલામાં રાત પડી, એટલે શેઠ તેમ જ નોકરને એક નાના ગામડામાં વાસો કરવાની ફરજ પડી. ગામડાંના પ્રમાણમાં ઉતારો પણ હાલહવાલ અને કંગાળ હતો, પણ રાત પડી એટલે કરે શું? આવાં ઠેકાણામાં રહીને રાત્રે ઉંઘી જવું પણ ઠીક લાગ્યું નહી, એટલે શેઠે વિચાર કર્યો કે હમે બે જણ છીએ તો, એકેક જણ થોડો થોડો વાર ઉંઘશું; અને થોડો થોડો વાર વારાફરતી ચોકી કરીશું. તેમ કરવાથી, બંનેને વીસામો પણ મળશે અને માલની તથા ઘોડાની પણ તપાસ રહેશે. આમ ધારીને તેણે નોકરને કહ્યું, જો આપણે બે જણ થોડો થોડો વાર જાગતા રહીશું તો ઠીક પડશે, માટે જો હું પેહેલાં ઉંઘી જાઉં છું તો ત્રણ કલાક થાય એટલે મને ઉઠાડજે; એમ થવાથી આપણને ઉંઘ પણ મલશે, અને સામાન તથા ઘોડાની ચોકી પણ થશે. નોકરે ડાહપણ ડોહોળ્યું અને જવાબ આપ્યો, "સાહેબ, મને મુદ્દલે ઉંઘ આવવાની નથી, માટે તમે બેલાશક નચિંત થઇ ઉંઘી જાઓ, હું જાગતો બેસી રહીશ અને આપણા સામાન તથા ઘોડાની હુશિઆરીથી ચોકી કરીશ.

શેઠ તો નોકર ઉપર વિશ્વાસ રાખી ઉંઘી ગયો, પણ પોહોર રાત ગઇ, સુમારે ત્રણેક કલાક ગયા, એટલે તેની આંખ ઉઘડી ગઈ. પોતાના નોકર તરફ જોયું તો તે બેસી જાગતો હતો, પણ કાંઇક ઉંડા વિચારમાં પડી ગયો હતો. તેને તેવા વિચારમાં જોઇ શેઠે પૂછ્યું: "કેમ અલ્યા, શું વિચારમાં છે?" નોકરે જવાબ આપ્યો, "સાહેબ

મને એવા વિચાર થાય છે કે, આ જમીન પાણી ઉપર કેમ રહી હશે ? એ માટીની છે તેથી પીગળી નહી જતી હોય ?" શેઠ તો આ સાંભળીને કલેજું પકડી હસવા લાગ્યો, અને બોલ્યો, "ગધેડા, તું ખરેખરો શેખચલ્લી છે કે કોણ છે ? આવા વિચાર કરવાનું તને ડહાપણ કયાંથી આવ્યું ? જા હવે ઉંઘી જા. સામાન અને ઘોડાની હું ચોકી કરૂં છું." નોકરે જવાબ આપ્યો, "અરે શેઠ કોઇની શી મકદુર કે મારી ચોકીમાંથી કાંઈ પણ ચીજ ચોરી જાય; માટે તમારે તે વાતની કશી ચિંતા કરવી નહી, તમે નચિંતથી ઉંઘી જાઓ, હું અહીં વાઘ જેવો જાગતો બેઠો છું, તો કોઇની મગદુર નહી કે અહીં ફરકી પણ શકે ?"

નોકરના આ ધીરજ ભરેલા શબ્દો સાંભળી શેઠ તો બાપડો ફરીવાર ઉંઘી ગયો. જ્યારે બીજો પોહોર થયો ત્યારે તેની આંખ ઉઘડી ગઇ. શેઠ જુએ છે તો નોકર તો વળી કાંઈ ઉંડા વિચારમાં પડેલો છે એટલે તેણે ગુસ્સામાં આવી કહ્યું, "એ ! એ ! બેવકુફ, વળી શા વિચારમાં ગુંથાયો છે ? તારાં સફરી વાહાણ બહાણ તો ડુબી ગયાં નથી."

નોકર ધીમેથી ખુલાસો કરે છે, "નહી સાહેબ, નહી. મારાં વહાણ બહાણ તો કાંઇ ગુમાર્યાં નથી; પણ મને એ વિચાર આવ્યો છે કે સૃષ્ટિ પેદા કરનારે આકાશને થાંભળા વગર કેમ બનાવ્યું હશે ? અને શાના આધાર ઉપર તેને અટકેલું રાખ્યું હશે ? બીજો એક વિચાર એવો આવે છે કે, જમીનમાં આપણે ખીલો ઠોકીએ છીએ ત્યારે માટી કયાં જતી હશે ? આવા વિચારો આવે છે, અને તેનું મને સમાધાન થતું નથી." શેઠ બીચારાએ નોકરના નામની પોક મુકી તેને તરડાકીને કહ્યું, "મૂર્ખના શીરોમણી, આ વિચાર કરવાની તારે શી જરૂર છે ? તું કયો મોટો વિદ્વાન પડયો કે આવા આવા ખોટા તરંગો માથામાં લઈ ફરે છે ? જા, હવે મર, તું ઉંઘી જા, હું ચોકી કરૂં છું." નોકરે, શેઠને ગુસ્સે થયલો જોઇ, હાથ જોડી કહ્યું, "અરે ના રે સાહેબ એ તમે શું બોલ્યા ? હું ઉંઘું અને તમે જાગતા બેસો ! એમ તે કાંઈ બને ? જાગતો તો હું જ રહીશ તમો સાહેબ નચિંતથી ઉંઘી જાઓ." શેઠે ઘણોએ ધમકાવ્યો, પણ શેખચલ્લી નોકર તો એકનો બે થયો નહીં ને શેઠને કહેવા લાગ્યો કે, "સાહેબ

એમાં મારી શોભા નહીં, તમે સુખેથી ઉંઘી જાઓ, હું અહીં બેઠો છું. આખરે શેઠ બાપડો ઘસઘસાટ ઉંઘી ગયો. પણ પાછો ત્રીજે પોહોર થતાં તેની આંખ ઉઘડી ગઈ. અને તે વેળા ઈંતેજારીથી નોકર તરફ નજર ફેંકી તો તે બાપડો પાછો ઉંડા વિચારમાં પડેલો દીસ્યો. એટલે વળી શેઠે તેને ઝાડયો; "કેમ મૂર્ખા, વળી શું વિચારમાં પડી ગયો છો! તારાં માબાપ કોઈ યાદ આવી ગયાં છે કે કેમ?" નોકરે ધીમેથી જવાબ દીધો, "નારે સાહેબ, મારાં માબાપને તો મરી ગયાને વર્ષો વહી ગયાં છે એટલે હવે તેઓ બાપડાં શેનાં યાદ આવે? પણ મને તો બે વિચાર આવે છે ને તેનું સમાધાન કરવા ઘણું ઇચ્છું છું, પણ ઘણુંએ ફાંફાં મારતાં કશું વળતું નથી." શેઠે હસીને પૂછ્યું, "શેખચલ્લી એવા તે શું વિચાર તારા ભેજાંમાં ભરાયા છે કે તેનું કશું સમાધાન થઇ શકતું નથી?" નોકરે જવાબ દીધો, એક તો મને એમ વિચાર આવે છે કે કેળનાં ઝાડ ઉપર કેળાં કેમ ઉગી નીકળતાં હશે? બીજું તો, એમ કે, પાંખ વગરનાં પક્ષીઓ ઉડી કેમ શકતાં હશે? આ બે વિચારો આવે છે અને તેનું કાંઈ સમાધાન થઇ શકતું નથી." શેઠે લગાર જુસ્સાથીજ કહ્યું, "મૂર્ખો તે મૂર્ખોજ રહી ગયો છે, તારા જેવો ગમાર મૂર્ખ તો મેં કોઈ દીઠો નથી. આવા નકામા નકામા વિચારો કરવાની તારે શી જરૂર પડી છે? તું તારે તારૂં સંભાળ. આ સામાન અને ઘોડાની ચોકી કર્યા કર; અને જો ઉંઘ આવતી હોય તો લાંબો થઇને સુઈ જા. હું જાગું છું." નોકરે જવાબ દીધો, "ના શેઠ, ના, હવે તો થોડીજ રાત બાકી છે, અને તેટલો વખત તો હું સેહેલથી ખેંચી કહાડીશ. તમે તમારે પોઢી જાઓ, અને મારી લેશ પણ કાળજી ના રાખો." શેઠ બાપડો કરે પણ શું? નોકરના આ સધિયારાથી તે તો ઉંઘી ગયો, અને એકાદ ઉંઘ ખેંચી કહાડીને ઉઠયો તો જણાયું કે રાત થોડીજ રહી હતી, અને પેલા મૂર્ખના સરદાર પણ ઉંડા વિચારમાં પડેલા હતા. તેને તેમ જોઇ શેઠે પૂછ્યું, "કેમ હજુ તારા શેખચલ્લી વિચારો ખલાસ થતા નથી કે?" "હા, શેઠ, નોકર બોલ્યો, "હવે મને જે વિચાર થાય છે તેનું સમાધાન તો તમો સાહેબ સેહેલથી કરી શકશો." શેઠ ગભરાયો કે, મૂર્ખોભાઈ મારા

પાસે શું સમાધાન કરાવવા માંગે છે, એટલે ગભરાઇને પૂછ્યું, "બોલ બોલ, મારા પાસે શું સમાધાન કરાવવા માંગે છે? ઝટ બોલી દે." નોકરે ધીરેથી જવાબ આપ્યો, "સાહેબ, ઘોડો તો ચોર લોકો ઝપાટો મારીને લઇ ગયા છે, પણ તેનું જીન મુકી ગયા છે તે આપ માથા ઉપર લેશો કે પીઠ ઉપર લેશો! આ વિચારમાં હતો તેટલાં તો તમો પોતે જ જાગી ઉઠ્યા." અંતે પોતાનો ઘોડો ચોરાઈ ગયો તે જાણી શેઠ તો રાતો પીળો થઇ ગયો; તેણે પેલા મૂર્ખાને બે ચાર લપડાક લગાવી કહ્યું, "મૂર્ખા, અંતે પણ તેં તારી મૂર્ખાઇથી મારો કીંમતી ઘોડો ગુમાવ્યો? પણ બીજા સામાનનું શું થયું? તે કયાં બાન્ધ્યો છે? ભસી મરની જલદી?" નોકરે કહ્યું, "સાહેબ, તમો એમ આકળા ન પડી જાઓ. સામાનની આપણે તપાસ કરીએ તો હમણાં માલમ પડી આવશે કે, મુંજીઓ તે પણ લઇ ગયા છે કે, અહીં જ નાખી ગયા છે." શેઠે બાપડાએ માથું કુટયું, અને તરડાઇને બોલ્યો, "કમબખ્ત, તારા ભરોસા ઉપર મેં બધું તને સોંપ્યું તો સામાન પણ ગુમાવ્યો હશે તો પછી શું કરીશ? તેને બદલે તેઓ તનેજ ઉપાડી ગયા હતે તો ઠીક થતે; મારો કીંમતી ઘોડો ગુમાવ્યો તે વિષે મને બહુ દિલગીરી થાય છે; તેના જેવું જાનવર મને ફરી મળનાર નથી; ચાલ, ઝટ હવે તો જે સામાન છે તે ઉપાડ માથે અને ચાલ શેહેરમાં જઈ તપાસ કરીએ."

આમ કહી, બચેલો સામાન નોકરને માથે ઉપડાવી, શેઠજી તો દિલ્લીમાં આવ્યા. ત્યાં જઈ એક સરકારી અમલદાર આગળ બધી ફરિયાદ કરી, અને તે અમલદાર તો તેને બાપડાને ન્યાયાધીશ આગળ લઇ ગયો. ન્યાયાધીશે નોકરની વાત કરવાની ઢપછપ ઉપરથી તેને શેખચલ્લી ધારી છોડી મુકયો, અને અભિપ્રાય આપ્યો કે તે ચોરીમાં તેનો કાંઈ હાથ હોય એમ લાગતું નથી. આ ચુકાદાથી શેઠ બાપડો સંતોષ નહી પામ્યો. તે ચાલ્યો બીરબલ પાસે. એક અરજી લખાવી તૈયાર કરી અને તેમાં ઘોડાની ચોરીની તમામ વાત લખાવી. તે અરજી, તપાસ ચલાવવાને તેણે બીરબલને આપી. તેમાં પેલા મૂર્ખા નોકરની પણ બધી હકીકત સવિસ્તર લખેલી હતી.

બીરબલ પણ આ અરજી વાંચી પેલા મૂર્ખા નોકરના શેખચલ્લી વિચારો જાણી રમુઝ પામ્યો, અને બાદશાહ પણ તે જાણી રમુઝ પામશે એમ ધારી તે અરજી તેણે બાદશાહને પણ વંચાવી. બાદશાહ પણ તે મૂર્ખાના વિચારો જાણીને રમુઝ તો પામ્યો, પણ પેલા બાપડાનો ઘોડો તથા બીજો જે સામાન ગયો હોય તેની શોધ કરવા તાકીદ આપી દીધી.

અંતે તે તપાસનું કામ બીરબલને સોંપાયું, અને તે તેણે ખુશીથી ઉપાડયું. ચોર પોતાના હાથમાં આવશે જ એમ માનીને તેણે તો કેટલાક અમલદારોને છુપા વેશમાં જુદે જુદે ઠેકાણે દોડાવી પણ દીધા હતા. તેણે ધાર્યું કે, ચોરી જનાર ચોર જો લાંબે ગયો ન હશે તો આપણા શહેરમાં જ ઘોડો વેચવા આવશે, પણ તે આજને આજ તો નહી આવે; કદાચ એકાદ બે દિવસ પછી આવશે, છતાં ઘણું કરીને સાંજના આપણા બજારમાં બહારગામથી ઘણા વેપારીઓ પોતાનો માલ વેચવા આવે છે તેમાં આપણે પણ તે જ વખતે તપાસ કરાવીશું એમ વિચાર બાંધ્યો. એક માણસને તો જે ગામડાંમાં ચોરી થઈ હતી ત્યાં તપાસ કરવા મોકલી દીધો હતો, અને પોતે પણ પોશાક બદલીને તપાસે નીકળવા ગોઠવણ કરી દીધી. બાદશાહે તેની આ ગોઠવણ સાંભળીને પોતે પણ તપાસે નીકળવાની તૈયારી કરી દીધી.

બીજે દિવસે સાંજે, જ્યાં પરદેશી વેપારીઓનું બજાર ભરાતું હતું ત્યાં બાદશાહ અને બીરબલ બંને જણા છુપા વેશમાં જઈ ઉભા. આ બજારમાં આજુબાજુનાં ગરગામડેના હજારો લોકો તરેહવાર ઢોરો તથા બીજી પણ જણસ વેચવા લાવતા હતા. ત્યાં નજર કરી ત્યાંથી તેઓ શહેરના લોકો જ્યાં પોતાનો માલ વેચવા આવતા હતા, ત્યાં જઈ લાગ્યા. બંને જણા બારિક નજર રાખી ફરતા હતા એટલું જ નહી પણ પેલા અમલદારો પણ છુપા વેશમાં આમતેમ દોડાદોડી કરી રહ્યા હતા, તેઓ પણ જોવામાં આવ્યા. આટલી શોધ છતાં અરજદારે નીશાની આપેલા સરખો ઘોડો તેમના જોવામાં આવ્યો જ નહી. રાત પડતાં સૌ ઉઠી પોતપોતાને ઠેકાણે ચાલવા લાગ્યા. બીજે દિવસે પણ આ પ્રમાણેની શોધખોળ ચાલુ જ હતી. શેહેરનો જ પરચુટણ માલ વેચનાર

એક માણુસ શહેરના બજારમાં કેટલીક જણુસો વેચવા પથારો માંડી બેઠો હતો. આ પથારામાં, અરજદારે જણાવેલી સરખી કેટલીક ચીજો તેમના જોવામાં આવી. બરાબર તપાસતાં પેલા અમલદારો તેની પાસે ભાવતાલ પણ કરવા લાગ્યા. એટલામાં બાદશાહ–બીરબલ પણ ત્યાં જ આવી ચઢયા. બીરબલે પણ તેમાંની ઘણીક જણુસો, અરજદારની ચોરાયલી વસ્તુઓ તરીકે પીછાણી. ખાતરી કરી તેણે તરત તે માલ વેચવા બેઠેલા વેપારીને પકડાવ્યો અને તેના ઘરની જડતી લેવાનો હુકમ કીધો. જડતી લેતાં ઘણીક જણુસો ત્યાંથી મળી આવી. ત્યાંથી બીરબલ તથા બાદશાહ ગામડાંવાળાઓના બજારમાં પેઠા. જ્યાં ઘોડાનાં સાટાં ઠેકાતાં હતાં ત્યાં જ તેઓ જઈ ઉભા. ફરતે ફરતે એક ઘોડા ઉપર બીરબલની નજર દોડી, જે દરેક વાતે અરજદારે જણાવેલા સરખો ઘોડો હતો. માત્ર ફરકમાં તેની યાળ જ જુદા રંગની જણાઇ. બીરબલે વિચાર કીધો કે ઘોડાનો દેખાવ ફેરવી નાખવાને તો તેમ કરવામાં આવ્યું ન હોય? તરત તેણે ખુલ્લા વેશમાં જાહેર થઇ, એક અમલદારને બોલાવી તેને હુકમ કીધો કે અરજદારને તે જ્યાં હોય ત્યાંથી શોધી લાવ. તે ગયો એટલે બીરબલે પોતાના હાથને પાણીવાળો કરીને ઘોડાની યાળ ઉપર ફેરવ્યો તો તરત જ બીરબલના હાથને રંગ લાગ્યો. બીરબલે તો નક્કી માન્યું કે, આજ ચોરાયલો ઘોડો અને આજ તેનો ચોર. તરત તેણે માણુસોને બોલાવી તે ઘોડા વેચનારને કેદ પકડવાનો હુકમ આપી દીધો. ચોર તો પોતાની ચોરી ખુલ્લી થઈ ગયલી જોઈ ગભરાટમાં પડી ગયો. એટલામાં પેલો અરજદાર પણ ત્યાં આવી લાગ્યો. ઘોડાએ પણ પોતાના માલેકને જોતાં જ હણુહણાટ મચાવી દીધો. ત્રણ દિવસ થયાં તેણે માલેકને જોયો ન હતો, એટલે હમણાં ઓચિંતો જોતાં જ તે જાણે ખુશીમાં આવી ગયો. બીરબલે પાણી મંગાવી, યાળ ઉપરનો રંગ ધોવરાવી નાખ્યો. તે ચોર ગામડાનો હતો. તે શહેરમાં પરચુરણ સામાન વેચનાર સાથે મળીને નાની મોટી ચોરીઓ કરતો, અને પછી થોડું થોડું કરી બંને જણા બધું વેચી નાખતા. અત્યાર સુધી ઘણીક ચોરીઓ કરી હતી, પણ તેઓ પકડાતા ન હતા, પણ આજે તેમનાં

પાપનો ઘડો ફુટી ગયો. પેલા અરજદારની બધી જણુસો મળી આવી. આ ચોરીમાં, અરજદારના પેલા મૂર્ખાં નોકરની સામેલગીરી નહતી, એટલે તેને તો માત્ર દમસમ કરી જતો મુકયો, પણુ પેલા બંને કોચીનના સાહુકારોને તો ઘડો બેસે તેવી સખત શિક્ષા ઠોકી. પેલો અરજદાર, બાપડો પોતાની બધી જણુસો પાછી મળી તે માટે આનંદ પામતો અને બીરબલ તથા શાહને હજારો આશીર્વાદ દેતો, પોતાને ઉતારે ગયો.

## ઠકરાણી માણુકબાએ પોતાની ઉપર મોહી પડેલા વૃદ્ધ ઠાકોરને તથા બાદશાહને પણુ કેમ બનાવ્યા?

રાડ રાઠોડની પત્ની માણુકબા બડી હસમુખી હતી, અને પોતાના તેવા સ્વભાવથી તે પોતાના સપાટામાં આવતાઓને ઝટ એવી ફસાવતી કે, બધાને મોહોડેથી તેણીના ચાતુર્ય માટે વાહવાહજ બોલાતી હતી. તેનું મોહો સદા આનંદી રહેતું, અને પોતાના પતિ તથા સખીઓ સાથે પણુ તે સદા આનંદદાયક વાતો કરી વખત પસાર કરતી; એટલુંજ નહી પણુ કદી કદી તે તેમની મશ્કરી કરી તેમને બનાવતી પણુ હતી. કોઇને બનાવવાનો પ્રપંચ કરવો હોય ત્યારે તે સદા ગંભીરતાનું ડોલ ઘાલતી; પણુ તે વાત કરી ત્યાંથી બીજા ઓરડામાં જતાં જ તેણી એટલી હસતી કે, જેટલી ગંભીર રહી હોય તેનો ખંગ વાળી આપતી.

તેના પતિ રાડ રાઠોડની જાગીર પણુ દિલ્લીની પડોસમાં જ હતી. દરબારી કાયદા મુજબ રાડ રાઠોડ છ માસ સુધી બાદશાહની નોકરી બજાવવા આવતો, અને તે વેળા માણુકબા પણુ તેના જોડે આવતી. પોતાના હસમુખા અને આનંદી સ્વભાવથી માણુકબા બધી બેગમો તથા અમીર ઉમરાવોની અને શેઠસાહુકારોની સ્ત્રીઓ તથા પુત્રીઓમાં બહુ પ્રિય થઇ પડી હતી. તેમાં બાદશાહી બેગમોને તો તેના વગર ચાલતું જ નહી. તેઓ તો તેને જરા વ્હીલી છોડતી નહી. છ માસ દિલ્લીમાં ગુજારી જ્યારે તે પોતાના પતિ સાથે પોતાને વતન જતી ત્યારે બેગમોને તેના વગર ચેન પડતું નહી.

આ વેળા પણ તેણી પોતાના પતિ સાથે દિલ્હી આવી હતી, પણ તે વેળા તેણીની તબિયત સારી ન હોવાથી દિલ્હીમાં રહેવું તેણીને ભાવ્યું નહી, તેથી પોતાના પતિની રજા લઇ તે પોતાની જાગીરના એક ગામમાં રહેવા ગઇ હતી. ત્યાં તેની તબિઅત પણ થોડા જ વખતમાં સુધરી ગઇ હતી. તે ગામની સારી આબોહવા જોઇને એક વૃદ્ધ ઠાકોર તે ગામમાં આવી લાગ્યો. એક દિવસે સંજોગાસંજોગ તે ડોસાજીની નજર રૂપવંતી માણકબા ઉપર પડી. ઘરડી ઘોડીને લાલ લગામ તેમ ડોસાજી તો માણકબાને જોઇને તેના ઉપર મોહિત થઇ ગયા; એટલી હદ સુધી કે તેમણે ગાંઠ વાલ્યો કે જો ઠાકોરડી કુમારી હોય તો તેના સાથે લગન કરવાની પણ મરજી થઇ ગઈ. મરજી થતાં તે કામ તેમણે ઇશ્વરના આધાર ઉપર પણ નહી છોડ્યું, પણ કાવાદાવા પણ કરવા માંડયા. ગામમાં એક વૃદ્ધ માલણ હતી તેને બોલાવી ઇનામની લાલચે, પોતાના મનમાંની વાત કરી, પેલી ઠાકરડી કોણ છે તેની ખબર કહાડી લાવવા ફરમાવ્યું. માલણ પણ જાતે પાક્કી અને પોહોંચેલી હતી. તેણે ખબર કાઢી તો માલમ પડયું કે તે તો રાઠ રાઠોડના મેહેલમાં ઉતરી હતી અને તેણીનું નામ માણકબા હતું. હવે ઠાકોરજીની ચટાપટીનું પૂછવું જ શું? તેમણે તો પોતાનું ચોગઠું તેણી જોડે ગોઠવવાનું કામ માલણને સોંપ્યું, અને જો તે કામ થાય તો પુષ્કળ ઇનામ આપવા કબુલાત આપી. માલણ એ હુન્નરમાં કુશળ હતી, એટલે તેણે તો ખુશીથી હામ ભીડી. એક દિવસે સોનાં સુગંધી ફુલોની છાબ ભરી તે લઇ માણકબાના મેહેલમાં દાખલ થઈ. માણકબાને કાને વૃદ્ધ ઠાકોરજીની કાંઇક વાત આવી ચુકી હતી, અને પોતાની ઉપર તેઓ મોહિત થયલા છે એમ પણ તેણીએ સાંભળ્યું હતું, એટલે તેના તરફથી કોઇપણ માણસ આવશે એમ તે આશા રાખતી હતી. આથી તેણે મનમાં ઘાટ ઘડી રાખ્યો હતો કે જો ઠાકોરજી કાંઈ ચેડાં કહાડે તો ડોસાજીને જરૂર બનાવવા. આ તો મનમાં ધાર્યું હતું તે જ થયું. માલણ ઠણુકે ઠણુકે ફુલની છાબ લઈ માણકબાના મેહેલમાં આવી અને તે છાબ તેની આગળ વિનયથી રજુ કરી. માણકબાએ ગંભીરતાથી પૂછ્યું, "બાઇ, એ ફુલો કોણે મોકલ્યાં છે?" માલણે સીધો

જવાબ આપવાને બદલે કહ્યું; "બા સાહેબ, એ તો હું પોતેજ રાજ-બાગમાંથી લાવી છું; પણ બા સાહેબ, તમારાં લગન થયાં છે કે નહી ?" માણુકબાને તો જોઇતું હતું તે જ વૈદે ફરમાવ્યું. તેણી તરત બોલી ઉઠી, "મારા લાયક કોઇ રાજપુત્રની શોધમાંજ હું છું, અલબત મારા લાયક કોઈ મળશે તો હું તેના જોડે લગન કરીશ." માલણને પણ આ ઠીક તક હાથ લાગી ગઇ. તે બોલી, "બાઇ સાહેબ, આ ગામમાં એક ઠાકોર સાહેબ હાલ પધારેલા છે, તેમની વય પણ વધારે નથી; બહુ પૈસાદાર છે, ગામગ્રાસના માલેક છે, જો તમારી મરજી હોય તો હું તમારી વાત છેડી જોઉં." માણુકબાએ તરત તેમ કરવાની હા પાડી. એટલે માલણ ખુશી થતી ચાલી ગઇ. તરત તે ખુશ વધાઈ ખાવા પેલા ઠાકોરજી આગલ દોડી અને ખુશ વધાઇની વાત કરી. ડોસાજી પણ તે સાંભળી ખુશ થયા અને માલણને પણ કાંઇ ઇનામ આપી નવાજી. બીજે દિવસે માલણ માણુકબા આગળ આવી. તે દિવસે પણ માણુકબાએ પૂર ગંભીરાઇ ધારણ કરી માલણની વાત સાંભળી, એટલું જ નહી, પણ પોતાની બે વિશ્વાસુ દાસીઓ જેમને પણ સાથે રાખી હતી, તેઓને પોતાની ઇચ્છાથી વાકેફ કરી ઠાકોરજીની નોકરીમાં તેની વિશ્વાસુ થઇ રહેવા મોકલી દીધી. પણ પેલી માલણ તે વાતથી તદ્દન અજાણી હતી.

માલણની બધી વાત સાંભળી લઇ, તથા કેટલાં કપડાં તથા દાગીના કરશે તે જાણી લઇ બીજે દિવસે તેને જવાબ આપવા ઠકરાણી માણુકબાએ કબુલાત આપી. પણ તે સાથે ઠાકોરજી ઉપર પોતાને કાંઇક પ્રેમ છે એવો દેખાવ માલણ આગળ કરવાને ચુકી નહી. માલણ તો તેણીની વાતથી ખુશ ખુશ થતી જ કે ઠાકોરજી આગળ દોડતી અને તેમનું ધારેલું કામ સફળ થશે એવી તેઓને ધીરજ આપવા લાગી. બીજે દિવસે કબુલાત પ્રમાણે જવાબ સાંભળવા માલણ માણેકબા પાસે આવી; પણ પોતાનું માથું દુખે છે તેથી તે વાત કરી શકતી નથી એમ કહી, તેણીએ માલણને ચાર પાંચ દિવસ ધક્કેલા ખવાડ્યા. અંતે પાંચેક દિવસે ઠકરાણીએ માલણને પોતાની પાસે બોલાવી અને ગંભીરતાથી વાત ચલાવી ઠાકોરજી જોડે લગન કરવા

તેણી કબુલ થઇ, અને આઠમે દિવસે લગનનું મુહૂર્ત સારૂં છે એમ કહી તે દિવસે લગન કરવાનો વિચાર જણાવ્યો.

માલણના હરખનો તો પારજ ન હતો, તેમ પેલા ઘરડા ઠાકોરજી પણ મનમાં જાણે મીઠાઇ જ જમતા હતા. હરખમાં આવી જઇ તેમણે તરત દાગીના તથા કપડાં તૈયાર કરાવવા માંડ્યાં, પણ માણકબાની સુચનાથી લગનના દિવસ સુધી વાત ગુપ્ત રાખવાની ગોઠવણ હતી. માલણ તો દરરોજ ઠકરાણી આગળ આવતી અને ઠાકોરજીનાં પરાક્રમોની વાતો કહી સંભળાવતી. માણકબા પણ બાહારથી તો આનંદ પામવાનો ડોલ ઘાલતી, પણ અંદરખાનેથી તો ધુમ હસતી હતી. અંતે લગનનો દિવસ આવી લાગ્યો. આજે લોકો લગનની વાત જાણનાર હતા. તેજ દિવસે સવારના પોહોરમાં ઠાકોરજી તરફથી કપડાં અને દાગીના લઇ માલણ માણકબાને ત્યાં આવી. માણકબાએ પણ પોતાને ત્યાં બધો દેખાવ લગનનો કર્યો હતો. કપડાં દાગીના તેણીએ બાજુએ મુકયાં. ગામમાં આ વાત જાહેર થતાં લોકો આશ્ચર્ય પામવા લાગ્યા. જે લોકો ઠકરાણીના સ્વભાવથી જાણીતા હતા તેમની તો ખાત્રી જ હતી કે, ઠકરાણી માણકબા આ ઘરડાં ધુવડને બનાવે છે. કોઇ કોઇએ જઇને તે વૃદ્ધ ડોસાજીને ખબર પણ આપી કે ઠકરાણી તો પરણેલાં છે, અને તે રાઠ રાઠોડની પત્ની હતી; પણ પ્રેમઘેલા બનેલા ઠાકોરજીના મનમાં તે વાત ઉતરી જ નહી, તેઓ તો સમજતા કે, આ સર્વ લોકો અદેખાઇને લીધે આ ઠુમરાણ ઉડાવે છે.

સાંજ પડી એટલે વરરાજાજી તો ભપકો કરી કન્યાને માંડવે આવ્યા. દરવાજા ઉપર દાસીઓએ તેમને વધાવી લીધા, અને મંડપમાં તૈયાર કરેલી જગાએ લાવી બેસાડ્યા. થોડીવારે કન્યાને પણ લાવી બેસાડવામાં આવી. કન્યા તો મોટો ઘુંગટો તાણીને તેની બાજુએ ગુપચુપ આવીને બેઠી.

હવે મેહેલમા શું થયું, તથા વરરાજાની બાજુએ પરણવા કોણ બેઠી તે જોઇએ. વરરાજાને આવવાની વખત થઇ એટલે માણકબા તો માથું બહુ દુખે છે એવી ફરીઆદ કરી મોઢે માથે ઓઢીને સુઇ ગઇ. તે જોઇ માલણ બહુ ચિંતાતુર થઇ. હવે શું કરવું તેનો તેને

વિચાર થયો. માણુકબાએ તો માથું બહુ જ દુખે છે એમ બરાડા પાડવા માંડયા. માલણ ચટાપટીમાં પડી કે ગમે તેમ બાઇને સમજાવી લગન તો કરવાં જ જોઇએ. માણુકબા તો માથું બાંધીને એવી પડી કે, જાણે મુરદું જ. માલણને બોલાવી તેણીએ કહ્યું, ઠાકોરજી ગુસ્સે ન થાય અને પાછા ન જાય એનો એક ઉપાય છે; અને તે એમ કે, માલણે પોતે ઠકરાણી માટે આપેલાં કપડાં તથા દાગીનાં પહેરી ઘુંઘટ તાણી ઠાકોરજીની બાજુએ બેસી લગન ક્રિયા કરાવવી, અને તે વિષેની કોઇને ખબર પડવા દેવી નહી. ઠકરાણીની દાસીઓએ પણ આ વાતની હા પાડી, તેને ટેકો આપ્યો. ઠાકોરજી નીરાશ થઇ પાછા જાય તો પોતાનું ઇનામ પણ જતું રહેશે તેમ ધારી માલણે પણ તેમ કરવાની હા પાડી. અને માણેકબાને માટે આવેલાં કપડાં તથા દાગીના પેહરી મોઢાં ઉપર ઘુંગટ તાણી ઠાકોરજીની બાજુમાં જઇ બેઠી. ઠાકોરજી તો ધારતા હતા કે, આ મારી સોડમાં આવી બેઠેલી મારી મનમોહન સુંદરી જ છે, એટલે તેમનો હર્ષ તો માયો સમાયો જતો ન હતો.

આ થયા પછી પરવારીને કેટલેક દિવસે માલણે ઠાકોરજીને કહેવા માંડ્યું કે, ગમે તેમ કરીને ઠકરાણીને તમારે ત્યાં બોલાવી લ્યો. ઠાકોરજી પણ તે સમજી ગયા. માણુકબાની વિશ્વાસુ દાસી જે ઠાકોરજીને ત્યાં નોકરી રહી હતી તે બધી બાતમીઓ માણુકબાને આપતી રહેતી, અને માણુકબા તે જાણી પોતાની સાવચેતીમાં રહેતી. ઠાકોરજીનું તેડું આવ્યા છતાં માણુકબા તો માથું દુખવાનું બાહાનું કાઢી દિવસ વિતાડી દેતી. એમ ઘણાક દિવસ થયા, એટલે માલણબાઇ સમજ્યાં કે એમ કાંઇ કાશી સંઘ જનાર નથી, એટલે તેણે ઠાકોરજીને સમજાવ્યા કે તમો જો દિલ્લી તરફ અથવા તમારે ગામ જશો તો ઠકરાણી તમારે ત્યાં જરૂર આવશે. ઠાકોરજીને પણ આ વિચાર પસંદ પડ્યો. માલણે કહ્યું કે ઠકરાણી જરા હઠીલી છે એટલે જબરી વાપર્યા વગર જોડે આવનારી નથી. માટે એક દિવસ તથા વખત નક્કી કરી એક રથ અને માણસો ત્યાં મોકલજો એટલે હું તેઓને હસ્તક ઠકરાણીને જબરીથી સોંપી દઇશ. આ બધી ખાનગી મસલત, પેલી જાસુસ દાસી ત્યાં સાંભળતી હતી, તેણે માણુક-

બાને પોહોંચાડી દીધી. માણુકબા કાંઈ કાચી ન હતી. તે સમજતીજ હતી કે આવો કાંઇ પ્રસંગ આવશે જ, એટલે તેણી તે માટે તૈયાર જ હતી. માલણુ સાથે થયલી ગોઠવણુ મુજબ ઠાકોરજીએ પોતાને ઉપડવાનો દિવસ તથા વખત નક્કી કરી ઠકરાણીને તૈયાર રહેવા જણાવ્યું. અને બીજે દિવસે ઠાકોરજી પોતાના રસાલા સહિત ગામની બાહાર જઇ માણુકબાની વાટ જોતા ઉભા, અને ઠકરાણીને લાવવા માટે એક રથ તથા ચાર બળવાન સીપાઇઓને મોકલ્યા.

ઠકરાણીના મેહેલનાં પેહેલા ખંડમાં જ સુંદર કપડાં પેહેરેલી એક સ્ત્રી ઉભી હતી, તે આ માણુસોને જોતાં જ ચીશ પાડી અંદર જવા લાગી. પણુ એટલામાં એક દાસીએ ઇસારત કીધી કે એજ ઠકરાણી છે, એટલે તેઓએ તેને પકડી લઇ રથમાં નાખી. તે વેળા તેણે ચીશો ઉપર ચીશો પાડી બહુ અફડાતફડી કીધી પણુ બધું ફોકટ. તેને રથમાં નાખતાંજ રથના પડદા ઢાંકી દીધા, અને રથને ડચકારી મેલ્યો. રથના બળદો હાથી જેવા હતા એટલે તેતો આઘુંપાછું જોવા વગર ખૂબ હચમચી ગયા. અંદર પડેલી સ્ત્રીએ જોયું કે હવે તો મુંગી પડી રહેવામાં જ શોભા છે. ઠકરાણી માણુકબાના મેહેલ આગળથી એ રથ ગયો તે વખતે એક સ્ત્રી દરવાજા પાછળ સંતાઇ રહી હતી તે હસતી હસતી બાહાર નીકળી. તેણી કોઇ જ નહી પણુ ઠકરાણી માણુકબા પોતે હતી. ત્યારે તેણીને બદલે રથમાં કોણુ ગયું તે જોઇએ.

તે દિવસે સવારના પહોરમાંથી પેલી માલણુ ઠકરાણીને ત્યાં જવા આવવા લાગી હતી, કેમકે રખે ઠકરાણી કાંઇ દગો કરી ભાગી જાય એવી તેણીને ધારતી હતી. પણુ ઠકરાણી ભાગી જાય એવી હીચકારી ન હતી. તે દિવસે તેણીને માલણુની પણુ વધુ જરૂર જ હતી એટલે તે તેણીને પોતાને ત્યાં જ રાખી રહી હતી. આખો દિવસ પસાર થયો, અને સાંજ પડવા આવી. ઠાકોરે કહેવરાવી મુકેલો વખત પાસે આવ્યો. ત્યારે જાણે તે વેળાએ જ યાદ આવ્યું હોય એવો દેખાવ કરી ઠકરાણી માણુકબા માલણુ આગળ બોલી, "પણુ ભલા, માલણુ એ તો બધુંએ ઠીક, પણુ લગનને દિવસે તેં કપડાં કેમ પહેર્યાં હતાં, અને ધરેણાં કેમ ઘાલ્યાં હતાં, તું ચાલતી કેવી રીતે હતી? તે તો બધું મને કહી ને કરી દેખાડ,

કેમકે આજ હું તારે બદલે ત્યાં જઇશ તો મારે પણ તેમ જ કરવું પડશે. માલણબાઇને આ વાત ખરી લાગી એટલે લગનને દિવસનાં કપડાં તથા દાગીના પહેરી લીધા, અને બીજા કેટલાંક ફાલતું રહ્યાં તેનો ગાંસડો બાંધ્યો, અને પોતે ઘુંગટ તાણી જેમ ચાલતી હતી તેમ ચાલી બતાવવા માંડ્યું. આ બધું છેક આગલા ખંડમાં થતું હતું, તેવામાં રથનો અવાજ સંભળાયો. ઠકરાણીએ મેહેલના દરવાજા જાણી જોઇને જ ખુલ્લા રખાવ્યા હતા. એવામાં રથની સાથવાળા ચાર માણસો અંદર ઘુસી આવ્યા. ઠકરાણી પોતે દરવાજા પાછળ ભરાઇ ગઇ, પણ શીખવી મુકેલી દાસીઓને પેલી શણગારીને તૈયાર કરેલી માલણને તેમના કબજામાં સોંપી દીધી. ચીશો પાડતી માલણને રથમાં નાખી તેઓ ચાલતા થયા. રથ તો સડસડાટ ચાલ્યો ને બીજે દિવસે સાંજ પડતાં તેઓ દિલ્લી પોહોંચી ગયાં. રથ તો ખણખણાટ કરતો ઠાકોરજીના મેહેલ આગળ જઇ ઉભો. માલણ તો મોઢું ઢાંકી જ ગુપચુપ પડી રહેલી હતી, તેને ઠાકોરજીની દાસીઓ ઉચકીને મેહેલમાં લઇ ગઇ ને ખાનગી ઓરડામાં એક પલંગ ઉપર તેણીને સુવડાવી.

માણકબા સમજી કે આ મશ્કેરી હદ ઉપરાંત થઈ ગઈ છે, માટે હવે તો શી ગમત થાય છે તે જોવા ખુદ દિલ્લી જવું. આમ ધારી બીજે દિવસે તે પણ દિલ્લી ગઈ; અને મોડી રાત્રે દિલ્લી પહોંચી ગઇ. પોતે કરેલા આ ફારસથી પોતાના પતિ રાડ રાઠોડને તેણીએ જાણીતો કીધો, તે પણ એ સાંભળી પેટ દાબીદાબીને હસ્યો.

હવે આ તરફ ઠાકોરજીના મેહેલમાં શું થાય છે તે જોઇએ. દાસીઓએ આવી ઠાકોરને ખબર આપી કે, ઠકરાણી તો મોઢું જ ઉઘાડતાં નથી. ઠાકોરજી સમજ્યા કે ઠકરાણી કોઈ કારણથી તેના જોડે રીસાઇ છે માટે એને ગમે તેમ કરીને મનાવવી જોઇએ. એમ ધારી તે જ્યાં સુતેલી હતી ત્યાં ઠાકોરજીએ પધરામણી કીધી. ઘણુંએ મનામણું કીધાં, પણ તેઓએ તો મોઢું નહી જ ઉઘાડયું તે ન જ ઉઘાડયું. ઠાકોરજી સમજ્યા કે, ઠકરાણીજીને જોરજુલમથી અહીં લાવ્યા તો તેનાં પરિણામમાં તે રીસાયલી હોવી જોઇએ. આમ ધારી તેણે બળજબરીથી તેણીના મોહો ઉપરનો ઘુંગટ ખેંચી કહાડ્યો. બંને

વચ્ચે ખુબ ખેંચતાણ ચાલી અને તેથી કપડાં પણ ફાટી ગયાં. પણ તેમ કરતાં તે કહેવાતી ઠકરાણીનો ચેહેરો ઉઘડી ગયો. તેનો ચહેરો ખુલ્લો થતાં જ ઠાકોરજી ખસ્યાણા પડી ત્યાંથી ખસી ગયા. ચંદ્રમુખી ઠકરાણીને બદલે તે તો બુઢ્ઢી માલણ નીકળી પડી! ક્યાંથી આવી? એ કેમ થયું? તરેહવાર વિચારો ઠાકોરજીને તો આવવા લાગ્યા. કેટલોક વખત સુધી તે તો કાંઇ જ બોલ્યા નહી પણ અંતે તેમણે પૂછ્યું, "માલણ, તેં મારી સાથે આ દગો કીધો, એ કેમ બન્યું તે બોલ?

માલણે જોયું કે હવે કાંઈ છુપાવવામાં સાર નથી, તેથી તેણીએ પોતાની છાતી ખુલ્લી કરી અને શું બન્યું હતું અને કેમ તાગડે રચાયો અને તેમાં માણકબાએ કેવો ભાગ ભજવ્યો તે બધું ખુલ્લું કહી દીધું. ઠાકોરજી તો આ બધુ સાંભળી દંગ થઈ ગયા; પણ તે રાત તો ગુપચુપ પસાર કરી દીધી.

બીજે દિવસે દિલ્લીના બાદશાહનો દરબાર ભરાયો, તેમાં આ ઠાકોરજી તો ખુબ ગુસ્સામાં ને તોરમાં આવીને બેઠા. જરૂરનું કામ આટોપી લઈ કોઇની ફરિયાદ હોય તે સાંભળવાનો હુકમ શાહનો થયો, તે સાંભળી ગુસ્સાથી ધ્રૂજતા ધ્રૂજતા ઠાકોરજી ઉભા થયાઃ "હજુર મારે ફરિયાદ કરવી છે. મારી મશ્કરી કરવામાં આવી છે." એમ કહી પોતાનો હેવાલ બધો પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવ્યો, જે સાંભળીને બધાને ભારે હસવું આવ્યું. છતાં ઠાકોરજીને ઝાંઝ નહી ચઢે એવા હેતુથી કોઇ જોરથી હસતું ન હતું, પણ બધો હેવાલ કહ્યો ત્યારે તો બાદશાહ પણ હસી પડ્યો અને તેને જોઇને બીજા દરબારીઓ પણ ધૂમ હસ્યા.

બાદશાહે પૂછ્યું, "એવી તે એ કોણ રજપૂતાણી છે કે જેણે તમોને બનાવ્યા?"

રાઙ રાઠોડે ઉભા થઈ હાથ જોડી કહ્યું, "ખુદાવિંદ, ઠાકોરસાહેબે કરેલાં વર્ણન તથા જણાવેલાં ગામ ઉપરથી તથા નામ ઉપરથી એ મારી પત્ની જણાય છે; ખુદાવિંદ, એ રજપૂતાણી બહુ જ હસમુખી છે, મને પણ કોઈ વખતે એવો બનાવી કહાડે છે કે હું પોતે પણ ઘણીક વખતે ગુંચવાઈ જાઉં છું. કેટલીક વાર એટલી હદ સુધી હસાવે છે કે, આંખોમાંથી આંસુ પણ પડે છે."

વૃદ્ધ ઠાકોરે કહ્યું, "પણ ખુદાવિંદ, મારી લાજના કાંકરા થાય છે, બધા મને હસે છે, અને રાડરાઠોડ તો તેણીને પોતાની પત્ની ગણીને મલકાય છે, ત્યારે તો મારી આબરૂ ગઈ અને મને નકામો ખરચ થયો તેનો બદલો મળવો જોઇએ છે." આ સાંભળી એક દરબારીએ તાપસી પુરી, "શું બાપડા વૃદ્ધ ઠાકોરની તે આવી કઠોર મશ્કરી ! એમને એમ તે એ વાત જવા દેવાય !" બીજાએ તે વાતને ટેકો આપ્યો. વૃદ્ધ ઠાકોરજી બોલ્યા, "મારા કરેલાં ઘરેણાં તથા કપડાં તો પેલી ડાકણ પોતાની સાથે લાવી છે, પણ લગનને નામે મને મોટો ખરચ થયો છે તથા મારી આબરૂ ગઇ તે વિષે દરબારે કાંઇ કરવું જોઇએ."

ઠાકોરજીએ જોયું કે, અહીં તો બધા સામી મારી મશ્કરી કરે છે તેથી એ વાતનો જેમ બને તેમ જલદીથી નીકાલ કરી દેવો જોઇએ છે, એમ અધીરા પડી બોલવા લાગ્યા.

બીરબલે કહ્યું, "ખુદાવિંદ, હવે એનો નિકાલ એવી રીતે કરવો જોઇએ છે. ઠાકોરજીએ પોતે કરેલા ખરચ માટે તો ઉદાર મન બતાવી દાવો છોડી દેવો, કેમકે તે કપડાં દાગીના તો તેમને ત્યાંજ રહેવાના છે, જે માલણ જોડે એવણ પરણી આવ્યા છે તેને જોઇએ તો પોતાને ત્યાં રાખી લેવી અગર નહી તો તેણીને પોતાને ખરચે તેણીને ગામ મોકલી આપે. મને તો ઉતમ રસ્તો એજ જણાય છે, પછી તો ઠાકોર સાહેબની મરજી." બીરબલ જો કે આ વાત તો મશ્કરીમાં બોલ્યો, પણ બાદશાહને તો તે પસંદ પડી, તેમ પેલા બુઢ્ઢાજીને પણ ઠીક લાગી એટલે લોહીનો ગોટ ગળી જઇ તેઓ પણ તે ઉપર અમલ કરવા કબુલ થઇ ગયા.

પણ માણુકબાની હીંમત, ચતુરાઇ વગેરે ઉપર દરબારમાં ચક-ચાર ચાલતાં એક ઠાકોરે અડાવ્યું કે, "મને તો આમાં કાંઈ જુદોજ રંગ દેખાય છે. આટલી બધી છુટ ભોગવનારી અને સ્વતંત્ર ચાલની સ્ત્રી નીતિમાન રહી શકે એ શક ઉપજાવનારૂં છે." પોતાની પત્ની ઉપર આ પ્રમાણે શક નખાતો, રાઠોડ સાંખી શકયો નહી. તે બોલ-નાર તરફ ધિક્કાર બતાવી તેઓએ પોતાની તરવાર ઉપર હાથ નાખ્યો. જો એકાદ મીનીટ વધારે થઇ હોત તો કચેરીમાંજ મારા-

મારી અને હસવાનું ખસ્યું થઇ પડતે, પણ બાદશાહ તેનાં મનનો ભેદ સમજી ગયો અને લગાર ક્રોધ કરી પેલા ઠાકોરજીને કહ્યું કે, "ઠાકોર, આવી ભલતી સલતી વાત તમારે આવી રીતે ભર કચેરીમાં બોલવી જોઇતી ન હતી. એવી વાતની ખાત્રી કરવા સીવાય આવી જોખમભરી બાબત મોઢાંમાંથીજ કાઢવી જ નહી જોઇએ." રાડ રાઠોડ તરફ ફરી બાદશાહ બોલ્યો, "રાઠોડજી, હવે તમે પણ શાંત થાઓ, હું એ વાતનો ન્યાય કરીશ, એ ઠાકોર સાહેબની પણ ભૂલ થઇ ગઇ છે, માટે તે ભૂલ કબુલ કરી તમારી માફી માગશે."

હવે બીરબલથી થોભાયું નહી, તેથી તે બોલ્યો, "ખુદાવિંદ, જ્યાં આગળ આબરૂની વાત આવી ત્યાં માફ માંગેથી ન્યાય થાય તેમ નથી. એ તો કાયદેસર ન્યાયે ન્યાય થવો જોઇએ છે." આ સાંભળી એક ઠાકોરજી બોલ્યા, "ખુદાવિંદ, બીરબલ જ પોતે એ વાતની ખાત્રી કરી આપવા તૈયાર છે. એમાં તે શું? માટે એ કામ તેમનેજ સોંપી દ્યો."

બીરબલે જાણ્યું કે આ તો વાત વધે છે, આપણે નાહક ફસ્યા એટલે તેણે ફેરવી તોલી કહ્યું, "જનાબ, હું કાંઈ એ વાતની મારે માથે જોખમદારી લઇને વાત કરતો નથી પણ મને જે ખરૂં લાગ્યું તે મેં કહ્યું."

વચ્ચે અનેક ટાપસીઓ પુરાઇ એટલે રાડ રાઠોડજી બોલ્યા, "બાદશાહ સલામતે મને ન્યાય આપવાની ખાત્રી આપી તેથીજ હું પણ શાંત થયો છું, માટે મને ન્યાય તો મળવો જ જોઇએ."

બાદશાહે કહ્યું, "બીરબલ, વાત તો ખરી છે. આ જોખમદારી તારી ઉપર છે. જો એ બાઇ મને પોતાને બનાવે તો હું એમ જ સમજું કે એ ખરી ચતુર છે પણ નહી તો—"

બીરબલે આનાકાની કરી, એટલે બાદશાહે ગુસ્સો કરી કહ્યું કે, "તારેજ એ વાત ઉપાડવી પડશે, અને ટુંક મુદતમાં જો તેમ નહી બન્યું તો તારૂં માથું જોખમમાં આવી પડશે." બીરબલને માથે એક નવી મોટી ચિંતા વધી.

હવે પેલી તરફ ઠકરાણી માણુકબાને આ બધી ખબર, રાડ-રાઠોડ ઘેર આવ્યા એટલે પડી ગઈ હતી. રાઠોડ ઘેરે આવ્યા ત્યારે

ઠકરાણીને લગાર ઠપકો દઇ બોલવા લાગ્યા કે, "તારી મોહકાણે આ કાણુ મંડાઈ છે." ઠકરાણી હસીને બોલી, "રાઠોડજી, તમે શાંત થાઓ, બાદશાહને તો ઘડીના છઠ્ઠા ભાગમાં હું બનાવી કહાડીશ, એટલે એની આપ મેળે ખાત્રી થશે અને આપમેળે બધું વિઘ્ન વહી જશે."

## ઠકરાણી માણકબા બાદશાહ સલામતને કેમ બનાવે છે?

ઉપલી વાતને દશ બારેક દિવસ ગઈગયા પછી, ઠકરાણીજી બની ઠનીને બાદશાહના મેહેલમાં ગયા. બધી બેગમોને ઠકરાણી માનીતી હતી; કાં કે તેના રમકડાં સરખા રમુજી સ્વભાવથી બધીઓ જાણીતી હતી. પણ હાલ તેણી જુદીજ મતલબે મેહેલમાં આવી હતી. બરાબર લાગ જોઇ બાદશાહજી જ્યાં બીરાજેલા હતા ત્યાં ઠુમઠુમ કરતી ગઇ. ભોગજોગે, બાદશાહ પણ તેને સામો મળી ગયો. તેને જોતાંજ ઠકરાણીજી મોઢું હસતું કરીને બોલ્યાં; "મોટાંના નસીબજ મોટાં" આમ બોલી તે ચાલી જવા લાગી. બાદશાહે તેને અટકાવી તે શું બોલી તેનો ખુલાસો જાણવા માંગ્યો.

ઠકરાણી જરા શરમાતી હોય તેવો દેખાવ કરીને બોલી, "બાદશાહ સલામત, એ વાત મારાથી કહેવાય તેમ નથી." બાદશાહ બોલ્યો: "તું તો મારી પુત્રી બરાબર છે, તું મને કહે તો ખરી." માણુકબા બોલી, "પણ કદાપિ, તે વાત સાંભળી તમે મારા ઉપર ગુસ્સો કરશો ત્યારે?" બાદશાહજી બોલ્યા, "તારા જેવી પુત્રી ઉપર તે ગુસ્સે થવાય? બેધડક જે હોય તે કહી સંભળાવ!" માણુકબા બોલી; "પિતાજી, આપ બહુ જ બોહોંસ કરો છો ત્યારે સાંભળો હું કહું છું. ગઇ કાલે રાત્રે હું મારી એક સખી સાથે રમતી હતી, તે વેળા રમતમાં ચિતોડનું આખું અરણ્ય જીતી."

બાદશાહજી તો ખુશ ખુશ થઈ ગયા, અને બોલ્યા, "વાહ! ચિતોડનું આખું અરણ્ય! વાહ, પછી, પછી?"

ઠકરાણી બોલી, "તે હું આપને આપી દઉં છું તે સ્વીકારો, આ કાગળોમાં લેખ છે." આમ બોલી દસ્તાવેજોનો એક વિંટો બાદશાહજીને આપી તે ચાલતી થઈ

બીજે દિવસે દરબાર ભરાઇ તે વેળા બાદશાહના પેટમાં ચિતોડનાં અરણ્યની વાત છાની રહી નહી. તે તેણે કાંઇક ખુશાલી અને ગર્વ સાથે આખી દરબારને કહી દીધી. તે સાંભળી, દરબાર પણ ખુશ ખુશ થઇ. કેટલાક તો ડંફાસ મારવા લાગ્યા કે ચિતોડનું અરણ્ય તો જીતાયું તો હવે ખુદ ચિતોડ જીતતાં વાર શી? બીજી તરફ બીરબલ બોચી ધવડતો બેઠો હતો, તેના મનમાં તે વાત કેમ કરતાં ઉતરી નહી, તે વિચારમાં પડ્યો કે આ ખુશાલી તમામ ખાલી છે; છતાં પણ અંદરનો ખરો ભેદ તો તે પણ સમજી નહી શકયો. આઠ દશ દિવસ નીકળી ગયા પછી લાગ જોઇ ઠકરાણી માણકબા બાદશાહને મળી અને પછી પેલા જ બોલો પાછા બોલી, "મોટાંનાં નસીબ જ મોટાં."

બાદશાહે તે બોલવાનું કારણ જાણવા માંગ્યું. તે ઉપરથી માણકબા લગાર અચકાઇને, લગાર શરમાઇ ને બોલી: "ખુદાવિંદ, કાલે પણ હું રમતમાં જીતી છું; મેં મારા પચાસ ઘોડા માંડ્યા હતા અને તે સામે એક હજાર મેંઢાં મંડાયાં હતાં. હું આપને નામે જીતી તેથી તે જીતેલાં તમામ મેંઢાં બાદશાહી જનાવર ખાનામાં મોકલાવી દીધાં છે."

બાદશાહે હસીને તે ભેટ પણ સ્વીકારી લીધી. પણ આ વાત ઝાઝી અગત્યની ન જાણી બાદશાહે દરબારમાં જાહેર નહી કરી. આ વાતને આઠ દશેક દિવસ થયા કેડે, ઇદનો તહેવાર આવ્યો હતો. તેથી સ્વારી વગેરેની તૈયારીઓ ચાલી રહી હતી. ઇદ પડવાની હોવાથી દરબારમાં બડો ઠાઠમાઠ ચાલી રહ્યો હતો. તેને આગલે જ દિવસે ઇદની દરબાર પણ ભરાઇ હતી અને તેમાં તમામ ઉમરાવો વગેરે હાજર થયા હતા. દરબારમાં, ફુલો તથા પાન ગુલાબ વહેંચાતાં હતાં. તેજ વખતે ખણુખણુ કરતો સફેદ દુધ જેવા બળદનો એક માફો દરબારગઢમાં દાખલ થયો. બળદના ગળાંમાં બાંધેલા ઘુંઘરાઓનાં આવાજ સાંભળીને માફામાં કોણ આવ્યું છે? તે જોવા બધા તત્પર થઇ ગયા. પણ તેમની જીજ્ઞાસા તરત તૃપ્ત થઇ. માત્ર ઠકરાણી માણ-કબા તે માફામાંથી પોતાની એક દાસી સાથે તેમાંથી ઉતરી અને બાદશાહની જ્યાં દરબાર ભરાઇ હતી ત્યાંના દરવાજા બાહાર જઇ ઉભી અને દરવાનને કહ્યું કે, "નામવર બાદશાહને ખબર કરો કે

ઠકરાણી માણુકબા કંઇ જરૂરનાં કારણુસર તમને બાહાર બોલાવે છે, માટે તમારા અંગત દરબારીઓને લઇને જરા બાહાર આવો."

માણુકબા ઠકરાણી બધાને જાણીતી હતી. તેથી દરવાને તેના હુકમ પ્રમાણે જઇને બાદશાહને અરજ કીધી. કોઇ દિવસ નહી ને આજેજ ઠકરાણી માણુકબા દરબારમાં શા માટે આવી હશે તે માટે બધા વિચારમાં પડ્યા. બાદશાહ તખ્તેથી ઉતરીને દીવાનખાનામાંથી બાહાર પડ્યો. બાદશાહને પધારેલો જોતાં જ ઠકરાણી માણુકબા બોલી, "પિતાજી, આજ મારી લાજ જાય છે."

આ સાંભળતાંજ બાદશાહ ચોંકીને બોલ્યો, "તું શું બોલી પુત્રી?"

ઠકરાણી બધા સાંભળે તેમ બોલી, "પિતાજી, કાલ રાતે રમતાં હું હારી ગઇ છું."

બાદશાહે પૂછ્યું "શું હારી?"

ઠકરાણીએ જવાબ દીધો, "દિલ્લી!"

બાદશાહે ચોંકીને પૂછ્યું, "શું દિલ્લી હારી? તને દિલ્લી હાર જીતમાં મૂકવાનું કોણે કહ્યું હતું?"

ઠકરાણી બોલી, "જેમ બે વખત જીતી તેમ વળી પણ જીતીશ એમ જાણીને મેં દિલ્લીની શરત મૂકી, મારી સાથે રમનારીએ કાશ્મીરની હોડ કરી હતી, મને શું ખબર કે હું હારી જઇશ."

એક દરબારીએ કહ્યું, "ખુદાવિંદ, એને દિલ્લી હારવાની શી સત્તા છે?"

બીરબલે ઠાવકું મોઢું કરી પૂછ્યું, ખુદાવિંદ બે વખતની વાત ઠકરાણી કરે છે તે વખતે શું તે જીતી હતી?"

બાદશાહે કહ્યું, "હા, એક વખત ચિત્તોડનું આખું અરણ્ય અને બીજીવાર એકહજાર મેંઢાં."

બીરબલે કહ્યું, પણ તે વખતની જીત સાથે આપને શો સંબંધ છે? આપે તે ભેટો કબૂલ તો નથી કરીને?"

બાદશાહે કહ્યું, "કેમ તે દિવસની વાત ભૂલી ગયો? ચિત્તોડનું અરણ્ય જીતવાની વાત મેં કરી હતી તે યાદ નથી? વળી એ શરતો તો ઠકરાણી મારે નામે રમી હતી અને જે કાંઇ જીતી તે મેં દરબારમાં કહ્યું હતું."

બીરબલે કહ્યું: "ત્યારે કાંઇ કહેવાય નહી."

આટલીવાર ઠકરાણી ચુપચુપ ઉભી હતી. તે હવે બોલી, "પિતાજી, હવે આપ દિલ્હી ખાલી કરી આપો કે તે જીતનારના કબજામાં સોંપી દઊં."

બાદશાહ તો વિચારમાં પડ્યો. તે બોલ્યો, "પણ હું ક્યાં જાઉં ? આજનો દિવસ ઇદનો છે તેમાં આ તો મોટી પીડા થઇ પડી. તે બોલ્યો, પણ આ જે બે સરતો જીત્યો છું તે પાછી આપી દઉં તો."

ઠકરાણી બોલી, "પિતાજી, હવે મને શું નક્કી જવાબ આપો છો ? હું પા કલાકમાં જવાબ લાવવાની બોલીએ અહીં આવી છું, માટે મને જવાબ આપો તો જાઉં ?"

હવે શું કરવું તેના વિચારમાં બાદશાહ તેમજ બધા દરબારીઓ પડી ગયા. આખરે બાદશાહ બોલ્યો, "મને સુઝતુંજ નથી, મારાથી દિલ્લી તે કેમ ખાલી થઇ શકે ? ને તે કેમ છોડી જાઉં ?"

બાદશાહનું આવું બોલવું સાંભળતાં જ ઠકરાણી માણકબા ત્યાંથી ધસારાભર નીકળી પડી અને પોતાના માફામાં બેસી ચાલતી પકડી.

બીરબલને હવે બધી સમજણ પડી ગઇ. તે બોલ્યો, "ખુદાવિંદ એક વાત પૂરવાર થઇ તેથી માથેથી જોખમદારી ઉતરી ગઇ છે."

બાદશાહે આશ્ચર્યથી પૂછ્યું, "કઇ વાત ?"

બીરબલે કહ્યું, ઠકરાણી માણકબાને હાથે બની જવાની; શું જેણે આટલી હદ સુધી મશ્કરી કીધી તે આપણા સરખાને હારી જવા દેત ?"

બાદશાહને હવે બધું સમજાઇ ગયું. પોતે એક સ્ત્રીથી બની ગયો તેથી તે આશ્ચર્ય પામ્યો. ઠકરાણીની ખાનગી ચાલચલણની છુપી ખબર મેળવી હતી તેથી પોતાની પુત્રી તુલ્ય તેને ગણતો હતો, તેથી રાઉ રાઠોડને બીજી પણ કેટલીક જાગીર આપી અને તેની છ માસની નોકરી પણ કાઢી નાંખી.

રાઉ રાઠોડ પણ પોતાને આવી ઉત્તમ મનશક્તિની પત્ની મળી છે તેમ જાણી આનંદ પામ્યો અને પોતાની આ જુની તેમ જ નવી જાગીરની સંભાળમાં ગુંથાયો.

## અકબર-બીરબલ બંને રંગ ઉપર !

એક દિવસે, બાદશાહ અકબરને એક કવિત્ત યાદ આવી ગયું અને તેને બહુ ઉત્તમ જાણી તેણે બીરબલને ઠોક મારી કે, "બીરબલ, હું એક કવિત્ત બોલું છું તેનો જવાબ મને તારા તરફથી તેવાં જ કવિતમાં મળવો જોઇએ છે, અને તે વળી એવો કે, મારાં કવિત કરતાં ચઢિયાતો હોય ! જો તે તેવો ઠરે તો જ તારૂં નામ બીરબલ, અને તે બદલ તને ઉત્તમ શીરપાવ આપું, પણ મારા કરતાં જો તે નમાલો હોય તો તને ગામ બહાર કહાડું હો !" બીરબલ સમજ્યો કે, આ વળી બાદશાહને કાંઇક નવી જ ધૂન ચઢી છે, પણ જોઇયે તો ખરા, શું થાય છે ? અજમાયશ તો લઇ જોઇએ, કે બાદશાહજી કેટલાં પાણીમાં રમે છે અને આપણે કયાં મરવા સુતા છીએ. બાદશાહનું આ કઠણ વચન સાંભળી, બીરબલે જવાબ દીધો, "ખુદાવિંદ, આપના કહેના કબૂલ મંજૂર હૈ, આપ આપનું કવિત બોલો તો સહી ! મેંબી સોચ લઉંગા ! આ સાંભળી બાદશાહજી ખોંખારો કરી બોલ્યાઃ—

જલ તો ગંગ જળ ઓર જળ કાહ રે,
ફલ તો આમ ફળ ઓર ફળ કાહ રે;
ભોગ તો સ્ત્રીભોગ ઓર ભોગ કાહ રે,
જોતિ તો નૈન જોતિ ઓર જોતિ કાહ રે.

આ કવિત બોલી તેનો ભાવાર્થ જાણે બીરબલ સમજ્યો નહી હોય તેમ તે માનવા લાગ્યો. તેનો ભાવાર્થ એવો થાય છે કે, જલમાં સૌથી ઉત્તમ જલ ગંગાજીનું છે, તેની બરાબર બીજું કોઇ જલ નથી, ફળમાં ઉત્તમ ફળ આંબાનું ફળ ગણાય છે, તેના જેવું ઉત્તમ ફળ બીજું કોઇ નહી, ભોગ કરવો તે સ્ત્રીની બરાબર કોઇ ભોગ નથી આંખોની જ્યોત બરાબર બીજી કોઇ જ્યોત ઉત્તમ નથી.

આ સાંભળી, બીરબલે ઉત્તર દીધો, "નામવર શાહે સુલતાન, હવે મારૂં કવિત સાંભળોઃ—

બીરબલ બોલ્યોઃ

જલ તો ઇન્દ્ર જલ ઔર જલ કાહ રે,
ફળ તો પુત્રફળ ઔર ફળ કાહ રે:
ભોગ તો અન્ન ભોગ ઔર ભોગ કાહ રે,
જોતિ તો સૂર્ય જોતિ, ઔર જોતિ કાહ રે.

બીરબલે એની મતલબ સમજાવતાં કહ્યું કે, જલમાં ઉત્તમ જલ ઇન્દ્રજલ (વરસાદ) સમાન કોઈ જલ નથી, કેમકે જો તે નહી વરસે તો ગંગાજીમાં પણ જલ કહાંથી આવે. એ કારણથી વરસાદનું જલ સૌથી શ્રેષ્ઠ છે; ફળમાં ઉત્તમમાં ઉત્તમ ફળ પુત્ર ફલ છે, તે સિવાય ઉત્તમ ફળ બીજું કોઈજ નથી; ભોગમાં સૌથી ઉત્તમમાં ઉત્તમ અન્નભોગ છે, કેમકે સ્ત્રીભોગ સિવાય ચાલશે, પણ અન્નભોગ વગર ઘડીભર પણ ચાલશે નહી; છેલ્લું, જોતિમાં ઉત્તમમાં ઉત્તમ જોતિ સૂર્ય છે, બધી જોતિ કહો તે તેનાથી ઉતરતી જ ગણાશે; સૂર્યની હસ્તી ન હશે તો આંખની જોતિ પણ નકામી સરખી છે.

બાદશાહ આ કવિત સાંભળી બેહદ ખુશી થયો અને કબુલાત પ્રમાણે બીરબલને ઇનામ આપી નવાજ્યો.

## બીરબલને શોધી કાઢવાની યુક્તિ-તેથી રૈયતને ગભરામણ પણ યુક્તિ સામે બીરબલની તદબિર.

કોઈ કોઈવાર બાદશાહ અને બીરબલ સાધારણ વાટાઘાટ કરતાં, બાદશાહ બોહોણી ઉપર આવી જતો અને એટલો ઉશ્કેરાઇ જતો કે, ઝટ દેતો કે બીરબલને શેહેરમાંથી હાંકી કાઢવાનો કે દૂર થવાનો પણ હુકમ કરી દેતો, અને જ્યારે બીરબલ તે પ્રમાણે શેહેરથી અદૃષ્ટ થઇ જતો, ને પછી બીરબલનું કામ પડતું ત્યારે તેની હાજરીની તલબગારી કરતો. એ વેળા તે તેને શોધી કાઢવાને અનેક તદબિરો રચતો, અને તે તદબિરનો સંભાળથી લાભ લઇ બીરબલીઓ પણ શાહ હજુર હાજર થતો. એવા અનેક બનાવો બનવા પામતા. એક વાર એવોજ પ્રસંગ આવ્યો. વાટાઘાટ ઉપરથી શાહ બીરબલ ઉપર એટલો ખીજાયો કે તત્કાલ તેણે બીરબલને શેહેરમાંથી હાંકી કહાડ્યો. બીરબલ સમજ્યો કે, વળી શાહનું માથું ચસકયું છે, એટલે તેણે સબસે

બડી ચુપ એમ માની લઇ રૂખસદ લીધી, અને ચોક્કસ મોહોલ્લામાં એક ઘરમાં જઇને છુપાઇ રહ્યો. થોડાક દિવસ ગયા એટલે બીરબલ વગર ખુદ શાહને જ ચેન પડ્યું નહી, અને તેણે વિચાર્યું કે નખોદનો ગયો કેઠે એટલામાં જ એવો ભરાઇ બેઠો હશે કે, તેને ત્યાંથી શોધી કહાડવા માટે કાંઇક પણ તદબિર લગાવવી પડશે. તેણે તરત ઢંઢેરો ફેરવ્યો કે, આવતી કાલે દરબાર ભરાવાની છે, તેમાં સર્વે રૈયતજનોએ હાજરી આપવી, પણ આવનારાઓએ પોતાના મોહોલ્લામાંથી દરબાર સુધી આવતાં, અરધું અંગ તડકામાં મને અરધું છાંયડામાં પસાર કરી આવવું. આ વિચિત્ર હુકમ સાંભળી દરેક જણ વિચારમાં પડ્યાં કે શાહના ફરમાવ્યા મુજબ અરધા તડકામાં અને અરધા છાંયડામાં તે કેમ જઇ શકાય ? દરેક મોહોલ્લાના માણસો વિમાસણમાં પડ્યા. શાહના દીલમાં એવો દૃઢ નિશ્ચય હતો કે, જે મોહોલામાં બીરબલ્યો ભરાયલો હશે તે લોકોને બીરબલ કાંઇ પણ તદબિર બતાવશે અને તે લોક ઠાવકપણે આવશે, પણ બીજાઓ ગુંચવાડામાં જરૂર જ પડશે. અંતે બન્યું પણ તેમજ. ઢંઢેરો સાંભળી, બધા વિસ્મય પામ્યા, પણ જે મોહોલ્લામાં બીરબલીઓ પડેલો હતો ત્યાંના લોકોને તેણે હસીને સૂચવ્યું કે, તમારે દરબારે જતી વખતે માથે દોરડીનો નાનો સરખો ખાટલો નાખીને જવું, એટલે ખાટલાથી અંગ ઉપર થોડોક તડકો અને થોડોક છાંયડો આપ મેળે આવશે. બીજે દિવસે બીજા બધા મોહોલ્લાના લોકો તો બાપડા જે થાય તે ખરૂં એમ વિચાર કરી ચાલ્યા, પણ પેલા મોહોલ્લાના લોકો તો માથે ખાટલો નાખીને ચાલ્યા. બીજે દિવસે દરબાર ભરાઇ, ત્યારે બાદશાહે જાણવાની ખાહેશથી બધાઓ કેમ આવ્યા તે સવાલ કીધો. દરેક જણે પોતપોતાની હકીકત કહી સંભળાવી. પેલા મોહોલ્લાવાળાઓએ જ્યારે ખુલાસો કીધો કે અમો તો માથે ખાટલો મૂકીને અરધા તડકામાં અને અરધા છાંયડામાં ચાલી આવ્યા. ત્યારે બાદશાહ સમજી ગયો કે, આજ મોહોલ્લામાં બીરબલીઓ ભરાયલો હોવો જોઇએ, એટલે તેઓને પૂછ્યું કે, એ તદબિર તમોને કોણે બતાવી ? તેઓએ ખુલાસો કીધો કે, અમોને તો બીરબલે એ તદબિર બતાવી,

એટલે શાહે તરત તેમને ફરમાવ્યું કે, એકદમ વળો પાછા, અને બીરબલને માન અકરામ સાથે લઇ આવો. બધા તરત દોડ્યા. તેમને જોઇ બીરબલ પણ પામી ગયો કે શાહે મને શોધી કાઢવાને જ આ પ્રપંચ રચેલો અને તે ખુલ્લો થતાં તેણે મને શોધી કહાડ્યો ખરો, એટલે તે પણ તૈયાર થઇ તેમના જોડે દરબારમાં પધાર્યો, જ્યાં શાહે તેને માનઅકરામ અને ખુશબખ્તી સાથે વધાવી લીધો અને પાછી દોસ્તી કરી દીધી.

## ધન્ય છે બીરબલ તારી અક્કલને! કાં પુતળું બાંધો કાં પુતળું હ્યો!

એક સમયે શાહ દરબાર ભરી બેઠો હતો. દરબારમાં બીરબલ, જગન્નાથ, કવિરાજ ગંગ, તાનસેન અને બીજા વિદ્વાનો એક એક જોડે તરેહવાર સવાલજવાબો કરી રહ્યા હતા. આ સવાલ–જવાબો સાંભળી બધી દરબાર છક્ક થઈ ગઈ હતી. એટલામાં એક બુદ્ધિશાળી બ્રાહ્મણ થણુથણાટ કરતો દરબારમાં આવ્યો. તેને પગે સોનાનાં પુતળાં બાંધેલાં હતાં, હાથમાં વિજયપતાકા પકડેલી હતી, દેખાવે વળી સ્વરૂપવાન અને રૂષ્ટપુષ્ટ શરીરનો હતો. તે આવતાંને વાર દરબારમાં બેઠેલાઓને નમસ્કાર કરી બોલ્યો કે: "હે શાહના શાહ અકબર, તારી દરબારમાં નવરત્નો બિરાજમાન છે, અને તે રત્નોવડે તું શોભી રહ્યો છે, તારાં તે રત્નોને દુનિયામાં કોઇ પંડિત જીતી જવાની હિંમત કરી શકતો નથી, એમ મેં મારે કાને સાંભળ્યું છે; પણ મોટા મોટા પીસ્તાલીશ રાજાઓને જીતી અને તેઓની પાસેથી એકેક સવાશેર સોનાનું પુતળું બંધાવીને હું તમારી દરબારમાં દાખલ થયો છું. માટે શાસ્ત્રના વાદવિવાદમાં મારી સામે ટક્કર ઝીલે એવા તમારા એકાદ રત્નને ઉભો કરો, પણ મારી શરત એટલી જ છે કે, મને જો કોઈ સંવાદમાં જીતે તો હું આ ૪૫ પુતળાં છોડી દઇને મારે માર્ગે ચાલતો થઇ જાઉં, અને ન જીતે તો તમારે પણ સવાશેર સોનાનું પુતળું કરાવીને મારે પગે બાંધવું પડશે."

આ વચન સાંભળી દરબાર તમામ વિસ્મય પામી ગઈ: ક્ષણુવાર દરબારમાં શાંતિ પ્રસરી રહી, અને એકબીજાનાં મોહો જોવા લાગ્યા, કોઇ પણુ આ વિદ્વાન સાથે સંવાદ કરવાને ઉઠયું નહી. આ જોઈ, તરત બાદશાહે બીરબલને ઇશારત કરી. ઇશારત થતાંજ બીરબલ ઉભો થયો અને કહ્યું કે, "મહારાજ, કહો કે તમારે શું બાબત સંવાદ ચલાવવો છે?" તેણે કહ્યું, "મારે માત્ર ચાર સવાલ પૂછવાના છે; તેના જવાબ આપો. જો જવાબ આપી નહી શકશો તો સવાશેર સોનાનું પુતળું મારા પગે બાંધવું પડશે." બીરબલે કહ્યું, "મહારાજ એ શરત અમારે કબુલ છે; પણુ તમો કબુલ કરો કે જો તમને તમારા સવાલોના જવાબો મળી જાય તો આ તમારે પગે બાંધેલાં ૪૫ પુતળાં છોડી દેવાં પડશે; એ સરત જો આપને કબુલ હોય તો તમારા સવાલ પુછો." મહારાજ સવાલ પુછવાની તૈયારી કરતાં બોલ્યાઃ—

બુદ્ધિ, હિમ્મત, શરમ, સુબળ, રહે ન એકે ઠામઃ
ઉત્તર એનો આપવા, હાજરજવાબી કામ.

## સવાલ પેહેલો.

આ દુહો બોલી મહારાજે પોતાનો પેહેલો સવાલ કહાડયો:—"તમારી શરત મારે કબુલ છે, તેમ કરી પેહેલો સવાલ પૂછુંછું કે, આજ રાતે હું સુતો હતો તે વખતે પેહેલા પોહોરમાં સ્રીનો વેષ લઇને કોઈ આવ્યું, અને મને કહ્યું કે, સુતો છે શું? ઉઠ, ત્યારે મેં તેને પૃછ્યું કે, બાઇ તમે કોણુ છો? અને તમને શું જોઇએ છે? તેણે કહ્યું હું મતિ છું; મેં પૃછ્યું કે, તમે કયાં રહો છો? તેણે જવાબ દીધો, હું કપાળે રહું છું; હવે એ કપાળે રહે છે એ વાત તો ખરી, પણુ કોઈ વખતે આઘી પાછી જાય છે કે નહી?

## સવાલ બીજો.

બીજો સવાલ કહાડતાં મહારાજે ચલાવ્યું—"વળી બીજો પોહોર થયો એટલે કોઇ બીજી સ્રી આવી ઉભી. તેને મેં સવાલ કીધો કે, બાઇ તું કોણુ છે? અને શું માંગે છે? તેણે કહ્યું, હું શરમ. મેં પૃછ્યું તું કયાં રહે છે? એવા મારા સવાલના જવાબમાં તે બોલી: હું આંખમાં રહું છું. આ વાત પણુ સાચી તો ખરી, પણુ મારે જાણુવું છે કે, કોઈ

વખતે તે પોતાની જગાએથી આઘી પાછી જાય છે ખરી કે? અને જતી હોય તો તે ક્યારે? તે મને સમજાવો.

## સવાલ ત્રીજો.

ત્રીજો સવાલ રજુ કરતાં પેલા વિદ્વાન મહારાજ બોલ્યા–ત્રીજા પોહોરમાં હું આ બે વાતોનો નિશ્ચય કરતો હતો, તેટલાં વળી કોઈ સ્ત્રી વેષે આવી મારી આગળ ખડું થયું. તેને જોઇને મેં પુછ્યું કે બાઇ તમે કોણ છો? અને શા કારણે આવ્યાં છો? તો તે બોલી કે ભાઇ મારૂં નામ **હિમ્મત**. હું છાતીએ રહું છું. મહારાજ બોલ્યા કે એ વાત પણ ખરી, પણ તે સદા છાતીએ જ રહે છે કે? અને કોઇ વેળા ત્યાંથી આઘી પાછી થાય છે ખરી કે? અને જાય છે તો કયે સમયે? તેનો મને ખુલાસો આપો.

## સવાલ ચોથો.

મહારાજે પોતાનો ચોથો અને છેલ્લો સવાલ રજુ કરતાં કહ્યું–ઉપલી ત્રણે બાબતો મારા મનમાં ઘોળાયા કરતી હતી, તેટલામાં વળી એક માણસ તરેહવાર ચિત્ર વિચિત્ર પોશાક પેહરી હાજર થયું. તેને જોઇ મેં પૂછ્યું, "તમો કોણ છો?" તો કહે કે "હું **બળ** છું." મેં પુછ્યું કે, "તમે ક્યાં રહો છો?" તો તે કહે કે "હું શરીરમાં તથા હાથમાં રહું છું." આ વાત ખરી છે, પણ તે હાથ તથા શરીરમાંથી કોઈ વખત આઘું પાછું થાય છે કે નહી? અને થતું હોય તો કયે વખતે? આ વાતનો ખુલાસો મને કરી આપો.

મહારાજ બોલ્યા, "દરબારમાં બીરાજેલાં વિદ્વાનરત્નો, આ મારા ચારે સવાલોના સચોટ જવાબ આપો, અને ન અપાય તેમ હોય તો શરત મુજબ મારા પગે પુતળું બાંધી મને જવા દો, અને ક્ષમા માંગી લ્યો."

આ છેલ્લા શબ્દોથી બીરબલને લગાર ઝાંઝ ચઢી. તે બોલ્યો, "મહારાજ, એવું અભિમાન નહી રાખો, અભિમાનનું ઘર ખાલી છે, હુંપદ ધારણ કરનાર માણસ આ જગતને જીતી શક્યો છે ખરો? તો પછી પાણીના પરપોટા માફક શા માટે ફુલી ગયા છો? આ અકબરશાહની દરબારમાં બીરાજનારાં રત્નો, અહંકારી નથી, પણ

વિદ્વાનોનું સન્માન કરનારાં છે; તેલ જુઓ, તેલની ધાર જુઓ, પછી દેડકાં માફક કુદકા મારજો. હવે હું તમારા ચારે સવાલોના જવાબ ક્ષણુ વારમાં આપી દઉં છું તે ધ્યાન ધરી સાંભળો.

## પેહેલા સવાલનો જવાબ.

તમારા પેહેલા સવાલના જવાબમાં કહુંછું કે "**મતિ** કપાળેજ રહે છે એ વાત ખરી છે, પણુ જ્યારે કાળ આવે છે ત્યારે મતિ ફરી જાય છે, તે વખતે ગમે તેવો સમજુ પુરૂષ હોય તેની પણુ મતિ ફરી જાય છે. એમાં મોટી વાત નથી."

## બીજા સવાલનો જવાબ.

તમારા બીજા સવાલના જવાબમાં કહુંછું કે, "**શરમ** તો સદા આંખમાં જ રહે છે, પણુ જ્યારે માણુસને વિકાર ઉત્પન્ન થાય છે ત્યારે શરમ આંખમાંથી જતી રહે છે, એમાં પણુ મોટી વાત નથી."

## ત્રીજા સવાલનો જવાબ.

તમારા ત્રીજા સવાલના જવાબમાં કહું છું કે; "**હિમ્મત** સદા છાતીએ જ રહે છે, પણુ જ્યારે બ્હીક માણુસના શરીરમાં દાખલ થાય છે ત્યારે તે ત્યાંથી ખસી કોઇ ખૂણે ખોંચરે ભરાઈ જાય છે, એમાંયે મોટી વાત નથી."

## ચોથા સવાલનો જવાબ.

તમારા ચોથા સવાલના જવાબમાં કહું છું કે, "**બળ** હંમેશાં હાથ તથા શરીરમાં જ વાસ કરે છે, પણુ જ્યારે માણુસને વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે તે ત્યાંથી જતું રહે છે, એમાં પણુ મોટી વાત નથી."

આ જવાબો આપી, બીરબલે પૂછ્યું, "મહારાજ, આ તમારા ચારે સવાલોના જવાબ બરાબર છે કે નહી? જો નહી હોય તો ના કહેજો, અને જો બરાબર હોય તો શરત મુજબ તમારા પગમાંના ૪૫ પુતળાં છોડી આપીને તમારે રસ્તે પડો; પણુ હવેથી કોઇ દિવસ મનમાં એવું અભિમાન રાખશો નહી. આ તો અદ્દલ ઇન્સાફી અકબર બાદશાહનું રાજ્ય છે તેથી તમને જીવતદાન આપી છોડી દે છે."

આ સાંભળી તે અભિમાની બ્રાહ્મણુ શરમિંદો થઇ ગયો. તમામ દરબારને બે હાથે આશીર્વાદ આપી તે બોલ્યો, "હે શાહનશાહ; તારો

સદા જય થાવ, તમારી દરબારને આવી રીતે શોભાવી રહેલાં રત્નોને જોઇ મને મહા આનંદ થયો છે; હું તર્કવાદી છું પણ શાસ્ત્રવાદી નથી, શાસ્ત્રવાદીને જીતનાર તો દરેક ઠેકાણે મળી આવે છે, પણ તર્કશાસ્ત્રીઓ મલતા નથી; તે તર્કશાસ્ત્રીઓ તમારા દરબારમાં છે તે જોઈ મારા ગર્વનો નાશ થયો છે. એટલું બોલી શરત પ્રમાણે પોતાના પગમાંના ૪૫ પુતળાં છોડી દઈ તે ચાલતો થયો. બીરબલની આખી દરબારમાં વાહવાહ પોકરાઈ તે જુદી.

## અકબરને કુદરતનો ભેદ બીરબલે કેમ સમજાવ્યો?

એક દિવસે શાહ અકબરને એવો જ વિચાર થયો કે જે ઘડી પળમાં મારો જન્મ થયો છે તે જ ઘડી પળમાં કોઈ બીજાનો જન્મ થયો હશે કે નહી? જો તેમ હોય તો હું આટલો સમર્થ છું, તો બીજો પણ કોઈ તેવો જ કાં નહી હોય? એ વિચાર તેના મનમાં ઘોળાયા કરતો હતો, તેવામાં બીરબલ ત્યાં આવી લાગ્યો. તેને જોઈ તેણે બીરબલને પોતાના મનની ભ્રાંતિ કહી સંભળાવી એ બાબતનો ખુલાસો સમજાવવા હુકમ કર્યો. તેણે પૂછ્યું કે, જે ઘડી પળમાં મારો જન્મ થયો છે તે જ ઘડી પળે બીજા અનેક માનવીઓના જન્મ થયા હશે. પણ તેઓ બાપડા ઘણા ખરા ભીખ માંગીને ગુજરાન કરે છે તેનું કારણ શું? બીરબલે હસીને કહ્યું, ખુદાવિંદ, એનો ખુલાસો સેહેલ છે, અને તે તમને હું અબઘડી સમજ પાડું છું. એમ કહી તેણે થોડાંક પાન અને એક સોય મંગાવી. પાન એક સરખાં કરી તેને એકેક ઉપર ગોઠવ્યાં. અને પછી પેલી સોય બાદશાહના હાથમાં આપી તે બધાં પાનમાં દાબી ભોંક પાડવા કહ્યું. બાદશાહે તેમ કીધું. પછી બીરબલે તે પાનનો થોકડો ઉપાડી, ઉપરનાં બે ત્રણ, વચમાંનાં બે ત્રણ અને છેવટનાં બે ત્રણ પાન ઉપાડી, તપાસ કરી જોઈ. તો ઉપરવાળાં પાનમાં જરાક ઉંડો છેદ, વચમાંના પાનમાં તેથી ઓછો, અને છેવટનાં પાનમાં સહજ છેદ પડેલો દેખાયો. તે લઈ બીરબલે બાદશાહને સમજાવ્યું કે, જુઓ, ખુદાવિંદ, આ એક જ જાતના પાન છે, એકી વખતે છેદ પાડયો છે, એક જ

હાથે તે પાડયો છે, તો ઉપલાં પાનમાં લગાર મોટો, વચલામાં સહેજ નાનો અને છેલ્લામાં છેક નાનો છેદ પડયો છે એનું શું કારણ ? એ જ કારણ તમો ખુદાવિંદ, તમારા જન્મકાળના સંબંધમાં પણ સમજી લ્યો. એ જ પ્રમાણે તમારા જન્મ એકી ઘડીએ થવા છતાં, કોઈ શાહ, કોઈ અમીર તો કોઈ ફકીર પણ જન્મ્યાં છે. અને તે જ નિયમ કુલ કુદરતને આવી રીતે લાગુ પડે છે. આ ખુલાસો સાંભળી, બાદશાહનો ભ્રમ ભાગ્યો અને તે બહુ ખુશ થયો.

## બીરબલ, તું મુજકો હિન્દુ બના દે!

કોઇ કોઈ વખતે બાદશાહ અને બીરબલ જ્ઞાન–અક્કલની વાતો કરતા કરતા એવા તરિયાપાવ ઉપર આવી જતા કે, કાં તો બાદશાહજી તે બાપડાને કોઇ મુશ્કેલી ભરેલો સવાલ કરી તેનો ખુલાસો માંગતા, કે કોઇ કોઇ વાર એટલા ગરમ થઇ જતા કે તેને ઘડીના છઠ્ઠા ભાગમાં ગામની હદબાહાર જઇ રહેવાનો પણ હુકમ કરતા, તો જો કે તેમનો મીજાજ પાછો ઠેકાણે આવી જતાં જ્યારે અડીભીડી આવતી અને જોતા કે નખોદનો ગયો ત્યાં હાજર હોતે તો હજાર તદબિર બતાવતે અને તેવો વિચાર કરી તેને પાછો ગમે ત્યાંથી શોધી, શોધાવી માનઅકરામ સાથે લાવી દરબારમાં બીરાજમાન કરતા. તેમની આ ખોડ બીરબલ પણ સમજી ગયલો હતો, એટલે બાદશાહ કોઇ વેળા ગમે તેટલો મમતે ચઢે તો પણ તેની દરકાર વગર પોતાના મતને જે ખરું–સત્ય લાગે તે જ બોલતો. એક વખત એજ પ્રમાણે જુદા જુદા ધર્મોને લગતી વાત કરતાં કરતાં, બાદશાહને એવુંજ ભૂતડું ભરાયું કે, તેમણે બીરબલને ઠોકી ઠોકીને કહ્યું કે, "બીરબલ, તું મુજે હિન્દુ બના દે." એક નહી પણ અનેક વખત બાદશાહના મોઢાંમાંથી આ શબ્દો નીકલ્યા. એટલે છેવટે બીરબલ ગભરાયો. તેણે ધીરજથી હાથબક્ષ કરી જવાબ દીધો, "મહારાજાધિરાજ, મુસલમાનને હિન્દુ બનાવવો એ બડી મુશ્કિલ બાત છે, કેમકે મજહબમાં હરેક વાતની બહુજ મુશ્કેલીઓ અને ખટરાગો નાખવામાં આવેલી છે." મહારાજાધિરાજ આ વાત સાંભલી કાંઈ ચૂપ બેસે તેવા ન હતા. એટલે

તેઓએ તો હઠ લીધી કે, "મજહબમાં ગમે તેટલી મુશ્કેલીઓ બતાવેલી હોય તો તેનો શું મુજાહકો છે, આપણે તે મુશ્કેલીનો તોડ ઘણી સેહેલથી કાઢી શકીશું, માટે તું મન ઉપર લે અને મને હિન્દુ બનાવી દે." બીરબલે જોયું કે હવે, બાદશાહજીને વધુ ચીડવવા નહી, અને કાંઇક યુક્તિથી કામ લેવું પડશે, અને કાંઇક તદબિરથી એમનો આ પવન ઉરાડવો જોઇશે. એમ વિચારી તેણે કહ્યું, "ખુદાવિંદ, મને પંદર દિવસની મેહતલ આપો, તેટલામાં એ બાબતની હું તજવીજ કરીશ." એમ કહી તરત તો તેણે વિટંબણા વટાવી. ઘરે આવી બીરબલે પોતાની ચતુર બેટીની આગળ બાદશાહની ગમ્મતની આ વાત છેડી, અને કાંઇક તોડ કાઢવાની તેણીને ફરમાશ કીધી. બીરબલની દીકરી કાંઈ બીરબલથી ઉતરે તેવી ન હતી. તેણી અનેક એવી મુશ્કેલીઓના તોડ સફાઇથી કહાડી આપતી હતી. એટલે પોતાના બાપને મોઢેથી બાદશાહની જીદની વાત સાંભળી લગાર ગભરાઇ તો ખરી, પણ હિમત રાખી જવાબ દીધો, "પિતાજી, એમાં તે શું મોટી વાત છે? શા માટે ગભરાઓ છો? હું પોતે જ એનો જવાબ બાદશાહ સાહેબને આપીશ, માટે તમો ધીરજ રાખો." બીજે દિવસે બીરબલની છોકરી, તમામ ધોબણનો વેષ લઈ, માથે લૂગડાંનો ગાંસડો ઉપાડી બાદશાહ હજુર રજુ થઈ. તેણીએ ધોબણનો વેષ એવો તો લીધેલો કે ઘડીભર તેનો સગો બાપ પણ તેણીને પીછાણી નહી શકે. દરબારમાં ધસી જઇ, તેણી બહુ રંજીદા દીલે પોકાર કરવા લાગી કે, "હું હરતરેહ હજુરની કસુરવાર છું, પણ ખુદાવિંદ, મારી અરજ સાંભળી, મારો વાજબી ન્યાય કરી આપો." આ પોકાર તે દરબારના દરવાજાથી દૂર ઉભી રહી પાડતી હતી. તે સાંભળી, બાદશાહે તેને નજદીક આવી ફરિયાદ રજુ કરવા તાકીદ કીધી. તે ઉપરથી તે ધમધમાટ કરતી દરબાર હજુર આવી ઉભી, અને હાથબક્ષ કરી બોલવા લાગી કે, "હજુર, આજ બપોરને વખતે, પાણીમાં આગ સળગી ઉઠી, અને તેથી બન્યું એમ કે, હજુરના પોતાનાં તથા તમામ બેગમ લોકોનાં કિમતી કપડાં સળગી ગયાં છે તેની ખબર કરવા હું દોડતી આવી છું." આ વાત સાંભળી, બાદશાહ બોલ્યો, "અરે,

ધોબણુ, તું આજે દિવાની બની ગઇ છે, શું પાણીમાં કોઈ દિવસે આગ લાગતી હશે? એ તું શું બકવાદ કરી રહી છે? કે તું મને તથા આ તમામ દરબારને મૂર્ખા—અક્કલ વગરનાજ સમજે છે? કે આ જાતનો બકવાદ કરી રહી છે?" આ સાંભળી બીરબલની બેટી જે ધોબણનાં લેબાશમાં રડમસ ચેહેરે ઉભી હતી તે બોલી ઉઠી—"તો જનાબ, આપ વિચાર કરો કે કદી કોઈ મુસલમાન બચ્ચો હિન્દુ થઈ શકે ખરો?" આ જવાબ સાંભળી બાદશાહ પામી ગયો કે, બીરબલ સાથે થયલી હોસાતોસીમાં બીરબલે તે જવાબ આપવાની મારી પાસે મેહતલ માંગી હતી તેજ આ જવાબ હોવો જોઇએ. એમ માનીને તે ખુશ થયો. અને પેલી ધોબણ પાસે ખરો ખુલાસો કરાવી તેણીને ઇનામ આપી વિદાય કીધી અને બીરબલને દરબારમાં મોકલી આપવાનો હુકમ કીધો. બાપના સરખી જ તેની બેટીમાં પણ આટલી બધી હાજરજવાબી છે એમ જાણી તમામ દરબાર બહુ ખુશ થઈ ગઇ.

## બાદશાહના બોલ બાદશાહના ગળામાં!

કોઈ કોઈ વાર બાદશાહ—બીરબલની જોડી ટોલટપ્પાં કરતી, ત્યારે બાદશાહ ખુશ મીજાજમાં પણ ભ્રમમાં એવા ગર્ભિત શબ્દો બીરબલને સંભળાવતો કે બીરબલથી તે ખમા શકાતું નહી પણ યુક્તિ અને સફાઇથી તેના તે જ શબ્દોને પાછા બાદશાહને પાછા સંભળાવતો તો જ તેનું જીગર ઠર પડતું. બાદશાહને સારી પેઠે ખબર હતી કે હિન્દુઓ ગાય—બળદને માને છે અને પૂજે છે. તેથી એક દિવસે બંને જોડે જતા હતા તેવામાં તેમની નજરે એક મસ્તાન બળદ પડયો. આ બળદ મસ્તીમાં આવી વાટે પડેલા ઘાસચારા ભેગાં પડેલાં નરકમાં પણ મોઢું ઘાલતો હતો. તે જોઈ બાદશાહને ચટાપટી થઈ આવી અને તે બોલ્યો, "અરે, બીરબલ જો આ તારો બાપ વિષ્ઠા (નરક) ખાય છે. જો જો, તમે હિન્દુ લોકો, ગાયને ગૌમાતા કહીને પૂજો છો અને તેમની મોટી પરવરશી કરો છો; અને આ બેલ સામો છે તે સમજ કે, તમારા હિન્દુઓનો બાપ જેવો છે, અને જો અહી રખડતો રઝળતો વિષ્ટાનો આહાર કરે છે? એ શું

નવાઇની વાત નથી ?" બીરબલ સમજી ગયો કે બાદશાહે ભરમમાં ને ભરમમાં ટકોર તો ખુબ કરી છે. પણ તે ક્યાં કાચો હતો કે તે ટીકા સાંખી જાય ? તેણે બાદશાહના એના એ જ શબ્દો એવા તેને છુટા માર્યા કે, બાદશાહજી પણ તે સાંભળી ચુપ થઈ ગયા. તે બોલ્યો, "હાજી જનાબ, તમે કહી તે વાત સત્ય છે, ગૌમાતા તે હમારાં માતા પિતા સમાન જ લેખાય છે, અને હમો તેમની પરવરશી પણ ખરા અંતઃકરણથી કરીયે છીએ. પણ આ બેલ જે "વિષ્ટા" ખાય છે તે હવે મુસલમાન થઇ ગયલો લાગે છે, માટે હવે એ હમારો પિતા નથી." બાદશાહે જોયું કે આપણે બીરબલની ઠેકડી કરવા ગયા તો તેણે તે જ ઠેકડી તેણે શાલમાં લપેટીને આપણુને સામી પહેરાવી છે, માટે સબસે બડી ચુપ, કરી બાદશાહ તો બીરબલનો વળતો ઉત્તર સાંભળી તદ્દન દંગ થઇ જઈ ગુપચુપ જ ઉભો.

## શાલમાં લપેટીને ?

બીરબલને શાહ હંમેશાં કાંઈ કાંઇ હલકાં વિશેષણો પણ લગાડવા ચુકતો નહી. પણ બીરબલ કોઈ દિવસે તે મૂંગે મોઢે સાંખી જતો નહી. એક વેળા બંને જણ ફરવા નીકળ્યા હતા, અને તે વેળા બીરબલ લગાર નીચે ભોંય ઉપર, નજર કરી ચાલતો હતો. તે જોઈ બાદશાહે ટચકો કીધો કે, બીરબલીઆ તું ચાલે છે તો સામો, અને જોય છે તો નીચે ભોંય ઉપર, તો ભોંયમાં શું જોવાનું છે ? બીરબલે જવાબ આપ્યો, "હજુર, મારો બાપ જમીનમાં ગરક થઇ ગયો છે તેને ઢુંઢું છું." બાદશાહે કહ્યું, ઠીક બીરબલ, જો તેમ હોય તો હું તે તુંને બતાવી આપું તો મને શું આપશે ? બીરબલે કહ્યું, "સાંભળો હજુર, જો તમે મારો બાપ બતલાવી દેશો તો અરધો આપનો અને અરધો મારો." બાદશાહે જોયું કે કમબખ્તે શાલમાં લપેટીને માર્યું. એટલે તેરી બી ચુપ ને મેરી બી ચુપ, એમ માની ચુપ જ બેઠો.

## વ્રજભાષાની બલીહારી–કવિરાજોની પરીક્ષા.

એક દિવસ બાદશાહ પોતાનાં એકાંત ભુવનમાં બેઠોબેઠો વિચાર કરતો હતો. તેવામાં તાનસેનજી ત્યાં આવી લાગ્યા. બાદશાહજીનું મન રંજન કરી, તાનસેને સુરદાસજીનું એક પદ ગાયું:–

જસોદા બાર બાર યું ભાખે,
હય કો બ્રજમેં હેતુ હમારો,
ચલત ગોપાલ હી રાખે.

બાદશાહે ધ્યાનથી આ પદ સાંભળ્યું તો ખરૂં, પણ તેનો અર્થ બરાબર મનમાં ઉતર્યો નહી, એટલે તેણે કવિરાજને પૂછ્યું, "તાનસેનજી આનો અર્થ શું?"

તાનસેને એનો અર્થ સમજાવતાં કહ્યું, "સાંભળો, શાહ અકબર, જશોદા ઘડી ઘડી કહે છે કે, આ વ્રજમાં અમારો કોઇ એવો હેતુ છે કે, ગોપાળને જતા અટકાવે?" આ અર્થ સમજાવી, મીયાં તાનસેન તો સલામ બજાવી ત્યાંથી ચાલતા થયા. થોડીવારે બીરબલજી પધાર્યા. તેના જોડે થોડી ઘણી ગપ્પાંસપ્પાં મારી, પણ તે ધ્યાન વગરની જ; કારણ કે તેમનું ધ્યાન તો સુરદાસજીનાં પદમાં ભરાયલું હતું. તાનસેને કરેલો અર્થ તેના મનમાં બરાબર ઉતર્યો નહતો. તેથી બીરબલ આવ્યો એટલે તેને મનથી તો સાક્ષાત ગુરૂજી જ આવ્યા. તેણે તેને પેલું પદ બોલી સંભળાવી, તેનો અર્થ પૂછ્યો. બીરબલે કહ્યું–ખાવિંદ "બાર બાર" એટલે ઘેરેઘેર; જશોદા ઘેરઘેર ફરીને એમ કહે છે કે, આ વ્રજમાં અમારો કોઇ હેતુ છે કે, ગોપાલને જતા અટકાવે?"

થોડી વાર પછી રાજા ટોડરમલ પધાર્યા. તેમને પણ બાદશાહે આ પદ બોલી સંભળાવી તેનો અર્થ પૂછ્યો. ટોડરમલે જવાબ આપ્યો, "જહાંપનાહ, એનો અર્થ બહુ ગૂઢ છે. "બાર એટલે પાણીનો દરવાજો; જસોદા ઘાટે ઘાટે ફરીને એમ કહે છે કે, આ વ્રજમાં અમારો કોઇ હેતુ છે કે ગોપાલને જતા અટકાવે?"

આ પ્રમાણે બધાના જુદા જુદા અર્થો સાંભળી, બાદશાહ કુદરતી જ વિચારમાં પડ્યો. એમાંથી કયો અર્થ ખરો તે તો તેને

કાંઇ જ નિશ્ચય ન થયો. વિચારમાં તલ્લિન થઇને બેઠા છે તેવામાં કવિ અબુ ફૈઝીનું આવવું થયું. બાદશાહે તેને પણ એ પદનો અર્થ પૂછયો. તેણે વળી જુદો જ અર્થ સમજાવ્યો. તે બોલ્યો. "નામવર, 'બાર એટલે પાણીનો દરવાજો' અર્થાત્ આંખમાંથી પડતાં આંસુ. જસોદા રડતી રડતી કહે છે કે, આ બ્રજમાં અમારો કોઇ હેતુ છે કે ગોપાલને જતા અટકાવે?"

બાદશાહ વધુ વિચારમાં પડ્યો. તેણે જોયું કે આ તો વળી ચોથો જવાબ નીકળ્યો. કોઇનો અર્થ એક બીજાને મળતો ન હતો. થોડી વારે સોદાગર ખાજા જંગ આવ્યા. તેને બાદશાહે આ પદ પૂછતાં તેણે ખુલાસો કીધો, જહાંપનાહ, બાર એટલે મેહેલ; જશોદા મેહેલેમેહલે ફરીને કહે છે કે, "આ વ્રજમાં કોઇ અમારો હેતુ છે કે ગોપાલને જતા અટકાવે?"

આ સાંભળીને બાદશાહ તો વધુ ગુંચવણમાં પડ્યો. તેણે તેમાંથી કયો અર્થ ખરો તે વિષે વિચાર કર્યો, પણ કાંઇ સાર મળ્યો નહી. થોડી વારે નવાબ ખાનખાનાનજી ત્યાં પધારી ગયા. નવાબ સાહેબ એ પદનો શો અર્થ કરે છે તે જાણવાનું બાદશાહને મન થયું એટલે તેને પણ એ પદનો અર્થ પૂછયો. બાદશાહને મોઢેથી પદ સાંભળી ખાનખાનાને વિચાર કરીને પૂછ્યું, નામવર, આ પદનો અર્થ મને જ પેહેલાં પૂછયો છે કે બીજા કોઇને પણ પૂછયો હતો?

બાદશાહે કહ્યું: "તમારા પેહેલાં બીજાઓને પણ તે પૂછવામાં આવ્યો હતો." તે સર્વએ કરેલા જુદા જુદા અર્થો બાદશાહે તેમને કહી સંભળાવ્યા. તે સાંભળી ખાનખાનાન બોલ્યા: "સૌ સૌ પોતપોતાની જાત ઉપર ગયા જણાય છે; તાનસેન પડ્યો ગવૈયો, તેના ગાયનની અંદર હમ્મેશાં "ટોમ ટોમ" થયા કરે છે. તેથી તેણે "બાર બાર" નો અર્થ "ઘડી ઘડી" એવો કર્યો. બીરબલ જાતનો બ્રાહ્મણ, એટલે ઘરોઘર ફરનારો તેથી તેણે "બાર"નો અર્થ ઘર કર્યો. રાજા ટોડરમલ પડયો મુત્સદી એટલે તેણે "બાર"નો અર્થ "ઘાટ" કર્યો. પછી તો આપણા શાહેર ફૈઝી. કવિને કરૂણા—રૂદન—વધારે પસંદ હોય છે તેથી તો તેને રડવુંજ યાદ આવે છે. સોદાગર

ખાજાજંગનો ધંધો આખો દિવસ અમીર ઉમરાવો અને રાજમેહેલમાં જવાનો રહ્યો એટલે તેણે "બાર"નો અર્થ "મેહેલ" કર્યો. એનો અર્થ તો જુદોજ થાય છે. બાદશાહ બોલ્યો, "ત્યારે શાહેરાન શાહેર, આપ તેનો શો અર્થ કરો છો તે તો બોલો." નવાબે જવાબ આપ્યો, એનો અર્થ તો–"બાર" એટલે શરીરના રૂવાં–બાલ એવો થાય છે. જશોદાનાં રૂવેરૂવાં એમ કહે છે કે, આ વ્રજમાં અમારો કોઇ હેતુ છે કે ગોપાળને જતા અટકાવે?

બાદશાહ વળી આ નવોજ રંગ જોઇ હસીને બોલ્યો; "નવાબ, સાહેબ, આમાં કોઇજ નહી પણ વ્રજ ભાષાની બલીહારીજ જણાય છે. એ પદના જેટલા અર્થ કરશો તેટલા થઈ શકશે; આમાંથી કોઇનો પણ અર્થ ખોટો નહી કહેવાય."

આમ કહી બાદશાહ ત્યાંથી ઉઠીને જનાનામાં ચાલ્યો ગયો, અને ત્યાં પણ રાણીઓ આગળ વ્રજભાષાના ઉપલાં પદના અર્થ સમજાવી તે ભાષાની બલીહારી ગાઇ, તે ઉપરજ કેટલોક વાર ગમ્મત ચલાવી.

## બાહાદુર ઓર ડરપોક!

એક દિવસે બાદશાહે બીરબલને તાકીદ કીધી કે "નગરમાંથી ખોળીને એક બાહાદુર અને એક ડરપોક સ્ત્રીને શોધી મારી આગળ રજુ કર." બીરબલ તો આ હુકમ થતાં જ ખાસડી પાઘડી ઘાલી બજારમાં દોડ્યો, અને કહેતો ગયો કે "જનાબ, આપના હુકમ મુજબ હું હમણાં જ લાવી હાજર કરૂં છું," થોડેક વારે તે એક લપન્ન-છપન્ન સરખા દેખાવની સ્ત્રીને લઇને પાછો ફર્યો અને શાહની આગળ કુરનસ બજાવી ઉભો. તે બોલ્યો કે, "ખુદાવિંદ, બાહાદુર અને ડરપોક સ્ત્રીને આપની આજ્ઞા પ્રમાણે મેં રજુ કરી છે." બાદશાહ એક જ સ્ત્રીને જોઇને બોલ્યો કે બીરબલ, તેં મારો હુકમ બરાબર સાંભળ્યો નથી, મેં તને ફરમાવ્યું કે એક બાહાદુર અને બીજી એક ડરપોક સ્ત્રીને હાજર કર, તેને બદલે તેં તો આ એક જ હાજર કરી છે. બીરબલ બોલ્યો, "પૃથ્વીનાથ, એ સ્ત્રી બાહાદુર અને ડરપોક

બંને છે." બાદશાહે અજાયબ થઈ પૂછ્યું "તે કેમ બને?" બીરબલ બોલ્યો: "ખુદાવિંદ, સાંભળો, અર્ધી રાતને સમયે, ગમે તેવો વરસાદ પડતો હોય અને ગમે તેવો અંધકાર ફેલાઈ રહ્યો હોય તો પણ તેનાથી લેશ પણ નહી ડરતાં, તલવારના પહેરાની વચમાં થઇને, પોતાના પ્રાણની કંઈ પણ દરકાર ન કરતાં પોતાના યારની પાસે બનીઠનીને એ જાય છે તો એની આગળ ગમે તેવો બાહાદુર પણ રદ છે; હવે એ જ ઓરત, જે સમયે ઘરમાં હોય અને રાતને વખતે ઉંદરોની અફડાતફડી અને ખડખડાટથી બીને ઘરની બાહેર પણ નિકળતી નથી, તો એના જેવી ડરપોક કોણ હોય? તો જોઈ લ્યો, તમે માગેલી તેવી બેને બદલે આ એક જ સ્ત્રી તમારા આગળ હાજરાહજુર આવી ઉભી છે." બાદશાહે બીરબલના આ યુક્તિબાજ તોડથી સંતોષ પામી હસીને તે બાઇને રજા આપી.

## સાચા અંધી અને ખોટા અંધીની પરીક્ષા

એક વખતે બાદશાહે હુકમ કીધો કે, શહેરમાં જેટલા અંધી હોય તેમને જમાવ કરવા, અને એ સઘળાને રાજ્યના ખજાનામાંથી ખાવાપીવાનું તથા કપડાંચપડાં પુરાં પાડવાં. આ સાંભળીને જેઓ ખરા અંધી હતા તેઓ તો બહાર પડયા; પણ જેઓ ન હતા તેઓ પણ આયતું ખાવાપીવાનું તથા કપડાં લૂગડાં મળવાની લાલચે બહાર પડ્યા. એટલે હજારો અંધીઓનો ત્યાં આગળ જમેલો ઝામ્યો. તે જોઈ બાદશાહ અકળાયા, એટલે બોલવા લાગ્યા કે એમાં ખરે ખરા અંધી તો થોડા જ હશે, માટે કોઇ એવી યુક્તિ કરો કે એમાંથી સાચા અને જુઠા પકડાઇ આવે. બીરબલ તે યુક્તિ લડાવવામાં તૈયારજ હતો. તેણે શું કીધું? ઘાસના ઠેલાઓ ને ઠેલાઓના બીછાના કરી બધા એકઠા થયલા અંધીઓને તેના ઉપર બેસાડ્યા. પછી એક તરફથી ઘાસમાં આગ સળગાવી મુકી. તો જોઇ લ્યો અંધીઓમાં દોડાદોડી ને શોરબકોર, પણ જેઓ ખરા અંધી હતા તેઓ તો નચિંત જીવે ઘાસ ઉપર પડ્યા રહ્યા, પણ જેઓ ઠગારા હતા તેઓ તો પોતાનો જીવ બચાવવા

નાહસી છુટા. પછી પેલા ખરા એધીઓના જમેશ્નાને લઇને બીરબલ શાહ આગળ હાજર થયો, અને ખરા એધીઓને બતાવી આપ્યા. બાદશાહ પણ આ યુક્તિથી બહુ ખુશ થયો.

———:o:———

## એક સાદો હિસાબ–બારમાંથી ચાર ગયા તો કેટલા રહ્યા?

એક દિવસે બાદશાહે બીરબલને એક સાદો હિસાબ પૂછયો–બોલ બીરબલ, "બારમાંથી ચાર ગયા તો કયા બચા?" બીજા દરબારીઓને પણ એ હિસાબ પૂછી જોયો અને તેઓએ સાદો સુતરો જવાબ આપી દીધો કે, બારમાંથી ચાર ગયા તો આઠ રહ્યા. હવે બીરબલની વારી આવી. બાદશાહે પૂછયું, "કેમ બીરબલીયા, તેં આ હિસાબ કીધો?" બીરબલ બોલ્યો, "હા સાહેબ, બારમાંથી ચાર ગયા તો ખાક રહ્યા." બાદશાહે આશ્ચર્ય પામી પૂછયું, કેમ બીરબલ, સમજાવ કે તારો જવાબ ખરો કે દરબારનો ખરો?" બીરબલે સમજાવ્યું, "જનાબ, બાર માસમાંથી વર્ષાઋતુના ચાર માસ કાઢી નાખીયે તો પછી શું બચશે? તેનો આપજ વિચાર કરી લ્યો." બાદશાહ તેમ જ આખી દરબાર બીરબલના આ ચતુરાઇ ભરેલા જવાબથી આનંદાશ્ચર્ય પામી ગયા.

## ગધેડો કોણ? બીરબલ કે બાદશાહ?

એક દિવસે બાદશાહ બીરબલ પાસે બેસીને ટોલટપ્પા ચલાવતો હતો. તેટલામાં બીરબલને કુદરતી પવન છુટયો, તે સાંભળી બાદશાહે બીરબલની ખુબ ટકોર કીધીઃ "બીરબલ, તું મોટો ગધેડો છે હોં?" જેનું નામ બીરબલ, તે બાદશાહનો આ ટપલો સાંખી શકે? તે ધીમે રહીને બોલ્યો, "પૃથ્વીનાથ, હું હતો તો બહુ બુદ્ધિમાન, પણ ગદ્ધાઓની સંગમાં રહેતાં રહેતાં ગધેડો થઇ ગયો હોઇશ." જોઇ લ્યો, બાદશાહનો ચેહેરો. જવાબ સાંભળી બાદશાહ બાપડો તદન ચુપચાપજ થઇ ગયો.

## બીરબલ અને તાનસેનની કસોટી

એક વેળા દરબારમાં હુજત ચાલી કે બીરબલ પોતાના ગુણોમાં ચઢે કે તાનસેન? બાદશાહ પાસે ન્યાય આવ્યો. બાદશાહે જોયું કે

આ બેવકુફી ભરેલો ન્યાય આપવાનું કામ આપણું નથી. તેથી બાદશાહે ભલામણ કરી કે, મો બન્ને જણુ કોઈ બીજા હાવકા માણુસ પાસે તમારો ન્યાય કરા આવો. ક્યાં અને કોણુની પાસે જવું તે તેઓએ બાદશાહ પાસે નણુવા માગ્યું. પણુ બાદશાહજીએ તો કાન ઉપર હાથ મુકયા છે। તેમણે એટલી સૂચના કરી કે જોઇએ તો મહારાણા પ્રતાપસહ પાસે જઈ તમારી કસોટી કરાવો. બીરબલ અને તાનસેન તે કબુલ કરી ઉદેપુર મહારાણા પ્રતાપસિંહ હજુર ગયા. મહારાણાને પોતાની આમદનો સંદેશો પોહોંચાડી તેઓ બંન્ને દરબારમાં હાજર થયા. બંન્નેએ ત્યાં પોતાની કસોટી કરાવવી શરૂ કરી દીધી. તાનસેનજી તો ગવૈયા હતા, એટલે તેમણે તો દરબારમાં હાજર થતાંજ ગાણુતાણુ-ગુણુતાણુ ચાલુ કરી દીધું, વળી કસોટીજ કરાવવી હતી એટલે કચાશ પણુ શાને માટે રાખે? બીરબલે જોયું કે, આ કસોટીમાં આપણે હારવાના ખરા! એટલે કાંઇ તદબિર વગર ચાલવાનું નથી. તેની વારી આવી ત્યારે તે મહારાણા હજુર હાથબક્ષ કરી બોલ્યો, મહારાજા સાહેબ, અમે બન્ને જણુ દિલ્હીથી બાદશાહ પાસેથી વિદાયગીરી લઈ નીકલ્યા અને અજમેર આવ્યા; ત્યારે મેં પુસ્કર ગામ જઈ એવો સંકલ્પ કીધો છે કે, જો હું રાણાજીના દરબારથી માનપાન લઈ આવીશ તો હું ૧૦૦ ગાયનું પુન્યદાણુ કરીશ. ત્યારે આ મિયાંભાઇએ ખાજા સાહેબની દરગાહમાં જઇ એવી માનતા માની છે કે, જો રાણાજી મને પ્રસંશાપત્ર લખી આપે તો હું ૧૦૦ ગાયોની કુરબાની-(કતલ) કરીશ. હવે એ બેમાંથી આપને શું પસંદ છે? ૧૦૦ ગાયોને જીવાડવાનું, કે ૧૦૦ ગાયોના જાન લેવાનું? જેવી આપની ઇચ્છા હોય તેવી પ્રસંશા લખી આપો. અલબત્ત, હિંદુ ધર્માભિમાની મહારાણા કાંઈ ગાયવધ ઇચ્છે! તે તો ગાયનું જીવતદાનજ યોગ્ય વિચારે, એટલે તેણે તો બીરબલની જ તરફેણુમાં પ્રસંશાપત્ર લખી આપ્યો કે, "મારી કસોટીમાં બીરબલ બહુ ગુણુવાન ઠરે છે." મિયાં તાનસેન તો મોઢું જોતા જ રહી ગયા.

## કોઇ રાજા તો કોઈ દરિદ્રી કેમ?

એક વખત બાદશાહ–બીરબલ કોઈક સંસારવ્યવહારની બાબતમાં ચગડોળે ચઢયા હતા. તેવામાં શાહે બીરબલને પ્રશ્ન કીધો કે, "બીરબલ, સંસારમાં કોઇ રાજા તો કોઈ દરિદ્રી કેમ છે?"

બીરબલે તરતજ ઉત્તર આપી દીધો કે,

"રામ ઝરોખે બેઠકર, સબકા મુજરા લેત,
જાકી જૈસી ચાકરી વાંકો વૈસા દેત.

આ જવાબ સાંભળી શાહ ખુશ થયો.

## બાદશાહ ઝખ મારે છે!

એક દિવસ બાદશાહ તથા બીરબલ જમનાના કિનારા ઉપર બેસી ખુશ હવા ઘોરતા હતા. તેમનાથી થોડેક છેટે એક મચ્છીમાર માછલીનો શિકાર કરતો હતો. તે જોઇ બાદશાહને પણ માછલાં મારવાનો શોખ થઇ આવ્યો. એટલામાં બાદશાહને કાંઇક કામ યાદ આવી ગયાથી તેણે બીરબલને મેહેલ તરફ બેગમ હજુર દોડાવ્યો. બીરબલે બેગમ હજુર જઇ બાદશાહે સોંપેલું કામ બજાવી ત્યાંથી પાછું નિકળવા માંડ્યું. તેટલાં બેગમે તેને સવાલ કીધો, "પણ બીરબલ, બાદશાહ હમણાં શું કરે છે?" બીરબલે જવાબ દીધો, "બેગમ સાહેબા, બાદશાહજી તો યમુના કિનારે બેસીને ઝખ મારે છે." આ ભેદી જવાબ સાંભળતાં બેગમ સાહેબને પુષ્કળ ઝાંઝ ચઢી. જ્યારે બાદશાહ કિનારેથી નવરો થઇ પાછો મેહેલમાં આવ્યો ત્યારે, બેગમને બીરબલ ઉપર વેર લેવાની ઇચ્છા થઈ આવી, તેથી તેણી થોબડો ચઢાવી બોલી; "સ્વામી! તમે બીરબલને બહુ જ માથે ચઢાવી મુકયો છે. તમે જ્યારે તેને મારા પાસે કામે મોકલ્યો ત્યારે મેં તેને પૂછ્યું કે સ્વામી શું કરે છે? તો તે કહેવા લાગો કે, બાદશાહ તો જમના કિનારે ઝખ મારે છે! આપે એનો વિચાર કરી બીરબલને યોગ્ય શિક્ષા કરવી જોઇયે." બાદશાહ પણ આ શબ્દો સાંભળી ખુબ ગુસ્સે ભરાયો. તેણે તરત જ બીરબલને મેહેલમાં બોલાવ્યો. તે આવતાં જ બાદશાહ પણ ખુબ થોબડો ચઢાવી તેને કહેવા લાગો કે, "બીર-

બલ, હમણાં હમણાં તું બહુ જ બેહેકી ગયો છે હોં!" બીરબલ સેહજ પણ ગભરાયા વગર હાથબક્ષ કરી બોલ્યો, "જહાંપનાહ, જો મારો કાંઇ પણ અપરાધ થયો હોય તો તે માટે મને ઘટતી સજા કરવાને આપને અધિકાર છે.'' બાદશાહ બોલ્યો, "સાંભળ ત્યારે બીરબલ કે, બેગમ સાહેબે મારા માટે તને પૂછ્યું કે સ્વામી શું કરે છે? ત્યારે તેં કહ્યું કે બાદશાહ તો યમુના કિનારે ઝખ મારે છે." વાહ. તેં પણ બાદશાહને ઠીક સરપાવ આપ્યો હોં!" બાદશાહનું આ ગુસ્સા ભરેલું બોલવું સાંભળી જરાપણ બીહવા વગર બીરબલ બોલ્યો, "પૃથ્વીનાથ, મારો અપરાધ ક્ષમા કરવો, હું કાંઇ આપને માઠું લગાડવા તે બોલ્યો નથી; તમે એ વખતે માછલી મારવાના કામમાં પડી ગયલા હતા, એટલે મેં કહ્યું કે બાદશાહ ઝખ મારે છે; એટલે "ઝખ મારે છે," એમ અમારામાં માછલીને માટે કહે છે, અને તેથી જ આપને વાસ્તે મેં કહ્યું કે બાદશાહજી યમુના કિનારે ઝખ મારે છે." આ ખુલાસો સાંભળી, બાદશાહ તથા બેગમ બંને, બીરબલની ચતુરાઇની પ્રસંશા કરવા લાગ્યાં, અને તેના ખુલાસાથી તેમનો ખોફ તદ્દન ઉતરી ગયો.

## બાદશાહ શેર તો બીરબલ સવાશેર!

કોઇ કોઇ વાર બાદશાહ બીરબલને તરેહવાર રીતે હલકાં વિશેષણો લગાડી મશ્કરી કરવાને ચુકતો નહી; પણ બીરબલ તેને માથેનો હતો, એટલે બાદશાહના જ બોલોથી તેમને પાછા વધાવી લેવાને ચુકતો નહી, અને તે વળી એવી સફાઇથી કે તેમાં તેની ખામી જણાય નહી. એક વખતે બાદશાહે બીરબલને કહ્યું, 'બીરબલ, આજે રાતે મેં એક સ્વપ્ન જોયું તો જાણે હું ગોલાબનાં કુંડમાં ડુબી ગયો છું, અને તું નરકનાં કુંડમાં ગરકાવ થઇ ગયો છે." બીરબલે, જોયું કે બાદશાહે ભેદમાં ને ભેદમાં આપણને નરકનાં કુંડમાં ગરકાવ કર્યા છે તો આપણે પણ પાછો એવો તોડ વાળી આપવો કે બાદશાહથી ચું કે ચાં થઇ શકે નહી. એમ વિચારી તે બોલ્યો, "જી, હાં, ખુદાવિંદ, મને પણ એવું જ એક સ્વપ્નું આવ્યું હતું, પણ તેમાં મેં એટલું જ

વધારે જોયું કે, આપ મને તે કુંડમાં ચાટવા લાગ્યા ને હું આપને ચાટવા લાગ્યો." બાદશાહે જોયું કે, શેરને માથે સવાશેર તે આનું જ નામ ! પણ ચું કે ચાં થઇ શકયું નહી અને લજવાઇને મુંગાજ બેઠા.

## બીરબલનો જાન લેવા બહુરૂપી સિંહ બન્યો!

એક દિવસે ધર્મ સંબંધી કાંઈ તકરારમાં કાજીજી અને બીરબલને ખુબ ટેરી ગઈ. કાજી સાહેબ તો એ તકરારમાં હારી ગયા; એટલે તે હારની ખેજાલત ખમી શકાઈ નહી, તેથી તેમણે તો ગમે તે રીતે બીરબલનો પ્રાણ લેવાનો ઠરાવ કીધો, અને એ ઠરાવ સિદ્ધ કરવાને માટે તેમણે બાદશાહ પાસે એક વર્ષની રજા લઈ લીધી. રજા લઇ તેઓ ગુપચુપ પરદેશ નિકળી ગયા. થોડાક દિવસનો ખાંચો નાખી તેઓ પાછા દિલ્હીમાં આવી લાગ્યા અને તે વેળા તેઓ બહુરૂપી બની આવ્યા. બહુરૂપી–એટલે મન ચાહે તેવો માણસનો અથવા પશુ-પ્રાણીનો આબાદ વેષ લઇ શકે. પોતે ગુપ્ત રહી પોતાના આ બહુરૂપી તમાશાથી તેમણે લોકોના મનરંજન કીધાં. ધીરે ધીરે એ વાત ખુદ બાદશાહના કાન ઉપર ગઇ એટલે બાદશાહે તેઓને પોતાના મેહેલમાં બોલાવી પૂછયું કે, "તમને કોણનો સ્વાંગ અચ્છો લેતાં આવડે છે?" બહુરૂપીજી બોલ્યા; "પૃથ્વીનાથ, હું સિંહનો સ્વાંગ અચ્છો કરી જાણું છું, પણ મને એક માણસનું ખૂન કરવાનો અપરાધ ક્ષમા કરવામાં આવે તો હું સિંહનો સ્વાંગ એવો તો ઉત્તમ કરી બતાવું કે, જે જોઇને આપને સાચ્ચે સાચ્ચા સિંહનો જ ભ્રમ આવી શકે. પરંતુ એ સમયે બીરબલજીને પણ ત્યાં આગળ હાજર રહેવું જોઇયે. બાદશાહના દીલમાં તો કશો બુરો ખ્યાલ ન હતો, એટલે બહુરૂપીની માગણી સ્વીકારી લીધી.

બીજે દિવસે બહુરૂપીની આ બધી વાત બાદશાહે બીરબલને કહી. બીરબલ પોતાની બાહોશીથી સમજી ગયો કે આમાં કાંઇપણ ભેદ હોવો જોઇયે, છતાં બાદશાહના આગ્રહથી બહુરૂપીનો તમાશો જોવા બીરબલ પણ ત્યાં હાજર રહ્યો. થોડાજ વખતમાં સિંહે તો ગર્જના કરવા માંડી. પડદો દૂર કરી બહુરૂપી સિંહ બની બહાર

આવ્યો; અને તરેહવાર ચેષ્ટા કરી બાદશાહને રંજન કીધો. બધાઓ આ તમાશો જોઇ હજુ તો વાહવાહ પોકારે છે નેટલાંજ સિંહરાજે તો બીરબલ ઉપર ઝપાટો લગાવ્યો. બધાના મનમાં નિશ્ચય થઇ ગયો કે સિંહરાજ જરૂર બીરબલને આજે ઠાર કરવા ચુકશે નહીં. તેણે ગમે તેટલા પ્રયત્ન કીધા, પણ તેમાં બહુરૂપી જરાપણ સફળ થવા પામ્યો નહી. બીરબલનાં શરીરમાંથી તો એક ટીપું લોહી પણ નિકળી શકયું નહી. તે જોઇ હાજર થયલા બધા લોકોને આશ્ચર્ય થયું, કે સિંહરાજ ટાંપી ટાંપીને બીરબલનો થોબડો રંગવા માગે છે, પણ બીરબલનું તો એક રૂવું પણ હાલતું નથી. બીરબલને પેહેલેથીજ બહુરૂપીના કપટભાવની કાંઇક ખબર પડી ગઇ હતી, તેથી તે ઘરથી આવ્યો ત્યારે જ પોતાના દીલ ઉપર એવું બખ્તર નાંખી આવ્યો હતો કે તેના ઉપર કોઈ હથિયારની પણ અસર થઇ નહી શકે. બીરબલનો પ્રાણ લેવા બહુરૂપી ટાંપી રહેલો હતો, પણ બીરબલને સલામત જોઇ બાદશાહ પણ બહુ ખુશ થયો. બીરબલ પણ ભોળિયો થઇને બહુરૂપીની બહુ પ્રસંશા કરવા લાગ્યો અને તેમ જોઇ બાદશાહે તેને પૂછ્યું:—"બીરબલ, એને શું ઇનામ આપવું જોઇયે?" બીરબલે જવાબ દીધો, "જનાબ એને એક વર્ષ સુધી દીવાનગીરી ઉપર મુકરર કરવો જોઇયે." બહુરૂપી પણ બીરબલના આ શબ્દો સાંભળી બહુ ખુશ થયો. બીરબલ બોલ્યો; "પણ જનાબ, એવી એક શરત થવી જોઇયે કે, જો એ સતીનો સ્વાંગ આબેહુબ કરી દેખાડે તો એને એ પદ આપવું." બહુરૂપીએ એ વાત સ્વીકારી લીધી. બાદશાહે બહુરૂપીને કહ્યું—"તું જો સતીનો સ્વાંગ આબેહુબ કરી બતાવે તો તને એક વર્ષ સુધી દીવાન બનાવવામાં આવશે; પણ જો તેમાં નિષ્ફળ થાય તો તુંને ફાંસીની સજા કરવામાં આવશે."

બીજે દિવસે શરત પ્રમાણે સતી સ્ત્રીનો સ્વાંગ લઈ બહુરૂપી દરબારમાં આવ્યો. બીરબલને પેહેલેથી જ અગ્નિનો એક કુંડ તૈયાર કરાવી રાખ્યો હતો. તે જોઇને તો બહુરૂપીના હોશ ઉડી ગયા. તે સમજી ગયો કે, ગઇ કાલે મેં બીરબલનો જાન લેવાનો ઠરાવ કીધેલો તેમાં હું તો નિષ્ફળ ગયો, પણ તેનો બદલો આ રીતે બીરબલ આપવા

તૈયાર થયો છે તો. આજે આપણે અલ્લાહશરણ થવા સિવાય છુટકો નથી, કેમકે અગ્નિમાં પડ્યા સિવાય તો સતીનો સ્વતંત્ર સંપૂર્ણ સોંગ થઇ શકતો નથી; પણ અગ્નિમાં પડતાં આપણો પ્રાણ નિશ્ચય જવાનો જ. તેણે એમ વિચારી એ ભેદ બાદશાહના કાન ઉપર લાવવાનો વિચાર કીધો; પણ તેમ કરે છે તો પોતાની જ ફજેતી થવાની ખાતરી હતી એટલે આખર ઠરાવ કરી અગ્નિકુંડમાં ઝીંપલાવી પડ્યા, અને જોત-જોતામાં બહુરૂપીજી બળીને ભસ્મ થઈ ગયા. બધા લોકો આ જોઇ દલગીર થયા, તેમજ બાદશાહ પણ ગમગીન થયો, પણ જ્યારે બીરબલે ખરો ભેદ ખુલ્લો કરી દઈ ખુલાસો કીધો ત્યારે સર્વની દલગીરી ઉડી ગઈ અને બીરબલ બચવા પામ્યો તે માટે સર્વ કોઈ અલ્લાહના શુકરાના કરવા લાગ્યા.

## "રાજા–જોગી–અગ્નિ–જલ"–નો ભરોસો ન કરવો!

એક દિવસે બાદશાહ રાજસભામાં બીરાજમાન થયો હતો, તેવામાં તેણે બીરબલને તત્કાળ હુકમ કરી દીધો કે, એક સ્યાણા માણસને ઝટ લાવી હાજર કર. બીરબલને કયાં વાર હતી? તે બોલ્યો, "જનાબ, પણ તે માટે દશહજાર રૂપિયા જોઇશે." બાદશાહજીએ હુકમ કીધો એટલે દશહજારનો થોકડો બીરબલના રૂમાલમાં આવીને પડ્યો. તે ઘરે મુકીને બીરબલ બજારમાં દોડ્યો. ત્યાં રસ્તામાં તેને એક ગોવાળિયો મળ્યો. તેને પકડી ઉભો રાખ્યો, અને તેને કહ્યું, કે હું તુંને કહું તેમ કરે તો તને પચાસ રૂપિયા આપું. ગોવાળિયો બાપડો કયે દિવસે પચાસ રૂપિયાની રકમ જોવાનો હતો એટલે તે તો કબુલ થયો. ત્યારે બીરબલે તેને ભણાવ્યો; "હું તુંને બાદશાહ આગળ લઈ જાઉં છું, ત્યાં તુંને કંઇ પણ સવાલ કરે તો તેનો તારે કશો ઉત્તર નહીં આપવો." એ પ્રમાણે ખુબ પાઠ ભણાવી તેને અચ્છાં વસ્ત્ર પહેરાવી બીરબલ બાદશાહ આગળ લઈ ગયો અને બાદશાહને જણાવ્યું કે, "જનાબ, આપના હુકમ મુજબ સ્યાણો માણસ હાજર છે." બાદશાહે તેને પોતાની પાસે બેસાડી પૂછ્યું–તું કયાંથી આવ્યો? તારૂં નામ શું? તારો ધંધો શું? તું કયાં

રહે છે? તારી શું ખબર છે? પણ પેલો તો એવું મોઢું બંધ કરીને બેઠો કે કાંઈ બોલ્યોજ નહી. આ જોઈ બીરબલ બોલ્યો: "જહાંપનાહ, એ તમારા સવાલો સાંભળી વિમાસણમાં પડ્યો છે કે બાદશાહ એ બધા ખુલાસા જાણીને શું કરશે; કેમ કે "રાજા, જોગી, અગ્નિ, જલ, ઉનકી ઉલટી રીતિ, ડરતે રહિયો પરશુરામ, યે થોડી પાળે પ્રીતિ." એ સમજીને બાદશાહ પણ ચુપ રહી ગયો; અને સમજી ગયો કે શ્યાણો માણુસ લાવવાનો દશહજાર દંડ! એ પણ ઠીક શિક્ષા.

## ચાર મૂર્ખાઓનો સંઘ.

એક દિવસે બાદશાહે બીરબલને હુકમ કીધો કે, "ચાર મૂર્ખા એવા શોધી લાવ કે જેઓ એકેકથી ચઢિયાતા પૂરવાર થાય." બીરબલ તો "અચ્છા જનાબ લાતા હું" કરીને નગરમાં ઢુંઢવા નિકળ્યો. રસ્તે જતાં તેણે એક એવો માણુસ જોયો કે જે એક થાલમાં બીડાં અને થોડી મીઠાઇ મૂકી જલદી જલદી ચાલી જતો હતો. બીરબલે બહુ કાલાવાલા કરી તેને અટકાવ્યો, અને સવાલ કીધો કે, "આ શું લઇ જાય છે? અને કયાં કોણુને માટે લઈ જાય છે?" પેલાએ જવાબ દીધો, "સાહેબ, મારી સ્ત્રીએ બીજો પતિ કીધો છે, અને તેણીને પુત્ર પ્રસવ્યો છે તેને માટે આ વધામણી લઈ જાઊં છું." બીરબલે જોયું કે જેવો મૂર્ખો બાદશાહને જોઇયે છે તેવો જ આ જડ્યો છે માટે તેને ઇનામની લાલચ આપી પોતાની સાથે રાખ્યો. ત્યાંથી આગળ જતાં એક બડેમીયાં ઘોડીપર સ્વાર થયલા હતા, અને ઉપર બેસી પોતાનાં માથાં ઉપર ઘાસનો ભારો મૂકયો હતો. તે જોઈ બીરબલને આશ્ચર્ય લાગ્યું અને વિચાર્યું કે આ કોઇ બીજો મૂર્ખો જણાય છે. તેને અટકાવી બીરબલે પૂછ્યું: 'ભાઇ, આ નકામો બોજો તેં તારા માથા ઉપર કેમ ભર્યો છે? ઘોડી ઉપર જ નાંખી લેતે તો નહી ચાલતે?" પેલાએ જવાબ દીધો, સાહેબ, ઘોડી બાપડી ગર્ભિણી છે, અને એક તો મારો ભારે બોજો ઉઠાવ્યો છે તો પછી વળી વધુ આ ઘાસનો બોજો નાંખું તો તે ઠીક નહી લાગે." બીરબલે બરાબર જોયું કે આ બાપડો બીજો મૂર્ખો છે. તેને પણ ઇનામની લાલચે પોતાની જોડે

રાખી બંનેને બાદશાહ હજુર ખડા કીધા. ખડા કરી બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, તમે માંગેલા મૂર્ખા અહીં હાજર કીધા છે તે તપાસી લ્યો." શાહ બોલ્યો: "બીરબલ આ તો બે જ છે. મેં તો તારી પાસે ચાર માંગ્યા હતા તે કેમ ભૂલી ગયો?" બીરબલે ઉતર દીધો, "ખુદાવિંદ, હું ભૂલી ગયો નથી, પણ ચારે મૂર્ખા અહીં લાવ્યો છું; જુઓ, બે તો આ તમારી સામા ખડા છે, ત્રીજા આપ નામવર પોતે છો કે આવા મૂર્ખાઓને ભેગા કરો છો, અને ચોથો હું પોતે છું કે મેં તે લોકને ઢુંડીને અત્રે ભેગા કર્યા છે." બાદશાહ આ ઉત્તર સાંભળી હસવા લાગ્યો, અને પેલાઓને ઇનામ આપી વિદાય કીધા.

## દરબારની ચપટી અને લહુઆની મુઠ્ઠી!

એક દિવસે બાદશાહ દરબાર ભરી બેઠો હતો. દરબારમાં બધા અમીર–ઉમરાવો–અમલદારો–શેઠ સાહુકારો વગેરે બીરાજમાન થયલા હતા. દરબારનું કામ ખલાસ થયા પછી ત્યાં તરેહવાર વાતોના તડાકા સટાકા ચાલતા હતા. દરબારી લહુઆજી વચમાં વચમાં રમુજી ટહુકા ટુચકાઓ બોલી બધાનાં મનરંજન કરતા હતા. એટલામાં બાદશાહને બગાસું આવ્યું, તે વખતે રીવાજ પ્રમાણે કેટલાકોએ ચપટી–ટચાકડી–વજાડી. આપણા દેશીઓમાં રીવાજ છે કે કોઇને બગાસું આવતાં તેની પાસે બેઠેલો માણુસ પોતાની વચલી આંગળી અને અંગુઠાથી ટચાકડી ફોડે છે; તો આ તો રાજવંશી ખાતું, તેમાં વળી ખુદ બાદશાહે પોતે બગાસું ખાધું તો પછી ટચાકડી ફોડ્યા વગર ચાલે કેમ?

આ ટચાકડીનો આવાજ સાંભળી બીજું તો કોઇ કાંઇ બોલ્યું નહી, પણ પેલા લહુઆથી તે ખમી શકાયું નહી. તેણે પોતાના એક હાથની મુઠ્ઠી વાળીને તે ટચાકડી ફોડનારાઓને બતાવી.

બાદશાહે તે જોયું અને તેથી તેને આશ્ચર્ય લાગ્યું. તેથી તેણે લહુઆને પૂછ્યું–"અરે લહુઆ, તેં આ લોકોને મુઠ્ઠી શા માટે બતાવી?" લહુઆ પાસે જવાબ તો તૈયાર જ હતો. તે બોલ્યો, "ખાવિંદ, આ બધાઓ ટચાકડી ફોડી એમ જણાવે છે કે, અમે બધા ખુદાવિંદ બાદશાહને ટચાકડીમાં ઉડાવીએ છીએ, પણ હું તેમને મુઠ્ઠી બતાવી

કહું છું કે, તમે બધા નામવર બાદશાહની મુઠ્ઠીમાં છો, તો તમે ટચાકડીમાં તે શું ઉડાવી શકવાના છો ?" આ જવાબ સાંભળી બધા હાજી હા કરનારાઓ લજવાઈ ગયા, અને લહુઆજી આ બાહાદુરી માટે બાદશાહ તરફનું ઇનામ ખાટી ગયા.

## કેટલાક ગરભછાંટના ગપગોળાઓ.

એક દિવસ બાદશાહ અને બીરબલ બગીચામાં બેસી હાસ્ય વિનોદ કરતા હતા, તેવામાં ત્યાં એક ગપ્પીદાસ આવ્યો. ગપીદાસ વખત બે વખત કાંઇ અસંભવિત વાતો લાવી બધાને હસાવતો હતો, પણ તેની વાત સાંભળી કોઈ પાછો જવાબ આપતું ન હતું. આજ તે આવીને બોલ્યોઃ "ખુદાવિંદ, મેં એક નવાઇ જેવો બનાવ જોયો છે, હુકમ હોય તો કહી સંભળાવું."

બાદશાહને તો તેવું કાંઇ જોઇતું જ હતું, એટલે તેણે તો તેને બોલવાની રજા આપી દીધી.

ગપ્પીદાસે ચલાવ્યું—"ખાવિંદ, આજ એક બકરી વાઘનો કાન પકડી ચાલી જતી હતી તે મેં મારી નજરે જોયું."

તેની આ ગપ સાંભળી બાદશાહ તો હસવા મંડ્યો, પણ બીરબલે વિચાર કીધો કે આ ગપ્પીદાસને એવો બનાવવો કે ફરીવાર તે ગપ મારવાની ભૂલી જાય. એમ વિચારી બીરબલ બોલ્યો, તમારી વાત ખરી હોય એમ લાગે છે; કારણ કે મેં પણ એક નવાઈ જેવો બનાવ જોયો છે. એક દિવસ એક માણુસ પોતાની ભેંસને પાણી પીવરાવવા નદી કિનારે લઈ ગયો. ભેંસ પાણી પીતી હતી એટલામાં એક મગરમચ્છે આવી માણુસના બે પગ પકડ્યા. તે માણુસે સમયસૂચકતા વાપરી ભેંસનું પુછડું પકડી લીધું. બેઉએ એકબીજા તરફ ખેંચતાણ કરવા માંડી, પણ અંતે મગરમચ્છ તેના શરીરનો અડધો ભાગ ખેંચી લઈ જવા શકિતવાન થયો; બાકીનો આગલો ભાગ ભેંસનાં પુછડાંને વળગી રહ્યો. એટલામાં ત્યાં એક વૈદરાજ આવી પોહોંચ્યા, તેમણે એક બકરીનો પાછલો ભાગ કાપી તે માણુસના ધડ

સાથે જોડી દીધો. થોડા દિવસમાં તે સાજો થયો. અને આશ્ચર્ય તો એજ છે કે હજુ સુધી તે માણુસ બકરીની માફક દુધ આપે છે."

આ ગપાષ્ટક ગોળો સાંભળીને પેલા ગપ્પીદાસ તો દંગ જ થઇ ગયા, કે આ તો ગપ કે ગરભછાંટનો ગોળો! એટલે શરમાઇને ત્યાંથી રજા લઇ ચાલતાજ થઇ ગયા.

## બંધ મુઠીએ જન્મ પણ ખુલ્લા હાથે મરણ!

બાદશાહ અને બીરબલ એક દિવસે ટોલટપ્પાં ચલાવતા હતા. બધા દરબારીઓ પણ તેમાં ભાગ લેતા હતા. તડાકા ફડાકા ચાલતાં કુદરત ઉપર અને તે ઉપરથી માણુસના મોત વિષે વાત નીકળી. એક જણે કહ્યું. "માણુસ પોતાની આખી ઉમરમાં તરેહવાર જાતના સાચ્ચાં જુઠ્ઠાં કરી, તેમજ મેહનત મજુરી કરી પોતાનાં બાળબચ્ચાંઓ માટે કાંઇપણ પૈસા મૂકી જાય છે, પણ તે પોતે સાથે લઇ જવા પામતો નથી. જેવી રીતે તે જન્મતી વખતે આવે છે તેવીજ રીતે તે જાય છે. ફરક માત્ર એટલોજ હોય છે કે, જન્મ વખતે માણુસની મુઠી બંધ હોય છે પણ મરણ વખતે હાથ ખુલ્લા હોય છે." આ સાંભળી બીરબલે કહ્યું, "ખુદાવિંદ, એક આગલા બાદશાહની વાત આ ઉપરથી મને યાદ આવે છે; જો આજ્ઞા હોય તો કહી સંભળાવું."

બાદશાહને તો આવું કાંઇક જોઇતુંજ હતું, એટલે તેણે બીરબલને હુકમ કીધો કે, "બાદશાહની વાત ચલાવ."

બીરબલે તે વાત કહેવા માંડી અને સર્વે જણ શાંત મને તે સાંભળવા લાગ્યા, એટલે બીરબલે કહેવા માડ્યું:–

આગલા વખતમાં એક મોટો બાદશાહ હતો. તેની પાસે અખુટ દોલત, અને અસંખ્ય હાથીઓ, ઘોડા, ઉંટો, ગાય–ઢોર વગેરે પશુઓ હતાં. તેની હકુમત હેઠળ એક મોટો દેશ હતો, અને તેમાં લાખો માણુસની વસતી હતી, તેનું લશ્કર પણ અસંખ્યાત અને અજીત ગણાતું હતું, અને તેથીજ તેના શત્રુઓ પણ તેનાથી ધ્રુજતા હતા. તે બાદશાહ જ્યારે માંદો પડ્યો અને પોતાનું મરણ પાસે આવ્યું

છે એમ તેને લાગ્યું, ત્યારે તેણે પોતાના એકપુરા પુત્ર અને બોહોળાં રાજ્ય અને અખુટ ધનદોલતના વારસને બોલાવીને કહ્યું કે, હે પુત્ર, મારાં મરણ પછી મને મારા છેલ્લા આરામની જગાએ પોહોંચાડવા લઇ જતી વખતે મારા હાથો, મારા જનાજાની (મુરડાની ઠાઠડી) માંથી બહાર રાખવા અને તેવી રીતે મને આખાં શેહેરમાં ફેરવીને પછી ભૂમિદાહ કરવો.

થોડા વખત પછી જ્યારે તે બાદશાહ મરણ પામ્યો ત્યારે તેના પુત્રે, પોતાના બાપની મરજી પ્રમાણે તેના હાથ જનાજામાંથી બહાર રાખ્યા, અને તેવી રીતે તે જનાજો લશ્કર તથા અમીર–ઉમરાવો તથા બીજા નાગરિકોનાં સરઘસ જોડે આખાં શેહેરમાં ફેરવ્યો. શેહેરના લોકો તે દેખાવ જોઇ આશ્ચર્ય પામીને કેહેવા લાગ્યા કે "આનું કારણ શું હશે? નામદાર બાદશાહનું આખું શરીર તો ઢાંકેલું છે, પણ તેના બંને હાથ બહાર રાખવામાં આવ્યા છે. લોકો આપસ આપસમાં આ વાતો કરતા હતા તેટલાં તેમના સંઘમાં એક કવિ સામેલ હતો તેણે કહ્યું, આનું કારણ બહુ ચમત્કારિક છે. જુઓ,સાંભળો:-

**સવૈયા**

રાજ કીયો બહુ દેશનકો
સબ રાજનમેં હકુમત છાઇ.
દેશ કિલ્લે ગઢ કોટ રચે
સંગ નારીનકે અતિ એશ ઉડાઇ;
હીરા લાલ જવાહિરકે મણિ
મોતીઅનસે ભંડાર ભરાઈ,
રંગી કહે સબ ઠાઠકો છોડકે,
હાથ પસારકે જાત હો ભાઈ.

**અર્થાતઃ**—ઘણા દેશ ઉપર રાજ કીધું, બાદશાહી ભોગવી, દેશના કિલ્લા, ગઢ, કોટ, રચ્યા, સુખ ભોગવ્યું, હીરા, માણેક, મણિ, મોતી વગેરે ઝવેરાતના ભંડાર ભર્યા, રંગી કહે છે કે, આવા બધા વૈભવને મૂકીને હાથ ખુલ્લા કરીને આજ તે જાય છે.

આ જગતમાંની કોઈ પણ ચીજ મરણ સમયે સાથે આવતી નથી; માત્ર એક ભલાઈ સાથે આવે છે. તેમ કોઇ ચીજ અમર પણ રહેતી નથી, માત્ર એક કીર્તિ અમર રહે છે.

બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, જે ચીજ અમર રહે અને સાથે આવે તે તો માત્ર ભલાઈ અને કીર્તિ જ છે, અને તે બેજ કેટલાક સમજુઓ એકઠી કરવા મથે છે."

[illegible] "એ ખરી વાત છે."

## "જમના મૈયા કૃષ્ણ બળદેવ તારી જે કરે"–એક બ્રાહ્મણે પોકારી જય–ત્યારે વેરાગીને લાગી હાય!

એક વેરાગી બહુ મીઠાબોલો હતો. તેણે પોતાની તેવી વાણીથી બાદશાહનું મન એવું તો હરણ કરી લીધું હતું કે તેને બાદશાહ હમેશ પોતાની પાસે ને પાસે રાખતો. એક દિવસે ભર દરબારમાં મથુરાવાસી એક બ્રાહ્મણે આવીને બાદશાહને આશીર્વાદ આપ્યો કે, "જમના મૈયા કૃષ્ણ બળદેવ તમારી જે કરે." આ આશીર્વાદ સાંભળી બાદશાહે તે વૃજવાસી બ્રાહ્મણને પૂછ્યું, "ચોબેજી, તમારો કન્હૈયો ક્યાં છે?"

વૃજવાસીએ જવાબ આપ્યો, "ખુદાવિંદ, અમારો કાનુડો મથુરામાં છે."

આ ઉપરથી કાંઇ ગમત કરવાની પેલા વેરાગીની ઇચ્છા થઈ તેથી તેણે ધીમેથી બાદશાહને કહ્યું, "ખુદાવિંદ, એને પૂછો કે તમારો કૃષ્ણ તો જરાસંધના ડરથી નાશીને દ્વારકા જતો રહ્યો હતો તે મથુરામાં ક્યાંથી હોય?"

બાદશાહે તેમ પૂછ્યું.

વૃજવાસીને લાગ્યું કે, પેલા વેરાગીના ભમાવ્યાથી બાદશાહે આ ખેજાલત ભરેલો સવાલ પૂછ્યો છે, એટલે તેણે જવાબ આપ્યો; "ખુદાવિંદ, અમારો કૃષ્ણ મથુરા છોડીને કદી પણ નાશી ન જાત; પણ આ મૂછ મુંડેલો (વેરાગીને બતાવીને) તમારી પાસે બેઠો છે તેની જાતવાળાઓએ અમારા ગામમાં આવી રાતદિવસ "હરભજ–

હરભજ"ની બૂમ પાડી તેને નશાડી મૂક્યો, નહી તો મથુરા છોડી તે કદી ·ણુ બાહાર જાત નહી."

આ જવાબ સાંભળી પેલા વેરાગીને તળિયેથી તાળવે સુધી ઝાટકો લાગ્યો અને પેટમાં આડાં અવળાં આવવા લાગ્યાં. એટલામાં · · ટહુકાથી બાદશાહને પણ હસવું આવ્યું, એટલે વેરાગીજીએ ··ર્યાભારમાં ત્યાંથી ઉઠીને ચાલવા જ માંડ્યું.

## નસીબ ચઢે કે ઉદ્યોગ? તેની ચાલુ ચળવળ.

નસીબ ચઢે કે ઉદ્યોગ? તેની તકરાર બાદશાહ અને બીરબલ વચ્ચે ઘડી ઘડીયે ચાલ્યા કરે. બાદશાહ ઉદ્યોગને આગળ ધરે ત્યારે બીરબલીઓ તો હંમેશાં એક જ બોલ પકડી રહેલો કે નસીબ જ સર્વથી ચઢતું છે. એક દિવસે બાદશાહ બીરબલ સાથે શિકારે નીકળી પડ્યો હતો, અને ત્યાં જંગલમાં પણ તેમને એજ બાબતની તકરાર કરવાને એક સુંદર તક મળી ગઈ હતી. બાદશાહ નીકળ્યો ત્યારે તેને લાંબે જવાનો વિચાર ન હતો, એટલે પોતાના બેચાર માણસો સિવાય વધારે માણસો પોતાની સાથે રાખ્યાં ન હતાં. ઉનાળાના દિવસો હતા, અને તડકો તેજ વખતે ચઢવા લાગ્યો હતો, તેથી બાદશાહ સાથેના સ્વારો ધીમે ધીમે પાછળ ચાલ્યા આવતા હતા. બાદશાહને એક હરણુ નજરે પડ્યું, એટલે તે તો તેની પાછળ પડ્યો અને બીરબલ પણ તેની જોડે જ હતો. તેઓ ઘણે દૂર નીકળી ગયા. પોતે કેટલા દૂર જઈ પોહોંચ્યા તેની તેઓને બીલકુલ શુદ્ધિ ન રહી. આખરે હરણુ તો છટકી ગયાથી બાદશાહ નિરાશ થઇ પાછો ફર્યો, પણ પોતે કેટલે સુધી આવ્યો હતો તે તપાસવા માટે આસપાસ જોવા માંડ્યું. બીરબલે પણ તેવીજ રીતે જોયું. બેઉએ મળી અટકળ કીધી કે હરણુની પાછળ દોડતાં તેઓ કમમાં કમ પંદર વીશ ગાઉ નીકળી આવ્યા હતા. એ વેળા તડકો પણ પૂર જોસથી તપતો હતો, છતાં આટલી વાર તો તેમને તરસ બિલકુલ જણાઈ ન હતી, પણ હવે તે જણાવા લાગી. પાણીની શોધમાં આસપાસ જોતાં તેમને એક ઝરો દેખાઈ આવ્યો. ત્યાં જઇ મોઢું હાથ ધોઇ, પાણી પીધું અને

ઘોડાઓને પણ પાઇને તૃપ્ત કીધા. તે પછી ઘોડાઓને ત્યાં છૂટા મુકી દીધા એટલે તે તો ત્યાં ઉગેલું ઘાસ ચરવા લાગ્યા. બાદશાહ તથા બીરબલે જોયું તો ત્યાંથી પાંચ સાત ગાઉ સુધી કોઇ ગામડું જ ન હતું, અને જો [illegible] શેહેરથી ઉલટા બેત્રણ ગાઉ આડા જવું પડે અને મુસ્કેલીનો [illegible] વધારો થાય. હવે કેમ કરવું તેના વિચારમાં બન્ને પડ્યા. [illegible] બપોરના સમયમાં શેહેર તરફ પાછા ફરવું પણ મુસ્કેલ [illegible] તે ગમે તેમ કરીને બપોરનો સમય તો ત્યાં જ કહાડી [illegible] ને ઠરાવ કીધો.

બાદશાહે વિ[illegible] કે, સવારના સેહજ નાસ્તો ખાઇને નીકળ્યા છીએ તે જ પેટમાં છે, પણ સાંજના કોણ જાણે કયારે શહે-રમાં પોહોંચી ખોરાકભેળા થઇશું તે કાંઈ કહી શકાય નહી, માટે પેટ-માં કાંઇ પૂરવાની તજવીજ કરવી જોઇએ. ત્યાં પાસેજ એક ગુફા હતી. બાદશાહે ત્યાં નજર ફેરવી તો ત્યાં તો ખાવા લાયક કાંઈ જણાયું નહી. અંતે બાદશાહ તો ગુફામાં પેસવાનો ઠરાવ કરી, અંદર ચાલ્યો. એક ખડક નીચે ગુફા જતી રહી હતી, અને ઉપર પડેલી ફાટોમાંથી અંદર અજવાળું પડતું હતું, અને તેના પ્રકાશથી અંદરની ચીજો સ્પષ્ટ જણાતી હતી. બાદશાહે તે તકનો લાભ લઇ તે ગુફા ધ્યાન-પૂર્વક શોધવા માંડી. પહેલી નજરે જોતાં તો કાંઈ નહી જણાયું, પણ વધારે બારિકીથી જોતાં એક અંધારા ખુણામાં એક હાંડલી પડેલી જણાઇ. તે હાંડલી ઉપાડી લઇ અંદર જોયુ તો કાચી ખીચડી જણાઈ. તે લઇને તે હાંફળો ફાંફળો તે ગુફામાંથી બાહાર પડ્યો, અને હાંડલી લઇ બીરબલ જયાં બેઠો હતો ત્યાં આવી લાગ્યો. તે હાંડલી બીર-બલને આપી કહ્યું કે, આ તું રાંધે તો આપણે બન્ને જણ તે ખાઇએ. બીરબલે તરત સુકાં લાકડાંના કડકા એકઠા કરી ચકમકથી અગ્નિ કર્યો, અને તેની આંચ ઉપર ખીચડીની હાંડલીમાં પાણી નાખી તે રાંધવા મુકી. થોડી વારમાં તે થઇ રહેતાં, પાંદડાં આણી તેની પત્રાવળી બનાવી બેઉ જણ સપાટા મારવા બેસી ગયા. અડધુંક ખાધા પછી બાદશાહને વળી પોતાના "નસીબ કે ઉદ્યોગ," તે સવાલની ચુડ થઈ આવી, એટલે બોલ્યો, "કેમ બીરબલ, તે દિવસે

તો તેં નસીબ સરસ એમ પૂરવાર કર્યું, પણ હવે શું કહે છે? મેં જો આટલો ઉદ્યોગ કર્યો ન હોત તો તું અને હું બન્ને ભુખ્યા રહેત. માટે ઉદ્યોગ સરસ છે, એમ હવે તો કબુલ કર."

બીરબલે કહ્યું, "ખુદાવિંદ, આપનું કહેવું ખરૂં છે; પણ જો મારાં નસીબમાં નહતે તો હું ખાતે શી રીતે? આપે ઉદ્યોગ કર્યો. પણ મારા નસીબનું તે મેં ખાધું હશે; માટે નસીબમાં હોય તે કર્યાંય જતું નથી. માટે ખુદાવિંદ, ગમે તે કહો પણ નસીબ જ ચઢીયાતું છે. બાદશાહે પણ બીરબલની આ તકરાર એક ફરીવાર સ્વીકારી લીધી અને પછી બન્ને જણુ શેહેર તરફ વળ્યા.

## ભૂત ન દેખા હો તો દેખ ભરવાડા! બેઅકલી ભરવાડોની એક રસીલી વાર્તા.

જેઠ મહિનાના એક સારા તપોટાના દિવસમાં બાદશાહે શિકારે જવાનો વિચાર કીધો. શિકારની સઘળી તૈયારી કરાવી શહેર બાહાર છાવણી નાખી બાદશાહ ત્યાં પડ્યો, અને એક પહોર રાત રહી એટલે બાદશાહ ઉઠીને શિકારે ચાલ્યો. સાથે થોડા ને ઘણા બસો માણુસો લીધાં હતાં. ગરમીને લીધે વેહેલા જ પાછા ફરવાનો વિચાર રાખ્યો હતો. તેથી આ પ્રમાણે વેહેલા જ નીકળ્યા, પણ બાદશાહના નસીબમાં તે દિવસે કાંઇ વિઘ્ન જ લખેલું હતું, એટલે ધારવા મુજબ વેહેલું પાછું ફરાયું નહી. એક જંગલી પાડાની પછવાડે યાહોમ દોડતાં બાદશાહ જંગલમાં આડો અવળો નીકળી ગયો. તેના અંગરક્ષકોમાંના માત્ર ચાર જ જણુ તેની સાથે રહી ગયા, અને તેઓ પણ બાદશાહ જર્યાં આડે રસ્તે ફાટો ત્યાં તેની જોડે જ પોતાના ઘોડા લઈ ગયા. જંગલી પાડો તો એવો આડો અવળો દોડતો કે રખેને તે હાથમાંથી છટકી જાય એવી બાદશાહને બીક હતી, અને તેથી તેની પાછળ પડતાં પોતે કયાં અને કેટલે દૂર આવ્યો છે તેનું પણ કશું ભાન ન રહ્યું. આખરે પાડો થાકયો. તેણે પોતાની દોડ ધીમી કરી નાખી અને અંતે લોથપોથ થઇ ઉભો રહી ગયો. એટલામાં બાદશાહ પોતાના

જુલ્સ આલ્ફ્રેડ

ગોલ્ડ સીલ–સોનેરી સીક્કાવાળો

# સ્પેશીઅલ કલબ બ્રાંડી નં. ૧.




૩૩ ઔંસ લીકરસ

બાજુમાં આપેલી બાટલીના
નમુના પ્રમાણે.

## આ ઉંચો જુનો બ્રાંડી

રોજબરોજ લોકોને માનીતો થઈ
પડતો જાય છે

કારણ કે તેનો ઉપયોગ કરનારાઓ
સારી પેઠ સમજી ગયા છે કે
બીજા બધા બ્રાંડી કરતાં

**આ બ્રાંડી જેમ**

ગુણમાં ઉત્તમ તેમજ ભાવમાં
પણ કીફાયત માલુમ પડે છે.

**બીજા નકલી માલથી સંભાળજો.**

સોલ ઇમ્પોર્ટર્સ–**રબાડી બ્રધર્સ,**

અરદેશર દાદી સ્ટ્રીટ–ખેતવાડી–મુંબઇ.

પસ્તાવાનો વખત ન આવે તે માટે પુસ્તકો ખરીદવા પહેલાં
એક કાર્ડ લખી કીંમત ને કમીશનનું નક્કી કરો.

**દરેક જાતનાં ગુજરાતી પુસ્તકોપર ૧૦ ટકાથી લઇને ૫૦ ટકા સુધી ભરપૂર કમીશન મળે છે. કેટલોગ મંગાવી ખાત્રી કરો.**

**સેંકડો નવલકથાઓમાંથી ચુંટી કાઢેલાં લોકપ્રિય**

# તાજાંજ પુસ્તકો

**આનંદ સાથે જ્ઞાન! અને જ્ઞાન સાથે ગમ્મત!!**

## કમીશનમાં પુષ્કળ વધારો કર્યો છે.

નીચે જણાવેલા પુસ્તકોમાંથી કોઇપણ પુસ્તક ખરીદનારને ખરીદેલા પુસ્તકોની અર્ધી કીંમતનાં આ જાહેરખબરમાંથી તમો પસંદ કરો તે પુસ્તકો કમીશન તરીકે મળશે. પોસ્ટેજ અલગ.

**દરેક પુસ્તકો સારા લેખકનાં છે. બધા જ પુસ્તકો રસિક, મનને આનંદ આપે અને વિવિધ રસથી તરબોળ કરે તેવાં છે.**

| | |
|---|---|
| ભુલનો ભોગ (ડીટેકટીવ નવલકથા) ... ... ... | ૪—૦—૦ |
| પંચાસરનો જયશીખરી—ભાગ ૧—૨ સચિત્ર બન્ને ભાગના | ૬—૦—૦ |
| સ્નેહ લગ્નની સુંદરી—ભાગ ૧—૨ સંપૂર્ણ ... ... | ૩—૮—૦ |
| સોનેરી ટોળી—ભાગ ૧—૨ ... ,, ... ... | ૪—૮—૦ |
| શેરલોક હોમ્સનાં સાહસ કર્મો ... ... ... | ૨—૮—૦ |
| પાટલી પુત્રની પડતી—ભાગ૧—૨—૩ સંપૂર્ણ ... ... | ૩—૮—૦ |
| ભયંકર ભેદ ભાગ ૧—૨ ... ,, ... ... | ૨—૮—૦ |
| દુર્ભાગી દારા—ભાગ ૧—૨—૩ ,, ... ... | ૩—૮—૦ |
| દિવાની કે શાણી—ભાગ ૧ લો ... ... ... | ૪—૦—૦ |
| દિવાની કે શાણી—ભાગ ૨ જો ... ... ... | ૪—૮—૦ |
| સૌંદર્ય જ્વાળા ... ... ... ... ... | ૨—૦—૦ |
| વિચિત્ર જગત ... ... ... ... ... | ૩—૦—૦ |
| પ્રેમની ખુમારી—ભાગ ૧—૨ સચિત્ર (બંને પુસ્તકના) ... | ૬—૦—૦ |
| અદ્દભુત લુંટારો—ભાગ ૧—૨ સચિત્ર સંપૂર્ણ ... ... | ૩—૮—૦ |
| વિપત્તિનું વાદળ ... ... ... ... ... | ૩—૮—૦ |
| સફેદ ઠગ—ભાગ ૧—૨—૩ સંપૂર્ણ ... ... ... | ૪—૮—૦ |
| શ્રીમંત સંહારક મંડળ—ભાગ ૧—૨ સંપૂર્ણ... ... | ૪—૦—૦ |
| વેર વસુલ—ભાગ ૧—૨—૩—૪ સચિત્ર ચાર પુસ્તક દરેક ભાગના | ૩—૦—૦ |

**વર્ધમાન એન્ડ સન્સ, બુકસેલર્સ અને પબ્લીશર્સ,**
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.

પેલા અંગરક્ષકો સાથે તેની નજદીકમાં આવી પહોંચ્યો. પાડો થાકેલો પણ તેમની સામા થયો, પણ બાદશાહે તેને ભાલો માર્યો. તેની મહા વિટંબણાથી તે જીવ લઇ નાસવા લાગ્યો, પણ બાદશાહે તરવારના એક જ ફટકે બે ટુકડા કરી નાખ્યા. પોતાનો ધારેલો શિકાર આ પ્રમાણે હાથમાં આવ્યાથી બાદશાહને આનંદ તો થયો, પણ ધીરજથી જ્યારે તપાસ્યું ત્યારે તેને લાગ્યું કે, ધારવા કરતાં તેઓ બહુ લાંબે છેટે નીકળી આવ્યા હતા, અને જણાયું કે છ ઘડી દિવસ ચઢી ગયો હતો. આજુબાજુ નજર ફેંકતાં તેમને નજદીકમાં કોઇ ગરગામડું પણ જણાયું નહી. ગામડાંની શોધમાં ને શોધમાં તેઓ આડાઅવળા ચાલ્યા, પણ કોઇ ગામડું તો તેમને દેખાયું જ નહી. ઉલટો રસ્તો પણ તેમને બહુ ખરાબ આવતો જણાયો. એમ ફરતાં ફરતાં છેક બપોર થયા, સૂર્ય પણ પૂરજોશથી પ્રકાશતો હતો, તેથી તાપ પણ બહુ સખત લાગતો હતો. તડકાને લીધે તેમને તરસ લાગી, એટલે બાદશાહે ત્યાં ઉભા રહી પાણી શોધી લાવવાને રક્ષકોને આજુબાજુ છોડી મૂકયા. બાદશાહ પણ આજુબાજુ તપાસ કરવા લાગ્યો. એક નાનકડી ટેકરી ઉપર એક ખેડુત ખેતર ખેડતો હતો તેની ઉપર બાદશાહની નજર પડી. બાદશાહે વિચાર્યું કે તેની પાસે પાણી તો હશે જ, ને નહી તો કાંઇ નજદીકમાં નદીનાળું હશે તે બતાવશે. એમ ધારી બાદશાહ તેની તરફ ઘોડો દોડાવી ગયો. ખેડુત ૪૦–૪૫ વરસની વયનો લાગતો હતો. તે પાતળો પણ મજબુત બાંધાનો હતો. પણ ચેહેરા ઉપરથી તે તદ્દન ભોળેભિયાં હોય એવો જણાતો હતો, અને ગામડીઆનું જંગલીપણું પણ તેનામાં દેખાતું હતું. કોઇ ઘોડેસ્વાર પોતાની તરફ દોડ્યો આવે છે એમ જ્યારે તેણે જોયું ત્યારે તેણે પોતાના બળદ ઉભા રાખ્યા.

## બાદશાહને પાણી પાવું કે નહી ?

બાદશાહને તો ગલે કાચકી બાઝી હતી એટલે તેનાથી બોલાતું ન હતું, એટલે તેણે હાથથી ઇશારત કરી પોતાને પાણી પીવું છે એમ જણાવ્યું. ખેડુત આ ઇશારત તો સમજી ગયો, પણ તેને પાણી પાવા પહેલાં તે કોણ હતો તેની તપાસ કરવા માટે તેને ધારી ધારીને

પ્રથમ તો જોયો. પછી બે હાથ કમરે મૂકીને તેની બરાબ: તપાસ કીધી. તેના દેખાવ અને તેના પોશાક ઉપરથી તે કોઇ મો, માણસ છે એવી આ પુંજા પટેલની ખાત્રી તો થઇ, પણ તેને પાણ પીવરાવવું કે નહી તેનો વિચાર થયો. પટેલનું ગામ તો ત્યાંથી ગાઉ ઉપર હતું. તેણે આકાશ તરફ જોયું તો બપોરનો વખત પ થવા આવેલો હતો. અંતે તેમણે પોતાના મનમાં ઠરાવ્યું કે આ માણસને પાણી તો પાવું જોઇએ. બાદશાહ તો પાણી વગર બહુ આકુળવ્યાકુળ થઇ ગયો હતો, અને હમણાં જાણે તમર ખાઇ પડશે એમ તેને લાગતું હતું. ખેડુતો જંગલમાં સૂર્યના તાપથી પાણી ગર નહી થઇ જાય તેને માટે માટીના ઘડામાં ભરી તેનું મોઢું મજબૂ બાંધી છાંયડાવાળી જમીનમાં ખાડો ખોદી દાટી મૂકે છે તેમ, આ પુંજા પટેલે પણ કર્યું હતું. તેણે બાદશાહને ઘોડા ઉપરથી હેઠે ઉતાર્યો અને એક ઠેકાણે બેસાડી ઘડો ખોદી કાઢયો. બાદશાહ તે જો આનંદ પામ્યો. હાથ મોઢું ધોઇ પાણી પી બાદશાહ તાજો થયો અને તેનું ગળું પણ ઉપડયું. બાદશાહના ઘોડાને પણ પાણી પા તાજો કીધો. આટલી વાર સુધી બાદશાહ જમીન ઉપર બેસ રહ્યો હતો. હવે આ ખેડુતને શું ઇનામ આપવું તેના વિચારમ બાદશાહ હતો. પોતાની પાસે તો કોઈ તેવી ચીજ ન હતી, એટલે તેને પોતાને ગામ આવવા કહ્યું. આ બાદશાહ છે એમ તે ખેડુ તેને ઓળખ્યો નહતો તેથી તેનું અને તેના ગામનું નામ પૂછયું.

બાદશાહે તેને યાદ રહે તેથી ટુંકમાં જ કહ્યું, "મારૂં ના પાદશાહ અને ગામ દિલ્લી."

ખેડુતે "બહુ સારૂં" કહીને ડોકું ધુણાવ્યું.

પોતાના અંગરક્ષકો પોતાને શોધશે એમ જાણીને બાદશાહ ઘોડે બેસીને ઠરાવેલે ઠેકાણે આવ્યો. થોડીવારમાં જ ચારે અંગરક્ષક પાણી પી તાજા થઇ બાદશાહને માટે પણ પાણી ભરી લાવ્યા હતા તે પાણી તેઓએ બાદશાહ હજુર રજુ કીધું, પણ બાદશાહે પોતે કેમ પાણી મેળવ્યું હતું તે તેમને કહી સંભળાવ્યું, અને સઘળા ત્યાંથ શેહેર તરફ આવવા નિકળ્યા.

## બાદશાહનું નામઠામ ભૂલી ગયો!

ખેડુત પણ બપોરનો સમય થયલો હોવાથી ઘર તરફ ચાલી નિકળ્યો. થોડેક જતાં તેને યાદ આવ્યું કે પેલાને આજે પાણી પાયું તેનું નામ તેમ જ તેના ગામનું નામ તો ભૂલી ગયો. ઘણુએ નામ તે યાદ કરવા લાગ્યો, પણ "બાદશાહ" શબ્દ જ યાદ આવે નહી. તેણે વિચાર્યું કે એમ નહી પણ આપણા ગામમાં મોટા માણસ હોય તેને શું કહીયે છે તે ઉપરથી યાદ આવશે. તેણે યાદ કર્યું કે, "રાંગો," નહી "પટેલ," "ભાભો ભાભો" નહી તે પણ નહી. કેવો ભાભો, "પૂંજો ભાભો" કે "દેવલ ભાભો," નહી નહી, હવે સાંભરૂં, સાંભરૂં, એ "પાદખો, પાદખો" કરતો હતો, તેથી "પાદખો ભાભો"– હવે મળી રીઉં ખરૂં. "પાદખો ભાભો–પાદખો ભાભો" ગોખતો ગોખતો પૂંજા પટેલ ઘર તરફ ચાલ્યા, પણ વળી વિચાર આવ્યો કે એનું નામ તો હાંભરૂં, પણ એના ગામનું નામ કીયું? "ઉંડા" નહી, "પાલસણું"ના તે પણ નહી, એમ કરતો કરતો ગામની ભાગોળ પાસે પોહોંચ્યો, એટલામાં તેની નજર એક બીલ્લીનાં ઝાડ ઉપર પડી. તે જોતાં જ તે બોલી ઉઠયો, ઠીક ઠીક એ કાંઇ બીલ્લી, બીલ્લી કરતો હતો ખરો. હવે તો બેઉ નામો યાદ આવ્યાં. "બીલ્લી ગામ–ને પાદખો ભાભો."

## ખેડુતના ચોરામાં તકરાર.

આમ વિચારી, "બીલી ગામનો પાદખો ભાભો"–"બીલી ગામનો પાદખો ભાભો" એમ ગોખતો તે ઘર આગળ પોહોંચ્યો. સાંજ પડતાં બીજા ખેડુતો ચોરે એકઠા થયા. તે ગામડામાં એક ખેડુતના વારસાનો વાંધો પડ્યો હતો. ઉજડ ગામમાં એરંડીઓ પ્રધાન, તેમ આ ગામડામાં પુંજો પટેલ અને બીજા કેટલાક ખેડુતો ડાહ્યા અને ચતુર ગણાતા હતા. જે ખેડુત મરી ગયો હતો તેના વારસાનો વાંધો પડ્યો હતો. મરનાર ખેડુતે એક સ્ત્રી જોડે નાતરૂં કીધું હતું. તે સ્ત્રીને તેના આગલા ધણીથી એક પુત્ર અવતર્યો હતો, તેમ જ આ ખેડુતથી પણ એક પુત્ર અવતર્યો હતો. તે ખેડુત મરી ગયો ત્યારે

તેનાં ખેતર, તેની પુંજી તથા ગાય ઢોર વગેરે વહેંચી લેવા માટે બેઉને વાંધો પડ્યો. સગો છોકરો બધું લેવા માંગતો હતો, ત્યારે તેનો દૂધભાઇ તેમાંથી અરધો ભાગ માંગતો હતો. પેહેલાં તો તેઓએ ઘરમાં ને ઘરમાં તકરાર કર્યા કીધી. પણ અંતે તેઓએ બીજા પટેલો તથા પંચને ફરિયાદ કરી. ત્યારે તે વાંધો પતાવવા આજે ચોરામાં બધાઓ ભેગા થયા હતા. આપણા પુંજા પટેલ લગાર વધારે ડાહ્યામાં ખપતા હતા એટલે તેમના બોલવાનું વજન વધારે પડતું હતું.

આ ભાગલાગની તકરાર ખુબ રસ ઉપર ચઢી. જેને જેમ ગમે તેમ બોલે. અંતે બે ત્રણ કલાક તેમાં પસાર થઈ ગયા. અંતે પુંજા પટેલ બધાને અટકાવી બોલ્યા, "જુઓ સાંભળો—પટેલો, આજ સવારના મેં ઓલા **બીલી ગામના પાદખા ભાભાને** પાણી સાતેક શેર જેટલું પીવરાવ્યું છે. (તેમની ગામડીઆ ભાષા છોડી આપણે આપણી સરળ ભાષામાં જ તે મુકીશું) પાદખા ભાભાએ ચકચકીત લુગડાં પેહર્યાં હતાં, અને એક સારા જેવા ઘોડા ઉપર બેઠો હતો. વલી કમરે આપણાં દાતરડાં જેવી મોટી તરવાર બાંધી હતી અને હાથમાં ઓલી ભરાક દેતે કે ભડાકો કરે તેવી બંધુકડી પકડી હતી. એ પાદખો ભાભો ! લાંબેથી ભડાકો કરતો હતો તેનો આવાજ એવો તો થતો હતો કે, કાન ફાટી જતા હતા. તે શરીરે પણ મસ જાડો હતો. જ્યારે મેં એને પાણી પીવરાવ્યું અને ઘોડાને પણ પાયું ત્યારે તેણે મને પોતાને ગામ આવવાનું કહ્યું. તેનું નામ તથા તેના ગામનું નામ મેં પૂછી લીધું, પણ તે તો હું ભુલી ગયો પણ રસ્તે આવતાં પાછું મને યાદ આવ્યું. માટે જો કબુલ કરતા હો તો આપણે એને ગામ જઇએ, અને એ આપણા આ વાંધાનો નીકાલ કરી આપશે." બધાને તે વાત પસંદ પડી અને બધા જવા કબુલ થયા. બધાને તૈયાર થયલા જોઈ પુંજા પટેલને પોતાની હુશિયારી દેખાડવાનું મન થયું, તેથી તે બોલ્યો: "જુઓ, હું તમને તેડી જાઉં તો ખરો પણ એક કબુલાત કરો તોજ. આપણે ત્યાં જઇએ તો બધાએ મારા કહેવા પ્રમાણે ચાલવું, જો તેમ ન ચાલશો તો માર્યા જશો, માટે બોલો બધા મારા કહેવા પ્રમાણે ચાલશો કે ?" બધાએ પુંજા પટેલના કહેવા

પ્રમાણે ચાલવાની તૈયારી બતાવી. અગીયાર પટેલો અને બારમો પુંજો પટેલ મળી બાર જણનું મોટું ટોળું તૈયાર થઇ ગયું.

## પટેલીઓ સંઘ–દિલ્લીના પ્રવાસે.

બીજે દિવસે સહવારના પોહોરમાં તેઓએ ચાલવા માંડ્યું. દિલ્લીનું નામ પણ નહી સાંભળેલું તો દિલ્લી તો બાપડાઓએ જોયલું જ ક્યાંથી હોય ? છતાં પણ તેઓએ અજાણપણે રસ્તો લીધો. પણ પરમેશ્વરની કૃપાથી તેઓએ રસ્તો તો પાધરોજ લીધો. જો કદાચ કોઈ બીજી તરફની સડકે પડી ગયા હોત તો રખડતાં રખડતાં થાગ નહી લાગતે. દિવસ ઉગતાં સુધીમાં તો તેઓ ચારેક ગાઉ ચાલી ગયા. સૌથી આગળ પુંજાભાઈ પટેલ ચાલતા હતા અને જે કોઈ માણસ મળે તેને "બીલી" ગામ કયું એમ સવાલ કરતા. આ નવાઈ જેવું નામ સાંભળતાં દરેક જણને નવાઈ લાગતી અને તેમના જોડે વગર તકરાર કરવે, "આગળ ચાલ્યા જાવો" એવો જ જવાબ આપતા. પટેલીઆઓ તો જાણે મૂગી પલટણ હોય તેમ એકેકની પાછળ ચાલ્યા જતા હતા. અંતે પૂછતા પૂછતા અને ઠોકરાતા ઠોકરાતા તેઓ દિલ્લી સુધી આવી પહોંચ્યા. રસ્તે એવું કોઈ મોટું ગામ કે શેહેર મળ્યું નહતું એટલે આ શેહેર જોતાંજ તેઓએ નક્કી માની લીધું કે એજ "બીલી ગામ" હોવું જોઇએ, માટે હવે "પાદખો ભાભો" ક્યાં રહેતો હશે તેની શોધ કરવી જોઇએ.

પટેલીઆ પલ્લટણનો વેષ આપણે તપાસીએ. તેઓએ સરખા ચોરણા પહેરી તેની ઉપર કમર બાંધી હતી. કમરમાં દાતરડાં ખોસી દીધાં હતાં, માથે ફેંટો બાંધી લીધો હતો, અને ખભાં ઉપર એકેક કામળી નાંખી લીધી હતી. તેઓએ દિલ્લીના કિલ્લાને જોઇ ત્રિચિત્ર ચાળા કરવા માંડ્યા ત્યારે લોકોની નજર તેમના તરફ ખેંચાઇ, અને પરવારતાં લોકો તથા છોકરાંઓએ તેમની આસપાસ એકઠાં થઇ તે બાપડાઓની મશ્કરી કરવા માંડી.

દિલ્લીનો ઉંચો કિલ્લો જોઇ બાપડાઓ વિચારમાં પડ્યા કે આ તે શું હશે ? ગમે તેટલી અક્કલ દોડાવતાં તેમને કાંઇ સમજણ નહી પડી, તેથી બીજાઓએ પુંજાભાઇને મોટા સમજી જાણી પૂછ્યું, "ભલા

પુંજાભાઇ, આ તે મારૂં બાપલ્યું શું હશે ? પુંજાભાઇએ વિચાર જ કરી મૂકયો હતો કે આ લોકો મને કાંઇ સવાલ કરશે ખરા, તેથી મનમાં ગોઠવી રાખેલું તે પ્રમાણે બોલ્યા, "આપણે જનાવરો પકડવા જેવાં છટકાં બાંધીએ છીએ તેવું જ આ પણ એક છટકું આપણે માટે પાદશા ભાભાએ માંડ્યું છે. આપણે જેવા એની નીચેથી પસાર થઇશું કે એ આપણી ઉપર પડીને આપણને તે કચડી મારશે."

એક પટેલ આ ખુલાસો સાંભળી ગભરામણમાં પડ્યો અને બોલ્યો, "ઓઇરે બાપુલ્યા, ત્યારે પુંજાભાઇ આપણે કેમ કરીશું ?" પુંજાભાઇ જાણે શુંજ સમજદાર હોય તેમ બોલ્યા, "ઓહોહો, ત્યારે હું તમારા સાથે આવ્યો છું શા માટે ? આવાં આવાં છટકાંઓથી તમારો બચાવ કરવા માટે જ તો આવ્યો છું; માટે તમો બધાઓ હું કહું તેમ કરો. આપણા બધાના ચોરણાના નાડા એક બીજા સાથે બાંધી લ્યો અને પછી હારબંધ ઉભા રહો, પછી હું દોડું એટલે મારી પાછળ દોડ્યા આવજો. જોજો, સમાલજો, રખે ભૂલતા !"

બધાએ તેમ કરવા કબુલ કર્યું. અને પછી તેના કહેવા પ્રમાણે ચોરણાના નાડાં બાંધવા માંડ્યાં, જે જોઇ ભેગા થયલા લોકોએ તો તેમની મશ્કરી ઠઠ્ઠા કરવા માંડી. પણ તેની તેઓએ જરાએ પરવા નહી કરી. તેઓએ તો પોતાનું કામ ચાલુ રાખ્યું, અને જ્યારે તૈયાર થયા ત્યારે પુંજાભાઇ સર્વની આગળ ચાલતા બોલ્યા; "હેંડો કે મારા બાપુલ્યાઓ." આમ બોલતો જ તે દોડ્યો અને બધા તેની પાછળ દોડ્યા અને કિલ્લો પસાર કરી ગયા. પણ અંદર પોહોંચતાંની સાથે પટેલને ઠેસ લાગી ને ઉંધે મસ્તકે પડ્યા, અને પેલા બધા તેના ઉપર પડ્યા. પણ તરત તેઓ ઉભા થઇ ગયા. તેઓ મનમાં સમજ્યા કે જોખમની જગા તો પસાર કરી આવ્યા. તેથી પુંજાને પૂછ્યું, "અલ્યા પુંજા, હવે આ નાડાં છોડી નાખીયે કે કેમ ? પુંજાભાઇએ ડહાપણ ડોહોળ્યું, "અરે નારે ના, એ તો બાંધ્યાંજ રાખો, હજી તો બીજાં ઘણાએ છટકાં આવશે તે વેળા કામ આવશે." આ પ્રમાણે એક બીજાના ચોરણાના નાડાં બાંધી એકબીજાની પાછળ હારબંધ ચાલતા તેઓ શહેરમાં ફરવા લાગ્યા. કામધંધા વગરના માણસો અને રમતિયાલ

પોરિયાઓએ તો તેમનો હુર્યો કરવા માંડ્યો, પણ આ જંગલના રાજાઓને તેની ક્યાં દરકાર હતી! પુંજા પટેલ સર્વની હરોલમાં ચાલતા અને તેઓ દરેક જતા આવતાને "પાદખો ભાભો ક્યાં રહે છે?" એવો સવાલ કરતા, પણ તેમના આ વિચિત્ર પોશાક અને ઢંગથી તેઓ તે સવાલ ઉપર લેશ પણ વિચાર કર્યા વગરજ જવાબ આપતા, "ભાઈઓ આગળ ચાલ્યા જાઓ." આમ ભટકતાં ભટકતાં અંતે તેઓ દરબારગઢ આગળ આવી પોહોંચ્યા. આ વખતે બાદશાહ પોતાના થોડાક દરબારીઓ જોડે ગપ્પાં મારતો હતો. આ દીવાનખાનું એવે ઠેકાણે આવેલું હતું કે બાહારના રસ્તા ઉપરથી અંદરનો દેખાવ તથા અંદરથી બહારનો તમામ દેખાવ ધ્યાનથી જુઓ તો તરત જણાઈ આવે. દરવાજા સુધી આવી પુંજા પટેલે દરવાનનેજ સવાલ કીધો કે, "અલ્યા ભાઈ, અહીં પાદખો ભાભો રહે છે કે?" દરવાને આ સવાલ સમજવાની દરકાર કીધા વગરજ તેમનો વિચિત્ર દેખાવ જોઇ જવાબ દીધો, "ભાઇ તારા પાદખા ભાભાની વાત મને ખબર નથી. તું તેને શોધી લે." પુંજા પટેલે વિચાર કીધો કે, પાદખો ભાભો મોટો માણસ છે તેથી આ ધરમાંજ રહેતો હોવો જોઇએ. એમ ધારી તેણે પેલા દીવાનખાના તરફ એણીઆજુ પેલી બાજુ નજર ફેંકી, અને ઘડીકમાં ઉંચો થાય ઘડીકમાં નીચો થાય, ઘડીકમાં આંખ ઉપર હાથ મૂકીને જુએ. એમ કરતાં કરતાં પુંજાભાઇની ખાતરી થઈ કે, "મારો બાપુલ્યો, પાદખો ભાભો અહીં જ હોવો જોઇએ." હવે બાદશાહની પણ નજર પુંજા ઉપર પડી. પુંજાનો ચેહેરો ઝટ તેને ઓળખાણમાં આવ્યો, પણ તે ક્યાં દીઠો હતો તે તેને યાદ નહી આવ્યું થોડી વાર સુધી પુંજાએ પણ નીચુંઉચું જોઈ પોતાની ખાત્રી કીધી એટલે બીજા પટેલીઆએ પૂછ્યું, કાં, પુંજા તારો પાદખો ભાભો (!) જડ્યો?'

## પાદખો ભાભો જડ્યો!

પુંજાએ જાણે શું વાઘ માર્યો હોય તેમ જવાબ આપ્યો; "હા ભાઇ, હા, જડ્યો" બધાયે ઇંતેજારીથી પાછું પૂછ્યું; "ક્યાં છે તારે પાદખો ભાભો?" પુંજાભાઇએ જાણે કેવીક મોટી શોધ કીધી હોય તેવે ડાહાપણનો ગંભીર દેખાવ કરીને જવાબ આપ્યો, "એ ઓલો રહ્યો

સામેની બાજુએ બધાથી ઊંચો બેઠો છે અને ઓલું કાંઈ કચકચી (ચકચકીત) હારડો ગળામાં ઘાલીને બેઠો છે, એજ પાદખો ભાભો !"

તેને બરાબર જોઈ ઓળખીને પછી બધા પટેલીયાઓ સાથે બોલી ઉઠયા–"જઓ જઓ !" આ બુમ તેઓએ બધાએ એવા તો સામટા ઘાંટાથી પાડી કે દરબાન તથા બીજા ચોકીદારો ત્યાં દોડી આવ્યા, અને બુમબરાડા નહી પાડવાને અને ગરબડ નહી કરવાને તાકીદ કીધી.

બધા તરફથી બોલનાર તો આપણા પુંજા પટેલ તૈયાર હતા, તેઓ બહાર પડ્યા અને ઠાવકું મોઢું કરી જવાબ આપ્યો, "એ તો અમે પાદખા ભાભાને શોધી કાઢયો તેથી બધા ખુશી થયા અને તેથી બુમો પાડી ઉઠયા."

દરવાને પૂછ્યું, "તમારો પાદખો ભાભો કોણ છે ?"

પુંજાભાઈએ કહ્યું, "એ ઓલો રહ્યો." ઓલો સૌથી ઉંચો ચઢીને બેઠો છે અને ગળામાં કચકચીત મોટો હારડો પહેર્યો છે, તે અમારો પાદખો ભાભો !"

દરવાને તેમના પાદખા ભાભાને ઓળખીને કહ્યું કે, "તેની સાથે તમારે શું કામ છે ?"

પુંજાભાઈ બોલ્યા, "એ તો કાલ રોજે મારે ગામ આવ્યો હતો અને ત્યાં હું ખેતર ખેડતો હતો તે વેળા મેં એને પાણી પીવરાવ્યું હતું, તે એણે મને બોલાવ્યો છે તેથી હું આવ્યો છું, માટે પેલા પાંહે જવાનો રસ્તો દેખાડ."

દરવાન તેઓને એક ઠેકાણે ઉભા રાખી દીવાનખાનામાં બાદશાહને ખબર આપવા દોડયો અને બોલ્યો, "નામવર બાદશાહ સલામત, બહાર કોઈ ગામડીઆ ખેડુતો આવ્યા છે તેઓ આપ નામવરને મળવા માંગે છે. તેઓ કહે છે કે, ગઈ કાલે શાહ સલામતને તેઓએ પાણી પાયું હતું."

હવે બાદશાહને પુંજા પટેલની વાત યાદ આવી. તરત તેણે એક અમલદારને બોલાવી હુકમ કીધો કે આ લોકોને એક મેહેલમાં ઉતારો આપો અને તેમને જે કાંઈ જોઈયે તે આપો અને એમની સારી

રીતે પરોણાગત કરજો. એ લોકો ગામડાના છે તેથી બરાબર સંભાળજો. એમનું મન ખુશી થાય તેમ કરજો.

બાદશાહનો આ હુકમ થતાંજ પેલો અમલદાર પુંજા પટેલ અને તેના ટોળાં આગળ આવ્યો, અને તેમને બાદશાહનો હુકમ કહી સંભળાવી, તેમને ઉતારો આપવા લઈ ગયો.

ઉતારો શબ્દ સાંભળતાંજ આપણા પટેલ પુંજા ભાઇને તો રીસ ચઢી, અને રીસમાં બોલી દીધું કે, "ઉતારો આપ તારા પાદખા ભાભાને ! લે મોટો ઉતારો આપવાવાળો આવ્યો ! શું અમે ભૂતબૂત છીએ કે અમને ઉતારો આપે છે ? જા, જા"

પટેલ ઉતારાનો અર્થ કાંઈ ઉલટોજ સમજ્યા, તેથી તે અમલદારે કહ્યું, ભાઇ ચાલો તમને રહેવાની જગા આપું. "પુંજાભાઇની હવે રીશ ઉતરી ગઇ, તેઓ બોલ્યા," હં, હં, ત્યારે ચાલ, પણ તારો પાદખો ભાભો કેમ નથી આવ્યો ? એ કયારે આવશે ? તેને અમારે મળવું છે ને એ વાત કરવી છે તે કયારે કરીશું ?"

અમલદારે કહ્યું, "નામદાર બાદશાહ સલામત હાલ કામમાં છે તેથી તમને પછી મલશે. હાલ તો તમો બધા મારી સાથે ચાલો."

## ઉતારાનો મહેલ કે શૂળી

આમ કહી તે તેમને એક ખાલી મેહેલ આગલ લઈ આવ્યો. તે મેહેલ જોઇને તેઓ તો દંગ થઈ ઉભા રહી ગયા. તેઓ સમજ્યા કે, આ તો આપણને શૂળીએ ચઢાવવા લાવ્યો છે કે શું ? ત્યાં આવી તેઓને સીડી ચઢવા કહ્યું, એટલે તેઓ તો છછણી પડ્યા અને બોલી ઊઠ્યા, "મેર મૂર્ખા, તું અમને કયાં ભમાવી લાવ્યો ? શું અમને શૂળીએ ચઢાવવા લાવ્યો છે ? શૂળીએ ચઢાવ તારા પાદખા ભાભાને ? શૂળીએ તે અમે એમ ચઢતા હોઇશું કે ?"

પેલા અમલદારે બાપડાએ પોતાનું કપાળ કૂટયું અને બોલ્યો, "પટેલો આ કાંઈ શૂળી નથી, પણ એ તો મોટો મેહેલ છે, અંદરથી બહુજ સરસ છે, તમે જોશો તો ખુશી થઈ જશો. માટે ચાલો, બેફિકર ઉપર ચઢો."

પુંજાભાઈ બોલ્યા—"જાજા, ઉપર ચઢાવવાવાળા ? છે તો પાદખો ભાભો, ને રહેવાની જગાએ પાધરી નથી, પચાસ બળદ બંધાય એવું એક ઝુપડું તો એની આગળ નથી, ને આવા શૂલી જેવા મેહુલમાં રાખે છે! ના, ભાઇ, ના, અમારે એ મેહેલ વેહેલ જોઇતો નથી, અમારે એમાં રહેવું નથી!"

પેલો અમલદાર તો વિચારમાં પડી ગયો. બાદશાહે તો તેમને મેહેલમાં ઉતારવા તાકીદ કરી હતી અને પેલા ગમારો તો તેનું નામ સમજીનેજ ચોંકી ઉઠ્યા. હવે કેમ કરવું ? બાદશાહને પૂછવા વગર બીજો ઇલાજ ન હતો. તેમને ત્યાંજ ઉભા રાખી પેલો અમલદાર પાછો બાદશાહ હજુર ગયો અને સઘળી વાત કહી સંભળાવી.

## મીઠાઇ શું બળી છે! ખજુર-ટોપરાં લાવોને?

બાદશાહ પણ વિચારમાં પડી ગયો. તેણે વિચાર કરી કહ્યું, "ત્યારે એમને મોટો તબેલો ખાલી હોય તેમાં રાખો." પેલો અમલદાર તેમને એક મોટા તબેલા આગળ લઈ ગયો. તે જોતાંજ પેલા ગમારો તો ખુશ ખુશ થઇ નાચકુદ કરવા લાગ્યા, અને બોલ્યા, કે હવે પાદખા ભાભા પાસે જગા હોય એમ લાગે છે ખરૂં. ગામડીઆઓ મીઠાઈના શોખીન હોય છે એમ જાણી બાદશાહે તેમને માટે ટોપલા ભરીને મીઠાઈ મોકલી. બધા તે ખૂમચા તપાસવા મંડ્યા; અને પછી પરીક્ષા કરી રહી પુંજાભાઈ બોલ્યા; "આ તે કાંઈ ખાવાનું હશે? મેમાન આવે તેને તો ખજુર ટોપરૂં આપવામાં આવે છે. આ તે કાંઇ ખાઇ શકાય નહી; ભલે તમારી પાસે ટોપરૂં ન હોય તો પછી આજે એ જ ખાઇ લઇશું.

પેલા અમલદારે તેઓની અક્કલ પર આફ્રિન કીધી અને હસીને બોલ્યો, "ભાઇઓ રે, અમારા ગામમાં ખજુર-ટોપરાં તો ઢગલેઢોળ મળે છે, પણ બાદશાહનો હુકમ એવો હતો કે, તમને આ મીઠાઇનો સ્વાદ ચખાડવો તેથી આ ઉત્તમમાં ઉત્તમ મીઠાઇ તમારા માટે હાજર કરી છે."

પુંજાભાઇએ પોતાની હુશિયારી જણાવી, "ભાઇ, તમારા પાદખા ભાભાને પૂછી આવો, જો તે ખજુર કોપરાં આપે તો ઠીક, નહી તો પછી આ તો ખાઇશું જ."

પેલો અમલદાર બાદશાહ આગળ ગયો અને બાદશાહને બધી વાત કરી. બાદશાહ પણ તે સાંભળી હસ્યો અને હુકમ કીધો કે, એ ગામડીઆ ગમારો જે માંગે તે એમને આપો. અમલદાર તો પોતાને થયલા હુકમ મુજબ ખજુર કોપરાં લેવા દોડયો, અને ખજુરના બે ત્રણ વાડીઆ અને કોપરાની ચાર ગુણો ભરાવીને તેમની પાસે લઇ ગયો. તેથી તે જોતાં જ તેઓ તો નાચવા કુદવા લાગ્યા. ખજુરના વાડીઆ ઉખેડીને તથા ગુણો ખોલીને નાલિયેર તડાતડ તોડીને તેઓએ દપાટવા માંડયાં; ખજુર ખાતાં ખાતાં એક જણ ડાહ્યો થયો, અને પુંજાભાઇને પૂછ્યું કે "ભલા પુંજાભાઇ, આ ખજુરના ઠળીયા ખાઇ જઇએ કે કાઢી નાંખીએ?"

ડાહ્યાભાઇ થઇને પુંજાએ ઉત્તર દીધો; "જુઓ ભાઇ, આપણા ગામમાં તો ખજુર કોઇ જ દિવસ મળે છે તેથી આપણે તો ઠળીઆ શુદ્ધાં ચાવી જઇએ છીએ, પણ અહીં તો તે બહુ છે એટલે જેને ગમે તે ખાઇ જાય અને જેને ગમે તે કાઢી નાખે."

પુંજાભાઇના આ હુકમ પ્રમાણે કોઇ કોઇ તો ઠળીઆ ચાવી જાય અને વળી યાદ આવે તો કાઢી નાંખે. એ પ્રમાણે ચાવવા બેઠા તે, બે હડી કલાક સુધી કોપરાં–ખજુર ખાવાની ગમ્મત ઉડાવી. બાપડા પોતાના ગામમાં તો વરસે છ માસે કોઇ કદાચ કોપરાં–ખજુર ખાતા, તો અહીં તો તેમને થોકબંધ કોપરાં–ખજુર મળ્યાં તે ખુબ મજાહ ઉડાવી. સુંદર મસાલેદાર મીઠાઇ મૂકી દઇ તેમને આ ખજુર–કોપરૂં પસંદ પડ્યું તે એટલી હદ સુધી ખાધાં કે પેટ પણ ખેંચાઇ ગયાં, અને ઉઠવાની પણ શક્તિ નહી રહી; તેથી ખાસ્સી રીતે જમીન ઉપર લાંબા થઇને આલોટવા માંડ્યા.

## નરમ ગાદલાંને બદલે ઘાસના બીછાના!

અમલદારે તેમને માટે બીછાના મંગાવ્યાં. નરમ સુવાળાં ગાદલાં અને તેના ઉપર સફેદ દૂધ જેવી ચાદરો પાથરી, પણ ઘાસ અને પરાળના બીછાના ઉપર સદા સુનારાને બાપડાઓને આ સુંવાળાં બીછાનાં કયાંથી બેસ્તાં થાય? તેઓ તો બાપડા સમજી પણ નહી શકયા કે આ તે શું બીછાવી દીધું છે? બધા આશ્ચર્યચકિત થઇને પુંજા-

ભાઇને પૂછે કે, ભાઈ આ તે શું લાવી નાંખ્યું છે? પુંજાભાઇમાં તે વળી કયું મોટું ભંડોળ કે ખુલાસો કરે? છતાં, એકાદ બેવાર ગાદલાંની આજુબાજુ ફરી આવી તપાસ કરતો હોય તેવો દેખાવ કરવા માંડ્યો પછી ધીમે રહીને એક ગાદલામાં એક આંગળી ઘોંચી. પોચાં ગાદલાં એટલે આંગળી તો અંદર પેસી ગઇ; પુંજાભાઇએ વળી બીજી તરફ તેવીજ ક્રિયા કરી જોઇ, પણ ત્યાં પણ એવું ને એવું જ જણાયું; બધી તરફ ફરીને તેમણે પોતાની તપાસ ચલાવી, પણ જ્યાં તપાસે ત્યાં એનું એજ લાગે. તેના સોબતીઓ તેને પૂછવા લાગ્યા, કેમ પુંજાભાઇ, આ બધું શું લાવી નાખ્યું છે? મોટા ફીલસુફમાં ખપતા હોય તેવું ડાચું કરી પુંજાભાઇએ ટોલ્લો લગાવ્યો, "ભાઇ, આતો પાદખા ભાભાએ આપણી સાથે દગો કીધો છે. આ તો આપણને બુડાડી મેલવાનો તેણે તાગડો કીધો છે ને તે માટે જ આ તૈયાર કરાવેલું લાગે છે."

ત્યારે બધાયે સામટા થઇને ચિંતાતુર થઇને પૂછવા માંડ્યું, "ત્યારે પુંજાભાઇ, કહો ને હવે આપણે કેમ કરીશું?" પુંજાભાઇ પણ હતા તો તેવાને તેવાજ પણ બધાને વળી હિંમત આપતા રહે કે, તમારે શી ધાસ્તી છે? હું આ બેઠો છું કેની? જુઓને એનો ઇલાજ હમણા જ કરૂં છું. તેઓ ધીમે કદમે પેલા નોકરો પાસે ગયા અને પૂછ્યું, ભાઇ આ શા માટે અહીં લાવી નાખ્યું છે? અને એ શું છે?

અમલદારોએ ખુલાસો કીધો કે, "પટેલીઆ, એ તો તમોને પોઢવા માટે ગાદલાં બીછાવ્યાં છે."

પુંજાભાઇએ વલી અક્કલ દોડાવી અને બોલ્યા: "વાહ, વાહ, તમારા પાદખા ભાભાનો વિચાર અમને મારીજ નાખવાનો છે કે શું? આવી રીતે દગો કરીને અમોને બુડાડી શા માટે મારવા છે?" અમલદારો કહે ને તેમના જોડે માથું ફોડે કે, ભાઇઓ, એમાં કાંઈ બુડાડવાનું નથી, એ તો બાદશાહી બીછાનાં છે, પણ તે તેઓ સમજેજ શાના? સામા જાણે શું એક વાઘ માર્યો હોય તેમ તેમના જોડે તકરાર કરે કે, "વાહ, વાહ, એમ તારે સમજાવે કાંઈ અમે ભોળવાઈ જઇશું કે? ના, ના, અમને ગામડાંના સમજીને એમ કંઈ

સમજતો રખે, ગુપચુપ એ ઉપાડી લઇ જા, અને મજાહના કડબ ઉપર કામળી નાખીને બીસ્તર બનાવે તો તેના ઉપર ઉંઘવાની મજાહ પડે, પણ આમાં ખુડી જઇને કાંઇ ઉંઘ ન આવે હો!"

પેલો અમલદાર વડીલ અમલદારનો હુકમ પૂછવા દોડ્યો. તેણે જોયું કે, આ બાપડા ગામડીયાઓને બધું એઓને લાયકનું જ ખાવા પીવાનું, રહેવાનું તથા સુવાનું પણ જોઇએ; માટે તેણે હુકમ કીધો કે બસો પાંચસો કડબના પુળા છોડી પોહોળા કરી નાખો અને તેના ઉપર એકાદ તાળપતરી નાખી આપો એટલે એ એમને લાયકનું જ થઇ પડશે.

નોકરોએ તત્કાળ પેલાં બીછાનાં ઉપાડી લીધાં, અને તરત કડબ પાથરી તેના ઉપર તાળપતરી પાથરી દીધી એટલે પટેલીઆ-ઓને તો તેમને ગમતું બીછાનું મલ્યું એટલે રાજી રાજી થઇ ગયા. કમરેથી દાતરડાં છોડી નાખી તેઓ તો જેમ ગધેડાં આલોટે તેમ આલોટવા લાગ્યા. પેલા નોકરો પણ તે મામલો જોઇ આપસઆપ-સમાં હસવા લાગ્યા.

## પરોણાને રીઝવવા ગુણિકાનો નાચ.

થોડીવાર પછી બાદશાહના હુકમથી એક ગુણિકા એક સારંગીવાળા અને એક તબલચીને લઇને નાચવા આવી. એટલે વળી જોઇ લ્યો, આ ગામડીઆઓની નવી જ ગમ્મત. તે બાપડાઓને ગાયન તે શું, નાચ તે શું, તેની ખબર પણ શી હોય? એટલે આ તો ભેંસની આગળ ભાગવત જેવું થયું. તેઓ તો કાને હાથ દઈ માત્ર દુહા બોલવામાં જ બધી રાગ રાગણીઓનો સમાવેશ થયલો માનતા હતા, એટલે આવી ઉમદા ચીજની તેમને શી ખબર હોય! નોકરો તો નવો રકાશ જોતા દરવાજા આગળ ટોળું થઈ ઉભા હતા. બાહારના માણસોને આ બાદશાહી પરોણાઓ આગળ આવવાની મનાઈ હતી. સારંગી-તબલાવાળાએ, ત્યાં આવી અલાપ લેવા માંડ્યા અને ગુણિકા નાચવા માટે ઉભી થઇ ગઇ. તે વેળા બધા વિચારમાં પડ્યા કે વળી, આ શી નવી મોહકાણ મંડાઇ છે? બધા ગુપચુપ ઉભા રહી ગયા. તેમને જોઇને પુંજાભાઇને ડાહપણ ડોહો-

ળવાનો વિચાર થયો, એટલે તેઓ બધાને નામ દઈ પૂછવા લાગ્યા, "ભાઈઓ, આ શું છે તે તમે કાંઈ સમજ્યા ?" કોઈ કહે, ભાઇ, આ તો આપણી હુશિયારીની પરીક્ષા કરવા આવ્યા જણાય છે ? કોઈ કહે ના, કાંઈ જાદુ કરવા આવેલા જણાય છે ! ત્યારે આસ્તે રહીને પુંજા પટેલ બોલ્યા–ભાઇઓ, આપણી હુશિયારી જોવા માટ જ આ લોકોને અત્રે હડસેલી મેલેલા લાગે છે. આપણા ગામમાં ઢોરોને ખરવા થાય છે તેવો જ આ ભાયડા અને બાયડીને થયો છે, તેમાં પણ બાયડી બાપડીને તો બહુ જ લાગે છે. એ જરા પણ ઉભી રહેતી નથી, અહીંથી તહીં અને તહીંથી અહીં ફરીને આખું શરીર મરડે છે; પેલો (સારંગીવાળાને બતાવીને) એક હાથ આમ તેમ હલાવે છે એટલે તેને તો એક હાથ ઉપર જ લાગે છે, (તબલાવાળાને બતાવીને) પેલાને તો બે હાથ ઉપર લાગે છે કેમકે તે બંને હાથ આમ તેમ પછાડે છે. પુંજા પટેલની આ ફીલસુફી સાંભળીને કાનીઆ પટેલ બોલ્યા, "ત્યારે પુંજા હવે આપણે કેમ કરીશું ?" પુંજાભાઇ કોઇથી ખાંક્યા જાય તેવા ન હતા, એટલે તેમણે પોતાની હુશિયારી દેખાડવા માંડી. ભાઇઓ, આપણા ગામમાં આપણે ગાય ભેંસોનો ઉપાય કરીએ છીએ તેવો જ કરવો જોઇએ છે હોં ! તેઓ જેમ ઢોરોને દાહામ દેવાની ક્રિયા કરે તેમ તેમના ઉપર કરવા તૈયાર થયા. એક તરફ પેલા નોકરોએ થોડાંક લાકડાં સળગાવી અગ્નિ કર્યો હતો. તેમાં આ બારે પટેલોએ પોતાનાં દાતરડાં છોડીને તપાવવા મૂક્યાં. પેલી તરફ ગુણિકા અને તબલા સારંગીવાળો તો પોતાના કામમાં મુસ્ગુલ હતા એટલે તેઓએ તેમના ઉપર ધ્યાન આપ્યું નહી, પણ દાતરડાં તપીને લાલચોળ થયાં, એટલે તેઓએ પેલા ત્રણેને દામ દેવાની તૈયારી કીધી. તેઓએ બધા જણ મળીને સારંગીવાળાને ખુબ દઝાડયો, જેથી તે બાપડો તો ચીસાચીસ પાડવા લાગ્યો. પછી વારી આવી તબલાવાળાની. તેના એક હાથ ઉપર ગરમ ગરમ નકશી કરી દીધી. પણ તે બાપડો તો ખેંચતાણ કરી જેમ તેમ છટકયો; પછી પેલી ગુણિકાની વારી આવી હતી, પણ તેટલાં તો ત્યાં સોપાઈ અમલદારો વગેરેની દોડધામ ચાલી રહી, એટલે તેઓએ વચ્ચે પડીને તેઓને જેમ તેમ બચાવી લીધાં. પોતાની

હુશિયારી બરાબર દેખાડવાની તક નહી મળી તે જોઇને પટેલો દીલગીર થયા. સીપાઇઓએ તરત પેલાં બેને ગાડીઓ મંગાવી સરકારી દવાખાને મોકલાવી દીધાં, અને ગુણિકાને પણ ભગાડી તેને મકાને મોકલી આપી. આ થયા પછી પેલા અમલદારે બાદશાહ હજુર હાજર થઈ બધી વાત જાહેર કીધી. બાદશાહ તે સાંભળીને ગુસ્સે તો થયો પણ તે વખત કાંઇ બોલ્યો નહી, અને રાત તો જેમ તેમ પસાર કરી દીધી.

આણી તરફ ગવૈયાઓનો ઘાટ ઘડી લઈ પટેલીઆઓ, પોતપોતાનામાં તરેહવાર ગપ્પાં મારવા લાગ્યા. કોઈ પોતાનાં ગામની મોટાઇની વાત કરતો, તો કોઈ ગામનાં વાડી વજીફાની સરખામણી કરતો. પુંજા પટેલ તે બધાને પોતાના ધ્યાનમાં આવે તેવી ફીલસુફી સમજાવી શાંત કરતા. કોઈ કોઇ તો ગામમાં "ચોરા" હોય તેવા "ચોરા" અહીં હશે કે કેમ તે વિષે પણ વાત કરતા. એક જણે ડહાપણ ડોહોળ્યું કે, "પુંજા પટેલ, આ પાદખા ભાભાએ જુવારનો અને બાજરાનો તાજો સેકેલો પોંખ ખાધો હશે કે નહી?" પુંજાભાઇએ જવાબ આપ્યો, "ખાધો કેમ ન હોય? પેલા પટેલોએ એને લાવી આપ્યો જ. હશે. આપણે પણ આપણા મુખીને લાવી આપીએ છીએ તે ખાય છે તેથી પાદખો ભાભો (!) અહીંનો મુખી છે."

## બાદશાહ-બીરબલ છુપી મુલાકાતે.

પટ્ટા પટ્ટા પટેલો આ વાતોનાં તડાકા લગાવતા હતા ત્યારે બાદશાહ અને બીરબલ વેશ બદલીને નગર ચર્ચા જોવા નીકળ્યા હતા, તે પ્રથમ અહીં આવી ચઢયા. તેઓ એક ખુણામાં સંતાઈ રહીને તેમની વાતો સાંભળવા લાગ્યા. પુંજાના છેલ્લા શબ્દો બીરબલે સાંભળ્યા હતા.

એક ખેડુતે પૂછ્યું, "પણ ઓલા ભાઇ, હવે આપણે જે કામે આવ્યા છે તેનું કેમ? ઓલા પટેલના ખેતર અને ઘરનો ઇનસાફ પાદખો ભાભો કરી આપશે કે કેમ?"

પુંજાભાઇ છાતી કાઢી બોલ્યા:—"હા, ભાઈ હા, એ કરી આપશે, એ ના પાડે એવું માણસ નથી હો!"

એક જણે ગભરાઇને પાછું પૂછ્યું, "પણ પુંજાભાઈ, પાદખો ભાભો, આપણા મનમાં છે તેમ ન કરે તો કેમ?"

પુંજાભાઇને તો જાણે પાદખા ભાભા ઉપર વિશ્વાસ બેસી ગયો હોય તેમ બોલી ઉઠયા, "આપણા મનમાં છે તેવોજ પાદખો ભાભો ઇનસાફ કરી આપશે; એ તો બેઉના સરખા ભાગજ કરવા જોઇએ."

કાના પટેલે તાપસી પુરી, "પણ ભાઇરે, ખેતરના તો સરખા ભાગ કરવા જોઇયે, પણ ઘરનું શું કરવું!"

પુંજાભાઈ પેહેલાંથીજ ન્યાયાધીશ પણ થઈ લાગ્યા અને તેઓ બોલી ઉઠયા, "ઘર તો હરખા પટેલને મળવું જોઇયે; હરખા પટેલજ તેનો સગો દીકરો છે, પછી તો પાદખો ભાભો જે કરે તે ખરૂં."

હવે માંગા પટેલને, અહીં કેટલા દિવસ પડી રહેવું તેની ચટાપટી લાગી, એટલે તેઓ વચ્ચે પુરાયા, "બાપુલ્યાઓ, એ તો બધું પાંસરૂં; પણ હવે અહીં આપણે કેટલા દી રહીશું?"

પુંજા પટેલે છાતી ઠોકી, ભાય, હજી બે ચાર દી તો આપણે રહેવાનાજ; અહી પાંચ ૭ દીએ થઇ જાય તોએ શું છે? આપણે ક્યાં હમણાં ઘેર જવા વગર અટકી રહ્યું છે! ખાસ્સાં મજાહનાં ખજુર–ટોપરાં તો ખાવાને મળશે? અને આ સુવાનું પણ ઠીક સાંપડયું છે હો!

એક પટેલ ગચકરૂં ખાતો બોલ્યો, "ભાઇઓ, આજે આપણે ખજુર ટોપરાં ક્યાં કમી ચપાટયાં છે!"

પુંજાભાઇ બોલ્યા, "બાપુલ્યા, બીહો છો શા માટે, કાલે પણ પાદખો ભાભો એટલાંજ મોકલશે, માટે મન ભાવે તેટલાં ખાયા કરજો મારા બાપુલીઆઓ. આજના વધેલાં છે તેઓ ખાઇ જજો, એ તો સવારે સીરામણીમાં કામ આવશે."

ખાઉં ખાઉં કરી રહેલા એક પટેલ બોલ્યા, હારે ભાઈ હું તો વિચાર જ કરતો હતો કે સવારમાં સીરામણીમાં રોટલા જોઇશે તે ક્યાંથી લાવીશું? માટે ઠીક યાદ દેવાડી હો! પણ બાપુલ્યા હવે તમારે શું વિચાર છે? ઉંઘી જવું છે કે આ પ્રમાણે વાતો જ ચલાવવી છે."

બીજા પટેલે ટાહુકો પૂર્યો; "હારે ભાઇ હા, આપણે ઉંઘી તો જવું જ છે, પણ ઓલા પાદખા ભાભાએ આપણી હુશિયારી જોવા ત્રણ જણને મોકલેલા તેમાંનો એક હાથ હલાવતો હતો તેને તો સારૂં થઇ જશે, પણ ઓલા બે હાથવાળાને એક હાથે જ સારૂં થશે, બીજો હાથ તો બાપડાનો એવોજ રહેશે હો!"

પુંજા પટેલ બોલ્યા, "આપણે તેને શું કરીશું? તેણે તો ચીશો પાડવા માંડી એટલે પાદખા ભાભાનાં માણસો આવીને લઇ ગયા. જો બીજા હાથ ઉપર પણ બેચાર ડામ દીધા હોત તો તે બાપડાને પણ સારૂં થઇ જાત!"

માંગા પટેલ વચ્ચે પૂરાયા, "ખરી જ વાત, એમાં આપણે તે શું કરીએ? ઓલી બીચારી બાયડીને પણ સારૂં જ થઇ જાત, એને તો આખે શરીરે ખરવા* થયો છે તો તે બીચારીને પણ તરત સારૂં થઇ જાત હોં!"

પુંજાભાઇએ વાત થંડી પાડવા ટહુકો પૂર્યો, "હશે, એ તો થયું તે થયું."

પુંજા અને ચાર પાંચ પટેલો આ પ્રમાણે પડયા પડયા તડાકા લગાવતા હતા એટલામાં બીજા ચાર પાંચ જણ તો ભર ઉંઘમાં પડીને ઘોરતા હતા, અને જેમ વખત ગયો તેમ આ બાકી રહેલા-ઓએ પણ પોતાનાં નસ્કોરાં ચઢાવી ઘોરવા માંડયું.

બાદશાહ-બીરબલને જે કાંઇ જાણવાનું હતું તે આ રીતે અચાનક જણાઇ ગયું; વળી તેઓ સમજી ગયા કે આ બાપડાઓએ કોઇ દિવસે ગુણિકાનો નાચરંગ જોયલો નહી એટલે તે બાપડાને ખરવા થયો છે એમ સમજીને તેઓને ભોળાઇમાં ડામ દીધા છે તેની પણ તેમને સમજણ પડી ગઇ.

## ખેડુતોનો ઇનસાફ!

બાદશાહ-બીરબલ તે પછી ત્યાંથી ચાલતા થયા, તેમજ સીપાઇઓ પણ દરવાજા વાસી ઉંઘી ગયા, અને આ બાદશાહી પરોણા-

*ઢોરોને થતો એક પ્રકારનો હાથ પગ ધ્રુજવાનો રોગ.

ઓના ઉતારામાં તો ઉંદરો અને ઘુસની દોડાદોડી ચાલી રહી. પણ તેની આ નફ્ફરા ભોળિયાઓને ભલે ચિંતા હોય ! તેઓ તો નસ્કોરાં ચઢાવી ખુબ ઘોરવા મંડી ગયા. સવાર પડતાં તેઓ જાગ્યા. પોતાને ગામ હોય તો તે વખતે ખેતર જવું પડે, પણ અહીં તો તેમાંનું કાંઇ નહી. એટલે આળસુની પેઠે તેઓ અહીંથી તહીં અને તહીંથી અહીં આલોટયાં ખાતા હતા. સવાર પડતાં સીપાઇઓએ દરવાજા ઉઘાડયા એટલે બધા ઝટ ઉઠી ઉભા થયા. નોકરોએ બીછાનામાંનું ઘાસ ઉંચકી નાખ્યું અને તાળપત્રી પાથરી દીધી. પ્રભાતની પીડાઓ–દીર્ઘશંકા–લઘુશંકાથી પરવારી મોં હાથ ધોઇ તેઓએ આગલા દિવસના વધેલાં ખજુર–ટોપરાંને પેટમાં ઠસાવવા માંડ્યાં.

આણી તરફ બાદશાહ પણ તૈયાર થયો હતો. તે ખાનગી દીવાનખાનામાં જઇને બેઠો અને સઘળાને ત્યાંજ બોલાવવાની ગોઠવણ કીધી હતી, કે રખેને તેઓ દરબારમાં આવે ને કાંઇ આડું અવળું વેતરી દે. ખેડુતો પણ કપડાં પહેરી, પોતાનાં હથિયાર (દાતરડાં) બાંધીને બાદશાહ આગળ આવ્યા. બાદશાહને કેમ માન આપવું તેનું પણ એ બાપડાઓને ભાન ન હતું. બાદશાહે જોયું કે બધા સામટા ભેગા થયા. એટલે સીપાઇને બાહાર મોકલી દઇ તેમને સવાલ કીધો–"કેમ હવે તમારે શું કહેવું છે?" તેમની બલા જાણે બાદશાહ શું બોલ્યા ? તેઓ તો દીવાનખાનાનો ભપકો અને શણગાર જોવામાં મશગુલ થઇ ગયા. પણ પુંજાભાઇ કાંઇ સમજી ગયા તે બાહાર પડી બોલ્યા, "અમારા ગામમાં એક ખેડુત મરી ગયો છે તે વિષે જરા પૂછવું છે."

બાદશાહે ધીમેથી કહ્યું; "પૂછ ભાઇ પૂછ, શું પૂછવું છે ?"

પુંજાભાઇ પોતાની ખેડુતી બોલીમાં બોલ્યા, "જાણે કે આ પટેલ મરી ગયો, એની બાયડી નાતરે ગઇ, એક છોકરો આ પટેલને હતો. હવે જે પટેલ જોડે બાઇ નાતરે ગઇ તે પણ મરી ગયો. તેને પણ એક દીકરો થયો હતો. હવે તેના ખેતરાં તથા ઘરનો વાંધો પડ્યો છે કે એ કોને આપવું ?"

બાદશાહે જવાબ આપ્યો, "એ ખેતરાં બેઉ જણા વાંટી લે અને ઘર છે તે સગા દીકરાને મળવું જોઇએ."

પુંજાભાઇ તથા બીજાઓ પણ જાણે ખેતરમાં ચોરો ભરી બેઠા હોય તેમ સામટા બોલી ઉઠ્યા, "એમ જ થવું જોઇએ, અમારો પણ એ જ વિચાર હતો, ઠીક થયું, ઠીક થયું."

બાદશાહે કહ્યું, "ઠીક હવે તમારૂં કામ થયું, તમે તમારે ગામ જાઓ, અને હુંઇ તમારૂં કામ નથી."

પુંજા પટેલ બોલ્યા, "અરે પાદખા ભાભા, અમને થોડા દિવસ તો અહીં રહેવા દે; ખજુર–ટોપરાં થોડા દિવસ તો અહીં ખાઇએ."

બાદશાહે કહ્યું, હું તમને ખજુર–ટોપરાં આપીશ તે તમારે ગામ લઇ જજો. એમ જણાવી બાદશાહે માણુસને બોલાવી, આ ભોળિયાઓ રાજી થાય એટલાં ખજુર-ટોપરાં તેમને આપવાનો હુકમ કીધો, જે ગાંસડા બાંધી ખભે મારી તેઓ ખુશી થતા પોતાને ગામને વાટે પડ્યા. પેલા બાપડા સારંગી-તબલાવાળા કેટલાક દિવસે સારા થયા તેમને બાદશાહે સારૂં ઇનામ આપી વિદાય કીધા.

આ પ્રમાણે આ બાપડા ભોળિયા ભરવાડયાની બાદશાહી પરોણાગતનો અંત આવ્યો.

## દાંત આપ્યા છે તો ચવેણું આપશે જ!

એક દિવસે સાંજે બાદશાહ અને બીરબલ છુપા વેશે ફરવા નીકળ્યા હતા. તેમને સાદા પોશાકમાં કવિ ગંગ સામો મળ્યો. ગંગે બાદશાહ તથા બીરબલને બીલકુલ ઓળખ્યા નહી, પણ બાદશાહનું ધ્યાન તેના તરફ ખેંચાયું, એટલે તેણે બીરબલને કહ્યું, સામેથી ગંગ આવે છે તેને આપણી સાથે લઇએ તો વધારે આનંદ થશે. બાદશાહની મરજી જોઈ બીરબલે ગંગને બોલાવીને ઉભો રાખ્યો. બીરબલનો અવાજ સાંભળતાં જ ગંગે તેને ઓળખ્યો, તેમ જ ગંગે બાદશાહને પણ ઓળખ્યો. આગળ આવી તેણે શાહને નમન કર્યું. તેઓએ તેને પણ પોતાની જોડે લઈ લીધો. ત્રણે જણા સાથે આગળ ચાલ્યા. તેઓ ત્યાંથી એક સાંકડી ગલીમાં વળ્યા. તે ગલી બહુ જ સાંકડી હતી અને ત્યાં બધી ગરીબોની જ વસ્તી હતી. તે ગલીમાં પેસતાં, ત્યાં આગળ એક માણુસ એક ખુણામાં બેસીને હાય અફસોસ કરતો

હતો. તેને તેવી હાલતમાં જોઈ કવિરાજે પૂછ્યું, "કેમ, ભાઇ, તું શા માટે એટલો અફસોસ કરે છે? તને શું દુઃખ છે?"

પેલા દુ:ખી માણસે જવાબ આપ્યો, "મહેરબાનો, હું બે દિવસનો ભૂખ્યો છું તેથી મારા નસીબ ઉપર અફસોસ કરૂં છું. હું આ શહેરમાં થોડા વખત પહેલાં આવ્યો છું. મારી પાસે થોડાક પૈસા હતા તેમાંથી આટલા દિવસ ચલાવ્યું. મેં કાંઈ નોકરીધંધો મેળવવા યત્ન કર્યો, પણ હું તેમાં ફાવ્યો નહી. આ જ બે દિવસ થયાં મારા પાસેના પૈસા ખલાસ થયા છે, હવે આ આંગ ઉપરનાં કપડાં સિવાય બીજું કાંઈ પણ મારી પાસે રહ્યું નથી. ભીખ માંગીને જીવવા કરતાં હું મરવું વધારે પસંદ કરૂં છું."

તેની આ દયાજનક વાત સાંભળી ગંગને તાન થઈ આવ્યું અને તે બોલ્યો, જો ભાઈ સાંભળ:—

છપય.

મોર મેરૂ પર ચુંગે, ચુંગે હંસા જલ સરોવર,
શેર જંગલમેં ચુંગે, ચુંગે પંછી જલ સરવર;
ગજ કદલીબન ચુંગે, ચુંગે પાતાળ ભુજંગમ,
મછ કછ સબહિ ચુંગે, ચુંગે ધર બધે તુરંગમ;
જીવ જંત સબહિં ચુંગે, વાકી ગાંઠ ક્યાં ગર્થ હે,
ચિંતા મત કર નિશ્ચિંત રે પૂરનહાર સમર્થ હે.

માટે ભાઇરે, જેણે દાંત આપ્યા છે તે ચવેણું આપશે જ, એ વાતની તારે ખાત્રી રાખવી.

પેલો દુઃખીયારો બોલ્યો—"હું ધીરજ તે કેટલી ધરૂં! હવે તો મારાથી ઉઠીને ચલાય તેમ પણ નથી, આજ છ છ રોજ થયા ભૂખ કરતાં અરધુંએ ખાવાનું મળતું નથી. કટકો રોટલો મળે તો હું આખો મળ્યો સમજી સબુરી રાખું છું, પણ હવે તો મારી સબુરી રહે તેમ નથી, મને લાગે છે કે આજે રાતના જ મારો દેહ ત્યાગીશ."

આ વાત થતી હતી તેથી આ કોઈ ખરો જ દયાને પાત્ર છે એવી બાદશાહ અને બીરબલની ખાત્રી થઇ. તેથી બાદશાહે બીરબલને ઇસારત કીધી એટલે બીરબલે પોતાની પાસેથી પૈસા કાઢી

એક કપડાંમાં લપેટી પેલાના હાથમાં આપી કહ્યું, "ભાઈ આ તું લે, એમાં થોડાક પૈસા છે. એનાથી તું તારૂં જોઈ લેજે. જીવ આપ્યાથી કાંઈ દેખવાનો નથી, જીવતો રહીશ ને ઉદ્યમ કરીશ અને સારે રસ્તે ચાલીશ તો બધુંએ મેળવીશ."

આમ કહી ત્રણે જણુ ત્યાંથી ચાલતા થયા. તેમના ગયા પછી પેલાએ પેલું કપડું છોડી જોયું તો, અંદરથી સોનાની ૨૦ અશરફી નીકળી. આ જોઈ તે ખુશ થયો, અને સમજ્યો કે, આટલા પૈસા તો તેને મન એક મોટી પુંજી હતી. તેણે મરવાનો વિચાર છોડી દીધો; અને આવી એનની વખતે આવી મદદ આપનારને હજારો આશીર્વાદ આપતો તે પોતાને ઠેકાણે ગયો. બીજા દિવસથી થોડો થોડો માલ ખરીદી આબરૂ ઈજ્જતથી પોતાનું ગુજરાન થાય એટલું પેદા કરવા લાગો. આ ઉપરથી ધડો એ લેવાનો છે કે, સંકટ સમયે ધીરજ ધરવી, ધીરજ એ મોટું ધન છે, પણ સાથે બની શકતો ઉદ્યમનો પ્રયાસ તો ચાલુજ રાખવો જોઈએ છે.

## ફોકટકા નવાલા કેમ હજમ થાય?

એક ગામમાં એક ગરીબ બ્રાહ્મણ ગામના લોકોને ત્યાં અડ્ડો જમાવી માંગીતાંગીને પુરૂં કરતો હતો. તેમ કરીને પણ પેટ બાળીને તેણે જેમ તેમ એક હજાર રૂપિયાની ગઠડી જમાવી હતી. હવે તેને કાશીજીની યાત્રા કરવાનો જીવ થઇ આવ્યો. તે વિચારમાં પડ્યો કે આ રૂપીઆની ઠેલી કોણને સોંપું કે જે મને હું પાછો આવું ત્યારે વગર અડચણે ભરી પુરી આપે. એમ વિચાર કરીને નગર બાહાર એક કબર આગળ એક ફકીર રહેતો હતો, તેને સોંપી જવાનો વિચાર કીધો, કારણ તે સમજ્યો કે આ તદ્દન નિસ્પૃહિ માણસ છે એટલે તેની ધ્યાનત ચોખ્ખી હોવી જોઇએ. તે ફકીર પણ સારો દિવસ ગામમાં અલેક જગાવતો અને જે મળે તે લાવીને તેના ઉપર ગુજારો કરતો અને સાં જ પઠારો નાખી પડી રહેતો. પેલો બ્રાહ્મણ પેલી રૂપીયાની ઠેલી લઇને તેની આગળ ગયો અને બોલ્યો, "સાંઇ મવલા, હું કાશીની યાત્રા જવાનો વિચાર રાખું છું, પણ મારી પાસે આ

કાંઇ થોડુંક નાણું છે તે આપ રાખો, હું પાછો આવીશ ત્યારે તમારી પાસેથી લઇશ; કારણ કે એ ઠેલી સાથે રસ્તે રાખતાં ઠીક પડતું નથી, તેમ મને બીજા કોઇનો વિશ્વાસ પણ પડતો નથી." સાંઇ મવલા મનમાં તો સમજ્યા કે, આ બાપડો પોતાને હાથે મસ્તક મુંડાવા ચાલી ચલાવીને આવ્યો છે, પણ તેને પોતાની ઘાનત શુદ્ધ બતાવવાને ખાતર બોલ્યો, "ભાઇ, હું ફકીર પડ્યો, એ કામ મને છાજે નહી, તું કોઇ બીજે ઠેકાણે સપુરદ કરી જા, એ ધન સાચવવાનું કામ ફકીરનું નથી." આ વચન સાંભળીને બ્રાહ્મણને તો તેમના ઉપર દૃઢ વિશ્વાસ બેઠો, અને આગ્રહ કરવા લાગ્યો કે, "સાંઇ સાહેબ, એ માલ તો ગમે તે કરીને પણ આપે રાખવોજ પડશે." આ આગ્રહથી સાંઇ સાહેબ બોલ્યા, "ભાઇ તારી એવી જ મરજી છે તો તારે હાથે એક જગાએ ખાડો ખોદી તેમાં દાટી દે." બ્રાહ્મણ ભાઇને સાંઇએ એક અલગ જગા બતાવી ત્યાં ખાડો ખોદી બ્રાહ્મણે પેલી ગઠડી ગરાડી દીધી; અને નચિંત થઇ કાશી જવા નીકળ્યો.

બે વર્ષ જવા પછી બ્રાહ્મણ પાછો ફર્યો. તે પોતાનો માલ લેવા પેલા સાંઇ પાસે ગયો, અને પોતાની કોઠલી વિષે પૂછવા માંડ્યું. સાંઇ સાહેબ સમજ્યા કે, હવે જ પીડા કહાડવી પડશે. તેમને પૂછતાં જ સાંઇએ તો સચ્ચા પીરનો ઢોંગ કરી કહ્યું, "ભાઇ, તારી કોઠલી બોઠલીની મને કાંઇ ખબર નથી, તેં જ્યાં તે દાટી હોય ત્યાંથી ખોદીને સંભાળી લે." બ્રાહ્મણ બાપડો તે જગા શોધી કહાડી ખાડો ખોદી ખોદીને જોય, પણ હોય તો મળે કે નહી? તેના તો પગ થઇ ગયલા, તે તેને ક્યાંથી મળે? બ્રાહ્મણ બાપડો ખુબ ગભરાયો અને ફકીરને ઘણોએ સમજાવ્યો, પણ તેમણે તો એવો અજાણી–અમ્મા જેવો ભાગ ભજવ્યો, અને સામો ઉપરથી એવો ગળે પડવા લાગ્યો કે, બ્રાહ્મણને બાપડાને ધ્રૂજરાં છુટાં, કે હવે કેમ કરવું? ફકીરને ગાળ-બોળ દેતો તે તો ધ્રૂજતો ધ્રૂજતો ઘર ગયો. ત્યાં તેને એક ઉપાય સૂજ્યો. તે ગાંડો ઘેલો થઇને રાજ દેવડીએ ગયો અને ત્યાં જઇ બાદશાહ આગળ બધી હકીકત રજુ કરી દીધી. બીરબલ પણ એ વેળા ત્યાં હાજરજ હતો. તેણે પણ આ ગરીબ બ્રાહ્મણની બધી વાત

સાંભળી લીધી. બાદશાહ તો વિચારમાં પડયો કે હવે એનો માલ કેમ કઢાવવો. તે જોઇ બીરબલ બોલ્યો, "નામવર, તમે શા માટે ગભરાઓ છો ? હું હમણાં એનો માલ એ ફકીરડા પાસે કઢાવું છું." બીરબલે શું કીધું ? એક લટ્ઠપટ્ઠ પણ વિશ્વાસુ માણસને બોલાવી, તેના હાથમાં ઘરેણાં–દાગીનાની એક ગાંસડી આપી, અને તે માણસને કાંઇક કાનમાં પડીને વાત કહી. પેલો માણસ તો પેલી બીરબલે આપેલી ગાંસડી લઈ પેલા ફકીર પાસે ગયો. તે વિદાય થયા પછી બીરબલે પેલા બ્રાહ્મણને તાકીદ આપી કે, "તારા પહેલાં જે માણસ અહીંથી ગયો છે ને હમણાં ફકીર પાસે પોહોંચ્યો હશે. તું ત્યાં જઈ તારો માલ માંગ, એટલે ફકીર તે તુંને ઝટ આપી દેશે."

હવે બન્યું શું ? બીરબલનો માણસ પેલી દાગીનાની ગાંસડી લઇને ફકીર આગળ જઈ પહોંચ્યો. ત્યાં જઇને તેણે ફકીર મવલાને આજેજી કરીને કહ્યું કે, "સાંઈસાહેબ, મારો ભાઈ પરદેશથી આવનાર છે તેની રાહ ઘણા દિવસ થયા હું જોઉં છું, છતાં હજુ સુધી તે આવ્યો નથી. મારે તેને મલવાની ઘણી જરૂર છે. પણ તે આવે તેટલાં કૃપા કરીને આ જોખમ છે તે આપની પાસે રાખી લેવો." સાંઈ સાહેબે તો પોતાની સાચવટ બતાવવાને કહ્યું, "બચ્ચા, હું કોઇના પૈસા કે જોખમ રાખતો નથી, માટે તું તે બીજા પાસે રાખી જા." તે સાંભળી તે માણસ બોલ્યો, "સાંઈ મવલા, મને બીજા કોઇનો વિશ્વાસ નથી, આપના જેવા ઓલિયા ફકીર પારકું ધન ધૂળ માફક ગણો છો, એવા વિચારથી હું એ આપની પાસે રાખી જવા માંગું છું." એટલું બોલીને, તેણે પેલી પોતાના હાથમાંની ગાંસડી છોડી દાગીના ફકીરને બતાવ્યા. તે જોઇને સાંઇનું મન તો પીગળી ગયું. એટલામાં બીરબલે શીખવીને મોકલેલો પેલો બ્રાહ્મણ ત્યાં આવી ચઢયો અને શિખવ્યા મુજબ તે સાંઇને કહેવા લાગ્યો, "સાંઈ સાહેબ, હું યાત્રાએ જતી વેળા જે ધન આપને આપી ગયો હતો તે કૃપા કરી મને આપી દેવો. તમ સરખા ફકીરોને વધારે તસ્દી આપવાની જરૂર નથી." ફકીરે આ બ્રાહ્મણનું બોલવું સાંભળી વિચાર કીધો કે જો આ બ્રાહ્મણને કાંઈ તરછોડ કરીશ તો આ નવું આવેલું કુલ જે સદર

જણાય છે તેને કાંઇ વહેમ પડશે અને તે હાથમાંથી છટકી જશે, તેથી તે બ્રાહ્મણને નરમાશથી કહ્યું કે, "ભાઇ, તેં પેલી જગાએ ખાડો ખોદીને દાટેલા છે ત્યાંથી તારી મેળે કહાડી લે." ફકીરે દેખાડેલી જગાએ બ્રાહ્મણે ખાડો ખોદ્યો તો તેની કોથળી અનામત હાથ લાગી. તે લઇને તે બાપડો દોડ્યો બીરબલ પાસે. હજુ તો તે ત્યાં પોહોંચે તેટલાં બીરબલે એક બીજા નોકરને બોલાવીને પેલા સાંઇને મકાને મોકલ્યો, અને તેને તાકીદ કીધી કે, ત્યાં જઇને પેલા દાગીનાની ગાંસડી લઇ ગયલા માણુસને કહેવું કે, "તારો ભાઈ આવી પોહોંચ્યો છે; માટે તું જલદીથી તેની આગળ આવી પહોંચ." આ સંદેશો લઇને તે માણુસ સાંઇના તકીયાપર દોડયો અને પેલા માણુસને સંદેશો પોહોંચાડ્યો. એટલે તેણે તો સાંઇની રજા લઇ, પેલી દાગીનાની ગાંસડી પાછી પોતાનીબગલમાંમારી,ફકીરને સલામ કરી ચાલતી પકડી. તે પણ બીરબલ પાસે આવી લાગ્યો. તેઓ બંનેએ સર્વ હકીકત બાદશાહને જાહેર કરી, એટલે બાદશાહ બીરબલની આ તદબિરથી રાજી થઇ ગયો. અને પેલા ફકીરને બોલાવી તેની તપાસ ચલાવી ગુન્હો કબુલ કરાવી, તેને યોગ્ય શિક્ષા કરી.

## શાહને અપમાન–પાયખાનામાં તેની છબી!

એક વખતે બાદશાહે બીરબલને કોઇ બીજે દેશના બાદશાહ પાસે કામે મોકલ્યો, જે બાદશાહ લગાર મગજનો ફેરાવન હતો. તેણે અકબરની શહેરે શહેર વાહાવાહા સાંભળીને તેને અપમાન કરવાને માટે, બીરબલને જે મકાનમાં ઉતારો આપ્યો હતો તેના પાયખાનામાં અકબરની છબી લટકાવી દીધી હતી. તે છબી જોઇ બીરબલને ખુબ લાગી આવ્યું અને ત્યાં પણ કાંઈ તદબિર લગાડવાનો ઠરાવ કીધો. તે એક વેળા પાયખાનામાં ગયો અને ત્યાંથી પાછા ફરી પેલા બાદશાહને પૂછે છે, "કેમ જનાબ, આપને ઝાડાની કબજીયાતની બીમારી છે કે શું? કબી અમારા બાદશાહની આ છબી જોતાં ડરને મારે ઝાડો ખુલાસે વાર થતો હશે; અને તે કારણે જ આ છબી પાયખાનામાં

ાટકાવેલી લાગે છે ? નહી તો આપ કુબી એમ કરતે નહી.” પેલો ૫ાદશાહ આ ઠોક સાંભળી બહુ લજવાઇ ગયો, અને સમજ્યો કે, ીરબલે પોતાના બાદશાહને કેવું રાજમાન અપાવ્યું છે ! તરત તે ૭બી પાયખાનામાંથી કહાડી નાખી.

## બીરબલને એક જુત તો બાદશાહને હજાર જુત !

એક વખત બાદશાહે હસી મશ્કરીમાં બીરબલને ખુબ બનાવવા ાંડ્યો. બીરબલ તો સમજી ગયો, પણ મનમાં ગાંઠ વાળી કે આ ઠઠ્ઠા મશ્ક-ીમાં બાદશાહ મારે માથે શેર થવા માંગશે તો સેવક સવાશેર થવા ાગર કેમ રહેશે ? ઠઠ્ઠા મશ્કરીમાં બાદશાહે બીરબલનું એક જૂત્યું ંતાડ્યું. બીરબલ આમ તેમ ફાફાં મારવા લાગ્યો, પણ હાથ લાગ્યું ાહી. તે સમજ્યો કે આ કામ બાદશાહનું છે. તેટલાં બાદશાહે ્કમ કરી દીધો કે જો બીરબલને તેનું જૂત્યું નહી મલે તો અમારી તરફથી ેને એક જૂત્યું આપી દો (જૂત્યું લગાવી દ્યો). બીરબલે જોયું કે ૫ાદશાહે આપણને જૂત્યું આપવાને બહાને જૂત્યું મારવાની સંકેત ાા કીધી છે ખરી ! પણ તે ક્યાં કાચો હતો. બાદશાહનું જૂત્યું આસ્તે ્હી પગમાં ઘાલીને તે બોલ્યો જનાબ, આપે મને એક જૂત્યું અપાવ્યું ે, પણ પરમેશ્વર આપને લોકપરલોકમાં હજાર બે હજાર જૂત્યાં દઈ શે એવા મારા આશીર્વાદ છે. બાદશાહ તરત, બીરબલનાં બોલ-ાનો મર્મ સમજી ગયો, પણ કરે શું ? પેહેલ પોતાની હતી એટલે ાં સાંભળી જ લેવું પડ્યું. સાંભળીને બાદશાહજી જાણે કશું ન હોય ેમ હસવા પડ્યા.

## બુઢ્ઢા થઇને જુવાન કેવું બનવું ?

પાછલા વખતમાં બાદશાહ અકબરના માથા વગેરેના બાલ ાકી ગયા હતા અને તે તદ્દન સફેદ દીસતા હતા. તેથી બાદશાહ ંગે મોઢે બાલને કાળા દેખાડવાને ખિજાબ લગાડતો હતો. એક દેવસે ખિજાબ લગાડતાં લગાડતાં બાદશાહ બીરબલને પૂછે છે, “બીર-બલ, ખિજાબથી કંઈ ભેજાને તો હાનિ નહી પોહોંચતી હોય કે ?”

બીરબલે જોયું કે, આ બુઢ્ઢાને જવાન બનવાનો ચડસ લાગ્યો છે તે છોડાવવો જોઇએ ખરો, તેથી તે બોલ્યો, "ખુદાવિંદ, ખિજાબ લગાડવાવાળાને મારા વિચાર પ્રમાણે ભેજું હોતું જ નથી, જો ભેજું હોય તો આવી બનાવટી ટાપટીપ કરીને બુઢ્ઢા છતાં જુવાન શા માટે બનવા પ્રયત્ન કરે?" બાદશાહને આ જવાબથી ખેજાલત લાગી, અને તે દિવસથી ખિજાબ લગાડવાનોજ છોડી દીધો.

## ભંગી, મુસલમાન નહી થઇ શકે?

બાદશાહ પણ કોઇ કોઇવાર વિચિત્ર સવાલો કહાડતો અને તેના ખુલાસા બીરબલ પાસે માંગતો. એક વખત બાદશાહે બીરબલને કહ્યું; "બીરબલ તું મુસલમાન થઇ જાય તો ભારી ઇનામ મેળવવા પામે!" બીરબલે જોયું કે બાદશાહનાં ભેજાંમાં આ વળી કોઇ નવો કીડો સળવળાટ કરી આવ્યો છે ખરો! તરત તો તેણે ટુંકમાં જ પતાવ્યું, "જનાબ, કાલે જવાબ આપીશ." દરબારમાંથી નીકળી તે મહેતરો (ભંગીઓ)ના મહોલ્લામાં ગયો. ત્યાં બધા મહેતરોને ભેગા કીધા અને તેમને ગભરાવ્યા કે, "જુઓરે ભાઇઓ, હુશિયાર બની જાવો, બાદશાહ તમને બધાને મુસલમાન બનાવવા માંગે છે માટે તાબડતોબ ફરિયાદ લગાવી દયો!" મેહતરો બધા ગાભરા બની ગયા. તેઓ એકઠા થઇ બીજે દિવસે કચેરી આગલ આવ્યા અને ત્યાં "ફરિયાદ, ફરિયાદ" એવા પોકાર ગજાવી દીધા. તેઓને થંડા પાડી પૂછવામાં આવતાં તેઓએ ખુલાસો કીધો, "સરકાર માબાપ, આ બીરબલ હમોને મુસલમાન બનાવવા માંગે છે, હમોને મરવું લાજમ લાગે છે, પણ ધર્મ તજવો ગમતો નથી." તેમના આ બોલવાનો અર્થ સમજાવ્યા પછી બીરબલ બોલ્યો, "પૃથ્વીનાથ, જ્યારે ભંગીઓ જેવાને પણ પોતાનો ધર્મ છોડવા ગમતું નથી તો પછી બીજો તે કોણ પોતાનો ધર્મ છોડી બીજો ધર્મ અંગીકાર કરે?" બાદશાહ આ સાંભળી હસી પડ્યો, અને સમજી ગયો કે, કાલે મેં જે માંગણી કરી હતી તેનો આ ઘટિત ખુલાસો બીરબલે મને આપ્યો છે ખરો.

## "ગુન્હેગારને તેનો ગુન્હો હુંમેશાં ચોંકાવ્યા જ કરે છે!"

એક દિવસે બાદશાહના દીવાનખાનામાંની એક પેટીમાંથી એક કીમતી દાગીનો ચોરાઇ ગયો. તેનો પત્તો મેળવવાને બીરબલને બાદશાહે હુકમ કીધો. બીરબલે, હુકમ થતાં જ તે દીવાનખાનામાં કામ કરતા એકેએક નોકરોને ભેગા કરી, એક ઠેકાણે ઉભા રાખ્યા. પછી તે આખાં દીવાનખાનામાં જ્યાં ત્યાં ફર્યો. ફરીને એક બાજુ ઉભો રહી જાણે કંઇ મનમાં આવી ગયું હોય તેમ, જે પેટીમાંથી તે દાગીનો ચોરાયો હતો તે પેટીને કાન લગાડી ઉભો, જાણે તે પેટી જોડે વાત કરતો હોય તેવો દેખાવ કરવા લાગ્યો. તેવો દેખાવ કરી, થોડેકવારે તે હસ્યો અને પછી બાદશાહ તરફ ફરીને બોલ્યો, "પૃથ્વીનાથ" મેં મારાં મંત્રબળથી પેટી સાથે વાત કરી છે, અને તે મને જણાવે છે કે, "ચોરની દાઢીમાં એક તણખલું ચોંટેલું છે." આટલું સાંભળતાં જ એકઠા મળેલા નોકરો પૈકી એક નોકર જે ખરેખર ચોર હતો તેને શક ગયો કે રખેને મારી દાઢીએ કાંઈ વળગેલું હોય તેથી તે સાફ કરવાને તેણે પોતાની દાઢીએ હાથ ફેરવ્યો. બીરબલ, પેલા ભેદી શબ્દ બોલ્યા પછી દરેક નોકર તરફ બારિક નજરથી જોતો રહ્યો હતો, તેણે તરત ઉઠી પેલા નોકરનો હાથ પકડ્યો. એટલે તેણે જોયું કે "હાય હાય! હું તો પકડાઇ ગયો, હવે શું થશે" એમ સમજી ધ્રુજવા પડ્યો. એટલે બીરબલની પાકી ખાત્રી થઈ કે આજ ચોર છે. દમદાટી કરતાં તેણે પોતાનો ગુન્હો કબુલ કીધો અને દાગીનો પણ લાવી આપ્યો, એટલે તેને યોગ્ય શિક્ષા કરી, દાગીનો બાદશાહને સપુરદ કીધો. કહ્યુ છે કે, ગુન્હેગાર ગમે તેવો હિમ્મતવાન હોય તો પણ તે ગુન્હાના ભારથી કાચાં હૈયાના હોય છે, એટલે તેની જુબાન કદાપિ ગુન્હો છુપાવે છે, પણ તેનો ચેહેરો અને દીલ તે ગુન્હો ઉઘાડો પાડવાની જ તજવીજ કરે છે, અને જાણે તેને ગુપ્ત રીતે કહે છે કે, તું ગમે તેટલો ગુન્હો છુપાવશે પણ અમે તે છુપાવીશું નહીં; એટલે આ માણસ જે ખરેખર ગુન્હેગાર હતો તે આ તદબિરથી તરત પકડાઈ આવ્યો.

## "ઉંચની સોબતથી નીચ પણ ઉંચતા પામે છે."

એક સમયે બાદશાહ અકબરે બીરબલને સવાલ કીધો કે, "બીરબલ, તમારા શ્રીકૃષ્ણ ભગવાન ચણોઠીઓની માળા હૃદયસ્થળમાં ધારણ કરે છે તો શું, ગોવાળને ઘેર ગરીબ દશામાં ઉછરેલા હોવાથી તે સ્થિતિનું સ્મરણ રહેવા ગુંજાર પેહેરે છે કે શું? મારા વિચાર પ્રમાણે ગોવાળને સોના રત્ન વગેરે કયાંથી પ્રાપ્ત થાય!"

બીરબલને આ કડવાસભરેલા સવાલથી સ્વધર્માભિમાન ધાઇ આવ્યું. તેથી તેણે વિચાર્યું કે, બાદશાહને આનો જવાબ તો એવો આપવો કે, તે સદાનો ચૂપ થઈ જાય. એમ વિચારી તે બોલ્યો કે, "નહી, ગરીબ પરવર! તેમને સોના રત્નની તો કશી ખોટ નહતી, કેમકે લક્ષ્મી તો જેની સ્ત્રી થઇ પગ પલોટતી હતી, મોતી રત્ન વગેરેને ધારણ કરનાર સાગર તો જેનો સસરો હતો, અને સુવર્ણ વગેરે અમૂલ્ય વસ્તુઓને ધારણ કરનારી પૃથ્વી તો જેના તાબામાં હતી; છતાં ચણોઠીની માળા ધારણ કરવાનું મુખ્ય કારણ તો એજ હતું કે, તે સોનાની સંગાથે ફક્ત એક જ વખત તોલાય છે, તે ચણોઠી એ સબબથી સોનાની સાથે તોલાયલી હોવાથી અત્યંત પવિત્ર મનાય છે, એજ સબબથી ચણોઠીને અતિ પવિત્ર માની પોતાના વક્ષ-સ્થળમાં ધારણ કરે છે, નહી કે હીરામોતીની અછતથી તે ધારણ કરે છે."

શાહ આ જવાબ સાંભળી તદ્દન શાંત બની ગયો.

## કુદરતની લીલાની બલીહારી–ચંપાનું ફૂલ અને ભમરો.

ભર ઉનાળાના એક દિવસે સાંજને વખતે બાદશાહ અને બીરબલ બગીચામાં લટાર મારતા અને સહેલસટાકી કરતા હતા. બંન્ને જણ પરસ્પર કુદરતની લીલાની બલીહારી ગાતા હતા. બગી-ચામાં સુંદર ફૂલના ઝાડો એક બાજુ ઝુલી રહ્યાં હતાં, બીજી બાજુ તરેહવાર ફળોથી લચી રહેલી દાંખળીઓ છેક જમીન સુધી વાંકી વળી હતી; એટલામાં બાદશાહની નજર ફૂલના ઝાડો ઉપર ગુંજાસ કરતા ભમરાઓ ઉપર પડી. ભમરા બધાં ફૂલો ઉપર બોલતા ફરતા હતા; પણ માત્ર ચંપાનાં ફૂલને અડકતા ન હતા. તે જોઇ

બાદશાહ વિસ્મય પામ્યો, અને તે વાત બીરબલને કહી. તે બોલ્યો, "અરે, બીરબલ આ ભમરાઓ બધાં ફૂલો ઉપર બેસી તેનો રસ ચૂસે છે; કમલમાં તો એટલા લીન થઈ જાય છે કે રાતને સમયે કમળ બંધ થઈ જાય છે છતાં તેમાં કેદ પડી મરી જવાનું પસંદ કરે છે. છતાં આવા સુગંધી અને સુંદર ચંપા આગળ ફરકતા પણ નથી તેનું શું કારણ હશે?"

બીરબલે કહ્યું, "ખુદાવિંદ, એનું કારણ અમારાં શાસ્ત્રમાં સમજાવેલું છે. વળી એક કવિએ તેના ઉપર કવિતા કરી છે કે:—

ચંપા તુજમેં તીન ગુણ, રૂપ, રંગ ઓર બાસ;
એક બડો અવગુણ હૈ કે, ભમર ન આવે પાસ.

કવિ કહે છે કે, ચંપા, તારામાં ત્રણ ગુણ છે, તારામાં રૂપ, રંગ અને વાસ એ ત્રણે છે, છતાં એક મોટો અવગુણ એ છે કે, ફૂલોની સુગંધનો ભોગી જે ભમરો કહેવાય છે તે કદી તારી પાસે આવતો નથી.

આ અર્થ સમજાવી બીરબલ બીજી કવિતા બોલ્યો કે:—

ચંપક વરણી રાધિકા, ઓર ભમર હરિકો દાસ,
ઇસ કારણ આવત નહિ, ભમર ચંપા પાસ.

એટલે કે, રાધા છે તેનો વર્ણ ચંપાના જેવો છે, અને ભમર છે તે હરિનો દાસ છે, તેથી ભમર ચંપાના ફુલ પાસે આવતો નથી. બીરબલ બોલ્યો, "ખુદાવિંદ, કવિએ આ કારણ કલ્પનાથી બહુ સારૂં શોધી કાઢયું છે, પણ ખરૂં પૂછો તો ચંપાની વાસ બહુ તેજ છે, તેથી ભમર તે સહન કરી શકતો નથી એટલે તે ચંપાથી દૂર ન્હાસે છે." બાદશાહ, આ સાંભળી ખુશી થયો.

## "જીસકી આંખમેં શરમ ઓ સબસે નરમ!"

એક દિવસે દરબારનું રાજકીય કામ ખલાસ થયા પછી ગામગપાટાની શરૂઆત થઈ. એટલામાં બાદશાહજીએ વાત છેડી, અને તેમણે પૂછ્યું, "સબસે નરમ કયા?"

કોઇએ કાપુસને નરમ કહ્યો, કોઇએ માખણને નરમ કહ્યું, કોઇએ ઘીને નરમ કહ્યું, કોઇએ મધને તો કોઇએ અંતકરણને નરમ કહ્યું. જેમ જેના મનમાં આવ્યું તેમ તેમણે અડાવ્યું. બીરબલ આ બધું મુંગો મુંગો સાંભળતો હતો. તે જાણતો હતો કે બાદશાહ તેને પૂછ્યા વગર રહેનાર નથી. બધાના અભિપ્રાયો સાંભળી લઇ બાદશાહે બીરબલ તરફ દૃષ્ટિ ફેરવીને પૂછ્યું, "કેમ બીરબલ તારો શું વિચાર ?" બીરબલે હાથ જોડી જવાબ આપ્યો, "ખુદાવિંદ, જીસકી આંખોમેં શરમ એો સબસે નરમ !" આ સાંભળતાં જ બાદશાહના મોહમાંથી શાબાશ શાબાશના પોકાર પડી રહ્યા, અને તે બોલ્યો, "બેશક, જેની આંખમાં શરમ ન હોય તે માણસ પણ શા કામનો ? માટે એટલું તો ખરૂં કે જેની આંખમાં શરમ તે સૌથી નરમ." બધા દરબારીઓએ પણ બીરબલના આ જવાબથી વાહવાહ પોકારી.

❖❖❖❖❖❖❖

## રાજમહેલ તેજ ધર્મશાળા !

એક દિવસે બાદશાહ એ ત્રણ દિવસ લાગટ શિકાર કરવા રોકાવાનો હતો. બીરબલ દરરોજ સાંજે જુદો જુદો વેષ ધારણ કરી શેહેરની ચર્ચા જોવા નીકળતો. બાદશાહને શિકારે ગયા ને ત્રીજો દિવસ થયો, તે દિવસ બીરબલે જોગીનો વેષ પેહેર્યો અને શેહેરમાં થઇને શેહેર બાહાર નીકળી ગયો. ફરતાં ફરતાં થાકી જવાથી રાજબાગમાં જઇ થોડીવાર વિસામો લેવા બેઠો. નોકર ચાકરો ઘણા હતા, પણ તેઓ બધા અંદર ભરાઇ બેઠેલા હતા. બીરબલ પણ તેના ઓટલા ઉપર જ પલાંઠો વાળીને બેઠો હતો. ભોગજોગે બાદશાહ ત્યાં આવી લાગ્યો. બીરબલે જોગીનો વેષ એવી સફાઇથી ધારણ કર્યો હતો કે ગમે તેવો તેના પાસેનો સંબંધી પણ તેને ઓળખી નહી શકે. બાદશાહને શિકારેથી પાછો ફરેલો તેણે જોયો, પણ તેને દીઠો જ ન હોય તેમ બેસી રહ્યો.

બાદશાહે થોડીકવાર તેની સામે જોઇ રહ્યા પછી વિચાર્યું કે આ જોગીડો ક્યાં આવી ચઢયો છે, એટલે શાહે પૂછ્યું, "જોગી

મહારાજ, ક્યાંથી આવો છો ?" જોગીરૂપ બીરબલ પોતાનો અવાજ બદલી બોલ્યો, "ફરતો, ફરતો આ તરફ આવી ચઢયો છું."

બાદશાહે કહ્યું, "પણ મહારાજ, આ કાંઇ ધર્મશાળા નથી, આ તો બાદશાહનો રાજબાગ છે. શું તમારે મનથી બાદશાહી બાગ અને ધર્મશાળા બેઉ એક જ છે કે કેમ ?" બીરબલ આ સાંભળી હસ્યો અને પૂછ્યું, "ખુદાવિંદ, હું એક બે પ્રશ્ન કરૂં તેના જવાબ આપશો તો કૃપા થશે. જ્યારે પ્રથમ આ રાજબાગ અને મેહેલ બંધાયો ત્યારે એમાં કોણ રહેતું હતું ?"

બાદશાહે જવાબ આપ્યો, "મારા વડીલો રહેતા હતા." વેષધારી બીરબલે પૂછ્યું, "તે પછી કોણ રહેતું હતું ?" બાદશાહે જવાબ આપ્યો–"પછી મારા દાદા અને પિતાશ્રી રહેતા હતા."

બીરબલે પાછું પૂછ્યું, "હાલ અહીં કોણ રહે છે ?" બાદશાહ બોલ્યો, "હું પોતે રહું છું, અને મારા પછી મારા વંશજો અહીં રહેશે. પણ તારૂં કહેવું શું છે ?"

જોગીરૂપ બીરબલ બોલ્યો, "તો ખુદાવિંદ, જે મકાનમાં એક પછી એક ઘણા માણસો રહી જાય તેને ધર્મશાળા કહેવામાં ખોટું શું છે ? મને તો એમ જ જણાય છે કે આ **રાજબાગ** નહી પણ **ધર્મશાળા જ** છે. ફારસી ભાષામાં, રાજબાગ અને ધર્મશાળા માટે એક જ શબ્દ છે અને તેનું કારણ પણ એજ જણાય છે. એ ઉપરથી એટલું તો નક્કી માનવું કે આપણે બધા આ પૃથ્વી ઉપર મુસાફર છીએ અને આપણે બધાને મોડેવેહેલે એકજ માર્ગે (મરણ) જવું છે."

બાદશાહ આ વિદ્વતા ભરેલો ખુલાસો સાંભળી બહુ ખુશ થયો અને બોલ્યોઃ–"મહારાજ, તમારૂં કહેવું ખરૂં છે; એક કવિએ મનુષ્ય માત્રને શેત્રંજ (બુદ્ધિબળ) મોહોરાની ઉપમા આપી છે, આપણે બધા એક જ તત્વના બનેલા છીએ, અને તેમાં પણ કોઇ રાજા, કોઇ વજીર, કોઇ પ્યાદું એમ બધા જુદા જુદા જણાય છે. રમત ચાલતાં સુધી બધા જુદે જુદે નામે ઓળખાય છે, પણ રમત ખલાસ થતાં મોહોરાં બધાં એક પેટીમાં જઇ પડે ત્યારે એક જ

ઠેકાણે એટલે (મૃત્યુના મોહોડામાં) જઇ પડે છે. તેઓમાં ત્યાં કશો તફાવત હોવા પામતો નથી.''

બાદશાહની આવી સદવિવેકી વાણી સાંભળી બીરબલ આનંદ પામ્યો. તરત તે ઉઠી ઉભો થયો, દીલ ઉપરનો જોગીનો વેષ કહાડી નાખ્યો અને ખરા રૂપમાં ઉભો. એટલે બાદશાહે તેને તરત ઓળખી કહાડયો, અને તેના જોડેની વાતચીતથી બહુ ખુશ થયો. પછી જોગીના વેષમાં શેહેરમાં કાંઇ નવા બનાવો જોવામાં આવ્યા કે નહી તે જાણવા માંગ્યું. બીરબલે કેટલાક બનાવોથી બાદશાહને વાકેફ કર્યો અને પછી બંન્ને ગાડીમાં બેસી પોતપોતાને ઠેકાણે ગયા.

## "નિકસ્યો રવિ ફોડ પહાડકી તાંઇ"

બાદશાહને સવારના પોહોરમાં મેહેલના ઝરૂખામાં બેસી પ્રભાતની લીલા જોઇને આનંદ મેળવવાની બડી લેહ લાગી હતી. તે જ પ્રમાણે એક દિવસે પ્રભાતમાં ઝરૂખે બેસી લ્હેર ભોગવતો હતો. મેહેલ પણ જમના નદીના કિનારા ઉપર જ હતો અને આજુબાજુ ચોતરફ લીલોતરીઓ ઝુકી રહી હતી, તેથી કુદરતની બલીહારી કાંઇક ઓરજ દેદીપ્યમાન જણાતી હતી. એટલામાં બાદશાહની નજર એક અતિ ખુબસુરત સ્ત્રી ઉપર પડી. તે સ્ત્રી, સ્ત્રીઓને સ્નાન કરવાની જગાએ સ્નાન કરતી હતી. તે જ્યારે પાણીમાં ઉતરી ત્યારે જાણે સૂર્ય–ચંદ્રની છાયા પડતી હોય એવો તે સ્ત્રીની ખુબસુરતીનો પાણીમાં પડછાયો પડ્યો. તે જ્યારે ડુબકી મારીને પાછી ઉપર આવી ત્યારે તેના માથાના વાળ તેના મોઢા ઉપર આવી પડ્યા હતા, તે તેણીએ પોતાના સુકોમળ હાથોએ બેઉ બાજુએ ખસેડ્યા, એટલે જાણે પર્વત ભેદીને સૂર્ય પ્રકાશી નીકળ્યો હોય એવો તેના ચહેરાનો ભાસ થયો. આ બધું બાદશાહ ચુપચુપ જોઈ રહ્યો હતો. તેની ખુશાલીના આવેશમાં આવી જઇ તે બોલી ઉઠયો કે, "નિકસ્યો રવિ ફોડ પહાડકી તાંઇ" આ શબ્દો બાદશાહને કાંઇક ગમ્મત આપનારા લાગ્યાથી તે ફરી ફરીને વારંવાર બોલવા લાગ્યો. થોડીક વારે એક કવિનું ત્યાં આવવું થયું.

તેના સાંભળવામાં આ શબ્દો આવ્યા તેથી તે બોલી ઉઠયો, "ખાવિંદ, એ કવિતાનું એક ચરણ છે, તે ઉપરનું કવિત સાંભળવા કૃપા કરશો?"

બાદશાહે કહ્યું, 'કવિરાજ, બોલો જોઇએ તે કેવુંક છે.'

કવિ બોલ્યા, ખાવિંદ સાંભળો;–

કવિત.

રાત સમય રસકેલી કિયો
અરુ ભોર ભયે ઉઠી મજ્જન ધાઈ
નીરકે છીરમેં દૈ ડુબકી
જમુના જળમેં જૈસે ચંદ્રકી છાંઇ,
લૈ ડૂબકી જલસે નીકસી
ઉરઝી અલકૈ મુખપે છીતરાઇ
દોઉ કર કેશ સમારા લિયે
નિકસ્યો રવિ ફોડ પહાડકી તાંઇ.

આનો ભાવાર્થ, પેલી સરિતા નહાતી વેળાનાં રમણિય કર્તવ્યને મળતો છે. તે સાંભળી બાદશાહ કવિરાજની ચતુરાઇ જોઇ આનંદ પામ્યો અને તેને શીરપાવ આપી વિદાય કર્યો.

## "નહી બાવાજાન, હું ગધેડો નહી પણ ગધેડાનું બચ્ચું છું."

એક અમીર બધી વાતે સારો હતો, છતાં તેને એક ખરાબ ખોડ એ પડી હતી કે નોકર ચાકર કે કોઇ બીજા પણ માણસને હાથે કંઇ કામ બગડે કે કાંઇ ઉલટસુલટ થઇ જાય તો તે તરત તે બાપડાને "ગધેડો" કહીને બોલાવતો હતો. તેનો પોતાનો પુત્ર પણ કાંઇ ભૂલ કરતો તો તેને પણ તે "ગધેડા"ની ઉપમા આપ્યા વગર રહેતો નહી. બીજા ગમે તેવા માણસોની વચ્ચે પણ તે અમીર પોતાના પુત્રને "ગધેડો" કહી દેતો તેથી તે છોકરો મનમાં વારંવાર બહુ કચવાતો હતો, પણ બાપની સામો બોલવાની હીમત કરતો નહતો. એક વખત તે અમીરને ત્યાં કેટલાક મોટા માણસો જમાવ થયા હતા તેમાં બીરબલ પણ હાજર હતો. અમીર સાહેબ વારંવાર પોતાના

નોકરોની સેહજ પણ ભૂલ થતાં તેને "ગધેડા"ની ઉપમાં આપી દેતા, તેમ આ મેલાવડા સમયે પણ તેઓએ પોતાની તે કુટેવ ખુલ્લી દેખાડી આપી. બીરબલ ગુપચુપ આ મામલો જોયા કરતો હતો. તેણે વિચાર કીધો કે અમીર સાહેબની આ કુટેવ છોડાવવી જોઇએ. તે દિવસે તો તે કાંઇ બોલ્યો નહી, પણ કેટલાક દિવસ પછી કાંઇ કામને બહાને પેલા અમીરના પુત્રને પોતાની પાસે બોલાવી મંગાવી તેનો પિતા (અમીર) જ્યારે તેને "ગધેડો" કહે ત્યારે કેવો જવાબ આપવો તે શીખવી મૂકયું.

થોડા દિવસ વહી ગયા પછી એક દિવસે, ઘણા મોટામોટા અમીર ઉમરાવો અને શેઠ શાહુકારો પેલા અમીરને ત્યાં એકઠા થયા હતા. તેમની સર્વની સરભરા કરતા નોકર ચાકરોને તે અમીર "ગધેડા"ની ઉપમાં આપી ચૂકયો હતો. તેવામાં તેના પુત્રને હાથે કાંઇક નજીવી ભૂલ થતાં તેણે તેને ધમકાવીને "તું ગધેડો" છે એમ કહી દીધું. તરત જ અમીરના પુત્રે હાથ જોડી કહી દીધું, "નહી પપ્પાજાન, હું ગધેડો નહી, પણ ગધેડાનું બચ્ચું છું." આ જવાબ સાંભળતાં જ અમીર સાહેબ નીચું જોઇ રહ્યા, પણ તે દિવસથી અમીર સાહેબે ગધેડો બોલજ પોતાના મોઢાંમાંથી કાઢી નાખ્યો. તે દિવસથી તેણે પોતાની આખી જીંદગી સુધી કોઇને ગધેડાની ઉપમાં નહી આપી, તેમ પોતાના પુત્રને પણ તેવું કાંઇ ન કહ્યું. બીરબલે આ યુક્તિથી અમીરની મોટી કુટેવ છોડાવી.

## બીરબલ અકબરશાહની દરબારમાં કેમ દાખલ થયો?*

બીરબલ જાતે બ્રાહ્મણ હતો. તેણે પોતાની શક્તિ, પોતાના કુટુંબની સ્થિતિ અને પોતાનાં શહેરની ગુંજાસ, પ્રમાણે તે સમયને અનુસરતી કેળવણી લીધી હતી. રાજ્ય દરબારમાં નોકરી મેળવવાની

* બીરબલ દિલ્હીમાં કેમ દાખલ થયો તેને લગતી હકીકતો, અનેક લેખકોએ જુદી જુદી રીતે લખી છે. "અકબર–બીરબલનો વિનોદી વાર્તા સંગ્રહ" નામનું જે પુસ્તક મારા તરફથી બાહાર પડયું છે તેમાં તેની દિલ્હી દરબારની આમદની હકીકત આપવામાં આવેલી છે; તેમજ ખુદ આ ગ્રંથમાં

ઇચ્છા રાખનારને તો તે વખતે ચાલતી ઘણી ખરી બધી ભાષાઓ જાણવી પડતી, તેટલું જ બસ નહી, પણ લોક વ્યવહાર અને રાજનીતિ પણ બરાબર સમજણમાં ઉતારવી જોઇએ. તે વખતે દિલ્હી દરબારમાં મીયાં તાનસેને સંગીત વિદ્યાઓને ઉંચી ટોંચે ચઢાવી જે કીર્તિ મેળવી હતી તેવી બીજા કોઇએ મેળવી નથી. અબુફઝલ અને શાહેર ફૈઝીએ આખાં શેહેનશાહતમાં પોતાની નામના કાઢી હતી. પંડિત જગન્નાથે સંસ્કૃત ભાષાની જે પડતી થવા માંડી હતી તેને પોતાના જ્ઞાન ભંડારથી અટકાવી, તેને આગળ વધારવાનું બીડું ઝડપ્યું હતું. બાદશાહ પોતે પણ વિદયાને ચાહનાર હતો તેથી ફારસી, અરબી, અને ઉર્દુ સાથે સંસ્કૃત ભાષાનો પણ ઉસ્તાદ થયો હતો. દરબારમાં દરબારી ભાષા તરીકે ઉર્દુ ભાષા વાપરવાને હુકમ કહાડ્યો હતો; તો જો કે તેથી કેટલાક દરબારીઓમાં કાંઇક કચવાટ ફેલાવા પામ્યો હતો; કારણ કે તેઓ તો મોગલાઇ દરબારની દરબારી ભાષા તરીકે ફારસી કે આરબી ભાષા જ ચાલુ થયલી જોવા ઇચ્છતા હતા, પણ અકબર જેવો સ્યાણો બાદશાહ તેમના તે ફાંટાની લેશ પણ દરકાર કરતો નહતો, કેમકે તેને તો પોતાની તમામ રૈયતના લાભ તરફ જોવાનું હતું, અને થોડાકોના દોરવ્યા પ્રમાણે તે દોરવાતો નહતો.

સામાન્યતઃ આ વાત થઇ. હવે આપણે બીરબલ જે આ પુસ્તકનો નાયક છે તેના તરફ નજર દોડાવ્યે. બીરબલ નાની વયમાં જ ત્રણ ચાર ભાષાઓમાં કુશળતા મેળવી તથા રાજદરબારના રીતરીવાજોથી વાકેફ થઇ પોતાનું વતન છોડી દિલ્હીમાં આવ્યો હતો. તેનું મૂળ નામ તો શીવદાસ હતું, પણ તેમાં કેમ ફેરફાર થવા પામ્યો તે આ પ્રકરણમાં આપણે આગળ જોઇશું. તે ગરીબ માબાપનો પુત્ર હતો તેથી તેની પાસે ઝાઝા અથવા કહો કે બીલકુલ પૈસા ન હતા. તેથી પોતાની પાસેનું થોડું ઘણું લઇ તથા સારાં કપડાની બે જોડીઓની એક બોચકી બાંધી લઇ તે પોતાને ઘેરથી નીકળ્યો હતો. શેહેરના

---

પણ તેની આમદ વગેરેની કેટલીક હકીકત બીજી તરફ આપવામાં આવેલી છે, તે તદન જુદી જ છે; છતાં આ તેની આમદની વાર્તા, તદન જુદી જ રીતની અને સાહિત્યની કવિતાઓ વિગેરેથી ભરપુર છે, અને તેમ જાણીને તે અત્રે આપી છે.

દરવાજામાં દાખલ થતાંજ તેના મનમાં તો એવી જ ચટાપટી થવા લાગી કે ક્યારે દરબારમાં જાઉં, અને ત્યાં નામના મેળવું; છતાં તે છેક ઉલ્લુ નહતો, તે બહુ જ વિચારવંત હતો. તેથી તેણે વિચાર કર્યો કે, આવી રીતે એક મુસાફર તરીકે દરબારમાં જવા કરતાં જરા બની ઠનીને જવાનું ઠીક પડશે. છતાં અંતે તે પોતાના આ વિચારમાં લગાર ઠગાયો. તે પોતાના મુસાફરના વેષમાં જ દરબાર તરફ ગયો હોત તો તે કદાચ વેહેલો જ ફાવત, અને જે મુસ્કેલીઓ તેને નડવા પામી અને જે વટાવવાને તેને યુક્તિઓ કરવી પડી તે કરવી પડત નહી; પણ ટાપટીપથી જવાનો વિચાર કર્યો તેથી તેને સામી અનેક વિટંબણાઓ વેઠવી પડી, છતાં જેનું નામ બીરબલ, તે ગમે તેવી મુશ્કેલીથી પાછો હઠે તેવો ન હતો.

તે દિલ્લીમાં આવી પોહોંચ્યો તે વેળા સાંજ પડી ગઇ હતી; જેથી એક ધર્મશાળામાં ઉતારો લીધો. રાત ત્યાં ગુજારી સવારમાં વહેલો જ ઉઠ્યો. નાહી ધોઇ, ક્રિયા કર્મ કરી નવાં કપડાં કહાડીને પેહર્યાં, અને સાથે જ કાંઇ ભાતું આણેલું હતું તેમાંથી કાંઈ કાચું કોરું ખાઇ લીધું. પછી તે દરબારમાં ચાલ્યો. દરબાર તો કોઇ દિવસે જોયલી નહી એટલે પૂછતાં પૂછતાં ચાલવા માંડ્યું. તેના મનમાં તો એમ જ કે, હમણાં સરખો બાદશાહી મેહેલ આવી લાગશે, અને બપોર થતાં સુધીમાં તો બાદશાહ હજુર ખડો થઇ જઇ પોતાની કવિત્વ શક્તિ વગેરેથી તેને રીઝવી પ્રસન્ન કરશે. પણ બાદશાહી મેહેલ શોધતાં જ તેનું તેલ નીકળ્યું. કોઇ મોટી હવેલી જોતો તે નક્કી માની લેતો કે આજ બાદશાહી મેહેલ હશે; અને ત્યાં જઇ ખબર કહાડતો તો જણાતું કે તે તો કોઇ ખાનગી મકાન છે, એટલે નીરાશ થઇ આગળ ચાલતો. આમ રઝળતાં રઝળતાં બાદશાહી મેહેલની શોધમાં તેને સાંજ પડવા આવી. અંતે તે નીરાશ થઇ પાછો ફરવા લાગ્યો તો તે પોતાના ઉતારાનું મકાન જ ભૂલી ગયો. આખરે રાત પડતાં તેણે મહા મુસ્કેલીથી ઉતારો શોધી કહાડ્યો. આખો દિવસ રસળતાં તે થાકીને લોથપોથ થઇ ગયો હતો, એટલે સુધી કે, તે ઉતારે ગયો તો ત્યાં જતાંને વાર એક ઠેકાણે કાંઇ પાંથરણું બીછાવી ઉપર લાંબો થઇ સૂઇ ગયો. છતાં

તે હીમત હાર્યો નહી. બીજે દિવસે સવારમાં પાછો સહેજ સાજ ખાઇ લઇ પાછો રઝળવા નીકળ્યો, અને તેમ કરી આખરે તેણે બાદશાહનો મેહલ શોધી કાઢ્યો. ત્યાં ઉભા રહી બધી આગલી પાછલી નીશાનીઓ ધ્યાનમાં રાખી, ગલીકુચીઓ બરાબર ગોખી રાખી, બાદશાહને મળવાનો વખત પણ પૂછી લીધો, અને પાછો ફર્યો. તે દિવસ પણ નકામોજ ગયો, કેમકે તે મેહેલ શોધતાં ફરતાં તે દિવસે પણ ઘણું મોડું થયું હતું. ત્રીજે દિવસે પાછો વેહેલો ઉઠચો. દાંતણ પાણી કરી, સંધ્યા પૂજા કરી લીધી અને કાંઇક ખાઇ પણ લીધું, અને મેહેલે જવાનું હેયું લીધું. હવે તો બધા રસ્તા ગલીઓ તેના ધ્યાનમાં ઠસી ગયલી એટલે ઝાઝી વાર લાગી નહી. બની ઠનીને તે નીકળ્યો હતો, પણ મેહેલ આગળ આવતાં દરવાજામાં દરવાનની હદ હતી, અને તે માવડી મૂર્ખાં કાંઇ પોતાની દસ્તુરી લીધા વગર તેને બાપડાને અંદર દાખલ કરે ! પાસે તો દમડી મળે નહી, એટલે તેણે ભવિષ્યની આશા આપી કે, બાદશાહને રીઝવીને તેના પાસેથી કાંઇ લાવીશ તેમાંથી તારો ભાગ પાડીશ. પણ દરવાન તેટલાંથી કાંઇ સમજે તેવો નહતો. તેનો તો નગદીઓ શરાફી ધંધો હતો. બીજાઓ પાસેથી તો તે પુષ્કળ નાણું ઓકાવતો, પણ બીરબલ પાસે તો થોડીને ઘણી એકસો જ અશરફીઓ લેવા કબુલ થયો, અને તે પણ જાણે તેના ઉપર ઉપકાર કરીને. બીરબલ બાપડો સો અશરફીઓ કયા ચુહુલામાંથી લાવે ! તેના પાસે બાંધી મારે તો કશું નીકળે તેમ નહતું. બીરબલે જોયું કે સમજાવત પતાવટથી વાત સરતી નથી એટલે તે કાંઇ ધરપચ સરપચ કરવા ગયો, તો તરત વડા દરવાને આવી, તેનો હાથ પકડ્યો, અને દરવાજાથી થોડેક દૂર ખેંચી જઇ તેને બે ઠોંસા લગાવી કહી દીધું કે, "આજ તો તને જવા દઇએ છીએ, પણ જો બીજી વાર એવી ત્રણપાંચ કરશે તો વગર ભાડાંના ઘરમાં જ ધકેલાઇ જશે."

બીરબલે જોયું કે આમ તો કાંઇ વળવાનું નથી. એમ ધારી બીજી યુક્તિ લગાવી. કાગળના એક ટુકડા ઉપર એક કવિતા લખીને તે દરવાનને આપી તેને કહ્યું, ભાઇ, મને જવા નહી દયો તો ભલે, પણ આ મારી એક કવિતા લખેલી છે તે બાદશાહ સલામતને પોહોંચાડો

તો પણ આપનો મોટો ઉપકાર. દરવાન તો તે બાપડા ઉપર ખીજાયાજ હતા, એટલે તે કાગળના ટુકડાને હાથમાં લઇ તેના કકડા ભુકલા કરી તે પાસેના હોજમાં ફેંકી દીધો. આથી નીરાશ થઇ બીરબલ પાછો ફર્યો. ઉતારે આવ્યો, ખીસ્સા તપાસ્યા તો એક ટંક ખાવાનું લેવાય એટલા પણ પૈસા નહી નીકળ્યા. જેમ તેમ રાત પસાર કરી. ઉંઘ તો આવેજ શાની? છેક મધ્યરાત્રિએ તેને એક યુક્તિ સુઝી, અને તે તેને રામબાણ લાગી કે, તે અજમાવ્યાથી જરૂરજ બાદશાહનો ભેટો થશે, એટલે કાંઇક આશા અને ધીરજ આવી અને તે ઉપરથી તેને વળી ઉંઘ પણ આવી ગઇ.

બાદશાહનો એક ધારો એવો હતો કે, દરરોજ સવારના પોહોરમાં મેહેલના ઝરૂખામાં આવી બેસવું. એ ઝરૂખો મોટા ધોરી રસ્તા ઉપર હતો, એટલે ત્યાંથી આસપાસ ઘણે લાંબે સુધી નજર પોહોંચી શકતી હતી. અહીં બેસીને તે રૈયતની ફરિયાદો—અરજી; અરજી—દાદ, વગેરે નિર્ભયપણે અને ખુશાલ જીગરે સાંભળતો. બાદશાહ ઝરૂખામાં આવી બેસતો કે, નીચે રસ્તા ઉપર દરવાનો તેમની હાજરી જાહેર કરતા, અને જે કોઈ દાદ—ફરિયાદ કરવા માંગતું હોય તેને ખાસ બોલાવી ત્યાં રજુ કરતા. લોકો પણ તે જાણી રહેલા એટલે કોઇને કાંઇ ફરફરિયાદ કરવી હોય તો ત્યાં હાજર થઇ, "દાદ—ફરિયાદ" પોકારતા એટલે સીપાઇ તરત તેને બાદશાહ આગળ લઇ જઈ ખડો કરતા. આ સાદા રીવાજથી જુલ્મગાર અધિકારીઓ, કે લાંચીઆ વહીવટદારો પણ કોઇને હેરાન કરી શકતા ન હતા. એક દિવસ બાદશાહ એજ પ્રમાણે ઝરૂખામાં આવી બીરાજમાન થયો હતો, એટલામાં એક ફકીર—સાધુ ફાટાતુટા વેષમાં ત્યાં આવી પોહોંચ્યો, અને સીપાઇઓના ફરમાવ્યા મુજબ તેણે લલકારીને "ફરિયાદ હૈ ફરિયાદ હૈ" એવા પોકાર માર્યાથી બાદશાહનું તરત તેના તરફ લક્ષ ગયું, અને તેની ઇશારતથી સીપાઇઓ તરત તેની આજુબાજુ ફરી વળ્યા. બાદશાહ અને ફકીરની નજર સામસામી મલતાંજ ફકીરે સલામ કરી, "યહ દાદ હૈ, યહ દાદ હૈ" એમ પોકાર પાડી, પાછે પગલે ચાલવા માંડ્યું.

બાદશાહ તેમજ સીપાઇઓને સુદ્ધાં ફકીરની આ વર્તણુકથી આશ્ચર્ય લાગ્યું, કેમકે ફરિયાદ ફરિયાદનો પોકાર પાડી તે પાછો ચાલવા લાગ્યો. પણ બાદશાહના હુકમથી સીપાઇઓએ તરત તેને અટકાવ્યો, અને પકડીને બાદશાહ હજુર ખડો કીધો. ફકીર તો તે વેળા મોટે મોટે રડતો કકળતો હતો. બાદશાહ આગળ આવતાંજ તેણે ક્ષમા માંગી કહ્યું, જહાંપનાહ, મને મારે માર્ગે જવા દો, મારે તમારી પાસે ફરિયાદ કરવી નથી.

બાદશાહે અજાયબ થઇને પૂછ્યું, ફરિયાદ શા માટે નથી કરવી?

ફકીર બોલ્યો, મોટાની સામા ફરિયાદ કરીયે તેમાં કદી ફાવ્યે? તમે અહીં આવનાર પાસે પણ એવુંજ બોલાવો છો કે, "ફરિયાદ હૈ" એટલે મોટા સામે ફરિયાદ કરી ફાવી જવાવાનું નથી તે ફરિથી યાદ રાખ."

બાદશાહે મનમાં વિચાર કર્યો કે, દેખાવે આ ફકીર કે સાધુ-જેવો માણસ લાગે છે છતાં દીસે છે તો કોઇ ચતુર, માટે એની ચતુ-રાઇ તો પુરેપુરી જોવી, એમ ધારી બાદશાહે કહ્યું; હું જો દાદ લેતો ન હોઉં તો તારે "ફરિયાદ હૈ" ને બદલે 'નીહ દાદ હૈ' એમ બોલવું જોઇતું હતું, પણ તું તો 'યહ દાદ હૈ, યહ દાદ હૈં' એમ પોકારતો હતો.

પેલા ફકીર–સાધુરામે (બીરબલે) જવાબ દીધો," એ તો આપે પોતેજ બોલવું જોઇયે."

બાદશાહ તેનું આ બોલવું સાંભળી આનંદ પામ્યો અને તેના મનમાં પૂરી ખાતરી થઇ કે, આ કોઇ ખરેજ ચતુર માણસ છે. એટલે બાદશાહે તેના જોડે સવાલ–જવાબ કરવા માંડ્યા. તેને પૂછ્યું કે, "ભલા, તું કોણ છે? તારા ઉપર એવો તે શો ગજબ ગુજર્યો છે કે તારે આ ફકીરી લેવી પડી છે? તારી બધી વાત મને માંડીને કહે."

એટલે હવે ફકીર–સાધુરામની જીભલી ઉપડી, અને તે બોલ્યો, જનાબ, સાંભળોઃ–

દુહો.

પાયા હીરા લાખકા, આયા બેચન કાજ<br>
છિના લિયા છક્કડ લગા, ઔરી દગાહિબાજ.

(ભાવાર્થ–લાખ ટકાનો હીરો મળ્યો હતો તે વેચવા આવ્યો હતો તો છક્કડ લગાવીને મારી પાસેથી છીનવી લીધો, ઝવેરી દગાબાજ નીકળ્યો.)

આ સાંભળતાં બાદશાહ રાતોપીળો થઈ ગયો. શું મારા રાજ્યમાં આવા દગાખોર ઝવેરીઓ રહે છે? મારા અમલદારો શું તેમની તપાસ નહી રાખતા હોય? આવા સવાલો તેના મનમાં ઉત્પન્ન થવા લાગ્યા. તેણે પૂછ્યું, "ભાઇ, તારી પાસેથી કયા ઝવેરીએ દગો દઇ, છક્કડ લગાવી હીરો લઇ લીધો?"

ફકીર–સાધુરામે ભારી થઇને જવાબ દીધો, "ખુદાવિંદ, તેનું નામ દીધામાં સાર નથી, મને અહીંથી જવા દ્યો."

બાદશાહે કહ્યું, "એમ કાંઇ બને જ નહી, મારા રાજ્યમાં આવો ગેરઇનસાફ હું કદી ચાલવા નહી દઉં, માટે જે ઝવેરીએ તને લુટી લીધો હોય તેનું તરત નામ દઇ દે."

ફકીર–સાધુરામે (બીરબલે) બગલા ભગતના વેષમાં બોલવા માંડ્યું, "ના, હજુર, નામ દીધાથી હું પોતે જ માર્યો જઇશ, માટે હું ક્ષમા માંગીને કહું છું કે, મને જવા દ્યો, હું ભૂલ્યો."

પણ બાદશાહ તેને એમ જવા દે તેવો નહતો, તેણે તો દગાબાજ ઝવેરીનું નામ જાણવાની ખોહોશ કીધી. આખરે કેટલીક આનાકાની કીધા પછી સાધુરામે કહ્યું, "મને જો આપ રક્ષણ માટેનું અભય વચન આપો તો તે ઝવેરીનું નામ દઉં."

બાદશાહે તેને અભય વચન આપ્યું, અને કહ્યું કે, "જો ખરા અપરાધીનું નામ છૂપાવીને કોઇ ભલતાનું જ નામ દઇશ તો પછી ખોટી ખબર આપવાના અપરાધ માટે તને શિક્ષા કરવામાં આવશે, માટે જે કાંઈ કહે તે ખરૂં જ કહેજે."

(બીરબલે) સાધુરામે હાથ જોડી કહ્યું, ખુદાવિંદઃ–

દુહો.

જો પૂછો સચ બાત તો, સાચે મેં કહા શોર;
સુનિએ શાહ સુલતાન તુમ, આપહિ મેરા ચોર.

(ભાવાર્થ) "જો સાચી વાત પૂછોછો તો પછી મારે પણ સાચી વાત કહેવામાં શા માટે અચકાવું જોઇએ ? શાહ સુલ્તાન, સાંભળો, મારા હીરાના તો આપ પોતે જ ચોર છો."

બાદશાહનાં તો આ સાંભળી રૂવેરૂવાં ઉભાં થયાં, અને અંગમાં એટલો જુસ્સો અને ક્રોધ વ્યાપ્યો કે, આ ઘડીએ સાધુરામના છપન્ન ટુકડા કરી નાખે, છતાં કાંઇક ક્રોધ સમાવી પૂછ્યું, "અલ્યા સાધુડા,' તને લાખ ટકાનો હીરો કયાંથી મલ્યો? તું મારી આગળ વેચવા કયારે આવ્યો અને તારી પાસેથી છીનવી કોણે લીધો ?"

બીરબલે જોયું કે હવે જ બરાબર સચોટ ફટકો લગાવવાનો વખત આવ્યો છે, એટલે ફાટું ફાટું બોલવાનું છોડી દઈ લગાર દરબારી તાજીમતવાજો વાપરી કામ લેવાનો ઠરાવ કીધો. બાદશાહ સામે ઘુંટણીએ પડી હાથબક્ષ કરી તે બોલ્યો, "જેહાંપનાહ, સુનીએ, મારો હેવાલ હું આપને નિવેદન કરૂં છું. આપની હજુર મેં ખરૂં જ કહ્યું છે, આપને જુઠું સમજાવવાની હિંમત કોને છે ? આપ જાણો છો, આપ વિદ્યારત્ન છો, તેમ હીરા પણ એક જાતના નહી પણ જુદી જુદી જાતના થાય છે. સાંભળો—

દુહો.

ઔરીકા હીરા હિરા, કવિકા હિરા કવન;<br>
તરૂની હિરા તનઅરૂ, પદ્મિની મન પાવન.

(ભાવાર્થ–ઝવેરીનો હીરો તે હીરો અને કવિનો હીરો તે તેની કવિતા; યુવતીનો હીરો તે તેનું શરીર, અને પદ્મિનીનો હીરો તેનું પવિત્ર મન.)

તેમ મારી પાસે પણ મારા લાયક જ એક હીરો હતો. આ હીરાનો જે ખરો પરીક્ષક હોય તે જ તેના ગુણ જાણે છે, પણ જેને તેની પારખ નથી તેને તે કોડીને કામનો નથી. રત્નના ગ્રાહક કાંઈ બધા જ હોતા નથી. જુઓ સાંભળોઃ—

દુહો.

ગૌરી ગ્રાહક રત્નકી, ગુનગ્રાહક રાજાન;<br>
કવિતા ગ્રાહક કો રસિક, ભૂપતિ ભોજ સમાન.

ભાવાર્થ—હીરા મોતી રત્ન વગેરેની ગ્રાહક સ્ત્રીઓ જ હોય છે; સ્ત્રીઓ ન હોય તો પુરૂષો હીરા, મોતી, વગેરે ઝવેરાત ખરીદ ન કરે; ગુણના ગ્રાહક ગુણ જાણનાર રાજા હોય છે; ગુણવાન પુરૂષોનો સંગ્રહ કરનાર રાજા હોય છે; રાજા ન હોય તો ગુણીજનોનો ભાવ પણ કોઈ પૂછે નહી; કવિતાના ગ્રાહકો તો રસિક જ–ભોજ રાજા–સમાન કોઇક જ મળી આવે છે. આપ પણ તેવા જ કવિઓના ગુણગ્રાહક છો. એવું જાણી હું અત્રે આવ્યો હતો, પણ તેમાં હું ઠગાયો. હવે આપ પણ મારા આ બકવાદથી ધરાઈ ગયા હશો તેમ હું પણ ધરાઇ ગયો છું, માટે હવે મને રજા આપી દો, એટલે હું મારે રસ્તે ચાલ્યો જાઉં.

આમ બોલતાંની સાથે તે ઉઠીને ઉભો થયો. બાદશાહ તો તેની આવી વાણી સાંભળી મનમાં આનંદ પામ્યો હતો, તેને ખુબ રસ પડ્યો હતો, તેની ખાત્રી થઇ ચુકી હતી કે, આ માણુસ દેખાવે રૈંજીપૈંજી છે પણ ખરે જ કોઇ ચતુર છે. ચતુરાઇથી તેણે કવિરૂપે પોતાનો મેળાપ કરવાને માટે આ બધી યુક્તિ કીધી છે એમ બાદશાહ પામી ગયો. તેણે એવો વિચાર કીધો કે, બાહારથી ક્રોધ દર્શાવી એના મનનો ભેદ જાણી લેવો. પછી તેણે કહ્યું, "પણ અલ્યા ભાઇ, તું જશે કયાં ? જે કાંઇ તું બોલ્યો છે તે તમામ પુરવાર કરી આપવું પડશે, તો જ તારાથી અહીંથી ખસાશે."

બીરબલ કાચો ન હતો, તે પામી ગયો કે બાદશાહજી મનમાં તો આનંદ પામ્યા છે, પણ માત્ર બાહારથી આમ ક્રોધ દર્શાવવાનો ડોળ ઘાલે છે. હવે, તેણે પોતાની બધી હકીકત કહી સંભળાવવાની તૈયારી કીધી. તે બોલ્યો, "જેહાંપનાહ, હું જાતનો બ્રાહ્મણ છું, મેં ઘણા વરસ સુધી સરસ્વતીની સેવના કીધી છે. એક દિવસ સરસ્વતી દેવીએ સ્વપ્રમાં મને દર્શન આપી પોતાના હાથે લખેલું એક ભોજ પત્ર આપીને મને કહ્યું કે, આ લઇને સુખી થા. મેં દેવીની આપેલી તે પ્રસાદી માથે ચઢાવી, પણ મને દેવીએ આજ્ઞા કરી કે, આ ભોજપત્રમાંની એક એક કવિતા એક એક લાખ ટકાની કીમતની છે, માટે કોઈ પણ દરબારમાં એકથી વધારે કવિતા કહેવી નહી.

દેવીની આ આજ્ઞા પ્રમાણે હું એક કવિતા લઇને તેનો ગ્રાહક શોધવા નીકળ્યો. મારાં ગામડા ગામમાં તે સરસ્વતી દેવીનો કોણ ઉપાસક મળે જે તે કવિતાની કીંમત બુઝે ? કહ્યું છે કેઃ-

દુહો.

હિરા ગિરાકી ગઠડી, ગવારમેં મત ખોલ,
ઝૌરી બિન કોરિ ન મિલે, કૌસ્તુભકાભી મોલ.

ભાવાર્થ—વાણીરૂપી ઝવેરાતની ગાંસડી મૂર્ખ આગળ ખોલવી નહી, કૌસ્તુભ મણી બહુ અમૂલ્ય છે છતાં ઝવેરી (પારખુ) વગર બીજો તેની કોડી પણ આપી શકે નહી.

વળી આગળ સાંભળોઃ—

દુહો.

હથ્થી હીરા કાવ્ય હે, દે જા કે દરબાર,
મા કર મૂલ અમૂલકા, મૂલ ન મિલે બાઝાર.

ભાવાર્થ—તારા પાસે હાથી, હીરા કે કાવ્ય હોય તો તે જઇને દરબારમાં આપી આવ; એ તો અમૂલ્ય છે, એનું મૂલ જ ન કર, એની કીમત બજારમાં ઉપજવાની નથી.

મારા મનમાં આવા વિચારો ઉત્પન્ન થયા તેથી હું મારે ગામથી નીકળી કોઇ મોટા મહારાજાને ત્યાં જવા નીકળ્યો; પણ એટલામાં આપની કીર્તિ સાંભળી મને આ તરફ આવવાની લાલસા થઈ. મને રસ્તામાં તરેહવાર વિચારો આવ્યા, પણ અહી આવતાં હું ઠગાયો. કોઇ હિંદુ મહારાજાને ત્યાં ગયો હોત તો મારે આટલી હેરાનગતિ ભોગવવી પડત નહીં. પણ ખેર, થયું તે થયું. મેં મૂર્ખાએ સરસ્વતીની આજ્ઞાનું ઉલ્લંઘન કીધું, અને ગ્રાહક વગર એક દુહો લખીને આપના દરવાનને આપ્યો અને તેને કહ્યુ કે તે જઇને નામવર બાદશાહને આપ. પણ આપનો શીખવેલો પક્કો દરવાન તે માને ? તેણે તો ગુસ્સે થઇ તે દુહો ફાડી નાખ્યો. મેં તે દુહો ગોખી પણ રાખ્યો ન હતો એટલે હું તો રડતો જ રહ્યો.

બાદશાહે કહ્યું, "ભાઇ, તેં યુક્તિ તો સારી કીધી છે હો ? એક દુહાના એક લાખ રૂપીઆ તારે મેળવવા છે તે એમ જ તું

મેળવી લે એવી આશા રાખતો ના, જો તે દુહો તેટલી કીંમતનો હોય તો પછી જુદી જ વાત હતી."

બીરબલે કહ્યું:–"મને અફસોસ એ જ થાય છે તો! જો તે દુહો મને યાદ હોત તો હું તે લઇને બીજે ગામ જાત, અને કોઇ લાયક રાજવંશી આગળ તે રજુ કરત; પણ આ તો મેં અહીં જ ગુમાવ્યો. છક્કડ મારીને છીનવી લીધો. ઝવેરી ખરેખર દગાબાજ નીકળ્યો. ખેર, મારા નસીબમાં જ નહી તે હું કેમ કરૂં? હવે આપની રજા લઉં છું, આપને આટલી તસ્દી આપી છે તે ક્ષમા કરજો."

આટલું બોલી જાણે ત્યાંથી જતો રહેતો હોય એવો દેખાવ કરવા માંડ્યો. બે ત્રણ પગલાં પણ તેણે ભર્યાં, તેટલામાં જાણે કાંઇ યાદ આવી ગયું હોય તેવો દેખાવ કરી તે પાછો ફરીને બોલ્યો, "જેહાંપનાહ, હાલ એનાં ત્રણ ચરણ મને યાદ આવી ગયાં છે, જો યાદ કરી જોઉં, ચોથું ચરણ યાદ આવે તો ભલે ભલું–"

બાદશાહે કહ્યું, જો ત્રણ ચરણ તને યાદ હશે તો મારી દરબારમાંથી કોઇ પણ તેનું ચોથું ચરણ કરી, તારી કવિતા પૂર્ણ કરશે, માટે એ ત્રણ ચરણ તો બોલ."

બીરબલ બોલ્યો, "ખુદાવિંદ સાંભળો:–

અહો રાત્ર જાગૃત ખડે,
મમરક્ષક મહાશક્ત;
યોં કહ સુખે સુવે સદા;

આ ત્રણ ચરણ મને યાદ છે. એનું ચોથું ચરણ કોઈ કરશે તો મને કદાપિ યાદ આવશે એમ જણાય છે. આપની દરબારમાંનો કોઇ વિદ્વાન એ કામ કરી શકશે."

બાદશાહે કહ્યું, "ઠીક છે, આજ સાંજની દરબારમાં તું આવજે." બીરબલે ઉત્તર દીધો, "પણ નામવર, મને દરબારમાં આવવાનો હુકમ કર્યો છે?"

બાદશાહ બોલ્યો, "હું તારે વિષે દરવાનને હુકમ કરી મુકું છું."

બીરબલીઓ આવે કાચે પાયે કામ ચલાવે તેવો નહતો. તે બોલ્યો, "જનાબ, દરવાનને એમ મોહડેથી હુકમ કરવાને બદલે આપ

મને દરબારમાં આવવાનો પરવાનો લખી આપો તો વધારે સારૂં, એટલે પછી કોઇ રીતની અડચણુ પડવાની નથી.”

બીરબલની કવિતાથી તથા તેના રસિક વિવાદથી બાદશાહજીને પણુ રસ પડ્યો હતો એટલે તરત તેને પોતાની છાપ મોહોર સાથનો દરબારમાં નિસંદેહ પધારવાને પરવાનો કરી આપ્યો.

હવે દરવાનને કાંઈ પણુ દસ્તુરી આપ્યા વગર દરબારમાં વગર હરકતે જાઆવ થશે એમ જાણી બીરબલીઓ પણુ ખુશ થઇ દરબારી રીવાજ પ્રમાણે સલામ ભરી ત્યાંથી ગયો.

બાદશાહે પણુ તે દિવસે ખાસ દરબાર બોલાવી. સાંજે વખતસર દરબાર ભરાઇ, એટલે અમીર, ઉમરાવો, પંડિતો, કવિઓ, શેઠ સાહુકારો જેઓને દરબારમાં આવવાનો પરવાનો હતો તેઓ સઘળા હાજર થયા. બીરબલ પણુ પોતાના સારા પોષાકમાં હાજર થયો.

બધા દરબારીઓ આવી બીરાજમાન થયા પછી સાહેર ફૈઝીએ કહ્યું, જેહાંપનાહ:–

દુહો

ચલક ચમક શમશેર શત, જલજા જડહો જાત;
ઐસી જીનકી સૈનઇક કહા બૈનકી વાત.

ફૈઝીના મોહડામાંથી હજી તો છેલ્લા શબ્દો પુરા બાહાર પડ્યા નહી એટલામાં તો ખુશામતીઆ દરબારીઓ “હાજી હા, સચ બાત હૈ” એમ બોલતાની સાથે માથાંનો પાંચશેરીઓ હલાવવા લાગ્યા. પણ દુહાનો શો અર્થ થાય છે તે તો તેઓની જાણે બલા! શાહેર ફૈઝી કાંઇક શાહ નામવરની સ્તુતિ જેવું બોલ્યો એમ તેમને લાગ્યું એટલે પાંચશેરી હલાવી.

બીજાઓ પણુ આ દુહાનો અર્થ સમજ્યા કે નહી તે તો તેઓ જાણે. પણુ બીરબલે મનમાં વિચાર કીધો કે, આવાં આવાં રત્નો જે નામવર બાદશાહની દરબારમાં છે તેમની રૂબરૂ કોઇ સાધારણુ કવિ આવે તો કોણુ જાણે કયાં અટવાઇ જાય! પણુ તેને મન તો એ વાત રમત સરખી લાગી. તેણે એ કવિતાથી જ પોતાની શરૂઆત કરવા માંડી. તે તાજીમતવાજે કરી બોલ્યો, “વાહ, વાહ, બહુ

ઉત્તમ વાત કહી, જેની એકજ દષ્ટિથી સેંકડો ચલકતી તરવારો ચાલવા માંડે છે અને (જલજા, પાણીમાંથી પેદા થયલી) લક્ષ્મી જડ થઇ જાય છે (અર્થાત તેની કૃપાથી તેને ત્યાં લક્ષ્મી વાસ કરે છે–રહે છે) આવી જેની સેના છે (અથવા જેના ચતુર દરબારીઓ છે) તેની પાસે વેણુની તે શી વાત કરવી (અર્થાત તેને ત્યાં કવિઓ ઉત્તમ કવિતા કરે તેમાં તે શું આશ્ચર્ય!)"

આ નવા આવનારે (બીરબલે) શાહેર ફૈઝીની તારીફ કીધી તે જગન્નાથ પંડિતથી ન ખમાયું, એટલે તે બોલ્યો, "પણ આ કવિતામાં રસ કયાં છે?"

બાદશાહે, કવિતામાં રસ હોય તે બતાવવા ફૈઝીને હુકમ કીધો. ફૈઝી શાહેર, જેમ કાવ્ય તથા ન્યાયમાં હુશિયાર હતો, તેમ છતાં આ પંડિત આગળ ટકી શકતો ન હતો. છતાં બાદશાહની આજ્ઞા થઇ એટલે જવાબ તો આપવો જોઇએ. ફૈઝીએ મનમાં વિચાર્યું કે પંડિતજી છેડાયા છે તે હેરાન કરશે; છતાં તે કાંઇક જવાબ આપવાની તૈયારી કરવા લાગ્યો. તેટલાં બીરબલ તેની મદદે આવ્યો. ફૈઝી હજુ તો જબાન ખોલે તેટલાં તે બોલ્યો, "ખાવિંદ, મને જો આજ્ઞા આપો તો હું એમાંનો રસ બતાવી આપું."

બાદશાહે હા પાડી.

એટલે બીરબલ ખુશી થતો બોલ્યો, "ખુદાવિંદ, એ કવિતામાં તો પદેપદ રસ ઝઝુમી રહ્યો છે, લોઢા જેવા જડ પદાર્થો પણ આપની આજ્ઞાથી ચાલે છે, અને લક્ષ્મી જેવી ચંચળ વસ્તુ પણ જડ થઇ જાય છે. આ કવિતામાં આપની સ્તુતિ છે. આપનો હુકમ સર્વમાન્ય છે."

સંસ્કૃત અને હિંદી શબ્દો સાથે એક મુલ્લાંજીને વેર હતું. જ્યારે કાવ્યલંકારની વાતો થતી ત્યારે આ સૈયદ સાહેબને ઝટ ગુસ્સો ચઢી જતો. તે તો બસ ફારસી અને અરબી ભાષામાંજ ભરડવાનું પસંદ કરતો. દરબારી ભાષા ઉર્દુ હતી તે પણ તેને પસંદ ન હતું, ફૈઝીની આવી ઉત્તમ કવિતા સાંભળીને તે છેડાઇ પડ્યો અને ઝનુનમાં જ બબડ્યો, "આવા ફારસી અને આરબીનો ખાં ગણાતો ઉસ્તાદ

શાહેર ફૈઝી, હિંદી જેવી નમાલી અને ફીકીફચ ભાષામાં કવિતા એ તો હદ થઈ ખેર, પણ તેમાં વળી સંસ્કૃત ભાષાના શબ્દો વા રવાની શી જરૂર હતી? તેમ વળી જલજા આવા શબ્દો શા મ જોઇયે? શું આ દરબારમાંના બધા દરબારીઓ એ શબ્દોનો અ સમજ્યા છે? બોલો જોઇયે?"

બીજા કેટલાક દરબારીઓ જેઓને આ ભાષા જોડે ડોળે વેર હતું તેઓ તો ગુપચુપ બેસી રહ્યા, પણ બીરબલ કાંઈ હારી ખ તેવો ન હતો. તે તો સામો ખુશ થયો કે આ તક તેને પોતાનું ભંડે બતાવવાને ઠીક મળી ગઇ છે, માટે હવે તો દરબારને હસાવવી. તે તે બોલ્યો, "ખાવિંદ, મુલ્લાં સાહેબ કાંઈ વિચાર કરતા નથી, જલ શબ્દનો અર્થ પોતે સમજતા નથી તેથી બધા સમજ્યા નહી હે એમ માને છે. જલજા એટલે પાણીમાંથી ઉત્પન્ન થયલું; લક્ષ પાણીમાંથી ઉત્પન્ન થઇ છે તેથી તેને જલજા કહે છે, અને તેથ તે ચંચલ છે. એ તો સાહેબ, 'સોબતે અસર અને તુખમે તાસી એમાં જરા ફરક નહી.'"

બધા આ સાંભળીને હસી પડ્યા, જ્યારે મુલ્લાં સાહેબ નીચુંજ જોઇ રહ્યા. બાદશાહને પણ એટલું હસવું આવ્યું કે મ મુશ્કેલીએ તેણે તે દબાવ્યું. બધા આનંદ પામ્યા, પણ પંડિતરાજ એમજ બેસી રહ્યા. તે જોઇ બાદશાહે તેમને સવાલ કર્યો, "પંડિ રાજ, શું ફૈઝી શાહેરની કવિત્વ શકિતથી તમે કાંઈ નાખુશ થયા છો

પંડિતરાજ બોલ્યા, "ખુદાવિંદ, અમે બ્રાહ્મણ છીએ, તે કો એઠું અંગીકાર કરતા નથી."

પંડિતજીની આ ટીકાનો મર્મ કોઈ સમજી શકયું નહી. એ પંડિતજીએ સ્મિત હાસ્ય કરીને કહ્યું, "જેહાંપનાહ, આ કવિ શાહેર ફૈઝીએ કોઇક વખત પોતાની બીબીને માટે બનાવી અને આજ તે આપને ભેટ કરવા લાવેલા છે તેથી એ એઠી આ

બધા સમજ્યા કે, પંડિતજીએ કવિતાનો કાંઇક નવો ક કર્યો છે તેથી બધા તે સાંભળવા ઉત્સુક થઇ રહ્યા.

એટલે ધીમે રહીને પંડિતરાજ બોલ્યા, "નામવર, એનો અર્થ આ પ્રમાણે થાય છે:—આ સ્ત્રીની એક કટાક્ષ એવી છે કે, જેની અંદરથી સેંકડો તરવારો નીકળી પડે છે અને ચાલી જાય છે, અર્થાત્ ત્યાં ઉભેલાનાં કાળજાં વીંધી નાખે છે, તેમ એને જોતાં લક્ષ્મી જે અતિરૂપવાન છે તે પણ પોતાના રૂપનું અભિમાન મૂકી દઈ પોતાને આ (સ્ત્રી)ની પાસે કદરૂપી સમજીને જડ થઈ જાય છે. આવી જે કટાક્ષની ખુબી છે તે જો પાછી બોલે તો તેની વાણીની શી વાત કહેવી? શાહેર ફૈઝી કેવા સરસ શૃંગારી છે તે તો આ કવિતા ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. માટે એણે પોતાની પત્ની માટે બનાવેલી કવિતા આપને લાવી અર્પણ કરી તેને તે માટે હવે ઉચ્ચિષ્ટ (એઠી) કહેવી કે ન કહેવી?"

પંડિતજીનો આ અર્થ સાંભળી બધા આનંદ પામ્યા. તેમની આ નવી કલ્પનાથી તેમની અપૂર્વ બુદ્ધિ જણાઇ આવી. પણ હવે બધા ફૈઝી શું જવાબ આપે છે તે સાંભળવા તત્પર થઇ રહ્યા. શાહેર ફૈઝી રસાલંકારમાં પ્રવીણ હતો તેથી તે, પંડિતનો ઉપકાર માની બોલ્યો, "પંડિતરાજ, આપને એક વાતની ખબર ન હોય કે, અમે લોકો અમારા પેદા કરનારને માશુક રૂપે જ ભજીએ છીએ."

ફૈઝીના આ જવાબથી ખુદ શાહ પણ ખુશી થયો. તેણે વધારે ગમ્મત કરવાના વિચારથી બીરબલ તરફ જોઇને કહ્યું, "આ કવિતાનો ત્રીજો અર્થ શો થાય છે તે કોઇ કહી શકશે?"

બીરબલને કાંઇક ગંભીર તાણ છૂટયું, છતાં ધીરજ રાખી બોલ્યો, "ખુદાવિંદ, આપ જો આજ્ઞા કરો તો એનો ત્રીજો અર્થ કહી સંભળાવું.

બાદશાહે તેમ કરવા તેને રજા આપી.

બીરબલ બોલ્યો, "ખાવિંદ, સાંભળો, આપે પંડિતજીની સ્તુતિ કરી છે તે યથાર્થ જ છે, કેમકે એ કવિતામાં એમનાં બુદ્ધિચાતુર્યનો જ ચમત્કાર છે. "ચલત ચમકત સમશેર સત" સત એટલે સાચું, સાચું એટલે શાસ્ત્રીય કઠણ વચન, તેની અંદર તરવારની પેઠે ચમકતી ચાલે છે, (એવી તેની બુદ્ધિ) તેને કોઈ પણ ઠેકાણે કઠણતા નડતી નથી; કઠણતાની સાથે કોમળતા, મૃદુતાનો પણ જોગ હોય

છે તે આ પ્રમાણેઃ—"જલજા જર હોજાત.' એની સંધી તોડતાં આ પ્રમાણે થાય છે. 'જલજ અજર હોજાત.' "જલજ એટલે કમળ, તે અજર કહેતાં અમર થઈ જાય છે, અર્થાત્ તેની કોમળતા કદી પણ જતી નથી. 'એસી જીનકી સૈનઇક', એટલે આવી બુદ્ધિરૂપી સરસ્વતીની એક નજર છે તો 'કહાબેનકી બાત' તો પછી વીણા લઇને ગાવા બેસે ત્યારે તેની કોમળતાની તો શી જ વાત કરવી?"

બીરબલની હવે કાંઇક પીછાણ થવાનો સમય આવ્યો. દરેક જણે કબૂલ કીધું કે, આ નવા આવનારનું બોલવું ઘણું જ બંધબેસ્તું છે. ખુદ પંડિત જગન્નાથે પણ બીરબલે કરેલો અર્થ ધ્યાનમાં ઉતરે તેવો જણાવ્યો. એટલે બાદશાહજી પણ ખુશખુશ થઈ ગયા કે મારી દરબારમાં એક નવું રત્ન ચાલી આવ્યું છે. અને તેમ સમજી, તેણે તરત સરપાવ મંગાવી તે બીરબલને આપ્યો. બીરબલ તેજ દિવસથી જાણે ન્યાલ થઈ ગયો. તે વેળા તેણે પોતાનું નામ **શિવદાસ** જણાવ્યું, પણ બાદશાહે તે નામ બદલીને તેને "**બીરબલ**" નામ આપ્યું અને દરરોજ દરબારમાં આવવા તેને પરવાનગી આપી દીધી. બીરબલની સમસ્યા તો હજુ અધુરીજ રહી હતી એટલે તે બીજા દિવસની દરબાર વાસ્તે રાખી, તે દિવસની દરબાર તો શાહે બરખાસ્ત કરી દીધી.

બીરબલ પણ પોતાને ઉતારે ગયો, પણ હવે તેને વધારે વખત ધર્મશાળામાં રહેવાનું સારૂં લાગ્યું નહી, એટલે તેણે રાત પડતાં પહેલાં શહેરમાં પોતાને લાયક એક મકાન શોધી કહાડ્યું અને તેમાં જઈ રહ્યો.

બાદશાહ પણ દરબારમાંથી જનાનામાં ગયો. સલીમની માતાના મેહેલમાં જવાની તેને ઇચ્છા થઇ તેથી તે પાધરો ત્યાંજ ગયો. સલીમની માતાને તે ખબર થતાં જ, શાહને સામી આવી, ફુલની થાળે વધાવી લીધો. મેહેલમાં દોડધામ થઇ રહી. દાસદાસીઓ પણ શાહને પધારેલો જાણી દોડધામ કરવા લાગી. મેહલમાં રાણી તેમજ શાહ ઘટતે આસને ગોઠવાયાં પછી મીઠાઇના ખુમચાઓ લાવવામાં આવ્યા. તેમાંથી મનભાવતી મીઠાઇઓ—મેવા ખાઇ આનંદ કીધો. દરબારમાં પણ શાહને આનંદ થયો હતો તેથી તે ખુશ મીજાજમાંજ હતો. શાહે તે દિવસે દરબારમાં બનેલી તમામ હકીકત રાણીજીને

કહી સંભળાવી. પછી બીરબલે મૂકેલી કવિતાના ત્રણ ચરણ કહીને કહ્યું કે, આનું ચોથું ચરણ મારી દરબારમાંનો કોઇક પૂર્ણ કરશે તો ખરો, પણ મારી રસિક રાણીઓમાંથી કોઇ જો કરે તો હું વધારે ખુશી થાઉં. વાહાલી, તું પણ કવિતાની રસિક છે તો તારાથી તે થઇ શકશે ? રાણીએ ઉત્તર આપ્યો, નામવર હું એ બાબે પ્રયત્ન કરી જોઇશ, પણ હાલ તો હું આપણા બાળકુમાર પાસે જાઉં છું, કેમકે ઘણીવાર થઇ મેં તેને જોયો નથી, આપ પણ ત્યાં પધારો.

બાદશાહ અને રાણી બંને જણા બાજુમાં જ બાળકુમારનો ઓરડો હતો ત્યાં ગયાં. નાનો કુમાર સોનાના પલંગ ઉપર સૂતો હતો અને તેની ખાસ આયા તેનાથી થોડેક દૂર બેઠી હતી. રાણીએ નજ-દીક જઇ જોયું તો કુમાર ઉંઘમાં હસતો હતો. થોડીવારમાં જ તેણે પાસું ફેરવ્યું અને તે વેળા તે ઉંઘમાં રડતો જણાયો. રાણીએ તરત તેને પોતાના પાસાંમાં લીધો એટલે કુમાર પાછો હસતો થયો. આટલી વારમાં તો પાંચસાતવાર તે કુમારની રાણીએ સંભાળ લીધી. પછી રાણીએ કહ્યું, ખાવિંદ, હવે આપે કહેલી કવિતાનું ચોથું ચરણ આપને જણાય છે કે નહી ?

બાદશાહને મન તો ઠેરે ગયું ગાડું, તે તો કાંઇ સમજી શકયો નહી, તેથી બોલ્યો, ના વાહાલી, મને કાંઇ સમજ પડતી નથી.

રાણી બોલીઃ—જુઓ. તે ચોથું ચરણ આ છેઃ—

**“બાળક માતા શકત”**—હવે તે આખી કવિતા મળે છે કે નહી તે તપાસી જુઓઃ—

> અહોરાત્ર જાગૃત ખડે, મમરક્ષક મહાશકત;
> યોં કહે સુખે સૂવે સદા, બાળક માતા શકત.

બાળક મનમાં પોતાની માતાને સૌથી વધારે બળવાન માને છે. તે તો પોતાનું દુઃખ પોતાની માતા દૂર કરશે, એમજાણી કાંઈ ચિંતા રાખતું નથી. મારૂં રક્ષણ કરનાર મારે માટે જાગે છે જાણી બાળક સુખે ઉંઘે છે. મારી અબળાની બુદ્ધિ પ્રમાણે મેં આ સમસ્યા પૂર્ણ કીધી છે.

બાદશાહ, આ ચરણ પોતાની રાણીના હાથથી ગોઠવાયલું જોઇ બેહદ ખુશી થયો. તેણે ધાર્યું કે મારી દરબારનો કોઇપણ દરબારી આવું સરસ ચરણ કરી શકનાર નથી. સમસ્યા તો પૂર્ણ થઇ તેમાં તો ના નથી. કદી બીરબલને સરસ્વતી દેવીએ આપેલી કવિતાનું ચોથું ચરણ એ નહી હોય તોપણ અડચણ નથી. આ તો મારા મનથી સૌથી સરસ ચરણ છે. એમ માનવા છતાં બાદશાહના મનમાં એ સમસ્યાના સંબંધમાં બહુજ આતુરતા વધી. તે આતુરતામાંજ તેણે બીજે દિવસે દરબારી કામકાજ ઝટ આટોપી દઇ, એજ વાત ઉઠાવી. બીરબલ આવ્યો છે કે નહી તેની તેણે ખબર કહાડી, તો તે તો બધા દરબારીઓની પાછળ એક ખુણામાં ભરાઇને બેઠેલો જણાયો. તેને જોતાંજ બાદશાહે તેને તેની કવિતાનાં ત્રણ ચરણ બોલી જવા ફરમાશ કરી. તે કબૂલ રાખી તે કવિતાનાં ત્રણ ચરણ બોલી ગયો, એટલે બાદશાહે દરબાર તરફ ફરીને કહ્યું કે, આનું ચોથું ચરણ દરબારમાંના કોઇપણ વિદ્વાને પૂર્ણ કરી આપવું. દરેક જણ એક બીજાના મોઢાં જોવા લાગ્યા. તેમ જોઇને એક "હાજી હા" ઉભા થઇ બોલ્યા, "હ્યોને, એનું ચોથું ચરણ તો મને ખબર છે, તે હું પૂર્ણ કરૂં. એ તો "અકબરશાહ અબજકત" એ છે. મતલબ એ કે, હાલ આખું જગત નીરાંતથી ઉંઘે છે, કારણ કે આપ જેવા બળવાન અને સાવધ બાદશાહ તેમની ઉપર રાજ્ય કરે છે. કેમ બીરબલ—બોલ એ જ ચોથું ચરણ કે બીજું? બોલ, બાદશાહનો આવો પ્રતાપ નથી? "હાજી હા" એ શાહની ખુશામત કરી, પણ તે નામવરને તે પસંદ ન હતું, છતાં તરત તો બધાંના મોઢાં ચુપ થઇ ગયાં. પણ બાદશાહને તે પસંદ પડ્યું નહી, તેને તો પોતાની રાણીનું ચરણજ કાંઇક બંધબેસ્તું લાગ્યું. તેથી તેણે બીરબલને પૂછ્યું, કેમ બીરબલ, ચોથું ચરણ એજ છે કે? તેણે આ વેળા પંડિતજીને પડખે જવાનો ઠરાવ કીધો અને બોલ્યો, ખુદાવિંદ, આપ જેવા કદરદાન બાદશાહ અને જગન્નાથ જેવા પંડિતરાજ જ્યાં હોય ત્યાં મારા જેવાએ બોલવું વાજબી નથી; છતાં પણ મારે કહેવું તો જોઇયે કે સરસ્વતીનું કહેલું ચરણ આ નથી.

પંડિતજીએ પણ બીરબલની પક્ષ ખેંચી અને તે બોલ્યા, જેહાંપનાહ, બીરબલ ખરૂં જ કહે છે. આવું અર્થ વગરનું બોલતાં એને શરમ તો ના આવી, પણ એના દોષ બતાવી આપનારે પોતે જ શરમાવું જોઇયે.

દરબાર, આ કરડાકી ભરેલું બોલવું સાંભળી ગભરામણમાં પડી અને પેલા "હાજી હા" પણ ચીડવાઇને બોલી ઉઠ્યા, પણ મેં શું ખોટું કહ્યું છે તે તો સમજાવો. પંડિતરાજે કહ્યું, નામવર શાહ રજા આપે તો હમણાં હું બોલું. બાદશાહે રજા આપવાથી પંડિતજી બોલ્યા, "પૃથ્વિપતિ, આ હાજીઓ તે શું કહેનાર હતો, પણ આખી પૃથ્વી આપના પ્રતાપથી જાણીતી છે જ, પણ આ અર્થ અહી બીલકુલ લાગુ થતો જ નથી, જો આ કવિતા પ્રજાને લગતી હોય તો આપણે કદાચ તેમ ગણીએ તો **"મમ રક્ષક"** છે તેને બદલે **"હમ રક્ષક"** જોઇયે.

બાદશાહના કહેવાથી મહારાજા માનસિહજી, અબુ ફ્જલ, વગેરેને તે સંબંધી ખુલાસા કરવા પડ્યા, અને તેઓએ પોતપોતાનાં ચાતુર્ય પ્રમાણે અર્થ ગોઠવ્યા. એટલામાં ટોડરમલ બાહારથી આવી લાગ્યા, તેમને જોઇ બાદશાહે તેમને પણ ચોથું ચરણ પૂર્ણ કરવા ફરમાશ કરી, એટલે તેમણે એ ચોથું ચરણ નીચે મુજબ ગોઠવી દેખાડયું:-

**બાળક, ભુપ, સુભક્ત.**

બાદશાહ પણ આ ચરણ બંધબેસ્તું સમજી ખુશી થયો, અને બીરબલને સવાલ કીધો કે, બોલ બીરબલ તારી કવિતાનું ચોથું ચરણ એ જ છે કે?

બીરબલ શીર નમાવી બોલ્યો, કવિતાના છેલ્લા ચરણમાં જરા ફેર છે. રાજાજીએ **બાળક** શબ્દ વાપર્યો છે ત્યાં મારી કવિતામાં **બાળકુ** શબ્દ છે. ટોડરમલે તે ફેર કબૂલ રાખ્યો. છતાં હવે બાદશાહે ખુશી થઇ પૂછ્યું, આ દરબારમાંથી કોઈ પણ એમાંનો ચમત્કાર બતાવી શકશે?

શાહેર ફૈઝી બોલ્યો, હાજી, એમાં વધારે ચમત્કાર છે. અહીં બોલાયલી બધી કવિતાઓ એમાં સમાઈ જાય છે:-

**બાળકુ ભૂપ સુભક્ત**

છે તેને જો પદ તોડીને વાંચીએ તોઃ–

**બાળ, કુભૂપ, સુભક્ત**

એમ થાય છે. પેહેલી રીતે બધાને પસંદ પડતો અર્થ થાય એમ છે, અને બીજી રીતે થતો અર્થ કેટલાકને રૂચતો નથી.

બાદશાહ પોતાની દરબારમાં આવાં આવાં રત્નો ભેગાં થયાં છે તે જાણીને બહુ આનંદ પામ્યો, અને પંડિતરાજને પૂછ્યું કે અહીં જે જુદાં જુદાં પદો બોલાયાં તેમાં સર્વેથી રસિક કયું?

પંડિતજીએ ધીમેથી જવાબ દીધો; સરસ્વતીકૃત તો બીરબલનું જ પદ છે તેથી તે વધારે રસિક કહેવાય.

આ પ્રમાણે બીરબલ બાદશાહની દરબારમાં દાખલ થઈ ચુકયો. તેને તે જ દિવસે બાદશાહે સરપાવ મંગાવી આપ્યો અને પોતાના દરબારી તરીકે તેની નિમણુક કીધી. અહીંથી તે પોતાની હુશિયારીથી આગળ ને આગળ વધવા લાગ્યો.

આવી રીતે ગરીબ સ્થિતિમાં જન્મેલો બીરબલ, પોતાની જાતિ હુશિયારીથી દિલ્લીની દરબારમાં મોટો દરજ્જો પામ્યો.

## બાદશાહનો ભેદી સવાલ.

બાદશાહ એકવાર દરબાર ભરી બેઠો હતો, તેવામાં તેને વળી એક કીડો સળવળી આવ્યો, અને તેણે બીરબલને એક કવિત બોલી સંભળાવી તેનો અર્થ જાણવા માંગ્યો. તે કવિત નીચે મુજબ હતુંઃ–

"ઉપર ઢક્કન નીચે ઢક્કન બીચમેં ખરબૂજા
મોમ છૂરીસોં આપહિ કાટે તાસુ અર્થ નહિ દૂજા."

બીરબલ તો આ કાંઈ નવું જ સાંભળીને ચક્તિ થઈ ગયો, અને એનો અર્થ બતલાવી શક્યો નહી. તેથી ગુંચવાઇને તેનો જવાબ દેવા માટે તેણે કેટલીક મુદત માંગી. બાદશાહે તે સ્વીકારી તેને થોડાક દિવસની મુદત આપી. બીરબલ તો દિવાનાની પેઠે દિલ્લીથી બાહાર ચાલી નિકલ્યો. ચાલતાં ચાલતાં તે એક ગામમાં આવી લાગ્યો. ત્યાં જતાં તેને સખત પ્યાસ લાગી એટલે તે પ્યાસ

છીપાવવાને બ્હાને એક ઘરમાં ઘુસ્યો. ઘરમાં જઈ એક બાજુ ઉભો રહી, ઘરની વ્યવસ્થા જોવા લાગ્યો. એક બાજુએ એક છોકરી, ચુલ્હો સળગાવી રસોઈ કરતી હતી. તેને તેણે સવાલ કીધો, "બેટી, ક્યા કરતી હે ?"

છોકરી બોલી:–

"મેં બેટીકો પકાતી ઔર માકો જળાતી હું."

બીરબલે બીજો સવાલ કીધો:–"તેરા બાપ ક્યા કરતા હૈ ?"

છોકરીએ ઉતર આપ્યો–"મિટ્ટીમેં મિટ્ટી મિલાને ગયા હૈ."

બીરબલે ફરી સવાલ કીધો:–"બેટી, તેરી માતા કહાં હૈ ?"

છોકરી બોલી:–"એક એકકે દો દો કરને ગઈ હૈ."

બીરબલ તો આ ભેદ ભરેલા ઉત્તરો સાંભળી ગભરાઈ ઉઠ્યો, અને છોકરીની ચતુરાઈ વિષે વિચાર કરતો ઉભો. એટલામાં તે છોકરીનાં માતાપિતા આવી લાગ્યાં. તેમને જોઈને બીરબલે, બનેલી સઘળી વાત કહી સંભળાવી. તે સાંભળી તે છોકરીના પિતાએ ખોલાસો કીધો–"સાહેબ, મારી છોકરી અદડની દાળ પકાવે છે, અને તેનાં ડરડાંખલાં ચૂલ્હામાં બાળે છે; એટલે તે પેહેલા સવાલનો જવાબ બરાબર થયો. હું મારી જ્ઞાતિમાં એક મરણ પામેલા માણુસને બાળવા ગયો હતો, અને મારી સ્ત્રી પ્રસૂતિ થતી એક સ્ત્રીને સંભાળવા ગઈ હતી." બીરબલ, આ ખોલાસો સાંભળી ખુશી થયો. તે પછી તેણે બાદશાહનાં કવિતનો અર્થ તેને પુછ્યો. તે કવિત સાંભળી તે ગામડિયો બોલ્યો, "શેઠજી, દો ઢક્કન તો ધરતી અને આકાશ હૈ, ખરબૂજા મનુષ્ય હૈ, સો જેમ મીનબતી ગરમીથી પીગળી જાય છે તેમ માણુસ તરેહવાર પ્રકારનાં મરણુથી મરી જાય છે. બીરબલને આ ખુલાસો, આવા એક ગામડિયા તરફથી મળ્યો, તે જોઈ બહુ ખુશ થયો, અને તેને સારૂં ઇનામ આપી, પેલી છોકરીની પણ સ્તુતિ કરી દિલ્હી તરફ આવી લાગ્યો. બીજે દિવસે દરબારમાં આવી, બાદશાહને તેના કવિતનો અર્થ કહી સંભળાવ્યો, તે સાંભળી બાદશાહજી પણ ખુશ થઈ ગયા.

## "જૂતોંકે મારે ખડા હૈ"

બાદશાહ એક દિવસ મંત્રીઓ સહિત જામે મસ્જીદમાં નમાજ પઢવા ગયો હતો. સંયોગ એવો બન્યો કે, ફૈઝીનાં જૂતાં કોઇ તફ્ડાવી ગયું. આથી બાપડો ફૈઝી અહીં તહીં, જૂતાંની શોધમાં પડ્યો હતો. એમ કરતાં બધાઓએ ચાલવા માંડ્યું, તે જોઇને શાહે તેને પૂછ્યું, કેમ તમે ચાલતા નહી. બીરબલ રમુજ કરતાં બોલ્યો,"જનાબ, જૂતોં કે મારે ફૈઝી ખડે હૈ." તેના બોલવાનો ભાવાર્થ એવો હતો કે, જૂતાંને લીધે ખોટી છે, પણ ભાષા એવી વાપરી કે, તેનો અર્થ, એમ પણ થઇ શકે કે, "જૂતાંના મારને લીધે ખડો છે."–આથી જોઇ લેવો ત્યાં હસાહસ.

## 'બીરબલ, લા કોઈ ઐસા નર, પીર, બબરચી, ભિસ્તી, ખર !'

એક દિવસે બાદશાહને એવી જ ધુંઇ ભરાઇ કે, બીરબલને તાકીદ કરી દીધી કે, "લા કોઇ ઐસા નર, પીર, બબરચી, ભિસ્તી, ખર." એટલે એવો એક જ માણસ મારા આગળ હાજર કર, કે જે પીર પણ હોય, તેજ બબરચી પણ હોય, તેજ ભિસ્તી પણ હોય અને તેજ બોજો લાધવાનાં પણ કામનો હોય. બીરબલે વિચાર કીધો કે, બાદશાહના ઢંગનો કંઇ ધડો છે ખરો ! પણ કરે શું ? હોકમ થયો એટલે કેમે કરી તે બજાવવો તો જોઇએ જ. બીજે દિવસે તેણે બહુ વિચાર પોહોંચાડી એક બ્રાહ્મણને શીખવીને હાજર કીધો, અને બાદશાહને કહ્યું કે આપે માંગેલા ચારે ગુણ આ માણસ ધરાવે છે. બાદશાહે તે બાબત બીરબલને ખોલાસો પૂછ્યો. એટલે તે બોલ્યો જનાબ, સાંભળો, આ માણસ જાતે બ્રાહ્મણ છે એટલે તે જગદગુરૂ સરખો હોઇને પીર તરીકે માન્ય થાય છે; વળી દરેક માણસ બ્રાહ્મણને હાથે બનાવેલી રસોઇ વગર વાંધે જમે છે, એટલે એ બબરચી પણ છે; વળી એ બ્રાહ્મણીઓ છે એટલે બધાને પાણી પાવાનું પણ કામ કરી શકે છે એટલે તે ભિસ્તી પણ છે; વળી પરદેશમાં એના માથા ઉપર બોજો પણ લાધવામાં આવે છે એટલે તેને લીધે તે ખર પણ ગણી શકાય. બ્રાહ્મણને

નોકર રાખવામાં, રાખનારની ચારે મતલબ ખુશીથી પાર પડે છે. બીરબલની આ ચતુરાઇ જોઇ બાદશાહજી ખુશ થઇ ગયા.

## લડાઇમાં જીત કે હાર?

એકવાર લડાઇપર જતી વખતે બાદશાહે બીરબલને પૂછ્યું, "કેમ બીરબલ, લડાઇમાં મારી જીત થશે કે હાર?" બીરબલે જવાબ દીધો, "જનાબ, રણભૂમિમાં કહીશ." બાદશાહે રણભૂમિમાં બીરબલને સવાલ કીધો, "કેમ બીરબલ હવે બોલ, મારી જય થશે કે હાર?" બીરબલે જવાબ દીધો, "ખુદાવિંદ, આપની જય થશે." બાદશાહે વળતો સવાલ કીધો, "કેવી રીતે?" બીરબલ બોલ્યો, "સરકાર, શત્રુ હાથીપર ચઢીને આવ્યો છે; હાથીને એવી ખોડ છે કે, પોતાનાં જ મસ્તક ઉપર ધૂળ ભરે છે; આપ તો ઘોડા પર સવાર થયા છો; ઘોડો ગાજીમર્દ છે." બીરબલના આ જવાબથી બાદશાહજી ખુશ થયા, અને ખરેખરી ફત્તેહ મેળવતાં બીરબલને તેની વાણી માટે ઇનામ આપ્યું.

## બીરબલ કુતરાંઓનો સરદાર!

એક દિવસે દરબારમાં બેઠાં બેઠાં, ગપ્પાં સપ્પાં ચાલતાં હતાં. તે વેળા અબુફઝલે બાદશાહ દેખત બીરબલની ઠેકડી બનાવી કે, "કવિરાજ બીરબલજી, આજથી આપને કુતરાંઓના સરદાર બનાવવામાં આવ્યા છે." આ સાંભળી બીરબલને તો માથાથી પગ સુધી દાઝ લાગી, પણ બીરબલ બચ્ચો ક્યાં કાચો હતો. તે આ ઠેકડી ગુપચુપ સાંભળી જાય તેમ ન હતું, એટલે જાણે પોતાને કાંઇ માઠું લાગ્યું નહોય તેમ સામો હસીને બોલ્યોઃ ઓહોહો, અબુફઝલજી, ત્યારે તો તમને પણ મારી આજ્ઞામાં રહેવું પડશે હો! જુઓ, આ આપસઆપસનાં વાગબાણ સાંભળી બાદશાહ તેમજ દરબારીઓની બેસુમાર હાસ્યવિનોદ, પણ અબુફઝલજીને તો તદન નીચું જોઇ રહેવું પડ્યું.

## ગદ્ધાની સંગતમાં ગધ્ધો થઈ ગયો!

એક દિવસે ટોલટપ્પાં ચલાવતાં ચલાવતાં બીરબલે બાદશાહને ખૂબ ચીડાવ્યો, જેથી બાદશાહે ક્રોધે ભરાઈ બીરબલને કહી દીધું કે બીરબલ તું હવે દિન પ્રતિદિન ગધેડો બનતો જાય છે. બીરબલે જોયું કે બાદશાહજી ખૂબ ટપી ગયા છે, પણ તેમની રીસ ઉતારવી જોઇએ. તેથી તે બોલ્યો, ખુદાવિંદ, હું અસલ તો બહુ બુદ્ધિમાન હતો, પણ હાલ, ગદ્ધાઓની સોબતમાં રહ્યાથી, ગધ્ધો બની ગયો છું. જોઈ લ્યો, બાદશાહજીનો ચેહેરો! પણ બોલે શું!

## સોનેરી પક્ષી! રાજાઓનાં દીલ હંમેશાં ઉદાર હોવાં જોઇએ!

એક વાઘરી, જંગલમાંથી તરેહવાર પક્ષીઓ પકડી તેને થોડું ઘણું બોલતાં શીખાડી તે બજારમાં સારી કીંમતે વેચી કહાડતો. એક દિવસે રોજ મુજબ જંગલમાં જઈ પક્ષી પકડવા જાળ માંડી અને તેમાં પોપટો વગેરે સપડાવાની રાહ જોતો ઉભો. હંમેશ ત્યાંથી પોપટ–મેના વગેરે સારી જાતનાં પંખેરાંઓ આવતાં હતાં, એટલે આજે પણ તે એવું કોઈ એકાદ પક્ષી સપાટામાં આવી જવાની ઉમેદમાં ઉભો હતો. પણ કમનસીબે તે દિવસે પોપટને બદલે બીજું કોઇ જંગલી પંખેરૂ સપડાઈ ગયું. હવે કેમ કરવું? તેના વિચારમાં તે પડ્યો.બીજીવાર જાળ નાંખે તો કોઈ બીજું પક્ષી હાથમાં આવવાની વક્કી ન જોઇને તે જંગલી પંખેરાંને લઇને બજારમાં ચાલ્યો. બજારમાં તો તે જંગલી પંખેરાંનો કોઈ પણ ગ્રાહક તેને મલ્યો નહી. એટલે તે જો કે લગાર નિરાશ તો થયો, પણ છતાં તેણે હીંમત છોડી નહી. તેને પાછો ઘરે લઈ આવ્યો. રાતનાં ને રાતનાં બેસીને તેણે તે પંખેરાંનાં પીંછાને સોનેરી રંગથી રંગી નાખ્યાં, કેટલોક ભાગ સોનેરી બનાવ્યો અને કેટલોક ભાગ પોપટીઆ બનાવ્યો. આવી રીતે તેને વિચિત્ર દેખાવ આપી દીધો. રાત્રે તો રંગ સૂકાઈ ગયો. એટલે બીજે દિવસે સવારમાં બજારે જઈ એક ફક્કડ પાંજરૂં ખરીદી લાવ્યો; અને તેમાં આ સોનેરી પક્ષીને મુકીને બજારમાં વેચવા આવ્યો. રસ્તે જતાં લોકો આ નવાઈ જેવાં પક્ષીને જોતાં આશ્ચર્ય પામતા, પણ જ્યારે

બારીકીથી તપાસ કરતાં તેનાં પીછાં ઉપર રંગ ચઢાવેલો છે એમ જાણી જતા. એટલે કોઇપણ તે ખરીદ કરવા વિચાર કરતા નહી, કે નહી તેનો ભાવ પૂછતા. વાઘરી પણ રખડતો રખડતો રાજાના મેહેલ આગળ જઇ પોહોંચ્યો. દરવાજામાં એક શાહજાદો રમતો હતો. તેની નજર આ પક્ષી ઉપર પડતાં તેણે તે ખરીદ કરવાની મરજી બતાવી. પોતાની દાસી પાસે તે પાંજરૂં ઉચકાવી તે પોતાની માતા પાસે લઈ ગયો, અને હઠ લેવા માંડી કે આ પક્ષી મને અપાવો.

રાણી સાહેબે પક્ષીને જોતાંજ જાણ્યું કે તે કોઈ તદન જંગલી છે, પણ તેનાં પીછાં રંગી નાખેલાં હોવાથી તે આવું શોભાયમાન લાગે છે, એટલે તેણીએ તે ખરીદવા ના પાડી. એટલે શાહજાદો તો છેડાઇ પડ્યો, અને માતા જોડે બોહોંસ ઉપર ચઢ્યો. રાણીએ તે શાહજાદાને ઘણોએ સમજાવ્યો પણ તે તો એકનો બે થયો નહી. આ પ્રમાણે માદીકરા વચ્ચે રકઝીક ચાલતી હતી, એટલામાં બાદશાહનું ત્યાં આવવું થયું. તેણે આ વાત સાંભળીને કહ્યું, જો આપણા સરખાં રાજકુંવરો આવા પક્ષીઓ ખરીદ નહી કરે તો પછી વેચનારાઓ બિચારા નિરાશ થશે, અને કદાચ આપણને કહુવા પણ માંગશે, માટે પાંજરૂં ખરીદી લેવા અને વાઘરી જે માંગતો હોય તે તેને આપવાની હુજજત પકડી. હજી પણ રાણીજીએ તકરાર લીધી કે જો એ પક્ષી સારૂં હોત તો જુદી વાત હતી, પણ આ તો દેખાડવા માટે જ તેને રંગરોગાન કરી લાવ્યો છે, માટે એ લેવું ઠીક નથી, એ તો એક ઠગાઇને ઉત્તેજન આપેલું કહેવાશે. બાદશાહે કહ્યું, "તેથીજ રાજાઓના દીલ કેવાં ઉદાર હોય તે જણાય છે. જો એ પક્ષી અસલથી જ આવું હોત તો તે જુદી વાત હતી. પણ આ તો નકલ બનાવેલી છે અને તેથી તે રાજકુંવરે લેવું જોઇયે છે એવી મારી મરજી છે માટે એના વેચનારને એકદમ એકસો અશરફીઓ આપી દો."

બાદશાહનો હુકમ થતાં રાણીએ તરત એકસો અશરફીઓ આપી અને પેલું પાજરૂં લઈ લીધું, પણ તેમ કરતાં તેણીએ તે વાઘરીને કહ્યું કે, આ જંગલી જાતનાં પક્ષીને પકડીને તેને રંગીને

લાવ્યો છે એ વાત હું જાણું છું, પણ આ વખત તો લઉં છું, જો બીજી વખત આવું પક્ષી વેચવા લાવશે તો ઠગાઈ કરવાનો વાંક તારા ઉપર મૂકી તને શિક્ષા કરાવીશ.

વાઘરીએ આ ધમકી સાંભળી લીધી, છતાં સો અશરફીઓ હાથમાં આવી તે બાંધીને ત્યાંથી વંજો માપી ગયો. રાણી સાહેબે તે પક્ષી લીધું તો ખરૂં પણ તે જંગલીને રાખીને શું કરે ? માટે તેને પાંજરામાંથી કહાડી ઉરાડી મેલ્યું. રાજા–બાદશાહોનાં મોટાં દીલનો આ એક અચ્છો નમુનો બતાવે છે.

—⊱◆□◆⊰—

## વનસ્પતિશાસ્ત્રનું અવલોકન.

એક દિવસે બાદશાહ બીરબલને લઇને રાજબાગમાં લટાર મારવા નિકળ્યો હતો. તે વેળા તેઓ વચ્ચે ઝાડ–પાનની વિદ્યા વિષેનાં અવલોકન ઉપર વિવાદ ચાલ્યો હતો. અને તે દરમ્યાન બીરબલે પણ પોતાનું વનસ્પતિશાસ્ત્ર વિષેનાં જ્ઞાનનું અચ્છું ભંડોળ પ્રદર્શિત કીધું હતું. સૌથી પહેલાં તેઓ જાઇ, જુઇ, ચંપો, ચંબેલી, એ બધાં ઝાડો જોતા જોતા મોગરા અને મોતીઆનાં કયારા આગળ આવ્યા. ગરમીના દિવસો હોવાથી ભર ઉનાળો ચાલતો હતો તેથી મોગરા અને મોતીઆના ફૂલોના ભારથી ઝાડની ડાંખલીઓ વાંકી થઈ ગઈ હતી. બાદશાહે આટલાં બધાં ફૂલો જોઈ કહ્યું, "બીરબલ, જો જો, આ મોગરા અને મોતીઆના ફૂલોથી આ ઝાડો કેવાં નમી ગયાં છે ? એની ઉપર પાંદડાં કરતાં ફૂલો વધારે છે, આહા ! શી એની શોભા છે ? શું એ ઝઝુમી રહ્યાં છે ?"

બીરબલે કહ્યું, "ખુદાવિંદ, આ તો ગરમીની મોસમ છે તેથી આટલાં બધાં ફૂલો થયાં છે, પણ કેટલાક ચતુર–હુશિયાર માલીઓ તો શિયાળામાં પણ મોગરાના ઝાડ ઉપર ફૂલો આવે એવી યુક્તિ કરે છે; મોગરાને સારૂં ખાતર, વખતસરનું નીંદવું અને એકાંતરે પાણી પાવામાં આવે તો બારે માસ ફૂલ થયા કરે."

હવે હયાંથી જરા આગળ વધ્યા. ત્યાં ગુલાબનાં ઝાડો હતાં. બાદશાહે અજાયબી દેખાડી કે આવાં સુંદર ગુલાબનાં ફૂલો કેવાં

કાંટા વચ્ચે ઉગે છે? બીરબલે જવાબ દીધો, ખુદાવિંદ, કુદરતે ઠીક જ કીધું છે જો એને કાંટા ન હોય તો બધા એને ટપોટપ તોડી લે; આ જુઓ કેવડો છે, એને પણ કાંટા છે. રજપૂતાણીઓ ગુલાબ અને કેવડા જેવો પોતાનો પતિ કાંટાવાળો હોય તે વધારે પસંદ કરે છે.

ત્યાંથી હીંડતાં હીંડતાં જાયફળનાં ઝાડ આગળ આવ્યા. તે જોઈ બીરબલ બોલ્યો, આ જુઓ ખુદાવિંદ, જાયફળનું ઝાડ. એના બધાં વાનાં તરેહવાર કાર્યોમાં આવે છે, આ ફળ તે જાયફળ અને તેની ઉપર જાવંત્રી છે અને એના ઝાડની છાલ તે તજ. આ એની પાસે જ લવીંગનું ઝાડ છે; એનાં પાંદડાંમાં પણ લવીંગ ના જેવોજ વાસ આવે છે, પણ આ દારૂડીનું ઝાડ છે, તે અહીં શા માટે રહેવા દીધું છે? માળી પણ કેવો છે? એ અહીં શા માટે જોઇએ?

બાદશાહે ખોલાસો કીધો, માળી તો એ ઝાડ કહાડી નાખતો હતો પણ મેંજ રહેવા દીધું છે, જેમ જાયફળનાં ઝાડનાં બધાં વાના ઉપયોગનાં છે તેમ એનાં પણ ફળ, બીજ, પાંદડાં ડાળી, મુળીઆં બધા ઉપયોગી છે; વાત, પીત, કફ, તથા શક્તિ ઉપર જુદે જુદે અનુપાને એ અપાય છે. બીરબલે બાદશાહની આ વાતને ટેકો આપ્યો, અને બોલ્યો, એ ઝાડને કેટલાક લોકો "અદેખી"ના નામે ઓળખે છે, કારણ કે ઉનાળામાં જ્યારે ભર તડકો પડે છે ત્યારે એ ઝાડ ઉગે છે, અને પાણી પીવરાવવાની જરૂર રહેતી નથી, એટલુંજ નહી પણ પાણીનો એ ઝાડને કંટાળો છે, કારણ કે વરસાદની મોસમ શરૂ થતાંજ એ ઝાડ સૂકાઇને છોતરાં જેવું થઇ જાય છે. વળી કુદરતની આ એક બીજી અજાયબી. આ એક વડનું ઝાડ છે એ ઝાડ કેવડું મોટું થાય છે, પણ એનાં ફળ તો નાનાજ હોય છે. એ માટે એક રમુજી વાત ચાલે છે. કહે છે કે એક વેળા એક મુસાફર નદી કિનારે ઉતર્યો હતો. ત્યાં વડના છાયા નીચે તે આરામ લેવા પડયો, એટલામાં ત્યાં ઉગેલા એક કોહોળાના વેલા ઉપર તેની નજર પડી. આ વેલો જોઇ તેણે મનમાં વિચાર કર્યો; "શું આ કુદરતની અજાયબી નથી કે આવા નાનકડા વેલા ઉપર આવડા મોટાં ફળ પેદા કર્યાં છે અને

આવાં મોટાં વડના ઝાડ ઉપર આટલાં નાનાં નાનાં ટેટાં રચ્યાં છે. આવી કેટલીક બાબતમાં કુદરત એકબીજાથી ઉલટી જણાય છે.

પેલો મુસાફર આવો વિચાર કરતો હતો એટલામાં તેના માથા ઉપર વડનું એક ફળ આવી પડ્યું. આ ફળ બરાબર વખતે જ પડ્યું હતું, પણ આ ફળના પડવાથી તેની નજર ઉઘડી. તેણે કહ્યું, "કુદરત જે કરે છે તે વાજબી જ કરે છે. જો આ વડના ગંજાવર ઝાડ ઉપર કોહોળાં જેવું જ મોટું ફળ હોય તો તે આ વખત મારા માથા ઉપર પડી મારૂં માથું ફાડી નાખત, પણ આ નાનકડું ફળ તો જાણે પાંદડું પડ્યું હોય તેમ જણાયું, માટે કુદરતનો નિયમ બરાબર છે."

આમ બોલતો તે મુસાફર ઉઠીને ચાલતો થયો. ખુદાવિંદ, તે જ પ્રમાણે જે ઝાડને જે ફળ અને ફૂલ લાયક છે તે જ કુદરત તરફથી તેમને મળ્યું છે.

આમ વાતો કરતા તે બંને જણા ફરી હરી શેહેરમાં પાછા ફર્યાં.

સમાપ્ત

## આપની લાઇબ્રેરી શોભાવે તેવાં

# ઉત્તમ નવાં પુસ્તકો.

| | |
|---|---|
| અકબર બીરબલનો વિનોદી વાર્તાસંગ્રહ (પાકું પુઠું) | ૧।।। |
| ૯ નવી વાતો ... ... | ૧।। |
| મસ્તફકીરની મસ્તી. હાસ્ય રસથી ભરપૂર સુંદર સચિત્ર વાર્તાઓ ... ... ... | ૨ |
| દંપતિ વાર્તાલાપ ... ... | ૦।।।= |
| વર્માની વિવિધ વાર્તાઓ (સચિત્ર) ... ... ... | ૨ |
| અદ્દભુત યોગિની. સત્યેંદ્ર પ્રસાદ મહેતાકૃત (સચિત્ર) ... | ૩ |
| પ્રભાતના રંગ (વિજયરાય વૈદ્યકૃત) ... ... ... | ૨। |
| કલિકા (કવિ ખબરદાર) ... | ૨ |
| વિશ્વગીતા (કવિ ન્હાનાલાલ) | ૧।। |
| બાળ વાર્તાવલિ (સચિત્ર)... | ૧ |
| ત્રણ નાટકો (હંસા મ્હેતા બી. એ.) ... ... ... | ૧। |
| પડદા પાછળ (યશવંત પંડ્યા કૃત ઉત્તમ નાટક) ... | ૦।।= |
| રાસ તરંગિણી (બોટાદકર) | ૦।।= |
| મજુમદારનું સુંદર આલ્બમ વૉલ્યુમ ૧ થી ૫ દરેકના | ૧।।। |
| કેકારવની પૂરવણી (કલાપી) | ૦।। |
| ચિત્રા અને માલિની (ટાગોર) | ૦।।। |
| શૃંગાર ત્રિવેણી (સચિત્ર) ... | ૧। |
| કલાપીના પત્રો ... ... | ૧। |
| પ્રણયપંક (શરદ બાબુ) ... | ૨।। |
| વીરની વાતો ભાગ ૧ થી ૩ (સચિત્ર) દરેકના ... | ૨।। |
| લંડન રાજ્ય રહસ્ય ભાગ ૧ થી ૧૨ દરેકના ... | ૦।।।= |
| સુશીલાના પત્રો ... ... | ૧। |
| માલાદેવી અને બીજા નાટકો (બટુ ઉમરવાડીયાકૃત)... | ૧।। |
| મુંબઇનો વ્યાપારી અનુભવ. | ૩।। |
| કાન્તનો પુર્વાલાપ (નવી આવૃત્તિ) ... ... | ૨ |
| નવ દંપતિને શિખામણ. | ૨। |

## ખાસ લાભ

એકી સાથે રૂ. ૧૦ અથવા વધુના પુસ્તકો મંગાવનારને પોસ્ટેજ માફ.

## સી. જમનાદાસની કું. બુકસેલર્સ,

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

## " અકબર-બીરબલનો વિનોદી વાર્તાસંગ્રહ " માટે વિદ્વાનો-વર્તમાનપત્રો તથા માસિકો, વિગેરેના અભિપ્રાયો.

### વિદ્વાનો.

એ સંગ્રહ વિનોદી છે એટલું જ નહિ એટલે એ વાંચતાં ગમ્મત અને મઝા તો પડે જ, પરંતુ તે ઉપરાંત એમાંની કેટલીક વાર્તામાંથી ઉંડી અક્કલ અને સમજ લેવાની છે, એટલે એવી વાતોનો સંગ્રહ કરી તેને સાદી, સૌથી સમજી શકાય એવી ભાષામાં પ્રસિદ્ધ કરી તમે ઘણું ઉપયોગી કામ કર્યું છે તે બદલ તમને મુબારકબાદી ઘટે છે.—રા. રા. કૃષ્ણલાલ **મોહનલાલ ઝવેરી,**

મુંબઈની સ્મોલ કાઝ કોર્ટના ચીફ જડજ,
તથા મુંબઇ હાઇ કોર્ટના કામચલાઉ જડજ.

---

મી૦ જહાંગીર કા. તવડીઆ જેઓ હેમ્બર્ગ (જર્મની)ની યુનિવર્સિટીના 'ગુજરાતી', 'હિન્દી', 'અવસ્તા અને પેહેલવી'ના લેકચરર છે, અને હમણાંજ ત્યાંની Ph. D. ની પરીક્ષા પસાર કરી Ph. D.ની માનવંત પદવી મેળવી છે, તેઓએ આ પુસ્તકના સંબંધમાં ત્યાંના એક સુપ્રસિદ્ધ જર્મન ભાષામાં પ્રગટ થતાં પત્રમાં જે લંબાણ સમાલોચના કરી છે, તેમાંથી ટુંક ટાંચણ આ નીચે ઉતારી લીધું છે.– On the whole he (Mr. Sattha) carries the palm so far as purity and gracefulness of language is concerned, to speak in the words of the author of the history of the Gujarati literature. Hence the book under review is very suitable as a Gujarati reading book also because it depicts Indian life and is not filled with Indian sentiments. It contains anecdotes about Akbar and his court poet Birbal which are well known all over in Northern India.–*Orientalische Literaturzeitung*—1928 No. 5.

એ કાંઇ વિનોદનુ જ પુસ્તક ન કહેવાય, પરંતુ સંસ્કાર પામેલી ભાષામાં સાહિત્ય, રાજનીતિ, હાજરજવાબીના હુન્નર અને મંડળીમાં કેવી રીતે સમાઇને એક માણસ પોષાઈ શકે તેનું ઉચ્ચ જ્ઞાન ગ્રહણ કરવાનું અમૂલ્ય સાધન કહી શકાય. —**મી૦ સો. મ. દેશાઈ.** (નવસારી)

---

ફુરસદને વખતે આ નાહની વાર્તાઓ મનરંજન કરવાની પુરેપુરી શક્તિ ધરાવે છે, એવું મારૂં અદના મત છે, અને જ્યારેબી ફુરસદ મળે છે ત્યારે ટુંકી વાર્તા વાંચવા માટે હું તમારૂં એ પુસ્તક હાથ ધરૂં છું.—**ડૉ૦ ધ. ન. પટેલ**—એક અથંગ લેખક તથા પ્રસિદ્ધ કીર્તનકાર.

---

## વર્તમાન પત્રો.—માસિકો વગેરે.

**"અકબર–બીરબલનો વીનોદી વાર્તાસંગ્રહ" જેમાં અકબર–બીરબલની બોધદાયક રસીલી વાર્તાઓનો અને બીરબલના માર્મીક, અર્થસુચક ટાહુક ટુચકાઓનો, તેમ જ હીંદના બીજા રાજાઓના હાજરજવાબી દીવાનોની તેવીજ વીનોદી વાર્તાઓનો ઘણો અચ્છો સંગ્રહ કીધેલો જોવામાં આવે છે. આ ચોપડી કોઇબી કોમનાં કોઇબી આબરૂદાર કુટુંબના મોટી તેમ જ નાની વયનાં માણસોના તેમજ બાળબચ્ચાંઓના હાથમાં મુકવા લાયકની છે, અને આપણી કેળવણી લેતાં બાળકોને એ ચોપડી ઇનામ તરીકે આપવા લાયકની છે.**
—**"સાંજ વર્તમાન"**—તા૦ ૮–૧૦–૨૭.

---

**દરેક વાર્તા વાંચનારને જ્ઞાન સાથે ગમત આપનારી છે. કોઇ વાર મુશ્કેલ સંજોગો ઉભા થતાં તેમાંથી છટકવા માટે કેવી સમયસુચકતા વાપરવી તેનું ઘણું સારૂં જ્ઞાન આ અકબર-બીરબલના વીનોદી વાર્તાસંગ્રહ ઉપરથી મળે છે. મુસાફરી દરમ્યાન વાંચવા માટે યા ફુરસદનો વખત જ્ઞાન મેળવવા સાથ ગમતમાં ગાળવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડે તેવું છે.**
—**"જામે જમશેદ"**—તા૦ ૧૯ મી નવેમ્બર ૧૯૨૭.

---

**અકબર બીરબલની વાર્તાઓ બે ઘડી મનરંજન કરનારી, આનંદ આપનારી, અને મુશ્કેલીઓમાંથી છુટવા માટે સમયસુચકતા યાને હાજરજવાબી કેવી કીમતી થઈ પડે છે તેનું સચોટ જ્ઞાન આપનારી છે. આ વીનોદી વાર્તાઓ પુરૂષો જોડે સન્નારીઓ અને નીશાળે ભણતાં સર્વે બાળકોના હાથમાં મેલવા લાયક છે.**—**"મુંબઇ સમાચાર"**—તા૦ ૨૬ મી નવેમ્બર ૧૯૨૭.

---

**નવરાસના સમયમાં એ વિનોદનું, આનન્દનું સાધન છે તેમ તે સાથે જ તે બુદ્ધિ ખીલવવામાં અને જ્ઞાન મેળવવામાં પણ સાધનભૂત થાય તેમ છે આ વાતોની વિશિષ્ટતા એ જ છે કે, બાળ, યુવા, અને વૃદ્ધ, સ્ત્રી તેમ જ પુરૂષ સાક્ષર કે પ્રાકૃત સર્વ જનો તેને તેટલી જ સેહેલાઇથી સમજી શકે અને આનન્દ માણી શકે છે. કામકાજમાંથી પરવાર્યાં પછી મગજને રાહત આપવ આ વાંચન બહુજ ઉપયોગી થઇ પડે એવું છે. પુસ્તકમાંથી જે આનંદ, જ્ઞાન મળે છે તેના પ્રમાણમાં તેની કિમ્મત નજીવી છે. **—"ગુજરાતી" —તા૦ ૨૦ મી નવેમ્બર સને ૧૯૨૭.

---

**હાલનું પુસ્તક "અકબર-બીરબલનો વીનોદી વારતાસંગ્રહ" બીરબલ જેવા કુશળ પ્રધાનની ચાનક અને નસીહતરૂપી વારતા રજુ કરે છે કે, જેનુ વાંચન, વાંચનારી આલમનાં ડહાપણ-અક્કલમાં ઉમેરો કરવાને સામર્થવાન થવા વિશે કાંઈ પણ શક રહેતો નથી. ** આ પુસ્તકમાંની વારતાઓ આનંદરૂપ અને નસીહત આપનારી હોવાથી દરેક ઘરમાં તે રાખવા લાયકની લેખાશે.* "સત્યમિત્ર"—રવિવાર તા૦ ૧૧ મી ડીસેમ્બર ૧૯૨૭.

---

**બધી વીગતોની ચાલવણી કરી, માની શકાય તેવી રીતે માત્ર તથ્યાંશ સ્વીકારી, આકર્ષે એવી ગોઠવણ અને ઇસારત યોજી એક ઠેકાણે ગુંથવી એટલા પાછળ અતિશય શ્રમ અને વિવેક ખર્ચવાં પડે.** પુસ્તક આનંદ આપ નાર હોવાથી આપણે નવરાશનો વખત ગાળવાનું સાધન થવા ઉપરાંત આપણ બુદ્ધિની ધાર તીક્ષ્ણ કરવા માટે ઉપયોગી થશે.** સરલ અને શુદ્ધ શૈલી જોત આનંદ થયા વિના નહી રહે.—"સાહિત્ય"—વડોદરા, નવેમ્બર ૧૯૨૭

---

**ઉપલા નામનું એક બહુ મજાહનું વોલ્યુમ એ ભાઇએ હાલમાંજ બાહાર પાડ્યું છે. આ પુસ્તક મહાન શહેનશાહ અકબરના સમયમાં થઈ ગયલ વિદ્વદ્વર્ય નરરત્ન રાજા બીરબલની હાજર જવાબીઓ અને વિનોદી વાર્તાઓનો એક સંગ્રહ છે.**—"નવરંગ" માસ નવેમ્બર ૧૯૨૭.

---

**એ સંગ્રહમાં આપેલી વાર્તાઓ જેમ બે ઘડી મનરંજન કરનારી અને આનંદ આપનારી છે, તેમજ અનેક મુશ્કેલીઓમાંથી છટકવાને કેવી સમય સૂચકતા વાપરવી તેનું જ્ઞાન આપનારી છે. વિનોદી સાહિત્યના શોખીનોએ એ પુસ્તકને અવશ્ય પોતાની લાઇબ્રેરીમાં સ્થાન આપવું જોઇએ. * —"નવરોઝ"—કલકત્તા—તા૦ ૧૮ ફેબરવારી ૧૯૨૮.

**અકબર બીરબલના વીનોદી કીસ્સાઓ હું મારી બચપણથી વાંચતી આવી છું, પરંતુ ખુબી એ છે કે, આમાં સમાયલી વાર્તાઓના ક્રમ તેમજ સીલસીલો કાળજીથી જાળવી રાખવામાં આવ્યો છે, તેમજ તે કીસ્સાઓની અંદરનું રહસ્ય કે તાત્પર્ય ચુંથાઈ જવા નહી પામે તેની તેના કાબેલ કર્તાએ કાળજી રાખી છે. એ કીસ્સાઓએ મને ઘણી રમુજ આપી છે. પુસ્તક દરેકને વાંચતાં પસંદ આવે એવું છે.**—"નવરાશ" માસિક,—જાન્યુઆરી ૧૯૨૮.

---

*ફુરસદને વખતે ઘડી ચપકો દીલબેહેલાવા સાથ નવી નવી અકલોનો ભંડાર બક્ષવા માટે આ પુસ્તક ખરેજ બેમુલ ઉપયોગી છે. **આ વાર્તાઓ વધુ શ્રેષ્ઠ છે કારણ કે તે જલદીથી ભેજાંમાં સરલ રીતે સમજાઇ જાય એવી રીતે ગોઠવાઇ છે, અને ઘણી વાર્તાઓ એવી ચટાકેદાર કલમત્રાસીથી ફેરવાઈ છે કે તે તદન કોઇવાર વાંચી નહી હોય તેવી નવીજ લાગે છે. તરેહ કીસમની મુશ્કેલીમાંથી બાહેર નીકળવાની યુક્તિ સુઝાડે છે, સમયસૂચકતા કેમ વાપરવી તેનો અનુપમ પાઠ શીખવે છે.**—"ફેવરીટ" માસિક, માસ જાનેવારી ૧૯૨૮.

---

**સર્વે આખ્યાયિકાઓનું સંશોધન કરી આ પુસ્તકમાં ઉતારી શકયા છે. ભાષા સરલ હોવાથી વાંચવી ગમે છે. કંટાળેલા મગજને બે ઘડી આનંદ આપે અને સાથે સાથે કાંઇક ચતુરાઈ અને કાંઇક હાજરજવાબી શીખવે એવું આ પુસ્તક હોંસથી વંચાય એમાં નવાઈ નથી. **—"ગુણસુંદરી" અને **આહિતોદેપશ**, એપ્રિલ ૧૯૨૮.

---

**આફીસના કામકાજથી કંટાળેલાં મગજને રાહત આપવા માટે આ પુસ્તક અજોડ જ છે એમ કહીશું તો તે અતિશયોક્તિ ગણાશે નહિ. **
—"વિલાસ"—મે ૧૯૨૮.

---

**બે ઘડી મનરંજન કરનારી અને અનેક મુશ્કેલીઓમાંથી છટકવાને કેવી સમયસૂચકતા વાપરવી તેનું જ્ઞાન આપનારી વાર્તાઓનો આ સંગ્રહ છે. મનરંજન કરવા ઉપરાંત આવી વાતો માણસને હાજરજવાબી અને ચતુરાઇ શીખવે છે. * * આવું નિર્દોષ અને મનોરંજક સાહિત્ય * * આ યુગમાં અનેક રીતે આવકારદાયક છે.—"સૌરાષ્ટ્ર" મે-૨૬-૧૯૨૮.